ॐ

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# અષ્ટપ્રાભૃત

(ગુજરાતી અનુવાદ)

卐

• પ્રકાશક •

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ નં. ૨૫૩

ૐ

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# અષ્ટપ્રાભૃત


: હિન્દીભાષાવચનિકાકાર :

પંડિતવર શ્રી જયચંદ્રજી છાબડા

જયપુર (રાજસ્થાન)

❃

: હરિગીત (પદ્ય) અનુવાદક :

પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ

સોનગઢ

❃

: વચનિકાનો (ગદ્ય) અનુવાદક :

શ્રી રમેશભાઈ કાંતિલાલ મહેતા

સોનગઢ


❃


: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૫૦૦ વીર સંવત ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત (ગુજરાતી)ના

**❀ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ❀**

**માતુશ્રી કસ્તુરીબેન પોપટલાલ શાહ,**
**પ્રીતિબેન નવીનભાઈ શાહ લિંબડી નિવાસી હાલ બોરીવલી તથા**
**બ્ર. નિર્મળાબેન અને બ્ર. લતાબેન, સોનગઢ**

પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત (ગુજરાતી)ના

**❀ કાયમી કિંમત ઘટાડનાર પુરસ્કર્તા ❀**

**શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ, અક્ષિતા કુણાલભાઈ વોરા (પુત્રી)**
**વિધિ ભાવિનભાઈ ડેલીવાળા (પુત્રી), કુ. સિદ્ધિ નવીનભાઈ શાહ (પુત્રી)**
**વિવાન વોરા, કિયાન વોરા, નવ્યા ડેલીવાળા**


સહજ ચિદાનંદ.

**કિંમત : ૫૦ = ૦૦**

મુદ્રક
**સ્મૃતિ ઓફસેટ,**
પ્લોટ નં. ૧૩, કહાનવાડી, અંકુર સ્કૂલ રોડ,
સોનગઢ-૩૬૪૨૫૦

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ૐ

નમઃ શ્રીપરમાગમજિનશ્રુતેભ્યઃ ।

# પ્રકાશકીય નિવેદન

અધ્યાત્મશ્રુતધર ઋષીશ્વર શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ પ્રણીત અધ્યાત્મ રચનાઓમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી પંચાસ્તિકાય, શ્રી નિયમસાર અને શ્રી અષ્ટપાહુડ આ પરમાગમ મુખ્ય છે.

આ અષ્ટપાહુડ શાસ્ત્રમાં આઠ અધિકાર આપવામાં આવેલ હોવાથી તેને અષ્ટપ્રાભૃત કહેવામાં આવે છે. દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, બોધપ્રાભૃત, ભાવપ્રાભૃત, મોક્ષપ્રાભૃત, લિંગપ્રાભૃત અને શીલપ્રાભૃતનો આમાં કથન કરવામાં આવેલ છે. આ પરમાગમની હિન્દી ટીકા પં. શ્રી જયચંદજી છાબડા દ્વારા કરવામાં આવી છે. તેમના હિન્દી શાસ્ત્રો ટ્રસ્ટ દ્વારા ઘણી વખત છપાવ્યા છે. શ્રી કુંદકુંદ-અધ્યાત્મ-ભારતીના પરમભક્ત, અધ્યાત્મયુગસ્રષ્ટા, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આ અષ્ટપ્રાભૃત શાસ્ત્ર ઉપર બે વખત મળી કુલ ૪૦૫ પ્રવચન દ્વારા સ્વાનુભવમૂલક સૂક્ષ્મ રહસ્યો ખોલેલ છે. ખરેખર આ શતાબ્દીમાં અધ્યાત્મરુચિના નવાયુગને પ્રગટાવી મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કરેલ છે.

ગુજરાતી મુમુક્ષુભાઈઓને આ સહેલાઈથી સમજાઈ શકે માટે ગુજરાતી અનુવાદની ઘણા સમયથી માંગણી રહેતી હતી. તેથી આ શાસ્ત્રનું ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રથમવાર છપાવવાનું ટ્રસ્ટ દ્વારા નક્કી કરેલ છે. આ શાસ્ત્રમાં ગુજરાતી હરિગીત પં.રત્ન હિંમતલાલ જેઠાલાલ શાહે બનાવેલ મૂકવામાં આવેલ છે.

આ અષ્ટપ્રાભૃત હિન્દી ઉપરથી ગુજરાતી કરવાનું કઠિન કાર્ય પં. શ્રી રમેશભાઈ મહેતા (સલાલવાળા)એ ઘણા જ ચીવટપૂર્વક, ચોકસાઈથી ટૂંક સમયમાં કરી આપેલ છે. તેમણે આ પહેલા હરિવંશપુરાણનું પણ ભાષાંતર કરેલ છે.

આ પુસ્તકનો સંપૂર્ણ અનુવાદ આપણા મુરબ્બી પં. શ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ વઢવાણે ચેક કરી યોગ્ય ભૂલો સુધારી આપેલ છે. આ અનુવાદ ચેક કરવા માટે અન્ય મુમુક્ષુ ભાઈઓએ પણ યોગ્ય મદદ કરેલ છે તે બદલ ટ્રસ્ટ તે બધાનો આભાર માને છે. આ પરમાગમનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણકાર્ય સ્મૃતિ ઑફસેટ દ્વારા સુંદર કરી આપેલ છે તે બદલ ટ્રસ્ટ તેનો આભાર માને છે.

આ પરમાગમ શાસ્ત્રમાં દર્શાવેલ ભાવોને યથાર્થ સમજી અંતરમાં તદ્‌અનુરૂપ પરિણમન કરી, અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા અતીન્દ્રિય આનંદને સર્વે જીવો અનુભવો એવી અંતરથી ભાવના ભાવીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૭મી જન્મજયંતી
વૈશાખ સુદ-૨,
તા. ૮-૫-૨૦૧૬

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

ૐ

श्री वीतरागाय नमः।

# અનુવાદકની ભાવના

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અસીમ ઉપકારથી તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢના આદેશથી આ પરમાગમના અનુવાદનું સાહસ કર્યું છે.

આચાર્યદેવ ભગવાન શ્રી કુંદકુંદદેવના અંતરમાં રહેલા સૂક્ષ્મ ભાવો ખોલવા એ મારા ગજા બહારની વાત છે. આ અનુવાદ માત્ર પં. જયચંદ્રજી છાબડાની વચનિકાનો ગુજરાતી અનુવાદ માત્ર છે. તેઓશ્રીની ઢુંઢારી ભાષામાંથી કરાયેલો હિંદી અનુવાદ મને થોડો મુશ્કેલ લાગ્યો હોવાથી તે સમજવામાં સરળ થાય તે હેતુથી વચનિકાકારના ભાવો જાળવી રાખીને માત્ર અલ્પ ભાષાકીય ફેરફારો જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં કર્યા છે.

આ પંચ પરમાગમ પેકીના એકની વચનિકાનો અનુવાદ હોવાથી મારી અલ્પબુદ્ધિને કારણે કોઈ ક્ષતિ જણાય તો મુમુક્ષુ અમને જણાવશે તો તેના ઉપર યોગ્ય વિચારણા કરી બીજી આવૃત્તિમાં તે સુધારી લેવામાં આવશે.

મારા જેવા અલ્પબુદ્ધિએ આ કાર્ય માત્ર અષ્ટપ્રાભૃતની ભક્તિથી જ કર્યું છે. અનુવાદ કરતાં મને પદ્મનંદી પંચવિંશતિકા ગ્રંથના રચયિતા પદ્મનંદી આચાર્યદેવની નીચેની ગાથાનો વિચાર વારંવાર આવે છે.

અર્થ : —હે દેવી ! જે તારા સ્તુતિ સમૂહની બાબતમાં નિશ્ચયથી તે બૃહસ્પતિ આદિ પણ કુંઠિત (અસમર્થ) થઈ જાય છે તેના વિષયમાં અમારા જેવા મંદબુદ્ધિ મનુષ્ય કોણ હોય ? અર્થાત્ અમારા જેવા તો તારી સ્તુતિ કરવામાં સર્વથા અસમર્થ છે. તેથી હે માતા ! શાસ્ત્રજ્ઞાન રહિત અમારી જે આ વચનોની ચંચળતા, અર્થાત્ સ્તુતિરૂપ વચનપ્રવૃત્તિ છે, તેને તું ક્ષમા કર. કારણ એ છે કે આ વાચાળતા (બકવાદ)નું કારણ તે તારી અતિશય ભક્તિરૂપ ગ્રહ (પિશાચ) છે. અભિપ્રાય એ કે હું એને યોગ્ય ન હોવા છતાં પણ જે આ સ્તુતિ કરી છે તે કેવળ તારી ભક્તિને વશ થઈને જ કરી છે. ૩૧. (પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા અધિકાર ૧૫, ગાથા ૩૧)

અંતમાં આ અનુવાદ કરવાની પ્રેરણા આપવા માટે તથા આ અનુવાદને સંપૂર્ણ તપાસી જવા માટે શ્રી બ્ર. વજુભાઈ વઢવાણનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તથા આ મુશ્કેલ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયકર્તા સર્વેનો પણ હું આભાર માનું છું.

—રમેશચંદ્ર કાંતિલાલ મહેતા
સોનગઢ

ॐ

नमः सद्गुरुवे।

**(પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃતનો)**

# ઉપોદ્‌ઘાત

અષ્ટપ્રાભૃત—સનાતન દિગંબર જૈન આમ્નાય નિર્ગ્રંથ શ્રમણોત્તમ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રણીત દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, બોધપ્રાભૃત, ભાવપ્રાભૃત, મોક્ષપ્રાભૃત, લિંગપ્રાભૃત અને શીલપ્રાભૃત—આ આઠ પ્રાભૃતોના સમુહ સંસ્કરણ છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે.

‘मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम्।’

—એ શ્લોક દરેક દિગંબર જૈન શાસ્ત્રાધ્યયન શરૂ કરતાં મંગલાચરણરૂપે બોલે છે. આ પરથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમના પછી થયેલા ગ્રંથકાર આચાર્યો પોતાના કોઈ કથનને સિદ્ધ કરવા માટે કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રોનું પ્રમાણ આપે છે એટલે એ કથન નિર્વિવાદ ઠરે છે. તેમના પછી લખાયેલા ગ્રંથોમાં તેમનાં શાસ્ત્રોમાંથી થોકબંધ અવતરણો લીધેલાં છે. ખરેખર ભગવાન કુંદકુંદાચાર્યે પોતાનાં પરમાગમોમાં તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોને જાળવી રાખ્યા છે અને મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. વિ. સં. ૯૯૦માં થઈ ગયેલા શ્રી દેવસેનાચાર્યવર તેમના દર્શનસાર નામના ગ્રંથમાં કહે છે કે :—

‘जइ पउमणंदिणाहो सीमंधरस्तर्मदिव्वणाणेण।
ण विबोहइ तो समणा कह सुमार्ग पयाणंति।।’

“વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને શ્રી પદ્મનંદિનાથે (કુંદકુંદાચાર્યદેવે) પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ ન આપ્યો હોત તો

મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?'' બીજો એક ઉલ્લેખ આપણે જોઈએ, જેમાં કુંદકુંદાચાર્યદેવને કળિકાળસર્વજ્ઞ કહેવામાં આવ્યા છે : ''પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃદ્ધપિચ્છાચાર્ય—એ પાંચ નામોથી વિરાજિત, ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલવાની જેમની ઋદ્ધિ હતી, જેમણે પૂર્વ-વિદેહમાં જઈને સીમંધરભગવાનને વંદન કર્યું હતું અને તેમની પાસેથી મળેલા શ્રુતજ્ઞાન વડે જેમણે ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો છે એવા જે શ્રી જિનચંદ્રસૂરિભટ્ટારકના પટ્ટના આભરણરૂપ કળિકાળસર્વજ્ઞ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) તેમણે રચેલા આ ષટ્પ્રાભૃત ગ્રંથમાં.......સૂરીશ્વર શ્રી શ્રુતસાગરે રચેલી મોક્ષપ્રાભૃતની ટીકા સમાપ્ત થઈ.'' આમ ષટ્પ્રાભૃતની શ્રી શ્રુતસાગરસૂરિકૃત ટીકાના અંતમાં લખેલું છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવની મહત્તા બતાવનારા આવા અનેકાનેક ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છે; શિલાલેખો પણ અનેક છે. આ રીતે આપણે જોયું કે સનાતન જૈન સંપ્રદાયમાં કળિકાળસર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે.

ભગવાન કુંદકુંદાચાર્યનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાયસંગ્રહ નામનાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે.

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, બોધપ્રાભૃત, ભાવપ્રાભૃત, મોક્ષપ્રાભૃત, લિંગપ્રાભૃત અને શીલપ્રાભૃત—એ આઠ પ્રાભૃતશાસ્ત્રોનો સમુચ્ચય 'અષ્ટપ્રાભૃત' નામથી પ્રસિદ્ધ છે.

### ૧. દર્શનપ્રાભૃત (૩૬ ગાથા)

આ પ્રાભૃતમાં, 'ધર્મનું મૂળ દર્શન છે'—એ રહસ્યગંભીર મહાસૂત્રથી શરૂ કરીને સમ્યગ્દર્શનનો પરમ મહિમા વર્ણવવામાં આવ્યો છે.

### ૨. સૂત્રપ્રાભૃત (૨૭ ગાથા)

આ પ્રાભૃતમાં જિનસૂત્રાનુસાર વર્તન જીવને હિતરૂપ છે અને જિનસૂત્રવિરુદ્ધ વર્તન અહિતરૂપ છે—એમ સંક્ષેપમાં વર્ણવ્યું છે, તથા જિનસૂત્રકથિત મુનિલિંગાદિ ત્રણ લિંગોનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

**૩. ચારિત્રપ્રાભૃત (૪૫ ગાથા)**

આ પ્રાભૃતમાં સમ્યક્ત્વચરણ-ચારિત્ર અને સંયમચરણ-ચારિત્રરૂપે ચારિત્રનું વર્ણન છે; સંયમ- ચરણને દેશસંયમચરણ અને પૂર્ણસંયમચરણ, એવા બે ભેદરૂપે વર્ણવતાં, શ્રાવકનાં બાર વ્રત, મુનિનો પંચેન્દ્રિયસંવર, મુનિનાં પાંચ મહાવ્રત, દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવના, પાંચ સમિતિ ઈત્યાદિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**૪. બોધપ્રાભૃત (૬૨ ગાથા)**

આયતન, ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન, જિનબિંબ, જિનમુદ્રા, જ્ઞાન, દેવ, તીર્થ, અર્હંત અને પ્રવજ્યા—એ અગિયાર વિષયોનું આ પ્રાભૃતમાં સંક્ષિપ્ત કથન છે. 'ભાવશ્રમણ તે આયતન છે, ભાવશ્રમણ તે ચૈત્યગૃહ છે. ભાવશ્રમણ તે જિનપ્રતિમા છે'—એવા વર્ણન-વિશેષાત્મક ખાસ એક પ્રકારથી આયતનાદિ કેટલાક વિષયોનું આમાં (જિનોક્ત) વિશિષ્ટ નિરૂપણ છે. જિનોપદિષ્ટ પ્રવ્રજ્યાનું સમ્યક વર્ણન ૧૭ ગાથાઓમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે.

**૫. ભાવપ્રાભૃત (૧૬૫ ગાથા)**

અનાદિકાળથી ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જીવ જે અનંત દુઃખો સહન કરી રહ્યો છે તેનું હૃદયસ્પર્શી વર્ણન આ પ્રાભૃતમાં કર્યું છે, અને તે દુઃખોથી છૂટવા માટે શુદ્ધ ભાવે પરિણમીને ભાવલિંગી મુનિદશા પ્રગટ કર્યા સિવાય અન્ય કોઈ ઉપાય નથી એમ વિશદપણે વર્ણવ્યું છે. તે માટે શુદ્ધભાવશૂન્ય દ્રવ્યમુનિલિંગ અકાર્યકારી છે એમ સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે. આ પ્રાભૃત અતિ વૈરાગ્યપ્રેરક અને ભાવવાહી છે તેમ જ શુદ્ધ ભાવ પ્રગટ કરવાના સમ્યક પુરુષાર્થ પ્રત્યે જીવને સચેત કરનાર છે.

**૬. મોક્ષપ્રાભૃત (૧૦૬ ગાથા)**

આ પ્રાભૃતમાં મોક્ષનો—પરમાત્મપદનો—અતિ સંક્ષેપમાં નિર્દેશ કરીને, પછી તે મોક્ષ પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે તેનું વર્ણન મુખ્યપણે કરવામાં આવ્યું છે. સ્વદ્રવ્યરત જીવ મુકાય છે અને પરદ્રવ્યરત જીવ બંધાય છે—એ, આ પ્રાભૃતનો કેન્દ્રવર્તી સિદ્ધાંત છે.

**૭. લિંગપ્રાભૃત (૨૨ ગાથા)**

જે જીવ મુનિનું બાહ્યલિંગ ધારણ કરીને અતિ ભ્રષ્ટાચારીપણે વર્તે છે, તેનું અતિ નિકૃષ્ટપણું અને નિંદ્યપણું આ પ્રાભૃતમાં દર્શાવ્યું છે.

**૮. શીલપ્રાભૃત (૪૦ ગાથા)**

જ્ઞાન વિના (—સમ્યગ્જ્ઞાન વિના) જે કદી હોતું નથી એવા શીલનાં (—સત્શીલનાં)

તત્ત્વજ્ઞાનગંભીર સુમધુર ગુણગાન આ પ્રાભૃતમાં જિનકથન અનુસાર ગાયાં છે. આ પ્રમાણે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત 'અષ્ટપ્રાભૃત' પરમાગમનું સંક્ષિપ્ત પરિચય છે.

અહો જયવંત વર્તો જે સાતિશય પ્રતિભાસંપન્ન ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કે જેમણે મહાતત્ત્વોથી ભરેલ આ પરમાગમોની અસાધારણ રચના કરીને ભવ્યજીવો ઉપર મહાન ઉપકાર કરેલ છે. ખરેખર આ કાળમાં આ પરમાગમ શાસ્ત્ર મુમુક્ષુ ભવ્ય જીવો માટે પરમ આધાર છે. આવા દુઃષમકાળમાં પણ આવા અદ્‌ભૂત અનન્ય શરણભૂત શાસ્ત્ર તીર્થંકરદેવના મુખથી નીકળેલ અમૃતસમાન વિદ્યમાન છે તે અમારા ભાગ્ય છે. પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દોમાં કહીએ તો :—

"ભગવાન કુંદકુંદાચાર્યદેવના આ પાંચે પરમાગમ આગમોના પણ આગમ છે. લાખો શાસ્ત્રોનો નિચોડ છે. જૈનશાસનનો આ સ્તંભ છે. સાધકની આ કામધેનુ છે, કલ્પવૃક્ષ છે. ચૌદ પૂર્વનું રહસ્ય તેમાં ભરેલ છે. આની દરેક ગાથા છઠ્ઠે-સાતમે ગુણસ્થાનમાં ઝુલતા મહામુનિના આત્મઅનુભવમાંથી નીકળેલ છે. આ પરમાગમોના પ્રણેતા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાના સમવસરણમાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. એ વાત યથાર્થ છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. તેમાં કાંઈપણ શંકા નથી. તે પરમોપકારી આચાર્ય ભગવાને રચના કરેલ આ પરમાગમોમાં શ્રી તીર્થંકરદેવના નિરક્ષર ૐકાર દિવ્યધ્વનિથી નીકળેલ ઉપદેશ છે."

અંતમાં,—આ અષ્ટપ્રાભૃત પરમાગમ ભવ્યજીવોને જિનદેવ દ્વારા પ્રરૂપિત આત્મશાંતિનો યથાર્થ માર્ગ બતાવેલ છે. જ્યાં સુધી આ પરમાગમના પરમ ગંભીર અને સૂક્ષ્મભાવ હૃદયગત ન થાય ત્યાં સુધી તેનું જ મંથન, પુરુષાર્થ કર્તવ્ય છે. આ પરમાગમનું જે કોઈ ભવ્ય જીવ આદર સાથે અભ્યાસ કરશે, શ્રવણ કરશે, પઠન કરશે, પ્રસિદ્ધ કરશે તે અવિનાશી સ્વરૂપમય અનેક પ્રકારની વિચિત્રવાણી, કેવળ એક જ્ઞાનાત્મક ભાવને પ્રાપ્ત કરી આગળ મુક્તિરૂપી સુંદરીને વરશે.

(પંચ પરમાગમોના ઉપોદ્‌ઘાતમાંથી સંકલિત)

❀

ૐ

# ✻ જિનજીની વાણી ✻

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦


સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ૐ

# ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ
## વિષે
# ઉલ્લેખો

*

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

[ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ]

અર્થ :—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

*

................कोण्डकुन्दो यतीन्द्रः ॥
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरङ्गुलं सः ॥

[વિંધ્યગિરિ–શિલાલેખ]

અર્થ :—યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાનને—ભૂમિતળને—છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (–અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

*

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ॥

[दर्शनसार]

અર્થ :—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

*

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[શ્રીમદ્ રાજચંદ્ર]

*

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ. શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનનાં સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે અણુમાત્ર શંકા નથી. એ વાત એમ જ છે; કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.

[ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ]

*

# અનુક્રમણિકા

**વિષય** **ગાથા નં.** **પાના નં.**

## ૧. દર્શનપ્રાભૃત


વચનિકાકારનું મંગલાચરણ તથા પ્રતિજ્ઞા ........ ૧
કુંદકુંદાચાર્યદેવનું મંગલાચરણ અને ગ્રંથ રચવાની સૂચના ........ ૧ ----------- ૨
ધર્મનું મૂળ દર્શન છે, દર્શનરહિત વંદ્ય નથી........ ૨ ----------- ૩
ધર્મના વિષે નય વિવક્ષા........ ૨ ----------- ૪
સમ્યગ્દર્શનનું અંતરંગ અને બાહ્ય સ્વરૂપ........ ૨ ----------- ૫
સમ્યક્ત્વ માત્ર કેવલીગમ્ય છે, તેનો નિષેધ અને કારણ ........ ૨ ----------- ૬
સમ્યક્ત્વના આઠ અંગનું સ્વરૂપ ........ ૩ --------- ૧૪
અંતરંગ સમ્યગ્દર્શન વિના બાહ્ય ચારિત્ર કે નિર્વાણ થતું નથી ........ ૩ --------- ૧૪
જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે અનેક શાસ્ત્રોને જાણતો હોવા છતાં સંસારમાં ભટકે છે ૪ --------- ૧૪
તપ કરવાવાળો જો સમ્યક્ત્વ રહિત હોય તો તેને સ્વરૂપનો લાભ થતો નથી........ ૫ --------- ૧૫
સમ્યક્ત્વ વિના ચારિત્ર અને તપ નિષ્ફળ છે ........ ૬ --------- ૧૬
સમ્યક્ત્વરૂપી પુનિત પ્રવાહ આત્માને કર્મરજ લાગવા દેતો નથી........ ૭ --------- ૧૬
જેઓ દર્શન-જ્ઞાન-ચારિત્રથી ભ્રષ્ટ છે, તેઓ અન્યને પણ ભ્રષ્ટ કરે છે........ ૮ --------- ૧૭
જેઓ ધર્માત્માને દેખીને તેમને ભ્રષ્ટ કહે છે તેઓ સ્વયં ભ્રષ્ટ છે ........ ૯ --------- ૧૮
જેઓ દર્શનભ્રષ્ટ છે તેઓ મૂળથી ભ્રષ્ટ છે તેમને ઈષ્ટફળની પ્રાપ્તિ થતી નથી....... ૧૦ --------- ૧૮
જિનદર્શન જ મૂળ મોક્ષમાર્ગ છે ........ ૧૧ --------- ૧૯
જેઓ દર્શનધારકોથી પોતાનો વિનય કરાવવા ઇચ્છે છે તેઓ દુર્ગતિને પ્રાપ્ત થાય છે ૧૨ --------- ૨૦
જેઓ દર્શનભ્રષ્ટ થઈ લજ્જાદિકથી અન્ય કુલીંગીઓના વિનયાદિક કરે છે
તેઓ પણ ભ્રષ્ટ છે........ ૧૩ --------- ૨૧
દર્શન કેવા મુનિને છે?........ ૧૪ --------- ૨૨
સમ્યગ્દર્શનથી જ કલ્યાણ અને અકલ્યાણનો નિશ્ચય થાય છે........ ૧૫ --------- ૨૩
કલ્યાણ અને અકલ્યાણને જાણવાથી શું થાય છે ? ........ ૧૬ --------- ૨૩
સમ્યક્ત્વ જિનવચનોથી પ્રાપ્ત થાય છે ........ ૧૭ --------- ૨૪
જિનવચનમાં લિંગ એટલે કે વેષ ત્રણ પ્રકારના કહ્યા છે ........ ૧૮ --------- ૨૪
જે યથાયોગ્ય બાહ્યલિંગને માને તેનું શ્રદ્ધાન સાચું હોઈ શકે છે ........ ૧૯ --------- ૨૫
વ્યવહાર-નિશ્ચયના ભેદથી સમ્યગ્દર્શનનું કથન બે પ્રકારે થાય છે ........ ૨૦ --------- ૨૬
સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં સાર છે ........ ૨૧ --------- ૨૭
સાચું શ્રદ્ધાન અવશ્ય કરવું જોઈએ ........ ૨૨ --------- ૨૭
જેઓ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તેઓ વંદન કરવાયોગ્ય છે ........ ૨૩ --------- ૨૮
જેઓ યથાજાતરૂપ ધર્મને જોઈને મત્સરભાવે વંદન ન કરે તેઓ મિથ્યાદૃષ્ટિ છે ..... ૨૪ --------- ૨૮

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| જેઓ સમ્યક્મુનિનું રૂપ દેખી વંદન ન કરે તેઓ દૃષ્ટિવિહિન છે | ૨૫ | ૨૯ |
| અસંયમી વંદનયોગ્ય નથી. | ૨૬ | ૩૦ |
| દેહ અને કુળને વંદન થતું નથી, માત્ર ગુણને જ વંદન થાય છે. | ૨૭ | ૩૧ |
| જેઓ તપાદિથી સંયુક્ત છે તેમને હું નમસ્કાર કરું છું. | ૨૮ | ૩૧ |
| વંદન કરવાયોગ્ય જિનેન્દ્રદેવ કેવા હોય છે ? | ૨૯ | ૩૨ |
| મોક્ષ શાનાથી થાય છે ? | ૩૦ | ૩૩ |
| આત્માને સારભૂત શું છે ? | ૩૧ | ૩૩ |
| દગ-જ્ઞાન-ચારિત્ર તપથી જીવ સિદ્ધિને પ્રાપ્ત કરે છે | ૩૨ | ૩૪ |
| સમ્યક્ત્વરત્ન પૂજ્ય છે | ૩૩ | ૩૪ |
| સમ્યક્ત્વથી મોક્ષની પ્રાપ્તિ થાય છે | ૩૪ | ૩૫ |
| જિનેન્દ્રભગવાનને દ્રવ્ય-મોક્ષની પ્રાપ્તિ ક્યારે થાય છે ? | ૩૫ | ૩૫ |
| ભગવાનને શેષ કર્મોનો નાશ થવાથી દ્રવ્યમુક્તિની પ્રાપ્તિ થાય છે | ૩૬ | ૩૬ |
| વચનિકાકારનું સમાપન | | ૩૭ |


## ૨. સૂત્રપ્રાભૃત


| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| ભાષાવચનિકાકારનું મંગલાચરણ | | ૩૮ |
| શ્રી કુંદકુંદાચાર્યદેવ દ્વારા સૂત્રની મહિમા | ૧ | ૩૮ |
| ગર્ભિત સૂત્ર—જાણવાયોગ્ય સૂત્રનો અર્થ | ૨ | ૩૯ |
| દ્રવ્યશ્રુતમય બાર અંગ | ૨ | ૩૯ |
| જે સૂત્રમાં પ્રવીણ છે તે સંસારનો નાશ કરે છે | ૩ | ૪૪ |
| સસૂત્ર આત્મા ભવસાગરમાં ખોવાતો નથી | ૪ | ૪૫ |
| સૂત્રમાં આવેલા અર્થોનો ઉલ્લેખ | ૫ | ૪૬ |
| જિનભાષિત સૂત્ર વ્યવહાર તથા પરમાર્થ એમ બે પ્રકારનું છે | ૬ | ૪૬ |
| સૂત્ર બે પ્રકારે કહેવામાં આવે છે વ્યવહાર અને પરમાર્થ | ૭ | ૫૦ |
| આગમ અને અધ્યાત્મજ્ઞાનનું સ્વરૂપ | ૮ | ૫૧ |
| જિનસૂત્રથી ભ્રષ્ટ મુક્તિને પ્રાપ્ત કરતો નથી | ૯ | ૫૨ |
| જિનસૂત્રમાં બતાવવામાં આવેલું મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ | ૧૦ | ૫૨ |
| આરંભ પરિગ્રહ રહિત દિગંબર સાધુ જ વંદ્ય છે | ૧૧ | ૫૩ |
| સાચા સાધુઓની (મુનિઓની) પ્રવૃત્તિ | ૧૨ | ૫૪ |
| દિગંબર મુદ્રા સિવાય અન્ય સાધકો ઈચ્છાકારને યોગ્ય છે | ૧૩ | ૫૪ |
| ઈચ્છાકાર શ્રાવકનું સ્વરૂપ | ૧૪ | ૫૫ |
| ઈચ્છાકાર શ્રાવકનું સ્વરૂપ જાણતો નથી તે ક્રિયા કરવા છતાં પણ સિદ્ધિને પ્રાપ્ત થતો નથી | ૧૫ | ૫૫ |
| આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપે છે | ૧૬ | ૫૬ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| જેઓ યથાર્થ મુનિ હોય છે તેઓ લેશમાત્ર પણ પરિગ્રહ રાખતા નથી. | ૧૭ | ૫૬ |
| અલ્પ પરિગ્રહના ગ્રહણમાં દોષ બતાવે છે | ૧૮ | ૫૭ |
| કેવળજ્ઞાનની પ્રાપ્તિ વિષે જિનાગમમાં શંકાનું નિવારણ | ૧૯ | ૫૯ |
| નિર્ગ્રંથ મુનિ જ વંદન કરવાયોગ્ય છે | ૨૦ | ૬૦ |
| જિનમતમાં ઉત્તમ શ્રાવકનો પણ વેષ બતાવે છે | ૨૧ | ૬૦ |
| જિનમતમાં ત્રીજો વેષ આર્યિકાનો હોય છે | ૨૨ | ૬૧ |
| વસ્ત્ર ધારકનો મોક્ષ થતો નથી. નગ્નપણું જ મોક્ષમાર્ગ છે. | ૨૩ | ૬૧ |
| સ્ત્રીઓને મુનિદીક્ષા ન હોવાનું કારણ | ૨૪ | ૬૨ |
| જે સ્ત્રી સમ્યગ્દર્શનયુક્ત છે તે માર્ગયુતા છે | ૨૫ | ૬૨ |
| સ્ત્રીઓને ઉત્તમ ધ્યાન થતું નથી | ૨૬ | ૬૩ |
| સામાન્યરૂપે સુખનું કારણ કહેવાય છે | ૨૭ | ૬૩ |
| વચનિકાકારનું અંતિમ કાવ્ય | | ૬૪ |

## ૩. ચારિત્રપ્રાભૃત

| | | |
|---|---|---|
| વચનિકાકારનું મંગલાચરણ | | ૬૫ |
| ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા મંગલાચરણ કરી ચારિત્રપ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા | ૧-૨ | ૬૫ |
| સમ્યગ્દર્શનાદિનાં કારણ ત્રણ ભાવોનું સ્વરૂપ | ૩ | ૬૬ |
| ત્રણભાવ જીવના છે તેમની શુદ્ધતાને માટે ચારિત્ર બે પ્રકારનું કહ્યું છે | ૪-૫ | ૬૭ |
| સમ્યક્ત્વચરણ ચારિત્રનું સ્વરૂપ બતાવે છે | ૬ | ૬૮ |
| સમ્યક્ત્વનાં આઠ અંગ કઈ રીતે પ્રગટ થાય છે | ૭ | ૭૦ |
| સમ્યક્ત્વચરણ ચારિત્ર કેવું હોય છે | ૮ | ૭૧ |
| સમ્યક્ત્વચરણ ચારિત્ર અંગીકાર કરી સંયમચરણ આચરે તે નિર્વાણને પામે છે | ૯ | ૭૨ |
| જેઓ સમ્યક્ત્વચરણ ચારિત્રથી ભ્રષ્ટ છે તેઓ સંમયચરણ ચારિત્ર પાલન કરવા છતાં નિર્વાણને પામતા નથી. | ૧૦ | ૭૨ |
| સમ્યક્ત્વચરણનાં ચિહ્નો | ૧૧-૧૨ | ૭૩ |
| સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા બાદ અન્યમતને ન ભજો | ૧૩ | ૭૪ |
| અન્યમતનું શ્રદ્ધાન કરે છે તે સમ્યગ્દર્શનથી રહિત છે | ૧૪ | ૭૫ |
| અજ્ઞાન, મિથ્યાત્વ અને કુચારિત્રના ત્યાગનો ઉપદેશ | ૧૫-૧૬ | ૭૬ |
| જીવ અજ્ઞાન અને મિથ્યાત્વના દોષોથી મિથ્યામાર્ગમાં પ્રવર્તન કરે છે | ૧૭ | ૭૭ |
| સમ્યગ્દર્શન-જ્ઞાન શ્રદ્ધાનથી ચારિત્રના દોષ દૂર થાય છે | ૧૮ | ૭૭ |
| સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોહવિહિત જીવોને હોય છે | ૧૯ | ૭૮ |
| હવે સમ્યક્ત્વચરણ ચારિત્રના કથનનું સમાપન કરે છે | ૨૦ | ૭૯ |
| હવે સંયમચરણ ચારિત્ર કહે છે | ૨૧ | ૮૦ |
| બે પ્રકારના સંયમચરણ ચારિત્રમાં પ્રથમ સાગાર સંયમચરણને કહે છે | ૨૨ | ૮૦ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
| --- | --- | --- |
| સંયમનું આચરણ કઈ રીતે છે તે બતાવે છે | ૨૩ | ૮૧ |
| પાંચ અણુવ્રતોનું સ્વરૂપ કહે છે. | ૨૪ | ૮૨ |
| હવે ત્રણ ગુણવ્રતોને કહે છે | ૨૫ | ૮૩ |
| હવે ચાર શિક્ષાવ્રતને બતાવે છે | ૨૬ | ૮૪ |
| હવે યતિધર્મનું સ્વરૂપ બતાવે છે | ૨૭ | ૮૪ |
| હવે યતિધર્મની સામગ્રી કહે છે | ૨૮ | ૮૫ |
| હવે પંચેન્દ્રિયના વિષયોના સંવરનું સ્વરૂપ બતાવે છે | ૨૯ | ૮૫ |
| હવે પાંચ મહાવ્રતોનું સ્વરૂપ કહે છે | ૩૦ | ૮૬ |
| મુનિરાજના વ્રતનું માહાત્મ્ય કહે છે | ૩૧ | ૮૬ |
| મુનિરાજના મહાવ્રતની ૨૫ ભાવના દર્શાવે છે(અહિંસાવ્રતની ભાવના) | ૩૨ | ૮૭ |
| સત્ય મહાવ્રતની ભાવના | ૩૩ | ૮૮ |
| અચૌર્ય મહાવ્રતની ભાવના | ૩૪ | ૮૮ |
| બ્રહ્મચર્ય મહાવ્રતની ભાવના | ૩૫ | ૮૯ |
| અપરિગ્રહ મહાવ્રતની ભાવના | ૩૬ | ૯૦ |
| મુનિરાજની પાંચ સમિતિનું સ્વરૂપ | ૩૭ | ૯૦ |
| નિશ્ચય ચારિત્રની મુખ્યતાથી જ્ઞાનનું સ્વરૂપ | ૩૮ | ૯૧ |
| જે જીવ અજીવના વિભાગને જાણે છે તે જ્ઞાની છે | ૩૯ | ૯૨ |
| દર્શન-જ્ઞાન-ચારિત્રને પરમ શ્રદ્ધાપૂર્વક જાણવાવાળો શીઘ્ર નિર્વાણને પામે છે | ૪૦ | ૯૨ |
| નિશ્ચય સમ્યગ્જ્ઞાન-દર્શનને પામે છે તે મોક્ષને પ્રાપ્ત થાય છે | ૪૧ | ૯૩ |
| જે આવા જ્ઞાનજળને પીવે છે તેઓ ત્રિલોકના ચૂડામણિ થાય છે | ૪૧ | ૯૩ |
| જેઓ જ્ઞાનગુણથી રહિત છે તે ઈષ્ટવસ્તુને પ્રાપ્ત કરતા નથી | ૪૨ | ૯૩ |
| સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્રને ધારણ કરે છે તે થોડા જ કાળમાં અનુપમ સુખને પામે છે | ૪૩ | ૯૪ |
| હવે ચારિત્રના કથનનું સમાપન કરે છે | ૪૪ | ૯૫ |
| ચારિત્રપાહુડની ભાવના અને તેના ઉપદેશનું કથન | ૪૫ | ૯૫ |
| વચનિકાકારનું અંતિમ સમાપન | | ૯૬ |

## ૪. બોધપ્રાભૃત

| | | |
| --- | --- | --- |
| વચનિકાકારનું મંગલાચરણ | | ૯૭ |
| આચાર્યદેવની પ્રતિજ્ઞા | ૧-૨ | ૯૭ |
| બોધપ્રાભૃતનાં ૧૧ સ્થાન | ૩-૪ | ૯૮ |
| આયતનનું નિરૂપણ | ૫ | ૯૯ |
| રાગાદિ દોષ રહિત અંતરબાહ્ય સંયમી મુનિરાજ આયતન છે | ૬ | ૧૦૦ |
| મુનિવર(મલરહિત) વૃષભ સિદ્ધાયતન છે | ૭ | ૧૦૦ |
| નિગ્રંથ મુનિરાજ ચૈત્યગૃહ છે | ૮ | ૧૦૧ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| મુનિરાજને નિશ્ચયથી ચૈત્યગૃહ કહેવાય છે | ૯ | ૧૦૨ |
| નિગ્રંથ મુનિરાજના શરીરને જિનપ્રતિમા કહેવાય છે | ૧૦ | ૧૦૨ |
| સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આચરણ કરવાવાળા તે જિનપ્રતિમા છે | ૧૧ | ૧૦૩ |
| મુનિરાજનું શરીર જંગમ પ્રતિમા છે | ૧૨-૧૩ | ૧૦૪ |
| દર્શનનું સ્વરૂપ | ૧૪ | ૧૦૫ |
| જિનેન્દ્રમાર્ગમાં મુનિ-શ્રાવક અને આર્જિકાનો બાહ્ય વેષ તે દર્શન છે | ૧૫ | ૧૦૬ |
| જિનબિંબનું નિરૂપણ | ૧૬ | ૧૦૬ |
| જિનબિંબનાં વિનય-પૂજા વગેરે કરવા જોઈએ | ૧૭ | ૧૦૭ |
| જે ઇન્દ્રિય-કષાયનિરોધ કરે તે સુદૃઢ સંયમમયી છે, તે જિનમુદ્રા છે | ૧૮ | ૧૦૭ |
| જિનમુદ્રાનું સ્વરૂપ | ૧૯ | ૧૦૮ |
| જ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ | ૨૦ | ૧૦૯ |
| જ્ઞાનના નિરૂપણનું દૃષ્ટાંત | ૨૧ | ૧૦૯ |
| જ્ઞાન વિનય સંયુક્ત પુરુષ મોક્ષને પ્રાપ્ત કરે છે | ૨૨ | ૧૧૦ |
| મોક્ષમાર્ગી મુનિના સ્વરૂપનું દૃષ્ટાંત | ૨૩ | ૧૧૦ |
| દેવનું સ્વરૂપ | ૨૪ | ૧૧૧ |
| ધર્માદિકનું સ્વરૂપ | ૨૫ | ૧૧૨ |
| તીર્થનું સ્વરૂપ | ૨૬ | ૧૧૨ |
| નિર્મળ સુદર્શન તપ, ધર્મ, સંયમ જ્ઞાનને તીર્થ કહ્યું છે | ૨૭ | ૧૧૩ |
| અર્હંતનું સ્વરૂપ | ૨૮ | ૧૧૪ |
| નામમાત્ર અર્હંતને અર્હંત કહેવાતા નથી | ૨૯ | ૧૧૫ |
| અર્હંત આવા હોય છે | ૩૦ | ૧૧૬ |
| સ્થાપના અર્હંતનું સ્વરૂપ | ૩૧-૩૨ | ૧૧૭ |
| માર્ગણા દ્વારા અર્હંતનું સ્વરૂપ | ૩૩ | ૧૧૯ |
| પર્યાપ્તિ દ્વારા અર્હંતનું સ્વરૂપ | ૩૪ | ૧૧૯ |
| પ્રાણદ્વારા અર્હંતનું સ્વરૂપ | ૩૫ | ૧૨૦ |
| જીવસ્થાન દ્વારા અર્હંતનું સ્વરૂપ | ૩૬ | ૧૨૧ |
| દ્રવ્યની પ્રધાનતાથી અર્હંતનું નિરૂપણ | ૩૭-૩૮-૩૯ | ૧૨૧ |
| ભાવની પ્રધાનતાથી અર્હંતનું સ્વરૂપ | ૪૦ | ૧૨૨ |
| ભાવ જ મુખ્ય છે | ૪૧ | ૧૨૩ |
| પ્રવ્રજ્યાનું સ્વરૂપ | ૪૨-૪૩-૪૪-૪૩-૪૬ | ૧૨૬ |
| શત્રુ-મિત્ર વગેરેમાં સમભાવ | ૪૭-૪૮ | ૧૨૯ |
| માત્ર મુનિનો વેષ દીક્ષા નથી | ૪૯ | ૧૩૦ |
| જૈન દીક્ષા આવી હોય છે | ૫૦ | ૧૩૦ |
| દીક્ષાનું બાહ્ય સ્વરૂપ | ૫૧ | ૧૩૧ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| દીક્ષાનું અંતરંગ સ્વરૂપ | ૫૨-૫૩-૫૪-૫૫-૫૬ | ૧૩૨ |
| જિનદીક્ષા લઈ કુસંગતિ અને વિકથા વગેરેનો નિષેધ | ૫૭-૫૮ | ૧૩૫ |
| પ્રવ્રજ્યાના કથનનું સમાપન | ૫૯ | ૧૩૬ |
| બોધપ્રાભૃતના કથનનું સમાપન | ૬૦ | ૧૩૭ |
| બોધપ્રાભૃત બુદ્ધિ કલ્પિત નથી પરંતુ પૂર્વાચાર્ય અનુસાર છે | ૬૧ | ૧૪૧ |
| ભદ્રબાહુસ્વામીની સ્તુતિ | ૬૨ | ૧૪૧ |
| વચનિકાકારનું સમાપન | | ૧૪૨ |


## ૫. ભાવપ્રાભૃત


| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| વચનિકાકારનું મંગલાચરણ | | ૧૪૩ |
| ગ્રંથકાર આચાર્યદેવની પ્રતિજ્ઞા | ૧ | ૧૪૩ |
| લિંગ દ્રવ્ય-ભાવના ભેદથી બે પ્રકારનું છે | ૨ | ૧૪૪ |
| બાહ્યલિંગ નિમિત્તમાત્ર છે અંતરંગભાવ જ લિંગ છે | ૩ | ૧૪૬ |
| કરોડો ભવમાં તપ કરે તો પણ ભાવ વિના સિદ્ધિ નથી | ૪-૫ | ૧૪૬ |
| ભાવને પરમાર્થ જાણી અંગીકાર કરો | ૬ | ૧૪૭ |
| દ્રવ્યલિંગ ઘણીવાર ધારણ કરવા છતાં પણ સિદ્ધિ ન થઈ | ૭-૮ | ૧૪૮ |
| ચાર ગતિના દુઃખનું વિશેષ સ્વરૂપ | | |
| નરકગતિનાં દુઃખ | ૯ | ૧૪૯ |
| તિર્યંચગતિનાં દુઃખ | ૧૦ | ૧૪૯ |
| મનુષ્યગતિનાં દુઃખ | ૧૧ | ૧૫૦ |
| દેવગતિનાં દુઃખ | ૧૨ | ૧૫૧ |
| શુભભાવનાથી રહિત અશુભભાવનું સ્વરૂપ | ૧૩ | ૧૫૧ |
| દ્રવ્યલિંગી પાર્શ્વસ્થ આદિ હોય છે | ૧૪ | ૧૫૨ |
| દ્રવ્યલિંગથી દેવગતિ પામી માનસિક દુઃખ પ્રાપ્ત કર્યાં | ૧૫ | ૧૫૩ |
| અશુભભાવનાથી નીચ દેવગતિ | ૧૬ | ૧૫૩ |
| કુદેવયોનિથી ચ્યવીને જીવ મનુષ્ય અને તિર્યંચ થાય છે | ૧૭ | ૧૫૪ |
| દ્રવ્યલિંગી મુનિને ગર્ભાવાસનું દુઃખ | ૧૮ | ૧૫૪ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ અનેકવાર માતાને રડાવી | ૧૯ | ૧૫૫ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ અનેકવાર જન્મ લીધા | ૨૦ | ૧૫૫ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ અનેકસ્થાનમાં જન્મ લીધા | ૨૧ | ૧૫૬ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ અનેક પુદ્ગલોને ભક્ષણ કર્યાં | ૨૨-૨૩ | ૧૫૭ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ અનેક શરીર ધારણ કર્યાં | ૨૪ | ૧૫૮ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ અનેકવાર કુશરીર ધારણ કર્યાં | ૨૫-૨૭ | ૧૫૮ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| દ્રવ્યલિંગી મુનિ થઈ નિગોદના દુઃખ સહન કર્યા | ૨૮-૨૯ | ૧૫૯ |
| દ્રવ્યલિંગી મુનિ થઈ રત્નત્રય વિના સંસારમાં પરિભ્રમણ કર્યું | ૩૦ | ૧૬૧ |
| રત્નત્રયના સ્વરૂપ વિષે શિષ્યના પ્રશ્નનું સમાધાન | ૩૧ | ૧૬૧ |
| સુમરણ કરવાનો ઉપદેશ | ૩૨ | ૧૬૨ |
| પંચ પરાવર્તનનું સ્વરૂપ | ૩૩ | ૧૬૫ |
| ભાવલિંગ જ કાર્યકારી છે | ૩૪ | ૧૬૬ |
| પુદ્ગલ દ્રવ્યને પ્રધાન કરી પરાવર્તનનું સ્વરૂપ | ૩૫ | ૧૬૭ |
| ક્ષેત્રને પ્રધાન કરી પરાવર્તનનું સ્વરૂપ | ૩૬ | ૧૬૭ |
| મનુષ્ય શરીરમાં અનેક રોગો થવાની સંભાવના | ૩૭ | ૧૬૮ |
| દ્રવ્યલિંગી થઈને તેં આવા રોગ અનેકવાર સહન કર્યા | ૩૮ | ૧૬૮ |
| દ્રવ્યલિંગી થઈને અપવિત્ર ગર્ભાવાસમાં રહ્યો | ૩૯-૪૦ | ૧૬૯ |
| ગર્ભમાંથી નીકળવાનું દુઃખ | ૪૧ | ૧૭૦ |
| દેહના સ્વરૂપનો વિચાર | ૪૨ | ૧૭૦ |
| કુટુંબથી છૂટ્યો તે છૂટ્યો નથી, ભાવથી છૂટ્યો તે છૂટ્યો છે | ૪૩ | ૧૭૧ |
| દેહનો સંગ છોડવા છતાં પણ ભાવવિના શુદ્ધિ નથી (બાહુબલી) | ૪૪ | ૧૭૧ |
| મધુપિંગલ મુનિનું દૃષ્ટાંત | ૪૫ | ૧૭૨ |
| વશિષ્ઠ મુનિનું દૃષ્ટાંત | ૪૬ | ૧૭૩ |
| ભાવરહિત મુનિ ચોરાશીલાખ યોનીમાં ભ્રમણ કરે છે | ૪૭ | ૧૭૫ |
| દ્રવ્યમાત્રથી લિંગી હોતા નથી, ભાવથી હોય છે | ૪૮ | ૧૭૬ |
| દ્રવ્યલિંગધારીને ઉલટો ઉપદ્રવ થયો | ૪૯ | ૧૭૬ |
| દ્વીપાયન મુનિનું દૃષ્ટાંત | ૫૦ | ૧૭૭ |
| જે ભાવશુદ્ધિસહિત મુનિ થયા તેમને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું (ઉદાહરણ) | ૫૧ | ૧૭૮ |
| જે શાસ્ત્ર ભણે પણ સમ્યગ્દર્શનથી રહિત હોય તેમને સિદ્ધિ થતી નથી | ૫૨ | ૧૭૯ |
| શાસ્ત્ર ભણ્યા વિના પણ ભાવલિંગી શિવભૂતિ મુનિ મોક્ષ પામ્યા | ૫૩-૫૪-૫૫ | ૧૮૦ |
| ભાવલિંગીનું સ્વરૂપ | ૫૬-૫૭ | ૧૮૨ |
| ભાવલિંગી મુનિ કેવા હોય છે ? | ૫૮-૫૯ | ૧૮૩ |
| જે મોક્ષને ઈચ્છે છે તે આવી ભાવના કરે | ૬૦ | ૧૮૫ |
| જે જ્ઞાન સ્વભાવને ભાવે તે જન્મમરણનો નાશ કરે છે | ૬૧ | ૧૮૫ |
| જીવનું સ્વરૂપ | ૬૨ | ૧૮૬ |
| જીવના અસ્તિત્વને માનવાવાળો સિદ્ધ થાય છે | ૬૩ | ૧૮૬ |
| જીવનું સ્વરૂપ વચન અગોચર છે, અનુભવગમ્ય છે | ૬૪ | ૧૮૭ |
| જીવનો જ્ઞાન-સ્વભાવ છે, તેને પ્રાપ્ત કરવાનો ઉપાય | ૬૫ | ૧૮૮ |
| ભાવવિના ભણવું સાંભળવું કંઈપણ કાર્યકારી નથી | ૬૬ | ૧૮૯ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| માત્ર બાહ્ય નગ્નપણાથી સિદ્ધિ થતી નથી | ૬૭ | ૧૮૯ |
| કેવળ નગ્નપણાની નિષ્ફળતા | ૬૮-૬૯ | ૧૯૦ |
| ભાવલિંગી થવાનો ઉપદેશ | ૭૦ | ૧૯૧ |
| ભાવરહિત નગ્ન મુનિ હાસ્યનું સ્થાન છે | ૭૧ | ૧૯૨ |
| દ્રવ્યલિંગી મુનિ બોધિ-સમાધિને પામતા નથી | ૭૨ | ૧૯૨ |
| મિથ્યાત્વ વગેરે છોડી ભાવથી નગ્ન થાય અને પછી દ્રવ્ય મુનિપણું અંગીકાર કરે | ૭૩ | ૧૯૩ |
| શુદ્ધભાવ જ સ્વર્ગ-મોક્ષનું કારણ છે | ૭૪ | ૧૯૪ |
| ભાવના ફળનું માહાત્મ્ય | ૭૫ | ૧૯૪ |
| ભાવના ભેદ | ૭૬ | ૧૯૫ |
| શુભ-અશુભ અને શુદ્ધભાવને જાણી શુદ્ધભાવને અંગીકાર કરો | ૭૭ | ૧૯૫ |
| જિનશાસન માહાત્મ્ય | ૭૮ | ૧૯૫ |
| જિનશાસનમાં કેવા મુનિ તીર્થંકરપ્રકૃતિ બાંધે છે ? | ૭૯ | ૧૯૬ |
| ભાવની વિશુદ્ધતાનું નિમિત્તરૂપ આચરણ | ૮૦ | ૧૯૭ |
| દ્રવ્ય-ભાવરૂપ સામાન્યરૂપથી જિનલિંગનું સ્વરૂપ | ૮૧ | ૧૯૮ |
| જિનધર્મનો મહિમા | ૮૨ | ૧૯૯ |
| ધર્મના સ્વરૂપ વિષે શિષ્યના પ્રશ્નનો ઉત્તર | ૮૩ | ૧૯૯ |
| પુણ્યને જ ધર્મ જાણી શ્રદ્ધા કરવાવાળો ભોગનું શ્રદ્ધાન કરે છે, કર્મક્ષયનું નહીં | ૮૪ | ૨૦૧ |
| આત્મસ્વભાવરૂપ ધર્મ મોક્ષનું કારણ છે | ૮૫ | ૨૦૧ |
| જે આત્માને ઈષ્ટ કરતો નથી અને પુણ્યનું આચરણ કરે છે તે સિદ્ધિને પામતો નથી | ૮૬ | ૨૦૨ |
| આત્માનું શ્રદ્ધાન કરો, જાણો અને મોક્ષ પામો | ૮૭ | ૨૦૨ |
| હિંસાદિ ક્રિયા વિના તંદુલ મત્સ્ય નરકમાં ગયો. | ૮૮ | ૨૦૩ |
| ભાવરહિતને બાહ્ય પરિગ્રહનો ત્યાગ ઈષ્ટ પ્રયોજન છે | ૮૯ | ૨૦૪ |
| ભાવશુદ્ધિ માટે ઈન્દ્રિયોને વશ કરો, ભાવશુદ્ધિ વિના બાહ્યવેષ આડંબરમાત્ર છે | ૯૦-૯૧-૯૨-૯૩ | ૨૦૫ |
| ફરીથી ભાવશુદ્ધિનો ઉપદેશ | ૯૪ | ૨૦૭ |
| જે પરિષહ સહવામાં દૃઢ હોય છે તે ઉપસર્ગ આવવા છતાં ડગતો નથી | ૯૫ | ૨૦૭ |
| પરિષહ સમયે ભાવશુદ્ધિનો ઉપાય | ૯૬ | ૨૦૮ |
| ભાવશુદ્ધિ રાખવા માટે જ્ઞાનનો અભ્યાસ | ૯૭ | ૨૦૯ |
| ભાવશુદ્ધિ માટે અન્ય ઉપાયો | ૯૮ | ૨૦૯ |
| ભાવસહિત મુનિ જ આરાધના ચતુષ્કને પામે છે | ૯૯ | ૨૧૦ |
| ભાવથી જ ફળનું વિશેષ નિરૂપણ | ૧૦૦ | ૨૧૦ |
| અશુભભાવથી કરવામાં આવેલ અશુદ્ધ આહારથી દુર્ગતિની પ્રાપ્તિ | ૧૦૧-૧૦૩ | ૨૧૧ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| વિનયનો ઉપદેશ | ૧૦૪ | ૨૧૩ |
| ભક્તિરૂપ વૈયાવૃત્યનો ઉપદેશ | ૧૦૫ | ૨૧૪ |
| ગર્હા (ગુરુ સામે પોતાના દોષ કહેવા)નો ઉપદેશ | ૧૦૬ | ૨૧૪ |
| ક્ષમાનો ઉપદેશ | ૧૦૭ | ૨૧૫ |
| ક્ષમાનું ફળ | ૧૦૮ | ૨૧૬ |
| ક્ષમાગુણને જાણી ક્રોધને છોડવો | ૧૦૯ | ૨૧૬ |
| દીક્ષાકાળ સમયે ભાવેલી ભાવનાનો ઉપદેશ | ૧૧૦ | ૨૧૭ |
| ભાવને શુદ્ધ કરી દ્રવ્યલિંગ સેવવાનો ઉપદેશ | ૧૧૧ | ૨૧૮ |
| ભાવલિંગ બગડવાનું કારણ—ચાર સંજ્ઞાઓ | ૧૧૨ | ૨૧૮ |
| બાહ્ય ઉત્તરગુણની પ્રવૃત્તિ ભાવશુદ્ધ કરી કરવી | ૧૧૩ | ૨૧૯ |
| તત્ત્વની ભાવનાનો ઉપદેશ | ૧૧૪ | ૨૨૦ |
| જ્યાં સુધી તત્ત્વની ભાવના નથી ત્યાં સુધી મોક્ષ નથી | ૧૧૫ | ૨૨૨ |
| પુણ્ય-પાપરૂપ ભાવબંધનું કારણ | ૧૧૬ | ૨૨૨ |
| પાપબંધનું કારણ | ૧૧૭ | ૨૨૩ |
| પુણ્યબંધનું કારણ | ૧૧૮ | ૨૨૪ |
| મુનિને મોક્ષમાર્ગની ભાવનાનો ઉપદેશ | ૧૧૯ | ૨૨૪ |
| કર્મોના નાશ માટે અનેક પ્રકારનો ઉપદેશ | ૧૨૦ | ૨૨૫ |
| ભેદના વિકલ્પથી રહિત ધ્યાન કરવાનો ઉપદેશ | ૧૨૧ | ૨૨૯ |
| ભાવલિંગી મુનિઓ મોક્ષની પ્રાપ્તિ માટે ધ્યાન કરે છે | ૧૨૨ | ૨૨૯ |
| ધ્યાનનું દૃષ્ટાંત | ૧૨૩ | ૨૩૦ |
| ધ્યાન આરાધનામાં નાયક પંચ પરમેષ્ઠી | ૧૨૪ | ૨૩૧ |
| જ્ઞાનનું એકાગ્ર થવું તે ધ્યાન છે. | ૧૨૫ | ૨૩૨ |
| ધ્યાન અગ્નિથી કર્મનું દહન થાય છે | ૧૨૬-૧૨૭ | ૨૩૨ |
| ધ્યાનનો ઉપદેશ | ૧૨૮ | ૨૩૩ |
| ભાવશ્રમણને નમસ્કાર | ૧૨૯ | ૨૩૪ |
| ભાવશ્રમણ દેવાદિકની ઋદ્ધિ જોઈ મોહને પ્રાપ્ત થતા નથી | ૧૩૦ | ૨૩૫ |
| જે દેવની ઋદ્ધિને પણ ઈચ્છતા નથી તેઓ અન્ય સુખોને કઈ રીતે ઈચ્છે ? | ૧૩૧ | ૨૩૫ |
| જ્યાં સુધી ઘડપણ ન આવે ત્યાં સુધી પોતાનું હિત કરી લો | ૧૩૨ | ૨૩૬ |
| અહિંસાધર્મનો ઉપદેશ | ૧૩૩ | ૨૩૬ |
| જીવોના સ્વરૂપનો ઉપદેશ જાણ્યા વિના જીવોના પ્રાણનો આહાર કર્યો | ૧૩૪ | ૨૩૭ |
| પ્રાણીઓની હિંસાથી સંસારપરિભ્રમણનું દુઃખ પામ્યા | ૧૩૫ | ૨૩૮ |
| દયાનો ઉપદેશ | ૧૩૬ | ૨૩૮ |
| ષટ્ અનાયતનના પ્રસંગરૂપ મિથ્યાત્વથી સંસારમાં પરિભ્રમણ | ૧૩૭ | ૨૩૯ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| અક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ | ૧૩૮ | ૨૪૦ |
| અભવ્ય જીવ પોતાની પ્રકૃતિ છોડતો નથી | ૧૩૯ | ૨૪૧ |
| મિથ્યાત્વના નિમિત્તે દુર્ગતિની પ્રાપ્તિ | ૧૪૦-૧૪૧ | ૨૪૨ |
| ૩૬૩ પાખંડીઓનો મત છોડી જિનમાર્ગમાં લાગવાનો ઉપદેશ | ૧૪૨ | ૨૪૩ |
| સમ્યગ્દર્શન રહિત પ્રાણી હાલતું-ચાલતું મડદુ છે | ૧૪૩ | ૨૪૩ |
| સમ્યક્ત્વનું મહાનપણું | ૧૪૪-૧૪૫ | ૨૪૪ |
| સમ્યક્ત્વ સહિત લિંગની મહિમા | ૧૪૬ | ૨૪૫ |
| દર્શન-રત્ન ધારણ કરવાનો ઉપદેશ | ૧૪૭ | ૨૪૬ |
| સમ્યગ્દર્શન કોને થાય છે ? | ૧૪૮ | ૨૪૬ |
| જ્ઞાનાવરણ, મોહનીય વગેરે ઘાતીકર્મોને ભવ્યજીવ જિનભાવનાથી ક્ષય કરે છે | ૧૪૯ | ૨૪૮ |
| ઘાતિકર્મના નાશથી અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ | ૧૫૦ | ૨૪૯ |
| તે જીવ શિવ, પરમેષ્ઠી, વિષ્ણુ, ચતુર્મુખ અને બુદ્ધ છે | ૧૫૧ | ૨૫૦ |
| આચાર્યની અરિહંત ભગવાનને પ્રાર્થના | ૧૫૨ | ૨૫૧ |
| જેઓ અર્હંતને નમસ્કાર કરે છે તેઓ સંસારરૂપી વેલને કાપે છે | ૧૫૩ | ૨૫૧ |
| સમ્યક્ત્વ સહિત પુરુષો કર્મથી પણ લિપ્ત થતા નથી | ૧૫૪ | ૨૫૨ |
| સમ્યગ્દૃષ્ટિ થઈને જેઓએ કષાયરૂપ સુભટને જીત્યો તેઓ ધીર-વીર છે ... | ૧૫૫-૧૫૬ | ૨૫૩ |
| જેઓ સમ્યદર્શન-જ્ઞાન-ચારિત્રથી યુક્ત છે તેઓ અન્યને પણ એવા કરવામાં નિમિત્ત છે. | ૧૫૭ | ૨૫૪ |
| ભાવલિંગી મુનિઓની મહિમા | ૧૫૮ | ૨૫૪ |
| ભાવલિંગી મુનિઓનું સામર્થ્ય | ૧૫૯ | ૨૫૫ |
| જેઓ મૂળગુણ, ઉત્તરગુણ સહિત છે તેઓ જિનમતમાં શોભા પામે છે | ૧૬૦ | ૨૫૬ |
| વિશુદ્ધભાવવાળા સત્પુરુષ ઉત્તમ પદને પ્રાપ્ત કરે છે. | ૧૬૧-૧૬૨ | ૨૫૬ |
| સિદ્ધ ભગવાન મને ભાવોની શુદ્ધતા આપે | ૧૬૩ | ૨૫૮ |
| ભાવપ્રાભૃતના કથનનું સમાપન | ૧૬૪ | ૨૫૮ |
| ભાવપાહુડ વાંચવા, સાંભળવાનો ઉપદેશ | ૧૬૫ | ૨૫૯ |
| વચનિકાકારનું વક્તવ્ય અને સમાપન | | ૨૬૧ |


## ૬. મોક્ષપ્રાભૃત


| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| વચનિકાકારનું મંગલાચરણ | | ૨૬૨ |
| ગ્રંથકારના મંગલાચરણમાં પરમાત્માને નમસ્કાર | ૧ | ૨૬૨ |
| મુનિરાજો (જ્ઞાનીઓ) માટે મોક્ષપાહુડ કહેવાની પ્રતિજ્ઞા | ૨ | ૨૬૩ |
| મોક્ષપાહુડને જાણી યોગીઓ શિવપદને પ્રાપ્ત કરે છે | ૩ | ૨૬૩ |
| આત્માના ત્રણ પ્રકાર | ૪-૫ | ૨૬૪ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| પરમાત્માનું સ્વરૂપ | ૬-૭ | ૨૬૫ |
| બહિરાત્માની પ્રવૃત્તિ | ૮ | ૨૬૭ |
| મિથ્યાદૃષ્ટિ પોતાના દેહ જેવો બીજાના દેહને માને છે | ૯ | ૨૬૭ |
| આ પ્રકારની માન્યતાથી મનુષ્યાદિમાં મોહની પ્રવૃત્તિ થાય છે | ૧૦ | ૨૬૮ |
| મોહકર્મના ઉદયને વશ થઈને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે | ૧૧ | ૨૬૯ |
| જે મુનિ દેહ વિષે નિરપેક્ષ હોય તે નિર્વાણને પામે છે | ૧૨ | ૨૬૯ |
| બંધ અને મોક્ષના કારણનું સંક્ષેપથી આગમ વચન | ૧૩ | ૨૭૦ |
| જે સ્વદ્રવ્યમાં રત છે તે સમ્યગ્દૃષ્ટિ છે, તે કર્મોનો ક્ષય કરે છે | ૧૪ | ૨૭૦ |
| પરદ્રવ્યમાં રત હોય તે મિથ્યાદૃષ્ટિ છે, તે કર્મને બાંધે છે | ૧૫ | ૨૭૧ |
| પરદ્રવ્યથી દુર્ગતિ અને સ્વદ્રવ્યથી સુગતિ થાય છે | ૧૬ | ૨૭૧ |
| પરદ્રવ્યનું સ્વરૂપ કેવું છે તે પ્રશ્નનો ઉત્તર | ૧૭ | ૨૭૨ |
| આત્મસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તો તે કેવું છે? | ૧૮ | ૨૭૩ |
| જે સ્વદ્રવ્યનું ધ્યાન કરે તે નિર્વાણને પામે છે | ૧૯ | ૨૭૩ |
| જે જિનમાર્ગમાં લાગ્યો છે તે શુદ્ધાત્માનું ધ્યાન કરે છે | ૨૦ | ૨૭૪ |
| શુદ્ધાત્માના ધ્યાનનું દૃષ્ટાંત | ૨૧-૨૨ | ૨૭૪ |
| શુભરાગરૂપી તપ દ્વારા સ્વર્ગ મળે છે, પરંતુ ધ્યાનના યોગથી સ્વર્ગ અને મોક્ષ બંને મળે છે | ૨૩ | ૨૭૫ |
| ધ્યાનના યોગથી મોક્ષપ્રાપ્તિનું દૃષ્ટાંત | ૨૪-૨૫ | ૨૭૬ |
| પ્રાથમિક સાધક માટે વ્રત-પાલન ઈષ્ટ છે | ૨૬ | ૨૭૭ |
| આત્માનું ધ્યાન કરવાની વિધિ | ૨૭-૨૮ | ૨૭૮ |
| ધ્યાન કરવાવાળો મૌન રહે છે તથા વિચાર કરે છે | ૨૯ | ૨૮૦ |
| ધ્યાન કરવાથી કર્મોના આસ્રવનો નિરોધ થાય છે | ૩૦ | ૨૮૦ |
| જે વ્યવહારમાં તત્પર છે તેને ધ્યાન થતું નથી | ૩૧ | ૨૮૧ |
| ઉપરોક્ત કથનને જાણીને જે વ્યવહારને છોડે છે તે આત્માનું કાર્ય કરે છે | ૩૨ | ૨૮૧ |
| જિનદેવે કહેલી ધ્યાન—અધ્યયનની પ્રવૃત્તિનો ઉપદેશ | ૩૩ | ૨૮૨ |
| રત્નત્રયની આરાધના આરાધક જીવ જ કરે છે | ૩૪ | ૨૮૩ |
| જે શુદ્ધાત્મા છે તે કેવળજ્ઞાન છે અને જે કેવળજ્ઞાન છે તે શુદ્ધાત્મા છે | ૩૫ | ૨૮૩ |
| જે યોગી જિનદેવના મત મુજબ રત્નત્રયની આરાધના કરે છે તે આત્માનું ધ્યાન કરે છે | ૩૬ | ૨૮૪ |
| આત્મામાં રત્નત્રયનું સ્વરૂપ | ૩૭ | ૨૮૪ |
| તત્ત્વરુચિ સમ્યક્ત્વ છે, તત્ત્વનું જ્ઞાન સમ્યક્ચારિત્ર છે, રાગનો પરિહાર ચારિત્ર છે | ૩૮ | ૨૮૫ |
| સમ્યગ્દર્શનની પ્રધાનતા | ૩૯ | ૨૮૫ |
| સમ્યગ્દર્શનને ગ્રહણ કરવાનો ઉપદેશ સારભૂત છે | ૪૦ | ૨૮૬ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ | ૪૧ | ૨૮૭ |
| સમ્યક્ચારિત્રનું સ્વરૂપ | ૪૨ | ૨૮૮ |
| રત્નત્રય સહિત તપ-સંયમ-સમિતિને પાળવાવાળો શુદ્ધાત્માનો ધ્યાની નિર્વાણને પામે છે | ૪૩ | ૨૮૯ |
| ધ્યાની મુનિ આવો બની પરમાત્માનું ધ્યાન કરે છે | ૪૪ | ૨૯૦ |
| જે આવી આરાધના કરે છે તે ઉત્તમ સુખને પામે છે | ૪૫ | ------------ |
| જે વિષય-કષાયમાં આસક્ત છે, પરમાત્માની ભાવનાથી રહિત છે તે જિનમતથી પરાङ્મુખ છે | ૪૬ | ૨૯૧ |
| જિનમુદ્રાથી મોક્ષ થાય છે | ૪૭ | ૨૯૨ |
| જે પરમાત્માનું ધ્યાન કરે છે તેને નવીન કર્મનો આસ્રવ થતો નથી. | ૪૮ | ૨૯૨ |
| રત્નત્રયને ધારવાવાળો પરમપદને પામે છે | ૪૯ | ૨૯૩ |
| ચારિત્ર શું છે? તેવી આશંકાનો ઉત્તર | ૫૦ | ૨૯૪ |
| જીવના પરિણામને સ્વચ્છતાનું દૃષ્ટાંત | ૫૧ | ૨૯૪ |
| જ્યાં સુધી મુનિને રાગ-દ્વેષનો અંશ હોય છે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ પણ મોક્ષ પામતો નથી | ૫૨ | ૨૯૫ |
| ધ્યાન સમ્યગ્જ્ઞાનીને હોય છે | ૫૩ | ૨૯૬ |
| વસ્તુના સંબંધે પરદ્રવ્યમાં રાગ-દ્વેષ થાય છે | ૫૪ | ૨૯૬ |
| પરદ્રવ્યમાં  મોક્ષના નિમિત્તે પણ રાગ થાય તો તે આસ્રવનું કારણ છે | ૫૫ | ૨૯૭ |
| જે કર્મમાત્રથી સિદ્ધિ માને છે તેને આત્મસ્વભાવને જાણ્યો નથી. | ૫૬ | ૨૯૮ |
| મોક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મળે છે, વેષમાત્રથી નહીં | ૫૭ | ૨૯૯ |
| સાંખ્યમતીના આશયનો નિષેધ | ૫૮ | ૨૯૯ |
| તપ રહિત જ્ઞાન અને જ્ઞાન રહિત તપ બંને અકાર્યકારી છે | ૫૯-૬૦ | ૩૦૦ |
| જે બાહ્યલિંગ સહિત છે અને અભ્યંતર લિંગ રહિત ક્રિયા કરે છે તે સ્વક્-ચારિત્રથી ભ્રષ્ટ છે | ૬૧ | ૩૦૧ |
| જે (લૌકિક)સુખ સમયે બાહ્યધ્યાન છે તે દુઃખ આવતાં નષ્ટ થાય છે | ૬૨ | ૩૦૨ |
| આહાર-આસન અને નિદ્રાને જીતી આત્માનું ધ્યાન કરવું | ૬૩ | ૩૦૩ |
| જેનું ધ્યાન કરવામાં આવે છે તે આત્માનું સ્વરૂપ | ૬૪ | ૩૦૩ |
| આત્માને જાણવો, ભાવવો અને વિષયોથી વિરક્ત થવું તે ઉત્તરોત્તર દુર્લભ છે. | ૬૫ | ૩૦૪ |
| જ્યાં સુધી મનુષ્ય વિષયોમાં પ્રવર્તે છે ત્યાં સુધી તેને આત્મજ્ઞાન થતું નથી | ૬૬-૬૭ | ૩૦૪ |
| વિષયોથી વિરક્ત થઈ આત્માની ભાવના કરે છે | ૬૮ | ૩૦૫ |
| પરદ્રવ્ય પ્રત્યે લેશમાત્ર પણ રાગ હોય તો તે મોક્ષને પામતો નથી. | ૬૯-૭૦ | ૩૦૬ |
| પરદ્રવ્ય પ્રત્યે રાગ તે સંસારનું કારણ છે | ૭૧ | ૩૦૭ |
| સમભાવથી ચારિત્ર હોય છે | ૭૨ | ૩૦૮ |
| કેટલાક લોકો કહે છે કે પંચમકાળમાં ધ્યાન હોતું નથી આ વાત અસત્ય છે | ૭૩ | ૩૦૮ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
| --- | --- | --- |
| આ કાળ ધ્યાનનો કાળ પણ છે | ૭૪ | ૩૦૯ |
| જે માને છે કે આ કાળ ધ્યાનનો નથી તેણે મુનિનું સ્વરૂપ જાણ્યું નથી | ૭૫ | ૩૦૯ |
| પંચમકાળમાં ધર્મધ્યાન હોતું નથી એમ માને તે અજ્ઞાની છે | ૭૬ | ૩૧૦ |
| વર્તમાન રત્નત્રયનો ધારક મુનિ સ્વર્ગે જઈ ત્યાંથી ચ્યવી મોક્ષ પામે છે | ૭૭ | ૩૧૧ |
| જે ધ્યાનનો અભાવ માની મુનિલિંગ ગ્રહણ કરે છે તેઓ પાપમાં પ્રવૃત્તિ કરે છે | ૭૮ | ૩૧૧ |
| જે મોક્ષમાર્ગથી ચ્યુત છે તેનું સ્વરૂપ | ૭૯ | ૩૧૨ |
| મોક્ષમાર્ગી તો આવા મુનિ હોય છે | ૮૦ | ૩૧૩ |
| મોક્ષમાર્ગની પ્રવૃત્તિ | ૮૧-૮૨ | ૩૧૪ |
| નિશ્ચયનયથી ધ્યાન કરવાનો પ્રકાર | ૮૩ | ૩૧૫ |
| જેને જીવ-અજીવ પદાર્થોનું જ્ઞાન હોય છે તે યોગી છે | ૮૪ | ૩૧૫ |
| મુનિઓ અને શ્રાવકોને ધર્મરૂપ પ્રવર્તન કરવાનો ઉપદેશ | ૮૫ | ૩૧૬ |
| શ્રાવકોએ પ્રથમ શું કરવું જોઈએ? | ૮૬ | ૩૧૭ |
| સમ્યક્ત્વમાં ધ્યાનની જ મહિમા છે | ૮૭-૮૮ | ૩૧૮ |
| જેઓ નિરંતર સમ્યક્ત્વનું પાલન કરે છે તેઓ ધન્ય છે | ૮૯ | ૩૧૯ |
| સમ્યક્ત્વના વિષયમાં શિષ્યના પ્રશ્નનું સમાધાન | ૯૦-૯૧ | ૩૧૯ |
| મિથ્યાદૃષ્ટિનું ચિહ્ન | ૯૨-૯૪ | ૩૨૧ |
| મિથ્યાદૃષ્ટિ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે | ૯૫ | ૩૨૩ |
| સમ્યક્ત્વ મિથ્યાત્વના કથનનું સમાપન | ૯૬ | ૩૨૩ |
| મિથ્યાત્વ ન છોડ્યું તો વેષથી કંઈ લાભ નથી | ૯૭ | ૩૨૪ |
| સમ્યક્ત્વ વિના બાહ્યલિંગ નિષ્ફળ છે | ૯૮ | ૩૨૪ |
| આત્મસ્વભાવથી વિપરીત બાહ્યક્રિયાકર્મ નિષ્ફળ છે | ૯૯-૧૦૦ | ૩૨૫ |
| આવા સાધુ જ મોક્ષને પામે છે | ૧૦૧-૧૦૨ | ૩૨૭ |
| સૌથી ઉત્તમ પદાર્થ શુદ્ધાત્મા છે તે આ જ દહેમાં છે | ૧૦૩ | ૩૨૮ |
| અર્હંત આદિ પંચ પરમેષ્ઠી પદ આત્મા જ છે તેથી આત્મા જ શરણ છે | ૧૦૪ | ૩૨૯ |
| સમાધિમરણમાં ચાર આરાધનાનું આરાધન તે આત્મસ્થિરતા છે | ૧૦૫ | ૩૨૯ |
| મોક્ષપાહુડનું સમાપન અને તેને સાંભળવાનું ફળ | ૧૦૬ | ૩૩૦ |
| વચનિકાકારનું સમાપન | | ૩૩૩ |


## ૭. લિંગપાહુડ


| વિષય | ગાથા નં. | પાના નં. |
| --- | --- | --- |
| વચનિકાકારનું મંગલાચરણ | | ૩૩૮ |
| ગ્રંથકારનું મંગલાચરણ | ૧ | ૩૩૮ |
| જે બાહ્યલિંગ છે તે અંતરંગ ધર્મ સહિત હોય તો તે કાર્યકારી છે | ૨ | ૩૩૯ |
| જેઓ જિનલિંગ ધારણ કરી કુક્રિયા કરે છે તેઓ મુનિમાર્ગની મજાક બનાવે છે | ૩ | ૩૩૯ |

**વિષય** **ગાથા નં. પાના નં.**

જેઓ લિંગ ધારણ કરી કુક્રિયા કરે છે તેમની વાત પ્રગટ કરે છે..................... ૪-૮ ------- ૩૪૦
ભાવશુદ્ધિ વિના ગૃહસ્થપદ છોડવામાં આવે તો આવી પ્રવૃત્તિ થાય છે ........... ૯-૧૦ ------- ૩૪૩
લિંગ ધારણ કરી લિંગથી અયોગ્યકાર્ય કરતો થકો તે નરકમાં જાય છે .............. ૧૧ ------- ૩૪૪
જે ભોજનમાં રસનો લોલુપી હોય છે તે લિંગને લજાવે છે ....................... ૧૨-૧૩ ------- ૩૪૫
જે વગર દીધેલું દાન લે છે તે શ્રમણ ચોર સમાન છે ................................. ૧૪ ------- ૩૪૬
જે લિંગ ધારણ કરી અયોગ્યપણે પ્રવર્તે છે તે શ્રમણ નથી ............................ ૧૫ ------- ૩૪૭
જે વનસ્પતિ વગેરે સ્થાવર જીવોની હિંસા કરે છે તે શ્રમણ નથી ..................... ૧૬ ------- ૩૪૭
લિંગ ધારણ કરી સ્ત્રીઓથી રાગ કરે અને પરને દૂષણ દે તે શ્રમણ નથી..... ૧૭-૧૮ ------- ૩૪૮
લિંગ ધારણ કરી પૂર્વોક્ત પ્રકારે પ્રવર્તે છે તે શ્રમણ નથી.............................. ૧૯ ------- ૩૪૯
જે લિંગ ધારણ કરી સ્ત્રીઓ સાથે સંસર્ગ કરે છે તે શ્રમણ નથી................. ૨૦-૨૧ ------- ૩૫૦
લિંગપાહુડનું સમાપન ........................................................................ ૨૨ ------- ૩૫૧
વચનિકાકારનું સમાપન ...................................................................................... ૩૫૨


## ૮. શીલપાહુડ


વચનિકાકારનું મંગલાચરણ .................................................................................. ૩૫૩
ગ્રંથકારનું મંગલાચરણ........................................................................ ૧ ------- ૩૫૩
જ્ઞાનીઓએ શીલ અને જ્ઞાનમાં વિરોધ જોયો નથી ......................................... ૨ ------- ૩૫૪
જ્ઞાન થતા જ્ઞાનની ભાવના કરે અને વિષયોથી વિરક્ત થાય તે મુશ્કેલ છે ........... ૩ ------- ૩૫૬
જ્ઞાન જ્ઞાનની ભાવના અને વિષયોથી વૈરાગ્ય ઉત્તરોત્તર દુષ્કર છે ...................... ૪ ------- ૩૫૬
જ્ઞાનને લિંગગ્રહણનો અને તપનો અનુક્રમ કહે છે ......................................... ૫ ------- ૩૫૭
જ્ઞાન ધારણ કરી થોડું પણ ચારિત્ર (તપ) કરે તો તે મોટું ફળ આપે છે.............. ૬ ------- ૩૫૮
કોઈ જીવ જ્ઞાનને જાણીને પણ વિષયાસક્ત રહે તો તે સંસારમાં પરિભ્રમણ કરે છે . ૭ ------- ૩૫૮
જ્ઞાન પ્રાપ્ત કરી જ્ઞાનની ભાવના કરે તો સંસાર કપાય છે ................................ ૮ ------- ૩૫૯
શીલ સહિત જ્ઞાનથી જીવ શુદ્ધ થાય છે તેનું દૃષ્ટાંત ....................................... ૯ ------- ૩૫૯
જે જ્ઞાનને પામી વિષયાસક્ત હોય છે તે જ્ઞાનનો નહીં પરંતુ કુપુરુષનો દોષ છે .. ૧૦ ------- ૩૬૦
જ્ઞાન દર્શન-તપનું આચરણ સમ્યક્ત્વભાવ સહિત હોય તો નિર્વાણની પ્રાપ્તિ થાય છે૧૧ ------- ૩૬૦
જેમનું ચિત્ત વિષયોથી વિરક્ત છે અને શીલની રક્ષા કરે છે
તેવા પુરુષોનો નિયમથી નિર્વાણ થાય છે ........................................... ૧૨ ------- ૩૬૧
જે પુરુષો સમ્યગ્દૃષ્ટિ છે
તેઓ કદાચિત વિષયોથી વિમોહિત હોય તોપણ તેમને માર્ગની પ્રાપ્તિ કહી છે ૧૩ ------- ૩૬૨
જેઓ ઘણા શાસ્ત્રને જાણે છે અને કુશાસ્ત્રોની પ્રશંસા કરે છે તેઓ આરાધક નથી .. ૧૪ ------- ૩૬૨
કોઈ શરીરે સુંદર હોય પરંતુ શીલ રહિત હોય તો તેનો મનુષ્યજન્મ નિરર્થક છે ... ૧૫ ------- ૩૬૩
ઘણા શાસ્ત્રોના જ્ઞાનથી શીલ ઉત્તમ છે .................................................... ૧૬ ------- ૩૬૪

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| જેઓ શીલગુણથી મંડિત છે, તેઓ દેવોને પણ પ્રિય છે | ૧૭ | ૩૬૪ |
| જે શીલવાન છે તેનો મનુષ્યભવ સફળ છે | ૧૮ | ૩૬૫ |
| જેટલા પણ ઉત્તમ કાર્યો છે તે શીલનો પરિવાર છે | ૧૯ | ૩૬૬ |
| શીલથી જ તપ છે એવી શીલની મહિમા છે | ૨૦ | ૩૬૬ |
| વિષયરૂપ વિષ મહા પ્રબળ છે | ૨૧ | ૩૬૭ |
| સર્પના વિષથી પણ વિષયોનું વિષ તીવ્ર છે | ૨૨ | ૩૬૮ |
| વિષયોની આસક્તિથી ચતુર્ગતિમાં ભ્રમણ થાય છે | ૨૩ | ૩૬૮ |
| વિષયો છોડવાથી કાંઈપણ હાનિ નથી | ૨૪ | ૩૬૯ |
| શરીરના અંગો સુંદર હોવા છતાં પણ બધા અંગોમાં શીલ જ ઉત્તમ છે | ૨૫ | ૩૭૦ |
| જે કુબુદ્ધિ છે, વિષયોમાં આસક્ત છે, કુશીલી છે તેઓ સંસારમાં ભ્રમણ કરે છે | ૨૬ | ૩૭૦ |
| કર્મની ગાંઠ જે વિષયસેવનથી બંધાયેલી છે તે તપશ્ચરણ વગેરેથી છૂટે છે | ૨૭ | ૩૭૧ |
| શીલના દ્વારા આત્મા શુભભાવ પામે છે | ૨૮ | ૩૭૨ |
| શીલવાન પુરુષો મોક્ષને પ્રાપ્ત કરે છે | ૨૯ | ૩૭૨ |
| શીલ વિના જ્ઞાનથી જ મોક્ષ નથી (દૃષ્ટાંત) | ૩૦ | ૩૭૩ |
| શીલ વિના જ્ઞાનમાત્રથી ભાવસ્તુતિ થતી નથી | ૩૧ | ૩૭૪ |
| જ્ઞાની શીલવાન નર્કમાં પણ જાય તો તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે | ૩૨ | ૩૭૪ |
| ઉપરોક્ત કથનનું સમાપન | ૩૩ | ૩૭૫ |
| શીલથી જ નિર્વાણ થાય છે તેનું ઘણા પ્રકારે વર્ણન | ૩૪ | ૩૭૬ |
| જેઓએ અષ્ટકર્મ બાળ્યા છે તેઓ સિદ્ધ થયા છે | ૩૫ | ૩૭૬ |
| જે મુનિરાજ લાવણ્ય અને શીલથી યુક્ત છે તેઓ પ્રશંસાને યોગ્ય થાય છે | ૩૬ | ૩૭૭ |
| શીલવાન જ્ઞાનવાન મુનિ બોધિને પ્રાપ્ત કરે છે | ૩૭ | ૩૭૭ |
| શીલ તપ જ્ઞાનની પ્રાપ્તિ જિનવચનથી થાય છે | ૩૮ | ૩૭૮ |
| આરાધક જીવ મનને શુદ્ધ કરે છે | ૩૯ | ૩૭૯ |
| શીલપાહુડ ગ્રંથનું સમાપન | ૪૦ | ૩૮૦ |
| વચનિકાકારનું સમાપન | | ૩૮૧ |
| વચનિકાકારની પ્રશસ્તિ | | ૩૮૨ |

ॐ

* नमः श्रीसर्वज्ञवीतरागाय। *

# शास्त्र-स्वाध्यायका प्रारंभिक मंगलाचरण

*

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥१॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः॥३॥

॥ श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोध-कारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्रीअष्टप्राभृतनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृण्वन्तु॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ॥१॥

सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥२॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ॐ

॥ नमः सिद्धेभ्यः ॥

स्वामि कुंदकुंदाचार्य विरचित

# અષ્ટપ્રાભૃત

ભાષા વચનિકા

(શ્રી પંડિત જયચંદ્રજી છાબડા)

## અથ દર્શનપ્રાભૃત

## –૧–

(દોહા)

શ્રીમત વીરજિનેશ રવિ મિથ્યાતમ હરતાર;
વિઘનહરન મંગલકરન બંદૂ વૃષકરતાર. ૧.

વાની બંદૂ હિતકરી જિનમુખ-નભતૈં ગાજિ;
ગણધરગણશ્રુતભૂ–ઝરી–બૂંદ–વર્ણપદ સાજિ. ૨.

ગુરુ ગૌતમ બંદૂ સુવિધિ સંયમતપધર ઔર;
જિનિતૈં પંચમકાલમૈં બરત્યો જિનમત દૌર. ૩.

કુન્દકુન્દમુનિકૂં નમૂં કુમતધ્વાંતહર ભાન;
પાહુડ ગ્રન્થ રચે જિનહિં પ્રાકૃત વચન મહાન. ૪.

તિનિમૈં કઈ પ્રસિદ્ધ લખિ કરૂં સુગમ સુવિચાર;
દેશવચનિકામય લિખૂં ભવ્ય–જીવહિતધાર. ૫.

—આ પ્રમાણે મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદાચાર્ય કૃત પ્રાકૃત ગાથાબદ્ધ પાહુડ ગ્રંથોમાંથી કેટલાકની દેશભાષામય વચનિકા લખીએ છીએ :—

૧

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ત્યાં પ્રયોજન એમ છે કે—આ હુંડાવસર્પિણીકાળમાં મોક્ષમાર્ગની અન્યથા પ્રરૂપણા કરવાવાળા અનેક મતો પ્રવર્તે છે. તેમાં પણ આ પંચમકાળમાં કેવળી-શ્રુતકેવળીનો અભાવ હોવાથી જિનમતમાં પણ જડ વક્ર જીવોના નિમિત્તે પરંપરા માર્ગનું ઉલ્લંઘન કરીને શ્વેતામ્બર આદિ બુદ્ધિકલ્પિત મતો થયા છે. તેનું નિરાકરણ કરીને યથાર્થ સ્વરૂપની સ્થાપના કરવા માટે દિગંબર આમ્નાય મૂળ સંઘમાં આચાર્યો થયા અને તેઓએ સર્વજ્ઞની પરંપરાના અવ્યુચ્છેદરૂપ પ્રરૂપણાના અનેક ગ્રંથોની રચના કરી છે. તેમાં દિગમ્બર સંપ્રદાય મૂળ સંઘ નંદિ આમ્નાય, સરસ્વતી ગચ્છમાં—શ્રી કુંદકુંદ મુનિ થયા અને તેઓએ પાહુડ ગ્રંથોની રચના કરી. તે ગ્રંથોને સંસ્કૃત ભાષામાં પ્રાભૃત કહે છે અને તે પ્રાકૃત ગાથાબદ્ધ છે. કાળદોષથી જીવોની બુદ્ધિ મંદ હોવાથી તેઓ યથાર્થ અર્થને સમજી શકતા નથી; તેથી દેશભાષામય વચનિકા હશે તો સર્વે વાંચશે, અર્થ સમજશે અને તેમનું શ્રદ્ધાન દ્રઢ થશે—એવું પ્રયોજન વિચારીને વચનિકા લખીએ છીએ. અન્ય કોઈ ખ્યાતિ, મોટાઈ કે લાભનું પ્રયોજન નથી. તેથી હે ભવ્ય જીવો ! આને વાંચીને, અર્થ સમજીને, ચિત્તમાં ધારણ કરી, યથાર્થ મતનું બાહ્યલિંગ તથા તત્ત્વાર્થનું શ્રદ્ધાન દ્રઢ કરજો. આમાં મારી બુદ્ધિની મંદતાથી તથા પ્રમાદવશ અન્યથા અર્થ લખાય તો વિશેષ બુદ્ધિમાનો મૂળ ગ્રંથને જોઈને, શુદ્ધ કરીને વાંચે અને મને અલ્પબુદ્ધિવાળો જાણી ક્ષમા કરે.

હવે અહીં પ્રથમ દર્શનપાહુડની વચનિકા લખીએ છીએ :—

( દોહા )

બંદૂ શ્રી અરિહંતકૂં મન વચ તન ઈકતાન;
મિથ્યાભાવ નિવારિકૈં કરૈં સુ દર્શન જ્ઞાન.

હવે, ગ્રંથકર્તા શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથની શરૂઆતમાં ગ્રંથની ઉત્પત્તિ અને તેના જ્ઞાનનું કારણ જે પરંપરા ગુરુનો પ્રવાહ તેને મંગલના હેતુએ નમસ્કાર કરે છે :—

**काऊण णमुक्कारं जिणवरवसहस्स वड्ढमाणस्स।**
**दंसणमग्गं वोच्छामि जहाकम्मं समासेण॥१॥**

कृत्वा नमस्कारं जिनवरवृषभस्य वर्द्धमानस्य।
दर्शनमार्गं वक्ष्यामि यथाक्रमं समासेन॥१॥

**પ્રારંભમાં કરીને નમન જિનવરવૃષભ મહાવીરને,**
**સંક્ષેપથી હું યથાક્રમે ભાખીશ દર્શનમાર્ગને. ૧.**

તેનો દેશભાષામય **અર્થ** :—આચાર્ય કહે છે કે હું જિનવર વૃષભ એવા જે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ તથા અંતિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાનસ્વામીને નમસ્કાર કરીને દર્શન અર્થાત્ (સર્વજ્ઞ અનુસાર) મત(માન્યતા)નો જે માર્ગ છે તેને યથાક્રમે ટૂંકમાં કહીશ.

**ભાવાર્થ** :—અહીં 'જિનવર વૃષભ' વિશેષણ છે, તેમાં જે જિન શબ્દ છે તેનો અર્થ એવો છે કે—જે કર્મશત્રુને જીતે તે જિન. ત્યાં અવ્રતી સમ્યગ્દષ્ટિથી લઈને કર્મની ગુણશ્રેણી નિર્જરા કરવાવાળા સર્વે જિન છે. તેઓમાં વર અર્થાત્ શ્રેષ્ઠ. આ રીતે ગણધર વગેરે મુનિઓને જિનવર કહેવામાં આવે છે; તેમનામાં વૃષભ અર્થાત્ પ્રધાન(મુખ્ય) એવા ભગવાન તીર્થંકર પરમદેવ છે. તેમાં પ્રથમ તો આ પંચમકાળના પ્રારંભમાં શ્રી ઋષભદેવ થયા તથા ચતુર્થકાળના અંતમાં અંતિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાનસ્વામી થયા છે. તે સમસ્ત તીર્થંકર ભગવંતો જિનવરવૃષભ થયાં છે તેમને નમસ્કાર થયા. ત્યાં 'વર્દ્ધમાન' એવું વિશેષણ દરેક માટે જાણવું; કારણ કે સર્વે (તીર્થંકરો) અંતરંગ તેમજ બાહ્યલક્ષ્મીથી વર્દ્ધમાન છે. અથવા જિનવરવૃષભ શબ્દથી તો આદિ તીર્થંકર શ્રી ઋષભદેવને અને વર્ધમાન શબ્દથી અંતિમ તીર્થંકરને જાણવા. આ પ્રમાણે આદિ અને અંતના તીર્થંકરોને નમસ્કાર કરવાથી વચ્ચેના તીર્થંકરોને પણ સામર્થ્યથી નમસ્કાર જાણવા. તીર્થંકર સર્વજ્ઞ વીતરાગને તો પરમગુરુ કહે છે અને તેમની પરિપાટીમાં ચાલ્યા આવતા ગૌતમ આદિ મુનિઓને 'જિનવર' વિશેષણ આપ્યું, તેમને અપરગુરુ કહે છે;—આ પ્રમાણે પર અને અપર ગુરુઓનો પ્રવાહ જાણવો. તેઓ શાસ્ત્રની ઉત્પત્તિ તથા જ્ઞાનનું કારણ છે. તેમને ગ્રંથની શરૂઆતમાં નમસ્કાર કર્યા. ૧.

હવે ધર્મનું મૂળ દર્શન છે, તેથી જેઓ દર્શનથી રહિત હોય તેમની વંદના ન કરવી જોઈએ—એવું કહે છે :—

दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं।
तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिब्बो।।२।।

दर्शनमूलो धर्मः उपदिष्टः जिनवरैः शिष्याणाम्।
तं श्रुत्वा स्वकर्णे दर्शनहीनो न वन्दितव्यः।।२।।

રે! ધર્મ દર્શનમૂલ ઉપદેશ્યો જિનોએ શિષ્યને,
તે ધર્મ નિજ કર્ણે સુણી દર્શનરહિત નહિ વંદ્ય છે. ૨.

**અર્થ** :—જિનવર જે સર્વજ્ઞદેવ, તેમણે ગણધર આદિ શિષ્યોને ધર્મનો ઉપદેશ

આપ્યો છે; કેવો ઉપદેશ આપ્યો છે?—કે દર્શન જેનું મૂળ છે. મૂળ ક્યાં હોય છે?—જેવી રીતે મંદિરને પાયો અને વૃક્ષને જડ(મૂળ) હોય છે તેવી રીતે **ધર્મનું મૂળ દર્શન છે.** માટે આચાર્ય ઉપદેશ આપે છે કે—હે સકર્ણ અર્થાત્ સત્પુરુષો! સર્વજ્ઞના કહેલા તે **દર્શન જેનું મૂળ છે એવા ધર્મને** પોતાના કાનથી સાંભળી જે દર્શન રહિત છે તે વંદ્ય નથી; તેથી દર્શનહીનની વંદના ન કરો. જેને દર્શન નથી તેને ધર્મ પણ નથી; કારણ કે મૂળ રહિત વૃક્ષને સ્કંધ (થડ), શાખા, પુષ્પ અને ફળ વગેરે ક્યાંથી થશે? તેથી આ ઉપદેશ છે કે જેમને ધર્મ(સમ્યગ્દર્શન) નથી તેમનાથી ધર્મની પ્રાપ્તિ ન થઈ શકે, તો પછી ધર્મના નિમિત્તે તેમની(ધર્મ રહિતની) વંદના શા માટે કરીએ—એવું જાણવું.

હવે અહીં ધર્મનું તથા દર્શનનું સ્વરૂપ જાણવું જોઈએ. તે સ્વરૂપ તો ગ્રંથકાર જ ટૂંકાણમાં આગળ કહેશે, તોપણ અન્ય ગ્રંથો અનુસાર અહીં પણ કેટલુંક કહીએ છીએ :— 'ધર્મ' શબ્દનો અર્થ આ છે કે—જે આત્માને સંસારથી ઉગારીને સુખના સ્થાનમાં સ્થાપિત કરે તે ધર્મ છે. અને દર્શન અર્થાત્ દેખવું. આ પ્રમાણે 'ધર્મની મૂર્તિ દેખાય તે દર્શન છે', તથા પ્રસિદ્ધિમાં જેમાં ધર્મનું ગ્રહણ હોય એવા મતને 'દર્શન' કહે છે. લોકમાં ધર્મની અને દર્શનની માન્યતા સામાન્યરૂપે તો બધાને છે જ, પરંતુ સર્વજ્ઞ વિના યથાર્થ સ્વરૂપનું જાણવું થઈ શકે નહીં; અને છદ્મસ્થ પ્રાણી પોતાની બુદ્ધિથી અનેક સ્વરૂપોની કલ્પના કરીને અન્યથા સ્વરૂપ સ્થાપી તેમની પ્રવૃત્તિ કરે છે. પરંતુ જિનમત સર્વજ્ઞની પરંપરાથી પ્રવર્તમાન છે તેથી તેમાં યથાર્થ સ્વરૂપની પ્રરૂપણા છે.

ત્યાં ધર્મને નિશ્ચય અને વ્યવહાર—એમ બે પ્રકારે સાધ્યું છે તેની પ્રરૂપણા ચાર પ્રકારે છે—પ્રથમ વસ્તુસ્વભાવે, બીજો ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારે, ત્રીજો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે અને ચોથું જીવોની રક્ષારૂપે એવા ચાર પ્રકારે છે. ત્યાં નિશ્ચયથી સિદ્ધ કરવામાં આવે તો બધામાં એક જ પ્રકાર છે, તેથી 'વસ્તુસ્વભાવ'નું તાત્પર્ય તો જીવ નામના પદાર્થની પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન પરિણામમયી ચેતના છે, અને તે ચેતના સર્વ વિકારોથી રહિત શુદ્ધ સ્વભાવરૂપ પરિણમિત થાય તે જીવનો ધર્મ છે. તથા 'ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકાર' કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મા ક્રોધાદિ કષાયરૂપ ન પરિણમીને પોતાના સ્વભાવમાં સ્થિર થાય તે જ ધર્મ છે, આ પણ શુદ્ધચેતનારૂપ જ થયો.

'દર્શન-જ્ઞાન-ચારિત્ર' કહેવાનું તાત્પર્ય એમ છે કે આ ત્રણે એક જ્ઞાનચેતનાના જ પરિણામ છે, તે જ જ્ઞાનસ્વભાવરૂપ ધર્મ છે અને જીવોની રક્ષાનું તાત્પર્ય એ છે કે જીવ ક્રોધાદિ કષાયોને વશ થઈને પોતાની અથવા પરની પર્યાયના વિનાશરૂપ મરણ તથા દુઃખ,

-સંક્લેષ પરિણામ ન કરે—એવો પોતાનો સ્વભાવ જ ધર્મ છે —આ પ્રમાણે શુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ નિશ્ચયનયથી સાધેલ ધર્મ એક જ પ્રકારે છે.

વ્યવહારનય પર્યાયાશ્રિત છે તેથી ભેદરૂપ છે, વ્યવહારનયથી વિચાર કરીએ તો જીવના પર્યાયરૂપ પરિણામ અનેક પ્રકારના છે, તેથી ધર્મનું પણ અનેક પ્રકારથી વર્ણન કર્યું છે. ત્યાં (૧) પ્રયોજનવશ એકદેશનો સર્વદેશથી કથન કરવામાં આવે તે વ્યવહાર છે. (૨) અન્ય વસ્તુમાં અન્યના નિમિત્તથી અને પ્રયોજનવશ અન્યનું આરોપણ કરવામાં આવે તે પણ વ્યવહાર છે, ત્યાં 'વસ્તુસ્વભાવ' કહેવાનું તાત્પર્ય તો નિર્વિકાર ચેતનાના શુદ્ધ પરિણામના સાધકરૂપ મંદકષાયરૂપ શુભ પરિણામ છે તથા (તેમના કારણે) જે બાહ્ય ક્રિયાઓ છે તે સર્વેને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. અહીં ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકાર રહી ગયેલ છે. તેનો ટીકાકારના અભિપ્રાયાનુસાર નિમ્ન પ્રકારે હોવું જોઈએ. ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકારનું તાત્પર્ય ઉત્તમ ક્ષમા, માર્દવ આદિ દસ પ્રકારના નિર્વિકારી ચેતનાના શુદ્ધ પરિણામ, તેના સાધકરૂપ મંદકષાયાદિકરૂપ શુભ પરિણામ છે તથા તેમના કારણ જે બાહ્ય ક્રિયાઓ છે તે સર્વેને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. આ પ્રમાણે 'રત્નત્રય'નું તાત્પર્ય, સ્વરૂપના ભેદ દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા તેમના કારણ બાહ્ય ક્રિયાદિક છે, તે સર્વેને વ્યવહારધર્મ કહેવામાં આવે છે, તે રીતે 'જીવોની દયા' કહેવાનું તાત્પર્ય એ છે કે ક્રોધાદિ મંદ કષાય થવાથી પોતાનું કે પરનું મરણ, દુઃખ, ક્લેશ વગેરે ન કરવો. [૧]તેના સાધક સમસ્ત બાહ્યક્રિયાદિને ધર્મ કહેવામાં આવે છે. આ પ્રમાણે જિનમતમાં નિશ્ચય-વ્યવહારથી સાધેલ ધર્મ કહે છે.

ત્યાં એક સ્વરૂપ, અનેક સ્વરૂપ કહેવામાં સ્યાદ્વાદથી વિરોધ આવતો નથી, કથંચિત્ વિવક્ષાથી સર્વ પ્રમાણ સિદ્ધ છે. એવા ધર્મનું મૂળ દર્શન કહ્યું છે તેથી આવા ધર્મની શ્રદ્ધા—પ્રતીતિ, રુચિ સહિત આચરણ કરવું તે દર્શન છે. તે ધર્મની મૂર્તિ છે, તેને મત (દર્શન) કહેવામાં આવે છે, તે જ ધર્મનું મૂળ છે, તથા આવા ધર્મની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ પ્રથમ ન હોય તો ધર્મનું આચરણ પણ થતું નથી. જેમ વૃક્ષના મૂળ વિના સ્કંધ આદિક હોતા નથી. તેમ દર્શનને ધર્મનું મૂળ કહેવું યોગ્ય છે. આવા દર્શનનું સિદ્ધાંતોમાં જે પ્રકારે વર્ણન છે તે અનુસાર કંઈક લખીએ છીએ.

ત્યાં અંતરંગ સમ્યગ્દર્શન તો જીવનો એવો ભાવ છે કે જે નિશ્ચય દ્વારા ઉપાધિરહિત શુદ્ધ જીવનો સાક્ષાત્ અનુભવ થવો તે છે. તે અનુભવ અનાદિકાળથી

---

૧. સાધકરૂપ—સહચર હેતુરૂપ નિમિત્તમાત્ર; અંતરંગ શુદ્ધિરૂપ કાર્ય હોય તો બાહ્યમાં આ પ્રકારને નિમિત્ત કારણ કહેવામાં આવે છે.

મિથ્યાદર્શન નામના કર્મના ઉદયથી અન્યથા થઈ રહ્યો છે. સાદિ મિથ્યાદ્રષ્ટિને તે મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિઓ સત્તામાં હોય છે–મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ તથા તેમની સહકારી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભના ભેદથી ચારકષાય નામની પ્રકૃતિઓ છે. આ પ્રમાણે આ સાત પ્રકૃતિઓ સમ્યગ્દર્શનનો ઘાત કરવાવાળી છે તેથી આ સાતેયનો ઉપશમ થવાથી પહેલાં તો જીવને ઉપશમ સમ્યક્ત્વ થાય છે. આ પ્રકૃતિઓનું ઉપશમ થવાનું બાહ્ય કારણ સામાન્યતઃ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે એમાં દ્રવ્યમાં તો સાક્ષાત્ તીર્થંકરનું દેખવું પ્રધાન છે, ક્ષેત્રમાં સમવસરણાદિક પ્રધાન છે, કાળમાં અર્ધ પુદ્ગલ પરાવર્તન સંસારભ્રમણ બાકી રહે તે તથા ભાવમાં અધઃપ્રવૃત્તકરણ વગેરે છે.

(સમ્યક્ત્વના બાહ્ય કારણો) વિશેષરૂપે તો અનેક છે. તેમાંથી કેટલાકને તો અરિહંતબિંબનાં દર્શન, કેટલાકને જિનેન્દ્રના પંચકલ્યાણક વગેરેની મહિમાનાં દર્શન, કેટલાકને જાતિસ્મરણ, કેટલાકને વેદનાનો અનુભવ, કેટલાકને ધર્મશ્રવણ તથા કેટલાકને દેવોની ઋદ્ધિનું દર્શન–વગેરે બાહ્ય કારણો દ્વારા મિથ્યાત્વકર્મનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. તથા આ સાત પ્રકૃતિમાંથી છનો તો ઉપશમ કે ક્ષય થાય અને એક સમ્યક્ત્વ પ્રકૃતિનો ઉદય હોય ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય છે. આ પ્રકૃતિના ઉદયથી કિંચિત્ અતિચાર–દોષ લાગે છે. તથા આ સાત પ્રકૃતિઓનો સત્તામાંથી નાશ થાય ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.

આ પ્રમાણે ઉપશમ આદિ થતાં જીવના પરિણામ, ત્રણ પ્રકારના ભેદવાળા થાય છે. તે પરિણામ અત્યંત સૂક્ષ્મ છે, કેવળજ્ઞાનગમ્ય છે, તેથી તે પ્રકૃતિઓનું દ્રવ્ય પુદ્ગલ પરમાણુઓનો સ્કંધ છે, તે અતિ સૂક્ષ્મ છે અને તેમનામાં ફળ દેવાની શક્તિરૂપ અનુભાગ છે, તે અતિ સૂક્ષ્મ છે, તે છદ્મસ્થના જ્ઞાનગમ્ય નથી. તથા તેમના ઉપશમાદિક થવાથી જીવના પરિણામ પણ સમ્યક્ત્વરૂપ થાય છે તે પણ અતિ સૂક્ષ્મ છે. તે પણ કેવળજ્ઞાનગમ્ય છે. તોપણ જીવના કેટલાક પરિણામ છદ્મસ્થના જ્ઞાનમાં આવવાયોગ્ય હોય છે, તેને ઓળખવાનાં બાહ્ય ચિહ્ન છે તેની પરીક્ષા કરીને નિશ્ચય કરવાનો વ્યવહાર છે. એમ ન થાય તો છદ્મસ્થ વ્યવહારી જીવને સમ્યક્ત્વનો નિશ્ચય થશે નહીં તેથી આસ્તિક્યનો અભાવ સિદ્ધ થશે, વ્યવહારનો લોપ થશે, આ મહાન દોષ આવશે. તેથી બાહ્ય ચિહ્નોથી આગમ, અનુમાન તથા સ્વાનુભવથી પરીક્ષા કરીને નિશ્ચય કરવો જોઈએ.

તે ચિહ્નો ક્યા છે તે લખીએ છીએ :–મુખ્ય ચિહ્ન તો ઉપાધિરહિત, શુદ્ધજ્ઞાન ચેતનાસ્વરૂપ આત્માની અનુભૂતિ છે. જો કે આ અનુભૂતિ જ્ઞાનની વિશેષતા છે તો પણ

તે સમ્યક્ત્વ થવાથી થાય છે તેથી તેને બાહ્ય ચિહ્ન કહેવામાં આવે છે. જ્ઞાન તો પોતાનું પોતાને સ્વસંવેદનરૂપ છે; તેનો રાગાદિ વિકાર રહિત શુદ્ધજ્ઞાનમાત્રનો પોતાને આસ્વાદ આવે છે કે **'જે આ શુદ્ધજ્ઞાન છે તે હું છું અને જ્ઞાનમાં જે રાગાદિ વિકાર છે તે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયા છે તે મારું સ્વરૂપ નથી' આ પ્રમાણે ભેદજ્ઞાનથી જ્ઞાનમાત્રના આસ્વાદનને જ્ઞાનની અનુભૂતિ કહે છે, તે જ આત્માની અનુભૂતિ છે તથા તે જ શુદ્ધનયનો વિષય છે. એવી અનુભૂતિથી શુદ્ધનય દ્વારા એવું પણ શ્રદ્ધાન થાય છે કે સર્વ કર્મજનિત રાગાદિક ભાવોથી રહિત અનંત ચતુષ્ટય મારું સ્વરૂપ છે, બાકીના સર્વે ભાવો સંયોગજનિત છે એવા આત્માની અનુભૂતિ તે સમ્યક્ત્વનું મુખ્ય ચિહ્ન છે.** આ પ્રમાણે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવથી સમ્યક્ત્વ થાય છે તેનું આ ચિહ્ન છે, તે ચિહ્નને જ સમ્યક્ત્વ કહેવું તે વ્યવહાર છે.

એની પરીક્ષા, સર્વજ્ઞના આગમ, અનુમાન તથા સ્વાનુભવ પ્રત્યક્ષ પ્રમાણ વગેરે પ્રમાણોથી કરવામાં આવે છે. તેને જ નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન પણ કહે છે. ત્યાં પોતાની પરીક્ષા તો પોતાના સ્વસંવેદનની પ્રધાનતાથી થાય છે અને પરની પરીક્ષા તો પરનાં વચન, શરીરની ક્રિયાની પરીક્ષાથી થાય છે તે વ્યવહાર છે. પરમાર્થ સર્વજ્ઞ જાણે છે. વ્યવહારી જીવને સર્વજ્ઞે પણ વ્યવહારના જ શરણનો ઉપદેશ આપ્યો છે.

(નોંધ : અનુભૂતિ જ્ઞાનગુણની પર્યાય છે, તે શ્રદ્ધાગુણથી ભિન્ન છે, તેથી જ્ઞાન દ્વારા શ્રદ્ધાનનો નિર્ણય કરવો તે વ્યવહાર છે, તેનું નામ વ્યવહારી જીવને વ્યવહારનું શરણ અથવા આલંબન સમજવું.)

અનેક લોકો કહે છે કે :—સમ્યક્ત્વ તો કેવલીગમ્ય છે, તેથી પોતાને સમ્યક્ત્વ થવાનો નિશ્ચય થતો નથી તેથી પોતાને સમ્યગ્દૃષ્ટિ કઈ રીતે માની શકીએ? પરંતુ આ પ્રમાણે સર્વથા એકાંતથી કહેવું તો મિથ્યાદૃષ્ટિ છે. સર્વથા એમ કહેવાથી વ્યવહારનો લોપ થશે. સર્વે મુનિ-શ્રાવકોની પ્રવૃત્તિ મિથ્યાત્વરૂપ સિદ્ધ થશે અને સર્વે પોતાને મિથ્યાદૃષ્ટિ માનશે તો વ્યવહાર ક્યાંથી રહેશે? તેથી પરીક્ષા થયા પછી આવું શ્રદ્ધાન ન રાખવું જોઈએ કે હું મિથ્યાદૃષ્ટિ જ છું. મિથ્યાદૃષ્ટિ તો અન્યમતીને કહેવામાં આવે છે અને તેના સમાન પોતે પણ થશે, આ પ્રમાણે સર્વથા એકાંત પક્ષ ગ્રહણ ન કરવો જોઈએ. તથા તત્ત્વાર્થ શ્રદ્ધાન તો બાહ્ય ચિહ્ન છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આ પ્રમાણે સાત તત્ત્વાર્થ છે; તેમાં પુણ્ય અને પાપને જોડી દેવાથી નવ પદાર્થ થાય છે તેમની શ્રદ્ધા તથા સન્મુખતા, રુચિ અર્થાત્ તદ્રૂપ ભાવ કરવો તથા પ્રતીતિ જેવા સર્વજ્ઞે કહ્યા છે તદ્ અનુસાર જ અંગીકાર કરવા અને તેમના આચરણરૂપ ક્રિયા—શ્રદ્ધાનાદિક થવું તે સમ્યક્ત્વના બાહ્ય ચિહ્ન છે.

તથા પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય પણ સમ્યક્ત્વના બાહ્ય ચિહ્નો છે. ત્યાં (૧) **પ્રશમ** :—અનંતાનુબંધી ક્રોધાદિક કષાયના ઉદયનો અભાવ તે પ્રશમ છે, તેના બાહ્ય ચિહ્નો જેવા કે સર્વથા એકાંત તત્ત્વાર્થનું કથન કરવાવાળા અન્યમતોનું શ્રદ્ધાન, બાહ્ય વેષમાં સત્યાર્થપણાનું અભિમાન કરવું. પર્યાયોમાં એકાંતના કારણે આત્મબુદ્ધિથી અભિમાન તથા પ્રીતિ કરવી તે અનંતાનુબંધીના કાર્ય છે. તે જેને ન હોય તથા કોઈએ પોતાનું બુરું કર્યું તો તેનો ઘાત કરવો વગેરે મિથ્યાદ્રષ્ટિની જેમ વિકારબુદ્ધિ પોતાને ઉત્પન્ન ન થાય તથા તે તેવો વિચાર કરે કે મેં પોતાના પરિણામોથી જે કર્મ બાંધ્યા હતા તે જ બુરું કરવાવાળા છે અન્ય તો નિમિત્તમાત્ર છે—આવી બુદ્ધિ પોતાને ઉત્પન્ન થાય—તે મંદ કષાય છે. તથા અનંતાનુબંધી વગર ચારિત્રમોહની અન્ય પ્રકૃતિઓના ઉદયથી આરંભાદિક ક્રિયામાં હિંસાદિક થાય છે, તેને પણ ભલી જાણતો નથી. તેથી તેને પ્રશમનો અભાવ કહેવાતો નથી.

**(૨) સંવેગ** :— ધર્મમાં અને ધર્મના ફળમાં પરમ ઉત્સાહ હોવો તે સંવેગ છે. તથા સાધર્મીઓથી અનુરાગ અને પરમેષ્ઠીઓમાં પ્રીતિ તે પણ સંવેગ જ છે. આ ધર્મમાં તથા ધર્મના ફળમાં અનુરાગને અભિલાષા ન કહેવી જોઈએ. કારણ કે અભિલાષા તો એને કહેવાય છે કે જેને ઇન્દ્રિયવિષયની ઇચ્છા હોય. પોતાના સ્વરૂપની પ્રાપ્તિના અનુરાગને અભિલાષા કહેવાતી નથી. **(૩) નિર્વેદ** :—આ સંવેગમાં જ નિર્વેદ પણ થયેલો સમજવો. કારણ કે પોતાના સ્વરૂપરૂપ ધર્મની પ્રાપ્તિમાં અનુરાગ થયો ત્યારે અન્યત્ર બધી અભિલાષાઓનો ત્યાગ થયો, સર્વ પરદ્રવ્યોથી વૈરાગ્ય થયો. તે જ નિર્વેદ છે. **(૪) અનુકંપા** :—સર્વે પ્રાણીઓમાં ઉપકારની બુદ્ધિ અને મૈત્રીભાવ તે અનુકંપા છે. તથા મધ્યસ્થભાવ હોવાથી સમ્યગ્દ્રષ્ટિને શલ્ય નથી, કોઈથી વેરભાવ હોતો નથી. સુખ-દુઃખ, જીવન-મરણ—પોતાનું પર દ્વારા તથા પરનું પોતા દ્વારા માનતો નથી. તથા પરમાં જે અનુકંપા છે, તે પોતાનામાં જ છે. તેથી પરનું બુરું કરવાનો વિચાર કરશે તો પોતાના કષાયભાવથી સ્વયં પોતાનું જ બુરું થયું. પરનું બુરું ન વિચારે તો પોતામાં કષાયભાવ ન થવાથી પોતાની જ અનુકંપા થઈ. **(૫) આસ્તિક્ય** :—જીવાદિક પદાર્થમાં અસ્તિત્વભાવ તે આસ્તિક્યભાવ છે. જીવાદિ પદાર્થોનું સ્વરૂપ સર્વજ્ઞના આગમથી જાણી તેનામાં એવી બુદ્ધિ થાય કે—જેવું સર્વજ્ઞે કહ્યું છે તેવું જ આ છે—અન્યથા નથી. તે આસ્તિક્યભાવ છે. આ પ્રકારે આ સમ્યક્ત્વના બાહ્ય ચિહ્નો છે.

સમ્યક્ત્વના આઠ ગુણ છે :—સંવેગ, નિર્વેદ, નિંદા, ગર્હા, ઉપશમ, ભક્તિ,

વાત્સલ્ય અને અનુકંપા. આ સર્વે પ્રશમ આદિ ચારમાં જ આવી જાય છે, સંવેગમાં નિર્વેદ વાત્સલ્ય અને ભક્તિ—તે આવી ગયા. તથા પ્રશમમાં નિંદા અને ગર્હા આવી ગઈ.

સમ્યગ્દર્શનના આઠ અંગ કહેવામાં આવ્યા છે તેમને લક્ષણ પણ કહે છે અને ગુણ પણ. તેમના નામ આ મુજબ છે—નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના.

ત્યાં શંકાનું નામ સંશયનું પણ છે અને ભયનું પણ છે. ત્યાં ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાલાણુદ્રવ્ય, પરમાણુ વગેરે તો સૂક્ષ્મ વસ્તુઓ છે. તથા દ્વીપ, સમુદ્ર, મેરુ પર્વત વગેરે દૂરવર્તી પદાર્થો છે. તથા તીર્થંકર, ચક્રવર્તી વગેરે અંતરિત પદાર્થો છે. તે સર્વજ્ઞના આગમમાં જેવા કહ્યા છે તેવા છે કે નહીં? અથવા સર્વજ્ઞદેવે વસ્તુનું સ્વરૂપ અનેકાંતાત્મક કહ્યું છે તે સત્ય છે કે અસત્ય? આવા સંદેહને શંકા કહે છે. જેને આવો સંદેહ ન હોય તેને નિઃશંકિત અંગ કહે છે. તથા આવી શંકા થાય છે તે મિથ્યાત્વકર્મના ઉદયથી (ઉદયમાં જોડાવાથી) થાય છે. પરમાં આત્મબુદ્ધિ થવી તે તેનું કાર્ય છે. જે પરમાં આત્મબુદ્ધિ છે તે પર્યાયબુદ્ધિ છે, પર્યાયબુદ્ધિ ભય પણ ઉત્પન્ન કરે છે. શંકા ભયને પણ કહેવામાં આવે છે. તેના સાત ભેદ છે :—આલોકનો ભય, પરલોકનો ભય, મૃત્યુનો ભય, અરક્ષાનો ભય, અગુપ્તિનો ભય, વેદનાનો ભય અને અકસ્માતનો ભય. જેને આ પ્રકારના ભય હોય તેને મિથ્યાત્વકર્મનો ઉદય સમજવો જોઈએ. સમ્યગ્દર્શન થતાં આ ભય હોતા નથી.

પ્રશ્ન :—ભય પ્રકૃતિનો ઉદય તો આઠમા ગુણસ્થાન સુધી છે તેના નિમિત્તે સમ્યગ્દષ્ટિને ભય હોય જ છે, તો પછી ભયનો અભાવ કેવો? સમાધાન : જો કે સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહના ભેદરૂપ ભય પ્રકૃતિના ઉદયથી ભય હોય છે તોપણ તેને નિર્ભય જ કહેવાય છે. કારણ કે તેને કર્મના ઉદયનું સ્વામિત્વ નથી. તે પરદ્રવ્યના કારણે પોતાના દ્રવ્યસ્વભાવનો નાશ માનતો નથી. પર્યાયનો સ્વભાવ વિનાશિક માને છે. તેથી ભય હોવા છતાં પણ તેને નિર્ભય જ કહેવાય છે. ભય થતાં તેનો ઉપચાર ભાગી જવું ઈત્યાદિ કરે છે; ત્યાં વર્તમાનની પીડા સહન ન થઈ શકતી હોવાથી તે ઈલાજ (ઉપચાર) કરે છે, તે નબળાઈનો દોષ છે. આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ સંદેહ તથા ભયરહિત હોવાથી તેને **નિઃશંકિત અંગ** હોય છે. ૧.

કાંક્ષા એટલે કે ભોગોની ઈચ્છા—અભિલાષા. ત્યાં પૂર્વકાળમાં કરેલા ભોગોની વાંછા તથા તે ભોગોની મુખ્ય ક્રિયામાં વાંછા તથા કર્મ અને કર્મના ફળની વાંછા તથા મિથ્યાદષ્ટિઓને ભોગોની પ્રાપ્તિ જોઈને એમને પોતાના મનમાં ભલા જાણવા અથવા જે

ઈન્દ્રિયોને ન રુચે એવા વિષયોમાં ઉદ્વેગ થવો—આ ભોગાભિલાષાના ચિહ્ન છે. આ ભોગાભિલાષા મિથ્યાત્વકર્મના ઉદયથી થાય છે, અને જેને આ અભિલાષા ન હોય તે નિઃકાંક્ષિત અંગયુક્ત સમ્યગ્દષ્ટિ હોય છે. તે સમ્યગ્દષ્ટિ જો કે શુભક્રિયા—વ્રતાદિક આચરણ કરે છે અને તેનું ફળ શુભકર્મબંધ છે, પરંતુ તેની તે વાંછા કરતા નથી. વ્રતાદિકોને સ્વરૂપના સાધક જાણી તેનું આચરણ કરે છે. કર્મના ફળની વાંછા કરતા નથી, એવું **નિઃકાંક્ષિત અંગ** છે. ૨.

પોતાનામાં પોતાના ગુણની મહત્તાની બુદ્ધિથી પોતાને શ્રેષ્ઠ માની પરમાં લઘુતાની બુદ્ધિ થાય તેને વિચિકિત્સા કહે છે. તે જેને ન હોય તે નિર્વિચિકિત્સા અંગ યુક્ત સમ્યગ્દષ્ટિ હોય છે. તેના ચિહ્ન આ પ્રમાણે છે—જો કોઈ પુરુષ પાપના ઉદયથી દુઃખી હોય, અસાતાના ઉદયથી ગ્લાનિયુક્ત શરીર હોય પણ તેમાં ગ્લાનિબુદ્ધિ કરતો નથી. એવી બુદ્ધિ કરતો નથી કે—હું સંપદાવાન છું, સુંદર શરીરવાળો છું, આ દીન, રંક, મારી બરાબરી કરી શકે નહીં. ઊલટો એમ વિચાર કરે છે કે પ્રાણીઓને કર્મોદયથી અનેક વિચિત્ર અવસ્થાઓ થાય છે જ્યારે મારે આવા કર્મોનો ઉદય આવે તો હું પણ એવો જ થઈ જાઉં—આવા વિચારોથી નિર્વિચિકિત્સા અંગ હોય છે. ૩.

અતત્ત્વમાં તત્ત્વપણાનું શ્રદ્ધાન તે મૂઢદષ્ટિ છે. આવી મૂઢદષ્ટિ જેને ન હોય તે અમૂઢદષ્ટિ છે. મિથ્યાદષ્ટિઓ દ્વારા મિથ્યા હેતુ અને મિથ્યા દષ્ટાંતથી સાધિત પદાર્થ છે તે સમ્યગ્દષ્ટિને પ્રીતિ ઉત્પન્ન કરાવતા નથી તથા લૌકિક રૂઢિઓ અનેક પ્રકારની છે તે નિઃસાર છે, નિઃસાર પુરુષો દ્વારા જ તેનું આચરણ થાય છે. જે અનિષ્ટફળ આપવાવાળી છે તથા જે નિષ્ફળ છે, જેનું ફળ બુરું છે તથા તેનો કોઈ હેતુ નથી, કંઈ અર્થ નથી, જે કાંઈ લોકરુઢિ ચાલી પડે છે તેને લોકો અપનાવી લે છે અને પછી તેને છોડવું મુશ્કેલ થઈ જાય છે—ઈત્યાદિ લોકરુઢિ છે.

અદેવમાં દેવબુદ્ધિ, અધર્મમાં ધર્મબુદ્ધિ, અગુરુમાં ગુરુબુદ્ધિ ઈત્યાદિ દેવાદિક મૂઢતા છે તે કલ્યાણકારી નથી. સદોષ દેવને દેવ માનવા તથા તેમના નિમિત્તે હિંસાદિ દ્વારા અધર્મને ધર્મ માનવો તથા મિથ્યા આચારવાન, શલ્યવાન, પરિગ્રહવાન, સમ્યક્ત્વ વ્રત રહિતને ગુરુ માનવા વગેરે મૂઢદષ્ટિના ચિહ્નો છે. હવે દેવ-ગુરુ-ધર્મ કેવા હોય છે તેનું સ્વરૂપ જાણવું જોઈએ તે કહીએ છીએ :—

રાગાદિક દોષ અને જ્ઞાનાવર્ણાદિક કર્મ જ આવરણ છે. આ બંને જેને નથી તે સાચા દેવ છે. તેમને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, અનંત વીર્ય આવા અનંત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ચતુષ્ટય હોય છે. સામાન્યરૂપે તો દેવ એક જ છે. અને વિશેષરૂપે અરિહંત સિદ્ધ એવા બે ભેદ છે; તથા તેમના નામભેદના ભેદથી ભેદ કરવામાં આવે તો હજારો નામ છે. તથા ગુણ-ભેદ કરવામાં આવે તો અનંતગુણો છે. પરમૌદારિક દેહમાં વિદ્યમાન ઘાતિકર્મ રહિત, અનંત ચતુષ્ટય સહિત ધર્મનો ઉપદેશ કરવાવાળા એવા તો અરિહંત છે તથા પુદ્‌ગલમય દેહથી રહિત, લોકના શિખર ઉપર બિરાજમાન સમ્યક્ત્વાદિ અષ્ટગુણમંડિત અને અષ્ટકર્મ રહિત એવા સિદ્ધ દેવ છે તેમના અનેક નામ છે :—અરિહંત, જિન, સિદ્ધ, પરમાત્મા, મહાદેવ, શંકર, વિષ્ણુ, બ્રહ્મા, હરિ, બુદ્ધ, સર્વજ્ઞ, વીતરાગ પરમાત્મા વગેરે અર્થો સહિત અનેક નામો છે;—એવું દેવનું સ્વરૂપ જાણવું.

ગુરુનો પણ અર્થથી વિચાર કરીએ તો અરિહંતદેવ જ છે. કારણ કે મોક્ષમાર્ગનો ઉપદેશ કરવાવાળા અરિહંત જ છે, તેઓ સાક્ષાત્ મોક્ષમાર્ગનું પ્રવર્તન કરાવે છે તથા અરિહંત પછી છદ્મસ્થજ્ઞાનના ધારક તેમના જેવું જ નિર્ગ્રંથ રૂપ ધારણ કરવાવાળા મુનિ છે તે ગુરુ છે. કારણ કે અરિહંતની જેમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકદેશ શુદ્ધતા તેમને હોય છે. અને તેઓ જ સંવર-નિર્જરા-મોક્ષનું કારણ છે તેથી અરિહંતની જેમ એકદેશરૂપથી નિર્દોષ એવા મુનિ પણ ગુરુ છે, મોક્ષમાર્ગનો ઉપદેશ કરવાવાળા છે.

આવું મુનિપણું સમાન્યતયા એક પ્રકારનું છે અને વિશેષરૂપે તે જ ત્રણ પ્રકારનું છે—આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આ પ્રમાણે આ પદવીની વિશેષતા હોવા છતાં પણ તેમને મુનિપણાની ક્રિયા સમાન જ છે; બાહ્યલિંગ પણ સમાન છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ—એમ તેર પ્રકારનું ચારિત્ર્ય પણ સમાન જ છે. તપ પણ શક્તિ અનુસાર જ સમાન છે. સામ્યભાવ પણ સમાન છે. મૂળગુણ, ઉત્તરગુણ પણ સમાન છે. પરિષહ, ઉપસર્ગોનું સહવું પણ સમાન છે. આહારાદિની વિધિ પણ સમાન છે. ચર્યા, સ્થાન, આસન વગેરે પણ સમાન છે. મોક્ષમાર્ગની સાધના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ સમાન છે. ધ્યાતા-ધ્યાન અને ધ્યેયપણું પણ સમાન છે. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયપણું પણ સમાન છે. ચાર આરાધનાની આરાધના, ક્રોધાદિ કષાયોનું જીતવું વગેરે મુનિઓની પ્રવૃત્તિ તે બધી સમાન છે.

વિશેષ એ છે કે—જે આચાર્ય છે તેઓ સ્વયં પંચાચાર પાળે છે. અન્યને ગ્રહણ કરાવે છે તથા અન્યને દોષ લાગે તો તેને પ્રાયશ્ચિતની વિધિ બતાવે છે. ધર્મોપદેશ, દીક્ષા, શિક્ષા આપે છે;—આવા આચાર્યગુરુ વંદન કરવા યોગ્ય છે.

જેઓ ઉપાધ્યાય છે તેઓ વાદિત્વ, વાગ્મિત્વ, કવિત્વ, ગમકત્વ—આ ચાર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિદ્યાઓમાં પ્રવીણ હોય છે. તેમાં શાસ્ત્રનો અભ્યાસ મુખ્ય કારણ છે. જેઓ સ્વયં શાસ્ત્રો વાંચે છે અને બીજાને ભણાવે છે તેવા ઉપાધ્યાયગુરુ વંદન કરવાયોગ્ય છે. તેમને અન્ય મુનિવ્રત, મૂળગુણ, ઉત્તરગુણની ક્રિયાઓ આચાર્ય સમાન જ હોય છે.

તથા સાધુ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગની સાધના કરે છે તે સાધુ છે. તેમને દીક્ષા, શિક્ષા, ઉપદેશ આદિ દેવાની પ્રધાનતા નથી. તેઓ તો પોતાના સ્વરૂપની સાધનામાં જ તત્પર હોય છે. જિનાગમમાં જેવી નિર્ગ્રંથ દિગંબર મુનિની પ્રવૃત્તિ કહેવામાં આવે છે તેવી બધી પ્રવૃત્તિ તેમને હોય છે. આવા સાધુ વંદનાને યોગ્ય છે, અન્ય લિંગી વેષધારી—વ્રતાદિથી રહિત પરિગ્રહવાન, વિષયોમાં આસક્ત ગુરુ નામ ધારણ કરે છે તેઓ વંદનયોગ્ય નથી.

આ પંચમકાળમાં જિનમતમાં પણ વેષધારી થયા છે, તેઓ શ્વેતામ્બર, યાપનીયસંઘ, ગોપુચ્છપિચ્છસંઘ, નિઃપિચ્છસંઘ, દ્રાવિડ સંઘ વગેરે અનેક પ્રકારના વેષધારી થયા છે, તે સર્વે વંદનયોગ્ય નથી. મૂળ સંઘ નગ્ન દિગંબર ૨૮ મૂળગુણના ધારક દયા તેમજ શૌચના ઉપકરણો, મયુરપિચ્છ કમંડળને ધારણ કરવાવાળા યથોક્તવિધિથી આહાર કરવાવાળા ગુરુ વંદનયોગ્ય છે. કારણ કે જ્યારે તીર્થંકરદેવ દીક્ષા લે છે ત્યારે આવું જ સ્વરૂપ ધારણ કરે છે, અન્ય વેષ ધારણ કરતા નથી. તેને જ જિનદર્શન કહે છે.

ધર્મ તેને કહે છે જે જીવને સંસારના દુઃખરૂપ નીચપદથી મોક્ષના સુખરૂપ ઉચ્ચપદમાં ધારણ કરે;—એવો ધર્મ મુનિ-શ્રાવકના ભેદથી, દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક એકદેશ સર્વદેશરૂપ નિશ્ચય-વ્યવહાર દ્વારા બે પ્રકારનો કહ્યો છે. તેનું મૂળ સમ્યગ્દર્શન છે. તેના વિના ધર્મની ઉત્પત્તિ થતી નથી. આ પ્રમાણે દેવ-ગુરુ-ધર્મ તથા લોકમાં યથાર્થદૃષ્ટિ હોય અને મૂઢતા ન હોય તે **અમૂઢદૃષ્ટિ અંગ** છે. ૪.

પોતાના આત્માની શક્તિને વધારવી તે **ઉપબૃંહણ અંગ** છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાના પુરુષાર્થ દ્વારા વધારવા તે ઉપબૃંહણ છે તેને ઉપગૂહન પણ કહેવાય છે. તેનો અર્થ એમ જાણવો જોઈએ કે—જિનમાર્ગ સ્વયંસિદ્ધ છે તેમાં બાળકના તથા અસમર્થજનના આશ્રયે જે ન્યૂનતા હોય તેને પોતાની બુદ્ધિથી ગુપ્ત રાખી દૂર જ કરે તે **ઉપગૂહન અંગ** છે. ૫.

જે ધર્મથી ચ્યુત થાય તેને દઢ કરવા તે સ્થિતિકરણ અંગ છે. સ્વયં કર્મઉદયને વશ

થઈને કદાચિત શ્રદ્ધાનથી તથા ક્રિયા—આચારથી ચ્યુત થતો હોય તો પોતાને પુરુષાર્થપૂર્વક પુનઃ શ્રદ્ધાનમાં દ્રઢ કરે, તે જ રીતે અન્ય કોઈ ધર્માત્મા ધર્મથી ચ્યુત થતા હોય તો તેને ઉપદેશ દ્વારા ધર્મમાં સ્થાપિત કરે તે **સ્થિતિકરણ અંગ** છે. ૬.

અરિહંત, સિદ્ધ, તેમની પ્રતિમા, ચૈત્યાલય, ચતુર્વિધ સંઘ અને શાસ્ત્રમાં દાસત્વ હોય—જેમ સ્વામીનો ચાકર દાસ હોય છે તેમ દાસત્વપણું તે **વાત્સલ્ય અંગ** છે. ધર્મના સ્થાનકો ઉપર ઉપસર્ગ વગેરે આવે તેમને પોતાની શક્તિ અનુસાર દૂર કરે. પોતાની શક્તિને ન છુપાવે;—આ સર્વ ધર્મમાં અતિ પ્રીતિ હોય ત્યારે બને છે. ૭.

ધર્મનો ઉદ્યોત કરવો તે પ્રભાવના અંગ છે. રત્નત્રય દ્વારા પોતાના આત્માનો ઉદ્યોત કરવો તથા દાન, તપ, પૂજા-વિધાન દ્વારા તેમજ વિદ્યા, અતિશય-ચમત્કારાદિ દ્વારા જૈનધર્મનો ઉદ્યોત કરવો તે **પ્રભાવના અંગ** છે. ૮.

—આ પ્રમાણે, આ સમ્યક્ત્વના આઠ અંગ છે. જેને એ પ્રગટ હોય તેને સમ્યક્ત્વ છે તેમ જાણવું જોઈએ. પ્રશ્ન :—જો આ સમ્યક્ત્વના ચિહ્ન મિથ્યાદ્રષ્ટિમાં પણ જોવામાં આવે તો સમ્યક્-મિથ્યાનો વિભાગ કઈ રીતે થશે? સમાધાન :—આ અંગો જેવા સમ્યક્ત્વીને હોય છે તેવા મિથ્યાત્વીને તો કદાપિ હોતા નથી. તથાપિ અપરીક્ષિકને સમાન લાગે તો પરીક્ષા કરી ભેદ જાણી શકાય છે. પરીક્ષામાં પોતાનો અનુભવ પ્રધાન છે. સર્વજ્ઞના આગમમાં જેવો આત્માનો અનુભવ હોવાનું કહ્યું છે તેવો સ્વયંને હોય તો તેના હોવાથી પોતાની વચનકાયની પ્રવૃત્તિ તદ્અનુસાર થાય છે. તે પ્રવૃત્તિ અનુસાર અન્યની વચન-કાયની પ્રવૃત્તિ ઓળખી શકાય છે.—આ પ્રમાણે પરીક્ષા કરવાથી વિભાગ થઈ શકે છે. તથા આ વ્યવહારમાર્ગ છે તેથી વ્યવહારી છદ્મસ્થ જીવોને પોતાના જ્ઞાન અનુસાર પ્રવૃત્તિ છે. યથાર્થ સર્વજ્ઞદેવ જાણે છે. વ્યવહારીને સર્વજ્ઞદેવે વ્યવહારનો આશ્રય કહ્યો છે.[૧] આ અંતરંગ સમ્યક્ત્વભાવરૂપ સમ્યક્ત્વ છે તે સમ્યગ્દર્શન છે. બાહ્યદર્શન, વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ ચારિત્ર અને તપ સહિત ૨૮ મૂળગુણ સહિત નગ્ન દિગંબર મુદ્રા તેની મૂર્તિ છે તેને જિનદર્શન કહે છે. આ પ્રમાણે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન જાણી જે સમ્યગ્દર્શન રહિત છે તેમના વંદન-પૂજનનો નિષેધ કર્યો છે—આવો ઉપદેશ ભવ્યજીવોએ અંગીકાર કરવા જેવો છે. ૨.

---

૧. સ્વાત્માનુભૂતિ જ્ઞાનગુણની પર્યાય છે. જ્ઞાન દ્વારા સમ્યક્ત્વનો નિર્ણય કરવો તેનું નામ વ્યવહારનો આશ્રય સમજવો, પરંતુ ભેદરૂપ વ્યવહારના આશ્રયથી વીતરાગ અંશરૂપ ધર્મ થશે તેવો અર્થ ક્યાંય પણ ન સમજવો.

હવે કહેવામાં આવે છે કે અંતરંગ સમ્યગ્દર્શન વિના બાહ્ય ચારિત્રથી નિર્વાણ હોતો નથી :—

दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं।
सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति।।३।।

दर्शनभ्रष्टाः भ्रष्टाः दर्शनभ्रष्टस्य नास्ति निर्वाणम्।
सिध्यन्ति चारित्रभ्रष्टाः दर्शनभ्रष्टाः न सिध्यन्ति।।३।।

દગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે. ૩.

**અર્થ** :—જે પુરુષ દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે; જે દર્શનથી ભ્રષ્ટ છે તેનો નિર્વાણ નથી હોતો. કારણ કે એમ પ્રસિદ્ધ છે કે જે ચારિત્રથી ભ્રષ્ટ હોય તે તો સિદ્ધિને પામે છે, પરંતુ જે દર્શનથી ભ્રષ્ટ હોય તે સિદ્ધિને પ્રાપ્ત થતા નથી.

**ભાવાર્થ** :—જેઓ જિનમતની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે તેમને ભ્રષ્ટ કહેવાય છે અને જે શ્રદ્ધાથી ભ્રષ્ટ નથી પરંતુ કદાચિત્ કર્મના ઉદયથી ચારિત્ર ભ્રષ્ટ થયા છે તેમને ભ્રષ્ટ કહેતા નથી, કારણ કે જેઓ દર્શનથી ભ્રષ્ટ છે તેમને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી; જેઓ ચારિત્રથી ભ્રષ્ટ થાય છે અને જેમનું શ્રદ્ધાન દઢ રહે છે તેમને તો તુરત જ પુનઃ ચારિત્ર અંગીકાર થાય છે અને મોક્ષ થાય છે તથા દર્શન-શ્રદ્ધાથી ભ્રષ્ટ હોય તેમને ફરીથી ચારિત્ર અંગીકાર કરવું મુશ્કેલ હોય છે, તેથી તેમને નિર્વાણની પ્રાપ્તિ દુર્લભ હોય છે જેમ—વૃક્ષની શાખા વગેરે કપાઈ જાય અને મૂળ ટકી રહે તો શાખા વગેરે તુરત જ ફરીથી ઉગી જશે અને ફળ લાગશે. પરંતુ મૂળ ઉખડી જવાથી શાખા વગેરે કેવી રીતે થશે? એ જ પ્રમાણે ધર્મનું મૂળ દર્શન જાણવું. ૩.

હવે જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે અને શાસ્ત્રોને અનેક પ્રકારે જાણે છે તોપણ સંસારમાં ભટકે છે;—એ રીતે જ્ઞાન કરતા પણ દર્શનને અધિક કહે છે :—

सम्मत्तरयणभट्ठा जाणंता बहुविहाइं सत्थाइं।
आराहणाविरहिया भमंति तत्थेव तत्थेव।।४।।

सम्यक्त्वरत्नभ्रष्टाः जानंतो बहुविधानि शास्त्राणि।
आराधना विरहिताः भ्रमंति तत्रैव तत्रैव।।४।।

સમ્યક્ત્વરત્નવિહીન જાણે શાસ્ત્ર બહુવિધને ભલે,
પણ શૂન્ય છે આરાધનાથી તેથી ત્યાં ને ત્યાં ભમે. ૪.

**અર્થ** :—જે પુરુષ સમ્યક્ત્વરૂપરત્નથી ભ્રષ્ટ છે અને અનેક પ્રકારના શાસ્ત્રોને જાણે છે તોપણ તે આરાધનાથી રહિત હોતો થકો સંસારમાં જ ભ્રમણ કરે છે. બે વાર કહીને ઘણું પરિભ્રમણ બતાવ્યું છે.

**ભાવાર્થ** :—જેઓ જિનમતની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે અને શબ્દ, ન્યાય, છંદ, અલંકાર વગેરે અનેક પ્રકારના શાસ્ત્રોને જાણે છે તોપણ તેમને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપરૂપ આરાધના હોતી નથી. તેથી કુમરણ દ્વારા ચતુર્ગતિરૂપ સંસારમાં જ ભ્રમણ કરે છે—મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી; તેથી સમ્યક્ત્વ રહિત જ્ઞાનને આરાધનાનું નામ આપવામાં આવતું નથી. ૪.

હવે કહે છે કે જેઓ તપ પણ કરે છે પરંતુ સમ્યક્ત્વ રહિત હોય છે તેમને સ્વરૂપનો લાભ થતો નથી :—

सम्मत्तविरहिया णं सुट्ठु वि उग्गं तवं चरंता णं।
ण लहंति बोहिलाहं अवि वाससहस्सकोडीहिं।।५।।

सम्यक्त्वविरहिता णं सुष्ठु अपि उग्रं तपः चरंतो णं।
न लभन्ते बोधिलाभं अपि वर्षसहस्रकोटिभिः।।५।।

સમ્યક્ત્વ વિણ જીવો ભલે તપ ઉગ્ર સુષ્ઠુ આચરે,
પણ લક્ષ કોટિ વર્ષમાંયે બોધિલાભ નહીં લહે. ૫.

**અર્થ** :—જે પુરુષ સમ્યક્ત્વથી રહિત છે તે 'સુષ્ઠુ' એટલે સારી રીતે ઉગ્ર તપનું આચરણ કરે છે તો પણ 'બોધિ' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જે પોતાનું સ્વરૂપ છે તેનો લાભ પ્રાપ્ત કરતા નથી. જો હજાર કરોડ વર્ષ સુધી તપ કરતા રહે તો પણ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. અહીં ગાથામાં બે સ્થાને 'णं' શબ્દ છે તે પ્રાકૃતમાં અવ્યય છે, તેનો અર્થ વાક્યનો અલંકાર છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વ વિના હજાર-કરોડ વર્ષ તપ કરવા છતાં પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી હોતી. અહીં હજાર કરોડ કહેવાનું તાત્પર્ય તેટલા જ વર્ષ ન સમજવા, પરંતુ કાળનું લાંબાપણું બતાવ્યું છે. તપ મનુષ્ય પર્યાયમાં જ થાય છે, તથા મનુષ્યકાળ પણ થોડો છે, તેથી તપના તાત્પર્યરૂપે આટલાં વર્ષ પણ ઘણા કહ્યા છે. ૫.

—આ પ્રમાણે પૂર્વોક્ત રીતે સમ્યક્ત્વ વગર ચારિત્ર અને તપને નિષ્ફળ કહ્યું છે, હવે સમ્યક્ત્વ સહિત બધી પ્રવૃત્તિ સફળ છે—એવું કહે છે :—

सम्मत्तणाणदंसणबलवीरियवड्ढमाण जे सव्वे।
कलिकलुसपावरहिया वरणाणी होंति अइरेण ।।६।।

सम्यक्त्वज्ञानदर्शनबलवीर्यवर्द्धमानाः ये सर्वे।
कलिकलुषपापरहिताः वरज्ञानिनः भवन्ति अचिरेण ।।६।।

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-બળ-વીર્યે અહો! વધતા રહે
કલિમલરહિત જે જીવ, તે વરજ્ઞાનને અચિરે લહે. ૬.

**અર્થ :—**જે પુરુષ સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, બળ અને વીર્યથી વધતો રહે છે, તથા કલિકલુષપાપ એટલે કે આ પંચમકાળના મલિન પાપથી રહિત છે, તે અલ્પકાળમાં વરજ્ઞાની અર્થાત્ કેવળજ્ઞાની થાય છે.

**ભાવાર્થ :—**આ પંચમકાળમાં જડ-વક્ર જીવોના નિમિત્તે સાચો માર્ગ અપભ્રંશ થયો છે. તેની વાસનાથી જે જીવો રહિત થયા અને યથાર્થ જિનમાર્ગના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ સહિત જ્ઞાન-દર્શનને પોતાના પરાક્રમ—બળને ન છુપાવીને તથા પોતાના વીર્ય અર્થાત્ શક્તિથી વૃદ્ધિંગત થઈને પ્રવર્તે છે, તેઓ અલ્પકાળમાં જ કેવળજ્ઞાની થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે. ૬.

હવે કહે છે કે સમ્યક્ત્વરૂપી જળનો પ્રવાહ આત્માને કર્મરજ લાગવા દેતો નથી :—

सम्मत्तसलिलपवहो णिच्चं हियए पवट्टए जस्स।
कम्मं वालुयवरणं बन्धुच्चिय णासए तस्स ।।७।।

सम्यक्त्वसलिलप्रवाहः नित्यं हृदये प्रवर्त्तते यस्य।
कर्म वालुकावरणं बद्धमपि नश्यति तस्य ।।७।।

સમ્યક્ત્વનીરપ્રવાહ જેના હૃદયમાં નિત્યે વહે,
તસ બદ્ધકર્મો વાલુકા-આવરણ સમ ક્ષયને લહે. ૭.

**અર્થ :—**જે પુરુષના હૃદયમાં સમ્યક્ત્વરૂપી જળનો પ્રવાહ નિરંતર પ્રવર્તમાન છે તેને કર્મરૂપી રજ-ધૂળનું આવરણ લાગતું નથી, તથા પૂર્વકાળમાં જે કર્મ બંધાયા છે તે પણ નાશ પામે છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વ સહિત પુરુષને (નિરંતર જ્ઞાન-ચેતનાના સ્વામિત્વરૂપ પરિણમન છે તેથી) કર્મના ઉદયથી (નિમિત્તે) થયેલ રાગાદિક ભાવોનું સ્વામિત્વ હોતું નથી, તેથી કષાયોની તીવ્ર કલુષતાથી રહિત પરિણામ ઉજ્જવળ હોય છે, તેને જળની ઉપમા આપી છે. જેવી રીતે જ્યાં નિરંતર જળનો પ્રવાહ વહે છે ત્યાં બાલુ-રેત-રજ લાગતી નથી તે રીતે સમ્યક્ત્વી જીવ કર્મના ઉદયને ભોગવતો હોવા છતાં પણ કર્મથી લેપાતો નથી. તથા બાહ્ય વ્યવહારની અપેક્ષાએ એવું પણ તાત્પર્ય જાણવું જોઈએ કે—જેના હૃદયમાં નિરંતર સમ્યક્ત્વરૂપી જળનો પ્રવાહ વહે છે તે સમ્યક્ત્વી પુરુષ આ કળીકાળ સંબંધી વાસના અર્થાત્ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને નમસ્કારાદિરૂપ—અતિચારરૂપ રજ પણ લગાડતો નથી, તથા તેને મિથ્યાત્વ સંબંધી પ્રકૃતિઓનો આગામી બંધ પણ થતો નથી. ૭.

હવે કહે છે કે જે દર્શન ભ્રષ્ટ છે તથા જ્ઞાન-ચારિત્રથી ભ્રષ્ટ છે તેઓ સ્વયં તો ભ્રષ્ટ છે જ પરંતુ બીજાઓને પણ ભ્રષ્ટ કરે છે—આ અનર્થ છે :—

जे दंसणेसु भट्ठा णाणे भट्ठा चरित्तभट्ठा य।
एदे भट्ठ वि भट्ठा सेसं पि जणं विणासंति॥८॥

ये दर्शनेषु भ्रष्टाः ज्ञाने भ्रष्टाः चारित्र भ्रष्टाः च।
एते भ्रष्टात् अपि भ्रष्टाः शेषं अपि जनं विनाशयन्ति॥८॥

દગ્ભ્રષ્ટ, જ્ઞાને ભ્રષ્ટ ને ચારિત્રમાં છે ભ્રષ્ટ જે,
તે ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે ને નાશ અન્ય તણો કરે. ૮.

**અર્થ** :—જે પુરુષ દર્શનમાં ભ્રષ્ટ છે તથા જ્ઞાન-ચારિત્રમાં પણ ભ્રષ્ટ છે તે પુરુષ ભ્રષ્ટોમાં પણ વિશેષ ભ્રષ્ટ છે. કેટલાક તો દર્શન સહિત છે પરંતુ તેમને જ્ઞાન-ચારિત્ર નથી તથા કેટલાક અંતરંગ-દર્શનથી ભ્રષ્ટ છે તોપણ જ્ઞાન-ચારિત્રનું ભલા પ્રકારે પાલન કરે છે. અને જેઓ દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેથી ભ્રષ્ટ છે તેઓ તો અત્યંત ભ્રષ્ટ છે. તેઓ સ્વયં તો ભ્રષ્ટ છે જ પરંતુ પોતાના સિવાય અન્યજનોને પણ નષ્ટ કરે છે.

**ભાવાર્થ** :—અહીં સામાન્ય વચન છે તેથી એવો પણ આશય સૂચિત કરે છે કે સત્યાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર તો દૂર જ રહ્યાં પરંતુ જેઓ પોતાના મતની શ્રદ્ધા-જ્ઞાન-આચરણથી ભ્રષ્ટ છે, તેઓ તો નિરર્ગલ સ્વેચ્છાચારી છે. તેઓ સ્વયં ભ્રષ્ટ છે અને તેવી જ રીતે અન્ય જીવોને પણ ઉપદેશ આદિ દ્વારા ભ્રષ્ટ કરતાં હોય છે તથા તેમની પ્રવૃત્તિ જોઈને લોકો સ્વયમેવ ભ્રષ્ટ થાય છે, તેથી આવા તીવ્રકષાયી નિષિદ્ધ છે. તેમની સંગતી કરવી પણ ઉચિત નથી. ૮.

હવે કહે છે કે આવા ભ્રષ્ટ પુરુષો સ્વયં ભ્રષ્ટ છે અને ધર્માત્મા પુરુષોને દોષ લગાવી ભ્રષ્ટ બતાવે છે :–

जो कोवि धम्मसीलो संजमतवणियमजोगगुणधारी।
तस्स य दोस कहंता भग्गा भग्गत्तणं दिंति॥९॥

यः कोऽपि धर्मशीलः संयमतपोनियमयोगगुणधारी।
तस्य च दोषान् कथयन्तः भग्ना भग्नत्वं ददति॥९॥

જે ધર્મશીલ, સંયમ-નિયમ-તપ-યોગ-ગુણ ધરનાર છે,
તેનાય ભાખી દોષ, ભ્રષ્ટ મનુષ્ય દે ભ્રષ્ટત્વને. ૯.

**અર્થ** :—જે પુરુષો ધર્મશીલ અર્થાત્ પોતાના સ્વરૂપરૂપ ધર્મને સાધવાનો જેમનો સ્વભાવ છે, તથા સંયમ એટલે કે ઈન્દ્રિય-**મનનો નિગ્રહ** અને ષટ્કાયના જીવોની રક્ષા, **તપ** એટલે કે બાહ્ય અભ્યંતર ભેદની અપેક્ષાએ બાર પ્રકારના તપ, **નિયમ** અર્થાત્ આવશ્યકાદિ નિત્ય કર્મ, યોગ અર્થાત્ સમાધિ, ધ્યાન તથા વર્ષાકાળ આદિ કાલયોગ, **ગુણ** અર્થાત્ મૂળગુણ, ઉત્તરગુણ તેમને ધારણ કરવાવાળા છે તેમને કોઈ મતભ્રષ્ટ જીવો દોષોનું આરોપણ કરીને કહે છે કે આ ભ્રષ્ટ છે, દોષયુક્ત છે, તે પાપાત્મા જીવ સ્વયં ભ્રષ્ટ છે તેથી પોતાના અભિમાનની પુષ્ટિ માટે અન્ય ધર્માત્મા પુરુષોને ભ્રષ્ટપણું આપે છે.

**ભાવાર્થ** :—પાપીઓનો એવો જ સ્વભાવ હોય છે કે સ્વયં પાપી છે તે જ પ્રમાણે ધર્માત્મામાં દોષ બતાવીને પોતાના જેવા બનાવવા ઈચ્છે છે એવા પાપીઓની સંગતિ ન કરવી જોઈએ. ૯.

હવે કહે છે કે જેઓ દર્શનથી ભ્રષ્ટ છે તેઓ મૂળથી ભ્રષ્ટ છે તેમને ફળની પ્રાપ્તિ થતી નથી :—

जह मूलम्मि विणट्ठे दुमस्स परिवार णत्थि परवड्ढी।
तह जिणदंसणभट्ठा मूलविणट्ठा ण सिज्झंति॥१०॥

यथा मूले विनष्टे द्रुमस्य परिवारस्य नास्ति परिवृद्धिः।
तथा जिनदर्शनभ्रष्टाः मूलविनष्टाः न सिद्ध्यन्ति॥१०॥

જ્યમ મૂળનાશે વૃક્ષના પરિવારની વૃદ્ધિ નહીં,
જિનદર્શનાત્મક મૂળ હોય વિનષ્ટ તો સિદ્ધિ નહીં. ૧૦.

**અર્થ** :—જે રીતે વૃક્ષનું મૂળ નાશ થતા તેનો પરિવાર એટલે કે સ્કંધ (થડ), શાખા, પાંદડા, ફૂલ અને ફળની વૃદ્ધિ હોતી નથી તે જ પ્રમાણે જેઓ જિનદર્શનથી ભ્રષ્ટ છે—બાહ્યમાં તો નગ્ન-દિગંબર યથાજાતરૂપ નિર્ગ્રંથ લિંગ, મૂળગુણનો ધારક, મોરપીછી તથા કમંડલને ધારણ કરવું. યથાવિધિ બધા દોષ ટાળીને ઊભા-ઊભા શુદ્ધ આહાર લેવો ઈત્યાદિ બાહ્ય શુદ્ધવેષ ધારણ કરે છે તથા અંતરંગમાં જીવાદિ છ દ્રવ્ય, નવપદાર્થ, સાત તત્ત્વોનું યથાર્થ (શ્રદ્ધાન) તથા—ભેદવિજ્ઞાનથી આત્મસ્વરૂપનું અનુભવન—આ દર્શન-મતથી રહિત છે તેઓ મૂળ રહિત છે. તેમને સિદ્ધિ થતી નથી. તેઓ મોક્ષફળને પ્રાપ્ત કરતાં નથી. ૧૦.

હવે કહે છે કે જિનદર્શન જ મૂળ મોક્ષમાર્ગ છે :—

जह मूलाओ खंधो साहापरिवार बहुगुणो होइ।
तह जिणदंसण मूलो णिद्दिट्ठो मोक्खमग्गस्स॥११॥

यथा मूलात् स्कंधः शाखापरिवारः बहुगुणः भवति।
तथा जिनदर्शनं मूलं निर्दिष्टं मोक्षमार्गस्य॥११॥

જ્યમ મૂળ દ્વારા સ્કંધ ને શાખાદિ બહુગુણ થાય છે,
ત્યમ મોક્ષપથનું મૂળ જિનદર્શન કહ્યું જિનશાસને. ૧૧.

**અર્થ** :—જે રીતે વૃક્ષને મૂળથી સ્કંધ આદિ હોય છે કેવા સ્કંધાદિ હોય છે, કે જેમને શાખાદિ ગુણ પરિવાર છે. અહીં ગુણ શબ્દ અધિકનું વાચક છે. એ પ્રમાણે ગણધરદેવાદિ જિનદર્શનને મોક્ષમાર્ગનું મૂળ કહ્યું છે.

**ભાવાર્થ** :— અહીં જિનદર્શન અર્થાત્ તીર્થંકર પરમદેવે જે દર્શન ગ્રહણ કર્યું છે તેનો જ ઉપદેશ આપ્યો છે તે મૂળ સંઘ છે. તે ૨૮ મૂળગુણ સહિત કહ્યો છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, છ આવશ્યક, પંચેન્દ્રિય જય, અસ્નાનતા, ભૂમિશયન, વસ્ત્રાદિકનો ત્યાગ એટલે કે દિગંબર મુદ્રા, કેશલોંચ કરવો, એકવાર ભોજન કરવું, ઊભા-ઊભા આહાર લેવો અને અદંતધોવન આ અઠ્યાવીસ મૂળગુણો છે. તથા ૪૬ દોષ ટાળીને આહાર લેવો તે એષણા સમિતિમાં આવી ગયું. ઈર્યાપથ—જોઈને ચાલવું તે ઈર્યા સમિતિમાં આવી ગયું

તથા દયાનું ઉપકરણ મોરપીંછી અને શૌચનું ઉપકરણ કમંડલ ધારણ કરવું આવો બાહ્યવેશ છે. તથા અંતરંગમાં જીવાદિક ષટ્દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થને યથોક્ત જાણી શ્રદ્ધાન કરવું તથા ભેદવિજ્ઞાન દ્વારા પોતાના આત્મસ્વરૂપનું ચિંતવન કરવું, અનુભવ કરવો એવો દર્શન અર્થાત્ મત તે મૂળસંઘનો છે. આવું જિનદર્શન છે તે મોક્ષમાર્ગનું મૂળ છે. આ મૂળથી મોક્ષમાર્ગની સર્વે પ્રવૃત્તિ સફળ હોય છે તથા જેઓ આનાથી ભ્રષ્ટ થયા છે તેઓ આ પંચમકાળના દોષથી જૈનાભાસો થયા છે તેવા શ્વેતામ્બર, દ્રાવિડ, યાપનીય, ગોપુચ્છપિચ્છ, નિપિચ્છ પાંચ સંઘ થયા છે. તેઓએ સૂત્ર સિદ્ધાંતને અપભ્રંશ કર્યા છે. જેમણે બાહ્યવેષને બદલીને આચરણને બગાડ્યું છે તેઓ જિનમતના મૂળસંઘથી ભ્રષ્ટ છે. તેમને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી. મોક્ષમાર્ગની પ્રાપ્તિ મૂળસંઘના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણથી જ છે એવો નિયમ જાણવો. ૧૧.

આગળ કહે છે કે જેઓ યથાર્થ દર્શનથી ભ્રષ્ટ છે અને દર્શનના ધારકો પાસે પોતાનો વિનય કરાવવા ઈચ્છે છે તેઓ દુર્ગતિ પ્રાપ્ત કરે છે :—

जे[1] दंसणेसु भट्ठा पाए पाडंति दंसणधराणं।
ते होंति लल्लमूआ बोही पुण दुल्लहा तेसिं॥१२॥

ये दर्शनेषु भ्रष्टाः पादयोः पातयन्ति दर्शनधरान्।
ते भवन्ति लल्लमूकाः बोधिः पुनः दुर्लभा तेषाम्॥१२॥

દ્રગ્ભ્રષ્ટ જે નિજ પાય પાડે દ્રષ્ટિના ધરનારને,
તે થાય મૂંગા, ખંડભાષી, બોધિ દુર્લભ તેમને. ૧૨.

**અર્થ** :—જે પુરુષ દર્શનથી ભ્રષ્ટ છે તથા અન્ય જે દર્શનના ધારક છે તેમને પોતાના પગે પડાવે છે એટલે કે નમસ્કાર આદિ કરાવે છે, તેઓ પરભવમાં લૂલા અને મૂંગા થાય છે અને તેમને બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર્યની પ્રાપ્તિ દુર્લભ હોય છે.

**ભાવાર્થ** :—જેઓ દર્શન ભ્રષ્ટ છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે અને દર્શનના ધારક છે

૧. મુદ્રિત સંસ્કૃત સટીક પ્રતિમાં આ ગાથાનો પૂર્વાર્ધ આ પ્રમાણે છે કે જેનો અર્થ આ મુજબ છે કે — "જેઓ—દર્શનભ્રષ્ટ પુરુષો દર્શનધારીઓના ચરણે પડતા નથી."

"जे दंसणेषु भट्ठा पाए न पडंति दंसणधराणं" —
ઉત્તરાર્ધ સમાન છે.

તેઓ સમ્યગ્દષ્ટિ છે. જેઓ મિથ્યાદષ્ટિ હોવા છતાં સમ્યગ્દષ્ટિથી નમસ્કાર ઇચ્છે છે તેઓ તીવ્ર મિથ્યાત્વના ઉદય સહિત છે. તેઓ પરભવમાં લૂલા અને મૂંગા થાય છે. એટલે કે એકેન્દ્રિય હોય છે તેમને પગ હોતા નથી. તેઓ પરમાર્થથી લૂલા-મૂંગા છે. આ પ્રમાણે તેઓ એકેન્દ્રિય—સ્થાવર થઈને નિગોદમાં વાસ કરે છે, ત્યાં અનંતકાળ રહે છે. તેમને દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ હોય છે, મિથ્યાત્વનું ફળ નિગોદ જ કહ્યું છે. આ પંચમકાળમાં મિથ્યામતના આચાર્ય બની લોકો પાસે વિનયાદિક (પૂજાદિક) ચાહે છે. તેમના માટે લાગે છે કે ત્રસરાશિનો કાળ પૂરો થયો છે. હવે એકેન્દ્રિય થઈને નિગોદમાં વાસ કરશે એમ જાણવામાં આવે છે. ૧૨.

આગળ કહે છે કે જેઓ દર્શન ભ્રષ્ટ છે તેમને લજ્જાદિકથી પણ પગે લાગે છે તેઓ પણ એમના જેવા જ છે :—

जे वि पडंति य तेसिं जाणंता लज्जगारवभयेण।
तेसिं पि णत्थि बोहि पावं अणुमोयमाणाणं।।१३।।

येऽपि पतन्ति च तेषां जानंतः लज्जागारवभयेन।
तेषामपि नास्ति बोधिः पापं अनुमन्यमानानाम्।।१३।।

વળી જાણીને પણ તેમને ગારવ-શરમ-ભયથી નમે,
તેનેય બોધિ-અભાવ છે પાપાનુમોદન હોઈને. ૧૩.

**અર્થ** :—જે પુરુષ દર્શન સહિત છે તે પણ પરંતુ જે દર્શન ભ્રષ્ટ છે, તેમને મિથ્યાદષ્ટિ જાણીને પણ તેમના પગે પડે છે. તેમનો લજ્જા, ભય અને ગારવથી વિનયાદિ કરે છે, તેમને પણ બોધિ અર્થાત દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થતી નથી કારણ કે તેઓ પણ મિથ્યાત્વ કે જે પાપ છે તેનું અનુમોદન કરે છે. કરવું, કરાવવું અને અનુમોદવું એ સમાન કહેવાય છે. અહીં લજ્જા તો એ રીતે છે કે—અમે કોઈનો વિનય નહીં કરીએ તો લોકો કહેશે આ ઉદ્ધત છે, માની છે તેથી અમારે તો સર્વનું સન્માન કરવું જોઈએ. આ પ્રમાણે લજ્જાથી દર્શનભ્રષ્ટના પણ વિનયાદિ કરે છે. તથા ભય આ પ્રમાણે છે કે —આ રાજ્ય માન્ય છે અને મંત્રવિદ્યાદિના સામર્થ્યથી યુક્ત છે. આનો વિનય નહીં કરીએ તો અમારા ઉપર કંઈક ઉપદ્રવ કરશે. આ પ્રમાણે ભયથી વિનય કરે છે. તથા ગારવ ત્રણ પ્રકારે કહ્યા છે—રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ. ત્યાં રસગારવ તો એમ છે કે મિષ્ટ, ઈષ્ટ, પુષ્ટ ભોજનાદિ મળતાં રહે ત્યારે તેનાથી પ્રમાદી રહે છે. ઋદ્ધિગારવ એવો

છે કે તપના પ્રભાવ વગેરેથી ઋદ્ધિની પ્રાપ્તિ થાય તેનું ગૌરવ આવી જાય છે. તેનાથી ઉદ્ધત પ્રમાદી રહે છે. તથા સાતાગારવ એવો હોય છે કે શરીર નિરોગ રહે, કોઈ ક્લેશનું કારણ ન આવે ત્યારે સુખીપણું આવી જાય છે તેનાથી મગ્ન રહે છે.—વગેરે ગારવભાવની મસ્તીથી ભલા-બુરાનો કાંઈ વિચાર કરતો નથી તથા દર્શનભ્રષ્ટનો પણ વિનય કરવા લાગી જાય છે. વગેરે નિમિત્તોથી દર્શનભ્રષ્ટનો વિનય કરે તો તેમાં મિથ્યાત્વનું અનુમોદન આવે છે તથા તેને ભલો જાણે તો પોતે પણ તેના સમાન થયો ત્યારે તેને બોધિની પ્રાપ્તિ કઈ રીતે કહેવાય? એમ જાણવું. ૧૩.

**दुविहं पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।**
**णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि॥१४॥**

द्विविधः अपि ग्रन्थत्यागः त्रिषु अपि योगेषु संयमः तिष्ठति।
ज्ञाने करणशुद्धे उद्भभोजने दर्शनं भवति॥१४॥

**જ્યાં જ્ઞાન ને સંયમ ત્રિયોગે, ઉભયપરિગ્રહત્યાગ છે,**
**જે શુદ્ધ સ્થિતિભોજન કરે, દર્શન તદાશ્રિત હોય છે. ૧૪.**

**અર્થ** :—જ્યાં બાહ્યાંતર ભેદથી બંને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ હોય અને મન-વચન-કાય એવા ત્રણેય યોગોમાં સંયમ હોય તથા કૃત-કારિત-અનુમોદના એવા ત્રણ કરણ જેમાં શુદ્ધ હોય એવું જ્ઞાન હોય તથા જેમાં નિર્દોષ અર્થાત્ કૃત-કારિત-અનુમોદના પોતાને ન લાગે એવા ઊભા રહીને કરપાત્રમાં આહાર કરે. આ પ્રમાણે મૂર્તિમંત દર્શન હોય છે.

**ભાવાર્થ** :—અહીં દર્શનનો અર્થ મત છે. ત્યાં બાહ્યવેષ, શુદ્ધ દેખાય તે દર્શન. તે (બાહ્યવેષ). તેના અંતરંગભાવને દર્શાવે છે. ત્યાં બાહ્ય પરિગ્રહ એટલે કે ધન-ધાન્યાદિક અને અંતરંગ પરિગ્રહ મિથ્યાત્વ—કષાયાદિક તે જ્યાં નથી, યથાજાત દિગંબર મૂર્તિ હોય તથા ઈન્દ્રિય—મનને વશ કરવા. ત્રસ, સ્થાવર જીવોની દયા કરવી. આવા સંયમનું મન-વચન-કાયા દ્વારા શુદ્ધ પાલન હોય અને જ્ઞાનમાં વિકાર કરવો, કરાવવો, અનુમોદવો—એવા ત્રણ કારણોથી વિકાર ન હોય અને નિર્દોષ કરપાત્રમાં ઊભા રહી આહાર લેવો, આ પ્રમાણે દર્શનની મૂર્તિ છે, તે જિનદેવનો મત છે, તે જ વંદન-પૂજન યોગ્ય છે અન્ય પાખંડી વેશ વંદન-પૂજા યોગ્ય નથી. ૧૪.

આગળ કહે છે કે આવા સમ્યગ્દર્શનથી જ કલ્યાણ-અકલ્યાણનો નિશ્ચય થાય છે :—

सम्मत्तादो णाणं णाणादो सव्वभावउवलद्धी।
उवलद्धपयत्थे पुण सेयासेयं वियाणेदि॥१५॥

सम्यक्त्वात् ज्ञानं ज्ञानात् सर्वभावोपलब्धिः।
उपलब्धपदार्थे पुनः श्रेयोऽश्रेयो विजानाति॥१५॥

સમ્યક્‌ત્વથી સુજ્ઞાન, જેથી સર્વ ભાવ જણાય છે,
ને સૌ પદાર્થો જાણતાં અશ્રેય-શ્રેય જણાય છે. ૧૫.

**અર્થ** :—સમ્યક્‌ત્વથી જ્ઞાન તો સમ્યક્ હોય છે તથા સમ્યગ્જ્ઞાનથી સર્વ પદાર્થોની ઉપલબ્ધિ એટલે કે પ્રાપ્તિ, એટલે કે જ્ઞાન હોય છે. તથા પદાર્થોની ઉપલબ્ધિ હોવાથી શ્રેય અર્થાત્ કલ્યાણ, અશ્રેય અર્થાત્ અકલ્યાણ—એ બંનેને જાણી શકાય છે.

**ભાવાર્થ** :—સમ્યગ્દર્શન વિના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહ્યું છે. તેથી સમ્યગ્દર્શન હોતાં જ સમ્યગ્જ્ઞાન હોય છે અને સમ્યગ્જ્ઞાનથી જીવાદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે તથા જ્યારે પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય ત્યારે સાચો-ખોટો માર્ગ જાણી શકાય છે. આ પ્રમાણે માર્ગને જાણવામાં પણ સમ્યગ્દર્શન જ મુખ્ય છે. ૧૫.

આગળ, કલ્યાણ-અકલ્યાણને જાણવાથી શું થાય છે તે કહે છે :—

सेयासेयविदण्हू उद्धुददुस्सील सीलवंतो वि।
सीलफलेणब्भुदयं तत्तो पुण लहइ णिव्वाणं॥१६॥

श्रेयोऽश्रेयवेत्ता उद्धृतदुःशीलः शीलवानपि।
शीलफलेनाभ्युदयं ततः पुनः लभते निर्वाणम्॥१६॥

અશ્રેય-શ્રેયસુજાણ છોડી કુશીલ ધારે શીલને,
ને શીલફળથી હોય અભ્યુદય, પછી મુક્તિ લહે. ૧૬.

**અર્થ** :—કલ્યાણ અને અકલ્યાણમાર્ગને જાણવાવાળો પુરુષ ‘उद्धृतदुःशीलः’ એટલે કે જેને મિથ્યાત્વસ્વભાવનો નાશ કર્યો છે એવો હોય છે. તથા ‘शीलवानपि’ એટલે કે સમ્યક્‌સ્વભાવયુક્ત પણ હોય છે. તથા તે સમ્યક્‌સ્વભાવના ફળથી અભ્યુદયને પ્રાપ્ત થાય છે. તીર્થંકરાદિ પદ પ્રાપ્ત કરે છે તથા અભ્યુદય થયા પછી નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—સારા-ખોટા માર્ગને જાણે છે, તેથી અનાદિ સંસારથી લઈને જે

મિથ્યાભાવરૂપ પ્રકૃતિ છે તે પલટીને સમ્યક્સ્વભાવભાવસ્વરૂપ પ્રકૃતિ થાય છે, તે પ્રકૃતિથી વિશિષ્ટ પુણ્યબંધ કરે ત્યારે અભ્યુદયરૂપ તીર્થંકરાદિની પદવી પ્રાપ્ત કરીને નિર્વાણને પામે છે. ૧૬.

આગળ કહે છે કે આવું સમ્યક્ત્વ જિનવચનથી પ્રાપ્ત થાય છે તેથી તે જ સર્વ દુઃખોને દૂર કરવાવાળો છે :—

जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं अमिदभूदं।
जरमरणवाहिहरणं खयकरणं सव्वदुक्खाणं।।१७।।

जिनवचनमौषधमिदं विषयसुखविरेचनममृतभूतम्।
जरामरणव्याधिहरणंक्षयकरणं सर्वदुःखानाम् ।।१७।।

જિનવચનરૂપ દવા વિષયસુખરેચિકા, અમૃતમયી,
છે વ્યાધિ-મરણ-જરાદિહરણી, સર્વ દુઃખવિનાશિની. ૧૭.

**અર્થ** :—આ જિનવચન છે તે ઔષધિ છે, કેવી ઔષધિ છે?—કે ઇન્દ્રિય વિષયોમાં જે સુખ માન્યું છે તેનું વિરેચન અર્થાત્ દૂર કરવાવાળી છે. તથા કેવી છે? અમૃતભૂત અર્થાત્ અમૃત સમાન છે, તેથી જરા-મરણરૂપ રોગને હરવાવાળી છે તથા સર્વ દુઃખોનો ક્ષય કરવાવાળી છે.

**ભાવાર્થ** :—આ સંસારમાં પ્રાણી વિષયસુખોનું સેવન કરે છે. જેનાથી કર્મ બંધ છે. અને જેનાથી જન્મ-જરા-મરણરૂપ રોગોથી પીડાય છે. ત્યાં (તેવા જીવોને) જિનવચનરૂપ ઔષધિ એવી છે કે જે વિષયસુખોથી અરુચિ ઉત્પન્ન કરી તેમનું વિરેચન કરે છે. જેમ ગરિષ્ટ આહારથી જ્યારે મળમાં વૃદ્ધિ થાય છે ત્યારે જ્વરાદિ રોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેમના વિરેચન માટે હરડે આદિ ઔષધિ ઉપકારી થાય છે તે રીતે (જિનવચન) ઉપકારી છે. તે વિષયોથી વૈરાગ્ય થતાં કર્મબંધ થતો નથી અને ત્યારે જન્મ-જરા-મરણ રોગ થતા નથી તથા સંસારના દુઃખોનો અભાવ થાય છે. આ પ્રમાણે જિનવચનોને અમૃત સમાન માની અંગીકાર કરવા. ૧૭.

આગળ જિનવચનમાં દર્શનના લિંગ અર્થાત્ વેષ કેટલા પ્રકારના કહ્યા છે તે કહે છે :—

एगं जिणस्स रूवं बिदियं उक्किट्ठसावयाणं तु।
अवरट्ठियाण तइयं चउत्थ पुण लिंगदंसणं णत्थि।।१८।।

एकं जिनस्य रूपं द्वितीयं उत्कृष्ट श्रावकाणां तु।
अवरस्थितानां तृतीयं चतुर्थं पुनः लिंगदर्शनं नास्ति॥१८॥

છે એક જિનનું રૂપ, બીજું શ્રાવકોત્તમ-લિંગ છે,
ત્રીજું કહ્યું આર્યાદિનું, ચોથું ન કોઇ કહેલ છે. ૧૮.

**અર્થ** :—દર્શનમાં (જિનમતમાં) એક તો જિનનું સ્વરૂપ છે ત્યાં જેવું લિંગ (વેષ) જિનદેવે ધારણ કર્યો છે, તે જ લિંગ છે તથા બીજું ઉત્કૃષ્ટ શ્રાવકોનું લિંગ છે અને ત્રીજું 'અવરસ્થિત' એટલે કે જઘન્યપદમાં સ્થિત એવું આર્યિકાઓનું લિંગ છે, તથા ચોથું લિંગ દર્શનમાં નથી.

**ભાવાર્થ** :—જિનમતમાં ત્રણ વેષ અથવા લિંગ કહ્યા છે, પ્રથમ તો તે કે જે યથાજાતરૂપ જિનદેવે ધારણ કર્યું છે. બીજો અગિયારમી પ્રતિમાના ધારક ઉત્કૃષ્ટ શ્રાવકનો છે અને ત્રીજો સ્ત્રી આર્યિકાનો હોય છે. તે સિવાય ચોથો બીજા પ્રકારનો વેષ જિનમતમાં નથી. જેઓ માને છે તે મૂળસંઘથી બહાર છે. ૧૮.

આગળ કહે છે કે આવું બાહ્યલિંગ હોય તેને અંતરંગ શ્રદ્ધાન પણ આવું હોય છે અને તે સમ્યગ્દૃષ્ટિ છે :—

छह दव्व णव पयत्था पंचत्थी सत्त तच्च णिद्दिट्ठा।
सद्दहइ ताण रूवं सो सद्दिट्ठी मुणेयव्वो॥१९॥

षट् द्रव्याणि नव पदार्थाः पंचास्तिकायाः सप्ततत्त्वानि निर्दिष्टानि।
श्रद्दधाति तेषां रूपं सः सदृष्टिः ज्ञातव्यः॥१९॥

પંચાસ્તિકાય, છ દ્રવ્ય ને નવ અર્થ, તત્ત્વો સાત છે,
શ્રદ્ધે સ્વરૂપો તેમનાં, જાણો સુદૃષ્ટિ તેહને. ૧૯.

**અર્થ** :—છ દ્રવ્ય, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ આ જિનવચનમાં કહ્યા છે, તેના સ્વરૂપનું જે શ્રદ્ધાન કરે તેને સમ્યગ્દૃષ્ટિ જાણવો.

**ભાવાર્થ** :—(જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોના નામ) જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આ તો છ દ્રવ્ય છે; તથા જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્ય-પાપ આ નવ તત્ત્વ એટલે કે નવ પદાર્થ છે. કાળ સિવાયના છ દ્રવ્યો પંચાસ્તિકાય છે. પુણ્ય-પાપ સિવાયના નવ પદાર્થ સાત તત્ત્વ છે. તેનું સંક્ષેપમાં સ્વરૂપ આ

પ્રમાણે છે—જીવ તો ચેતનાસ્વરૂપ છે અને ચેતના દર્શન-જ્ઞાનમયી છે. પુદ્‌ગલ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ ગુણ સહિત મૂર્તિક છે, તેના પરમાણુ અને સ્કંધ બે ભેદ છે, સ્કંધના ભેદો શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, આતપ(ગર્મી), ઉદ્યોત (પ્રકાશ) ઈત્યાદિ અનેક પ્રકારે છે. ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય અને આકાશ દ્રવ્ય તે એક-એક છે—અમૂર્તિક છે, નિષ્ક્રિય છે. કાલાણુ અસંખ્યાત દ્રવ્યો છે. કાળ સિવાયના બાકીના પાંચ દ્રવ્યો બહુપ્રદેશી છે તેથી અસ્તિકાય પાંચ છે. કાળ દ્રવ્ય બહુપ્રદેશી નહીં હોવાથી અસ્તિકાય નથી. તેમનું વિશેષ સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રની ટીકાથી જાણવું. જીવ પદાર્થ એક છે અને અજીવ પદાર્થ પાંચ છે. જીવને કર્મબંધ યોગ્ય પુદ્‌ગલોનું આવવું તે આસ્રવ છે. કર્મોનું બંધાવું તે બંધ છે, આસ્રવનું રોકાવું તે સંવર છે, કર્મબંધનું ખરવું તે નિર્જરા છે. સંપૂર્ણ કર્મનો નાશ થવો તે મોક્ષ છે. જીવોને સુખ(લૌકિક)નું નિમિત્ત પુણ્ય છે અને દુઃખનું નિમિત્ત પાપ છે. આવા સાત તત્ત્વો અને નવ પદાર્થ છે તેમનું સ્વરૂપ આગમ અનુસાર જાણીને શ્રદ્ધાન કરવાવાળો સમ્યગ્દ્રષ્ટિ છે. ૧૯.

હવે વ્યવહાર-નિશ્ચયના ભેદથી સમ્યક્ત્વ બે પ્રકારનું કહેવાય છે :—

**जीवादीसद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं।**
**ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं।।२०।।**

जीवादीनां श्रद्धानं सम्यक्त्वं जिनवरैः प्रज्ञप्तम्।
व्यवहारात् निश्चयतः आत्मैव भवति सम्यक्त्वम्।।२०।।

**જીવાદિના શ્રદ્ધાનને સમ્યક્ત્વ ભાખ્યું છે જિને**
**વ્યવહારથી, પણ નિશ્ચયે આત્મા જ નિજ સમ્યક્ત્વ છે. ૨૦.**

**અર્થ** :—જિનેન્દ્ર ભગવાને જીવાદિક પદાર્થોના શ્રદ્ધાનને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે અને પોતાના આત્માના જ શ્રદ્ધાનને નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે.

**ભાવાર્થ** :—તત્ત્વાર્થનું શ્રદ્ધાન વ્યવહારથી સમ્યક્ત્વ[1] છે અને પોતાના આત્મસ્વરૂપના અનુભવ દ્વારા તેની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, આચરણ તે નિશ્ચયથી સમ્યક્ત્વ છે, આ સમ્યક્ત્વ આત્માથી ભિન્ન વસ્તુ નથી. આત્માનું જ પરિણામ છે તેથી આત્મા જ છે. આવું સમ્યક્ત્વ અને આત્મા એક જ વસ્તુ છે, તે નિશ્ચયનો આશય જાણવો. ૨૦.

૧. તત્ત્વાર્થસૂત્રમાં કહેવામાં આવેલું તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે નિશ્ચય સમકિત છે. પરંતુ તેમાં નવતત્ત્વના પર્યાયાર્થિકનયથી ભેદ કર્યા હોવાથી કોઈ-કોઈ જગ્યાએ તેને વ્યવહાર સમકિત પણ કહેવાય છે.

હવે કહે છે કે આ સમ્યગ્દર્શન જ સર્વ ગુણોમાં સાર છે તેથી તેને ધારણ કરો :—

एवं जिणपण्णत्तं दंसणरयणं धरेह भावेण।
सारं गुणरयणत्तय सोवाणं पढमं मोक्खस्स॥२१॥

एवं जिनप्रणीतं दर्शनरत्नं धरत भावेन।
सारं गुणरत्नत्रये सोपानं प्रथमं मोक्षस्य॥२१॥

એ જિનકથિત દર્શનરતનને ભાવથી ધારો તમે,
ગુણરત્નત્રયમાં સાર ને જે પ્રથમ શિવસોપાન છે. ૨૧.

**અર્થ** :—આમ પૂર્વોક્ત પ્રકારે જિનેશ્વર દેવોએ કહેલું દર્શન છે, તે ગુણોમાં અને દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણ રત્નોમાં સાર છે,—ઉત્તમ છે અને મોક્ષમંદિરમાં ચડવા માટે પ્રથમ પગથિયું છે તેથી આચાર્ય કહે છે હે ભવ્ય જીવો ! તમે આને અંતરંગભાવથી ધારણ કરો. માત્ર બાહ્ય ક્રિયાદિકથી ધારણ કરવું તે પરમાર્થ નથી. અંતરંગની રુચિથી ધારણ કરવું તે મોક્ષનું કારણ છે. ૨૧.

હવે કહે છે કે જે શ્રદ્ધાન કરે છે તેને જ સમ્યક્ત્વ હોય છે :—

*जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं।
केवलिजिणेहिं भणियं सद्दहमाणस्स सम्मत्तं॥२२॥

यत् शक्नोति तत् क्रियते यत् च न शक्नुयात् तस्य च श्रद्धानम्।
केवलिजिनैः भणितं श्रद्दधानस्य सम्यक्त्वम्॥२२॥

થઈ જે શકે કરવું અને નવ થઈ શકે તે શ્રદ્ધવું;
સમ્યક્ત્વ શ્રદ્ધાવંતને સર્વજ્ઞ જિનદેવે કહ્યું. ૨૨.

**અર્થ** :—જે કરવાને સમર્થ હોય તે તો કરે અને જે કરવા સમર્થ ન હોય તે શ્રદ્ધાન કરે, કારણ કે કેવળી ભગવાને શ્રદ્ધાન કરવાવાળાને સમ્યક્ત્વ કહ્યું છે.

**ભાવાર્થ** :—અહીં આશય એવો છે કે જો કોઈ કહે કે સમ્યક્ત્વ થયા પછી સર્વ

* नियमसार गाथा० १५४

પરદ્રવ્ય—સંસારને હેય જાણે છે. જેને હેય જાણે તેને છોડી મુનિ બની ચારિત્રનું પાલન કરે ત્યારે જ સમ્યક્ત્વ માનવામાં આવે. તેના સમાધાનરૂપ આ ગાથા છે. જેઓએ સર્વે પરદ્રવ્યોને હેય જાણી નિજ સ્વરૂપને ઉપાદેય જાણ્યું, શ્રદ્ધાન કર્યું ત્યારે મિથ્યાત્વભાવ તો દૂર થયો. પરંતુ જ્યાં સુધી (ચારિત્રમાં પ્રબળ હોય છે ત્યાં સુધી) ચારિત્ર મોહકર્મનો ઉદય પ્રબળ હોય છે (અને) ત્યાં સુધી ચારિત્ર અંગીકાર કરવા માટેનું સામર્થ્ય હોતું નથી. જેટલું સામર્થ્ય છે તેટલું તો કરે અને બાકીનાનું શ્રદ્ધાન કરે. આ પ્રમાણે શ્રદ્ધાન કરવાવાળાને જ ભગવાને સમ્યક્ત્વ કહ્યું છે. ૨૨.

હવે આગળ કહે છે કે જેઓ આવા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તેઓ વંદન કરવાયોગ્ય છે :—

**दंसणणाणचरित्ते तवविणये [1]णिच्चकालसुपसत्था।**
**एदे दु वंदणीया जे गुणवादी गुणधराणं।।२३।।**

दर्शनज्ञानचारित्रे तपोविनये नित्यकालसुप्रस्वस्थाः।
ऐते तु वन्दनीया ये गुणवादिनः गुणधराणाम्।।२३।।

**દૃગ, જ્ઞાન ને ચારિત્ર, તપ, વિનયે સદાય સુનિષ્ઠ જે,**
**તે જીવ વંદનયોગ્ય છે—ગુણધર તણા ગુણવાદી જે. ૨૩.**

**અર્થ :**—જે દર્શન-જ્ઞાન-ચારિત્ર, તપ તથા વિનય તેમાં ભલા પ્રકારે સ્થિત છે તે પ્રશસ્ત છે, પ્રશંસા કરવાયોગ્ય છે અથવા સારી રીતે સ્વસ્થ્ય છે, લીન છે, ગણધર-આચાર્ય પણ તેમના ગુણાનુવાદ કરે છે, તેથી તેઓ વંદનયોગ્ય છે. બીજા જીવો જે દર્શનાદિકથી ભ્રષ્ટ છે અને ગુણવાનો પ્રતિ મત્સર્યભાવ રાખી વિનયરૂપ પ્રવર્તતા નથી તેઓ વંદનયોગ્ય નથી. ૨૩.

હવે કહે છે કે જેઓ યથાજાતરૂપને જોઈને મત્સરભાવથી વંદના કરતાં નથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે :—

**सहजुप्पण्णं रूवं दट्ठुं जो मण्णए ण मच्छरिओ।**
**सो संजमपडिवण्णो मिच्छाइट्ठी हवइ एसो।।२४।।**

१. पाठान्तर – णिच्चकालसुपसत्ता ।

सहजोत्पन्नं रूपं दृष्ट्वा यः मन्यते न मत्सरी।
सः संयमप्रतिपन्नः मिथ्यादृष्टिः भवति एषः॥२४॥

જ્યાં રૂપ દેખી સાહજિક, આદર નહીં મત્સર વડે,
સંયમ તણો ધારક ભલે તે હોય પણ કુદ્રષ્ટિ છે. ૨૪.

**અર્થ** :—જે સહજ ઉત્પન્ન યથાજાતરૂપને જોઈને માનતા નથી તેમનો વિનય, સત્કાર, પ્રીતિ કરતાં નથી અને મત્સરભાવ કરે છે તેઓ સંયમયુક્ત હોય, દીક્ષા ગ્રહણ કરી હોય તોપણ પ્રત્યક્ષ મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થ** :—જે યથાજાતરૂપને જોઈને મત્સરભાવથી તેમનો વિનય કરતા નથી તેથી જણાય છે કે —તેને તે રૂપની શ્રદ્ધા-રુચિ નથી. આવી શ્રદ્ધા-રુચિ વગર મિથ્યાદ્રષ્ટિ જ હોય છે. અહીં આશય એવો છે કે જે શ્વેતામ્બરાદિક થયા છે તે દિગંબરરૂપ પ્રત્યે મત્સરભાવ રાખે છે અને તેમનો વિનય કરતા નથી. તેથી તેમનો નિષેધ છે. ૨૪.

આગળ તે વાતને દ્રઢ કરે છે :—

अमराण वंदियाणं रूवं दट्ठूण सीलसहियाणं।
जे गारवं करंति य सम्मत्तविवज्जिया होंति॥२५॥

अमरैः वंदितानां रूपं दृष्ट्वा शीलसहितानाम्।
ये गौरवं कुर्वन्ति च सम्यक्त्वविवर्जिताः भवन्ति॥२५॥

જે અમરવંદિત શીલયુત મુનિઓ તણું રૂપ જોઈને;
મિથ્યાભિમાન કરે અરે! તે જીવ દ્રષ્ટિવિહીન છે. ૨૫.

**અર્થ** :—દેવોથી વંદવાયોગ્ય, શીલ સહિત, જિનેશ્વરદેવના યથાજાતરૂપને જોઈને જેઓ ગૌરવ કરે છે, વિનયાદિ કરતા નથી તે સમ્યક્ત્વથી રહિત છે.

**ભાવાર્થ** :—જે યથાજાતરૂપને જોઈને અણિમાદિક ઋદ્ધિના ધારક દેવો પણ ચરણોમાં નમે છે તેમને જોઈને મત્સરભાવથી નમસ્કાર કરતા નથી તેમને સમ્યક્ત્વ કેવું? તેઓ સમ્યક્ત્વથી રહિત જ છે. ૨૫.

હવે આગળ કહે છે કે અસંયમી વંદનયોગ્ય નથી :—

अस्संजदं ण वन्दे वत्थविहीणोवि तो ण वंदिज्ज।
दोण्णि वि होंति समाणा एगो वि ण संजदो होदि॥२६॥

असंयतं न वन्देत वस्त्रविहीनोऽपि स न वन्द्यते।
द्वौ अपि भवतः समानौ एकः अपि न संयतः भवति॥२६॥

વંદો ન અણસંયત, ભલે હો નગ્ન પણ નહિ વંદ્ય તે;
બંને સમાનપણું ધરે, એક્કે ન સંયમવંત છે. ૨૬.

**અર્થ** :—અસંયમીને નમસ્કાર ન કરવા જોઈએ. ભાવસંયમ ન હોય અને બાહ્યમાં વસ્ત્ર રહિત હોય તે પણ વંદનયોગ્ય નથી કારણ કે તે બંને સમાનપણે સંયમરહિત છે. તેમનામાં એકપણ સંયમી નથી.

**ભાવાર્થ** :—જેણે ગૃહસ્થનો વેષ ધારણ કર્યો છે તે તો અસંયમી છે જ. પરંતુ જેણે બાહ્યમાં નગ્નરૂપ ધારણ કર્યું છે અને અંતરંગમાં ભાવસંયમ નથી તે પણ અસંયમી જ છે, તેથી આ બંને જ અસંયમી છે. તેથી બંનેય વંદનયોગ્ય નથી. અહીં આશય એવો છે કે એવું ન જાણવું જોઈએ કે—જે આચાર્ય યથાજાતરૂપને દર્શન કહેતા આવ્યા છે તે કેવળ નગ્નરૂપ—યથાજાતરૂપ હશે. કારણ કે આચાર્ય તો બાહ્ય અભ્યંતર સર્વ પરિગ્રહથી રહિત હોય તેને યથાજાતરૂપ કહે છે. અભ્યંતર ભાવસંયમના બાહ્ય નગ્ન હોવાથી તો કંઈ સંયમ હોતું નથી એમ જાણવું. અહીં કોઈ પૂછે કે—બાહ્યવેષ શુદ્ધ હોય, નિર્દોષ આચાર પાલન કરવાવાળાને અભ્યંતરભાવમાં કપટ હોય તેનો નિશ્ચય કઈ રીતે થાય? તથા સૂક્ષ્મભાવ કેવલીગમ્ય છે, મિથ્યાત્વ હોય તેનો નિશ્ચય (નિર્ણય) કઈ રીતે થાય? નિશ્ચય(નિર્ણય) વગર વંદન કરવાની શું રીત ? તેનું સમાધાન—આવા કપટનો જ્યાં સુધી નિશ્ચય ન થાય ત્યાં સુધી આચાર શુદ્ધ જોઈને વંદના કરે તો તેમાં દોષ નથી, અને કપટનો કોઈ કારણથી નિશ્ચય થઈ જાય તો ત્યારે વંદના ન કરે, કેવળીગમ્ય મિથ્યાત્વની વ્યવહારમાં ચર્ચા નથી, છદ્મસ્થના જ્ઞાનગમ્યની ચર્ચા છે. જે પોતાના જ્ઞાનનો વિષય જ નથી તેને બાધ—નિર્બાધ કરવાનો વ્યવહાર નથી. સર્વજ્ઞ ભગવાનની પણ આ જ આજ્ઞા છે. વ્યવહારી જીવને વ્યવહારનું જ શરણ છે. ૨૬.

નોંધ :—એક ગુણનો બીજા આનુષંગિક ગુણ દ્વારા નિશ્ચય કરવો વ્યવહાર છે તેનું જ નામ વ્યવહારી જીવને વ્યવહારનું શરણ છે.

આગળ તે જ અર્થને દૃઢ કરતાં કહે છે :—

ण वि देहो वंदिज्जइ ण वि य कुलो ण वि य जाइसंजुत्तो।
को वंदमि गुणहीणो ण हु सवणो णेव सावओ होइ॥२७॥

नापि देहो वंद्यते नापि च कुलं नापि च जातिसंयुक्तः।
कः[1] वंद्यते गुणहीनः न खलु श्रमणः नैव श्रावकः भवति॥२७॥

નહિ દેહ વંદ્ય, ન વંદ્ય કુલ, નહિ વંદ્ય જન જાતિ થકી;
ગુણહીન ક્યમ વંદાય? તે સાધુ નથી, શ્રાવક નથી. ૨૭.

**અર્થ** :—દેહને, કુળને અથવા જાતિને વંદન થતું નથી, કારણ કે ગુણ રહિત હોય તેને કોણ વંદે? ગુણ વિના, પ્રગટ મુનિ નથી અને શ્રાવક પણ નથી.

**ભાવાર્થ** :—લોકમાં પણ એવો ન્યાય છે કે જે ગુણહીન હોય તેને કોઈ શ્રેષ્ઠ માનતું નથી. દેહ સુંદર હોય, કુળ મોટું હોય, જાતિ મોટી હોય તો શું? કારણ કે મોક્ષમાર્ગમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ છે, તેના વિના જાતિ-કુળ-રૂપ વગેરે વંદનીય નથી. તેનાથી મુનિ-શ્રાવકપણું આવતું નથી, મુનિ-શ્રાવકપણું તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી હોય છે. તેથી તેમના ધારક છે તેઓ વંદનયોગ્ય છે. જાતિ, કુળ વગેરે વંદનયોગ્ય નથી. ૨૭.

હવે કહે છે કે જે તપ આદિથી સંયુક્ત છે, તેમને હું નમસ્કાર કરું છું :—

वंदमि [2]तवसावण्णा सीलं च गुणं च बंभचेरं च।
सिद्धिगमणं च तेसिं सम्मत्तेण[3] सुद्धभावेण॥२८॥

वन्दे तपः श्रमणान् शीलं च गुणं च ब्रह्मचर्यं च।
सिद्धिगमनं च तेषां सम्यक्त्वेन शुद्धभावेन॥२८॥

સમ્યક્ત્વસંયુત શુદ્ધભાવે વંદું છું મુનિરાજને,
તસ બ્રહ્મચર્ય, સુશીલને, ગુણને તથા શિવગમનને. ૨૮.

**અર્થ** :—આચાર્ય કહે છે કે જે તપ સહિત શ્રમણપણું ધારણ કરે છે તેને તથા

૧. 'कं वन्देगुणहीनं' ષટ્પાહુડમાં પાઠ છે.
૨. 'तव समण्णा' छाया–(तपः समापन्नात्) 'तवसउण्णा' 'तवसमाणं' આ ત્રણ પાઠ છપાયેલ ષટ્પ્રાભૃતની પુસ્તક તથા તેની ફૂટનોટમાં છે.
૩. 'सम्मत्तेणेव' એવો પાઠ હોવાથી પદભંગ થતો નથી.

તેમના શીલને, તેમના ગુણને તથા બ્રહ્મચર્યને હું સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવથી નમસ્કાર કરું છું. કારણ કે તેમના તે ગુણોથી સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવથી સિદ્ધિ અર્થાત્ મોક્ષ પ્રતિ ગમન કરે છે.

**ભાવાર્થ :**—પહેલાં કહ્યું છે કે દેહાદિક વંદનયોગ્ય નથી, ગુણ વંદનયોગ્ય છે. હવે અહીં ગુણ સહિતની વંદના કરી છે. ત્યાં જેઓ તપ ધારણ કરી, ગૃહસ્થપણું છોડી મુનિ થઈ ગયા છે તેમને તથા તેમના શીલ ગુણ બ્રહ્મચર્ય સહિત શુદ્ધભાવથી સંયુક્ત સમ્યક્ત્વ હોય તેમની વંદના કરવામાં આવી છે. અહીં શીલ શબ્દથી ઉત્તરગુણો, અને ગુણ શબ્દથી મૂળગુણો તથા બ્રહ્મચર્યશબ્દથી આત્મસ્વરૂપમાં મગ્નતા સમજવી જોઈએ. ૨૮

હવે કોઈ આશંકા કરે છે કે સંયમીને વંદનયોગ્ય કહ્યા તો સમવસરણ આદિ વિભૂતિ સહિત તીર્થંકર વંદનયોગ્ય છે કે નહીં ? તેનું સમાધાન કરવા માટે ગાથા કહે છે કે—જેઓ તીર્થંકર પરમદેવ છે તેઓ સમ્યક્ત્વ સહિત તપના માહાત્મ્યથી તીર્થંકર પદવી પામે છે તેઓ વંદનયોગ્ય છે :—

**चउसट्ठि चमरसहिओ चउतीसहि अइसएहिं संजुत्तो।**
**अणवरबहुसत्तहिओ कम्मक्खयकारणणिमित्तो ।।२९।।**

चतुःषष्टिचमरसहितः चतुस्त्रिंशद्भिरतिशयैः संयुक्तः।
[1]अनवरतबहुसत्त्वहितः कर्मक्षयकारणनिमित्तः[2] ।।२९।।

**ચોસઠ ચમર સંયુક્ત ને ચોત્રીસ અતિશય યુક્ત જે,**
**બહુજીવહિતકર સતત, કર્મવિનાશકારણ–હેતુ છે. ૨૯.**

**અર્થ :**—જેઓ ચોસઠ ચામર તથા ૩૪ અતિશય સહિત છે, નિરંતર ઘણા જીવોનું હિત જેનાથી થાય છે એવા ઉપદેશના દાતા છે અને કર્મના ક્ષયનું કારણ છે એવા તીર્થંકર પરમદેવ છે તે વંદનયોગ્ય છે.

**ભાવાર્થ :**—અહીં ચોસઠ ચામર અને ૩૪ અતિશય સહિત વિશેષણોથી તો તીર્થંકરનું પ્રભુત્વ બતાવ્યું છે. અને પ્રાણીઓનું હિત કરવું તથા કર્મક્ષયનું કારણ વિશેષણથી અન્યના ઉપકાર કરવાવાળા બતાવ્યા છે. આ બંને કારણોથી જ તીર્થંકર

૧. अणुचरबहुसत्तहिओ (अनुचरबहुसत्वहितः) છપાયેલ ષટ્પ્રાભૃતમાં આ પાઠ છે.

૨. 'निमित्ते' છપાયેલ ષટ્પ્રાભૃતમાં એવો પાઠ છે.

ભગવાન જગતમાં વંદન-પૂજન યોગ્ય છે. તેથી એવો ભ્રમ ન કરવો કે—તીર્થંકર કઈ રીતે પૂજ્ય છે ? તીર્થંકર ભગવાન સર્વજ્ઞ વીતરાગ છે, તેમને સમવસરણ આદિ વિભૂતિ રચીને ઈન્દ્રાદિક ભક્તજનો તેમનો મહિમા કરે છે. ભગવાનને આ બધાથી કાંઈ પ્રયોજન નથી. તેઓ સ્વયં દિગંબરત્વને ધારણ કરતા થકા અંતરીક્ષમાં બિરાજે છે એમ જાણવું. ૨૯.

હવે મોક્ષ શાનાથી થાય છે તે કહે છે :—

णाणेण दंसणेण य तवेण चरियेण संजमगुणेण।
चउहिं पि समाजोगे मोक्खो जिणसासणे दिट्ठो।।३०।।

ज्ञानेन दर्शनेन च तपसा चारित्रेण संयमगुणेन।
चतुर्णामपि समायोगे मोक्षः जिनशासने दृष्टः।।३०।।

સંયમ થકી, વા જ્ઞાન-દર્શન-ચરણ-તપ છે ચાર જે
એ ચાર કેરા યોગથી, મુક્તિ કહી જિનશાસને. ૩૦.

**અર્થ** :—જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર આ ચારેયનો સમાયોગ હોતાં જે સંયમગુણ હોય તેનાથી જિનશાસનમાં મોક્ષ થવાનું કહ્યું છે. ૩૦.

આગળ આ જ્ઞાન આદિને ઉત્તરોત્તર સારપણું કહ્યું છે :—

णाणं णरस्स सारो सारो वि णरस्स होइ सम्मत्तं।
सम्मत्ताओ चरणं चरणाओ होइ णिव्वाणं।।३१।।

ज्ञानं नरस्य सारः सारः अपि नरस्य भवति सम्यक्त्वम्।
सम्यक्त्वात् चरणं चरणात् भवति निर्वाणम्।।३१।।

રે ! જ્ઞાન નરને સાર છે, સમ્યક્ત્વ નરને સાર છે;
સમ્યક્ત્વથી ચારિત્ર ને ચારિત્રથી મુક્તિ લહે. ૩૧.

**અર્થ** :—પ્રથમ તો પુરુષ (આત્મા) માટે જ્ઞાન સાર છે, કારણ કે જ્ઞાન દ્વારા સર્વ હેય-ઉપાદેય જાણી શકાય છે. ત્યારબાદ તે પુરુષ માટે સમ્યક્ત્વ નિશ્ચયથી સાર છે કારણ કે સમ્યક્ત્વ વિના જ્ઞાન મિથ્યા નામ પામે છે. સમ્યક્ત્વથી ચારિત્ર થાય છે કારણ કે સમ્યક્ત્વ વિના ચારિત્ર પણ મિથ્યા જ છે. ચારિત્રથી નિર્વાણ થાય છે.

**ભાવાર્થ** :—ચારિત્રથી નિર્વાણ થાય છે અને ચારિત્ર જ્ઞાનપૂર્વક જ સત્યાર્થ હોય

૫

છે. તથા જ્ઞાન સમ્યક્ત્વપૂર્વક સત્યાર્થ હોય છે. આ પ્રમાણે વિચારતાં સમ્યક્ત્વને સારપણું આવ્યું તેથી પહેલાં સમ્યક્ત્વ સાર છે, પછી જ્ઞાન-ચારિત્ર સાર છે. પહેલા જ્ઞાનથી પદાર્થોને જાણે છે તેથી પહેલા જ્ઞાન સાર હોવા છતાં પણ સમ્યક્ત્વ વિના તેનું પણ સારપણું નથી એમ જાણવું. ૩૧.

આગળ તે જ અર્થને દૃઢ કરે છે :—

णाणम्मि दंसणम्मि य तवेण चरिएण सम्मसहिएण।
[1]चउण्हं पि समाजोगे सिद्धा जीवा ण सन्देहो॥३२॥

ज्ञाने दर्शने च तपसा चारित्रेण, सम्यक्त्वसहितेन।
चतुर्णामपि समायोगे सिद्धा जीवा न सन्देहः॥३२॥

દૃગ-જ્ઞાનથી, સમ્યક્ત્વયુત ચારિત્રથી ને તપ થકી,
—એ ચારના યોગે જીવો સિદ્ધિ વરે, શંકા નથી. ૩૨.

**અર્થ** :—જ્ઞાન અને દર્શન હોતાં સમ્યક્ત્વ સહિત તપ કરી ચારિત્રપૂર્વક આ ચારેયનો સમાયોગ થતાં જીવ સિદ્ધ થયા છે તેમાં સંદેહ નથી.

**ભાવાર્થ** :—પહેલા જેઓ સિદ્ધ થયા છે તેઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ આ ચારેયના સંયોગથી થયા છે તેવું જિનવચન છે તેમાં સંદેહ નથી. ૩૨.

આગળ કહે છે કે લોકમાં સમ્યગ્દર્શનરૂપ રત્ન અમૂલ્ય છે તે દેવ-દાનવોથી પૂજ્ય છે :—

कल्लाणपरंपरया लहंति जीवा विसुद्धसम्मत्तं।
सम्मद्दंसणरयणं अग्घेदि सुरासुरे लोए॥३३॥

कल्याणपरंपरया लभन्ते जीवाः विशुद्धसम्यक्त्वम्।
सम्यग्दर्शनरत्नं अर्घ्यते सुरासुरे लोके॥३३॥

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પૂજાય છે. ૩૩.

**અર્થ** :—જીવ વિશુદ્ધ સમ્યક્ત્વને કલ્યાણની પરંપરા સહિત પામે છે, તેથી સમ્યગ્દર્શન રત્ન છે, તે આ સુર-અસુરોથી ભરેલા લોકમાં પૂજ્ય છે.

**ભાવાર્થ** :—(જીવ)વિશુદ્ધ અર્થાત્ ૨૫ મળદોષોથી રહિત, નિરતિચાર

१. पाठान्तरः – चोण्हं

સમ્યક્ત્વથી કલ્યાણની પરંપરા અર્થાત્ તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે. તેથી આ સમ્યક્ત્વ રત્ન લોકમાં બધા જ દેવ-દાનવો અને મનુષ્યોથી પૂજ્ય થાય છે. તીર્થંકર પ્રકૃતિના બંધનું કારણ ષોડશકારણભાવનાઓ કહી છે. તેમાં પહેલી દર્શનવિશુદ્ધિ છે તે જ મુખ્ય છે, તે જ વિનયાદિક પંદર ભાવનાનું કારણ છે તેથી સમ્યગ્દર્શનને જ મુખ્યપણું છે. ૩૩.

હવે કહે છે કે જે ઉત્તમ ગોત્ર સહિત મનુષ્યપણું પામી સમ્યક્ત્વની પ્રાપ્તિથી મોક્ષ પામે છે, તે સમ્યક્ત્વનું માહાત્મ્ય છે :—

लद्धूण[१] य मणुयत्तं सहियं तह उत्तमेण गोत्तेण।
लद्धूण य सम्मत्तं अक्खयसोक्खं[२] च मोक्खं च।।३४।।

लब्ध्वा च मनुजत्त्वं सहितं तथा उत्तमेन गोत्रेण।
लब्ध्वा च सम्यक्त्वं अक्षयसुखं च मोक्षं च।।३४।।

રે! ગોત્ર ઉત્તમથી સહિત મનુજત્વને જીવ પામીને,
સંપ્રાપ્ત કરી સમ્યક્ત્વ, અક્ષય સૌખ્ય ને મુક્તિ લહે. ૩૪.

**અર્થ** :—ઉત્તમ ગોત્ર સહિત મનુષ્યપણું પ્રત્યક્ષ પ્રાપ્ત કરીને અને ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અવિનાશી સુખરૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તથા તે સુખસહિત મોક્ષ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—આ બધું સમ્યક્ત્વનું જ માહાત્મ્ય છે. ૩૪.

હવે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે જે સમ્યક્ત્વના પ્રભાવથી મોક્ષ પ્રાપ્ત કરે છે તે તત્કાલ જ પ્રાપ્ત કરે છે કે કેટલાક કાળ પછી ? તેના સમાધાનરૂપ ગાથા કહે છે :—

विहरदि जाव जिणिंदो सहसट्ठसुलक्खणेहिं संजुत्तो।
चउतीस अइसयजुदो सा पडिमा थावरा भणिया।।३५।।

विहरति यावत् जिनेन्द्रः सहस्राष्टलक्षणैः संयुक्तः।
चतुस्त्रिंशदतिशययुतः सा प्रतिमा स्थावरा भणिता।।३५।।

ચોત્રીસ અતિશયયુક્ત, અષ્ટ સહસ્ર લક્ષણધરપણે;
જિનચંદ્ર વિહરે જ્યાં લગી, તે બિંબ સ્થાવર ઉક્ત છે. ૩૫.

**અર્થ** :—કેવળજ્ઞાન થયા પછી જિનેન્દ્રભગવાન જ્યાં સુધી આ લોકમાં

૧. दट्ठूण पाठान्तर। २. 'अक्खयसोक्खं लहदि मोक्खं च' पाठान्तर।

આર્યખંડમાં વિહાર કરે છે ત્યાંસુધી તેમની તે પ્રતિમા અર્થાત્ શરીર સહિત પ્રતિબિંબને 'થાવર પ્રતિમા' તે નામથી કહેવાય છે. તે જિનેન્દ્ર કેવા છે ? ૧૦૦૮ લક્ષણોથી યુક્ત છે. ત્યાં શ્રીવૃક્ષથી શરૂ કરીને ૧૦૮ તો લક્ષણો હોય છે. તલ અને મસો વગેરે ૯૦૦ વ્યંજન હોય છે. ૩૪ અતિશયોમાં દસ તો જન્મથી જ ઉત્પન્ન હોય છે :—૧. નિઃસ્વેદતા, ૨. નિર્મળતા, ૩. શ્વેત રુધિરતા ૪. સમચતુરસ્રસંસ્થાન, ૫. વજ્રવૃષભનારાચ સંહનન, ૬. ઉત્તમરૂપ, ૭. સુગંધિત શરીર, ૮. સુલક્ષણ, ૯. અતુલ બળ, ૧૦. હિતમિતવચન—આવા દસ હોય છે. ઘાતિકર્મો ક્ષય થતાં બીજા દસ હોય છે. ૧. સો યોજન સુધી સુભિક્ષતા (દુષ્કાળનો અભાવ), ૨. આકાશગમન, ૩. પ્રાણીવધનો અભાવ. ૪. કવલાહારનો અભાવ, ૫. ઉપસર્ગનો અભાવ, ૬. ચતુર્મુખપણું, ૭. સર્વવિદ્યાપ્રભુત્વ, ૮. છાયારહિતપણું, ૯. પલકાર રહિત ચક્ષુ, ૧૦. નખ અને વાળનું ન વધવું. દેવો દ્વારા ચૌદ અતિશય થાય છે. ૧. અર્ધમાગધીભાષા, ૨. સર્વજીવોમાં મૈત્રીભાવ, ૩. સર્વઋતુના ફળ-ફૂલનું ઉત્પન્ન થવું, ૪. દર્પણ સમાન ભૂમિનું થવું. ૫. મંદ સુગંધિત પવનનું ચાલવું. ૬. સમગ્ર સંસારમાં આનંદ થવો, ૭. કંટકાદિક રહિત ભૂમિ થવી, ૮. દેવો દ્વારા ગંધોદકની વૃષ્ટિ, ૯. વિહારના સમયે ભગવાનના ચરણકમળ નીચે દેવો દ્વારા સુવર્ણમય કમળોની રચના, ૧૦. સર્વભૂમિમાં ધાન્યનું ઉત્પન્ન થવું, ૧૧. સર્વ દિશા આકાશ નિર્મળ થવું, ૧૨. દેવો દ્વારા આહ્વાનન શબ્દનું ઉચ્ચારણ, ૧૩. ધર્મચક્રનું આગળ ચાલવું, ૧૪. અષ્ટમંગળ દ્રવ્યનું હોવું આમ ચૌદ અતિશય હોય છે. બધા મળીને ૩૪ થાય છે. આઠ પ્રાતિહાર્યો હોય છે, તેના નામ :—૧. અશોકવૃક્ષ, ૨. પુષ્પવૃષ્ટિ, ૩. દિવ્યધ્વનિ, ૪. ચામર, ૫. સિંહાસન, ૬. છત્ર, ૭. ભામંડલ, ૮. દુંદુભિવાદ્ય—એ પ્રમાણે આઠ પ્રાતિહાર્યો હોય છે. આવા અતિશયો સહિત અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય સહિત તીર્થંકર પરમદેવ જ્યાં સુધી જીવોના સંબોધન નિમિત્તે વિહાર કરે છે ત્યાં સુધી 'સ્થાવર પ્રતિમા' કહેવાય છે. આવી સ્થાવરપ્રતિમા કહેવાથી તીર્થંકર ભગવાનનું કેવળજ્ઞાન થયા પછી હયાતી(અવસ્થાન) બતાવી છે અને ધાતુ-પાષાણની પ્રતિમા બનાવી સ્થાપના કરવામાં આવે છે તે તેનો વ્યવહાર છે. ૩૫.

હવે, ભગવાન કર્મોનો નાશ કરી મોક્ષની પ્રાપ્તિ કરે છે તેમ કહે છે :—

**बारसविहतवजुत्ता, कम्मं खविऊण विहिबलेणं स्सं।**
**वोसट्टचत्तदेहा, णिव्वाणमणुत्तरं पत्ता।।३६।।**

द्वादशविधतपोयु कर्मक्षपयित्वा विधिवलेन स्वीयम्।
व्युत्सर्गत्यक्तदेहा निर्वाणमनुत्तरं प्राप्ताः ॥३६॥

દ્વાદશ તપે સંયુક્ત, નિજ કર્મો ખપાવી વિધિબળે,
વ્યુત્સર્ગથી તનને તજી, પામ્યા અનુત્તમ મોક્ષને. ૩૬.

**અર્થ** :—જેઓ બાર પ્રકારના તપથી સંયુક્ત થઈને વિધિના બળથી પોતાના કર્મોનો નાશ કરી 'वोसट्टचत्तदेहा' એટલે કે જેમણે દેહને ભિન્ન કરી નાશ કર્યો છે એવા થઈને તેઓ અનુત્તર એટલે કે જેના આગળ અન્ય અવસ્થા નથી એવી નિર્વાણ અવસ્થાને પ્રાપ્ત થયા છે.

**ભાવાર્થ** :—જેઓ તપ દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જ્યાં સુધી વિહાર કરે ત્યાંસુધી તે દશામાં સ્થિર રહે પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સામગ્રીનું વિધિના બળથી કર્મ નષ્ટ કરી વ્યુત્સર્ગ દ્વારા શરીરને છોડી નિર્વાણને પ્રાપ્ત થાય છે. અહીં આશય એવો છે કે જ્યારે નિર્વાણને પ્રાપ્ત થાય ત્યારે લોક શિખર ઉપર જઈને બિરાજે છે, ત્યાં ગમનમાં એક સમય લાગે છે. એ સમયે તેમને જંગમ પ્રતિમા કહેવાય છે. આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેમાં સમ્યગ્દર્શન મુખ્ય છે. આ પાહુડમાં સમ્યગ્દર્શનના મુખ્યપણાનું વ્યાખ્યાન કર્યું છે. ૩૬.

(સવૈયા છંદ)

મોક્ષ ઉપાય કહ્યો જિનરાજ જુ સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્રા,
તામધિ સમ્યગ્દર્શન મુખ્ય ભયે નિજ બોધ ફલૈ સુ ચરિત્રા;
જો નર આગમ જાનિ કરૈ પહચાનિ યથાવત મિત્રા,
ઘાતિ ખિપાય રુ કેવલ પાય અઘાતિ હને લહિ મોક્ષ પવિત્રા. ૧.

(દોહા)

નમૂં દેવ ગુરુ ધર્મકૂં, જિન આગમકૂં માનિ;
જા પ્રસાદ પાયો અમલ, સમ્યગ્દર્શન જાનિ. ૨.

આ પ્રમાણે શ્રી કુંદકુંદસ્વામી વિરચિત અષ્ટપ્રાભૃતમાં પ્રથમ દર્શનપ્રાભૃત અને તેની પંડિત જયચંદજી છાબડા કૃત દેશભાષામય વચનિકાનું ગુજરાતી ભાષાંતર સમાપ્ત થયું.

# સૂત્રપ્રાભૃત
## —૨—

(દોહા)

વીર જિનેશ્વરકો નમૂં ગૌતમ ગણધર લાર;
કાલ પંચમા આદિમેં ભયે સૂત્ર કરતાર. ૧.

આ પ્રમાણે, માંગલિક કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ સૂત્રપ્રાભૃતની દેશભાષામય વચનિકા લખીએ છીએ :—

શરૂઆતમાં જ શ્રી કુંદકુંદ આચાર્ય સૂત્રનો મહિમા દર્શાવતું સૂત્રનું સ્વરૂપ બતાવે છે :—

**अरहंतभासियत्थं, गणहरदेवेहिं गंथियं सम्मं।**
**सुत्तत्थमग्गणत्थं, सवणा साहंति परमत्थं।।१।।**

अर्हद्भाषितार्थं गणधरदेवैः ग्रथितं सम्यक्।
सूत्रार्थमार्गणार्थं श्रमणाः साधयन्ति परमार्थम्।।१।।

**અર્હંતભાષિત-અર્થમય, ગણધરસુવિરચિત સૂત્ર છે;**
**સૂત્રાર્થના શોધન વડે સાધે શ્રમણ પરમાર્થને. ૧.**

**અર્થ :—**જે ગણધરદેવોએ સમ્યક્પ્રકારે પૂર્વાપર વિરોધ રહિત રચ્યું છે તે સૂત્ર છે. તે સૂત્ર કેવું છે? સૂત્રના જે કાંઈ અર્થ છે તેને શોધવાનું અર્થાત્ જાણવાનું જેમાં પ્રયોજન છે અને એવા જ સૂત્ર દ્વારા શ્રમણ(મુનિ) પરમાર્થ એટલે કે ઉત્કૃષ્ટ અર્થ—પ્રયોજન કે જે અવિનાશી મોક્ષ તેને સાધે છે. અહીં ગાથામાં 'સૂત્ર' એ પ્રમાણે વિશેષ્ય પદ નથી કહ્યું છતાં વિશેષણોના સામર્થ્યથી લીધું છે.

**ભાવાર્થ :—**જે અર્હંત સર્વજ્ઞ દ્વારા ભાષિત છે તથા ગણધરદેવોએ અક્ષર, પદ અને વાક્યમય ગૂંથ્યું છે અને તે સૂત્રના અર્થો જાણવાનું જ જેમાં અર્થ—પ્રયોજન છે, આવા સૂત્રથી મુનિરાજ પરમાર્થ જે મોક્ષ તેને સાધે છે. અન્ય જે અક્ષપાદ,જૈમિની, કપિલ,

સુગત વગેરે છદ્મસ્થો દ્વારા રચાયેલા કલ્પિત સૂત્ર છે, તેનાથી પરમાર્થની સિદ્ધિ નથી, આ પ્રમાણે આશય જાણવો. ૧.

આગળ કહે છે કે જે આ પ્રકારે સૂત્રનો અર્થ આચાર્યોની પરંપરાથી પ્રવર્તે છે તેને જાણીને મોક્ષમાર્ગને સાધે છે તે ભવ્ય છે :—

सुत्तम्मि जं सुदिट्ठं, आइरियपरंपरेण मग्गेण।
णाऊण दुविह सुत्तं, वट्टदि सिवमग्गे जो भव्वो॥२॥

सूत्रे यत् सुदृष्टं आचार्यपरंपरेण मार्गेण।
ज्ञात्वा द्विविधं सूत्रं वर्त्तते शिवमार्गे यः भव्यः॥२॥

સૂત્રે સુદર્શિત જેહ, તે સૂરિગણપરંપર માર્ગથી
જાણી દ્વિધા, શિવપંથ વર્તે જીવ જે તે ભવ્ય છે. ૨.

**અર્થ** :—સર્વજ્ઞભાષિત સૂત્રમાં જે કાંઈ સારી રીતે કહ્યું છે તેને આચાર્યોની પરંપરારૂપ માર્ગથી બે પ્રકારના સૂત્રને શબ્દમય અને અર્થમય જાણીને જેઓ મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે તે ભવ્ય જીવ છે, મોક્ષ પામવાને યોગ્ય છે.

**ભાવાર્થ** :—અહીં કોઈ કહે કે અર્હંત દ્વારા ભાષિત અને ગણધરદેવોથી ગૂંથાયેલ સૂત્ર તો દ્વાદશાંગરૂપ છે, તે તો આ કાળમાં દેખાતું નથી, તો પછી પરમાર્થરૂપ મોક્ષમાર્ગ કઈ રીતે સધાય? આ પ્રશ્નનું સમાધાન કરવા માટે આ ગાથા છે—અર્હંતભાસિત, ગણધર રચિત સૂત્રમાં જે ઉપદેશ છે તેને આચાર્યોની પરંપરાથી જાણે છે તેને શબ્દ અને અર્થ દ્વારા જાણીને જે મોક્ષમાર્ગને સાધે છે તે મોક્ષ પામવાયોગ્ય ભવ્ય છે. અહીં ફરી કોઈ પૂછે કે આચાર્યોની પરંપરા શું છે? અન્ય ગ્રંથોમાં આચાર્યોની પરંપરા નીચે મુજબ કહેવામાં આવી છે.

શ્રી વર્ધમાન તીર્થંકર, સર્વજ્ઞદેવ પછી ત્રણ કેવળજ્ઞાની થયા—(૧) ગૌતમ, (૨) સુધર્મ, (૩) જંબૂસ્વામી. તેમના પછી પાંચ શ્રુતકેવળી થયા. તેમને દ્વાદશાંગ સૂત્રનું જ્ઞાન હતું. ૧. વિષ્ણુ, ૨. નંદીમિત્ર, ૩. અપરાજિત, ૪. ગોવર્ધન, ૫. ભદ્રભાહુસ્વામી (પ્રથમ). તેમના પછી અગિયાર અંગ અને દસ પૂર્વને જાણનાર અગિયાર મુનિઓ થયા. ૧. વિશાખ, ૨. પ્રૌષ્ઠિલ, ૩. ક્ષત્રિય, ૪. જયસેન, ૫. નાગસેન, ૬. સિદ્ધાર્થ, ૭. ધૃતિષેણ, ૮. વિજય, ૯. બુદ્ધિલ, ૧૦. ગંગદેવ, ૧૧. ધર્મસેન. તેમના પછી પાંચ અગિયાર અંગના ધારક થયા. ૧. નક્ષત્ર, ૨. જયપાલ, ૩. પાંડુ, ૪. ધ્રુવસેન, ૫. કંસ.

તેમના પછી [૧]એક અંગના ધારક ચાર આચાર્ય થયા. ૧. સુભદ્ર, ૨. યશોભદ્ર, ૩. ભદ્રબાહુ, ૪. લોહાચાર્ય. તેમના પછી [૨]એક અંગના પૂર્ણજ્ઞાનનો તો અભાવ થયો અને અંગના એક અર્થના જ્ઞાતા આચાર્ય થયા. તેમનામાંથી કેટલાક નામ આ પ્રમાણે છે– અર્હદ્‌બલી, માઘનંદી, ધરસેન, પુષ્પદંત, ભૂતબલિ, જિનચંદ્ર, કુંદકુંદ, ઉમાસ્વામી, સમંતભદ્ર, શિવકોટિ, શિવાયન, પૂજ્યપાદ, વીરસેન, જિનસેન, નેમિચંદ્ર વગેરે.

તેમના પછી તેમની પરિપાટીમાં આચાર્યો થયા, તેમનાથી અર્થનો વિચ્છેદ થયો નહીં. આ પ્રમાણે દિગંબરોના સંપ્રદાયમાં પ્રરૂપણા યથાર્થ છે. અન્ય શ્વેતામ્બર આદિ વર્ધમાનસ્વામીથી પ્રરૂપણા મેળવે છે તે કલ્પિત છે કારણ કે ભદ્રબાહુ સ્વામી પછી કેટલાય મુનિ અવસ્થાથી ભ્રષ્ટ થયા, તેઓ અર્ધફાલક કહેવાયા. તેમના સંપ્રદાયમાં શ્વેતામ્બર થયા. તેમનામાં દેવર્દ્ધિગણિ નામના સાધુ આ સંપ્રદાયમાં થયા છે. તેમણે સૂત્ર બનાવ્યા છે. તેમાં શિથિલાચારને પુષ્ટ કરવા માટે કલ્પિત કથા તથા કલ્પિત આચરણનું કથન કર્યું છે તે પ્રમાણભૂત નથી. પંચમકાળમાં જૈનાભાસોની શિથિલાચારની અધિકતા છે તે યુક્ત છે, આ કાળમાં સાચા મોક્ષમાર્ગની વિરલતા છે તેથી શિથિલાચારીઓને સાચો મોક્ષમાર્ગ ક્યાંથી હોય ? આ પ્રમાણે જાણવું

હવે અહીં, દ્વાદશાંગ સૂત્ર તથા અંગબાહ્ય સૂત્રોનું કંઈક વર્ણન લખીએ છીએ. તીર્થંકરના મુખથી ઉત્પન્ન થયેલી સર્વભાષામય દિવ્યધ્વનિને સાંભળીને ચાર જ્ઞાન, સપ્ત ઋદ્ધિના ધારક ગણધરદેવોએ અક્ષરપદમય સૂત્ર રચના કરી. સૂત્ર બે પ્રકારના છે. ૧-અંગ અને ૨-અંગબાહ્ય. તેના અપુનરુક્ત અક્ષરોની સંખ્યા ૨૦ અંક પ્રમાણ છે. આ અંકો એક ઓછા ઈકટ્ટી પ્રમાણ છે. આ અંકો ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૫ આટલા અક્ષર છે. તેમના પદ કરવામાં આવે તો એક મધ્યમપદના અક્ષર સોળસો ચોત્રીસ કરોડ, ૮૩ લાખ, સાત હજાર, આઠસો અઠ્યાસી કહેવામાં આવે છે. તેમને ભાગતા ૧૧૨ કરોડ, ૮૩ લાખ, ૫૮ હજાર પાંચ એટલા મળે છે. આ બાર અંગના સૂત્રના પદો છે. અને અવશેષ વીસ અંકોમાં અક્ષર રહ્યા તે અંગબાહ્ય સૂત્ર કહેવાય છે. આ આઠ કરોડ એક લાખ, આઠ હજાર એકસો પંચોતેર અક્ષર છે. આ અક્ષરોમાં ૧૪ પ્રકીર્ણક સૂત્ર રચના છે.

હવે આ દ્વાદશાંગરૂપ સૂત્ર રચનાના નામ અને પદ સંખ્યા લખીએ છીએ. પ્રથમ

૧. અન્યસ્થાને ૧-૧ અંગના સ્થાને ૧૦ અંગ, ૯ અંગ, ૮ અંગધારી ચાર આચાર્ય થયા.

૨. અન્યસ્થાને ૧-૧ અંગના જ્ઞાતા વિનયદત્ત, શ્રીદત્ત, શિવદત્ત અને અર્હદત્ત એમ ૪ આચાર્ય થયા. ત્યારબાદ અંગાંશધારી અર્થાત્ પૂર્વધારી આચાર્યોમાં અર્હદ્‌બલિ, માઘનન્દિ, ધરસેન, પુષ્પદંત, ભૂતબલિ, ગુણધર, આર્યમંક્ષુ, નાગહસ્તિ, યતિવૃષભ આદિ.

અંગ આચારાંગ છે તેમાં મુનિશ્વરોના આચારનું વર્ણન છે તેના પદ ૧૮ હજાર છે.

બીજો સૂત્રકૃતાંગ છે, તેમાં જ્ઞાનના વિનય વગેરે અથવા ધર્મક્રિયામાં સ્વમત-પરમતની ક્રિયાના વિશેષનું નિરૂપણ છે. તેના પદ છત્રીસ હજાર છે. ત્રીજો સ્થાનાંગ છે, તેમાં પદાર્થોના એક આદિ સ્થાનોનું નિરૂપણ છે. જેમકે —જીવ સામાન્યરૂપે એક પ્રકારનો અને વિશેષરૂપે બે પ્રકાર, ત્રણ પ્રકાર વગેરે આવા સ્થાનો કહેવાય છે. તેના પદ બેતાલીસ હજાર છે. ચોથો સમવાયાંગ છે. તેમાં જીવાદિ છ દ્રવ્યોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરે દ્વારા વર્ણન છે. તેના પદ એક લાખ ચોસઠ હજાર છે.

પાંચમું વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગ છે. આમાં જીવના અસ્તિ-નાસ્તિ વગેરે સાઈઠ હજાર પ્રશ્ન ગણધરદેવોએ તીર્થંકર ભગવાનને કર્યા તેમનું વર્ણન છે. આના પદ બે લાખ અઠ્યાવીસ હજાર છે. છઠ્ઠું જ્ઞાતૃધર્મકથાંગ છે. તેમાં તીર્થંકરોના ધર્મની કથા, જીવાદિ પદાર્થોના સ્વભાવનું વર્ણન તથા ગણધરના પ્રશ્નોના ઉત્તરનું વર્ણન છે. આના પદ પાંચ લાખ છપ્પન હજાર છે. સાતમું ઉપાસકાધ્યયન અંગ છે. તેમાં શ્રાવકની અગિયાર પ્રતિમા તથા આચારનું વર્ણન છે. આના પદ અગિયાર લાખ સિત્તર હજાર છે. આઠમું અંતઃકૃતદશાંગ નામનું અંગ છે. તેમાં એક-એક તીર્થંકરના કાળમાં દસ-દસ અંતકૃત કેવળી થયા તેમનું વર્ણન છે. તેમના પદ ત્રેવીસ લાખ અઠ્યાવીસ હજાર છે.

નવમું અનુત્તરોપપાદક નામનું અંગ છે. તેમાં એક-એક તીર્થંકરના કાળમાં દસ-દસ મહામુનિઓ ઘોર ઉપસર્ગ સહીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા તેમનું વર્ણન છે. તેના પદ બાણુ લાખ ચુમ્માલીસ હજાર છે. દસમું પ્રશ્નવ્યાકરણ નામનું અંગ છે. એમાં અતીત-અનાગત કાળ સંબંધી શુભાશુભનો કોઈ પ્રશ્ન કરે તેનો યથાર્થ ઉત્તર કહેવાના ઉપાયનું વર્ણન છે. તથા આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની, નિર્વેદની આ ચાર કથાઓનું પણ આ અંગમાં વર્ણન છે. તેના પદ ત્રાણું લાખ સોળ હજાર છે. અગિયારમું વિપાકસૂત્ર નામનું છે. તેમાં કર્મના ઉદયના તીવ્ર, મંદ અનુભાગના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાથી વર્ણન છે. તેના પદ એક કરોડ ચોરાસી લાખ છે. આ પ્રમાણે અગિયાર અંગ છે તેમના પદોની સંખ્યાનો સરવાળો ચાર કરોડ પંદર લાખ બે હજાર પદ થાય છે.

બારમું દષ્ટિવાદ નામનું અંગ છે તેમાં મિથ્યાદર્શન સંબંધી ત્રણસો ત્રેસઠ કુવાદોનું વર્ણન છે. તેના પદ એકસો આઠ કરોડ અડસઠ લાખ છપ્પન હજાર પાંચ છે. આ બારમાં અંગના પાંચ અધિકાર છે—૧. પરિકર્મ, ૨. સૂત્ર, ૩. પ્રથમાનુયોગ, ૪. પૂર્વગત, ૫. ચૂલિકા. પરિકર્મમાં ગણિતના કરણસૂત્રો છે. તેના પાંચ ભેદ છે. ૧. ચંદ્રપ્રજ્ઞપ્તિ તેમાં ચંદ્રમાના ગમનાદિક, પરિવારની વૃદ્ધિ આદિનું વર્ણન છે. તેના પદ છત્રીસ લાખ પાંચ

હજાર છે. ૨. સૂર્યપ્રજ્ઞપ્તિ છે. તેમાં સૂર્યની ઋદ્ધિ, પરિવાર, ગમન વગેરેનું વર્ણન છે. તેના પદ પાંચ લાખ ત્રણ હજાર છે. ૩. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ છે. તેમાં જંબૂદ્વીપ સંબંધી મેરુગિરિ, ક્ષેત્ર, કુલાચલ વગેરેનું વર્ણન છે, તેના પદ ત્રણ લાખ પચ્ચીસ હજાર છે. ૪. દ્વીપ-સાગર પ્રજ્ઞપ્તિ છે તેમાં દ્વીપ, સાગરનું સ્વરૂપ તથા ત્યાં રહેલ જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી દેવોના આવાસ તથા ત્યાં સ્થિત જિનમંદિરોનું વર્ણન છે. તેના પદ બાવન લાખ છત્રીસ હજાર છે. ૫. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ છે, તેમાં જીવ, અજીવ પદાર્થોના પ્રમાણનું વર્ણન છે, તેના પદ ચોરાસી લાખ છત્રીસ હજાર છે. આ પ્રમાણે પરિકર્મના પાંચ ભેદોના પદોનો સરવાળો એક કરોડ એક્યાસી લાખ પાંચ હજાર થાય છે.

બારમાં અંગનો બીજો ભેદ 'સૂત્ર' નામનો છે, તેમાં મિથ્યાદર્શન સંબંધી ત્રણસો ત્રેસઠ કુવાદિઓનો પૂર્વપક્ષ લઈને તેમને જીવ પદાર્થ પર લગાડવાનું વર્ણન છે, તેના પદ અઠ્યાસી લાખ છે. બારમા અંગનો ત્રીજો ભેદ પ્રથમાનુયોગ છે, તેમાં પ્રથમ જીવને ઉપદેશયોગ્ય તીર્થંકર વગેરે ત્રેસઠ શલાકા પુરુષોનું વર્ણન છે, તેના પદ પાંચ હજાર છે. બારમાં અંગનો ચોથો ભેદ 'પૂર્વગત' છે, તેના ચૌદ ભેદ છે, પ્રથમ ભેદ ઉત્પાદ નામનું છે તેમાં જીવ આદિ વસ્તુઓના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વગેરે અનેક ધર્મોની અપેક્ષાએ ભેદ વર્ણન છે, તેના પદ એક કરોડ છે. બીજું અગ્રાયણી નામનું પૂર્વ છે, તેમાં સાતસો સુનય, દુર્નયનું અને ષટ્દ્રવ્ય, સપ્ત તત્ત્વ, નવ પદાર્થોનું વર્ણન છે, તેનાં છન્નુ લાખ પદ છે.

ત્રીજું વીર્યાનુવાદ નામનું પૂર્વ છે, તેમાં છ દ્રવ્યોની શક્તિરૂપ વીર્યનું વર્ણન છે, તેના પદ સિત્તેર લાખ છે. ચોથું અસ્તિનાસ્તિ પ્રવાદ નામનું પૂર્વ છે, તેમાં જીવાદિ વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અસ્તિ, પરરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ નાસ્તિ વગેરે અનેક ધર્મમાં વિધિ નિષેધ કરીને સપ્તભંગ દ્વારા કથંચિત વિરોધ મટાડવારૂપ મુખ્ય-ગૌણ કરીને વર્ણન છે. તેના પદ સાઈઠ લાખ છે. પાંચમું જ્ઞાનપ્રવાદ નામનું પૂર્વ છે, તેમાં જ્ઞાનના ભેદોનું સ્વરૂપ, સંખ્યા, વિષય, ફળ વગેરેનું વર્ણન છે, તેના પદ એક કરોડ કમ એક છે. છઠ્ઠું સત્યપ્રવાદ નામનું પૂર્વ છે, તેમાં સત્ય-અસત્ય વગેરે વચનોની અનેક પ્રકારની પ્રવૃત્તિનું વર્ણન છે, તેના પદ એક કરોડ છ છે. સાતમું આત્મપ્રવાદ નામનું પૂર્વ છે, તેમાં આત્મા (જીવ) પદાર્થના કર્તા, ભોક્તા આદિ અનેક ધર્મોનું નિશ્ચય-વ્યવહારનયની અપેક્ષાએ વર્ણન છે. તેના પદ છવ્વીસ કરોડ છે.

આઠમું કર્મપ્રવાદ નામનું પૂર્વ છે, તેમાં જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોના બંધ, સત્ત્વ, ઉદય, ઉદીરણા વગેરેનું તથા ક્રિયારૂપ કર્મોનું વર્ણન છે, તેના પદ એક કરોડ એંસી

લાખ છે. નવમું પ્રત્યાખ્યાન નામનું પૂર્વ છે, તેમાં પાપના ત્યાગનું અનેક પ્રકારે વર્ણન છે, તેના પદ ચોર્યાસી લાખ છે. દસમું વિદ્યાનુવાદ નામનું પૂર્વ છે. તેમાં સાતસો ક્ષુદ્રવિદ્યાઓ અને પાંચસો મહાવિદ્યાઓનું સ્વરૂપ, સાધન, મંત્રાદિક અને સિદ્ધ થયા તેના ફળનું વર્ણન છે તથા અષ્ટાંગ નિમિત્તજ્ઞાનનું વર્ણન છે, તેના પદ એક કરોડ દસ લાખ છે. અગિયારમું કલ્યાણવાદ નામનું પૂર્વ છે, તેમાં તીર્થંકર, ચક્રવર્તી વગેરેના ગર્ભાદિક કલ્યાણકોના ઉત્સવ તથા તેના કારણભૂત ષોડશ ભાવનાદિનાં તપશ્ચરણ આદિ તથા ચંદ્રમા સૂર્યાદિકનું ગમન, વિશેષ આદિનું વર્ણન છે, તેના પદ છવ્વીસ કરોડ છે.

બારમું પ્રાણાવાદ નામનું પૂર્વ છે. તેમાં આઠ પ્રકારના વૈદ્યક તથા ભૂતાદિકની વ્યાધિને દૂર કરવાના મંત્રાદિ તથા વિષ દૂર કરવાના ઉપાય તથા સ્વરોદય આદિનું વર્ણન છે, તેના ૧૩ કરોડ પદ છે. તેરમું ક્રિયાવિશાલ નામનું પૂર્વ છે તેમાં સંગીતશાસ્ત્ર, છંદ, અલંકારાદિક તથા ચોસઠ કલા, ગર્ભાધાન આદિ ૮૪ ક્રિયા, સમ્યગ્દર્શન આદિ એકસો આઠ ક્રિયા, દેહવંદનાદિ પચ્ચીસ ક્રિયા, નિત્ય-નૈમિતિક ક્રિયા ઈત્યાદિનું વર્ણન છે, તેના પદ નવ કરોડ છે. ચૌદમું ત્રિલોકબિંદુસાર નામનું પૂર્વ છે, તેમાં ત્રણ લોકનું સ્વરૂપ અને બીજગણિતનું સ્વરૂપ તથા મોક્ષનું સ્વરૂપ તથા મોક્ષના કારણભૂત ક્રિયાનું સ્વરૂપ વગેરેનું વર્ણન છે, તેના પદ બાર કરોડ પચાસ લાખ છે આ પ્રમાણે ચૌદ પૂર્વ છે તેમના પદોનો સરવાળો પંચાણુ કરોડ પચાસ લાખ છે.

બારમા અંગનો પાંચમો ભેદ ચૂલિકા છે, તેના પાંચ ભેદ છે, તેના પદ બે કરોડ નવ લાખ નેવ્યાસી હજાર બસો છે. તેનો પ્રથમ ભેદ 'જળગતા' ચૂલિકામાં જળનું સ્તંભન કરવું, જળમાં ગમન કરવું. અગ્નિગતા ચૂલિકામાં અગ્નિનું સ્તંભન કરવું, અગ્નિમાં પ્રવેશ કરવો, અગ્નિનું ભક્ષણ કરવું ઈત્યાદિના કારણભૂત મંત્ર-તંત્રાદિનું પ્રરૂપણ છે. તેના પદ બે કરોડ નવ લાખ નેવ્યાસી હજાર બસો છે. આટલા આટલા જ પદ અન્ય ચાર ચૂલિકાના જાણવા. બીજો ભેદ સ્થલગતા ચૂલિકા છે, તેમાં મેરુપર્વત, ભૂમિ ઈત્યાદિમાં પ્રવેશ કરવો. શીઘ્ર ગમન કરવું વગેરે ક્રિયાના કારણ, મંત્ર-તંત્ર-તપશ્ચરણ આદિકનું પ્રરૂપણ છે.

ત્રીજો ભેદ માયાગતા ચૂલિકા છે, તેમાં માયામયી ઈન્દ્રજાલ વિક્રિયાના કારણભૂત મંત્ર-તંત્ર તપશ્ચરણ આદિકનું પ્રરૂપણ છે, ચોથો ભેદ રૂપગતા ચૂલિકા છે, તેમાં સિંહ, હાથી, ઘોડો, બળદ, હરણ વગેરે અનેક પ્રકારના રૂપ બનાવવાના કારણભૂત, મંત્ર-તંત્ર તપશ્ચરણ આદિનું પ્રરૂપણ છે તથા ચિત્રામ, કાષ્ઠ લેપાદિકના લક્ષણનું વર્ણન છે અને ધાતુ રસાયણનું નિરૂપણ છે. પાંચમો ભેદ આકાશગતા ચૂલિકા છે, તેમાં આકાશમાં

ગમનાદિકના કારણભૂત મંત્ર, યંત્ર, તંત્રાદિકનું પ્રરૂપણ છે. આવું બારમું અંગ છે. આ પ્રકારથી બાર અંગસૂત્ર છે.

અંગબાહ્ય શ્રુતના ૧૪ પ્રકીર્ણક છે. પ્રથમ પ્રકીર્ણક સામાયિક નામનું છે, તેમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી છ પ્રકારેથી સામાયિકનું વિશેષરૂપ વગેરે વર્ણન છે. બીજું ચતુર્વિંશતિસ્તવ નામનું પ્રકીર્ણક છે, તેમાં ચોવીસ તીર્થંકરોના મહિમાનું વર્ણન છે. ત્રીજું વંદના નામનું પ્રકીર્ણક છે, તેમાં એક તીર્થંકરના આશ્રયે વંદના-સ્તુતિનું વર્ણન છે. ચોથું પ્રતિક્રમણ નામનું પ્રકીર્ણક છે, તેમાં સાત પ્રકારના પ્રતિક્રમણનું વર્ણન છે. પાંચમું વૈનયિક નામનું પ્રકીર્ણક છે, તેમાં પાંચ પ્રકારના વિનયનું વર્ણન છે. છઠ્ઠું કૃતિકર્મ નામનું પ્રકીર્ણક છે, તેમાં અર્હંત આદિની વંદનાની ક્રિયાનું વર્ણન છે. સાતમું દશવૈકાલિક નામનું પ્રકીર્ણક છે, તેમાં મુનિના આચાર, આહારની શુદ્ધતા વગેરેનું વર્ણન છે. આઠમું ઉત્તરાધ્યયન નામનું પ્રકીર્ણક છે, તેમાં પરિષહ ઉપસર્ગને સહવાના વિધાનનું વર્ણન છે.

નવમું કલ્પવ્યવહાર નામનું પ્રકીર્ણક છે, તેમાં મુનિને યોગ્ય આચરણ અને અયોગ્યસેવનના પ્રાયશ્ચિત્તોનું વર્ણન છે. દસમું કલ્પાકલ્પ નામનું પ્રતિક્રમણ છે, તેમાં મુનિ માટે આ યોગ્ય છે આ અયોગ્ય છે એવું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વર્ણન છે. અગિયારમું મહાકલ્પ નામનું પ્રકીર્ણક છે તેમાં જિનકલ્પી મુનિને પ્રતિમાયોગ, ત્રિકાળયોગની પ્રરૂપણા છે તથા સ્થવિરકલ્પી મુનિઓની પ્રવૃતિઓનું વર્ણન છે. બારમું પુંડરિક નામનું પ્રકીર્ણક છે તેમાં ચાર પ્રકારના દેવોમાં ઉત્પન્ન થવાના કારણોનું વર્ણન છે. તેરમું મહાપુંડરીક નામનું પ્રકીર્ણક છે તેમાં ઇન્દ્રાદિક મોટી ૠદ્ધિના ધારક દેવોમાં ઉત્પન્ન થવાના કારણોની પ્રરૂપણ છે. ચૌદમું નિષિદ્ધિકા નામનું પ્રકીર્ણક છે, તેમાં અનેક પ્રકારના દોષોની શુદ્ધતાના નિમિત્ત પ્રાયશ્ચિત્તોનું પ્રરૂપણ છે, આ પ્રાયશ્ચિત શાસ્ત્ર છે, તેનું નામ નિસિતિકા પણ છે. આ પ્રમાણે અંગબાહ્ય શ્રુત ચૌદ પ્રકારનું છે.

પૂર્વોની ઉત્પત્તિ, પર્યાય સમાસ જ્ઞાનથી લઈને પૂર્વજ્ઞાનપર્યંત વીસ ભેદ છે. તેમનું વિશેષ વર્ણન, શ્રુતજ્ઞાનનું વર્ણન ગોમ્મટસાર ગ્રંથમાં વિસ્તારપૂર્વક છે, ત્યાંથી જાણવું. ૨.

આગળ કહે છે કે જે સૂત્રમાં પ્રવીણ છે તે સંસારનો નાશ કરે છે :—

**[१]सुत्तं हि जाणमाणो, भवस्स भवणासणं च सो कुणदि।**
**सूई जहा असुत्ता, णासदि सुत्ते सहा णो वि॥३॥**

१.सुत्तम्मि ।

सूत्रे ज्ञायमानः भवस्य भवनाशनं च सः करोति।
सूची यथा असूत्रा नश्यति सूत्रेण सह नापि॥३॥

સૂત્રજ્ઞ જીવ કરે વિનષ્ટ ભવો તણા ઉત્પાદને;
ખોવાય સોય અસૂત્ર, સોય સસૂત્ર નહિ ખોવાય છે; ૩.

**અર્થ** :—જે પુરુષ સૂત્રને જાણનારો છે, પ્રવીણ છે, તે સંસારમાં થનારા જન્મનો નાશ કરે છે. જેમ લોઢાની સોય દોરા વગરની હોય તો ખોવાઈ જાય અને દોરા સાથે હોય તો ન ખોવાય. આ દૃષ્ટાંત છે.

**ભાવાર્થ** :—સૂત્રનો જ્ઞાતા હોય તે સંસારનો નાશ કરે છે. જેમ સોય દોરા સહિત હોય તો દૃષ્ટિગોચર થઈને મળી આવે ક્યારેય પણ ખોવાય નહીં અને દોરા વગર હોય તો દેખાય નહીં, ખોવાઈ જાય એમ જાણવું. ૩.

હવે સોયના દૃષ્ટાંતનું દાર્ષ્ટાંત કહે છે :—

पुरिसो वि जो ससुत्तो, ण विणासइ सो गओ वि संसारे।
सच्चेयणपच्चक्खं णासदि तं सो अदिस्समाणो वि॥४॥

पुरुषोऽपि यः ससूत्रः न विनश्यति स गतोऽपि संसारे।
सच्चेतनप्रत्यक्षेण नाशयति तं सः अदृश्यमानोऽपि॥४॥

આત્માય તેમ સસૂત્ર નહિ ખોવાય, હો ભવમાં ભલે;
અદૃષ્ટ પણ તે સ્વાનુભવપ્રત્યક્ષથી ભવને હણે. ૪.

**અર્થ** :—જેવી રીતે દોરા સહિત સોય ખોવાતી નથી તે જ રીતે જે પુરુષ પણ સંસારમાં ડૂબી રહ્યો છે, પોતાનું રૂપ પોતાને દૃષ્ટિગોચર નથી તે પણ જો સૂત્ર સહિત હોય (સૂત્રનો જ્ઞાતા હોય) તો તેને આત્મા સત્તારૂપ ચૈતન્યચમત્કારમયી સ્વસંવેદનથી પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, તેથી તે ડૂબેલો નથી નાશ નથી પામ્યો. તે જે સંસારમાં ડૂબેલો છે તે સંસારનો નાશ કરે છે.

**ભાવાર્થ** :—જો કે આત્મા ઇન્દ્રિયગોચર નથી તોપણ સૂત્રના જ્ઞાતાને સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ અનુભવગોચર છે તે સૂત્રનો જ્ઞાતા સંસારનો નાશ કરે છે અને પોતે પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે. તેથી સોયનું દૃષ્ટાંત યુક્ત છે. ૪.

હવે સૂત્રમાં અર્થ(પદાર્થો) શું છે તે કહે છે :—

सुत्तत्थं जिणभणियं जीवाजीवादिबहुविहं अत्थं।
हेयाहेयं च तहा जो जाणइ सो हु सद्दिट्ठि॥५॥

सूत्रार्थं जिनभणितं जीवाजीवादिबहुविधमर्थम्।
हेयाहेयं च तथा यो जानति स हि सद्दृष्टिः॥५॥

જિનસૂત્રમાં ભાખેલ જીવ-અજીવ આદિ પદાર્થને
હેયત્વ-અણહેયત્વ સહ જાણે, સુદ્દષ્ટિ તેહ છે. ૫.

**અર્થ** :—સૂત્રનો અર્થ જિનેન્દ્ર સર્વજ્ઞ ભગવાને કહ્યો છે અને સૂત્રનો અર્થ જીવ-અજીવ વગેરે ઘણા પ્રકારના છે તથા હેય અર્થાત્ ત્યાગવાયોગ્ય પુદ્‌ગલાદિક અને ઉપાદેય અર્થાત્ અહેય અર્થાત્ ત્યાગવાયોગ્ય ન હોય તેવા આત્માને જે જાણે છે તે પ્રગટ સમ્યગ્દષ્ટિ છે.

**ભાવાર્થ** :—સર્વજ્ઞભાસિત સૂત્રમાં જીવાદિક નવ પદાર્થ તથા તેમાં હેય-ઉપાદેય તે રીતે ઘણા પ્રકારે વ્યાખ્યાન છે તેને જે જાણે છે તે શ્રદ્ધાવાન સમ્યગ્દષ્ટિ હોય છે. ૫.

આગળ કહે છે કે જિનભાસિત સૂત્ર વ્યવહાર—પરમાર્થરૂપ બે પ્રકારે છે. તેને જાણીને યોગીશ્વર શુદ્ધભાવ કરીને સુખને પામે છે :—

जं सुत्तं जिणउत्तं ववहारो तह य जाण परमत्थो।
तं जाणिऊण जोई लहइ सुहं खवइ मलपुंजं॥६॥

यत्सूत्रं जिनोक्तं व्यवहारं तथा च जानीहि परमार्थम्।
तं ज्ञात्वा योगी लभते सुखं क्षिपते मलपुंजं॥६॥

જિન-ઉક્ત છે જે સૂત્ર તે વ્યવહાર ને પરમાર્થ છે;
તે જાણી યોગી સૌખ્યને પામે, દહે મળપુંજને. ૬.

**અર્થ** :—જે જિનભાષિત સૂત્ર છે તે વ્યવહારરૂપ તથા પરમાર્થરૂપ છે. તેને જાણી યોગીશ્વરો સુખ પામે છે અને મળપુંજ એટલે કે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો ક્ષય કરે છે.

**ભાવાર્થ** :—જિનસૂત્રને વ્યવહાર-પરમાર્થરૂપે જાણીને યોગીશ્વર (મુનિ) કર્મનો નાશ કરીને અવિનાશી સુખરૂપ મોક્ષને પામે છે. પરમાર્થ (નિશ્ચય) અને વ્યવહાર તેનું સંક્ષેપ સ્વરૂપ આ પ્રમાણે છે. જિનાગમની વ્યાખ્યા ચાર અનુયોગરૂપ, શાસ્ત્રોમાં બે પ્રકારે

સિદ્ધ છે. ૧. આગમરૂપ ૨. અધ્યાત્મરૂપ. ત્યાં સામાન્ય–વિશેષરૂપે બધા પદાર્થોની પ્રરૂપણા કરે તે આગમ છે, પરંતુ જ્યાં એક આત્માના જ આશ્રયે નિરૂપણ કરે તે અધ્યાત્મ છે. અહેતુમત અને હેતુમત એવા પણ બે પ્રકાર છે, ત્યાં સર્વજ્ઞની આજ્ઞાથી જ ફક્ત પ્રમાણતા માનવી અહેતુક મત છે અને પ્રમાણ નય દ્વારા વસ્તુની નિર્બાધ સિદ્ધિ કરીને માનવું તે હેતુમત છે. આ પ્રમાણે બે પ્રકારે આગમમાં નિશ્ચય-વ્યવહારથી વ્યાખ્યાન છે, તે કાંઈક લખવામાં આવી રહ્યું છે.

જ્યારે આગમરૂપ સર્વે પદાર્થના વ્યાખ્યાન પર લગાવીએ છીએ ત્યારે તો વસ્તુનું સ્વરૂપ સામાન્ય-વિશેષરૂપ અનંતધર્મસ્વરૂપ છે. તે જ્ઞાનગમ્ય છે. તેમાં સામાન્યરૂપ તો નિશ્ચયનયનો વિષય છે અને વિશેષરૂપ જેટલા છે તેમને ભેદરૂપ કરીને ભિન્ન-ભિન્ન કહે તે વ્યવહારનયનો વિષય છે. તેને દ્રવ્ય-પર્યાયસ્વરૂપ પણ કહે છે. જે વસ્તુને વિવક્ષા કરીને સિદ્ધ કરવી હોય તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જે કાંઈપણ સામાન્ય વિશેષરૂપ વસ્તુનું સર્વસ્વ હોય તે તો નિશ્ચય-વ્યવહારથી તે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે સિદ્ધ થાય છે અને તે વસ્તુની કોઈ અન્ય વસ્તુના સંયોગરૂપ અવસ્થા હોય તેને તે વસ્તુરૂપ કહેવી તે વ્યવહાર છે, તેને ઉપચાર પણ કહે છે. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે—જેમકે એક વિવક્ષિત ઘડા નામની વસ્તુ ઉપર લગાવીએ ત્યારે જે ઘડાનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામાન્ય-વિશેષરૂપ જેટલું સર્વસ્વ છે તેટલું કહ્યું, તેવી રીતે નિશ્ચય-વ્યવહારથી કહેવું એ તો નિશ્ચય-વ્યવહાર છે. તથા ઘડાને કોઈ અન્ય વસ્તુનો સંબંધ કરીને તે ઘડાને તે નામથી કહેવું તથા અન્ય પટાદિમાં ઘડાનું આરોપણ કરીને ઘડાને કહેવું તે વ્યવહાર છે.

વ્યવહારના બે આશ્રય છે—એક પ્રયોજન, બીજું નિમિત્ત. પ્રયોજન સાધવા માટે કોઈ વસ્તુને ઘડો કહેવો તે તો પ્રયોજનાશ્રિત છે તથા કોઈ અન્ય વસ્તુના નિમિત્તે ઘડામાં જે અવસ્થા થઈ તેને ઘડારૂપ કહેવી તે નિમિત્તાશ્રિત છે. આ પ્રમાણે વિવક્ષિત સર્વ જીવ-અજીવ વિવક્ષિત વસ્તુઓ ઉપર લગાવવું. એક આત્માને જ પ્રધાન કરીને લગાડવું તે અધ્યાત્મ છે. જીવ સામાન્યને પણ આત્મા કહે છે. જે જીવ પોતાને અન્ય સર્વ જીવોથી ભિન્ન અનુભવ કરે તેને પણ આત્મા કહે છે. જ્યારે પોતાને અન્ય સર્વથી ભિન્ન અનુભવ કરીને, પોતાના ઉપર નિશ્ચય લગાડે ત્યારે આ પ્રમાણે જે પોતે અનાદિ અનંત, અવિનાશી, સર્વ અન્ય દ્રવ્યોથી ભિન્ન, એક સામાન્ય–વિશેષરૂપ, અનંત ધર્માત્મક, દ્રવ્યપર્યાયાત્મક જીવ નામની શુદ્ધ વસ્તુ છે તે કેવી છે—

શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતના સ્વરૂપ અસાધારણ ધર્મને ધારણ કરીને, અનંત

શક્તિનો ધારક છે, તેમાં સામાન્ય ભેદ ચેતના તે અનંત શક્તિનો સમૂહ દ્રવ્ય છે. અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય તે ચેતનાના વિશેષો છે તે તો ગુણો છે અને અગુરુલઘુ ગુણ દ્વારા ષટ્સ્થાનપતિત હાનિ-વૃદ્ધિરૂપ પરિણમન કરતાં જીવને ત્રિકાળાત્મક અનંત પર્યાયો છે. આ પ્રમાણે શુદ્ધ જીવ નામની વસ્તુને સર્વજ્ઞે જોઈ તેવી આગમમાં પ્રસિદ્ધિ છે, તે તો એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયના વિષયભૂત જીવ છે. આ દૃષ્ટિથી અનુભવ કરે ત્યારે તો એવી છે અને અનંત ધર્મોના ભેદરૂપ કોઈ એક ધર્મને લઈને કહેવું તે વ્યવહાર છે.

આતમ વસ્તુને અનાદિથી જ પુદ્ગલકર્મનો સંયોગ છે, તેના નિમિત્તે રાગ-દ્વેષરૂપ વિકારની ઉત્પત્તિ થાય છે તેને વિભાવ પરિણતિ કહે છે. તેનાથી ફરી આગામી કર્મનો બંધ થાય છે. આ પ્રમાણે અનાદિ નિમિત્ત-નૈમિત્તિક ભાવ દ્વારા ચતુર્ગતિરૂપ સંસારભ્રમણની પ્રવૃત્તિ હોય છે. જે ગતિને જીવ પ્રાપ્ત હોય તેવા જ નામે જીવને કહેવાય છે. તથા જેવા રાગાદિક ભાવ હોય તેવા નામ કહેવાય છે. જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની બાહ્ય-અંતરંગ સામગ્રીના નિમિત્તે પોતાનો શુદ્ધ સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયના વિષય સ્વરૂપ પોતાને જાણીને શ્રદ્ધાન કરે અને કર્મ સંયોગને તથા તેના નિમિત્તે પોતાના જે ભાવો હોય છે તેમનું યથાર્થ સ્વરૂપ જાણે ત્યારે ભેદજ્ઞાન થાય છે. ત્યારે જ પરભાવોથી વિરક્તિ થાય છે. પછી તેને દૂર કરવાનો ઉપાય સર્વજ્ઞના આગમથી યથાર્થ સમજીને તેને અંગીકાર કરે ત્યારે પોતાના સ્વભાવમાં સ્થિર થઈને અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. સર્વે કર્મોનો ક્ષય કરીને લોક-શિખર ઉપર જઈને બિરાજમાન થાય છે ત્યારે મુક્ત અથવા સિદ્ધ કહેવાય છે.

આ પ્રમાણે જેટલી સંસારની અવસ્થા અને આ મુક્ત અવસ્થાના ભેદરૂપ આત્માનું નિરૂપણ છે તે પણ વ્યવહારનયનો વિષય છે તેને અધ્યાત્મ શાસ્ત્રમાં અભૂતાર્થ-અસત્યાર્થ નામથી કહીને વર્ણન કર્યું છે, કારણ કે શુદ્ધ આત્મામાં સંયોગજનિત અવસ્થા હોય તે તો અસત્યાર્થ જ છે, આ કાંઈ શુદ્ધ વસ્તુનો સ્વભાવ તો નથી તેથી અસત્ય જ છે. જે નિમિત્તથી અવસ્થા થઈ તે પણ આત્માનું પરિણામ છે, જે આત્માનું પરિણામ છે તે આત્મામાં જ છે, તેથી કથંચિત તેમને સત્ય પણ કહે છે પરંતુ જ્યાંસુધી ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી આ દૃષ્ટિ છે. ભેદજ્ઞાન થતાં જેમ હોય તેમ જ જાણે છે.

જે દ્રવ્યરૂપ પુદ્ગલ કર્મ છે તે તો આત્માથી ભિન્ન જ છે, તેનાથી શરીરાદિકનો સંયોગ છે તે આત્માથી પ્રગટ જ ભિન્ન છે, તેને આત્માના કહેવાય છે તે વ્યવહાર પ્રસિદ્ધ જ છે, તેને અસત્યાર્થ અથવા ઉપચાર કહે છે. અહીં કર્મના સંયોગજનિત ભાવો છે તે બધા નિમિત્તાશ્રિત વ્યવહારના વિષય છે અને ઉપદેશ અપેક્ષાએ તેમને પ્રયોજનાશ્રિત પણ

કહેવાય છે. આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનો સંક્ષેપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો ત્યાં એમ સમજવું કે આ ત્રણે એક આત્માના જ ભાવ છે. આ પ્રમાણે તે સ્વરૂપે આત્માનો અનુભવ હોય તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તેમાં પણ જ્યાં સુધી અનુભવની સાક્ષાત્ પૂર્ણતા ન હોય ત્યાં સુધી એકદેશરૂપ હોય છે. તેને કથંચિત્ સર્વદેશરૂપ કહેવો તે વ્યવહાર છે અને એકદેશ નામથી કહેવું તે નિશ્ચય છે.

દર્શન-જ્ઞાન-ચારિત્રને ભેદરૂપ કહી મોક્ષમાર્ગ કહેવાય તથા તેના બાહ્ય પરદ્રવ્ય સ્વરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નિમિત્ત છે તેમને દર્શન-જ્ઞાન-ચારિત્ર નામથી કહ્યા તે વ્યવહાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. જીવાદિક તત્ત્વોના શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. શાસ્ત્રનું જ્ઞાન એટલે કે જીવાદિક પદાર્થોના જ્ઞાનને જ્ઞાન કહે છે. વગેરે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ પ્રવૃત્તિને ચારિત્ર કહે છે. બાર પ્રકારના તપને તપ કહે છે. આવા ભેદરૂપ પરદ્રવ્યના આલંબનરૂપ પ્રવૃત્તિઓ બધી અધ્યાત્મશાસ્ત્રની અપેક્ષાએ વ્યવહારના નામથી કહેવામાં આવે છે. કારણ કે વસ્તુના એકદેશને વસ્તુ કહેવી તે પણ વ્યવહાર છે અને પરદ્રવ્યના આલંબનરૂપ પ્રવૃત્તિને તે વસ્તુના નામથી કહેવી તે પણ વ્યવહાર છે.

અધ્યાત્મશાસ્ત્રમાં આ પ્રમાણે પણ વર્ણન છે કે વસ્તુ અનંત ધર્મરૂપ છે, તેથી સામાન્ય - વિશેષરૂપ તથા દ્રવ્ય-પર્યાયથી વર્ણન કરવામાં આવે છે. દ્રવ્યમાત્ર કહેવી તથા પર્યાયમાત્ર કહેવી તે વ્યવહારનો વિષય છે. દ્રવ્યનો તથા પર્યાયનો પણ નિષેધ કરી વચન-અગોચર કહેવી તે નિશ્ચયનયનો વિષય છે. જે દ્રવ્યરૂપ છે તે જ પર્યાયરૂપ છે તે પ્રમાણે બંનેને પ્રધાન કરી કહેવું તે પ્રમાણનો વિષય છે. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે. —જેમ જીવને ચૈતન્યરૂપ, નિત્ય એક અસ્તિરૂપ વગેરે અભેદમાત્ર કહેવું તે તો દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને જ્ઞાન-દર્શનરૂપ અનિત્ય અનેક નાસ્તિત્વરૂપ વગેરે ભેદરૂપ કહેવું તે પર્યાયાર્થિક નયનો વિષય છે. બંને જ પ્રકારની પ્રધાનતાનો નિષેધ માત્ર વચન અગોચર કહેવો તે નિશ્ચયનયનો વિષય છે. બંને જ પ્રકારે પ્રધાન કરીને કહેવું તે પ્રમાણનો વિષય છે વગેરે.

આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સામાન્ય તથા સંક્ષેપમાં સ્વરૂપ છે, તેને જાણીને જેમ આગમ—અધ્યાત્મ શાસ્ત્રોમાં વિશેષરૂપથી વર્ણન હોય તેને સૂક્ષ્મદૃષ્ટિથી જાણવું. જિનમત અનેકાંત સ્વરૂપ સ્યાદ્‌વાદ છે અને તેનું કથન નયોના આશ્રયે છે. નયના પરસ્પર વિરોધને સ્યાદ્વાદ દૂર કરે છે. તેના વિરોધનું તથા અવિરોધનું સ્વરૂપ સારી રીતે જાણવું.

યથાર્થ તો ગુરુ આમ્નાયથી જ થાય છે, પરંતુ ગુરુનું નિમિત્ત આ કાળમાં વિરલ થઈ ગયું, **તેથી પોતાના જ્ઞાનનું બળ ચાલે ત્યાં સુધી વિશેષરૂપથી સમજતા જ રહેવું. થોડુંક જ્ઞાન પ્રાપ્ત કરી ઉદ્ધત ન થવું, વર્તમાનકાળમાં અલ્પજ્ઞાની ઘણા છે, તેથી તેમનાથી થોડો અભ્યાસ કરીને તેમનામાં મોટા બનવાથી ઉદ્ધત થતા મદ આવી જાય છે, ત્યારે જ્ઞાન છલકાઈ જાય છે.** અને વિશેષ સમજવાની અભિલાષા રહેતી નથી. ત્યારે વિપરીત થઈને મનમાં આવે તે કહેવા લાગી જાય છે, તેનાથી અન્ય જીવોનું શ્રદ્ધાન વિપરીત થઈ જાય છે, ત્યારે પોતાને અપરાધનો પ્રસંગ આવે છે. **તેથી શાસ્ત્રને સમુદ્ર જાણીને અલ્પજ્ઞરૂપ જ પોતાનો ભાવ રાખવો જેથી વિશેષ સમજવાની અભિલાષા બની રહે. તેથી જ જ્ઞાનની વૃદ્ધિ થાય છે.**

અલ્પજ્ઞાનીઓમાં બેસીને મહંતપણું રાખે ત્યારે પોતાને પ્રાપ્ત જ્ઞાન પણ નષ્ટ થઈ જાય છે, આ પ્રમાણે જાણીને નિશ્ચય-વ્યવહારરૂપ આગમની કથન પદ્ધતિને સમજીને તેનું શ્રદ્ધાન કરીને યથાશક્તિ આચરણ કરવું. આ કાળમાં ગુરુ સંપ્રદાય વિના મહંત ન બનવું. જિનઆજ્ઞાનો લોપ ન કરવો. કોઈ કહે છે કે—અમે તો પરીક્ષા કરીને જિનમતને માનીશું તેઓ નકામા બકે છે—અલ્પબુદ્ધિવંતનું જ્ઞાન પરીક્ષા કરવાયોગ્ય નથી. આજ્ઞાને પ્રધાન રાખીને થઈ શકે તેટલી પરીક્ષા કરવામાં દોષ નથી. કેવળ પરીક્ષાને જ પ્રધાન રાખવામાં જિનમતથી ચ્યુત થઈ જાય તો મોટો દોષ આવે. તેથી જેમની પોતાના હિત-અહિત ઉપર દૃષ્ટિ છે તે તો આ પ્રમાણે જાણો, અને જેમને અલ્પજ્ઞાનીઓમાં મહંત બની પોતાનું માન, લોભ, મોટાઈ વિષય-કષાય પુષ્ટ કરવા હોય તેમની વાત નથી. તેઓ તો જેમ પોતાના વિષય-કષાય પુષ્ટ થાય તેવું જ કરશે. તેમને મોક્ષમાર્ગનો ઉપદેશ લાગતો નથી. વિપરીતને કોનો ઉપદેશ ? આ પ્રમાણે જાણવું. ૬.

આગળ કહે છે કે—જેઓ સૂત્રના અર્થ-પદથી ભ્રષ્ટ છે તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા :—

सुत्तत्थपयविणट्ठो मिच्छादिट्ठी हु सो मुणेयव्वो।
खेडे वि ण कायव्वं, पाणिप्पत्तं सचेलस्स।।७।।

सूत्रार्थपदविनष्टः मिथ्यादृष्टिः हि सः ज्ञातव्यः।
खेलेऽपि न कर्तव्यं पाणिपात्रं[1] सचेलस्य।।७।।

१. पाणिपात्रे पाठान्तर

સૂત્રાર્થપદથી ભ્રષ્ટ છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે;
કરપાત્રભોજન રમતમાંય ન યોગ્ય હોય સચેલને. ૭.

**અર્થ** :—જેમને સૂત્રનો અર્થ અને પદ ખબર નથી તે પ્રગટ મિથ્યાદ્રષ્ટિ છે, તેથી જે સચેલ છે એટલે કે વસ્ત્ર સહિત છે તેમણે હાસ્ય-કુતુહલમાં પણ કરપાત્ર અર્થાત્ હસ્તરૂપ પાત્રથી આહાર કરવો નહીં.

**ભાવાર્થ** :—સૂત્રમાં મુનિનું રૂપ નગ્ન દિગંબર કહ્યું છે, જેમને આવો સૂત્રના અર્થ તથા અક્ષરરૂપ પદની ખબર નથી અને પોતે વસ્ત્ર ધારણ કરી મુનિ કહેવડાવે છે તેઓ જિન આજ્ઞાથી ભ્રષ્ટ થયેલા પ્રગટ મિથ્યાદ્રષ્ટિ છે, તેથી વસ્ત્રવાળાને હાસ્ય-કુતુહલથી પણ કરપાત્ર અર્થાત્ હાથરૂપ પાત્રથી આહાર ન કરવો. તથા એવો પણ અર્થ થાય છે કે એવા મિથ્યાદ્રષ્ટિએ પાણિપાત્ર આહારદાન લેવું યોગ્ય નથી. આવો વેષ હાસ્ય કે કુતુહલથી પણ ધારણ કરવો યોગ્ય નથી. વસ્ત્ર સહિત રહેવું અને કરપાત્ર ભોજન કરવું આ રીતે તો ક્રીડામાત્ર પણ કરવું નહીં. ૭.

હવે આગળ કહે છે કે—જિનસૂત્રથી ભ્રષ્ટ હરિહરાદિક સમાન હોય તોપણ મોક્ષ પામતા નથી :—

हरिहरतुल्लो वि णरो सग्गं गच्छेइ एइ भवकोडी।
तह वि ण पावइ सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८।।

हरिहरतुल्योऽपि नरः स्वर्गं गच्छति एति भवकोटिः।
तथापि न प्राप्नोति सिद्धिं संसारस्थ पुनः भणितः।।८।।

હરિતુલ્ય હો પણ સ્વર્ગ પામે, કોટિ કોટિ ભવે ભમે,
પણ સિદ્ધિ નવ પામે, રહે સંસારસ્થિત આગમ કહે. ૮.

**અર્થ** :—જે મનુષ્ય સૂત્રના અર્થ તથા પદથી ભ્રષ્ટ છે તે હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રુદ્ર, તેમના સમાન પણ હોય, અનેક ઋદ્ધિ સંયુક્ત હોય, તોપણ સિદ્ધિ અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થતા નથી. જો કદાચિત્ દાન-પૂજાદિક કરી, પુણ્ય ઉપાર્જન કરી સ્વર્ગે જાય તોપણ ત્યાંથી ચ્યવીને કરોડો ભવ લઈ સંસારમાં જ રહે છે—આ પ્રમાણે જિનાગમમાં કહ્યું છે.

**ભાવાર્થ** :—શ્વેતામ્બરાદિક એ પ્રમાણે કહે છે કે—ગૃહસ્થ આદિ વસ્ત્ર સહિતનો પણ મોક્ષ થાય છે–આ પ્રમાણે સૂત્રમાં કહ્યું છે. તેનો આ ગાથામાં નિષેધનો આશય છે કે–જેમકે હરિહરાદિક ઘણા સામર્થ્યના ધારક હોય તોપણ વસ્ત્ર સહિત હોય તો મોક્ષ પામતા નથી. શ્વેતામ્બરોએ કલ્પિત સૂત્ર બનાવ્યા છે. તેમાં આ લખેલું છે તે પ્રમાણભૂત નથી; તે શ્વેતામ્બરો જિનસૂત્રના અર્થ–પદથી ચ્યુત થઈ ગયા છે એમ જાણવું જોઈએ. ૮.

આગળ કહે છે કે જે જિનસૂત્રથી ચ્યુત થઈ ગયા છે તે સ્વચ્છંદી થઈને પ્રવર્તે છે. તે મિથ્યાદ્રષ્ટિ છે :—

उक्किट्ठसीहचरियं बहुपरियम्मो य गरुयभारो य।
जो विहरइ सच्छंदं पावं गच्छेदि होदि मिच्छत्तं॥९॥

उत्कृष्ट सिंहचरितः बहुपरिकर्मा च गुरुभारश्च।
यः विहरति स्वच्छंदं पापं गच्छति भवति मिथ्यात्वम्॥९॥

સ્વચ્છંદ વર્તે તેહ પામે પાપને મિથ્યાત્વને,
ગુરુભારધર, ઉત્કૃષ્ટ સિંહચરિત્ર, બહુતપકર ભલે. ૯.

**અર્થ** :—જે મુનિ થઈને ઉત્કૃષ્ટ, સિંહ સમાન નિર્ભય થઈ આચરણ કરે છે અને ઘણા જ પરિકર્મ અર્થાત્ તપશ્ચરણાદિ ક્રિયાવિશેષોથી યુક્ત છે તથા ગુરુના બોજ અર્થાત મોટા પદ પર સ્થિત છે. સંઘનાયક કહેવાય છે, પરંતુ જો જિનસૂત્રથી ચ્યુત થઈ સ્વચ્છંદે પ્રવર્તે છે તો તે પાપને અને મિથ્યાત્વને જ પામે છે.

**ભાવાર્થ** :—જેઓ ધર્મનું નાયકપણું લઈ ગુરુપદવીધારી નિર્ભય થઈ તપશ્ચરણાદિ કરી મોટા કહેવડાવી પોતાનો સંપ્રદાય ચલાવે છે, જિનસૂત્રથી ચ્યુત થઈ તે સ્વેચ્છાચારીપણે પ્રવર્તે છે તેઓ પાપી-મિથ્યાદ્રષ્ટિ જ છે, તેમનો સંગ કરવો પણ શ્રેષ્ઠ નથી. ૯.

આગળ કહે છે કે–જિનસૂત્રમાં આ પ્રમાણે મોક્ષમાર્ગ કહ્યો છે :—

णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं।
एक्को वि मोक्खमग्गो सेसा य अमग्गया सव्वे॥१०॥

निश्चेलपाणिपात्रं उपदिष्टं परमजिनवरेन्द्रैः।
एकोऽपि मोक्षमार्गः शेषाश्च अमार्गा सर्वेः॥१०॥

નિશ્ચેલ-કરપાત્રત્વ પરમજિનેન્દ્રથી ઉપદિષ્ટ છે;
તે એક મુક્તિમાર્ગ છે ને શેષ સર્વ અમાર્ગ છે. ૧૦.

**અર્થ** :—જે નિશ્ચેલ અર્થાત્ વસ્ત્ર રહિત દિગંબર મુદ્રા સ્વરૂપ અને પાણિપાત્ર એટલે કે કરપાત્રમાં ઊભા-ઊભા આહાર કરે છે, આવો એક અદ્વિતીય મોક્ષમાર્ગ તીર્થંકર પરમદેવ જિનેન્દ્રભગવાને ઉપદેશ કર્યો છે, તે સિવાય અન્ય બધા અમાર્ગ છે.

**ભાવાર્થ** :—જેઓ મૃગચર્મ, વૃક્ષના વલ્કલ (છાલ), કપાસનું કપડું, દુકુલ, રોમવસ્ત્ર, ટાટ અને તૃણના વસ્ત્ર વગેરે રાખી પોતાને મોક્ષમાર્ગી માને છે તથા વર્તમાનકાળમાં જિનસૂત્રથી ભ્રષ્ટ થઈ ગયા છે, તેઓએ પોતાની ઈચ્છાથી અનેક વેષ ચલાવ્યા છે, કોઈ સફેદ વસ્ત્ર, કોઈ લાલ વસ્ત્ર, કોઈ પીળા વસ્ત્ર, કોઈ ટાટના વસ્ત્ર, કોઈ ઘાસના વસ્ત્ર, કોઈ ઉનના વસ્ત્ર વગેરે રાખે છે તેમને મોક્ષમાર્ગ નથી કારણ કે જિનસૂત્રમાં તો એક દિગંબર સ્વરૂપ રહી પાણિપાત્ર ભોજન કરવું તે પ્રમાણે મોક્ષમાર્ગમાં કહ્યો છે. અન્ય સર્વ વેષ મોક્ષમાર્ગમાં નથી. તે વેષને જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ૧૦.

હવે દિગંબર મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરે છે :—

जो संजमेसु सहिओ आरंभपरिग्गहेसु विरओ वि।
सो होइ वंदणीओ ससुरासुरमाणुसे लोए।।११।।

यः संयमेषु सहितः आरंभपरिग्रहेषु विरतः अपि।
सः भवति वंदनीयः ससुरासुरमानुषे लोके।।११।।

જે જીવ સંયમયુક્ત ને આરંભપરિગ્રહવિરત છે,
તે દેવ-દાનવ-માનવોના લોકત્રયમાં વંદ્ય છે. ૧૧.

**અર્થ** :—જે દિગંબર મુદ્રાધારક મુનિ ઈન્દ્રિય-મનને વશમાં કરવી, છ કાયના જીવોની દયા કરવી, આ પ્રમાણે સંયમ સહિત હોય અને આરંભ એટલે કે ગૃહસ્થના સર્વ આરંભોથી તથા બાહ્ય-અભ્યંતરના પરિગ્રહોથી વિરક્ત થઈ, તેમાં ન પ્રવર્તે તથા 'અપિ' શબ્દથી બ્રહ્મચર્ય વગેરે ગુણોથી યુક્ત હોય તે દેવ-દાનવ સહિત મનુષ્યલોકમાં વંદનયોગ્ય છે, અન્ય વેષધારી પરિગ્રહ આરંભાદિથી યુક્ત, પાખંડી (ઢોંગી) વંદનયોગ્ય નથી. ૧૧.

હવે આગળ તેમની પ્રવૃત્તિને વિશેષપણે કહે છે :—

जे बावीसपरीसह सहंति सत्तीसएहिं संजुत्ता।
ते होंति[1] वंदणीया कम्मक्खयणिज्जरासाहू॥१२॥

ये द्वाविंशतिपरीषहान् सहन्ते शक्तिशतैः संयुक्ताः।
ते भवन्ति वंदनीयाः कर्मक्षयनिर्जरासाधवः॥१२॥

બાવીશ પરિષહને સહે છે, શક્તિશતસંયુક્ત જે,
તે કર્મક્ષય ને નિર્જરામાં નિપુણ મુનિઓ વંદ્ય છે. ૧૨.

**અર્થ :—**જે સાધુ-મુનિ પોતાની સેંકડો શક્તિઓથી યુક્ત થતા થકા ક્ષુધા, તૃષાદિ બાવીસ પરિષહોને સહે છે અને કર્મોના ક્ષયરૂપ નિર્જરા કરવામાં પ્રવીણ છે તે સાધુ વંદનયોગ્ય છે.

**ભાવાર્થ :—**જે ઘણી શક્તિના ધારક સાધુ છે તે પરિષહોને સહન કરે છે, પરિષહ આવતાં પોતાના પદથી ચ્યુત થતા નથી તેમને કર્મોની નિર્જરા થાય છે, તેઓ વંદનયોગ્ય છે. ૧૨.

આગળ કહે છે કે જે દિગંબર મુદ્રા સિવાય કોઈ વસ્ત્ર ધારણ કરે, સમ્યગ્દર્શન-જ્ઞાનથી યુક્ત હોય તેઓ 'ઈચ્છાકાર' કરવા યોગ્ય છે :—

अवसेसा जे लिंगी दंसणणाणेण सम्म संजुत्ता।
चेलेण य परिगहिया ते भणिया इच्छणिज्जा य॥१३॥

अवशेषा ये लिंगिनः दर्शनज्ञानेन सम्यक् संयुक्ता।
चेलेन च परिगृहीताः ते भणिता इच्छाकारयोग्याः॥१३॥

અવશેષ લિંગી જેહ સમ્યક્ જ્ઞાન-દર્શનયુક્ત છે
ને વસ્ત્ર ધારે જેહ, તે છે યોગ્ય ઇચ્છાકારને. ૧૩.

**અર્થ :—**દિગંબર મુદ્રા સિવાય જે અવશેષ લિંગી વેષ સંયુક્ત અને સમ્યક્ત્વ સહિત દર્શન-જ્ઞાન સંયુક્ત છે તથા વસ્ત્રથી પરિગ્રહીત છે, વસ્ત્ર ધારણ કરે છે તે ઈચ્છાકાર કરવા યોગ્ય છે.

**ભાવાર્થ :—**જેઓ સમ્યગ્દર્શન-જ્ઞાન સંયુક્ત છે અને ઉત્કૃષ્ટ શ્રાવકનો વેષ

१. पाठान्तर – होंदि

ધારણ કરે છે, એક વસ્ત્ર માત્ર પરિગ્રહ રાખે છે તેઓ ઈચ્છાકાર કરવા યોગ્ય છે, તેથી (તેમને) 'ઈચ્છામિ' એ પ્રમાણે કહે છે. એનો અર્થ છે કે હું આપને ઈચ્છું છું, ચાહું છું. એવો ઈચ્છામિ શબ્દનો અર્થ છે. આ પ્રમાણે ઈચ્છાકાર કરવાનું જિનસૂત્રમાં કહ્યું છે. ૧૩.

હવે ઈચ્છાકારયોગ્ય શ્રાવકનું સ્વરૂપ કહે છે :—

इच्छायारमहत्थं सुत्तठिओ जो हु छंडए कम्मं।
ठाणे ट्ठियसम्मत्तं परलोयसुहंकरो होदि।।१४।।

इच्छाकारमहार्थं सूत्रस्थितः यः स्फुटं त्यजति कर्म।
स्थाने स्थितसम्यक्त्वः परलोकसुखंकरः भवति।।१४।।

સૂત્રસ્થ સમ્યગ્દષ્ટિયુત જે જીવ છોડે કર્મને,
'ઇચ્છામિ'યોગ્ય પદસ્થ તે પરલોકગત સુખને લહે. ૧૪.

**અર્થ :—**જે પુરુષ જિનસૂત્રમાં સ્થિત રહ્યા થકા 'ઈચ્છાકાર' શબ્દના મહાન અર્થને જાણે છે અને સ્થાન અર્થાત્ શ્રાવકના ભેદરૂપ પ્રતિમામાં રહેતા થકા સમ્યક્ત્વ સહિત વર્તે છે, આરંભાદિક કર્મોને છોડે છે તેઓ પરલોકમાં સુખ પ્રાપ્ત કરવાવાળા થાય છે.

**ભાવાર્થ :—**ઉત્કૃષ્ટ શ્રાવકને ઈચ્છાકાર કહે છે. તેથી જ જે ઈચ્છાકારના પ્રધાન અર્થને જાણે છે અને સૂત્ર અનુસાર સમ્યક્ત્વ સહિત આરંભાદિક છોડીને ઉત્કૃષ્ટ શ્રાવક થાય છે તેઓ પરલોકમાં સ્વર્ગના સુખને પામે છે. ૧૪.

હવે કહે છે કે—જે ઈચ્છાકારના મુખ્ય અર્થને જાણતો નથી અને અન્યધર્મનું આચરણ કરે છે તે સિદ્ધિને પ્રાપ્ત થતો નથી :—

अह पुण अप्पा णिच्छदि धम्माइं करेइ णिरवसेसाइं।
तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो।।१५।।

अथ पुनः आत्मानं नेच्छति धर्मान् करोति निरवशेषान्।
तथापि न प्राप्नोति सिद्धिं संसारस्थः पुनः भणितः।।१५।।

પણ આત્મને ઇચ્છ્યા વિના ધર્મો અશેષ કરે ભલે,
તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે—આગમ કહે. ૧૫.

**અર્થ** :—'અથ પુનઃ' શબ્દનો એવો અર્થ છે કે—આગળની ગાથામાં કહ્યું હતું કે જે ઈચ્છાકારના મુખ્ય અર્થને જાણે છે તે આચરણ કરી સ્વર્ગસુખ પ્રાપ્ત કરે છે. તે જ હવે ફરી કહે છે કે ઈચ્છાકારનો મુખ્ય અર્થ આત્માને ચાહવું છે, પોતાના સ્વરૂપમાં રુચિ કરવી છે. તે જે આને પસંદ કરતો નથી અને બીજા ધર્મનાં સમસ્ત આચરણ કરે છે તો પણ સિદ્ધિ એટલે કે મોક્ષને પામતા નથી. તેમને સંસારમાં જ રહેવાવાળા કહ્યા છે.

**ભાવાર્થ** :—ઈચ્છાકારનો પ્રધાન અર્થ પોતાને ચાહવો છે, તેથી જેને પોતાના સ્વરૂપની રુચિરૂપ સમ્યક્ત્વ નથી તેની બધી જ મુનિ-શ્રાવકના આચરણરૂપ પ્રવૃત્તિ મોક્ષનું કારણ નથી. ૧૫.

હવે આ જ અર્થને દૃઢ કરીને ઉપદેશ કરે છે :—

एएण कारणेण य, तं अप्पा सद्दहेह तिविहेण।
जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण॥१६॥

एतेन कारणेन च तं आत्मानं श्रद्धत्त त्रिविधेन।
येन च लभध्वं मोक्षं तं जानीत प्रयत्नेन॥१६॥

આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,
તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૧૬.

**અર્થ** :—પહેલાં કહ્યું હતું કે જે આત્માને ઈચ્છતો નથી તેને સિદ્ધિ નથી, તે જ કારણથી હે ભવ્ય જીવો ! તમે તે આત્માનું શ્રદ્ધાન કરો. મન-વચન-કાયથી સ્વરૂપમાં રુચિ કરો. આ કારણે મોક્ષને પામો અને જેનાથી મોક્ષ પમાય છે તેને પ્રયત્ન વડે સર્વ પ્રકારના ઉદ્યમ કરી જાણો. (ભાવપાહુડ ગાથા ૮૭માં પણ આ જ વાત છે.)

**ભાવાર્થ** :—જેનાથી મોક્ષ પમાય છે તેને જ જાણવો, શ્રદ્ધાન કરવો તે મુખ્ય ઉપદેશ છે. અન્ય પ્રકારના આડંબરથી શું પ્રયોજન ? આ પ્રમાણે જાણવું. ૧૬.

હવે કહે છે કે જે જિનસૂત્રને જાણવાવાળા મુનિ છે તેમનું સ્વરૂપ ફરી દૃઢ કરવાનું કહે છે :—

बालग्गकोडिमेत्तं, परिगहगहणं ण होइ साहूणं।
भुंजेइ पाणिपत्ते, दिण्णण्णं इक्कठाणम्मि॥१७॥

बालाग्रकोटिमात्रं परिग्रहग्रहणं न भवति साधूनाम्।
भुंजीत पाणिपात्रे दत्तमन्येन एकस्थाने।।१७।।

રે! હોય નહિ બાલાગ્રની અણીમાત્ર પરિગ્રહ સાધુને;
કરપાત્રમાં પરદત્ત ભોજન એક સ્થાન વિષે કરે. ૧૭.

**અર્થ** :—વાળના અગ્રભાગ જેટલો અર્થાત્ અણુમાત્ર પરિગ્રહનું ગ્રહણ સાધુને હોતું નથી. અહીં આશંકા છે જો પરિગ્રહ કાંઈ નથી તો આહાર કઈ રીતે લે છે ? તેનું સમાધાન કરે છે– આહાર કરે છે તેઓ પોતાના કરપાત્રમાં ભોજન કરે છે તે પણ અન્યનું આપેલું પ્રાસુક અન્નમાત્ર લે છે, એક જ સ્થાન પર જ લે છે, વારંવાર લેતા નથી અને અન્યસ્થાનમાં લેતા નથી.

**ભાવાર્થ** :—જે મુનિ અન્યનો આપેલો પ્રાસુક, યોગ્ય, નિર્દોષ, દિવસમાં એકવાર પોતાના હાથમાં જ આહાર લે છે, તેઓ અન્ય પરિગ્રહ શા માટે ગ્રહણ કરે ? એટલે કે ગ્રહણ ન કરે. જિનસૂત્રમાં આવા મુનિ કહેલ છે. ૧૭.

હવે કહે છે કે અલ્પ પરિગ્રહ ગ્રહણ કરે તેમાં દોષ શું છે ? તેના દોષ બતાવે છે :—

जहजायरूवसरिसो, तिलतुसमेत्तं ण गिण्हदि हत्थेसु।
जइ लेइ अप्पबहुयं, तत्तो पुण जाइ णिग्गोदं।।१८।।

यथाजातरूपसदृशः तिलतुषमात्रं न गृह्णांति हस्तयोः।
यदि लाति अल्पबहुकं ततः पुनः याति निगोदम्।।१८।।

જન્મ્યા પ્રમાણે રૂપ, તલતુષમાત્ર કરમાં નવ ગ્રહે,
થોડુંઘણું પણ જો ગ્રહે તો પ્રાપ્ત થાય નિગોદને. ૧૮.

**અર્થ** :—મુનિ યથાજાતરૂપ છે, જેવી રીતે બાળક જન્મ સમયે નગ્નરૂપે હોય છે તેવી જ રીતે નગ્નરૂપ દિગંબર મુદ્રાના ધારક છે, તે પોતાના હાથે તલના ફોતરા જેટલું પણ ગ્રહણ કરતા નથી; અને જો કાંઈપણ થોડું-ઘણું ગ્રહણ કરે તો તે મુનિ તે ગ્રહણ કરવાથી નિગોદમાં જાય છે.

**ભાવાર્થ** :—મુનિ યથાજાતરૂપ નિર્ગ્રંથ દિગંબરને કહે છે. તે આ પ્રકારે થઈને પણ થોડો પણ પરિગ્રહ રાખે તો એમ જાણો કે તેમને જિનસૂત્રની શ્રદ્ધા નથી, મિથ્યાદષ્ટિ છે;

૮

તેથી મિથ્યાત્વનું ફળ નિગોદ જ છે. કદાચ કાંઈ તપશ્ચરણ આદિ કરે તો તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગાદિક પામે, તે છતાં પણ એકેન્દ્રિય થઈને સંસારમાં જ ભ્રમણ કરે છે.

અહીં પ્રશ્ન છે કે—મુનિને શરીર છે, આહાર કરે છે, કમંડળ-પીંછી-પુસ્તક રાખે છે, અહીં તો તલના ફોતરા માત્ર પણ પરિગ્રહ રાખવાનો નિષેધ છે તે કઈ રીતે?

તેનું સમાધાન એમ છે કે—મિથ્યાત્વ સહિત રાગભાવથી અપનાવીને પોતાના વિષય-કષાય પુષ્ટ કરવા માટે રાખે તેને પરિગ્રહ કહેવાય છે. તેના નિમિત્તે કાંઈક થોડું-ઘણું રાખવાનો નિષેધ કર્યો છે અને કેવળ સંયમના નિમિત્તનો તો સર્વથા નિષેધ નથી. શરીર તો આયુપર્યંત છોડવાથી પણ છૂટે નહીં, તેનું તો મમત્વ જ છૂટે છે, તેથી તેનો જ નિષેધ કર્યો છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી આહાર ન કરે તો સામર્થ્ય જ રહે નહીં, ત્યારે સંયમ ન સધાય તેથી કાંઈક યોગ્ય આહાર વિધિપૂર્વક, રાગરહિત લેવાથી શરીર સ્વસ્થ રહેતા સંયમને સાધે છે.

કમંડળ, બાહ્ય શૌચનું ઉપકરણ છે, જો તે ન રાખવામાં આવે તો મળ-મૂત્રની અશુદ્ધતાથી પંચ પરમેષ્ઠીની ભક્તિ-વંદના કઈ રીતે કરે? અને લોકનિંદ્ય થાય. પીંછી દયાનું ઉપકરણ છે, જો તે ન રાખે તો જીવ સહિત ભૂમિ વગેરેની પ્રતિલેખના કોનાથી કરે? પુસ્તક જ્ઞાનનું ઉપકરણ છે, જો તે ન રાખવામાં આવે તો પઠન-પાઠન કઈ રીતે થાય? આ ઉપકરણોનું રાખવું પણ મમત્વપૂર્વક નથી. તેમના પ્રત્યે રાગભાવ નથી. આહાર-વિહાર, પઠન-પાઠનની ક્રિયાયુક્ત જ્યાં સુધી રહે ત્યાં સુધી કેવળજ્ઞાનની ઉત્પત્તિ પણ થતી નથી. આ સર્વે ક્રિયાઓને છોડીને શરીરનું પણ સર્વથા મમત્વ છોડી ધ્યાન અવસ્થા લઈને સ્થિર થાય, પોતાના સ્વરૂપમાં લીન થાય ત્યારે પરમ નિર્ગ્રંથ અવસ્થા થાય છે, ત્યારે શ્રેણીને પ્રાપ્ત થયે મુનિરાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. અન્ય ક્રિયા સહિત હોય ત્યાં સુધી કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી. આ પ્રમાણે નિર્ગ્રંથરૂપ મોક્ષમાર્ગ જિનસૂત્રમાં કહ્યો છે.

શ્વેતામ્બરો કહે છે કે ભવસ્થિતિ પૂરી થતાં બધી અવસ્થાઓમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે આવું કહેવું મિથ્યા છે, આ જિનસૂત્રનું વચન નથી. આ શ્વેતામ્બરોએ કલ્પિત સૂત્ર બનાવ્યા છે તેમાં લખ્યું હશે. ફરી અહીં શ્વેતામ્બર કહે છે કે તમે જે કહો છો તે ઉત્સર્ગ—માર્ગ છે, અપવાદ—માર્ગમાં વસ્ત્રાદિ-ઉપકરણ રાખવાનું કહ્યું છે, જે રીતે તમે ધર્મોપકરણ કહ્યા છે તેવી જ રીતે વસ્ત્રાદિ પણ ધર્મોપકરણ છે. જેમ ક્ષુધાની બાધા આહારથી મટાડીને સંયમ સાધે છે તેમ શીત આદિની બાધા વસ્ત્રાદિથી મટાડીને સંયમ સાધે છે તેમાં વિશેષ

શું ? તેને કહે છે કે આમાં તો મોટો દોષ આવે છે. તથા કોઈ કહે છે કે કામવિકાર ઉત્પન્ન થાય છે ત્યારે સ્ત્રીસેવન કરે તો તેમાં શું વિશેષ ? તેથી આ પ્રકારે કહેવું યોગ્ય નથી.

ક્ષુધાની બાધા તો આહારથી મટાડવી યોગ્ય છે. આહાર વિના દેહ અશક્ત થઈ જાય છે; તથા દેહ છૂટી જાય તો આપઘાતનો દોષ આવે છે; પરંતુ શીત આદિની બાધા તો અલ્પ છે તે તો જ્ઞાનાભ્યાસ આદિ સાધનથી જ મટી જાય છે. અપવાદમાં કહ્યો તે તો જેમાં મુનિપદ રહે એવી ક્રિયા કરવી તે અપવાદ—માર્ગ છે, પરંતુ જે પરિગ્રહથી તથા જે ક્રિયાથી મુનિપદથી ભ્રષ્ટ થઈ ગૃહસ્થ સમાન થઈ જાય તે અપવાદ—માર્ગ નથી. દિગંબર મુદ્રા ધારણ કરી કમંડળ-પીંછી સહિત આહાર-વિહાર ઉપદેશાદિકમાં પ્રવર્તે તે અપવાદ-માર્ગ છે અને તે સર્વે પ્રવૃત્તિઓ છોડી ધ્યાનસ્થ થઈ શુદ્ધોપયોગમાં લીન થઈ જાય તેને ઉત્સર્ગમાર્ગ કહ્યો છે. આ પ્રમાણે મુનિપદ પોતાનાથી ન સધાય તેથી શિથિલાચારનું પોષણ શા માટે કરવું. મુનિપદનું સામર્થ્ય ન હોય તો શ્રાવકધર્મનું જ પાલન કરવું. તેનાથી પરંપરાએ સિદ્ધિ પ્રાપ્ત થશે. જિનસૂત્રની યથાર્થ શ્રદ્ધા રાખવાથી સિદ્ધિ છે. તેના વિના અન્ય સર્વ ક્રિયાઓ સંસારમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી—એમ જાણવું. ૧૮.

હવે તેનું જ સમર્થન કરે છે :—

जस्स परिग्गहगहणं अप्पं बहुयं च हवइ लिंगस्स।
सो गरहिउ जिणवयणे परिगहरहिओ णिरायारो ।।१९।।

यस्य परिग्रहग्रहणं अल्पं बहुकं च भवति लिंगस्य।
स गर्ह्यः जिनवचने परिग्रहरहितः निरागारः ।।१९।।

રે! હોય બહુ વા અલ્પ પરિગ્રહ સાધુને જેના મતે,
તે નિંદ્ય છે; જિનવચનમાં મુનિ નિષ્પરિગ્રહ હોય છે. ૧૯.

**અર્થ** :—જેના મતમાં લિંગ એટલે કે વેષમાં તેને પરિગ્રહનું થોડું તથા ઘણું ગ્રહણ કરવાનું કહ્યું છે તે મત તથા તેના શ્રદ્ધાવાન પુરુષો ગર્હિત છે, નિંદાયોગ્ય છે કારણ કે જિનવચનમાં પરિગ્રહ રહિત જ નિરાગાર છે, નિર્દોષ મુનિ છે, આ પ્રમાણે કહ્યું છે.

**ભાવાર્થ** :—શ્વેતામ્બર આદિના કલ્પિત સૂત્રોમાં મુનિવેશમાં થોડું ઘણું પરિગ્રહનું ગ્રહણ કહ્યું છે, તે સિદ્ધાંત તથા તેનું શ્રદ્ધાન નિંદ્ય છે. જિનવચનમાં પરિગ્રહ રહિતને જ નિર્દોષ મુનિ કહ્યા છે. ૧૯.

હવે કહે છે કે જિનવચન અનુસાર આવા જ મુનિ વંદનયોગ્ય કહ્યા છે :—

पंचमहव्वयजुत्तो तिहिं गुत्तिहिं जो स संजदो होइ।
णिग्गंथमोक्खमग्गो, सो होदि हु वंदणिज्जो य॥२०॥

पंचमहाव्रतयुक्तः तिसृभिः गुप्तिभिः यः स संयतो भवति।
निर्ग्रंथमोक्षमार्गः स भवति हि वन्दनीयः च॥२०॥

ત્રણ ગુપ્તિ, પંચ મહાવ્રતે જે યુક્ત, સંયત તેહ છે;
નિર્ગ્રંથ મુક્તિમાર્ગ છે તે; તે ખરેખર વંદ્ય છે. ૨૦.

**અર્થ** :—જે મુનિ પંચમહાવ્રત યુક્ત હોય અને ત્રણ ગુપ્તિ સંયુક્ત હોય તે સંયત છે, સંયમવાન છે અને નિર્ગ્રંથ મોક્ષમાર્ગી છે. તેઓ જ નિશ્ચયથી વંદનયોગ્ય છે.

**ભાવાર્થ** :—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ—આ પાંચ મહાવ્રત સહિત હોય અને મન-વચન-કાયરૂપ ત્રણ ગુપ્તિ સહિત હોય તે સંયમી છે. તે નિર્ગ્રંથ સ્વરૂપ છે તે જ વંદનયોગ્ય છે. જે કાંઈ થોડો-ઘણો પણ પરિગ્રહ રાખે તે મહાવ્રતી સંયમી નથી. આ મોક્ષમાર્ગ નથી. તે ગૃહસ્થના સમાન પણ નથી. ૨૦.

આગળ કહે છે કે પૂર્વોક્ત એક વેષ મુનિનો કહ્યો હવે બીજો વેષ ઉત્કૃષ્ટ શ્રાવકનો નીચે પ્રમાણે કહ્યો છે :—

दुइयं च उत्त लिंगं उक्किट्ठं अवरसावयाणं च।
भिक्खं भमेइ पत्ते समिदीभासेण मोणेण॥२१॥

द्वितीयं चोक्तं लिंगं उत्कृष्टं अवरश्रावकाणां च।
भिक्षां भ्रमति पात्रे समितिभाषया मौनेन॥२१॥

બીજુ કહ્યું છે લિંગ ઉત્તમ શ્રાવકોનું શાસને;
તે વાક્સમિતિ વા મૌનયુક્ત સપાત્ર ભિક્ષાટન કરે. ૨૧.

**અર્થ** :—દ્વિતીય લિંગ અર્થાત્ બીજો વેષ ઉત્કૃષ્ટ શ્રાવકનો છે કે જે ગૃહસ્થ નથી, આ પ્રમાણે ઉત્કૃષ્ટ શ્રાવકનો કહ્યો છે, તે ઉત્કૃષ્ટ શ્રાવક અગિયારમી પ્રતિમાના ધારક છે, તે ભ્રમણ કરી ભિક્ષા દ્વારા ભોજન કરે અને પાત્રમાં ભોજન કરે તથા હાથમાં (પણ) કરે અને સમિતિરૂપ પ્રવર્તતા થકા ભાષાસમિતિરૂપ બોલે અથવા મૌન (પણ) રહે.

**ભાવાર્થ** :—એક તો મુનિનું યથાજાતરૂપ કહ્યું અને બીજું આ ઉત્કૃષ્ટ શ્રાવકનું કહ્યું. તે અગિયારમી પ્રતિમાના ધારક ઉત્કૃષ્ટ શ્રાવક છે. તેઓ એક વસ્ત્ર તથા કોપીન માત્ર ધારણ કરે છે અને ભિક્ષા-ભોજન કરે, પાત્રમાં પણ ભોજન કરે છે અને કરપાત્રમાં પણ કરે છે. સમિતિરૂપ વચન કહે છે અને મૌન પણ રહે છે, આ પ્રમાણે આ બીજો વેષ છે. ૨૧.

આગળ ત્રીજું લિંગ સ્ત્રીઓનું કહે છે :—

लिंगं इत्थीणं हवदि भुंजइ पिंडं सुएयकालम्मि।
अज्जिय वि एक्कवत्था, वत्थावरणेण भुंजेदि॥२२॥

लिंगं स्त्रीणां भवति भुंक्ते पिंडं स्वेक काले।
आर्या अपि एकवस्त्रा वस्त्रावरणेन भुंक्ते॥२२॥

છે લિંગ એક સ્ત્રીઓ તણું, એકાશની તે હોય છે;
આર્યાય એક ધરે વસન, વસ્ત્રાવૃતા ભોજન કરે. ૨૨.

**અર્થ** :—સ્ત્રીઓનું લિંગ આ પ્રમાણે છે—એકવાર ભોજન કરે, વારંવાર ભોજન ન કરે, આર્યિકા હોય તો એક વસ્ત્ર ધારણ કરે અને ભોજન કરતી વખતે પણ વસ્ત્રના આવરણ સહિત કરે. નગ્ન ન થાય.

**ભાવાર્થ** :—સ્ત્રી આર્યિકા પણ હોય અને ક્ષુલ્લિકા પણ હોય. તે બંને જ દિવસમાં એક જ વાર ભોજન કરે, આર્યિકા હોય તે એક વસ્ત્ર ધારણ કર્યાં થકાં જ ભોજન કરે. નગ્ન ન થાય. આ પ્રમાણે ત્રીજું સ્ત્રીઓનું લિંગ છે. ૨૨.

આગળ કહે છે કે વસ્ત્રધારકનો મોક્ષ નથી, મોક્ષમાર્ગ નગ્નપણું જ છે :—

ण वि सिज्झदि वत्थधरो, जिणसासणे जइ वि होइ तित्थयरो।
णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे॥२३॥

नापि सिध्यति वस्त्रधरः जिनशासने यद्यपि भवति तीर्थंकरः।
नग्नः विमोक्षमार्गः शेषा उन्मार्गकाः सर्वे॥२३॥

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. ૨૩.

**અર્થ** :—જિનશાસનમાં એ પ્રમાણે કહ્યું છે કે—વસ્ત્રને ધારણ કરવાવાળો સીઝતો

નથી, મોક્ષ પામતો નથી, જો તીર્થંકર પણ હોય તો જ્યાં સુધી ગૃહસ્થ રહે ત્યાં સુધી મોક્ષ પામતા નથી, દીક્ષા લઈને દિગંબર રૂપ ધારણ કરે ત્યારે મોક્ષ પામે, કારણ કે નગ્નપણું જ મોક્ષમાર્ગ છે, બાકીના સર્વ વેષ-લિંગ ઉન્માર્ગ છે.

**ભાવાર્થ** :—શ્વેતામ્બર આદિ વસ્ત્રધારકોને પણ મોક્ષ કહે છે તે મિથ્યા છે, એ જિનમત નથી. ૨૩.

હવે સ્ત્રીઓને (મુનિ) દીક્ષા નથી તેનું કારણ કહે છે :—

लिंगम्मि य इत्थीणं, थणंतरे णाहिकक्खदेसेसु।
भणिओ सुहुमो काओ, तासिं कह होइ पव्वज्ञा॥२४॥

लिंगे च स्त्रीणां स्तनांतरे नाभिकक्षदेशेषु।
भणितः सूक्ष्मः कायः तासां कथं भवति प्रव्रज्या॥२४॥

સ્ત્રીને સ્તનોની પાસ, કક્ષે, યોનિમાં, નાભિ વિષે,
બહુ સૂક્ષ્મ જીવ કહેલ છે; ક્યમ હોય દીક્ષા તેમને? ૨૪.

**અર્થ** :—સ્ત્રીઓને યોનિમાં તથા બે સ્તનોની વચ્ચે તથા બંન્ને બગલમાં, નાભિમાં સૂક્ષ્મકાય અર્થાત્ દૃષ્ટિથી અગોચર જીવો હોવાનું કહ્યું છે, તેથી આ પ્રમાણે સ્ત્રીઓને દીક્ષા કઈ રીતે હોય?

**ભાવાર્થ** :—સ્ત્રીઓને યોનિ, સ્તન, બગલ અને નાભિમાં પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ નિરંતર કહી છે, તેમને મહાવ્રતોની દીક્ષા કઈ રીતે હોય? (સ્ત્રીઓને) મહાવ્રત કહ્યા તે ઉપચારથી કહ્યા છે, પરમાર્થથી નહીં. સ્ત્રી પોતાના સામર્થ્યના હદને પહોંચીને વ્રત ધારણ કરે છે તે અપેક્ષાએ તેમને મહાવ્રત કહ્યા છે. ૨૪.

હવે કહે છે કે જો સ્ત્રી પણ દર્શનથી શુદ્ધ હોય તો પાપરહિત છે, ભલી છે :—

जइ दंसणेण सुद्धा, उत्ता मग्गेण सावि संजुत्ता।
घोरं चरिय चरित्तं, इत्थीसु ण पव्वया भणिया॥२५॥

यदि दर्शनेन शुद्धा उक्ता मार्गेण सापि संयुक्ता।
घोरं चरित्वा चारित्रं स्त्रीषु न पापका भणिता॥२५॥

જો હોય દર્શનશુદ્ધ તો તેનેય માર્ગયુતા કહી;
છો ચરણ ઘોર ચરે છતાં સ્ત્રીને નથી દીક્ષા કહી. ૨૫.

**અર્થ** :—સ્રીઓમાં જે સ્રી દર્શન અર્થાત્ યથાર્થજિનમતની શ્રદ્ધાથી શુદ્ધ હોય તે પણ માર્ગથી સંયુક્ત કહી છે. તે ઘોર ચારિત્ર, તીવ્ર તપશ્ચરણાદિક આચરણથી પાપરહિત થાય છે તેથી તેને પાપયુક્ત કહેવાતી નથી.

**ભાવાર્થ** :—સ્રીઓમાં જે સ્ત્રી સમ્યક્ત્વ સહિત હોય અને જે તપશ્ચરણ કરે તો પાપરહિત થઈને સ્વર્ગને પામે તેથી તે પ્રશંસા યોગ્ય છે. પરંતુ સ્રીપર્યાયથી મોક્ષ થતો નથી. ૨૫.

આગળ કહે છે કે સ્રીઓને (મુનિયોગ્ય) ધ્યાનની સિદ્ધિ પણ નથી :—

चित्तासोहि ण तेसिं, ढिल्लं भावं तहा सहावेण।
विज्जदि मासा तेसिं, इत्थीसु णसंकया झाणा॥२६॥

चित्ताशोधि न तेषां शिथिलः भावः तथा स्वभावेन।
विद्यते मासा तेषां स्त्रीषु न शङ्कया ध्यानम्॥२६॥

મનશુદ્ધિ પૂરી ન નારીને, પરિણામ શિથિલ સ્વભાવથી,
વળી હોય માસિક ધર્મ, સ્રીને ધ્યાન નહિ નિઃશંકથી. ૨૬.

**અર્થ** :—તે સ્રીઓને ચિત્તની શુદ્ધતા નથી, તેથી સ્વભાવથી જ તેમનો ઢીલોભાવ છે, શિથિલ પરિણામ છે, અને તેમને માસિક અર્થાત્ દરેક માસે રુધિરનો સ્રાવ વિદ્યમાન છે, તેમને શંકા રહે છે, એટલે સ્રીઓને (મુનિયોગ્ય) ધ્યાન નથી.

**ભાવાર્થ** :—ધ્યાન તેને હોય છે કે જેને ચિત્ત શુદ્ધ હોય, દ્રઢ પરિણામ હોય, કોઈપણ પ્રકારની શંકા ન હોય. આ ત્રણ કારણ સ્ત્રીઓને નથી તેથી તેમને ધ્યાન કેવી રીતે થાય ? ધ્યાન વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ કેવી રીતે થાય ? અને કેવળજ્ઞાન વિના મોક્ષ નથી. શ્વેતામ્બરાદિક મોક્ષ કહે છે તે મિથ્યા છે. ૨૬.

હવે સૂત્રપ્રાભૃતને સમાપ્ત કરે છે અને સામાન્યરૂપે સુખનું કારણ કહે છે :—

गाहेण अप्पगाहा, समुद्दसलिले सचेलअत्थेण।
इच्छा जाहु णियत्ता, ताह णियत्ताइं सव्वदुक्खाइं॥२७॥

ग्राह्येण अल्पग्राह्याः समुद्रसलिले स्वचेलार्थेन।
इच्छा येभ्यः निवृत्ताः तेषां निवृत्तानि सर्वदुःखानि॥२७॥

પટશુદ્ધિમાત્ર સમુદ્રજલવત્ ગ્રાહ્ય પણ અલ્પ જ ગ્રહે,
ઇચ્છા નિવર્તી જેમને, દુખ સૌ નિવર્ત્યાં તેમને. ૨૭.

**અર્થ** :—જે મુનિ ગ્રાહ્ય અર્થાત્ ગ્રહણ કરવાયોગ્ય વસ્તુ આહારાદિકથી તો અલ્પ ગ્રહણ છે. થોડો ગ્રહણ કરે, જે રીતે કોઈ પુરુષ ઘણા જળથી ભરેલા સમુદ્રમાંથી પોતાનું વસ્ત્ર ધોવા પુરતું થોડું જળ ગ્રહણ કરે છે, તે જ રીતે જિનમુનિઓની ઈચ્છા નિવૃત્ત થઈ ગઈ છે તેથી તેમના સર્વે દુઃખો નિવૃત્ત થઈ ગયા છે.

**ભાવાર્થ** :—જગતમાં આ વાત પ્રસિદ્ધ છે કે જેમને સંતોષ છે તે સુખી છે, આ વાતથી એમ સિદ્ધ થયું કે મુનિઓને ઈચ્છાની નિવૃત્તિ થઈ ગઈ છે, તેમને સંસારના વિષય સંબંધી ઈચ્છા કિંચિત્‌માત્ર પણ નથી, તેઓ દેહથી પણ વિરક્ત છે તેથી પરમ સંતોષી છે અને આહારાદિ જે કાંઈ ગ્રહણયોગ્ય હોય તેમાંથી પણ અલ્પ જ ગ્રહણ કરે છે તેથી તેઓ પરમ સંતોષી છે, પરમ સુખી છે, આ જિનસૂત્રના શ્રદ્ધાનનું ફળ છે, અન્ય સૂત્રમાં યથાર્થ નિવૃત્તિની પ્રરૂપણા નથી, જેથી સુખની ઈચ્છાવાળા જીવોએ જિનસૂત્રનું નિરંતર સેવન કરવું યોગ્ય છે. ૨૭.

આ પ્રમાણે સૂત્રપાહુડને પૂર્ણ કર્યું.

( છપ્પય )

જિનવરકી ધ્વનિ મેઘધ્વનિસમ મુખતૈં ગરજે,
ગણધરકે શ્રુતિ ભૂમિ વરષિ અક્ષર પદ સરજૈ;
સકલ તત્ત્વ પરકાસ કરૈ જગતાપ નિવારૈ,
હેય અહેય વિધાન લોક નીકે મન ધારૈ.
વિધિ પુણ્યપાપ અરુ લોકકી મુનિ શ્રાવક આચરન ફુનિ;
કરિ સ્વ-પર ભેદ નિર્ણય સકલ, કર્મ નાશિ શિવ લહત મુનિ. ૧

( દોહા )

વર્દ્ધમાન જિનકે વચન વરતૈં પંચમકાલ;
ભવ્ય પાય શિવમગ લહૈ નમૂં તાસ ગુણમાલ. ૨

શ્રી કુંદકુંદસ્વામી વિરચિત સૂત્રપ્રાભૃતની પંડિત જયચંદજી છાબડાકૃત દેશભાષા વચનિકાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

# ચારિત્રપ્રાભૃત

## -૩-

(દોહા)

વીતરાગ સર્વજ્ઞ જિન વંદૂ મન વચ કાય;
ચારિત ધર્મ બખાનિયો સાંચો મોક્ષ ઉપાય. ૧

કુન્દકુન્દમુનિરાજકૃત ચારિતપાહુડ ગ્રન્થ;
પ્રાકૃત ગાથાબંધકી કરું વચનિકા પંથ. ૨

આ પ્રમાણે મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરીને હવે ચારિત્રપ્રાભૃતની પ્રાકૃત ગાથાઓની દેશભાષામય વચનિકાનો ગુજરાતી અનુવાદ લખીએ છીએ. શ્રી કુંદકુંદ આચાર્ય શરૂઆતમાં જ મંગલને માટે ઈષ્ટદેવને નમસ્કાર કરીને ચારિત્રપ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

**सव्वण्हु सव्वदंसी णिम्मोहा वीयराय परमेट्ठी।**
**वंदित्तु तिजगवंदा अरहंता भव्वजीवेहिं ।।१।।**

**णाणं दंसण सम्मं चारित्तं सोहिकारणं तेसिं।**
**मोक्खाराहणहेउं चारित्तं पाहुडं वोच्छे ।।२।। युग्मम्।**

सर्वज्ञान् सर्वदर्शिनः निर्मोहान् वीतरागान् परमेष्ठिनः।
वंदित्वा त्रिजगद्वंदितान् अर्हतः भव्यजीवैः ।।१।।

ज्ञानं दर्शनं सम्यक् चारित्रं शुद्धिकारणं तेषाम्।
मोक्षाराधनहेतुं चारित्रं प्राभृतं वक्ष्ये ।।२।। युग्मम्।

**સર્વજ્ઞ છે, પરમેષ્ઠી છે, નિર્મોહ ને વીતરાગ છે,**
**તે ત્રિજગવંદિત, ભવ્યપૂજિત અર્હતોને વંદીને; ૧.**

ભાખીશ હું ચારિત્રપ્રાભૃત મોક્ષને આરાધવા,
જે હેતુ છે સુજ્ઞાન-દૃગ-ચારિત્ર કેરી શુદ્ધિમાં. ૨.

**અર્થ** :—આચાર્ય કહે છે કે હું અર્હંત પરમેષ્ઠીને નમસ્કાર કરીને ચારિત્રપ્રાભૃતને કહીશ. અર્હંત પરમેષ્ઠી કેવા છે ? अरहंत—પ્રાકૃત અક્ષરની અપેક્ષાએ તો એવો અર્થ થાય છે કે—'અ'કાર આદિ અક્ષરથી તો 'અરિ' એટલે કે મોહકર્મ. 'ર'કાર આદિ અક્ષરની અપેક્ષાએ રજ અર્થાત્ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મને હણ્યા. તે જ 'ર'કારથી રહસ્ય અર્થાત્ અંતરાયકર્મ—આ પ્રકારે ચાર ઘાતિયાકર્મો નાશ કર્યો છે તે અરહંત છે. સંસ્કૃતની અપેક્ષાએ 'અર્હ' એવો પૂજા અર્થમાં ધાતુ છે, તેનાથી 'અર્હન્' એવી નિષ્પત્તિ થાય ત્યારે પૂજાયોગ્ય હોય તેને 'અર્હત્' કહે છે તેઓ ભવ્ય જીવો દ્વારા પૂજ્ય છે. પરમેષ્ઠી કહેવાથી પરમ ઈષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ પૂજ્ય હોય તેને પરમેષ્ઠી કહે છે અથવા પરમ જે ઉત્કૃષ્ટ પદ તેમાં જે સ્થિત થાય તે પરમેષ્ઠી છે. આ પ્રમાણે ઈન્દ્રાદિક દ્વારા પૂજ્ય અર્હંત પરમેષ્ઠી છે.

સર્વજ્ઞ છે, જેઓ સર્વે લોકાલોક સ્વરૂપ ચરાચર પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞ છે. સર્વદર્શી એટલે કે સર્વ પદાર્થોને દેખવાવાળા છે. નિર્મોહ છે, તે મોહનીય નામની કર્મની પ્રધાન પ્રકૃતિ મિથ્યાત્વ છે તેનાથી રહિત છે. વીતરાગ છે, જેમને વિશેષરૂપે રાગ દૂર થઈ ગયો છે તેથી વીતરાગ છે, તેમને ચારિત્રમોહનીય કર્મના ઉદયથી હોય એવા રાગ-દ્વેષ પણ નથી. તેઓ ત્રિજગત વંદ્ય છે, ત્રણ જગતના પ્રાણીઓ તથા તેમના સ્વામી ઈન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તીઓથી વંદનયોગ્ય છે. આ પ્રમાણે અર્હંતપદને વિશેષ્ય કરીને અન્ય પદોને વિશેષણ કરીને અર્થ કર્યો છે. સર્વજ્ઞપદને વિશેષ્ય કરીને તથા અન્ય પદોને વિશેષણ કરીને પણ આ રીતે જ અર્થ થાય છે. પંરતુ ત્યાં અર્હંત ભવ્યજીવોથી પૂજ્ય છે એ પ્રકારનું વિશેષણ થાય છે.

ચારિત્ર કેવું છે ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ ત્રણે આત્માના પરિણામ છે, તે ચારિત્ર આત્માને શુદ્ધતાનું કારણ છે, ચારિત્ર અંગીકાર કરવાથી સમ્યગ્દર્શનાદિ પરિણામ નિર્દોષ થાય છે. ચારિત્ર મોક્ષની આરાધનાનું કારણ છે,—આ પ્રમાણે ચારિત્રપ્રાભૃત ગ્રંથને કહીશ. તેવી રીતે આચાર્યદેવે મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરી છે. ૧-૨

હવે સમ્યગ્દર્શનાદિ કારણ ત્રણ ભાવોનું સ્વરૂપ કહેવાય છે :—

जं जाणइ तं णाणं, जं पेच्छइ तं च दंसणं भणियं।
णाणस्स पिच्छियस्स य, समवण्णा होइ चारित्तं।।३।।

यज्ज्ञानाति तत् ज्ञानं यत् पश्यति तच्च दर्शनं भणितम्।
ज्ञानस्य दर्शनस्य च समापन्नात् भवति चारित्रम्॥३॥

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન ઉક્ત છે;
ને જ્ઞાન-દર્શનના સમાયોગે સુચારિત હોય છે. ૩.

**અર્થ** :—જે જાણે છે તે જ્ઞાન છે, જે દેખે (શ્રદ્ધે) છે તે દર્શન છે, એમ કહ્યું છે. જ્ઞાન અને દર્શનના સમાયોગથી ચારિત્ર હોય છે.

**ભાવાર્થ** :—જાણે તે તો જ્ઞાન, અને દેખે (શ્રદ્ધાન કરે) તે દર્શન. તથા બંને એકરૂપ થઈને સ્થિર હોય તે ચારિત્ર છે. ૩.

હવે કહે છે કે જે ત્રણ ભાવ જીવના છે તેમની શુદ્ધતાને માટે ચારિત્ર બે પ્રકારનું કહ્યું છે :—

एए तिण्णि वि भावा, हवंति जीवस्स अक्खयामेया।
तिण्हं पि सोहणत्थे, जिणभणियं दुविह चारित्तं॥४॥

एते त्रयोऽपि भावाः भवन्ति जीवस्य अक्षयाः अमेयाः।
त्रयाणामपि शोधनार्थं जिनभणितं द्विविधं चारित्रम्॥४॥

આ ભાવ ત્રણ આત્મા તણા અવિનાશ તેમ અમેય છે;
એ ભાવત્રયની શુદ્ધિ અર્થે દ્વિવિધ ચરણ જિનોક્ત છે. ૪.

**અર્થ** :—તે જ્ઞાન વગેરે ત્રણ ભાવ કહ્યા, તે જીવના ભાવ અક્ષય અને અનંત છે, તેમની શુદ્ધિ કરવા માટે જિનેન્દ્રદેવે બે પ્રકારનું ચારિત્ર કહ્યું છે.

**ભાવાર્થ** :—જાણવું, શ્રદ્ધવું અને આચરણ કરવું આ ત્રણ ભાવ જીવના અક્ષયાનંત છે, અક્ષય એટલે જેનો નાશ નથી, અમેય એટલે કે અનંત જેનો પાર નથી, સર્વ લોકાલોકને જાણવાવાળું જ્ઞાન છે, તેવું જ દર્શન છે, આ પ્રમાણે જ ચારિત્ર છે તોપણ ઘાતિકર્મના નિમિત્તે તેઓ અશુદ્ધ છે, જે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છે તેથી તેને શુદ્ધ કરવા માટે જિનદેવે તેનું આચરણ બે પ્રકારે કહ્યું છે. ૪.

હવે બે પ્રકારનું કહ્યું તે કહે છે :—

जिणणाणदिट्ठिसुद्धं पढमं सम्मत्तचरणचारित्तं।
विदियं संजमचरणं जिणणाणसदेसियं तं पि॥५॥

जिनज्ञानदृष्टिशुद्धं प्रथमं सम्यक्त्वचरणचारित्रम्।
द्वितीयं संयमचरणं जिनज्ञानसंदेशितं तदपि॥५॥

સમ્યક્ત્વચરણં છે પ્રથમ, જિનજ્ઞાનદર્શનશુદ્ધ જે,
બીજું ચરિત સંયમચરણ, જિનજ્ઞાનભાષિત તેય છે. ૫.

**અર્થ** :—પ્રથમ તો સમ્યક્ત્વના આચરણસ્વરૂપ ચારિત્ર છે, તે જિનદેવના જ્ઞાન-દર્શનથી શુદ્ધ કરેલ છે. બીજું સંયમના આચરણસ્વરૂપ ચારિત્ર છે, તે પણ જિનેન્દ્રદેવના જ્ઞાનથી શુદ્ધ દેખાડવામાં આવ્યું છે.

**ભાવાર્થ** :—ચારિત્ર બે પ્રકારનું કહેવામાં આવ્યું છે. પ્રથમ તો સમ્યક્ત્વનું આચરણ કહ્યું તે જે આગમમાં તત્ત્વાર્થનું સ્વરૂપ કહ્યું તેને યથાર્થ જાણીને શ્રદ્ધાન કરવું અને તેને શંકાદિ અતિચાર મળદોષનો પરિહાર કરી શુદ્ધ કરવું. તથા તેને નિઃશંકિત આદિ ગુણોનું પ્રગટ થવું તે સમ્યક્ત્વચરણ ચારિત્ર છે. અને જે મહાવ્રતાદિ અંગીકાર કરીને સર્વજ્ઞના આગમમાં કહ્યું છે તેવું સંયમનું આચરણ કરવું અને તેના અતિચાર આદિ દોષોને દૂર કરવા એ સંયમચરણ ચારિત્ર છે. આ પ્રમાણે સંક્ષેપથી સ્વરૂપ કહ્યું. ૫.

હવે સમ્યક્ત્વચરણ ચારિત્રના મળ-દોષોનો ત્યાગ કરી આચરણ કરવાનું કહે છે :—

एवं चिय णाऊण य, सव्वे मिच्छत्तदोस संकाइ।
परिहर सम्मत्तमला, जिणभणिया तिविहजोएण॥६॥

एवं चैव ज्ञात्वा च सर्वान् मिथ्यात्वदोषान् शङ्कादीन्।
परिहर सम्यक्त्वमलान् जिनभणितान् त्रिविधयोगेन॥६॥

ઈમ જાણીને છોડો ત્રિવિધ યોગે સકળ શંકાદિને,
—મિથ્યાત્વમય દોષો તથા સમ્યક્ત્વમળ જિન-ઉક્તને. ૬.

**અર્થ** :—આ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારે સમ્યક્ત્વાચરણ ચારિત્રને જાણીને મિથ્યાત્વકર્મના ઉદયથી થયેલા શંકાદિક દોષ સમ્યક્ત્વને અશુદ્ધ કરવાવાળા મળ છે એમ જિનદેવે કહ્યું છે તેમને મન-વચન-કાયાના ત્રણે યોગોથી છોડવા.

**ભાવાર્થ** :—શંકાદિ દોષ સમ્યક્ત્વના મળ છે, તેમને ત્યાગવાથી સમ્યક્ત્વાચરણ ચારિત્ર શુદ્ધ થાય છે તેથી તેમનો ત્યાગ કરવાનો ઉપદેશ જિનદેવોએ કર્યો છે. તે દોષ શું છે તે લખીએ છીએ—જિનવચનમાં વસ્તુનું સ્વરૂપ કહ્યું તેમાં શંકા કરવી તે શંકાદોષ છે;

તે દોષ હોવાથી સપ્તભયના નિમિત્તે સ્વરૂપથી ડગી જાય તે પણ શંકા છે. ભોગોની અભિલાષા કાંક્ષા નામનો દોષ છે, તે હોતાં ભોગોમાટે સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે. વસ્તુનું સ્વરૂપ અર્થાત્ ધર્મમાં ગ્લાનિ કરવી તે જુગુપ્સા દોષ છે, તે હોતાં ધર્માત્મા પુરુષોને પૂર્વકર્મના ઉદયે દેખાતી બાહ્ય મલિનતા જોઈને જિનમતથી ડગી જાય છે.

દેવ-ગુરુ-ધર્મ તથા લૌકિક કાર્યમાં મૂઢતા એટલે કે યથાર્થ સ્વરૂપને ન જાણવું તે મૂઢ દૃષ્ટિદોષ છે, તેના હોવાથી અન્ય લૌકિકજનોએ માનેલા સરાગી દેવ, હિંસા ધર્મ અને સગ્રંથ ગુરુ તથા લોકોએ વગર વિચાર કર્યા માનેલી અનેક ક્રિયા વિશેષોથી વૈભવાદિની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરવાથી યથાર્થમતથી ભ્રષ્ટ થઈ જાય છે. ધર્માત્મા પુરુષોમાં કર્મના ઉદયથી કાંઈક દોષ ઉત્પન્ન થયેલો દેખી તેમની અવજ્ઞા કરવી તે અનુપગૂહન દોષ છે, તે હોતા ધર્મથી છૂટી જવાનું થાય છે. ધર્માત્મા પુરુષોને કર્મના ઉદયના વશે ધર્મથી ડગતા દેખીને તેમની (ધર્મમાં) સ્થિરતા ન કરવી તે અસ્થિતિકરણ દોષ છે, તે હોતા જણાય છે કે આને ધર્મનો અનુરાગ નથી અને ધર્મમાં અનુરાગ ન હોવો તે સમ્યક્ત્વમાં દોષ છે.

ધર્માત્મા પુરુષોથી વિશેષ પ્રીતિ ન કરવી તે અવાત્સલ્યદોષ છે, તે હોતા સમ્યક્ત્વનો પ્રગટ અભાવ સૂચિત થાય છે. ધર્મનું માહાત્મ્ય શક્તિ અનુસાર પ્રગટ ન કરવું તે અપ્રભાવના દોષ છે, તેના હોવાથી જણાય છે કે આને ધર્મના માહાત્મ્યની શ્રદ્ધા પ્રગટ થઈ નથી—આ પ્રમાણે આ મિથ્યાત્વના ઉદયથી (ઉદયના વશ થવાથી) આઠ દોષ સમ્યક્ત્વના હોય છે, જ્યાં આ દોષો તીવ્ર હોય ત્યાં તો મિથ્યાત્વપ્રકૃતિનો ઉદય બતાવે છે, સમ્યક્ત્વનો અભાવ બતાવે છે, અને જ્યાં કંઈક મંદ અતિચારરૂપ હોય તો સમ્યક્ત્વ પ્રકૃતિ નામની મિથ્યાત્વની પ્રકૃતિના ઉદયથી હોય તો તે અતિચાર કહેવાય છે, ત્યાં ક્ષયોપશમિક સમ્યક્ત્વનો અભાવ હોય છે, પરમાર્થથી વિચાર કરીએ તો તે અતિચાર ત્યાગવાયોગ્ય જ છે.

આ દોષો હોવાથી અન્ય પણ મળ પ્રગટ થાય છે. તે ત્રણ મૂઢતાઓ છે—૧. દેવમૂઢતા, ૨. પાખંડમૂઢતા, ૩. લોકમૂઢતા. કોઈ વરદાનની ઈચ્છાથી સરાગી દેવોની ઉપાસના કરવી તથા તેમની પાષાણાદિમાં સ્થાપના કરી તેમને પૂજવા તે દેવમૂઢતા છે. ઢોંગી ગુરુઓમાં મૂઢતા—પરિગ્રહ, આરંભ, હિંસાદિથી યુક્ત પાખંડી (ઢોંગી) વેષધારીઓનો સત્કાર, પુરસ્કાર કરવો તે પાખંડી મૂઢતા છે. લોકમૂઢતા—અન્યમતવાળાઓના ઉપદેશથી તથા જાતે જ, વિચાર કર્યા વિના કોઈ પ્રવૃત્તિ કરવા લાગી જાય તે લોકમૂઢતા છે, જેમકે સૂર્યને અર્ઘ આપવો, ગ્રહણમાં સ્નાન કરવું, સંક્રાતિમાં દાન

કરવું, અગ્નિનો સત્કાર કરવો દેહલી (ઉમરોઠ), ઘર, કુવાને પૂજવા, ગાયના પૂંછને નમસ્કાર કરવા, ગાયનું મૂતર પીવું, રત્ન, ઘોડા આદિ વાહન, પૃથ્વી, વૃક્ષ, શસ્ત્ર, પર્વત વગેરેની સેવા-પૂજા કરવી, નદી સમુદ્રને તીર્થ માની તેમાં સ્નાન કરવું, પર્વત પરથી પડવું, અગ્નિમાં પ્રવેશ કરવો વગેરે લોકમૂઢતાના પ્રકાર છે.

અનાયતન છ છે—કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તેમને માનવાવાળા (ભક્ત)—આ પ્રમાણે છે, તેમને ધર્મના સ્થાન જાણી તેમની મનથી પ્રશંસા કરવી, વચનથી પ્રશંસા કરવી અને કાયાથી વંદના કરવી. તે ધર્મના સ્થાન નહીં હોવાથી તેમને અનાયતન કહે છે. જાતિ, લાભ, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા અને ઐશ્વર્ય તેમનો ગર્વ કરવો તે આઠ મદ છે. જાતિ માતાપક્ષ છે, લાભ ધનાદિક કર્મના ઉદયના આશ્રયે છે, કુળ પિતાપક્ષ છે, રૂપ કર્મોદયાશ્રિત છે, તપ પોતાના સ્વરૂપને સાધવાનું સાધન છે, બળ કર્મોદયાશ્રિત છે, વિદ્યા કર્મના ક્ષયોપશમાશ્રિત છે, ઐશ્વર્ય કર્મોદયાશ્રિત છે, તેમનો ગર્વ શું? પરદ્રવ્યના નિમિત્તથી મળેલા સંયોગોનો ગર્વ કરવો તે સમ્યક્ત્વનો અભાવ બતાવે છે અથવા મલિનતા કહે છે. આ પ્રમાણે આ પચ્ચીસ દોષ, સમ્યક્ત્વમાં મળ છે, તેમનો ત્યાગ કરવાથી સમ્યક્ત્વ શુદ્ધ થાય છે, તેજ સમ્યક્ત્વાચરણ ચારિત્રનું અંગ છે. ૬.

હવે શંકાદિ દોષ દૂર થવાથી સમ્યક્ત્વના આઠ અંગ પ્રગટ થાય છે તેમને કહે છે :—

**णिस्संकिय णिक्कंखिय णिव्विदिगिंछा अमूढ़दिट्ठी य।**
**उवगूहण ठिदिकरणं वच्छल्ल पहावणा य ते अट्ठ।।७।।**

निःशंकितं निःकांक्षितं निर्विचिकित्सा अमूढदृष्टी च।
उपगूहनं स्थितिकरणं वात्सल्यं प्रभावना च ते अष्टौ।।७।।

**નિઃશંકતા, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સ, અવિમૂઢત્વ ને**
**ઉપગૂહન, થિતિ, વાત્સલ્યભાવ, પ્રભાવના—ગુણ અષ્ટ છે. ૭.**

**અર્થ** :—નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના તે સમ્યક્ત્વના આઠ અંગ છે.

**ભાવાર્થ** :—આ આઠ અંગ આગળ કહેલા શંકાદિ દોષોના અભાવથી પ્રગટ થાય છે. તેમના ઉદાહરણો પુરાણોમાં છે તે કથાઓથી જાણવા. નિઃશંકિત અંગમાં

અંજનચોરનું ઉદાહરણ છે, જેણે જિનવચનમાં શંકા કરી ન હતી અને નિર્ભય થઈને શિકાની દોરી કાપી અને મંત્રને સિદ્ધ કર્યો. નિઃકાંક્ષિત અંગમાં, સીતા, અનંતમતી, સુતારા વગેરે ઉદાહરણો છે, જેમણે ભોગો માટે ધર્મને છોડ્યો નહીં. નિર્વિચિકિત્સાનું ઉદાહરણ ઉદાયન રાજા છે, જેણે મુનિનું અપવિત્ર શરીર જોઈને પણ ગ્લાનિ ન કરી. અમૂઢદૃષ્ટિનું ઉદાહરણ રેવતીરાણીનું છે, જે વિદ્યાધરે અનેક મહિમા બતાવ્યો તો પણ શ્રદ્ધાનથી શિથિલ ન થઈ.

ઉપગૂહન અંગનું જિનેન્દ્રભક્ત શેઠનું ઉદાહરણ છે, જે ચોરે, બ્રહ્મચારીનો વેષ ધારી છત્રની ચોરી કરી, તેનાથી બ્રહ્મચર્યપદની નિંદા થતી જાણી તેના દોષને છુપાવ્યા. સ્થિતિકરણમાં વારિષેણનું ઉદાહરણ છે, જેમણે પુષ્પમિત્ર બ્રાહ્મણને મુનિપદથી શિથિલ થતો જાણી દૃઢ કર્યો. વાત્સલ્ય અંગમાં વિષ્ણુકુમારનું ઉદાહરણ છે, તેઓએ અકંપનાદિ મુનિઓના ઉપસર્ગનું નિવારણ કર્યું. પ્રભાવના અંગમાં વજ્રકુમાર મુનિનું ઉદાહરણ છે, જેમણે વિદ્યાધર પાસેથી સહાયતા મેળવી ધર્મની પ્રભાવના કરી. એ પ્રમાણે આઠ અંગ પ્રગટ હોતાં સમ્યક્ત્વચરણ ચારિત્ર હોય છે, જેમ શરીરમાં હાથ-પગ હોય છે તેમ આ સમ્યક્ત્વના અંગ છે. આ ન હોય તો વિકલાંગ કહેવાય છે. ૭.

હવે કહે છે કે આ પ્રમાણે પહેલું સમ્યક્ત્વાચરણ ચારિત્ર હોય છે :—

**तं चेव गुणविसुद्धं जिणसम्मत्तं सुमुक्खठाणाए।**
**जं चरइ णाणजुत्तं पढमं सम्मत्तचरणचारित्तं।।८।।**

तच्चैव गुणविशुद्धं जिनसम्यक्त्वं सुमोक्षस्थानाय।
तत् चरति ज्ञानयुक्तं प्रथमं सम्यक्त्वचरणचारित्रम्।।८।।

**તે અષ્ટગુણસુવિશુદ્ધ જિનસમ્યક્ત્વને—શિવહેતુને**
**આચરવું જ્ઞાન સમેત, તે સમ્યક્ત્વચરણ ચરિત્ર છે. ૮.**

**અર્થ** :—તે જિન સમ્યક્ત્વ અર્થાત્ જિનદેવની શ્રદ્ધા, નિઃશંકિત વગેરે ગુણોથી વિશુદ્ધ હોય તેને યથાર્થ જ્ઞાન સાથે આચરણ કરે તે સર્વપ્રથમ સમ્યક્ત્વાચરણ ચારિત્ર હોય છે, તે મોક્ષસ્થાનના માટે હોય છે.

**ભાવાર્થ** :—સર્વજ્ઞભાસિત તત્ત્વાર્થની શ્રદ્ધા, નિઃશંકિત આદિ ગુણ સહિત અને ૨૫ મળદોષ રહિત જે જ્ઞાનવાન આચરણ કરે તેને સમ્યક્ત્વાચરણ ચારિત્ર કહે છે. તે

મોક્ષની પ્રાપ્તિ માટે હોય છે કારણ કે તે મોક્ષમાર્ગમાં પહેલા સમ્યક્ત્વ કહ્યું છે તેથી તે જ મોક્ષમાર્ગમાં મુખ્ય છે. ૮.

હવે કહે છે કે જે આ પ્રમાણે સમ્યક્ત્વચરણ ચારિત્રને અંગીકાર કરી સંયમચરણ ચારિત્રને અંગીકાર કરે તો તે શીઘ્ર જ નિર્વાણને પ્રાપ્ત કરે છે :—

सम्मत्तचरणसुद्धा संजमचरणस्स जइ व सुपसिद्धा।
णाणी अमूढदिट्ठी अचिरे पावंति णिव्वाणं।।९।।

सम्यक्त्वचरणशुद्धाः संयमचरणस्य यदि वा सुप्रसिद्धाः।
ज्ञानिनः अमूढदृष्टयः अचिरं प्राप्नुवन्ति निर्वाणम्।।९।।

સમ્યક્ત્વચરણવિશુદ્ધ ને નિષ્પન્નસંયમચરણ જો,
નિર્વાણને અચિરે વરે અવિમૂઢદ્રષ્ટિ જ્ઞાનીઓ. ૯.

**અર્થ** :—જે જ્ઞાની થયા થકા અમૂઢદ્રષ્ટિ થઈને સમ્યક્ત્વચરણ ચારિત્રથી શુદ્ધ થાય છે અને જે સંયમચરણચારિત્રને સમ્યક્પ્રકારે અંગીકાર કરી શુદ્ધ હોય તો તે તુરત જ નિર્વાણને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ** :—જે પદાર્થોના યથાર્થજ્ઞાનથી મૂઢદ્રષ્ટિ રહિત વિશુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ થઈને સમ્યક્ચારિત્ર-સ્વરૂપ સંયમનું આચરણ કરે તો તે તુરત જ મોક્ષને પામે. સંયમ અંગીકાર કરવાથી સ્વરૂપના સાધનરૂપ એકાગ્ર ધર્મધ્યાનના બળથી સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનના રૂપ થઈને શ્રેણી ચઢી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ઉત્પન્ન કરી અઘાતિકર્મનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરે છે, તે સમ્યક્ત્વચરણચારિત્રનું જ માહાત્મ્ય છે. ૯.

હવે કહે છે કે જે સમ્યક્ત્વના આચરણથી ભ્રષ્ટ છે અને તે સંયમનું આચરણ કરે છે તો પણ મોક્ષ પામતો નથી :—

सम्मत्तचरणभट्ठा संजमचरणं चरंति जे वि णरा।
अण्णाणणाणमूढा तह वि ण पावंति णिव्वाणं।।१०।।

सम्यक्त्वचरणभ्रष्टाः संयमचरणं चरन्ति येऽपि नराः।
अज्ञानज्ञानमूढाः तथाऽपि न प्राप्नुवन्ति निर्वाणम्।।१०।।

સમ્યક્ત્વચરણવિહીન છો સંયમચરણ જન આચરે,
તોપણ લહે નહિ મુક્તિને અજ્ઞાનજ્ઞાનવિમૂઢ એ. ૧૦.

**અર્થ** :—હવે કહે છે કે જે જીવ સમ્યક્ત્વના આચરણથી ભ્રષ્ટ છે અને તે સંયમનું આચરણ કરે તે અજ્ઞાનથી મૂઢદૃષ્ટિ રહ્યા થકા તો પણ મોક્ષને પામતા નથી.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વચરણ ચારિત્ર વિનાનું સંયમચરણ ચારિત્ર નિર્વાણનું કારણ નથી કારણ કે સમ્યગ્જ્ઞાન વિના તો જ્ઞાન મિથ્યા કહેવાય છે, તે જ રીતે સમ્યક્ત્વ વિના ચારિત્રને પણ મિથ્યાપણું આવે છે. ૧૦.

હવે પ્રશ્ન ઉત્પન્ન થાય છે આ પ્રકારના સમ્યક્ત્વચરણ ચારિત્રના ચિહ્ન શું છે જેનાથી તે જણાય. તેના ઉત્તરરૂપ ગાથામાં સમ્યક્ત્વના ચિહ્ન કહેવાય છે :—

वच्छल्लं विणएण, य अणुकंपाए सुदाणदच्छाए।
मग्गगुणसंसणाए, अवगूहण रक्खणाए य॥११॥

एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहिं।
जीवो आराहंतो जिणसम्मत्तं अमोहेण॥१२॥

वात्सल्यं विनयेन च अनुकंपया सुदान दक्षया।
मार्गगुणशंसनया उपगूहनं रक्षणेन च॥११॥

एतैः लक्षणैः च लक्ष्यते आर्जवैः भावैः।
जीवः आराधयन् जिनसम्यक्त्वं अमोहेन॥१२॥

વાત્સલ્ય-વિનય થકી, સુદાને દક્ષ અનુકંપા થકી,
વળી માર્ગગુણસ્તવના થકી, ઉપગૂહન ને સ્થિતિકરણથી; ૧૧.

—આ લક્ષણોથી તેમ આર્જવભાવથી લક્ષાય છે,
વણમોહ જિનસમ્યક્ત્વને આરાધનારો જીવ જે. ૧૨.

**અર્થ** :—જિનદેવની શ્રદ્ધા અર્થાત્ સમ્યક્ત્વને મોહ અર્થાત્ મિથ્યાત્વ રહિત આરાધના કરતો જીવ આ લક્ષણોથી અર્થાત્ ચિહ્નોથી ઓળખાય છે—પ્રથમ તો ધર્માત્મા પુરુષો પ્રત્યે જેમને વાત્સલ્યભાવ હોય, જેવી તત્કાળની પ્રસૂતિવાન ગાયને વાછરડા પ્રત્યે પ્રીતિ હોય છે તેવી ધર્માત્મા પ્રત્યે પ્રીતિ હોય છે, એક તો આ ચિહ્ન છે. સમ્યક્ત્વાદિ ગુણોથી અધિક હોય તેમના પ્રત્યે વિનય-સત્કારાદિ જેમને અધિક હોય, આવો વિનય તે એક ચિહ્ન છે. દુ:ખી પ્રાણી જોઈને કરુણાભાવસ્વરૂપ અનુકંપા જેને હોય, તે પણ એક

ચિહ્ન છે, અનુકંપા કેવી હોય ? સારી રીતે દાનથી યુક્ત હોય. નિર્ગ્રંથ સ્વરૂપ મોક્ષમાર્ગની પ્રશંસા સહિત હોય તે પણ એક ચિહ્ન છે, જો માર્ગની પ્રશંસા ન હોય તો જાણવું કે તેને માર્ગની શ્રદ્ધા નથી. ધર્માત્મા પુરુષોને કર્મના ઉદયથી (ઉદયવશ) દોષ ઉત્પન્ન થાય તેને જાહેર ન કરે એવો ઉપગુહન ભાવ હોય, તે પણ એક ચિહ્ન છે. ધર્માત્માને માર્ગથી ડગતો જાણી તેની સ્થિરતા કરે એવું રક્ષણ નામનું ચિહ્ન છે તેને સ્થિતિકરણ પણ કહે છે. આ બધા ચિહ્નોને સત્યાર્થ કરવાવાળો એક આર્જવભાવ છે, કારણ કે નિષ્કપટ પરિણામથી આ સર્વે ચિહ્નો પ્રગટ થાય છે, તે સત્યાર્થ હોય છે. આટલા લક્ષણોથી સમ્યગ્દષ્ટિને જાણી શકાય છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વભાવ–મિથ્યાત્વકર્મના અભાવથી જીવોને નિજભાવ પ્રગટ થતાં થાય છે તો તે ભાવ તો સૂક્ષ્મ છે, છદ્મસ્થના જ્ઞાન ગમ્ય હોતો નથી. પરંતુ તેના બાહ્ય ચિહ્ન સમ્યગ્દષ્ટિને પ્રગટ હોય છે, તેનાથી સમ્યક્ત્વ થયું છે એમ જાણી શકાય છે. જો વાત્સલ્ય વગેરે ભાવ કહ્યા તે પોતાને અનુભવગોચર હોય છે અને અન્યને તે ભાવો તેના વચન, કાયાની ક્રિયાથી જાણી શકાય છે, તેની પરીક્ષા જેમ પોતાની ક્રિયાવિશેષથી એ પ્રકારે વ્યવહાર છે, થાય છે તેમ અન્યની (તેની) ક્રિયાવિશેષથી થાય છે; જો એમ ન હોય તો સમ્યક્ત્વ વ્યવહારમાર્ગનો લોપ થાય તેથી વ્યવવહારિક પ્રાણીને વ્યવહારનો જ આશ્રય કહ્યો છે, પરમાર્થને તો સર્વજ્ઞ જાણે છે. ૧૧-૧૨.

હવે કહે છે કે જે નીચે બતાવેલા કારણો સહિત હોય તે સમ્યક્ત્વને છોડે છે :—

**उच्छाहभावणासंपसंससेवा कुदंसणे सद्धा।**
**अण्णाणमोहमग्गे कुव्वंतो जहदि जिणसम्मं।।१३।।**

उत्साहभावना शंप्रशंसासेवा कुदर्शने श्रद्धा।
अज्ञानमोहमार्गे कुर्वन् जहाति जिनसम्यक्त्वम्।।१३।।

**અજ્ઞાનમોહપથે કુમતમાં ભાવના, ઉત્સાહ ને**
**શ્રદ્ધા, સ્તવન, સેવા કરે જે, તે તજે સમ્યક્ત્વને. ૧૩.**

**અર્થ** :—કુદર્શન એટલે કે નૈયાયિક, વૈશેષિક, સાંખ્યમત, મીમાંસક મત, વેદાંત, બૌદ્ધમત, ચાર્વાકમત, શૂન્યવાદનો મત તેમના વેષ અને તેમણે કહેલા પદાર્થો તથા શ્વેતામ્બરાદિક જૈનાભાસોમાં શ્રદ્ધા, ઉત્સાહ, ભાવના, પ્રશંસા અને તેમની ઉપાસના

તથા સેવા જે પુરુષ કરે છે તે જિનમતની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને છોડે છે તે માર્ગ કુદર્શન, અજ્ઞાન અને મિથ્યાત્વનો માર્ગ છે.

**ભાવાર્થ** :—અનાદિકાળથી મિથ્યાત્વકર્મના ઉદયથી (ઉદયવશ) આ જીવ સંસારમાં ભ્રમણ કરે છે. તે કોઈ મહાભાગ્યના ઉદયથી જિનમાર્ગની શ્રદ્ધા થઈ હોય અને તેને મિથ્યામતના પ્રસંગમાં કારણથી ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા, શ્રદ્ધા ઉત્પન્ન થાય તો સમ્યક્ત્વનો અભાવ થઈ જાય, કારણ કે જિનમત સિવાય અન્યમતોમાં કે જે—છદ્મસ્થ અજ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત મિથ્યાપદાર્થ તથા મિથ્યાપ્રવૃત્તિરૂપ માર્ગ છે,—તેની શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યારે જિનમતની શ્રદ્ધા જતી રહે, તેથી મિથ્યાદષ્ટિઓનો સંસર્ગ જ કરવો નહીં. આ પ્રમાણે ભાવાર્થ જાણવો. ૧૩.

હવે કહે છે કે જો આ ઉત્સાહ—ભાવનાદિક કહેવામાં આવે છે તે સુદર્શનમાં હોય તો જિનમતની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને છોડતા નથી :—

**उच्छाहभावणासंपसंससेवा सुदंसणे सद्धा।**
**ण जहदि जिणसम्मत्तं कुव्वंतो णाणमग्गेण।।१४।।**

उत्साहभावना शंप्रशंससेवाः सुदर्शने श्रद्धा।
न जहाति जिनसम्यक्त्वं कुर्वन् ज्ञानमार्गेण।।१४।।

**સદ્દર્શને ઉત્સાહ, શ્રદ્ધા, ભાવના, સેવા અને**
**સ્તુતિ જ્ઞાનમાર્ગથી જે કરે, છોડે ન જિનસમ્યક્ત્વને. ૧૪.**

**અર્થ** :—સુદર્શન અર્થાત્ સમ્યક્દર્શન, જ્ઞાન ચારિત્ર સ્વરૂપ સમ્યક્ માર્ગ તેમાં ઉત્સાહભાવના એટલે કે તેને ગ્રહણ કરવાનો ઉત્સાહ કરી વારંવાર ચિંતવનરૂપ ભાવ અને પ્રશંસા એટલે કે મન-વચન-કાયથી ભલો જાણી તેની સ્તુતિ કરવી, સેવા તથા ઉપાસના, પૂજનાદિ કરવા અને શ્રદ્ધા કરવી, આ પ્રમાણે જ્ઞાનમાર્ગથી તેમને યથાર્થ જાણી જે પુરુષ તેનું અનુકરણ કરે છે તે જિનમતની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને છોડતા નથી.

**ભાવાર્થ** :—જિનમતમાં ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા અને શ્રદ્ધા જેને હોય તે સમ્યક્ત્વથી ચ્યુત થતા નથી. ૧૪.

હવે અજ્ઞાન, મિથ્યાત્વ અને કુચારિત્રના ત્યાગનો ઉપદેશ કરે છે :—

अण्णाणं मिच्छत्तं वज्जह णाणे विसुद्धसम्मत्ते।
अह मोहं सारंभं परिहर धम्मे अहिंसाए।।१५।।

अज्ञानं मिथ्यात्वं वर्ज्जय ज्ञाने विशुद्धसम्यक्त्वे।
अथ मोहं सारंभं परिहर धर्मे अहिंसायाम्।।१५।।

અજ્ઞાન ને મિથ્યાત્વ તજ, લહી જ્ઞાન, સમકિત શુદ્ધને;
વળી મોહ તજ સારંભ તું, લહીને અહિંસાધર્મને. ૧૫.

**અર્થ** :—આચાર્ય કહે છે કે હે ભવ્ય! તું જ્ઞાન થતાં અજ્ઞાનનો ત્યાગ કર, વિશુદ્ધ સમ્યક્ત્વ થતાં મિથ્યાત્વનો ત્યાગ કર અને અહિંસાલક્ષણ ધર્મ થતાં આરંભ સહિત મોહને છોડ.

**ભાવાર્થ** :—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ થયા પછી મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રમાં ન પ્રવર્તો આ પ્રમાણે ઉપદેશ છે. ૧૫.

હવે ઉપદેશ કરે છે :—

पव्वज्ज संगचाए पयट्ट सुतवे सुसंजमे भावे।
होइ सुविसुद्धझाणं णिम्मोहे वीयरायत्ते।।१६।।

प्रव्रज्यायां संगत्यागे प्रवर्त्तस्य सुतपसि सुसंयमेभावे।
भवति सुविशुद्धध्यानं निर्मोहे वीतरागत्वे।।१६।।

નિઃસંગ લહી દીક્ષા, પ્રવર્ત સુસંયમે, સત્તપ વિષે;
નિર્મોહ વીતરાગત્વ હોતાં ધ્યાન નિર્મળ હોય છે. ૧૬.

**અર્થ** :—હે ભવ્ય ! તું સંગ અર્થાત્ પરિગ્રહનો ત્યાગ જેમાં હોય એવી દીક્ષા ગ્રહણ કર. સારી રીતે સંયમસ્વરૂપ ભાવ થતા સમ્યક્ પ્રકારે તપમાં પ્રવર્તન કર. જેનાથી તને મોહ રહિત વીતરાગપણું થવાથી નિર્મળધર્મ–શુક્લધ્યાન થાય.

**ભાવાર્થ** :—નિર્ગ્રંથ થઈ દીક્ષા લઈને સંયમભાવથી સારી રીતે તપમાં પ્રવર્તન કરે ત્યારે સંસારનો મોહ દૂર થઈને વીતરાગપણું થાય. ત્યારબાદ નિર્મળ ધર્મધ્યાન, શુક્લધ્યાન થાય છે. આ પ્રકારે ધ્યાનથી કેવળજ્ઞાન ઉત્પન્ન કરી મોક્ષને પામે છે, તેથી આ પ્રમાણેનો ઉપદેશ છે. ૧૬.

હવે કહે છે કે આ જીવ અજ્ઞાન અને મિથ્યાત્વના દોષોથી મિથ્યામાર્ગમાં પ્રવર્તન કરે છે :—

मिच्छादंसणमग्गे मलिणे अण्णाणमोहदोसेहिं।
वज्झंति मूढजीवा [1]मिच्छत्ताबुद्धिउदएण॥१७॥

मिथ्यादर्शनमार्गे मलिने अज्ञानमोहदोषैः।
बध्यन्ते मूढजीवाः मिथ्यात्वा बुद्ध्युदयेन॥१७॥

જે વર્તતા અજ્ઞાનમોહમલે મલિન મિથ્યામતે,
તે મૂઢજીવ મિથ્યાત્વ ને મતિદોષથી બંધાય છે. ૧૭.

**અર્થ** :—મૂઢ જીવ અજ્ઞાન અને મોહ એટલે કે મિથ્યાત્વના દોષોથી મલિન જે મિથ્યાદર્શન અર્થાત્ કુમતના માર્ગમાં મિથ્યાત્વ અને અબુદ્ધિ અર્થાત્ અજ્ઞાનના ઉદયથી પ્રવૃત્તિ કરે છે.

**ભાવાર્થ** :—આ મૂઢ જીવ મિથ્યાત્વ અને અજ્ઞાનના ઉદયથી મિથ્યામાર્ગમાં પ્રવર્તે છે તેથી મિથ્યાત્વ—અજ્ઞાનનો નાશ કરવાનો આ ઉપદેશ છે. ૧૭.

હવે કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન શ્રદ્ધાનથી ચારિત્રના દોષો દૂર થાય છે :—

सम्मद्दंसण पस्सदि, जाणदि णाणेण दव्वपज्ञाया।
सम्मेण य सद्दहदि, य परिहरदि चरित्तजे दोसे॥१८॥

सम्यग्दर्शनेन पश्यति जानाति ज्ञानेन द्रव्यपर्यायान्।
सम्यक्त्वेन च श्रद्दधाति च परिहरति चारित्रजान् दोषान्॥१८॥

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વથી શ્રદ્ધા કરે, ચારિત્રદોષો પરિહરે. ૧૮.

**અર્થ** :—આ આત્મા સમ્યગ્દર્શનથી તો સત્તા માત્ર વસ્તુને દેખે છે, સમ્યગ્જ્ઞાનથી દ્રવ્ય અને પર્યાયોને જાણે છે, સમ્યક્ત્વથી દ્રવ્ય-પર્યાય સ્વરૂપ સત્તામય વસ્તુનું શ્રદ્ધાન કરે છે. આ પ્રમાણે દેખવું, જાણવું અને શ્રદ્ધવું હોય છે. ત્યારે ચારિત્ર અર્થાત્ આચરણમાં ઉત્પન્ન થયેલા દોષોને છોડે છે.

१ पाठान्तर – मिच्छत्ता बुद्धिदोसेण ।

**ભાવાર્થ** :—વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયાત્મક સત્તા સ્વરૂપ છે, તે જેવું છે તેવું દેખે, જાણે, શ્રદ્ધા કરે ત્યારે આચરણને શુદ્ધ કરે, તેથી સર્વજ્ઞના આગમથી વસ્તુનો નિશ્ચય કરી આચરણ કરવું. વસ્તુ છે તે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. દ્રવ્યનું લક્ષણ સત્તા છે, તથા ગુણ-પર્યાયવાનને દ્રવ્ય કહે છે. પર્યાય બે પ્રકારની છે. સહવર્તી અને ક્રમવર્તી. સહવર્તીને ગુણ કહે છે અને ક્રમવર્તીને પર્યાય કહે છે. દ્રવ્ય સામાન્યરૂપથી એક છે. તો પણ વિશેષરૂપથી છ છે—જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

જીવને દર્શન-જ્ઞાનમયી ચેતના તો ગુણ છે અને અચક્ષુ આદિ દર્શન, મતિ આદિ જ્ઞાન તથા ક્રોધ, માન, માયા, લોભ તેમજ નર-નારકાદિ વિભાવ પર્યાયો છે, સ્વભાવ-પર્યાય અગુરુલઘુગુણ દ્વારા થતું હાનિ-વૃદ્ધિનું પરિણમન છે. પુદ્‌ગલ દ્રવ્યને સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપ મૂર્તિકપણું તો ગુણ છે તથા સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ આદિનું ભેદરૂપ પરિણમન તથા અણુથી સ્કંધરૂપ થવું તથા શબ્દ-બંધ વગેરેરૂપ થવું તે પર્યાયો છે. ધર્મ-અધર્મ દ્રવ્યના ગતિહેતુત્વ અને સ્થિતિહેતુત્વ તો ગુણ છે અને તે ગુણોથી જીવ-પુદ્‌ગલના ગતિ-સ્થિતિરૂપ ભેદોથી ભેદ થાય છે તે પર્યાયો છે તથા અગુરુલઘુગુણ દ્વારા હાનિ-વૃદ્ધિનું પરિણમન થાય છે તે સ્વભાવપર્યાય છે.

આકાશનો અવગાહના ગુણ છે અને જીવ-પુદ્‌ગલ વગેરેના નિમિત્તે પ્રદેશભેદ-કલ્પના કરવામાં આવે તે પર્યાય છે તથા હાનિ-વૃદ્ધિરૂપ પરિણમન તે સ્વભાવપર્યાય છે. કાળ દ્રવ્યનો વર્તના તો ગુણ છે અને જીવ-પુદ્‌ગલના નિમિત્તે સમય આદિ કલ્પના તે પર્યાય છે તેને વ્યવહારકાળ પણ કહે છે તથા હાનિ-વૃદ્ધિનું પરિણમન તે સ્વભાવપર્યાય છે વગેરે. તેમનું સ્વરૂપ જિનઆગમથી જાણીને, જોવું, શ્રદ્ધાન કરવું, તેનાથી ચારિત્ર શુદ્ધ થાય છે. જ્ઞાન-શ્રદ્ધાન વિના આચરણ શુદ્ધ થતું નથી આ પ્રમાણે જાણવું. ૧૮.

હવે કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ભાવ મોહરહિત જીવને હોય છે, તેનું આચરણ કરતો તે શીઘ્ર મોક્ષને પામે છે :—

**एए तिण्णि वि भावा, हवंति जीवस्स मोहरहियस्स।**
**णियगुणमाराहंतो, अचिरेण य कम्म परिहरइ।।१९।।**

एते त्रयोऽपि भावाः भवन्ति जीवस्य मोहरहितस्य।
निजगुणमाराधयन् अचिरेण च कर्म परिहरति।।१९।।

રે! હોય છે ભાવો ત્રણે આ, મોહવિરહિત જીવને;
નિજ આત્મગુણ આરાધતો તે કર્મને અચિરે તજે. ૧૯.

**અર્થ** :—આ પૂર્વોક્ત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ભાવ છે, તે નિશ્ચયથી મોહ અર્થાત્ મિથ્યાત્વરહિત જીવને જ હોય છે અને ત્યારે તે જીવ પોતાના નિજગુણ જે શુદ્ધ દર્શન-જ્ઞાનમયી ચેતનાની આરાધના કરતો થકો થોડા જ કાળમાં કર્મનો નાશ કરે છે.

**ભાવાર્થ** :—નિજગુણના ધ્યાનથી તુરત જ કેવળજ્ઞાન ઉત્પન્ન કરી મોક્ષ પામે છે. ૧૯.

હવે, આ સમ્યક્ત્વચરણચારિત્રના કથનનો સંકોચ કરે છે :—

संखिज्जमसंखिज्जगुणं च संसारिमेरुमत्ता[१] णं।
सम्मत्तणुचरंता करेंति दुक्खक्खयं धीरा ॥२०॥

संख्येयामसंख्येयगुणां संसारिमेरुमात्रा णं।
सम्यक्त्वमनुचरंतः कुर्वन्ति दुःखक्षयं धीराः ॥२०॥

સંસારસીમિત નિર્જરા અણસંખ્ય-સંખ્યગુણી કરે,
સમ્યક્ત્વ આચરનાર ધીરા દુઃખના ક્ષયને કરે. ૨૦.

**અર્થ** :—સમ્યક્ત્વનું આચરણ કરતો થકો ધીર પુરુષ સંખ્યાતગુણી તથા અસંખ્યાતગુણી કર્મોની નિર્જરા કરે છે અને કર્મોના ઉદયથી થયેલા સંસારના દુઃખનો નાશ કરે છે. કર્મ કેવા છે? સંસારી જીવોને મેરુ અર્થાત્ મર્યાદામાત્ર છે અને સિદ્ધ થયા પછી કર્મોનો અભાવ છે.

**ભાવાર્થ** :—આ સમ્યક્ત્વનું આચરણ થતાં પ્રથમકાળમાં તો ગુણશ્રેણી નિર્જરા થાય છે, તે અસંખ્યાતના ગુણાકારરૂપ છે. ત્યારબાદ, જ્યાં સુધી સંયમનું આચરણ ન થાય ત્યાં સુધી ગુણશ્રેણી નિર્જરા થતી નથી. ત્યાં નિર્જરા સંખ્યાતના ગુણાકારરૂપ હોય છે. તેથી સંખ્યાત ગુણ અને અસંખ્યાતગુણ એ પ્રમાણે બંને વચન કહ્યા. કર્મ તો સંસાર અવસ્થા છે, જ્યાં સુધી તેમાં મોહકર્મ છે, દુઃખનું કારણ છે, તેમાં મિથ્યાત્વકર્મ પ્રધાન છે. સમ્યક્ત્વ થતા મિથ્યાત્વનો તો અભાવ જ થયો અને ચારિત્રમોહ દુઃખનું કારણ છે,

१ 'संसारिमेरुमत्ता' 'सासारि मेरुमित्ता' इसका सटीक संस्कृत प्रतिमें सर्षपमेरुमात्रां इसप्रकार है ।

એ પણ જ્યાં સુધી છે ત્યાં સુધી તેની નિર્જરા કરે છે આ પ્રમાણે અનુક્રમે દુઃખનો ક્ષય થાય છે. સંયમાચરણ થતાં સર્વ દુઃખોનો ક્ષય થશે જ. સમ્યક્ત્વનું મહાત્મ્ય એવું છે કે સમ્યક્ત્વાચરણ થતા સંયમાચરણ પણ શીઘ્ર થાય છે. તેથી સમ્યક્ત્વને મોક્ષમાર્ગમાં પ્રધાન જાણી તેનું જ વર્ણન પહેલાં કર્યું છે. ૨૦.

હવે સંયમચરણ ચારિત્રને કહે છે :—

दुविहं संजमचरणं, सायारं तह हवे णिरायारं।
सायारं [1]सग्गंथे परिग्गहा रहिय खलु णिरायारं॥२१॥

द्विविधं संयमचरणं सागारं तथा भवेत् निरागारम्।
सागारं सग्रन्थे परिग्रहाद्रहिते खलु निरागारम्॥२१॥

સાગાર અણ-આગાર એમ દ્વિભેદ સંયમચરણ છે;
સાગાર છે સગ્રંથ, અણ-આગાર પરિગ્રહરહિત છે. ૨૧.

**અર્થ** :—સંયમચરણ ચારિત્ર બે પ્રકારનું છે—૧. સાગાર અને ૨. નિરાગાર. સાગાર તો પરિગ્રહ સહિત શ્રાવકને હોય છે અને નિરાગાર પરિગ્રહ રહિત મુનિને હોય છે આ નિશ્ચય છે. ૨૧.

હવે સાગાર સંયમાચરણને કહે છે :—

दंसण वय सामाइय पोसह सचित्त रायभत्ते य।
बंभारंभपरिग्गह, अणुमण उद्दिट्ठ देसविरदो य॥२२॥

दर्शनं व्रतं सामायिकं प्रोषधं सचित्तं रात्रिभुक्तिश्च।
ब्रह्म आरंभः परिग्रहः अनुमतिः उद्दिष्ट देशविरतश्च॥२२॥

દર્શન, વ્રતં, સામાયિકં, પ્રોષધ, સચિત, નિશિભુક્તિ ને
વળી બ્રહ્મ ને આરંભ આદિક દેશવિરતિસ્થાન છે. ૨૨.

**અર્થ** :—દર્શન, વ્રત,સામાયિક અને પૌષધ વગેરેનું નામ એકદેશ છે અને અન્ય નામ આ પ્રમાણે કહ્યા છે—પૌષધોપવાસ, સચિત્તત્યાગ, રાત્રિભુક્તિત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ અને ઉદ્દિષ્ટત્યાગ, આ પ્રમાણે

૧ पाठान्तर :–सग्गंथं ।

અગિયાર પ્રકારે દેશવિરતિ છે.

**ભાવાર્થ** :—આ સાગાર સંયમાચરણના અગિયાર સ્થાનો છે, તેમને પ્રતિમા પણ કહે છે. ૨૨.

હવે આ સ્થાનોમાં સંયમનું આચરણ કઈ રીતે છે તે કહે છે :—

पंचेव णुव्वयाइं, गुणव्वयाइं हवंति तह तिण्णि।
सिक्खावय चत्तारि य, संजमचरणं च सायारं।।२३।।

पंचैव अणुव्रतानि गुणव्रतानि भवन्ति तथा त्रीणि।
शिक्षाव्रतानि चत्वारि संयमचरणं च सागारम्।।२३।।

અણુવ્રત કહ્યાં છે પાંચ ને ત્રણ ગુણવ્રતો નિર્દિષ્ટ છે,
શિક્ષાવ્રતો છે ચાર;—એ સંયમચરણ સાગાર છે. ૨૩.

**અર્થ** :—પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—આ પ્રમાણે બાર પ્રકારનું સંયમચરણ ચારિત્ર છે જે સાગાર છે, ગ્રંથ સહિત શ્રાવકને હોય, તેથી તેમને સાગાર કહ્યા છે.

પ્રશ્ન :—આ બાર પ્રકાર તો વ્રતના કહ્યા અને આગળની ગાથામાં અગિયાર નામ કહ્યા, તેમાં પ્રથમ દર્શન નામ કહ્યું તેમાં આ વ્રત કઈ રીતે હોય છે? તેનું સમાધાન—અણુવ્રત, એવું નામ કિંચિત્ વ્રતનું છે. તે પાંચ અણુવ્રતોમાંથી કિંચિત્ અહીં પણ હોય છે તેથી દર્શનપ્રતિમાનો ધારક અણુવ્રતી જ છે, તેનું નામ 'દર્શન' જ કહ્યું. અહીં એ પ્રમાણે જાણવું કે તેને માત્ર સમ્યક્ત્વ જ હોય છે અને અવ્રતી છે, અણુવ્રત નથી. દર્શનપ્રતિમા ધારકને અણુવ્રત અતિચાર સહિત હોય છે તેથી તેનું નામ વ્રતી કહ્યું નથી, બીજી પ્રતિમામાં અણુવ્રત અતિચાર રહિત પાળે છે તેથી તેનું નામ વ્રતી કહ્યું છે. અહીં (દર્શનપ્રતિમામાં) સમ્યક્ત્વના અતિચાર ટાળે છે. સમ્યક્ત્વ જ પ્રધાન છે તેથી તેને દર્શનપ્રતિમા નામ છે. અન્ય ગ્રંથોમાં તેનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે. જે આઠ મૂળ ગુણનું પાલન કરે, સાત વ્યસનનો ત્યાગ કરે અને જેને સમ્યક્ત્વ અતિચાર રહિત શુદ્ધ હોય તે દર્શનપ્રતિમાનો ધારક છે. પાંચ ઉદમ્બર ફળ અને મદ્ય-માંસ, મધુ તે આઠેયનો ત્યાગ કરવો તે આઠ મૂળગુણ છે.

૧૧

અથવા કોઈ ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે. પાંચ અણુવ્રત પાળે અને મદ્ય, માંસ, મધુનો ત્યાગ કરે તે આઠ મૂળગુણ છે, પરંતુ આમાં વિરોધ નથી, વિવક્ષાભેદ છે. પાંચ ઉદુમ્બર ફળ અને ત્રણ મકારનો ત્યાગ કહેવાથી જે વસ્તુમાં સાક્ષાત્ ત્રસજીવો દેખાય તે બધી જ વસ્તુઓનું ભક્ષણ ન કરે. દેવાદિકના નિમિત્તે તથા ઔષધ આદિના નિમિત્ત વગર કારણોથી સ્પષ્ટ દેખાતા ત્રસ જીવોનો ઘાત ન કરે, આમાં તો અહિંસાણુવ્રત આવ્યું. સાત વ્યસનના ત્યાગમાં જૂઠ, ચોરી અને પરસ્ત્રીનો ત્યાગ આવ્યો, અન્ય વ્યસનોના ત્યાગમાં અન્યાય, પરધન અને પરસ્ત્રીનું ગ્રહણ નથી; તેમાં અતિલોભના ત્યાગથી પરિગ્રહનું ઘટાડવું આવ્યું. આ પ્રમાણે પાંચ અણુવ્રત આવે છે તેમને (વ્રતાદિ પ્રતિમાના) અતિચાર ટળતા નથી તેથી તે અણુવ્રતી નામ પ્રાપ્ત કરતા નથી તોપણ આ દર્શનપ્રતિમા ધારક પણ અણુવ્રતી છે. તેથી દેશવિરત સાગારસંયમાચરણ ચારિત્રમાં તેને પણ ગણ્યું છે. ૨૩.

હવે પાંચ અણુવ્રતનું સ્વરૂપ કહેવામાં આવે છે :—

**थूले तसकायवहे थूले मोषे अदत्तथूले[१] य।**
**परिहारो परमहिला[१] परिग्गहारंभपरिमाणं॥२४॥**

स्थूले त्रसकायवधे स्थूलायां मृषायां अदत्तस्थूले च।
परिहारः परमहिलायां परिग्रहारंभपरिमाणम्॥२४॥

**ત્યાં સ્થૂલ ત્રસહિંસા-અસત્ય-અદત્તના, પરનારીના**
**પરિહારને, આરંભપરિગ્રહમાનને અણુવ્રત કહ્યાં. ૨૪.**

**અર્થ** :—સ્થૂલ ત્રસકાયનો ઘાત, સ્થૂલ મૃષા એટલે કે અસત્ય, સ્થૂળ અદત્તા એટલે કે ન આપેલું પારકું ધન, પરસ્ત્રીનો પરિહાર અર્થાત્ ત્યાગ અને પરિગ્રહ તથા આરંભનું પરિમાણ આ પ્રકારના પાંચ અણુવ્રત છે.

**ભાવાર્થ** :—અહીં સ્થૂળ કહેવાનો એવો અર્થ જાણવો કે—જેમાં પોતાનું મરણ થાય, પરનું મરણ થાય, પોતાનું ઘર બગડે, પરનું ઘર બગડે, રાજાના દંડયોગ્ય હોય, પંચોના દંડ યોગ્ય હોય, આ પ્રકારના સ્થૂળ અન્યાયરૂપ પાપકાર્યો જાણવા. આ પ્રમાણે

१. 'अदत्तथूले' के स्थानमें सं० छायामें 'तितिक्ख थूले', 'परमहिला' के स्थानमें 'परमपिम्मे ऐसा पाठ है।

સ્થૂળ પાપો રાજાદિકના ભયથી ન કરે તે વ્રત નથી. તે પાપોને તીવ્ર કષાયના નિમિત્તે તીવ્ર કર્મબંધના નિમિત્ત જાણી સ્વયમેવ ન કરવાના ભાવરૂપ ત્યાગ તે વ્રત છે. તેના અગિયાર સ્થાનક કહ્યાં, તેમાં ઉપર-ઉપર ત્યાગ વધતો જાય છે તેની ઉત્કૃષ્ટતા સુધી એવું છે કે જે કાર્યોમાં ત્રસ જીવોને પીડા હોય તે પ્રકારના બધા જ કાર્યો છૂટી જાય છે તેથી સામાન્યતયા એવું નામ કહ્યું છે કે ત્રસ હિંસાનો ત્યાગી દેશવ્રતી હોય છે. તેનું વિશેષ કથન અન્ય ગ્રંથોથી જાણવું. ૨૪.

હવે ત્રણ ગુણવ્રતનું સ્વરૂપ કહે છે :—

**दिसिविदिसिमाण पढमं, अणत्थदंडस्स वज्जणं बिदियं।**
**भोगोपभोगपरिमा, इयमेव गुणव्वया तिण्णि॥२५॥**

दिग्विदिग्मानं प्रथमं अनर्थदण्डस्य वर्जनं द्वितीयम्।
भोगोपभोगपरिमाणं इमान्येव गुणव्रतानि त्रीणि॥२५॥

**દિશવિદિશગતિ-પરિમાણ હોય, અનર્થદંડ પરિત્યજે,**
**ભોગોપભોગ તણું કરે પરિમાણ,—ગુણવ્રત ત્રણ્ય છે. ૨૫.**

**અર્થ** :—દિશા-વિદિશામાં ગમનનું પરિમાણ તે પ્રથમ ગુણવ્રત છે, અનર્થદંડનો ત્યાગ તે દ્વિતીય ગુણવ્રત છે અને ભોગોપભોગનું પરિમાણ ત્રીજું ગુણવ્રત છે—આ પ્રમાણે આ ત્રણ ગુણવ્રત છે.

**ભાવાર્થ** :—અહીં ગુણ શબ્દ તો ઉપકારનું વાચક છે, આ ગુણવ્રતો અણુવ્રતોનો ઉપકાર કરે છે. દિશા-વિદિશા એટલે કે પૂર્વદિશા વગેરેમાં ગમન કરવાની મર્યાદા કરવી. અનર્થદંડ એટલે કે જે કાર્યોમાં પોતાનું કોઈ પ્રયોજન ન સધાય તે પ્રકારના પાપકાર્યો ન કરવામાં આવે. અહીં કોઈ પૂછે કે પ્રયોજન વગર તો કોઈપણ જીવ કાર્ય કરતો નથી, કંઈક પ્રયોજન વિચારીને જ કરે છે તો પછી અનર્થદંડ કેવો? તેનું સમાધાન— સમ્યગ્દષ્ટિ શ્રાવક હોય તે પોતાના પદને યોગ્ય પ્રયોજન વિચારે છે, પદ સિવાય બધું અનર્થ છે. પાપી પુરુષોને તો બધા જ પાપ સપ્રયોજન છે, તેમનું શું કહેવું? ભોગ કહેવાથી ભોજનાદિક અને ઉપભોગ કહેતા સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ, વાહનાદિકોનું પરિમાણ કરવામાં આવે—આ પ્રમાણે જાણવું. ૨૫.

હવે ચાર શિક્ષાવ્રતોનું સ્વરૂપ કહેવામાં આવે છે :—

सामाइयं च पढमं, बिदियं च तहेव पोसहं भणियं।
तइयं च अतिहिपुज्जं, चउत्थ सल्लेहणा अंते॥२६॥

सामाइकं च प्रथमं द्वितीयं च तथैव प्रोषधः भणितः।
तृतीयं च अतिथिपूजा चतुर्थ संल्लेखना अन्ते॥२६॥

સામાયિક, વ્રત પ્રોષધ, અતિથિ તણી પૂજા અને
અંતે કરે સલ્લેખના—શિક્ષાવ્રતો એ ચાર છે. ૨૬.

**અર્થ** :—સામાયિક તો પહેલું શિક્ષાવ્રત છે, બીજું પૌષધવ્રત છે, ત્રીજું અતિથિનું પૂજન છે અને ચોથું અંત સમયે સંલેખના વ્રત છે.

**ભાવાર્થ** :—અહીં શિક્ષા શબ્દથી એવો અર્થ સૂચિત થાય છે કે આગામી મુનિવ્રતની તાલીમ તેમાં છે, જ્યારે મુનિ થશે ત્યારે આ પ્રમાણે રહેવું પડશે. સામાયિકનો અર્થ રાગ-દ્વેષનો ત્યાગ કરીને, સર્વ ગ્રહારંભસંબંધી ક્રિયાથી નિવૃત્ત થઈ, એકાંત સ્થાનમાં બેસી પ્રભાત, મધ્યાહ્ન અને સાંજના કેટલાક સમયની મર્યાદા કરીને પોતાના સ્વરૂપનું ચિંતવન તથા પંચપરમેષ્ઠીના ભક્તિ પાઠનું પઠન કરવું, તેમની વંદના કરવી વગેરે ક્રિયા કરવી તે સામાયિક છે. આ પ્રમાણે જ પૌષધ એટલે કે અષ્ટમી અને ચતુર્દશીના પર્વમાં પ્રતિજ્ઞા લઈને ધર્મકાર્યમાં પ્રવર્તવું તે પૌષધ છે. અતિથિ અર્થાત્ મુનિઓની પૂજા કરવી, તેમને આહારદાન દેવું તે અતિથિ પૂજન છે. જીવનના અંત સમયે કાય અને કષાયને કૃશ કરતા સમાધિમરણ કરવું તે અંત સલ્લેખના છે—ચાર શિક્ષાવ્રત આ પ્રકારના છે.

અહીં પ્રશ્ન—તત્ત્વાર્થસૂત્રમાં ત્રણ ગુણવ્રતોમાં દેશવ્રત કહ્યું અને ભોગોપભોગ પરિમાણને શિક્ષાવ્રતોમાં કહ્યું તથા સંલેખનાને ભિન્ન કહ્યું તે કઈ રીતે ? તેનું સમાધાન :—આ વિવક્ષાનો ભેદ છે. અહીં દિગ્વ્રત દેશવ્રતમાં ગર્ભિત છે અને સંલેખનાને શિક્ષાવ્રતોમાં કહી છે તેમાં કાંઈપણ વિરોધ નથી. ૨૬.

હવે સંયમચરણરૂપ ચારિત્રમાં શ્રાવકધર્મ કહ્યું, હવે યતિધર્મને કહે છે :—

एवं सावयधम्मं संजमचरणं उदेसियं सयलं।
सुद्धं संजमचरणं जइधम्मं णिक्कलं वोच्छे॥२७॥

एवं श्रावकधर्मं संयमचरणं उपदेशितं सकलम्।
शुद्धं संयमचरणं यतिधर्मं निष्कलं वक्ष्ये॥२७॥

શ્રાવકધરમરૂપ દેશસંયમચરણ ભાખ્યું એ રીતે;
યતિધર્મ-આત્મક પૂર્ણસંયમચરણ શુદ્ધ કહું હવે. ૨૭.

**અર્થ** :—એવં એટલે આ પ્રકારે શ્રાવકધર્મસ્વરૂપ સંયમચરણ તો કહ્યું, તે કેવું છે? સકલ અર્થાત્ સહિત છે, (અહીં) એકદેશને કલા કહે છે. હવે યતિધર્મનું સ્વરૂપ એટલે કે સંયમચરણને કહીશ એવી આચાર્યદેવે પ્રતિજ્ઞા કરી છે. યતિધર્મ કેવો છે ? શુદ્ધ છે, નિર્દોષ છે, જેમાં લેશપણ પાપાચરણ નથી. નિકલ અર્થાત્ કલાથી નિઃક્રાંત છે, સંપૂર્ણ છે, શ્રાવકધર્મની જેમ એકદેશ નથી. ૨૭.

હવે યતિધર્મની સામગ્રી કહેવાય છે :—

पंचेंदियसंवरणं, पंच वया पंचविंसकिरियासु।
पंच समिदि तय गुत्ती, संजमचरणं णिरायारं॥२८॥

पंचेन्द्रियसंवरणं पंच व्रताः पंचविंशतिक्रियासु।
पंच समितयः तिस्रः गुप्तयः संयमचरणं निरागारम्॥२८॥

પંચેન્દ્રિસંવર, પાંચ વ્રત પચ્ચીશક્રિયાસંબદ્ધ જે,
વળી પાંચ સમિતિ, ત્રિગુપ્તિ—અણ-આગાર સંયમચરણ છે. ૨૮.

**અર્થ** :—પાંચ ઈન્દ્રિયોનો સંવર, પાંચ વ્રત તે પચ્ચીસ ક્રિયાઓનો સદ્‌ભાવ હોતા હોય છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એવું નિરાગાર સંયમચરણ ચારિત્ર હોય છે. ૨૮.

હવે પાંચ ઈન્દ્રિયોના સંવરનું સ્વરૂપ કહેવાય છે :—

अमणुण्णे य मणुण्णे सजीवदव्वे अजीवदव्वे य।
ण करेदि रायदोसे, पंचेंदियसंवरो भणिओ॥२९॥

अमनोज्ञे च मनोज्ञे सजीवद्रव्ये अजीवद्रव्ये च।
न करोति रागद्वेषौ पंचेन्द्रियसंवरः भणितः॥२९॥

સુમનોજ્ઞ ને અમનોજ્ઞ જીવ-અજીવદ્રવ્યોને વિષે
કરવા ન રાગવિરોધ તે પંચેન્દ્રિસંવર ઉક્ત છે. ૨૯.

**અર્થ** :—અમનોજ્ઞ તથા મનોજ્ઞ એવા પદાર્થો જેને લોકો પોતાના માને એવા સજીવ દ્રવ્ય સ્ત્રી-પુત્ર આદિક અને અચિત્ત ધન-ધાન્ય વગેરે પુદ્‌ગલ દ્રવ્ય વગેરેમાં રાગ-દ્વેષ ન કરે તેને પાંચ ઇન્દ્રિયોનો સંવર કહ્યો છે.

**ભાવાર્થ** :—ઇન્દ્રિયગોચર સચિત્ત-અચિત્ત દ્રવ્ય છે તે ઇન્દ્રિયો દ્વારા ગ્રહાય છે. તેમાં આ જીવ કોઈને ઇષ્ટ માની રાગ કરે છે અને કોઈને અનિષ્ટ માની દ્વેષ કરે છે. પરંતુ મુનિરાજ આ પ્રમાણે રાગ-દ્વેષ કરતાં નથી, તેમને સંયમચરણ ચારિત્ર હોય છે. ૨૯.

હવે પાંચ વ્રતોનું સ્વરૂપ કહે છે :—

हिंसाविरई अहिंसा, असच्चविरई अदत्तविरई य।
तुरियं अबंभविरई, पंचम संगम्मि विरई य॥३०॥

हिंसाविरतिरहिंसा असत्यविरतिः अदत्तविरतिश्च।
तुर्यं अब्रह्मविरतिः पंचमं संगे विरतिः च॥३०॥

હિંસાવિરામ, અસત્ય તેમ અદત્તથી વિરમણ અને
અબ્રહ્મવિરમણ, સંગવિરમણ—છે મહાવ્રત પાંચ એ. ૩૦.

**અર્થ** :—પ્રથમ તો હિંસાથી વિરતિ તે અહિંસા છે, બીજું અસત્યવિરતિ છે, ત્રીજું અદત્તવિરતિ છે, ચોથું અબ્રહ્મવિરતિ છે અને પાંચમું પરિગ્રહવિરતિ છે.

**ભાવાર્થ** :—આ પાંચ પાપોનો જેમાં સર્વથા ત્યાગ હોય છે તેને પાંચ મહાવ્રત કહેવાય છે. ૩૦.

હવે તેમને મહાવ્રત કેમ કહે છે તે દર્શાવે છે :—

साहंति जं महल्ला, आयरियं जं महल्लपुव्वेहिं।
जं च महल्लाणि, तदो [1]महव्वया इत्तहे याइं॥३१॥

१. पाठान्तर :+'महव्वया इत्तहे याइं' के स्थान पर 'महव्वयाइं तहेयाइं'।

साधयन्ति यन्महांतः आचरितं यत् महत्पूर्वैः।
यच्च महन्ति ततः महाव्रतानि एतस्माद्धेतोः तानि॥३१॥

મોટા પુરુષ સાધે, પૂરવ મોટા જનોએ આચર્યાં,
સ્વયમેવ વળી મોટાં જ છે, તેથી મહાવ્રત તે ઠર્યાં. ૩૧.

**અર્થ** :—મેહલ્લા અર્થાત્ મહંત પુરુષો જેમને સાધે છે—આચરણ કરે છે, અને પહેલાં પણ જેનું મહંતપુરુષોએ આચરણ કર્યું છે તથા તે વ્રત પોતે જ મહાન છે કારણ કે તેમાં પાપનો લેશ પણ નથી—આ પ્રમાણે આ પાંચ મહાવ્રત છે.

**ભાવાર્થ** :—જેમનું મોટા પુરુષો આચરણ કરે અને પોતે નિર્દોષ હોય તે જ મોટા કહેવાય છે. આ પ્રમાણે આ પાંચ વ્રતોની મહાવ્રત સંજ્ઞા છે. ૩૧.

હવે આ પાંચ વ્રતોની પચ્ચીસ ભાવના કહે છે, તેમાંથી જ પ્રથમ અહિંસાવ્રતની પાંચ ભાવના કહેવાય છે :—

वयगुत्ती मणगुत्ती, इरियासमिदी सुदाणणिक्खेवो।
अवलोयभोयणाए, अहिंसए भावणा होंति॥३२॥

वचोगुप्तिः मनोगुप्तिः ईर्यासमितिः सुदाननिक्षेपः।
अवलोक्यभोजनेन अहिंसाया भावना भवन्ति॥३२॥

મન-વચનગુપ્તિ, ગમનસમિતિ, સુદાનનિક્ષેપણ અને
અવલોકીને ભોજન—અહિંસાભાવના એ પાંચ છે. ૩૨.

**અર્થ** :—વચનગુપ્તિ અને મનોગુપ્તિ એવી બે તો ગુપ્તિઓ, ઈર્યાસમિતિ, કમંડળ આદિનું સારી ગ્રહણ-નિક્ષેપ તે આદાન-નિક્ષેપણ સમિતિ અને સારી રીતે જોઈને વિધિપૂર્વક શુદ્ધ ભોજન કરવું તે એષણા સમિતિ,—આ પ્રમાણે આ પાંચ અહિંસા મહાવ્રતની ભાવના છે.

**ભાવાર્થ** :—ભાવના નામ વારંવાર તેનો જ અભ્યાસ કરવાનો છે, તે અહીં પ્રવૃત્તિ-નિવૃત્તિમાં હિંસા થાય છે, તેનો નિરંતર યત્ન રાખે ત્યારે અહિંસાવ્રતનું પાલન થાય, તેથી અહીં યોગોની નિવૃત્તિ કરવી સારી રીતે તે ગુપ્તિરૂપ પ્રવર્તન કરવું અને પ્રવૃત્તિ કરવી તે સમિતિરૂપ કરવી, આવા નિરંતર અભ્યાસથી અહિંસા મહાવ્રત દ્રઢ થાય છે, આ આશયથી તેમને ભાવના કહે છે. ૩૨.

હવે સત્ય મહાવ્રતની ભાવના કહેવાય છે :—

कोहभयहासलोहा, मोहा विवरीयभावणा चेव।
विदियस्स भावणाए, ए पंचेव य तहा होंति॥३३॥

क्रोधभयहास्यलोभमोहा विपरीतभावनाः च एव।
द्वितीयस्य भावना इमा पंचैव च तथा भवन्ति॥३३॥

જે ક્રોધ, ભય ને હાસ્ય તેમ જ લોભ-મોહ—કુભાવ છે,
તેના વિપર્યયભાવ તે છે ભાવના બીજા વ્રતે. ૩૩.

**અર્થ** :—ક્રોધ, ભય, હાસ્ય, લોભ અને મોહ તેમનાથી વિપરીત એટલે કે ઊલટું તેમનો અભાવ તે દ્વિતીય વ્રત સત્યમહાવ્રતની ભાવના છે.

**ભાવાર્થ** :—અસત્યવચનની પ્રવૃત્તિ ક્રોધથી, ભયથી, હાસ્યથી, લોભથી અને પરદ્રવ્યના મોહરૂપ મિથ્યાત્વથી થાય છે. તેમનો ત્યાગ થઈ જતાં સત્ય મહાવ્રત દૃઢ રહે છે.

તત્ત્વાર્થસૂત્રમાં પાંચમી ભાવના અનુવીચીભાષણ કહી છે, તેનો અર્થ આ છે કે જિનસૂત્ર અનુસાર વચન બોલવા તથા મોહનો અભાવ કહ્યો. તે મિથ્યાત્વના નિમિત્તે સૂત્ર વિરુદ્ધ બોલાય છે. મિથ્યાત્વનો અભાવ થતાં સૂત્ર વિરુદ્ધ બોલાતું નથી, અનુવીચી ભાષણનો પણ આ જ અર્થ થયો તેમાં અર્થભેદ નથી. ૩૩.

હવે અચૌર્યમહાવ્રતની ભાવના કહે છે :—

सुण्णायारणिवासो, [1]विमोचियावास जं परोधं च।
एसणसुद्धिसउत्तं, साहम्मीसंविसंवादो ॥३४॥

शून्यागारनिवासः विमोचितावासः यत् परोधं च।
एषणाशुद्धिसहितं साधर्मिसमविसंवादः॥३४॥

સૂના અગર તો ત્યક્ત સ્થાને વાસ, પર-ઉપરોધ ના,
આહાર એષણશુદ્ધિયુત, સાધર્મી સહ વિખવાદ ના. ૩૪.

**અર્થ** :—શૂન્યાગાર અર્થાત્ ગિરિ ગુફા, ઝાડના કોટરાદિમાં નિવાસ કરવો. વિમોચિત્તાવાસ એટલે જેને લોકોએ કોઈ કારણથી છોડી દીધા હોય તે પ્રકારના ગૃહ-

१. पाठान्तर :—विमोचितावास।

ગ્રામાદિકમાં નિવાસ કરવો, પરોપરોધ એટલે કે જ્યાં બીજાનો અવરોધ ન હોય, વસતિકા વગેરેને અપનાવી બીજાને રોકવું, આ પ્રમાણે ન કરવું, એષણાશુદ્ધિ અર્થાત્ શુદ્ધ આહાર લેવો અને સાધર્મીથી વિસંવાદ ન કરવો આ તૃતીય મહાવ્રતની પાંચ ભાવના છે.

**ભાવાર્થ** :—મુનિઓને વસ્તીકાદિમાં રહેવું અને આહાર લેવો એ બે પ્રવૃત્તિઓ અવશ્ય હોય છે. લોકમાં એમના જ નિમિત્તે અદત્તનું આદાન થાય છે. મુનિઓએ એવા સ્થાન પર રહેવું જોઈએ કે જ્યાં અદત્તનો દોષ ન લાગે અને આહાર પણ એવી રીતે લે કે જેમાં અદત્તનો દોષ ન લાગે. તથા બંનેની પ્રવૃત્તિમાં સાધર્મી વગેરેથી વિસંવાદ ઉત્પન્ન ન થાય. આ પ્રમાણે આ પાંચ ભાવના કહી છે, તેમના હોવાથી અચૌર્ય મહાવ્રત દ્રઢ રહે છે. ૩૪.

હવે બ્રહ્મચર્ય મહાવ્રતની ભાવના કહે છે :—

**महिलालोयणपुव्वरइसरणसंसत्तवसहिविकहाहिं।**
**पुट्ठियरसेहिं विरओ, भावण पंचावि तुरियम्मि ॥३५॥**

**महिलालोकनपूर्वरतिस्मरणसंसक्तवसतिविकथाभिः।**
**पौष्टिकरसैः विरतः भावनाः पंचापि तुर्ये ॥३५॥**

**મહિલાનિરીક્ષણ-પૂર્વરતિસ્મૃતિ-નિકટવાસ, ત્રિયાકથા,**
**પૌષ્ટિક રસોથી વિરતિ—તે વ્રત તુર્યની છે ભાવના. ૩૫.**

**અર્થ** :—સ્ત્રીઓનું અવલોકન એટલે કે રાગભાવ સહિત જોવું, પૂર્વકાળમાં ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું, સ્ત્રીઓથી યુક્ત વસ્તીકામાં રહેવું, સ્ત્રીઓની કથા કરવી, પૌષ્ટિક રસોનું સેવન કરવું, આ પાંચેયથી વિકાર ઉત્પન્ન થાય છે, તેથી તેમનાથી વિરક્ત રહેવું, આ પાંચ બ્રહ્મચર્ય મહાવ્રતની ભાવના છે.

**ભાવાર્થ** :—કામવિકારના નિમિત્તથી બ્રહ્મચર્યવ્રત ભંગ થાય છે, તેથી સ્ત્રીઓને રાગભાવથી જોવી વગેરે નિમિત્તો કહ્યા, તેમનાથી વિરક્ત રહેવું, સંગ ન કરવો આનાથી બ્રહ્મચર્ય મહાવ્રત દ્રઢ રહે છે. ૩૫.

હવે પાંચ અપરિગ્રહ મહાવ્રતની ભાવના કહે છે :—

अपरिग्गह समणुण्णेसु, सद्दपरिसरसरूवगंधेसु।
रायद्दोसाईणं परिहारो भावणा होंति॥३६॥

अपरिग्रहे समनोज्ञेषु शब्दस्पर्शरसरूपगंधेषु।
रागद्वेषादीनां परिहारो भावनाः भवन्ति॥३६॥

મનહર-અમનહર સ્પર્શ-રસ-રૂપ-ગંધ તેમ જ શબ્દમાં
કરવા ન રાગવિરોધ, વ્રત પંચમ તણી એ ભાવના. ૩૬.

**અર્થ** :—શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ તે પાંચ ઈન્દ્રિયના વિષય સમનોજ્ઞ અર્થાત્ મનને ગમવાવાળા અને અમનોજ્ઞ એટલે કે મનને ન ગમવાવાળા હોય તો તે બંનેમાં રાગ-દ્વેષ વગેરે ન કરવા પરિગ્રહત્યાગવ્રતની આ પાંચ ભાવના છે.

**ભાવાર્થ** :—પાંચ ઈન્દ્રિયના વિષય, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ તે છે, તેમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિરૂપ રાગ-દ્વેષ ન કરે ત્યારે અપરિગ્રહવ્રત દૃઢ રહે છે તેથી આ પાંચ ભાવના અપરિગ્રહ મહાવ્રતની કહી છે. ૩૬.

હવે પાંચ સમિતિઓને કહે છે :—

इरिया भासा एसण, जा सा आदाण चेव णिक्खेवो।
[1]संजमसोहिणिमित्तं खंति जिणा पंच समिदीओ॥३७॥

ईर्या भाषा एषणा या सा आदानं चैव निक्षेपः।
संयमशोधिनिमित्तं ख्यान्ति जिनाः पंच समितीः॥३७॥

ઇર્યા, સુભાષા, એષણા, આદાન ને નિક્ષેપ—એ,
સંયમ તણી શુદ્ધિ નિમિત્તે સમિતિ પાંચ જિનો કહે. ૩૭.

**અર્થ** :—ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિઓ સંયમની શુદ્ધતાને માટે કારણરૂપ છે, આ પ્રમાણે જિનદેવે કહ્યું છે.

**ભાવાર્થ** :—મુનિ પંચમહાવ્રતરૂપ સંયમનું સાધન કરે છે, તે સંયમની શુદ્ધતા માટે પાંચ સમિતિરૂપ પ્રવર્તે છે, તેથી તેનું નામ સાર્થક છે—“સં” અર્થાત્ સમ્યક્પ્રકારે

१. पाठान्तर – संजमसोहिणिमित्ते।

“ઈતિ” અર્થાત્ પ્રવૃત્તિ જેમાં હોય એ સમિતિ છે. ચાલતી વખતે ચાર હાથ પૃથ્વી જોઈને ચાલે છે, જ્યારે બોલે ત્યારે હિત-મિતરૂપ વચન બોલે છે, (આહાર) લે તો છેતાલીસ દોષ, બત્રીસ અંતરાય ટાળીને, ચૌદ મળ-દોષ રહિત શુદ્ધ આહાર લે છે, ધર્મોપકરણને ઉપાડીને ગ્રહણ કરે તો યત્નપૂર્વક કરે છે, એવી જ રીતે કાંઈક ક્ષેપણ કરે ત્યારે યત્નપૂર્વક ક્ષેપણ કરે છે, આ પ્રમાણે નિષ્પ્રમાદ વર્તે ત્યારે સંયમનું શુદ્ધ પાલન થાય છે, તેથી પાંચ સમિતિરૂપ પ્રવૃત્તિ કહી છે. આ પ્રમાણે સંયમચરણ ચારિત્રની પ્રવૃત્તિનું વર્ણન કર્યું. ૩૭.

હવે આચાર્ય નિશ્ચયચારિત્રને મનમાં ધારણ કરી જ્ઞાનનું સ્વરૂપ કહે છે :—

**भव्वजणबोहणत्थं जिणमग्गे जिणवरेहि जह भणियं।**
**णाणं णाणसरूवं, अप्पाणं तं वियाणेहि॥३८॥**

भव्यजनबोधनार्थं जिनमार्गे जिनवरैः यथा भणितं।
ज्ञानं ज्ञानस्वरूपं आत्मानं तं विजानीहि॥३८॥

**રે! ભવ્યજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું જિન જે રીતે,**
**તે રીત જાણો જ્ઞાન ને જ્ઞાનાત્મ આત્માને તમે. ૩૮.**

**અર્થ :—**જિનમાર્ગમાં જિનેશ્વરદેવે ભવ્યજીવોના સંબોધન માટે જેવું જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે તે જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેને હે ભવ્ય જીવ! તું જાણ.

**ભાવાર્થ :—**જ્ઞાનને અને જ્ઞાનના સ્વરૂપને અન્યમતવાળાઓ અનેક પ્રકારે કહે છે, તેવું જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ નથી. જે સર્વજ્ઞ વીતરાગદેવ ભાસિત જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ છે તે જ નિર્બાધ સત્યાર્થ છે તથા જ્ઞાન છે તે જ આત્મા છે તથા આત્માનું સ્વરૂપ છે, તેને જાણીને તેમાં સ્થિરતાભાવ કરે, પરદ્રવ્ય સાથે રાગ-દ્વેષ ન કરે તે જ નિશ્ચય ચારિત્ર છે તેથી પૂર્વોક્ત મહાવ્રત આદિની પ્રવૃતિ કરીને તે જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થવાનો આ પ્રકારે ઉપદેશ છે. ૩૮.

હવે કહે છે કે જે આ પ્રકારે જ્ઞાનથી આમ જાણે છે તે સમ્યગ્જ્ઞાની છે :—

१. पाठान्तर – मोक्खमग्गुत्ति।

जीवाजीवविभत्ती, जो जाणइ सो हवेइ सण्णाणी।
रायादिदोसरहिओ, जिणसासणे [1]मोक्खमग्गो त्ति॥३९॥

जीवाजीवविभक्ति यः जानाति स भवेत् सज्ज्ञानः।
रागादिदोषरहितः जिनशासने मोक्षमार्ग इति॥३९॥

જે જાણતો જીવ-અજીવના સુવિભાગને, સદ્જ્ઞાની તે
રાગાદિવિરહિત થાય છે—જિનશાસને શિવમાર્ગ જે. ૩૯.

**અર્થ** :—જે પુરુષ જીવ-અજીવનો ભેદ જાણે છે તે સમ્યગ્જ્ઞાની હોય છે તથા તે રાગાદિ દોષોથી રહિત હોય છે, આ પ્રમાણે જિનશાસનમાં મોક્ષમાર્ગ છે.

**ભાવાર્થ** :—જે જીવ-અજીવ પદાર્થનું સ્વરૂપ ભેદરૂપ જાણી સ્વ-પરનો ભેદ જાણે છે તે સમ્યગ્જ્ઞાની હોય છે અને પરદ્રવ્યોથી રાગ છોડવાથી જ્ઞાનમાં સ્થિરતા થતા નિશ્ચય સમ્યક્ચારિત્ર હોય છે, તે જ જિનમતમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ કહ્યું છે. અન્યમતવાળાઓએ અનેક પ્રકારે કલ્પના કરીને કહ્યું છે તે મોક્ષમાર્ગ નથી. ૩૯.

હવે આ પ્રમાણે મોક્ષમાર્ગને જાણી શ્રદ્ધા સહિત તેમાં પ્રવૃત્તિ કરે છે તે તુરંત જ મોક્ષને પ્રાપ્ત કરે છે એ પ્રમાણે કહે છે :—

दंसणणाणचरित्तं तिण्णि वि जाणेह परमसद्धाए।
जं जाणिऊण जोई अइरेण लहंति णिव्वाणं॥४०॥

दर्शनज्ञानचारित्रं त्रीण्यपि जानीहि परमश्रद्धया।
यत् ज्ञात्वा योगिनः अचिरेण लभन्ते निर्वाणम्॥४०॥

દગ, જ્ઞાન ને ચારિત્ર—ત્રણ જાણો પરમ શ્રદ્ધા વડે,
જે જાણીને યોગીજનો નિર્વાણને અચિરે વરે. ૪૦.

**અર્થ** :—હે ભવ્ય! તું દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેયને પરમ શ્રદ્ધાથી જાણ, જેને જાણીને યોગી-મુનિ થોડા જ સમયમાં નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રયાત્મક મોક્ષમાર્ગ છે. તેને શ્રદ્ધાપૂર્વક જાણવાનો ઉપદેશ છે, કારણ કે તેમને જાણવાથી મુનિઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૪૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હવે કહે છે કે આ પ્રમાણે નિશ્ચયચારિત્રરૂપ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું જે તેને પ્રાપ્ત કરે છે તે શિવરૂપ મંદિરમાં રહેવાવાળા થાય છે :—

[1]पाऊण णाणसलिलं णिम्मलसुविसुद्धभावसंजुत्ता।
होंति सिवालयवासी तिहुवणचूडामणी सिद्धा॥४१॥

प्राप्य[2] ज्ञानसलिलं निर्मलसुविशुद्धभावसंयुक्ताः।
भवन्ति शिवालयवासिनः त्रिभुवनचूडामणयः सिद्धाः॥४१॥

જે જ્ઞાનજળ પીને લહે સુવિશુદ્ધ નિર્મળ પરિણતિ,
શિવધામવાસી સિદ્ધ થાય—ત્રિલોકના ચૂડામણિ. ૪૧.

**અર્થ** :—જે પુરુષ આ જિનભાસિત જ્ઞાનરૂપ જળને પીને પોતાના નિર્મળ ભલાપ્રકારે વિશુદ્ધભાવ સંયુક્ત થાય છે તે પુરુષ ત્રણ ભુવનના ચૂડામણિ અને શિવાલય એટલે મોક્ષરૂપી મંદિરમાં રહેવાવાળા સિદ્ધ પરમેષ્ઠી થાય છે.

**ભાવાર્થ** :—જેવી રીતે, જળથી સ્નાન કરી શુદ્ધ થઈને ઉત્તમ પુરુષ મહેલમાં નિવાસ કરે છે તેવી જ રીતે આ જ્ઞાન, જળ સમાન છે અને આત્માને રાગાદિક મળ લાગવાથી મલિનતા હોય છે, તેથી આ જ્ઞાનરૂપી જળથી રાગાદિક મળને ધોઈ નાખીને જે પોતાના આત્માને શુદ્ધ કરે છે તે મુક્તિરૂપી મહેલમાં રહીને આનંદ ભોગવે છે, તેમને ત્રણ ભુવનના શિરોમણિ સિદ્ધ કહે છે. ૪૧.

હવે કહે છે કે જેઓ જ્ઞાનગુણથી રહિત છે તે ઈષ્ટવસ્તુને પ્રાપ્ત કરતા નથી **તેથી ગુણદોષને જાણવા માટે જ્ઞાનને સારી રીતે જાણવું** :—

णाणगुणेहिं विहीणा, ण लहंते ते सुइच्छियं लाहं।
इय णाउं गुणदोसं, तं सण्णाणं वियाणेहि॥४२॥

ज्ञानगुणैः विहीना न लभते ते स्विष्टं लाभं।
इति ज्ञात्वा गुणदोषौ तत् सद्ज्ञानं विजानीहि॥४२॥

જે જ્ઞાનગુણથી રહિત, તે પામે ન લાભ સુ-ઇષ્ટને;
ગુણદોષ જાણી એ રીતે, સદ્જ્ઞાનને જાણો તમે. ૪૨.

---

१. पाठान्तर :–पीऊण। २. पाठान्तर :–पीत्वा।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**અર્થ** :—જ્ઞાનગુણથી હિન પુરુષ પોતાની ઈચ્છિત વસ્તુનો લાભ પ્રાપ્ત કરતો નથી તેથી આ પ્રમાણે જાણીને હે ભવ્ય ! તું પૂર્વોક્ત સમ્યગ્જ્ઞાનને ગુણ-દોષને જાણવા માટે જાણ.

**ભાવાર્થ** :—જ્ઞાન વિના ગુણ-દોષનું જ્ઞાન થતું નથી ત્યારે પોતાને ઈષ્ટ તથા અનિષ્ટ વસ્તુને જાણતો નથી ત્યારે ઈષ્ટ વસ્તુનો લાભ થતો નથી **તેથી સમ્યગ્જ્ઞાનથી જ ગુણ-દોષો જણાય છે.** કારણ કે સમ્યગ્જ્ઞાન વિના હેય-ઉપાદેય વસ્તુઓનું જ્ઞાન થતું નથી અને હેય-ઉપાદેયને જાણ્યા વિના સમ્યક્ચારિત્ર થતું નથી, તેથી જ્ઞાનને જ ચારિત્રથી મુખ્ય કહ્યું છે. ૪૨.

હવે કહે છે કે જે સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્રને ધારણ કરે છે તે થોડા જ કાળમાં અનુપમ સુખને પામે છે :—

**चारित्तसमारूढो, अप्पासु परं ण ईहए णाणी।**
**पावइ अइरेण सुहं, अणोवमं जाण णिच्छयदो।।४३।।**

चारित्रसमारूढ आत्मनि[1] परं न ईहते ज्ञानी।
प्राप्नोति अचिरेण सुखं अनुपमं जानीहि निश्चयतः।।४३।।

**જ્ઞાની ચરિત્રારૂઢ થઈ નિજ આત્મમાં પર નવ ચહે,**
**અચિરે લહે શિવસૌખ્ય અનુપમ એમ જાણો નિશ્ચયે. ૪૩.**

**અર્થ** :—જે પુરુષ જ્ઞાની છે અને ચારિત્ર સહિત છે તે પોતાના આત્મામાં પરદ્રવ્યની ઈચ્છા કરતો નથી, પરદ્રવ્યમાં રાગ-દ્વેષ-મોહ કરતો નથી તે જ્ઞાની જેની ઉપમા નથી એવા પ્રકારે અવિનાશી મુક્તિના સુખને પામે છે. હે ભવ્ય ! તું નિશ્ચયથી આ પ્રમાણે જાણ. અહીં જે જ્ઞાની થઈ હેય—ઉપાદેયને જાણીને, સંયમી બનીને પરદ્રવ્યોને પોતામાં ભેળવતો નથી તે પરમસુખ પામે છે—આ પ્રમાણે બતાવ્યું છે. ૪૩.

હવે ઈષ્ટ ચારિત્રના કથનને સંકોચે છે :—

---

૧. સં. પ્રતિમા 'आत्मनि' ની જગ્યાએ 'आत्मनः' લીધેલ છે. મુદ્રિત શ્રુતસાગરની સં. ટીકાના અર્થમાં પણ શ્ક્રા'રૂ્ાઃ× નો અર્થ કર્યો છે. (જુઓ પૃ. ૫૪)

एवं संखेवेण य, भणियं णाणेण वीयराएण।
सम्मत्तसंजमासय, दुण्हं पि उदेसियं चरणं।।४४।।

एवं संक्षेपेण च भणितं ज्ञानेन वीतरागेण।
सम्यक्त्वसंयमाश्रय द्वयोरपि उद्देशितं चरणम्।।४४।।

વીતરાગદેવે જ્ઞાનથી સમ્યક્ત્વ-સંયમ-આશ્રયે
જે ચરણ ભાખ્યું, તે કહ્યું સંક્ષેપથી અહીં આ રીતે. ૪૪.

**અર્થ** :—'એવં' એટલે કે આ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારે ટૂંકમાં શ્રી વીતરાગદેવે જ્ઞાન દ્વારા કહેલા આ પ્રમાણે સમ્યક્ત્વ અને સંયમ એ બંનેના આશ્રયથી ચારિત્રનો સમ્યક્ત્વચરણ-સ્વરૂપ અને સંયમચરણસ્વરૂપ એમ બે પ્રકારે ઉપદેશ કર્યો છે, આચાર્યે ચારિત્રના કથનને સંક્ષેપરૂપે કહી સંકોચ કર્યું છે. ૪૪.

આ પ્રમાણે ચારિત્રપાહુડની ભાવનાનો અને તેનો ઉપદેશ ફળ કહે છે :—

भावेह भावसुद्धं, फुडु रइयं चरणपाहुडं चेव।
लहु चउगइ चइऊणं, अइरेणऽपुणब्भवा होई।।४५।।

भावयत भावशुद्धं स्फुटं रचितं चरणप्राभृतं चैव।
लघु चतुर्गतीः त्यक्त्वा अचिरेण अपुनर्भवाः भवत।।४५।।

ભાવો વિમળ ભાવે ચરણપ્રાભૃત સુવિરચિત સ્પષ્ટ જે,
છોડી ચતુર્ગતિ શીઘ્ર પામો મોક્ષ શાશ્વતને તમે. ૪૫.

**અર્થ** :—અહીં આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! આ ચરણ અર્થાત્ ચારિત્રપાહુડ અમે સ્પષ્ટ પ્રગટ કરી બતાવ્યું છે તેને તમે પોતાના શુદ્ધભાવથી ભાવો. પોતાના ભાવોમાં વારંવાર અભ્યાસ કરો, તેથી શીઘ્ર જ ચારગતિઓને છોડીને અપુનર્ભવરૂપ મોક્ષ તમને થશે અને ફરી સંસારમાં જન્મ લેશો નહીં.

**ભાવાર્થ** :—આ ચારિત્રપાહુડને વાંચવું, વંચાવવું, ધારણ કરવું, વારંવાર તેને ભાવવું તેનો અભ્યાસ કરવો તે ઉપદેશ છે, આનાથી ચારિત્રનું સ્વરૂપ જાણી તેને ધારણ કરવાની રુચિ થાય, અંગીકાર કરે ત્યારે ચારગતિરૂપ સંસારના દુઃખથી રહિત થઈ

નિર્વાણને પ્રાપ્ત થાય, સંસારમાં જન્મ ધારણ ન કરે, તેથી જો કલ્યાણને ઈચ્છતા હો છે તે આ પ્રમાણે કરો. ૪૫.

( છપ્પય )

ચારિત દોય પ્રકાર દેવ જિનવરને ભાખ્યા;
સમકિત સંયમ ચરણ જ્ઞાનપૂરવ તિસ રાખ્યા;
જે નર સરધાવાન યાહિ ધારૈં વિધિ સેતી;
નિશ્ચય અર વ્યવહાર રીતિ આગમમેં જેતી.
જબ જગધંધા સવ મેટિકૈં નિજસ્વરૂપમેં થિર રહૈ;
તબ અષ્ટકર્મકૂં નાશિકૈ અવિનાશી શિવકૂં લહૈ. ૧.

આવી રીતે સમ્યક્ત્વચરણ ચારિત્ર અને સંયમચરણચારિત્ર—બે પ્રકારના ચારિત્રનું સ્વરૂપ આ પ્રાભૃતમાં કહ્યું.

( દોહા )

જિનભાષિત ચારિત્રકૂં જે પાલૈં મુનિરાજ;
તિનિકે ચરણ નમૂં સદા પાઊં તિનિ ગુણસાજ. ૨.

આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યસ્વામી વિરચિત ચારિત્રપ્રાભૃતની પંડિત જયચંદજી છાબડા કૃત દેશભાષામય વચનિકાનો ગુજરાતી ભાષાનુવાદ સમાપ્ત.

✿

# બોધપાહુડ
## –૪–

(દોહા)

દેવ જિનેશ્વર સર્વગુરુ, બંદૂં મન-વચ-કાય;
જા પ્રસાદ ભવિ બોધ લે, પાલૈં જીવ નિકાય. ૧

આ પ્રમાણે મંગલાચરણ દ્વારા શ્રી કુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ 'બોધપાહુડ'ની પંડિત જયચંદજી છાબડા કૃત વચનિકાનો ગુજરાતી ભાષાનુવાદ લખીએ છીએ. પ્રથમ આચાર્યદેવ ગ્રંથ રચનાની મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરે છે.

बहुसत्थअत्थजाणे संजमसम्मत्तसुद्धतवयरणे।
वंदित्ता आयरिए कसायमलवज्जिदे सुद्धे।।१।।

सयलजणबोहणत्थं जिणमग्गे जिणवरेहिं जह भणियं।
वोच्छामि समासेणं [१]छक्कायसुहंकरं सुणह।।२।।

बहुशास्त्रार्थज्ञापकान् संयमसम्यक्त्वशुद्धतपश्चरणान्।
वन्दित्वा आचार्यान् कषायमलवर्जितान् शुद्धान्।।१।।
सकलजनबोधनार्थं जिनमार्गे जिनवरैः यथा भणितम्।
वक्ष्यामि समासेन षट्कायसुखंकरं श्रृणु।।२।।युग्मम्।।

શાસ્ત્રાર્થ બહુ જાણે, સુદ્રગસંયમવિમળ તપ આચરે,
વર્જિતકષાય, વિશુદ્ધ છે, તે સૂરિગણને વંદીને; ૧.

ષટ્કાયસુખકર કથન કરું સંક્ષેપથી, સુણજો તમે,
જે સર્વજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું છે જિનવરે. ૨.

---

૧. મુદ્રિત સટીક સંસ્કૃત પ્રતિમાં 'छक्कायहियंकरं' એવો પાઠ છે.

**અર્થ** :—આચાર્ય કહે છે કે—હું આચાર્યને નમસ્કાર કરી, છકાયના જીવોને સુખ આપવાવાળા, જિનમાર્ગમાં જિનેન્દ્રદેવે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે—જેમાં સમસ્ત લોકના હિતનું જ પ્રયોજન છે—એવો ગ્રંથ સંક્ષેપથી કહીશ. તેને હે ભવ્યજીવો ! તમે સાંભળો. જે આચાર્યોની વંદના કરી છે તે આચાર્ય કેવા છે ? ઘણા શાસ્ત્રોના અર્થને જાણવાવાળા છે, તથા જેમનું તપશ્ચરણ સમ્યક્ત્વ અને સંયમથી શુદ્ધ છે, કષાયરૂપ મળથી રહિત છે, તેથી શુદ્ધ છે.

**ભાવાર્થ** :—અહીં આચાર્યોને વંદના કરી, તેમના વિશેષણો ઉપરથી લાગે છે કે—ગણધરાદિથી લઈને પોતાના ગુરુપર્યંત સર્વની વંદના અને ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા કરી તેના વિશેષણોથી લાગે છે કે જે બોધપાહુડ ગ્રંથની રચના કરશે તે લોકોને ધર્મમાર્ગમાં સાવધાન કરી કુમાર્ગને છોડાવી અહિંસાધર્મનો ઉપદેશ કરશે. ૧-૨.

હવે આ ‘બોધપાહુડ’માં અગિયાર સ્થળ કહ્યાં છે, તેમના નામ કહે છે :—

आयदणं चेदिहरं जिणपडिमा दंसणं च जिणबिंबं।
भणियं सुवीयरायं जिणमुद्दा णाणमादत्थं ।।३।।
अरहंतेण सुदिट्ठं जं देवं तित्थमिह य अरहंतं।
पावज्ज गुणविसुद्धा इय णायव्वा जहाकमसो ।।४।।

आयतनं चैत्यगृहं जिनप्रतिमा दर्शनं च जिनबिंबम्।
भणितं सुवीतरागं जिनमुद्रा ज्ञानमात्मार्थम्[१] ।।३।।
अर्हता सुदृष्टं यः देवः तीर्थमिह च अर्हन्।
प्रव्रज्या गुणविशुद्धा इति ज्ञातव्याः यथाक्रमशः ।।४।।

જે આયતન ને ચૈત્યગૃહ, પ્રતિમા તથા દર્શન અને
વીતરાગ જિનનું બિંબ, જિનમુદ્રા, સ્વહેતુક જ્ઞાન જે, ૩.
અર્હંતદેશિત દેવ, તેમ જ તીર્થ, વળી અર્હંત ને
ગુણશુદ્ધ પ્રવ્રજ્યા યથાક્રમશઃ અહીં જ્ઞાતવ્ય છે. ૪.

**અર્થ** :—(૧) આયતન, (૨) ચૈત્યગૃહ, (૩) જિનપ્રતિમા, (૪) દર્શન, (૫)

૧. ‘‘आत्मस्थं’’ સંસ્કૃતમાં પાઠાન્તર છે.

જિનબિંબ. (જિનબિંબ સારી રીતે વીતરાગ છે) (૬) જિનમુદ્રા (રાગ રહિત છે), (૭) જ્ઞાનપદ (જેમાં આત્મા જ પ્રયોજન છે.) આ પ્રમાણે સાત નિશ્ચય છે. (૮) દેવ, (૯) તીર્થ, (૧૦) અરહંત અને (ગુણથી વિશુદ્ધ) (૧૧) પ્રવ્રજ્યા આ ચાર જે અરહંત ભગવાને કહ્યા તેવા આ ગ્રંથમાં જાણવા, આ પ્રમાણે આ અગિયાર સ્થળ થયા.

**ભાવાર્થ** :—અહીં આશય એવો જાણવો જોઈએ કે—ધર્મમાર્ગમાં કાળદોષથી અનેક મતો થઈ ગયા છે, તથા જૈનમતમાં પણ ભેદ પડી ગયા છે, તેમાં આયતન વગેરેમાં વિપર્યય (વિપરીતપણું) થયું છે, તેમનું પરમાર્થભૂત સાચું સ્વરૂપ લોકો જાણતા નથી અને ધર્મના લોભી થઈને જેવી બાહ્ય પ્રવૃત્તિ જુએ તેમાં જ પ્રવર્તન કરવા લાગી જાય છે, તેમને સંબોધવા માટે આ 'બોધપાહુડ' રચ્યું છે. તેમાં આયતન વગેરે અગિયાર સ્થાનોનું પરમાર્થભૂત સાચું સ્વરૂપ જે સર્વજ્ઞદેવે કહ્યું છે તેવું કહેશે. અનુક્રમે જે પ્રમાણે નામ કહ્યા છે તે ક્રમથી જ તેમનું વ્યાખ્યાન કરશે. તે જાણવાયોગ્ય છે. ૩-૪.

હવે પ્રથમ જ જે **આયતન** કહ્યું તેનું નિરૂપણ કરે છે :—

मणवयणकायदव्वा आयत्ता[1] जस्स इंदिया विसया।
आयदणं जिणमग्गे णिद्दिट्ठं संजयं रूवं।।५।।

मनोवचनकायद्रव्याणि आयत्ताः यस्य ऐन्द्रियाः विषयाः।
आयतनं जिनमार्गे निर्दिष्टं संयतं रूपम्।।५।।

આયત્ત છે મન-વચન-કાયા ઇન્દ્રિવિષયો જેહને,
તે સંયમીનું રૂપ ભાખ્યું આયતન જિનશાસને. ૫.

**અર્થ** :—જિનમાર્ગમાં સંયમ સહિત મુનિરૂપ છે, તેને 'આયતન' કહ્યું છે. કેવું છે મુનિરૂપ? જેમને મન-વચન-કાય દ્રવ્યરૂપ છે તે પાંચ ઈન્દ્રિયોના (સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ) છે તે. 'આયત્તા' અર્થાત્ વિષયોને આધીન છે—વશીભૂત છે. સંયમી મુનિ (મન-વચન-કાય અને પાંચ ઈન્દ્રિયના વિષયોને) આધીન નથી. તે મુનિને વશીભૂત છે આવા સંયમી મુનિ તે આયતન છે. ૫.

આગળ કહે છે કે :—

૧. સં. 'आसत्ता' પાઠ છે જેનું સંસ્કૃત 'आसक्ताः' છે.

मयरायदोस मोहो कोहो लोहो य जस्स आयत्ता।
पंचमहव्वयधारी आयदणं महरिसी भणियं।।६।।

मदः रागः द्वेषः मोहः क्रोधः लोभः च यस्य आयत्ताः।
पंचमहाव्रतधराः आयतनं महर्षयो भणिताः।।६।।

આયત્ત જસ મદ-ક્રોધ-લોભ વિમોહ-રાગ-વિરોધ છે,
ઋષિવર્ય પંચમહાવ્રતી તે આયતન નિર્દિષ્ટ છે. ૬.

**અર્થ** :—જે મુનિને મદ, રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, લોભ અને 'ચકાર'થી માયા વગેરે આ બધાય 'આયત્તા' અર્થાત્ આ નિગ્રહને પ્રાપ્ત થયાં છે. અને પાંચ મહાવ્રત (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા પરિગ્રહ ત્યાગ) તેમને ધારણ કરનારા છે એવા મહામુનિ ઋષીશ્વરને 'આયતન' કહ્યા છે.

**ભાવાર્થ** :—પહેલી ગાથામાં તો બાહ્ય સ્વરૂપ કહ્યું હતું. આ ગાથામાં બાહ્ય અભ્યંતર બંને પ્રકારે જે સંયમી હોય તે 'આયતન' છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૬.

હવે આગળ કહે છે કે :—

सिद्धं जस्स सदत्थं विसुद्धझाणस्स णाणजुत्तस्स।
सिद्धायदणं सुद्धं मुणिवरवसहस्स मुणिदत्थं।।७।।

सिद्धं यस्य सदर्थं विशुद्धध्यानस्य ज्ञानयुक्तस्य।
सिद्धायतनं सिद्धं मुनिवरवृषभस्य मुनितार्थम्।।७।।

સુવિશુદ્ધધ્યાની, જ્ઞાનયુત, જેને સુસિદ્ધ સદર્થ છે,
મુનિવરવૃષભ તે મળરહિત સિદ્ધાયતન વિદિતાર્થ છે. ૭.

**અર્થ** :—જે મુનિ સદર્થ અર્થાત્ (સમીચીન અર્થરૂપ) 'શુદ્ધ આત્મા' તે સિદ્ધ થઈ ગયા હોય તે 'સિદ્ધાયતન' છે. કેવા છે મુનિ ? જેમને વિશુદ્ધ ધ્યાન છે, ધર્મધ્યાનને સાધીને શુક્લધ્યાનને પ્રાપ્ત થઈ ગયા છે; જ્ઞાનસહિત છે, કેવળજ્ઞાનને પામી ગયા છે. ઘાતિકર્મરૂપ મળથી રહિત છે તેથી મુનિઓમાં 'વૃષભ' અર્થાત્ પ્રધાન છે, જેમણે સમસ્ત પર્યાયોને જાણી લીધી છે, આ પ્રમાણે મુનિપ્રધાનને 'સિદ્ધાયતન' કહેવાય છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે ત્રણ ગાથામાં 'આયતન'નું સ્વરૂપ કહ્યું. પહેલી ગાથામાં તો સંયમી સામાન્યનો બાહ્યરૂપ પ્રધાનતાથી કહ્યું. બીજી ગાથામાં અંતરંગ-બાહ્ય બંનેની શુદ્ધતારૂપ ૠદ્ધિધારી મુનિને ૠષીશ્વર કહ્યા અને આ ત્રીજી ગાથમાં કેવળજ્ઞાની, જે મુનિઓમાં પ્રધાન છે તેમને 'સિદ્ધાયતન' કહ્યું. અહીં આ પ્રમાણે જાણવું. જે 'આયતન' એટલે કે જેમાં વસે—નિવાસ કરે તેને આયતન કહે છે. તેથી ધર્મપદ્ધતિમાં જે ધર્માત્મા પુરુષ આશ્રય કરવાયોગ્ય હોય તે 'ધર્માયતન' છે. આ પ્રમાણે મુનિના જ ધર્મ આયતન છે. અન્ય કોઈ વેષધારી, પાખંડી (ઢોંગી) વિષય કષાયમાં આસક્ત, પરિગ્રહધારી ધર્મના આયતન નથી તથા જૈનમતમાં પણ જે સૂત્ર વિરુદ્ધ પ્રવર્તે છે તેઓ પણ આયતન નથી તે બધા 'અનાયતન' છે. બૌદ્ધમતમાં પાંચ ઈન્દ્રિય, તેમના પાંચ વિષય, એક મન, એક ધર્માયતન શરીર એ પ્રમાણે બાર આયતન કહ્યા છે જે કલ્પિત છે, તેથી જે અહીં આયતન કહ્યા છે તેવા જ 'આયનત' જાણવા. ધર્માત્માએ તેનો જ આશ્રય કરવો, અન્યની સ્તુતિ, પ્રશંસા તથા વિનયાદિક ન કરવા, આ બોધપ્રાભૃત ગ્રંથ રચવાનો આશય છે. જેમાં આ પ્રકારના નિર્ગ્રંથ મુનિઓ રહે છે એવા ક્ષેત્રને પણ આયતન કહે છે, જે વ્યવહાર છે. ૭.

(૨) હવે ચૈત્યગૃહનું નિરૂપણ કરે છે :—

**बुद्धं जं बोहंतो अप्पाणं चेदयाइं अण्णं च।**
**पंचमहव्वयसुद्धं णाणमयं जाण चेदिहरं॥८॥**

बुद्धं यत् बोधयन् आत्मानं चैत्यानि अन्यत् च।
पंचमहाव्रतशुद्धं ज्ञानमयं जानीहि चैत्यगृहम्॥८॥

**સ્વાત્મા-પરાત્મા-અન્યને જે જાણતાં જ્ઞાન જ રહે,**
**છે ચૈત્યગૃહ, તે જ્ઞાનમૂર્તિ, શુદ્ધ પંચમહાવ્રતે. ૮.**

**અર્થ** :—જે મુનિ 'બુદ્ધ' એટલે કે જ્ઞાનમયી આત્માને જાણતો હોય, અન્ય જીવોને 'ચૈત્ય' એટલે કે ચેતના સ્વરૂપ જાણતો હોય, પોતે જ્ઞાનમય હોય પંચ મહાવ્રતોથી શુદ્ધ હોય, નિર્મળ હોય, તેવા મુનિને હે ભવ્ય! તું ચૈત્યગૃહ જાણ.

**ભાવાર્થ** :—જેમાં પોતાને અને પરને જાણનાર જ્ઞાની નિષ્પાપ-નિર્મળ આવો 'ચૈત્ય' અર્થાત્ ચેતનાસ્વરૂપ આત્મા રહે છે તે 'ચૈત્યગૃહ' છે. આ પ્રમાણેનું ચૈત્યગૃહ

સંયમી મુનિ છે, અન્ય પાષાણ વગેરેના મંદિરને 'ચૈત્યગૃહ' કહેવું વ્યવહાર છે. ૮.

હવે ફરીથી કહે છે :—

चेइय बंधं मोक्खं दुक्खं सुक्खं च अप्पयं तस्स।
चेइहरं जिणमग्गे छक्कायहियंकरं भणियं।।९।।

चैत्यं बंधं मोक्षं दुःखं सुक्खं च आत्मकं तस्य।
चैत्यगृहं जिनमार्गे षड्कायहितंकरं भणितम्।।९।।

ચેતન સ્વયં, સુખ-દુઃખ-બંધન-મોક્ષ જેને અલ્પ છે,
ષટ્કાયહિતકર તેહ ભાખ્યું ચૈત્યગૃહ જિનશાસને. ૯.

**અર્થ** :—જેને બંધ અને મોક્ષ, સુખ અને દુઃખ હોય તે આત્માને ચૈત્ય કહે છે, અર્થાત્ આ ચિહ્નો જેના સ્વરૂપમાં હોય તેને 'ચૈત્ય' કહે છે કારણ કે જે ચેતનાસ્વરૂપ હોય તેને જ બંધ, મોક્ષ, સુખ, દુઃખ સંભવે છે. આ પ્રમાણે ચૈત્યનું જે ગૃહ હોય તે 'ચૈત્યગૃહ' છે. આ પ્રમાણે જિનમાર્ગમાં ચૈત્યગૃહ છકાયનું હિત કરવાવાળા, તે આ પ્રમાણે મુનિ છે. પાંચ સ્થાવર અને ત્રસમાં વિકલત્રય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી કેવળ રક્ષા કરવાયોગ્ય છે તેથી તેમની રક્ષાનો ઉપદેશ કરે છે અને પોતે તેમનો ઘાત કરતા નથી આ જ તેમનું હિત છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની રક્ષા પણ કરે છે, રક્ષાનો ઉપદેશ પણ કરે છે, તેમને સંસારથી નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપદેશ કરે છે. આ પ્રમાણે મુનિરાજને 'ચૈત્યગૃહ' કહે છે.

**ભાવાર્થ** :—લૌકિકજનો ચૈત્યગૃહનું સ્વરૂપ અનેક પ્રકારે અન્યથા માને છે. તેમને સાવધાન કર્યા છે કે જિનસૂત્રમાં છકાયના હિત કરવાવાળા જ્ઞાનમયી સંયમી મુનિ છે તે 'ચૈત્યગૃહ' છે અન્યને ચૈત્યગૃહ કહેવા તથા માનવા તે વ્યવહાર છે. આ પ્રમાણે ચૈત્યગૃહનું સ્વરૂપ કહ્યું. ૯.

(૩) હવે જિનપ્રતિમાનું નિરૂપણ કરે છે :—

सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं।
णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।

स्वपरा जंगमदेहा दर्शनज्ञानेन शुद्धचरणानाम्।
निर्ग्रन्थवीतरागा जिनमार्गे ईदृशी प्रतिमा।।१०।।

દગ-જ્ઞાન-નિર્મળચરણધરની ભિન્ન જંગમ કાય જે,
નિર્ગ્રંથ ને વીતરાગ, તે પ્રતિમા કહી જિનશાસને. ૧૦.

**અર્થ** :—જેમનું ચારિત્ર દર્શન-જ્ઞાનથી શુદ્ધ-નિર્મળ છે તેમનો સ્વ-परा એટલે કે પોતાનો અને પરનો ચાલતો થકો દેહ છે તે જિનમાર્ગમાં 'જંગમ પ્રતિમા' છે. અથવા સ્વ અર્થાત્ આત્માથી ભિન્ન અને पर અર્થાત્ દેહ છે તે કેવી છે? જેનું નિર્ગ્રંથ સ્વરૂપ છે, પરિગ્રહ લેશ પણ નથી એવી દિગંબર મુદ્રા છે. જેમનું વીતરાગ સ્વરૂપ છે, કોઈ વસ્તુથી રાગ-દ્વેષ-મોહ નથી, એવી પ્રતિમા જિનમાર્ગમાં કહે છે. જેમને દર્શન-જ્ઞાનથી નિર્મળ ચારિત્ર પ્રાપ્ત છે, આ પ્રમાણે મુનિઓની—ગુરુ-શિષ્યની અપેક્ષાએ—પોતાનો તથા પરનો ચાલતો દેહ નિર્ગ્રંથ વીતરાગ મુદ્રા સ્વરૂપ છે, તે જિનમાર્ગમાં 'પ્રતિમા' છે, અન્ય કલ્પિત છે અને ધાતુ-પાષાણ વગેરેથી બનાવેલ દિગંબર મુદ્રા સ્વરૂપને 'પ્રતિમા' કહે તે વ્યવહાર છે. તે પણ બાહ્ય આકૃતિ આવી હોય તે જ વ્યવહારમાં માન્ય છે. ૧૦.

હવે આગળ કહે છે :—

जं चरदि सुद्धचरणं जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं।
सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा।।११।।

यः चरित शुद्धचरणं जानाति पश्यति शुद्धसम्यक्त्वम्।
सा भवति वंदनीया निर्ग्रन्था संयता प्रतिमा।।११।।

જાણે-જુએ નિર્મળ સુદગ સહ, ચરણ નિર્મળ આચરે,
તે વંદનીય નિર્ગ્રંથ-સંયતરૂપ પ્રતિમા જાણજે. ૧૧.

**અર્થ** :—જેઓ શુદ્ધ આચરણનું આચરણ કરે છે તથા સમ્યગ્જ્ઞાનથી યથાર્થ વસ્તુને જાણે છે અને સમ્યગ્દર્શનથી પોતાના સ્વરૂપને દેખે છે આ પ્રમાણે જેમને શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત છે એવી નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા છે તે વંદન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ** :—જાણવાવાળો, દેખવાવાળો શુદ્ધ સમ્યક્ત્વ, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ નિર્ગ્રંથ સંયમ સહિત આ પ્રમાણે મુનિનું સ્વરૂપ છે, તે જ 'પ્રતિમા' છે, તે જ વંદન કરવાયોગ્ય છે; અન્ય કલ્પિત(પ્રતિમા) વંદન યોગ્ય નથી અને તેવા જ રૂપવાળી ધાતુ-પાષાણની પ્રતિમા હોય તે વ્યવહારથી વંદનયોગ્ય છે. ૧૧.

હવે ફરી કહે છે :—

दंसणअणंत णाणं अणंतवीरिय अणंतसुक्खा य।
सासयसुक्ख अदेहा मुक्का कम्मट्ठबंधेहिं।।१२।।
णिरुवममचलमखोहा णिम्मिविया [1]जंगमेण रूवेण।
सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा।।१३।।

दर्शन अनन्तज्ञानं अनन्तवीर्याः अनंतसुखाः च।
शाश्वतसुखा अदेहा मुक्ताः कर्माष्टकबंधैः।।१२।।
निरुपमा अचला अक्षोभाः [1]निर्मापिता जंगमेन रूपेण।
सिद्धस्थाने स्थिताः व्युत्सर्गप्रतिमा ध्रुवाः सिद्धाः।।१३।।

નિઃસીમ દર્શન-જ્ઞાન ને સુખ-વીર્ય વર્તે જેમને,
શાશ્વતસુખી, અશરીર ને કર્માષ્ટબંધવિમુક્ત જે, ૧૨.
અક્ષોભ-નિરુપમ-અચલ-ધ્રુવ, ઉત્પન્ન જંગમ રૂપથી,
તે સિદ્ધ સિદ્ધિસ્થાનસ્થિત, વ્યુત્સર્ગપ્રતિમા જાણવી. ૧૩.

**અર્થ** :—જેઓ અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંત સુખ સહિત છે; શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ છે, અદેહ છે—કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમયી દેહ જેમને નથી; અષ્ટકર્મના બંધનથી રહિત છે, ઉપમા રહિત છે—જેની ઉપમા આપવામાં આવે એવી લોકમાં વસ્તુ નથી;—અચલ છે—પ્રદેશોનું ચાલવું જેમને નથી; અક્ષોભ છે—જેમના ઉપયોગમાં બિલકુલ ક્ષોભ નથી, નિશ્ચલ છે—જંગમરૂપથી નિર્મિત છે—કર્મથી વિમુક્ત થયા પછી એક સમયમાત્ર ગમનરૂપ હોવાથી જંગમરૂપથી નિર્માપિત છે, લોકના અગ્રભાગમાં કે જે સિદ્ધસ્થાને સ્થિત છે; વ્યુત્સર્ગ અર્થાત્ કાય રહિત છે—જેવો પૂર્વ શરીરમાં આકાર હતો તેવો જ તેનાથી કંઈક ઓછા, પ્રદેશોના આકારવાળા છે; ધ્રુવ છે—સંસારથી મુક્ત થયા એક સમયમાત્રમાં ગમન કરી લોકના અગ્રભાગમાં જઈ સ્થિર થઈ જાય છે. ત્યારબાદ ચલિત થતા નથી. એવી પ્રતિમા ‘સિદ્ધ ભગવાન’ છે.

**ભાવાર્થ** :—પ્રથમ બે ગાથાઓમાં તો જંગમ પ્રતિમા દેહ સહિત સંયમી મુનિઓની કહી. આ બે ગાથાઓમાં સિદ્ધોની ‘સ્થિર પ્રતિમા’ કહી. આ પ્રમાણે જંગમ

૧. સંસ્કૃત પ્રતિમાં ‘निर्मापिताः’ ‘अजगमेन रूपेण’ એમ છાયા છે.

અને સ્થાવર પ્રતિમાનું સ્વરૂપ કહ્યું. અન્ય કેટલાક લોકો ઘણા પ્રકારે અન્યથા કલ્પના કરે છે તે પ્રતિમા વંદન કરવા યોગ્ય નથી.

અહીં પ્રશ્ન :—આ તો પરમાર્થ રૂપ કહ્યું અને બાહ્ય વ્યવહારમાં પાષાણ આદિકની પ્રતિમાની વંદના કરે છે તે કઈ રીતે? તેનું સમાધાન :—બાહ્ય વ્યવહારમાં મતાંતરના ભેદથી અનેક પદ્ધતિ પ્રતિમાની પ્રવૃત્તિ છે, તેથી અહીં પરમાર્થને મુખ્ય કરીને કહ્યું છે અને જે પ્રતિમારૂપ પરમાર્થને સૂચિત કરે છે તે વ્યવહાર છે, તે નિર્બાધ છે. જેવો પરમાર્થરૂપ આકાર કહ્યો તેવો જ આકાર વ્યવહાર પણ હોય તો તે વ્યવહાર; પ્રશસ્ત છે; વ્યવહારીજીવોને તે પણ વંદન કરવા યોગ્ય છે. સ્યાદ્વાદન્યાયથી સિદ્ધ કરવામાં આવેલ પરમાર્થ અને વ્યવહારમાં વિરોધ નથી. ૧૨-૧૩.

આ પ્રમાણે જિન પ્રતિમાનું સ્વરૂપ કહ્યું :—

(૪) હવે દર્શનનું સ્વરૂપ કહે છે :—

**दंसेइ मोक्खमग्गं सम्मत्तं संजमं सुधम्मं च।**
**णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।**

दर्शयति मोक्षमार्गं सम्यक्त्वं संयमं सुधर्मं च।
निर्ग्रन्थं ज्ञानमयं जिनमार्गे दर्शनं भणितम्।।१४।।

**દર્શાવતું સંયમ-સુદ્દગ-સદ્ધર્મરૂપ, નિર્ગ્રંથ ને,**
**જ્ઞાનાત્મ મુક્તિમાર્ગ તે દર્શન કહ્યું જિનશાસને. ૧૪.**

**અર્થ** :—જે મોક્ષમાર્ગને બતાવે છે તે **દર્શન** છે, મોક્ષમાર્ગ કેવો છે ?—સમ્યક્ત્વ અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ સમ્યક્ત્વસ્વરૂપ છે, **સંયમ** અર્થાત્ ચારિત્ર.— પંચ મહાવ્રત, પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એમ તેર પ્રકારનું ચારિત્રરૂપ છે, **સુધર્મ** એટલે કે ઉત્તમ ક્ષમાદિક દસલક્ષણ ધર્મરૂપ છે, **નિર્ગ્રંથસ્વરૂપ** છે—બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત છે, **જ્ઞાનમયી** છે—જીવ અજીવ આદિ પદાર્થોને જાણવાવાળા છે. અહીં 'નિર્ગ્રંથ' અને 'જ્ઞાનમયી' આ બે વિશેષણો દર્શનને પણ હોય છે કારણ કે દર્શન છે કે જેની બાહ્યમાં મૂર્તિ નિર્ગ્રંથ છે. અંતરંગમાં જ્ઞાનમયી છે. આ પ્રમાણે મુનિના રૂપને જિનમાર્ગમાં 'દર્શન' કહ્યું છે. તથા **એવા પ્રકારના રૂપના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ સ્વરૂપને દર્શન કહ્યું છે.**

**ભાવાર્થ** :—પરમાર્થરૂપ 'અંતરંગદર્શન' તો સમ્યક્ત્વ છે અને તેની બાહ્ય મૂર્તિ,

જ્ઞાન સહિત ગ્રહણ કરાયેલું નિર્ગ્રંથરૂપ છે. આ પ્રમાણે મુનિનું રૂપ છે તે 'દર્શન' છે. કારણ કે મતની મૂર્તિને દર્શન કહેવાનું લોકમાં પ્રસિદ્ધ છે. ૧૪.

હવે ફરી કહે છે :—

जह फुल्लं गंधमयं भवदि हु खीरं स घियमयं चावि।
तह दंसणं हि सम्मं णाणमयं होइ रूवत्थं॥१५॥

यथा पुष्पं गंधमयं भवति स्फुटं क्षीरं तत् घृतमयं चापि।
तथा दर्शनं हि सम्यक् ज्ञानमयं भवति रूपस्थम्॥१५॥

જ્યમ ફૂલ હોય સુગંધમય ને દૂધ ઘૃતમય હોય છે,
રૂપસ્થ દર્શન હોય સમ્યગ્જ્ઞાનમય એવી રીતે. ૧૫.

**અર્થ** :—જેમ ફૂલ સુગંધમય છે, દૂધ ઘૃતમય(ઘી) છે તેવી જ રીતે દર્શન અર્થાત્ મતમાં સમ્યક્ત્વ છે. કેવું છે દર્શન? અંતરંગ તો જ્ઞાનમયી છે અને બાહ્ય રૂપસ્થ છે—મુનિનું રૂપ છે તથા ઉત્કૃષ્ટ શ્રાવક, અર્જિકાનું રૂપ છે.

**ભાવાર્થ** :—મતનું નામ 'દર્શન' પ્રસિદ્ધ છે. અહીં જિનદર્શનમાં મુનિ, શ્રાવક અને આર્જિકાનો જેવો બાહ્ય વેષ કહ્યો તેને 'દર્શન' જાણવું અને તેની શ્રદ્ધા તેને અંતરંગદર્શન જાણવું. આ બંનેય જ્ઞાનમયી છે. યથાર્થ તત્ત્વાર્થના જાણવાવાળું સમ્યક્ત્વ જેમાં હોય છે, ફૂલમાં ગંધનો અને દૂધમાં ઘૃતનો યુક્ત દૃષ્ટાંત યોગ્ય છે. આ પ્રમાણે દર્શનનું રૂપ કહ્યું. અન્યમતમાં તથા કાળદોષથી જિનમતમાં જૈનાભાસ (વેશધારી) અનેક પ્રકારે અન્યથા કહે છે જે કલ્યાણરૂપ નથી, સંસારનું કારણ છે. ૧૫

(૫)–હવે જિનબિંબનું નિરૂપણ કરે છે :–

जिणबिंबं णाणमयं संजमसुद्धं सुवीयरायं च।
जं देइ दिक्खसिक्खा कम्मक्खयकारणे सुद्धा॥१६॥

जिनबिंबं ज्ञानमयं संयमशुद्धं सुवीतरागं च।
यत् ददाति दीक्षाशिक्षे कर्मक्षयकारणे शुद्धे॥१६॥

જિનબિંબ છે, જે જ્ઞાનમય, વીતરાગ, સંયમશુદ્ધ છે,
દીક્ષા તથા શિક્ષા કરમક્ષયહેતુ આપે શુદ્ધ જે. ૧૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ** :—જિનબિંબ કેવું છે? જ્ઞાનમયી છે, સંયમથી શુદ્ધ છે, અતિશયપણે વીતરાગ છે, કર્મના ક્ષયનું કારણ અને શુદ્ધ છે આ પ્રમાણેની દીક્ષા અને શિક્ષા આપે છે.

**ભાવાર્થ** :—જે 'જિન' એટલે કે 'અર્હંત' સર્વજ્ઞનું પ્રતિબિંબ કહેવાય છે. તેમની જગ્યાએ તેમની જેવું જ માનવાયોગ્ય હોય. આ પ્રમાણે આચાર્ય છે તેઓ દીક્ષા (વ્રતનું ગ્રહણ) અને શિક્ષા (વિધિ બતાવવી) તે બંને ભવ્યજીવોને આપે છે. તેથી (૧) પ્રથમ તો તે આચાર્ય જ્ઞાનમયી હોય, જિનસૂત્રના તેઓ જ્ઞાતા હોય, કારણ કે જ્ઞાન વિના યથાર્થ દીક્ષા-શિક્ષા કઈ રીતે હોય? (૨) પોતે સંયમથી શુદ્ધ હોય, કારણ કે જો તે પ્રમાણે ન હોય તો અન્યને પણ સંયમથી શુદ્ધ ન કરી શકે . (૩) અતિશય એટલે કે વિશેષપણે વીતરાગી ન હોય તો કષાય સહિત હોય ત્યારે દીક્ષા, શિક્ષા યથાર્થપણે ન આપી શકે, તેથી આ પ્રમાણે આચાર્યને જિનનું પ્રતિબિંબ જાણવું. ૧૬.

હવે ફરી કહે છે :—

तस्स य करह पणामं सव्वं पुज्जं च विणयवच्छल्लं।
जस्स य दंसण णाणं अत्थि धुवं चेयणाभावो ॥१७॥

तस्य च कुरुत प्रणामं सर्वां पूजां च विनयं वात्सल्यम्।
यस्य च दर्शनं ज्ञानं अस्ति ध्रुवं चेतनाभावः ॥१७॥

તેની કરો પૂજા, વિનય-વાત્સલ્ય-પ્રણમન તેહને,
જેને સુનિશ્ચિત જ્ઞાન, દર્શન ચેતનાપરિણામ છે. ૧૭.

**અર્થ** :—આ પ્રમાણે પૂર્વોક્ત જિનબિંબને પ્રણામ કરો અને સર્વપ્રકારે પૂજા કરો, વિનય કરો, વાત્સલ્ય કરો. કારણ કે તેને ધ્રુવ અર્થાત્ નિશ્ચયથી દર્શન-જ્ઞાન પ્રાપ્ત હોય છે અને તે ચેતનાભાવ છે.

**ભાવાર્થ** :—દર્શનજ્ઞાનમયી ચેતનાભાવ સહિત જિનબિંબ આચાર્ય છે, તેમને પ્રણામાદિક કરવા. અહીં પરમાર્થને મુખ્ય કહ્યો છે, જડ પ્રતિબિંબની ગૌણતા છે. ૧૭.

હવે ફરી કહે છે કે :—

तववयगुणेहिं सुद्धो जाणदि पिच्छेइ सुद्धसम्मत्तं।
अरहन्तमुद्द एसा दायारी दिक्खसिक्खा य॥१८॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तपोव्रतगुणैः शुद्धः जानाति पश्यति शुद्धसम्यक्त्वम्।
अर्हन्मुद्रा एषा दात्री दीक्षाशिक्षाणां च॥१८॥

તપવ્રતગુણોથી શુદ્ધ, નિર્મળ સુદ્રગ સહ જાણે-જુએ,
દીક્ષા-સુશિક્ષાદાયિની અર્હંતમુદ્રા તેહ છે. ૧૮.

**અર્થ** :—જે તપ, વ્રત અને ગુણ એટલે કે ઉત્તરગુણથી શુદ્ધ હોય, સમ્યગ્જ્ઞાનથી પદાર્થને યથાર્થ જાણતા હોય, સમ્યગ્દર્શનથી પદાર્થોને દેખતા હોય તેથી જેમને શુદ્ધ સમ્યક્ત્વ છે તેવા જિનબિંબ આચાર્ય છે. તે જ દીક્ષા અને શિક્ષા આપવાવાળી અર્હંતની મુદ્રા છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે જિનબિંબ છે તે જિનમુદ્રા જ છે—આવું જિનબિંબનું સ્વરૂપ કહ્યું છે. ૧૮.

(૬) હવે જિનમુદ્રાનું સ્વરૂપ કહેવામાં આવે છે :—

दिढसंजममुद्दाए इंदियमुद्दा कसायदढमुद्दा।
मुद्दा इह णाणाए जिणमुद्दा एरिसा भणिया॥१९॥

दृढसंयममुद्रया इन्द्रियमुद्रा कषायदृढमुद्रा।
मुद्रा इह ज्ञानेन जिनमुद्रा ईदृशी भणिता॥१९॥

ઇન્દ્રિય-કષાયનિરોધમય મુદ્રા સુદૃઢસંયમમયી,
—આ ઉક્ત મુદ્રા જ્ઞાનથી નિષ્પન્ન, જિનમુદ્રા કહી. ૧૯.

**અર્થ** :—દૃઢ એટલે કે વજ્રવત્ ચલાવવાથી પણ ચલિત ન થાય એવો સંયમ—ઇન્દ્રિય મનને વશ કરવા, છકાયના જીવોની રક્ષા કરવી,—આ પ્રમાણે સંયમરૂપ મુદ્રાથી તો પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ન પ્રવર્તાવવું, તેમનો સંકોચ કરવો તે તો ઇન્દ્રિયમુદ્રા છે, અને આ પ્રમાણે સંયમ દ્વારા જ જેમાં કષાયોની પ્રવૃત્તિ નથી એવી કષાયદૃઢમુદ્રા છે, તથા જ્ઞાનને સ્વરૂપમાં લગાડવું તે પ્રમાણે જ્ઞાન દ્વારા બધી જ બાહ્ય મુદ્રા શુદ્ધ હોય છે. આ પ્રમાણે જિનશાસનમાં આવી 'જિનમુદ્રા' હોય છે.

**ભાવાર્થ** :—(૧) જે સંયમ સહિત હોય, (૨) જેને ઇન્દ્રિયો વશમાં હોય, (૩) કષાયોની પ્રવૃત્તિ ન હોય અને જ્ઞાનને સ્વરૂપમાં લગાડતા હોય એવા મુનિ હોય તે જ

'જિનમુદ્રા' છે. ૧૯.

(૭) હવે જ્ઞાનનું નિરૂપણ કરે છે —

**संजमसंजुत्तस्स य सुझाणजोयस्स मोक्खमग्गस्स।**
**णाणेण लहदि लक्खं तम्हा णाणं च णायव्वं।।२०।।**

संयमसंयुक्तस्य च [1]सुध्यानयोग्यस्य मोक्षमार्गस्य।
ज्ञानेन लभते लक्षं तस्मात् ज्ञानं च ज्ञातव्यम्।।२०।।

**સંયમસહિત સદ્ધ્યાનયોગ્ય વિમુક્તિપથના લક્ષ્યને,**
**પામી શકે છે જ્ઞાનથી જીવ, તેથી તે જ્ઞાતવ્ય છે. ૨૦.**

**અર્થ** :—સંયમથી સંયુક્ત અને ધ્યાનના યોગ્ય આ પ્રમાણે જે મોક્ષમાર્ગ તેનું લક્ષ અર્થાત્ લક્ષણયોગ્ય—જાણવાયોગ્ય નિશાન હોય, જે પોતાનું નિજરૂપ જે જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે, તેથી આ પ્રમાણે લક્ષને જાણવા માટે જ્ઞાનને જાણવું.

**ભાવાર્થ** :—સંયમ અંગીકાર કરી ધ્યાન કરે અને આત્માના સ્વરૂપને ન જાણે તો મોક્ષમાર્ગની સિદ્ધિ નથી તેથી ધ્યાનનું સ્વરૂપ જાણવું જોઈએ. તેને જાણવાથી સર્વ સિદ્ધિ છે. ૨૦.

હવે તેને જ દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :—

**जह ण वि लहदि हु लक्खं रहिओ कंडस्स वेज्झयविहीणो।**
**तह णवि लक्खदि लक्खं अण्णाणी मोक्खमग्गस्स।।२१।।**

तथा नापि लभते स्फुटं लक्षं रहितः कांडस्य [2]वेधकविहीनः।
तथा नापि लक्षयति लक्षं अज्ञानी मोक्षमार्गस्य।।२१।।

**શર-અજ્ઞ વેધ્ય-અજાણ જેમ કરે ન પ્રાપ્ત નિશાનને,**
**અજ્ઞાની તેમ કરે ન લક્ષિત મોક્ષપથના લક્ષ્યને. ૨૧.**

**અર્થ** :—જેવી રીતે વેધ કરવાવાળું બાણ જે તેનાથી રહિત એવો જે પુરુષ છે

---

૧. 'सुध्यानयोगस्य' નું શ્રેષ્ઠ ધ્યાન સહિત, સં. ટીકા પ્રતિમાં એવો પણ પાઠ છે.
૨. 'वेधक'– 'वेध्यक' પાઠાન્તર છે.

તે ધનુષના અભ્યાસથી રહિત હોય તો લક્ષ્ય અર્થાત્ નિશાનને પામતો નથી, તે જ રીતે જ્ઞાનથી રહિત અજ્ઞાની છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ તેનું લક્ષ્ય એટલે કે સ્વલક્ષણથી જાણવાયોગ્ય પરમાત્માનું સ્વરૂપ તેને પ્રાપ્ત કરી શકતો નથી.

**ભાવાર્થ** :—ધનુષધારી ધનુષના અભ્યાસથી રહિત અને 'વેધક' બાણથી રહિત હોય તો નિશાનને પ્રાપ્ત કરી શકતો નથી, એવી જ રીતે જ્ઞાન રહિત અજ્ઞાની મોક્ષમાર્ગનું નિશાન જે પરમાત્માનું સ્વરૂપ છે તેને ન ઓળખે તો મોક્ષમાર્ગની સિદ્ધિ થતી નથી, તેથી જ્ઞાનને જાણવું જોઈએ. પરમાત્મારૂપ નિશાન, જ્ઞાનરૂપ બાણ દ્વારા વિંધવાયોગ્ય છે. ૨૧

હવે કહે છે કે આ પ્રમાણે જ્ઞાન-વિનય સંયુક્ત પુરુષ હોય તે જ મોક્ષને પ્રાપ્ત કરે છે :—

**णाणं पुरिसस्स हवदि लहदि सुपुरिसो वि विणयसंजुत्तो।**
**णाणेण लहदि लक्खं लक्खंतो मोक्खमग्गस्स॥२२॥**

ज्ञानं पुरुषस्य भवति लभते सुपुरुषोऽपि विनयसंयुक्तः।
ज्ञानेन लभते लक्ष्यं लक्षयन् मोक्षमार्गस्य॥२२॥

**રે! જ્ઞાન નરને થાય છે; તે સુજન તેમ વિનીતને;**
**તે જ્ઞાનથી, કરી લક્ષ, પામે મોક્ષપથના લક્ષ્યને. ૨૨.**

**અર્થ** :—જ્ઞાન પુરુષને હોય છે અને પુરુષ જે વિનય સંયુક્ત હોય તો જ્ઞાનને પ્રાપ્ત કરે છે. જ્યારે જ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે તે જ્ઞાન દ્વારા જ મોક્ષમાર્ગનું લક્ષ્ય જે 'પરમાત્માનું સ્વરૂપ' તેને દેખતો—ધ્યાન કરતો, તે લક્ષ્યને પ્રાપ્ત કરે છે

**ભાવાર્થ** :—જ્ઞાન લક્ષ્ય કરતાં પુરુષને હોય છે અને પુરુષ જ વિનયવાન હોય થકો જ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે જ્ઞાન દ્વારા જ શુદ્ધ આત્માનું સ્વરૂપ જણાય છે, તેથી વિશેષ જ્ઞાનીઓ વિનય દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કરવી.—કારણ કે નિજ શુદ્ધ સ્વરૂપને જાણીને મોક્ષ પ્રાપ્ત કરવામાં આવે છે. અહીં જે વિનય રહિત હોય, એટલે કે યથાર્થ સૂત્ર પદથી ડગ્યો હોય, ભ્રષ્ટ થઈ ગયો હોય તેનો નિષેધ જાણવો. ૨૨.

હવે તેને દ્રઢ કરે છે :—

**मइधणुहं जस्स थिरं सुदगुण बाणा सुअत्थि रयणत्तं।**
**परमत्थबद्धलक्खो ण वि चुक्कदि मोक्खमग्गस्स॥२३॥**

मतिधनुर्यस्य स्थिरं श्रुतं गुणः वाणाः सुसन्ति रत्नत्रयं।
परमार्थबद्धलक्ष्यः नापि स्खलति मोक्षमार्गस्य॥२३॥

**મતિ ચાપ થિર, શ્રુત દોરી, જેને રત્નત્રય શુભ બાણ છે,**
**પરમાર્થ જેનું લક્ષ્ય છે, તે મોક્ષમાર્ગે નવ ચૂકે. ૨૩.**

**અર્થ** :—જેમ મુનિને મતિજ્ઞાનરૂપ ધનુષ્ય સ્થિર હોય, શ્રુતજ્ઞાનરૂપ ગુણ–પ્રત્યંચા હોય, રત્નત્રયરરૂપ ઉત્તમ બાણ હોય અને પરમાર્થસ્વરૂપ નિજશુદ્ધાત્મસ્વરૂપના સંબંધરૂપ લક્ષ્ય હોય તો તે મુનિ મોક્ષમાર્ગને ચૂકતો નથી.

**ભાવાર્થ** :—ધનુષની બધી સામગ્રી યથાવત મળે ત્યારે નિશાન ચૂકાતું નથી તે જ રીતે મુનિને મોક્ષમાર્ગની સામગ્રી યથાવત મળે ત્યારે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થતા નથી. તેના સાધનથી મોક્ષને પ્રાપ્ત થાય છે. તે જ્ઞાનનું મહાત્મ્ય છે, તેથી જિનાગમ અનુસાર સત્યાર્થ જ્ઞાનીઓનો વિનય કરીને જ્ઞાનનું સાધન કરવું. ૨૩.

આ પ્રમાણે જ્ઞાનનું નિરૂપણ કર્યું.

(૮) હવે દેવનું સ્વરૂપ કહે છે :—

**सो देवो जो अत्थं धम्मं कामं सुदेइ णाणं च।**
**सो देइ जस्स अत्थि हु अत्थो धम्मो य पव्वज्ञा॥२४॥**

सः देवः यः अर्थं धर्मं कामं सुददाति ज्ञानं च।
सः ददाति यस्य अस्ति तु अर्थः धर्मः च प्रव्रज्या॥२४॥

**તે દેવ, જે સુરીતે ધરમ ને અર્થ, કામ, સુજ્ઞાન દે;**
**તે વસ્તુ દે છે તે જ, જેને ધર્મ-દીક્ષા-અર્થ છે. ૨૪.**

**અર્થ** :—'દેવ' તેને કહે છે જે અર્થ અર્થાત્ ધન, ધર્મ, કામ અર્થાત્ ઈચ્છિતનો વિષય ભોગ અને મોક્ષનું કારણ જ્ઞાન આ ચારેયને આપે. અહીં ન્યાય એમ છે કે જે વસ્તુ જેની પાસે હોય તે આપે અને જેની પાસે જે વસ્તુ ન હોય તે કઈ રીતે આપે ? આ ન્યાયથી અર્થ, ધર્મ, સ્વર્ગાદિકના ભોગ અને મોક્ષસુખનું કારણ પ્રવ્રજ્યા અર્થાત્ દીક્ષા જેમને હોય તેને 'દેવ' જાણવા. ૨૪.

હવે ધર્માદિકનું સ્વરૂપ કહે છે, જે જાણવાથી દેવાદિકનું સ્વરૂપ જાણી શકાય છે :—

धम्मो दयाविसुद्धो पव्वज्ञा सव्वसंगपरिचत्ता।
देवो ववगयमोहो उदयकरो भव्वजीवाणं।।२५।।

धर्मः दयाविशुद्धः प्रव्रज्या सर्वसंगपरित्यक्ता।
देवः व्यपगतमोहः उदयकरः भव्यजीवानाम्।।२५।।

તે ધર્મ જેહ દયાવિમળ, દીક્ષા પરિગ્રહમુક્ત જે,
તે દેવ જે નિર્મોહ છે ને ઉદય ભવ્ય તણો કરે. ૨૫.

**અર્થ** :—જે દયાથી વિશુદ્ધ હોય તે ધર્મ છે, જે સર્વ પરિગ્રહથી રહિત એ પ્રવ્રજ્યા છે, જેનો મોહ નષ્ટ થઈ ગયો હોય તે દેવ છે—તે ભવ્ય જીવોના ઉદયને કરવાવાળો છે.

**ભાવાર્થ** :—લોકમાં એવું પ્રસિદ્ધ છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષને પ્રયોજન છે. તેમના માટે પુરુષ કોઈની વંદના કરે છે, પૂજા કરે છે અને આ ન્યાય છે કે જેની પાસે જે વસ્તુ હોય તે બીજાને આપે, ન હોય તો ક્યાંથી લાવે? તેથી આ ચાર પુરુષાર્થ જિનદેવને હોય છે. ધર્મ તો તેમને દયારૂપ પ્રાપ્ત છે, તેને સાધીને તીર્થંકર થઈ ગયા ત્યારે ધનની અને સંસારના ભોગોની પ્રાપ્તિ થઈ ગઈ, લોકપૂજ્ય થઈ ગયા અને તીર્થંકરના પરમપદમાં દીક્ષા લઈને, સર્વ મોહથી રહિત થઈને, પરમાર્થસ્વરૂપ આત્મિક ધર્મને સાધીને, મોક્ષસુખને પ્રાપ્ત કરી લીધું આવા તીર્થંકર જિન છે, તેઓ જ દેવ છે. અજ્ઞાની લોકો જેમને દેવ માને છે તેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નથી, કારણ કે કેટલાક તો હિંસક છે, વિષયાસક્ત છે, મોહી છે તેમને ધર્મ કેવો ? અર્થ અને કામની વાંછા હોય તેમને અર્થ, કામ કેવું ? જન્મ-મરણ સહિત છે તેમને મોક્ષ કેવો ? આ પ્રમાણે દેવ સાચા જિનદેવ છે, તે જ ભવ્ય જીવોના મનોરથ પૂર્ણ કરે છે, બાકીના બધા કલ્પિત દેવ છે. ૨૫

—આ પ્રમાણે દેવનું સ્વરૂપ કહ્યું :—

(૯) હવે તીર્થનું સ્વરૂપ કહે છે :—

वयसम्मत्तविसुद्धे पंचेंदियसंजदे णिरावेक्खे।
ण्हाएउ मुणी तित्थे, दिक्खासिक्खासुण्हाणेण।।२६।।

व्रतसम्यक्त्वविशुद्धे पंचेन्द्रियसंयते निरपेक्षे।
स्नातु मुनिः तीर्थे दीक्षाशिक्षासुस्नानेन॥२६॥

વ્રત-સુદ્રગનિર્મળ, ઇન્દ્રિસંયમયુક્ત ને નિરપેક્ષ જે,
તે તીર્થમાં દીક્ષા-સુશિક્ષારૂપ સ્નાન કરો, મુને! ૨૬.

**અર્થ** :—વ્રત-સમ્યક્ત્વથી વિશુદ્ધ અને પાંચ ઇન્દ્રિયોથી સંયત એટલે કે સંવર સહિત તથા નિરપેક્ષ એટલે કે ખ્યાતિ, લાભ, પૂજાદિ વગેરે આ લોકના ફળની તથા પરલોકમાં સ્વર્ગાદિની ભોગોની અપેક્ષાથી રહિત એવા આત્મસ્વરૂપ તીર્થમાં દીક્ષા-શિક્ષારૂપ સ્નાનથી પવિત્ર થાઓ.

**ભાવાર્થ** :—તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ સહિત, પાંચ મહાવ્રતથી શુદ્ધ અને પાંચ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત, આ લોક-પરલોકમાં વિષયભોગોની વાંછાથી રહિત એવા નિર્મળ આત્મસ્વભાવરૂપ તીર્થમાં સ્નાન કરવાથી પવિત્ર થાય છે—એવી પ્રેરણા કરે છે. ૨૬.

હવે આગળ ફરી કહે છે :—

जं णिम्मलं सुधम्मं सम्मत्तं संजमं तवं णाणं।
तं तित्थं जिणमग्गे हवेइ जदि संतिभावेण॥२७॥

यत् निर्मलं सुधर्मं, सम्यक्त्वं संयमं तपः ज्ञानम्।
तत् तीर्थं जिनमार्गे भवति यदि शान्तभावेन॥२७॥

નિર્મળ સુદર્શન-તપચરણ-સદ્ધર્મ-સંયમ-જ્ઞાનને,
જો શાન્તભાવે યુક્ત તો, તીરથ કહ્યું જિનશાસને. ૨૭.

**અર્થ** :—જિનમાર્ગમાં તે તીર્થ છે કે જે નિર્મળ ઉત્તમ ક્ષમાદિક ધર્મ તથા તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ શંકાદિ મળ રહિત નિર્મળ સમ્યક્ત્વ અને ઇન્દ્રિય મનને વશમાં કરવું, ષટ્કાયના જીવોની રક્ષા કરવી આ રીતે જે નિર્મળ સંયમ તથા અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાશન, કાયક્લેશ આવા બાહ્ય છ પ્રકારના તપ અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એવા છ પ્રકારના અંતરંગ તપ એ રીતે બાર પ્રકારના નિર્મળ તપ અને જીવ-અજીવ વગેરે પદાર્થોનું યથાર્થજ્ઞાન તે 'તીર્થ' છે, તે પણ જો શાંતભાવ સહિત હોય, કષાયભાવ ન હોય ત્યારે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નિર્મળ તીર્થ છે, કારણ કે આ બધું ક્રોધાદિભાવ સહિત હોય તો મલિનતા હોય અને નિર્મળતા ન રહે.

**ભાવાર્થ** :—જિનમાર્ગમાં તો આ પ્રમાણે તીર્થ કહ્યું છે. લોકો સાગર અને નદીઓને તીર્થ માનીને સ્નાન કરી પવિત્ર થવા ઇચ્છે છે તે શરીરનો બાહ્ય મળ આનાથી કંઈક દૂર થાય છે પરંતુ શરીરની અંદરનો ધાતુ, ઉપધાતુરૂપ અંતરંગમળ આનાથી દૂર થતો નથી. તથા જ્ઞાનાવરણ આદિ કર્મરૂપ મળ અને અજ્ઞાન, રાગ-દ્વેષ-મોહ વગેરે ભાવકર્મરૂપ મળ આત્માનો અંતરમળ છે' તે સ્નાનથી બિલકુલ દૂર થતો નથી ઉલ્ટાનું હિંસાદિકથી પાપકર્મરૂપ મળ લાગે છે, તેથી સાગર, નદી વગેરે, તીર્થ માનવું તે ભ્રમ છે. જેનાથી તરાય તે તીર્થ છે આ પ્રમાણે જિનમાર્ગમાં કહ્યું છે. તેને જ સંસારસમુદ્રથી તારનાર જાણવું. ૨૭.

આ પ્રમાણે તીર્થનું સ્વરૂપ કહ્યું.

(૧૦) હવે અરિહંતનું સ્વરૂપ કહે છે :—

णामे ठवणे हि य संदव्वे भावे हि सगुणपज्ञाया।
चउणागदि संपदिमे[1] भावा भावंति अरहंतं।।२८।।

नाम्नि संस्थापनायां हि च संद्रव्ये भावे च सगुणपर्यायाः[2]।
च्यवनमागतिः संपत् इमे भावा भावयन्ति अर्हन्तम्।।२८।।

અભિધાન-સ્થાપન-દ્રવ્ય-ભાવે, સ્વીય ગુણપર્યાયથી,
અર્હંત જાણી શકાય છે આગતિ-ચ્યવન-સંપત્તિથી. ૨૮.

**અર્થ** :—નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ આ ચાર ભાવો અર્થાત્ પદાર્થો છે તે અરિહંતને બતાવે છે અને 'સગુણપર્યાયાઃ' અર્થાત્ અરિહંતના ગુણ-પર્યાયો સહિત તથા 'ચઉણા' અર્થાત્ ચ્યવન અને આગતિ તથા સંપદા એવા આ ભાવો અરિહંતને ઓળખાવે છે.

**ભાવાર્થ** :—અરિહંત શબ્દથી જો કે સામાન્ય અપેક્ષાએ કેવળજ્ઞાની હોય તે બધા અરિહંત છે તો પણ અહીં તીર્થંકરપદની પ્રધાનતાથી કથન કરે છે માટે નામાદિકથી

---

૧. સંસ્કૃત પ્રતિમાં 'संपदिम' પાઠ છે.

૨. 'सगुणपज्जाया' તે પદની છાયામાં 'स्वगुण पर्यायः' સંસ્કૃત પ્રતિમાં છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઓળખાવવાનું કહ્યું. લોક વ્યવહારમાં તો નામાદિની પ્રવૃત્તિ આ પ્રમાણે છે જે જે વસ્તુનું જેવું નામ હોય તેવા ગુણ ન હોય તેને **નામનિક્ષેપ** કહે છે. જે વસ્તુનો જેવો આકાર હોય તેવા આકારની કાષ્ટ-પાષાણાદિકની મૂર્તિ બનાવી તેમનો સંકલ્પ કરવામાં આવે તેને **સ્થાપના** કહે છે. જે વસ્તુની પહેલાં અવસ્થા હોય તેને આગળની અવસ્થારૂપે મુખ્ય કરીને કહે તેને **દ્રવ્ય** કહે છે. વર્તમાનમાં જે અવસ્થા હોય તેને **ભાવ** કહે છે. આ પ્રમાણે ચાર નિક્ષેપોની પ્રવૃત્તિ છે. તેનું કથન શાસ્ત્રમાં પણ જીવોને સમજાવવા માટે કર્યું છે. જે નિક્ષેપ વિધાન દ્વારા નામ, સ્થાપના, દ્રવ્યને ભાવ ન સમજે; નામને નામ સમજે, સ્થાપનાને સ્થાપના સમજે, દ્રવ્યને દ્રવ્ય સમજે, ભાવને ભાવ સમજે, અન્યને અન્ય સમજે નહિ તો 'વ્યભિચાર' નામનો દોષ આવે છે. તેને દૂર કરવા માટે તથા જીવોને યથાર્થ સમજાવવા માટે શાસ્ત્રમાં કથન છે. પરંતુ અહીં એવું નિક્ષેપનું કથન ન સમજવું. અહીં તો નિશ્ચયની પ્રધાનતાથી કથન છે તેથી જેવું અરિહંતનું નામ છે તેવા જ ગુણો સહિત નામ જાણવું. જેવી તેમની દેહ સહિત મૂર્તિ છે તેવી સ્થાપના જાણવી, જેવું તેમનું દ્રવ્ય છે તેવું દ્રવ્ય જાણવું અને જેવો તેમના ભાવ છે તેવો જ ભાવ જાણવો. ૨૮.

આ પ્રમાણે જ કથન આગળ કરે છે. પ્રથમ નામને પ્રધાન કરીને કહે છે —

दंसण अणंत णाणे मोक्खो णट्ठट्ठकम्मबंधेण।
णिरुवमगुणमारूढो अरहंतो एरिसो होइ ॥२९॥

दर्शनं[1] अनंतं ज्ञानं मोक्षः नष्टाष्टकर्मबंधेन।
निरुपमगुणमारूढः अर्हन् ईदृशो भवति ॥२९॥

નિઃસીમ દર્શન-જ્ઞાન છે, વસુબંધલયથી મોક્ષ છે,
નિરુપમ ગુણે આરૂઢ છે, —અર્હંત આવા હોય છે. ૨૯.

**અર્થ :—**જેમને દર્શન અને જ્ઞાન તો અનંત છે, ઘાતિકર્મના નાશથી બધા જ જ્ઞેય પદાર્થોને દેખવું તથા જાણવું છે, આઠ કર્મનો બંધ નષ્ટ થઈ જવાથી મોક્ષ છે. અહીં સત્ત્વની અને ઉદયની વિવક્ષા ન લેવી, કેવળીને આઠેય કર્મનો બંધ નથી. જોકે સાતા વેદનીયનો આસ્રવ માત્ર બંધ સિદ્ધાંતમાં કહ્યો છે તથાપિ સ્થિતિ અનુભાગરૂપ બંધ નથી. તેથી અબંધતુલ્ય જ છે. આ પ્રમાણે આઠેય કર્મના બંધના અભાવની અપેક્ષાએ ભાવમોક્ષ કહેવાય છે અને ઉપમારહિત ગુણોથી આરૂઢ છે—સહિત છે. આ પ્રમાણે ગુણ છદ્મસ્થમાં

૧. સટીક સં. પ્રતિમાં 'दर्शने अनंत ज्ञाने' એવો સપ્તમ્યાન્ત પાઠ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ક્યાંય પણ હોતા નથી તેથી તેમનામાં ઉપમા રહિત ગુણ છે તેવા અરિહંત હોય છે.

**ભાવાર્થ** :—કેવળ નામમાત્ર જ અરિહંત હોય તેને અરિહંત કહેતા નથી. આપ્રમાણે ગુણોથી સહિત હોય તેમનું નામ અરિહંત કહે છે. ૨૯.

હવે ફરી કહે છે :—

**जरवाहिजम्ममरणं चउगइ गमणं च पुण्ण पावं च।**
**हंतूण दोसकम्मे हुउ णाणमयं च अरहंतो॥३०॥**

जराव्याधिजन्ममरणं चतुर्गतिगमनं पुण्य पापं च।
हत्वा दोषकर्माणि भूतः ज्ञानमयश्चार्हन्॥३०॥

**જે પુણ્ય-પાપ, જરા-જનમ-વ્યાધિ-મરણ, ગતિભ્રમણ ને**
**વળી દોષકર્મ હણી થયા જ્ઞાનાત્મ, તે અર્હંત છે. ૩૦.**

**અર્થ** :—જરા—ઘડપણ, વ્યાધિ—રોગ, જન્મ-મરણ, ચારે ગતિમાં ગમન, પુણ્ય-પાપ અને દોષોને ઉત્પન્ન કરવાવાળા કર્મોનો નાશ કરીને કેવળ જ્ઞાનમય અરિહંત થયા તે જ અરિહંત છે.

**ભાવાર્થ** :—પહેલી ગાથામાં તો ગુણોના સદ્‌ભાવથી અરિહંત નામ કહ્યું અને આ ગાથામાં દોષોના અભાવથી અરિહંત નામ કહ્યું. રાગ-દ્વેષ, મદ, મોહ, અરતિ, ચિંતા, ભય, નિદ્રા, વિષાદ, ખેદ અને વિસ્મય આ અગિયાર દોષ તો ઘાતિકર્મના ઉદયથી છે અને ક્ષુધા, તૃષા, જન્મ, જરા, મરણ, રોગ અને સ્વેદ આ સાત દોષ અઘાતિકર્મના ઉદયથી હોય છે. આ ગાથામાં જરા, રોગ, જન્મ, મરણ અને ચાર ગતિઓમાં ગમનનો અભાવ કહેવાથી તો અઘાતિકર્મથી હોતા દોષોનો અભાવ જાણવો. કારણ કે અઘાતિકર્મમાં આ દોષોને ઉત્પન્ન કરવાવાળી પાપ પ્રકૃતિના ઉદયનો અરિહંતને અભાવ છે અને રાગ-દ્વેષ આદિ દોષોનો ઘાતિકર્મના અભાવથી અભાવ છે. અહીં કોઈ પૂછે—અરિહંતને મરણનો અને પુણ્યનો અભાવ કહ્યો, મોક્ષગમન થવું તે મરણ અરિહંતને છે અને પુણ્ય પ્રકૃતિનો ઉદય હોય છે તેનો અભાવ કઈ રીતે ? તેનું સમાધાન : અહીં મરણ થઈ ફરી સંસારમાં જન્મ થાય આ પ્રકારના 'મરણ'ની અપેક્ષાએ કથન છે, આવું મરણ અરિહંતને નથી, તે જ રીતે જે પુણ્ય-પ્રકૃતિનો ઉદય પાપપ્રકૃતિ સાપેક્ષ કરે તે પ્રકારે પુણ્યના ઉદયનો અભાવ જાણવો, અથવા બંધ અપેક્ષાએ પુણ્યનો બંધ પણ નથી. સાતાવેદનીય બંધાય તે સ્થિતિ અનુભાગ વિના અબંધતુલ્ય જ છે. પ્રશ્ન : કેવળીને

અસાતાવેદનીયનો ઉદય પણ સિદ્ધાંતમાં કહ્યો છે, તેમની પ્રવૃત્તિ કઈ રીતે છે? ઉત્તર : આ પ્રમાણે જે અશાતાનો અતિમંદ-અનુભાગવાળો ઉદય છે અને શાતાનો અતિ તીવ્ર અનુભાગ ઉદય છે, તેના વશે અશાતા કંઈપણ બાહ્ય કાર્ય કરવા સમર્થ નથી, સૂક્ષ્મ ઉદય આપીને ખરી જાય છે તથા સંક્રમણ થઈને શાતારૂપ થઈ જાય છે. આ પ્રમાણે જાણવું. આ પ્રમાણે અનંત ચતુષ્ટય સહિત સર્વદોષ રહિત સર્વજ્ઞ વીતરાગ હોય તેમને નામથી અરિહંત કહેવાય છે. ૩૦.

હવે સ્થાપના દ્વારા અરહંતનું વર્ણન કરે છે :—

गुणठाणमग्गणेहिं य पज्जत्तीपाणजीवठाणेहिं।
ठावण पंचविहेहिं पणयव्वा अरहपुरिसस्स।।३१।।

गुणस्थानमार्गणाभिः च पर्याप्तिप्राणजीवस्थानैः।
स्थापना पंचविधैः प्रणेतव्या अर्हत्पुरुषस्य।।३१।।

છે સ્થાપના અર્હંતની કર્તવ્ય પાંચ પ્રકારથી,
—‘ગુણ’, માર્ગણા, પર્યાપ્તિ તેમ જ પ્રાણ ને જીવસ્થાનથી. ૩૧.

**અર્થ** :—ગુણસ્થાન, માર્ગણાસ્થાન, પર્યાપ્તિ, પ્રાણ અને જીવસ્થાન આ પાંચ પ્રકારે અરિહંત પુરુષની સ્થાપના કરવી અથવા તેમને પ્રણામ કરવા જોઈએ.

**ભાવાર્થ** :—સ્થાપનાનિક્ષેપમાં કાષ્ઠ-પાષાણાદિકમાં સંકલ્પ કરવાનું કહ્યું છે તે અહીં મુખ્ય નથી. અહીં નિશ્ચયની પ્રધાનતાથી કથન છે. અહીં ગુણસ્થાનાદિકથી અરિહંતનું સ્થાપન કહ્યું છે. ૩૧.

હવે આગળ વિશેષ કહે છે :—

तेरहमे गुणठाणे सजोइकेवलिय होइ अरहंतो।
चउतीस अइसयगुणा होंति हु तस्सट्ठ पडिहारा।।३२।।

त्रयोदशे गुणस्थाने सयोगकेवलिकः भवति अर्हन्।
चतुस्त्रिंशत् अतिशयगुणा भवन्ति स्फुटं तस्याष्टप्रातिहार्या।।३२।।

અર્હત્ સયોગીકેવળીજિન તેરમે ગુણસ્થાન છે;
ચોત્રીશ અતિશયયુક્ત ને વસુ પ્રાતિહાર્યસમેત છે. ૩૨.

**અર્થ :—**ગુણસ્થાનો ૧૪ કહ્યા છે, તેમાં સયોગકેવળી નામનું તેરમું ગુણસ્થાન છે, તેમાં યોગોની પ્રવૃત્તિ સહિત કેવળજ્ઞાન સહિત સયોગ કેવળી અરિહંત હોય છે. તેમને ૩૪ અતિશય અને આઠ પ્રાતિહાર્ય હોય છે આ પ્રમાણે તો ગુણસ્થાન દ્વારા સ્થાપના અરિહંત કહેવાય છે.

**ભાવાર્થ :—**અહીં ૩૪ અતિશય અને આઠ પ્રાતિહાર્ય કહેવાથી તો સમવસરણમાં બિરાજમાન તથા વિહાર કરતા અરિહંત ભગવાન છે અને સયોગ કહેવાથી વિહારની પ્રવૃત્તિ અને વચનની પ્રવૃત્તિ સિદ્ધ થાય છે. 'કેવળી' કહેવાથી કેવળજ્ઞાન દ્વારા બધા તત્ત્વોનું જાણવું સિદ્ધ થાય છે. ૩૪ અતિશય આ પ્રમાણે છે.—જન્મથી પ્રગટ થનારા દસ—૧-મળમૂત્રનો અભાવ, ૨-પ્રસ્વેદનો અભાવ, ૩-સફેદ લોહી, ૪-સમચતુરસ્ર સંસ્થાન, ૫-વજ્રવૃષભનારાચ સંહનન, ૬-સુંદર રૂપ, ૭-સુગંધિત શરીર, ૮-શુભ લક્ષણનું હોવું, ૯-અનંતબળ અને ૧૦-મધુર વચન. આ પ્રમાણે દસ હોય છે.

કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં દસ અતિશય હોય છે. ૧-ઉપસર્ગનો અભાવ, ૨-અદયાનો અભાવ, ૩- શરીરનો પડછાયો ન પડવો, ૪-ચતુર્મુખ દેખાવવું, ૫-સર્વે વિદ્યાઓનું સ્વામિત્વ, ૬-આંખના પલકારનો અભાવ, ૭-સો યોજન સુધી સુભિક્ષતા(સુકાળ), ૮-આકાશગમન, ૯-કવલાહારનું ન હોવું અને ૧૦-નખ-કેશોનું ન વધવું, આ દસ હોય છે.

હવે ચૌદ દેવકૃત હોય છે. ૧-સકલ અર્ધમાગધી ભાષા, ૨-સર્વજીવોમાં મૈત્રીભાવ, ૩-સર્વે ઋતુના ફળ-ફૂલ ઉત્પન્ન થવા. ૪-દર્પણ સમાન ભૂમિ, ૫-કંટક રહિત ભૂમિ, ૬-મંદ સુગંધિત પવન, ૭-સર્વેને આનંદ થવો, ૮-ગંધોદક વૃષ્ટિ, ૯-પગ નીચે કમળની રચના, ૧૦-સર્વ ધાન્યનું ઉપજવું, ૧૧-દશે દિશાનું નિર્મળ થવું, ૧૨-દેવો દ્વારા આહ્વાનન શબ્દ, ૧૩-ધર્મચક્રનું આગળ ચાલવું અને ૧૪-અષ્ટમંગળ દ્રવ્યોનું આગળ ચાલવું.

અષ્ટ મંગળ દ્રવ્યોના નામ : ૧-છત્ર, ૨-ધ્વજા, ૩-દર્પણ, ૪-કળશ, ૫-ચામર, ૬-ઝારી, ૭-વિંઝણો, ૮-સ્વસ્તિક અર્થાત્ સુવ્રતીચ્છક—એ આઠ હોય છે. આવા ચોત્રીસ અતિશયના નામ કહ્યા.

આઠ પ્રાતિહાર્ય હોય છે તેમના નામ આ પ્રમાણે છે. ૧-અશોકવૃક્ષ, ૨-પુષ્પવૃષ્ટિ, ૩-દિવ્યધ્વનિ, ૪-ચામર, ૫-સિંહાસન, ૬-ભામંડલ, ૭-દુંદુભિ વાજિંત્ર અને ૮-છત્ર. આ આઠ પ્રાતિહાર્ય હોય છે. આ રીતે ગુણસ્થાન દ્વારા અરિહંતની સ્થાપના કહી. ૩૨.

હવે માર્ગણા દ્વારા કહે છે :—

गइ इंदियं च काए जोए वेए कसाय णाणे य।
संजम दंसण लेसा भविया सम्मत्त सण्णि आहारे।।३३।।

गतौ इन्द्रिये च काये योगे वेदे कषाये ज्ञाने च।
संयमे दर्शने लेश्यायां भव्यत्वे सम्यक्त्वे संज्ञिनि आहारे।।३३।।

ગતિ-ઇન્દ્રિ-કાયે, યોગ-વેદ-કષાય-સંયમ-જ્ઞાનમાં,
દ્રગ-ભવ્ય-લેશ્યા-સંજ્ઞી-સમકિત-આ'રમાં એ સ્થાપવા. ૩૩.

**અર્થ** :—ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર—આ પ્રમાણે ચૌદ માર્ગણાઓ હોય છે. અરિહંત સયોગી કેવળીને તેરમું ગુણસ્થાન છે, માર્ગણા આમા લગાવે છે. ચાર ગતિમાં મનુષ્યગતિ છે, ઈન્દ્રિય જાતિ પાંચમાં પંચેન્દ્રિય જાતિ છે, છ કાયમાં ત્રસકાય છે. પંદર યોગમાં મનોયોગ તો સત્ય અને અનુભય એ પ્રમાણે બે અને આ જ પ્રમાણે વચનયોગ તથા કાયયોગમાં ઔદારિક એમ પાંચ યોગ છે, જ્યારે સમુદ્ઘાત કરે ત્યારે ઔદારિક મિશ્ર અને કાર્માણ એ બે મળીને સાત યોગ થાય છે; ત્રણેય વેદનો અભાવ છે. પચ્ચીસ કષાયનો અભાવ છે; આઠ જ્ઞાનમાં કેવળજ્ઞાન છે; સંયમ સાતમાં ૧ યથાખ્યાત સંયમ છે; ચાર દર્શનમાં એક કેવળદર્શન છે; છ લેશ્યામાં એક શુક્લ લેશ્યા છે કે જે યોગના નિમિત્તે છે; ભવ્ય રમાં એક ભવ્યમાર્ગણા છે; છ સમ્યક્ત્વમાં ક્ષાયિક સમ્યક્ત્વ છે; બે સંજ્ઞીમાં સંજ્ઞીપણું છે; તે દ્રવ્યથી છે, ભાવથી તો ક્ષયોપશમરૂપ ભાવમનનો અભાવ છે; આહારક, અનાહારક એ બેમાં આહારક છે, તે પણ નોકર્મવર્ગણાની અપેક્ષાએ છે પરંતુ કવલાહાર નથી અને સમુદ્ઘાત કરે તો 'અનાહારક' પણ છે એ પ્રમાણે બંને છે. આ રીતે માર્ગણાની અપેક્ષાએ અરિહંતનું સ્થાપન જાણવું. ૩૩.

હવે પર્યાપ્તિ વડે કહેવામાં આવે છે :—

आहारो य सरीरो इंदियमणआणपाणभासा य।
पज्जत्तिगुणसमिद्धो उत्तमदेवो हवइ अरहो।।३४।।

आहारः च शरीरं इन्द्रियमनआनप्राणभाषाः च।
पर्याप्तिगुणसमृद्धः उत्तमदेवः भवति अर्हन्।।३४।।

આહાર, કાયા, ઇન્દ્રિ, શ્વાસોચ્છ્‌વાસ, ભાષા, મન તણી,
અર્હંત ઉત્તમ દેવ છે સમૃદ્ધ ષટ્ પર્યાપ્તિથી. ૩૪.

**અર્થ** :—આહાર, શરીર, ઈન્દ્રિય, મન, શ્વાસોચ્છ્વાસ અને ભાષા આ પ્રમાણે છ પર્યાપ્તિ છે. આ પર્યાપ્તિ ગુણ દ્વારા સમૃદ્ધ અર્થાત્ યુક્ત ઉત્તમ દેવ અરિહંત છે.

**ભાવાર્થ** :—પર્યાપ્તિનું સ્વરૂપ આ પ્રમાણે છે. જે જીવ એક અન્ય પર્યાયને છોડીને અન્ય પર્યાયમાં જાય ત્યારે વિગ્રહગતિમાં વધુમાં વધુ ત્રણ સમય વચ્ચે રહે. પછીસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ત્યાં ત્રણ જાતિની વર્ગણાને ગ્રહણ કરે, આહારવર્ગણા, ભાષા વર્ગણા, મનોવર્ગણા, આ પ્રમાણે ગ્રહણ કરવાથી 'આહાર'જાતિની વર્ગણાથી તો આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ આ પ્રમાણે ચાર પર્યાપ્તિ અંતઃમુહૂર્તકાળમાં પૂર્ણ કરે ત્યારબાદ ભાષા-જાતિ, મનોજાતિની વર્ગણાથી અંતઃમુહૂર્તમાં ભાષા અને મન પર્યાપ્તિ પૂર્ણ કરે. આ પ્રમાણે છએ પર્યાપ્તિ અંતઃમુહૂર્તમાં પૂર્ણ કરે છે ત્યારબાદ આયુપર્યંત પર્યાપ્ત જ કહેવાય છે અને નોકર્મવર્ગણાનું ગ્રહણ કરતા જ રહે છે. અહીં આહારનું નામ કવલાહાર ન જાણવું. આ પ્રમાણે તેરમા ગુણસ્થાનમાં પણ અરિહંતને પર્યાપ્તિ પૂર્ણ જ હોય છે. આ રીતે પર્યાપ્તિ દ્વારા અરિહંતની સ્થાપના છે. ૩૪.

હવે પ્રાણ દ્વારા કહે છે :—

पंच वि इंदियपाणा मणवयकाएण तिण्णि बलपाणा।
आणप्पाणप्पाणा आउगपाणेण होंति दह पाणा ।।३५।।

पंचापि इंद्रियप्राणाः मनोवचनकायैः त्रयो बलप्राणाः।
आनप्राणप्राणाः आयुष्कप्राणेन भवन्ति दशप्राणाः ।।३५।।

ઇન્દ્રિયપ્રાણો પાંચ, ત્રણ બળપ્રાણ મન-વચ-કાયના,
બે આયુ-શ્વાસોચ્છ્‌વાસપ્રાણો,—પ્રાણ એ દસ હોય ત્યાં. ૩૫.

**અર્થ** :—પાંચ ઈન્દ્રિય પ્રાણ, મન-વચન-કાય ત્રણ બળ પ્રાણ, એક શ્વાસોચ્છ્‌વાસ પ્રાણ અને એક આયુપ્રાણ એ દસ પ્રાણ છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે દસ પ્રાણ કહ્યા તેમાં તેરમા ગુણસ્થાનમાં ભાવેન્દ્રિય અને ભાવ મનની ક્ષયોપમશમભાવરૂપ પ્રવૃત્તિ નથી. આ અપેક્ષાએ તો કાયબળ, વચનબળ, શ્વાસોચ્છ્‌વાસ અને આયુ એ ચાર પ્રાણો છે અને દ્રવ્ય અપેક્ષાએ દસેય છે. આ પ્રમાણે પ્રાણ દ્વારા અરિહંતની સ્થાપના છે. ૩૫

હવે જીવસ્થાન દ્વારા કહે છે :—

मणुयभवे पंचिंदिय जीवट्ठाणेसु होइ चउदसमे।
एदे गुणगणजुत्तो गुणमारूढो हवइ अरहो॥३६॥

मनुजभवे पंचेन्द्रियः जीवस्थानेषु भवति चतुर्दशे।
एतद्गुणगणयुक्तः गुणमारूढो भवति अर्हन्॥३६॥

માનવભવે પંચેન્દ્રિ તેથી ચૌદમે જીવસ્થાન છે;
પૂર્વોક્ત ગુણગણયુક્ત, 'ગુણ'-આરૂઢ શ્રી અર્હંત છે. ૩૬.

**અર્થ** :—મનુષ્યભવમાં પંચેન્દ્રિય નામનું ચૌદમું જીવસ્થાન તથા જીવસમાસ તેમાં આટલા ગુણોના સમૂહથી યુક્ત તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત અરિહંત હોય છે.

**અર્થ** :—જીવ સમાસ ૧૪ કહેવામાં આવે છે. એકેન્દ્રિય—સૂક્ષ્મ બાદર-૨, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિય એ વિકલત્રય-૩ પંચેન્દ્રિય સંજ્ઞી-અસંજ્ઞી-૨ એમ સાત થયા. તેમના પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી ૧૪ થયા. તેમાં ૧૪મું 'સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાન' અરિહંતને છે. ગાથામાં સંજ્ઞીનું નામ ન લેતા મનુષ્યનું નામ લીધું કારણ કે મનુષ્યો સંજ્ઞી જ હોય છે અસંજ્ઞી નથી હોતા, તેથી મનુષ્ય કહેવાથી 'સંજ્ઞી'પણું જ જાણવું જોઈએ. ૩૬.

આ પ્રમાણે જીવસ્થાન દ્વારા 'સ્થાપના અરિહંત'નું વર્ણન કર્યું.

હવે દ્રવ્યની પ્રધાનતાથી અરિહંતનું નિરૂપણ કરે છે :—

जरवाहिदुक्खरहियं आहारणिहारवज्जियं विमलं।
सिंहाण खेल सेआ णत्थि दुगुंछा य दोसो य॥३७॥
दस पाणा पज्जत्ती अट्ठसहस्सा य लक्खणा भणिया ।
गोखीरसंखधवलं मंसं रुहिरं च सव्वंगे॥३८॥
एरिसगुणेहिं सव्वं अईसयवंतं सुपरिमलामोयं।
ओरालियं च कायं णायव्वं अरहपुरिसस्स॥३९॥

जराव्याधिदुःखरहितः आहारनीहारवर्जितः विमलः।
सिंहाणः खेलः स्वेदः नास्ति दुर्गन्धः च दोषः च॥३७॥

दश प्राणाः पर्याप्तयः अष्टसहस्राणि च लक्षणानि भणितानि।
गोक्षीरशंखधवलं मांसं रुधिरं च सर्वांगे ॥३८॥
ईदृशगुणैः सर्वः अतिशयवान् सुपरिमलामोदः।
औदारिकश्च कायः अर्हत्पुरुषस्य ज्ञातव्यः ॥३९॥

વણવ્યાધિ-દુઃખ-જરા, અહાર-નિહારવર્જિત, વિમળ છે,
અજુગુપ્સિતા, વણનાસિકામળ-શ્લેષ્મ-સ્વેદ, અદોષ છે; ૩૭.
દસ પ્રાણ, ષટ્ પર્યાપ્તિ, અષ્ટ-સહસ્ર લક્ષણ યુક્ત છે,
સર્વાંગ ગોક્ષીર-શંખતુલ્ય સુધવલ માંસ-રુધિર છે; ૩૮.
—આવા ગુણે સર્વાંગ અતિશયવંત, પરિમલમ્હેક્તી,
ઔદારિકી કાયા અહો ! અર્હત્પુરુષની જાણવી. ૩૯.

**અર્થ** :—અરિહંત પુરુષને ઔદારિક કાય આ પ્રકારે હોય છે. જેમાં જરા, વ્યાધિ અને રોગ સંબંધી દુઃખ હોતા નથી, આહાર-નિહારથી રહિત છે, વિમળ અર્થાત્ મળ-મૂત્રથી રહિત છે, સિંહાણ એટલે કે શ્લેષ્મ, થૂંક, પરસેવો અને દુર્ગંધ અર્થાત્ જુગુપ્સા ગ્લાની અને દુર્ગંધ આદિ દોષ તેમને નથી. ૩૭

તેમને દસ પ્રાણ છે તે દ્રવ્યપ્રાણ છે, પૂર્ણ પર્યાપ્તિ છે, ૧૦૦૮ લક્ષણો છે અને ગોક્ષીર એટલે કે કપૂર, ચંદન તથા શંખ જેવું સર્વાંગ ધવલ રુધિર અને માંસ છે. ૩૮.

આ પ્રમાણે ગુણોથી સંયુક્ત આખોય દેહ અતિશયસહિત નિર્મળ છે. આમોદ એટલે કે સુગંધ જેમાં હોય તેવો ઔદારિક દેહ અરિહંત પુરુષને છે. ૩૯

**ભાવાર્થ** :—અહીં દ્રવ્યનિક્ષેપ ન સમજવો. આત્માથી ભિન્ન જ દેહની પ્રધાનતાથી ‘દ્રવ્ય અરિહંત’નું વર્ણન છે. ૩૭-૩૮-૩૯.

આ પ્રમાણે દ્રવ્ય અરિહંતનું વર્ણન કર્યું.

હવે ભાવની પ્રધાનતાથી વર્ણન કરે છે :—

मयरायदोसरहिओ कसायमलवज्जिओ य सुविसुद्धो।
चित्तपरिणामरहिदो केवलभावे मुणेयव्वो ॥४०॥

मदरागदोषरहितः कषायमलवर्जितः च सुविशुद्धः।
चित्तपरिणामरहितः केवलभावे ज्ञातव्यः ॥४०॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મદરાગદ્વેષવિહીન, ત્યક્તકષાયમળ સુવિશુદ્ધ છે,
મનપરિણમનપરિમુક્ત, કેવળભાવસ્થિત અર્હંત છે. ૪૦.

**અર્થ** :—કેવળભાવ એટલે કે કેવળજ્ઞાનરૂપ જ એક ભાવ હોવાથી અરિહંત હોય છે એમ જાણવું. મદ એટલે કે માનકષાયથી થયેલો ગર્વ, રાગ-દ્વેષ એટલે કે કષાયોના તીવ્ર ઉદયથી થવાવાળા પ્રીતિ અને અપ્રીતિરૂપ પરિણામ તેનાથી રહિત છે, પચ્ચીસ કષાયરૂપ મળ તેમનો દ્રવ્યકર્મ તથા તેમના ઉદયથી ઉત્પન્ન થયેલો ભાવમળથી રહિત છે, તેથી અત્યંત વિશુદ્ધ છે—નિર્મળ છે, ચિત્ત પરિણામ એટલે કે મનના પરિણમનરૂપ વિકલ્પોથી રહિત છે. જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમરૂપ મનનો વિકલ્પ નથી, આ પ્રમાણે કેવળ એક જ્ઞાનરૂપ વીતરાગસ્વરૂપ 'ભાવ અરિહંત' જાણવા. ૪૦

હવે ભાવ ના જ વિશેષ (ભેદ) કહે છે :—

सम्मद्दंसणि पस्सदि जाणदि णाणेण दव्वपज्जाया।
सम्मत्तगुणविसुद्धो भावो अरहस्स णायव्वो॥४१॥

सम्यग्दर्शनेन पश्यति जानाति ज्ञानेन द्रव्यपर्यायान्।
सम्यक्त्वगुणविशुद्धः भावः अर्हतः ज्ञातव्यः॥४१॥

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વગુણસુવિશુદ્ધ છે,—અર્હંતનો આ ભાવ છે. ૪૧.

**અર્થ** :—'ભાવ અરિહંત' સમ્યગ્દર્શનથી તો પોતાને તથા સર્વને સત્તામાત્ર દેખે છે આ પ્રમાણે જેમને કેવળદર્શન છે, જ્ઞાનથી સર્વે પદાર્થોના દ્રવ્ય-પર્યાયોને જાણે છે આ પ્રમાણે જેમને કેવળજ્ઞાન છે, જેમને સમ્યક્ત્વગુણથી વિશુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે, આ પ્રમાણે અરિહંતના ભાવ જાણવા.

**ભાવાર્થ** :—અરિહંતપણું ઘાતિકર્મના નાશથી હોય છે. મોહકર્મના નાશથી સમ્યક્ત્વ અને કષાયોના અભાવથી પરમવીતરાગતા સર્વપ્રકારે નિર્મળતા હોય છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મના નાશથી અનંતદર્શન—અનંતજ્ઞાન પ્રગટે છે, તેનાથી બધા જ દ્રવ્ય-પર્યાયોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે-દેખે છે. દ્રવ્ય છ છે—તેમાં જીવદ્રવ્યની સંખ્યા અનંતાનંત છે, પુદ્‌ગલદ્રવ્ય તેમનાથી અનંતાનંતગણા છે, આકાશ દ્રવ્ય એક છે તે અનંતાનંતપ્રદેશી છે તેમની મધ્યમાં સર્વે જીવ, પુદ્‌ગલ અસંખ્યાત પ્રદેશમાં સ્થિત છે, એક

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ધર્મદ્રવ્ય, એક અધર્મદ્રવ્ય તે બંને અસંખ્યાતપ્રદેશી છે તેમનાથી આકાશનો લોક ને અલોક વિભાગ છે, તે લોકમાં જ કાળ દ્રવ્યના અસંખ્યાત કાળાણુ સ્થિત છે આ બધા દ્રવ્યોના પરિણામરૂપ પર્યાય છે, તે એક-એક દ્રવ્યને અનંતાનંત છે, તેમને કાળ દ્રવ્ય પરિણમનનું નિમિત્ત છે, તેના નિમિત્તથી ક્રમે થતા સમયાદિક 'વ્યવહારકાળ' કહેવાય છે. તેમની ગણનાથી અતીત, અનાગત વર્તમાન દ્રવ્યોની પર્યાય અનંતાનંત છે. આ સર્વે દ્રવ્યપર્યાયોને અરિહંતનું દર્શન-જ્ઞાન એક સમયમાં દેખે-જાણે છે, તેથી અરિહંતને સર્વદર્શી સર્વજ્ઞ કહે છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે અરિહંતનું નિરૂપણ ૧૪ ગાથાઓમાં કર્યું. પ્રથમ ગાથામાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ગુણ, પર્યાય સહિત ચ્યવન, આગતિ, સંપત્તિ આ ભાવ અરિહંતને બતાવે છે. તેમનું વ્યાખ્યાન નામાદિ કથનમાં બધું જ આવી ગયું. તેમનો સંક્ષેપ ભાવાર્થ કહેવામાં આવે છે.

**ગર્ભકલ્યાણ** :—પ્રથમ ગર્ભકલ્યાણક થાય છે. ગર્ભમાં આવવાના છ મહિના પહેલા ઈન્દ્ર દ્વારા મોકલવામાં આવેલ કુબેર, જે રાજાની રાણીના ગર્ભમાં તીર્થંકર આવવાના છે તેના નગરની શોભા કરે છે. રત્નમયી, સુવર્ણમયી મંદિર(નિવાસ) બનાવે છે, નગરના કોટ, ખાઈ, દરવાજા સુંદર વન, ઉપવનની રચના કરે છે. સુંદર વેશવાળા નર-નારીઓને નગરમાં વસાવે છે, નિત્યે રાજમંદિર ઉપર રત્નોની વર્ષા થતી રહે છે, તીર્થંકરનો જીવ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતાને ૧૬ સ્વપ્નો આવે છે, રુચિકવર દ્વીપમાં રહેવાવાળી દેવાંગનાઓ નિત્ય માતાની સેવા કરે છે; આ પ્રમાણે નવ મહિમા પૂરા થતાં ભગવાનનો ત્રણ જ્ઞાન અને દસ અતિશય સહિત જન્મ થાય છે, ત્યારે ત્રણેય લોકમાં આનંદમન ખળભળાટ થાય છે. દેવોના નિવાસમાં વગર વગાડે વાજા વાગે છે, ઈન્દ્રનું આસન કંપાયમાન થાય છે, ત્યારે ઈન્દ્ર પ્રભુનો જન્મ થયો જાણી સ્વર્ગથી ઐરાવત હાથી ઉપર બેસી આવે છે, બધા ચારે પ્રકારના દેવ-દેવીઓ એકત્રિત થઈને આવે છે. શચી ઈન્દ્રાણી માતાની પાસે જઈને ગુપ્તરૂપે પ્રભુને લઈ આવે છે, ઈન્દ્ર હર્ષિત થઈને હજાર નેત્રોથી દેખે છે.

**જન્મકલ્યાણ** :—ત્યારબાદ, સૌધર્મ ઈન્દ્ર બાળ તીર્થંકર ભગવાનને પોતાના ખોળામાં લઈને ઐરાવત હાથી ઉપર બેસી મેરુ પર્વત ઉપર જાય છે, ઈશાન ઈન્દ્ર છત્ર ધારણ કરે છે, સનતકુમાર અને મહેન્દ્ર ઈન્દ્ર ચામર ઢોળે છે, મેરુના પાંડુકવનની પાંડુકશિલાના સિંહાસન ઉપર પ્રભુને બિરાજમાન કરે છે, સર્વે દેવો ક્ષીર સમુદ્રથી ૧૦૦૮ કળશોમાં જળ લાવી દેવ-દેવાંગનાઓ ગીત-નૃત્ય-વાજિંત્ર દ્વારા ઘણા ઉત્સાહ

સહિત પ્રભુના મસ્તક ઉપર કળશ ઢોળી જન્મકલ્યાણકનો અભિષેક કરે છે, ત્યારબાદ શ્રૃંગાર-વસ્ત્ર-આભૂષણ પહેરાવી માતાના નિવાસમાં લાવી માતાને સોંપી દે છે અને ઈન્દ્રાદિક દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા જાય છે, કુબેર સેવા માટે રહે છે.

**તપકલ્યાણ** :—ત્યારબાદ પ્રભુ કુમાર અવસ્થા અને રાજ્ય અવસ્થાને ભોગવે છે. તેમાં મનવાંછિત ભોગ ભોગવીને પછી કોઈ વૈરાગ્યનું કારણ પામી સંસાર-દેહ-ભોગોથી વિરક્ત થઈ જાય છે ત્યારે લોકાંતિક દેવ આવીને, વૈરાગ્યની વૃદ્ધિ કરવાવાળી પ્રભુની સ્તુતિ કરે છે, ત્યારબાદ ઈન્દ્ર આવીને 'તપકલ્યાણક' ઉત્સવ કરે છે. પાલખીમાં બેસાડીને મોટા ઉત્સવ સાથે વનમાં લઈ જાય છે, જ્યાં ભગવાન પવિત્ર શિલા ઉપર બેસી પંચમુષ્ટિથી કેશનો લોચ કરી પંચ મહાવ્રત અંગીકાર કરે છે, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી દિગંબર રૂપ ધારણ કરી ધ્યાન કરે છે, તે જ સમયે મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. ત્યારબાદ કેટલોક સમય વ્યતીત થતા તપના બળથી ઘાતિકર્મની ૪૭ અને અઘાતિકર્મની ૧૬ પ્રકૃતિ આ પ્રમાણે ૬૩ પ્રકૃતિનો સત્તામાંથી નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન કરી અનંત ચતુષ્ટયરૂપ થઈ ક્ષુધાદિ દોષોથી રહિત અરિહંત થાય છે.

**જ્ઞાનકલ્યાણ** :—ત્યારબાદ ઈન્દ્ર આવી સમવસરણની રચના કરે છે, તે આગમોક્ત અનેક શોભા સહિત મણિ-સુવર્ણમય કોટ, ખાઈ, વેદિ, ચારે દિશાઓમાં ચાર દરવાજા, માનસ્તંભ, નાટ્યશાળા, વન આદિ અનેક રચનાઓ કરે છે. તેની વચ્ચે સભામંડપમાં ૧૨ સભાઓ તેમાં મુનિ, આર્જિકા, શ્રાવક, શ્રાવિકા, દેવ, દેવી અને તિર્યંચ બેસે છે. પ્રભુને અનેક અતિશય પ્રગટ થાય છે. સભામંડપની વચ્ચે ત્રણ પીઠ પર ગંધકૂટીની વચ્ચે રહેલ કમળના સિંહાસન ઉપર ભગવાન અંતરીક્ષ બિરાજે છે, અને આઠ પ્રાતિહાર્યયુક્ત હોય છે. દિવ્યધ્વનિ ખરે છે, તેને સાંભળી ગણધર દ્વાદશાંગની રચના કરે છે. આવો કેવળકલ્યાણકનો ઉત્સવ ઈન્દ્ર કરે છે. ત્યારબાદ ભગવાન વિહાર કરે છે. તેનો મોટો ઉત્સવ દેવો કરે છે.

**નિર્વાણકલ્યાણ** :—કેટલાક સમય પછી આયુષ્યના થોડા દિવસો રહેતાં યોગ નિરોધ કરી અઘાતિકર્મનો નાશ કરી મુક્તિ(મોક્ષ) પધારે છે, ત્યારબાદ શરીરનો અગ્નિ સંસ્કાર કરી ઈન્દ્રો ઉત્સવ સહિત 'નિર્વાણકલ્યાણક' મહોત્સવ કરે છે. આ પ્રમાણે તીર્થંકર પાંચ કલ્યાણકની પૂજાને પ્રાપ્ત થઈ અરિહંત થઈને નિર્વાણને પ્રાપ્ત થાય છે એમ જાણવું. ૪૧.

હવે (૧૧) પ્રવ્રજ્યાનું નિરૂપણ કરે છે તેને દીક્ષા કહે છે. પહેલા જ દીક્ષાને યોગ્ય સ્થાન વિશેષને તથા દીક્ષા સહિત મુનિ જ્યાં રહે છે તેના સ્વરૂપને કહે છે :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



सुण्णहरे तरुहिट्ठे उज्जाणे तह मसाणवासे वा।
गिरिगुह गिरिसिहरे वा भीमवणे अहव वसिते वा।।४२।।
[1]सवसासत्तं तित्थं [2]वचचइदालत्तयं च वुत्तेहिं।
जिणभवणं अह वेज्झं जिणमग्गे जिणवरा विंति।।४३।।
पंचमहव्वयजुत्ता पंचिंदियसंजया णिरावेक्खा।
सज्झायझाणजुत्ता मुणिवरवसहा णिइच्छंति।।४४।।

शून्यगृहे तरुमूले उद्याने तथा श्मसानवासे वा।
गिरिगुहायां गिरिशिखरे वा, भीमवने अथवा वसतौ वा।।४२।।
स्ववशासक्तं तीर्थं वचश्चैत्यालयत्रिकं च उक्तैः।
जिनभवनं अथ वेध्यं जिनमार्गे जिनवरा विदन्ति।।४३।।
पंचमहाव्रतयुक्ताः पंचेन्द्रियसंयताः निरपेक्षाः।
स्वाध्यायध्यानयुक्ताः मुनिवरवृषभाः नीच्छन्ति।।४४।।

મુનિ શૂન્યગૃહ, તરુતલ વસે, ઉદ્યાન વા સમશાનમાં,
ગિરિકંદરે, ગિરિશિખર પર, વિકરાળ વન વા વસતિમાં. ૪૨.
નિજવશ શ્રમણના વાસ, તીરથ, શાસ્ત્રચૈત્યાલય અને
જિનભવન મુનિનાં લક્ષ્ય છે—જિનવર કહે જિનશાસને. ૪૩.
પંચેન્દ્રિસંયમવંત, પંચમહાવ્રતી, નિરપેક્ષ ને
સ્વાધ્યાય-ધ્યાને યુક્ત મુનિવરવૃષભ ઇચ્છે તેમને. ૪૪.

**અર્થ** :—શૂન્યઘર, વૃક્ષનું મૂળ, કોટર, ઉદ્યાન વન, સ્મશાન ભૂમિ, પર્વતની ગુફા, પર્વતનું શિખર, ભયાનક વન અને વસતિકા તેમાં દીક્ષા સહિત મુનિઓ રોકાય છે. આ દીક્ષાયોગ્ય સ્થાનો છે.

સ્વવશાસક્ત એટલે કે સ્વાધીન મુનિઓથી આસક્ત જે ક્ષેત્રો તેમાં મુનિ રોકાય. ત્યાંથી મોક્ષ પધારે. આ પ્રકારે તીર્થસ્થાન અને વચ, ચૈત્ય, આલય આ પ્રમાણે ત્રિક જે પહેલાં કહેવાઈ ગયા છે અર્થાત્ તે આયતન આદિ પરમાર્થરૂપ, સંયમી મુનિ, અરિહંત,

૧. સં. પ્રતિમાં 'सवसा' 'सतं' એમ બે પદ કહ્યા છે જેનું સં. स्ववशा 'सत्त्वं' લખેલ છે.
૨. 'वचचइदालत्तयं' ના પણ બે પદ કહ્યા છે 'वचः' 'चैत्यालयं'.

સિદ્ધસ્વરૂપ તેમના નામના અક્ષરરૂપ મંત્ર તથા તેમની આજ્ઞારૂપ વાણીને વચ કહે છે, તથા તેમના આકારવાળી ધાતુપાષાણની પ્રતિમા સ્થાપનને ''ચૈત્ય'' કહે છે અને તે પ્રતિમા તથા અક્ષર-મંત્ર-વાણી જેમાં સ્થાપિત કરવામાં આવે છે તે પ્રકારનું આલય-મંદિર, યંત્ર અથવા પુસ્તકરૂપ એવું વચ, ચૈત્ય તથા આલયનું ત્રિક છે અથવા જિનભવન અર્થાત્ અકૃત્રિમ જિન ચૈત્યાલય-મંદિર આ પ્રકારના આયતનાદિ તેમના જેવો જ જેનો વ્યવહાર થાય તેને જિનમાર્ગમાં જિનવરદેવ, 'વેધ્ય' એટલે કે દીક્ષા સહિત મુનિઓ માટે ધ્યાન કરવાયોગ્ય, ચિંતન કરવાયોગ્ય કહેવાય છે.

જે મુનિ વૃષભ અર્થાત્ મુનિઓમાં પ્રધાન છે તેમના કહેલા શૂન્ય ગૃહાદિ તથા તીર્થ, નામ-મંત્ર, સ્થાપનરૂપ મૂર્તિ, અને તેનું નિવાસ-મંદિર, પુસ્તક અને અકૃત્રિમ જિનમંદિર તેમને 'ણિઈચ્છંતિ' એટલે કે નિશ્ચયથી હિતાવહ કરે છે. શૂન્ય ગૃહ વગેરેમાં રહે છે અને તીર્થ આદિનું ધ્યાન-ચિંતવન કરે છે તથા બીજાઓને ત્યાં દીક્ષા આપે છે. અહીં 'ણિઈચ્છંતિ' નું પાઠાંતર 'ણઈચ્છન્તિ' આ પ્રકારે પણ છે, તેનો કાકોક્તિ દ્વારા એવો અર્થ થાય છે કે 'તેઓ કોને ઈષ્ટ માનતા નથી અર્થાત્ સર્વને (ઈષ્ટ) માને જ છે' એક ટીપ્પણીમાં એવો અર્થ કર્યો છે કે આવા શૂન્ય ગૃહાદિક તથા તીર્થાદિકને સ્વવશાશક્ત એટલે કે સ્વેચ્છાચારી ભ્રષ્ટાચારીઓ દ્વારા આસક્ત હોય તેને તે મુનિપ્રધાન ઈષ્ટ ન ગણે, ત્યાં ન રહે. કેવા છે તે મુનિપ્રધાન ? પાંચ મહાવ્રતોથી સંયુક્ત છે, પાંચ ઇન્દ્રિયોને સારી રીતે જીતવાવાળા છે, નિરપેક્ષ છે, કોઈપણ પ્રકારની વાંછાથી મુનિ થયા નથી સ્વાધ્યાય અને ધ્યાનયુક્ત છે, કેટલાક શાસ્ત્રને ભણે છે તથા ભણાવે છે અને કેટલાક ધર્મ શુક્લધ્યાન કરે છે.

**ભાવાર્થ** :—અહીં દીક્ષાયોગ્ય સ્થાન તથા દીક્ષા સહિત, દીક્ષા આપવાવાળા મુનિનું તથા તેમને ચિંતવનયોગ્ય વ્યવહારનું સ્વરૂપ કહ્યું છે. ૪૨-૪૩-૪૪.

(૧૧) હવે પ્રવ્રજ્યાનું સ્વરૂપ કહે છે :—

गिहगंथमोहमुक्का बावीसपरीसहा जियकसाया।
पावारंभविमुक्का पव्वज्जा एरिसा भणिया।।४५।।

गृहग्रंथमोहमुक्ता द्वाविंशतिपरीषहा जितकषाया।
पापारंभविमुक्ता प्रव्रज्या ईदृशी भणिता।।४५।।

ગૃહ-ગ્રંથ-મોહવિમુક્ત છે, પરિષહજયી, અકષાય છે,
છે મુક્ત પાપારંભથી,—દીક્ષા કહી આવી જિને. ૪૫.

**અર્થ** :—ગૃહ(ઘર) અને ગ્રંથ (પરિગ્રહ) આ બંનેથી મુનિ તો મમત્વ રહિત તથા ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિથી રહિત જ છે. જેમાં બાવીશ પરિષહોને સહન કરવાનું હોય છે, કષાયોને જીતે છે અને પાપરૂપ આરંભથી રહિત છે એવી પ્રવ્રજ્યા જિનેશ્વરદેવે કહી છે.

**ભાવાર્થ** :—જૈન દીક્ષામાં બિલકુલ પરિગ્રહ નથી, સર્વ સંસારનો મોહ નથી તથા જેમાં બાવીશ પરિષહોનું સહેવું તથા કષાયોને જીતવાનું હોય છે અને પાપારંભનો અભાવ હોય છે. આવી દીક્ષા અન્યમતમાં હોતી નથી. ૪૫.

હવે ફરી કહે છે :—

धणधण्णवत्थदाणं हिरण्णसयणासणाइ छत्ताइं।
कुद्दाणविरहरहिया पव्वज्ञा एरिसा भणिया।।४६।।

धनधान्यवस्त्रदानं हिरण्यशयनासनादि छत्रादि।
कुदानविरहरहिता प्रव्रज्या ईदृशी भणिता।।४६।।

ધન-ધાન્ય-પટ, કંચન-રજત, આસન-શયન, છત્રાદિનાં
સર્વે કુદાન વિહીન છે,—દીક્ષા કહી આવી જિને. ૪૬.

**અર્થ** :—ધન, ધાન્ય તથા વસ્ત્રનું દાન, ચાંદી, સોનું વગેરે, શૈયા, આસન વગેરે શબ્દોથી છત્ર, ચામરાદિક અને ક્ષેત્ર આદિક કુદાનોથી રહિત પ્રવ્રજ્યા કહે છે.

**ભાવાર્થ** :—ઘણા અન્યમતીઓ આ પ્રકારે પ્રવ્રજ્યા કહે છે :—ગાય, ધન, ધાન્ય, વસ્ત્ર, સોનું, ચાંદી, શયન, આસન, છત્ર, ચામર અને ભૂમિ વગેરેનું દાન કરવું તે પ્રવ્રજ્યા છે તેનો આ ગાથામાં નિષેધ કર્યો છે. પ્રવ્રજ્યા તો નિર્ગ્રંથ સ્વરૂપ છે. જે ધન-ધાન્ય વગેરે રાખીને દાન કરે તેને શાની પ્રવ્રજ્યા? આ તો ગૃહસ્થનું કાર્ય છે, ગૃહસ્થને પણ આ વસ્તુઓના દાનથી વિશેષ પુણ્ય તો થતું નથી, કારણ કે પાપ ઘણું છે અને પુણ્ય અલ્પ છે, તેથી ઘણું પાપકાર્ય તો ગૃહસ્થને કરવાથી લાભ નથી. જેમાં ઘણો લાભ હોય તે જ કામ કરવું યોગ્ય છે. દીક્ષા તો આ વસ્તુઓથી રહિત જ છે. ૪૬.

હવે ફરી કહે છે :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



सत्तूमित्ते य समा पसंसणिंदा अलद्धिलद्धिसमा।
तणकणए समभावा पव्वज्जा एरिसा भणिया।।४७।।

शत्रौ मित्रे च समा प्रशंसानिन्दाऽलब्धिलब्धिसमा।
तृणे कनके समभावा प्रव्रज्या ईदृशी भणिता।।४७।।

નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, અલબ્ધિ ને લબ્ધિ વિષે,
તૃણ-કંચને સમભાવ છે,—દીક્ષા કહી આવી જિને. ૪૭.

**અર્થ** :—જેમાં શત્રુ-મિત્રમાં સમભાવ છે, પ્રશંસા-નિંદામાં, લાભ-અલાભમાં અને તૃણ-કંચનમાં સમભાવ છે આવી પ્રવ્રજ્યા કહે છે.

**ભાવાર્થ** :—જૈન દીક્ષામાં રાગ-દ્વેષનો અભાવ છે. શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા, લાભ-અલાભ અને તૃણ-કંચનમાં સમભાવ છે. જૈન મુનિઓની દીક્ષા જ આવી હોય છે. ૪૭

હવે ફરી કહે છે :—

उत्तममज्झिमगेहे दारिद्दे ईसरे णिरावेक्खा।
सव्वत्थ गिहिदपिंडा पव्वज्जा एरिसा भणिया।।४८।।

उत्तममध्यमगेहे दरिद्रे ईश्वरे निरपेक्षा।
सर्वत्र गृहितपिंडा प्रव्रज्या ईदृशी भणिता।।४८।।

નિર્ધન-સધન ને ઉચ્ચ-મધ્યમ સદન અનપેક્ષિતપણે
સર્વત્ર પિંડ ગ્રહાય છે,—દીક્ષા કહી આવી જિને. ૪૮.

**અર્થ** :—ઉત્તમ ગૃહ અર્થાત્ શોભા સહિત રાજભવન આદિ અને મધ્યમ ગૃહ એટલે કે શોભા રહિત સામાન્ય લોકોનું ઘર તેમાં તથા દરિદ્ર—ધનવાનમાં નિરપેક્ષ અર્થાત્ ઈચ્છા રહિત છે, સર્વ યોગ્ય જગ્યા ઉપર આહાર ગ્રહણ કરાય છે એવી પ્રવ્રજ્યા કહી છે.

**ભાવાર્થ** :—મુનિ દીક્ષા સહિત હોય છે અને જ્યારે આહાર લેવા જાય છે ત્યારે આ પ્રમાણે વિચાર કરતા નથી કે મોટા ઘેર જવું કે નાના ઘેર જવું અથવા દરિદ્રના ઘેર જવું કે ધનવાનના ઘેર જવું આ પ્રમાણે વાંછારહિત નિર્દોષ આહારની યોગ્યતા હોય ત્યાં બધી જ જગ્યાએથી યોગ્ય આહાર લે છે. આવી દીક્ષા છે. ૪૮.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આગળ ફરી કહે છે :—

णिग्गंथा णिस्संगा णिम्माणासा अराय णिद्दोसा।
णिम्मम णिरहंकारा पव्वज्जा एरिसा भणिया।।४९।।

निर्ग्रंथा निःसंगा निर्मानाशा अरागा निर्द्वेषा।
निर्ममा निरहंकारा प्रव्रज्या ईदृशी भणिता।।४९।।

નિર્ગ્રંથ ને નિઃસંગ નિર્માનાશ, નિરહંકાર છે,
નિર્મમ, અરાગ, અદ્વેષ છે,—દીક્ષા કહી આવી જિને. ૪૯.

**અર્થ** :—કેવી છે પ્રવ્રજ્યા ? નિર્ગ્રંથ સ્વરૂપ છે, પરિગ્રહથી રહિત છે, નિઃસંગ એટલે કે સ્ત્રી વગેરે પરદ્રવ્યનો સંગ-મેળાપ નથી, જેમાં નિર્માનતા એટલે કે માન-કષાય પણ નથી, મદ રહિત છે, જેમાં આશા નથી, સંસારભોગની આશા રહિત છે, જેમાં અરાગ અર્થાત્ રાગનો અભાવ છે. સંસાર-દેહ અને ભોગોથી પ્રીતિ નથી, નિર્દ્વેષા અર્થાત્ કોઈથી દ્વેષ નથી, નિર્મમા અર્થાત્ કોઈથી મમત્વભાવ નથી, નિરહંકારા એટલે કે અહંકાર રહિત છે, જે કાંઈ કર્મનો ઉદય હોય છે તેવું થાય છે. આ પ્રમાણે જાણવાથી પરદ્રવ્યમાં કર્તૃત્વનો અહંકાર રહેતો નથી અને પોતાના સ્વરૂપનું જ જેમાં સાધન છે, એવી પ્રવ્રજ્યા કહી છે.

**ભાવાર્થ** :—અન્યમતી વેષ પહેરીને તેને જ માત્ર દીક્ષા માને છે, તે દીક્ષા નથી. જૈનદીક્ષા ઉપરોક્ત પ્રકારે કહે છે. ૪૯

ફરી આગળ કહે છે :—

णिण्णेहा णिल्लोहा णिम्मोहा णिव्वियार णिक्कलुसा।
णिब्भय णिरासभावा पव्वज्जा एरिसा भणिया।।५०।।

निःस्नेहा निर्लोभा निर्मोहा निर्विकारा निःकलुषा।
निर्भया निराशभावा प्रव्रज्या ईदृशी भणिता।।५०।।

નિઃસ્નેહ, નિર્ભય, નિર્વિકાર, અકલુષ ને નિર્મોહ છે,
આશારહિત, નિર્લોભ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૦.

**અર્થ** :—પ્રવ્રજ્યા આવી કહી છે. 'નિઃસ્નેહા' અર્થાત્ જેમાં કોઈ ઉપર સ્નેહ નથી,

જેમાં પરદ્રવ્ય સાથે રાગાદિરૂપ સચ્ચિકરણભાવ નથી, જેમાં 'નિર્લોભા' એટલે કે કોઈપણ પરદ્રવ્ય લેવાની વાંછા નથી, જેમાં 'નિર્મોહા' એટલે કે કોઈ પરદ્રવ્ય સાથે મોહ નથી, ભૂલથી પણ પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ હોતી નથી. 'નિર્વિકારા' એટલે કે બાહ્ય અભ્યંતર વિકારથી રહિત છે, જેમાં બાહ્ય શરીરની ચેષ્ટા તથા વસ્ત્રાભૂષણાદિનો તથા અંગ-ઉપાંગનો વિકાર નથી, જેમાં અંતરંગ કામક્રોધાદિકનો વિકાર નથી. 'નિઃકલુષા' એટલે કે મલિનભાવ રહિત છે. આત્માને કષાય મલિન કરે છે તેથી કષાય જેમનામાં નથી, 'નિર્ભયા' એટલે કે જેમનામાં કોઈ પ્રકારનો ભય નથી, પોતાના સ્વરૂપને અવિનાશી જાણે તેને કોનો ભય હોય, જેમાં નિરાશભાવા એટલે કે કોઈપણ પ્રકારના પરદ્રવ્યની આશાનો ભાવ નથી, આશા તો કોઈ વસ્તુની પ્રાપ્તિ ન હોય તેની રહે છે, પરંતુ જ્યાં પરદ્રવ્યને પોતાનું જાણ્યું નથી અને પોતાની સ્વ-પરના (ભેદજ્ઞાનની) પ્રાપ્તિ થઈ ગઈ છે ત્યારે કંઈ જ પ્રાપ્ત કરવાનું બાકી રહ્યું નથી તો પછી શાની આશા હોય? આવી પ્રવ્રજ્યા કહી છે.

**ભાવાર્થ** :—જૈન દીક્ષા આવી જ છે. અન્યમતમાં સ્વ-પરદ્રવ્યનું ભેદવિજ્ઞાન નથી તેમને આવી દીક્ષા ક્યાંથી હોય? ૫૦.

હવે દીક્ષાનું બાહ્ય સ્વરૂપ કહે છે :—

**जहजायरूवसरिसा अवलंबियभुय णिराउहा संता।**
**परकियणिलयणिवासा पव्वज्जा एरिसा भणिया।।५१।।**

यथाजातरूपसदृशी अवलंबितभुजा निरायुधा शांता।
परकृतनिलयनिवासा प्रव्रज्या ईदृशी भणिता।।५१।।

**જન્મ્યા પ્રમાણે રૂપ, લંબિતભુજ, નિરાયુધ, શાંત છે,**
**પરકૃત નિલયમાં વાસ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૧.**

**અર્થ** :—કેવી છે પ્રવ્રજ્યા? યથાજાતરૂપ સદૃશી એટલે કે જ્યારે જન્મ થતાં જ બાળકનું નગ્નરૂપ હોય છે તેવું જ નગ્નરૂપ તેમાં અવલંબિત ભૂજા અર્થાત્ જેમાં ભૂજાઓ લંબાયમાન કરેલ છે, જેમાં બાહુલ્ય અપેક્ષાએ કાયોત્સર્ગ એટલે કે ઊભા રહેવાનું હોય છે. નિરાયુધ એટલે કે આયુધોથી રહિત છે, 'શાંતા' એટલે કે જેમાં અંગોપાંગના વિકાર રહિત શાંત મુદ્રા હોય છે, 'પરકૃતનિલયનિવાસા' એટલે કે જેમાં બીજા દ્વારા બનાવેલા નિવાસ જે વસતિકા આદિ તેમાં નિવાસ હોય છે, જેમાં પોતાને કૃત-કારિત-અનુમોદના, મન-વચન-કાય દ્વારા દોષ ન લાગ્યો હોય એવી બીજાએ બનાવેલી વસતિકા આદિમાં

નિવાસ હોય છે એવી પ્રવ્રજ્યા કહી છે.

**ભાવાર્થ** :—અન્યમતમાં કેટલાક લોકો બાહ્યમાં વસ્ત્રાદિક રાખે છે, કેટલાક આયુધ રાખે છે, કેટલાક સુખ માટે આસન ચલાચલ રાખે છે, કેટલાક ઉપાશ્રય વગેરે રહેવાના નિવાસ બનાવી તેમાં રહે છે અને પોતાને દીક્ષા સહિત માને છે, તેમને વેષમાત્ર છે, જૈન દીક્ષા તો જેવી (ઉપરોક્ત) કહેવામાં આવી છે તેવી જ છે. ૫૧

આગળ ફરી કહે છે :—

उवसमखमदमजुत्ता सरीरसंककार वज्जिया रुक्खा।
मयरायदोसरहिया पव्वज्जा एरिसा भणिया॥५२॥

उपशमक्षमदमयुक्ता शरीरसंस्कार वर्जिता रूक्षा।
मदरागदोषरहिता प्रव्रज्या ईदृशी भणिता॥५२॥

ઉપશમ-ક્ષમા-દમયુક્ત, તનસંસ્કારવર્જિત રૂક્ષ છે,
મદ-રાગ-દ્વેષવિહીન છે,—દીક્ષા કહી આવી જિને. ૫૨.

**અર્થ** :—કેવી છે પ્રવ્રજ્યા? 'ઉપશમક્ષમદમયુક્તા' એટલે કે ઉપશમ તો મોહકર્મના ઉદયના અભાવરૂપ શાંત પરિણામ અને ક્ષમા અર્થાત્ ક્રોધના અભાવરૂપ ઉત્તમ ક્ષમા તથા દમ એટલે કે ઇન્દ્રિયોના વિષયમાં ન પ્રવર્તવું. પ્રવ્રજ્યા આવા ભાવોથી યુક્ત છે, 'શરીરસંસ્કારવર્જિતા' એટલે કે સ્નાનાદિ દ્વારા શરીરની સજાવટ તેનાથી રહિત છે, જેમાં રુક્ષ અર્થાત્ તેલ આદિનું શરીરને મર્દન નથી. મદ, રાગ-દ્વેષ રહિત છે. આવી પ્રવ્રજ્યા કહી છે.

**ભાવાર્થ** :—અન્યમતના વેષધારી ક્રોધાદિરૂપે પરિણમે છે. શરીરને સજાવી સુંદર રાખે છે. ઇન્દ્રિયના વિષયોનું સેવન કરે છે અને પોતાને દીક્ષા સહિત માને છે, તે તો ગૃહસ્થ સમાન છે. અતીત (યતિ) કહેવડાવીને ઉલટું મિથ્યાત્વ દૃઢ કરે છે. જૈન દીક્ષા ઉપરોક્ત પ્રકારે છે તે જ સત્યાર્થ છે, તેને અંગીકાર કરે છે તે જ સાચા (યતિ) છે. ૫૨.

હવે ફરી પણ કહે છે :—

विवरीयमूढभावा पणट्ठकम्मट्ठ णट्ठमिच्छत्ता।
सम्मत्तगुणविसुद्धा पव्वज्जा एरिसा भणिया॥५३॥

विपरीतमूढभावा प्रणष्टकर्माष्टा नष्टमिथ्यात्वा।
सम्यक्त्वगुणविशुद्धा प्रव्रज्या ईदृशी भणिता।।५३।।

જ્યાં મૂઢતા-મિથ્યાત્વ નહિ, જ્યાં કર્મ અષ્ટ વિનષ્ટ છે,
સમ્યક્ત્વગુણથી શુદ્ધ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૩.

**અર્થ** :—કેવી છે પ્રવ્રજ્યા ? — કે જેમાં અજ્ઞાનભાવ વિપરીત થયો છે એટલે કે દૂર થઈ ગયો છે. અન્યમતી આત્માનું સ્વરૂપ સર્વથા એકાંતથી અનેક પ્રકારે ભિન્ન -ભિન્ન બતાવી વાદ કરે છે, તેમને આત્માના સ્વરૂપમાં મૂઢભાવ છે. જૈન મુનિઓના અનેકાંતથી સિદ્ધ થયેલ યથાર્થ જ્ઞાન છે તેથી મૂઢભાવ નથી. જેમાં આઠ કર્મ અને મિથ્યાત્વાદિ નાશ થઈ ગયા છે, જૈન દીક્ષામાં અતત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વનો અભાવ છે, તેથી સમ્યક્ત્વ નામના ગુણ દ્વારા વિશુદ્ધ છે, નિર્મળ છે, સમ્યક્ત્વ સહિત દીક્ષામાં દોષ રહેતો નથી; આ પ્રમાણે પ્રવ્રજ્યા કહી છે. ૫૩.

આગળ ફરી કહે છે કે :—

जिणमग्गे पव्वज्जा छहसंहणणेसु भणिय णिग्गंथा।
भावंति भव्वपुरिसा कम्मक्खयकारणे भणिया।।५४।।

जिनमार्गे प्रव्रज्या षट्संहननेषु भणिता निर्ग्रंथा।
भावयन्ति भव्यपुरुषाः कर्मक्षयकारणे भणिता।।५४।।

નિર્ગ્રંથ દીક્ષા છે કહી ષટ્ સંહનનમાં જિનવરે;
ભવિ પુરુષ ભાવે તેહને; તે કર્મક્ષયનો હેતુ છે. ૫૪.

**અર્થ** :—જિનમાર્ગમાં પ્રવ્રજ્યા છ સંહનનવાળા જીવોને હોવાનું કહ્યું છે, નિર્ગ્રંથ સ્વરૂપ છે, સર્વે પરિગ્રહોથી રહિત યથાજાતસ્વરૂપ છે. તેની ભવ્ય પુરુષો જ ભાવના કરે છે. આવી પ્રવ્રજ્યા કર્મક્ષયનું કારણ કહી છે.

**ભાવાર્થ** :—વજ્રવૃષભનારાચ વગેરે શરીરના છ સંહનન કહેવામાં આવે છે, તે બધામાં જ દીક્ષા હોવાનું કહ્યું છે, જે ભવ્ય પુરુષ તે કર્મક્ષયનું કારણ જાણી આને અંગીકાર કરો. એવું નથી કે વજ્રવૃષભ દ્રઢ સંહનન હોય તેમાં જ દીક્ષા હોય અને અસંસૃપાટિક સંહનનમાં ન હોય, આ પ્રમાણે નિર્ગ્રંથરૂપ દીક્ષા તો અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનનમાં પણ હોય છે. ૫૪.

આગળ ફરી કહે છે કે :—

तिलतुसमत्तणिमित्तसम बाहिरग्गंथसंगहो णत्थि।
पव्वज्ज हवइ एसा जह भणिया सव्वदरसीहिं।।५५।।

तिलतुषमात्रनिमित्तसमः बाह्यग्रंथसंग्रहः नास्ति।
प्रव्रज्या भवति एषा यथा भणिता सर्वदर्शिभिः।।५५।।

તલતુષપ્રમાણ ન બાહ્ય પરિગ્રહ, રાગ તત્સમ છે નહીં;
—આવી પ્રવ્રજ્યા હોય છે સર્વજ્ઞજિનદેવે કહી. ૫૫.

**અર્થ** :—જે પ્રવ્રજ્યામાં તલના ફોતરા માત્ર સંગ્રહનું કારણ—એવા ભાવરૂપ ઈચ્છા અર્થાત્ અંતરંગ પરિગ્રહ અને તે તલના ફોતરા માત્ર બાહ્ય પરિગ્રહનો સંગ્રહ નથી તે પ્રકારની પ્રવ્રજ્યા જેવી સર્વજ્ઞદેવે કહી છે, તે પ્રમાણે છે, અન્ય પ્રકારે પ્રવ્રજ્યા નથી એવો નિયમ જાણવો જોઈએ. શ્વેતામ્બર આદિક કહે છે કે અપવાદમાર્ગમાં વસ્ત્રાદિકનો સંગ્રહ સાધુને કહ્યો છે તેવું સર્વજ્ઞના સૂત્રમાં તો કહ્યું નથી. તેમણે કલ્પિત સૂત્રો બનાવ્યા છે તેમાં કહ્યું છે તે કાળદોષ છે. ૫૫.

ફરી આગળ કહે છે :—

उवसग्गपरिसहसहा णिज्जणदेसे हि णिच्च [1]अच्चेइ।
सिल कट्ठे भूमितले सव्वे आरुहइ सव्वत्थ।।५६।।

उपसर्गपरीषहसहा निर्जनदेशे हि नित्यं तिष्ठति।
शिलायां काष्टे भूमितले सर्वाणि आरोहति सर्वत्र।।५६।।

ઉપસર્ગ-પરિષહ મુનિ સહે, નિર્જન સ્થળે નિત્યે રહે,
સર્વત્ર કાષ્ઠ, શિલા અને ભૂતલ ઉપર સ્થિતિ તે કરે. ૫૬.

**અર્થ** :—ઉપસર્ગ અથવા દેવ-મનુષ્ય, તિર્યંચ અને અચેતનકૃત ઉપદ્રવ અને પરિષહ એટલે કે દૈવ-કર્મયોગથી આવી પડેલા બાવીસ પરિષહોને સમભાવથી સહન કરવા, તેવી પ્રવ્રજ્યા સહિત મુનિ છે, તેઓ જ્યાં અન્ય મનુષ્યો ન રહે તેવા નિર્જન વન આદિ પ્રદેશોમાં સદા રહે છે, ત્યાં પણ શીલાતલ, કાષ્ઠ ભૂમિતલમાં રહે છે, આ બધા

१. पाठान्तर–अच्छेइ ।

જ પ્રદેશોમાં બેસે છે, સૂવે છે, 'સર્વત્ર' કહેવાથી વનમાં રહે અને કિંચિત્ સમય નગરમાં રહે તો એવા જ સ્થાનો પર રહે છે.

**ભાવાર્થ** :—જૈન દીક્ષાવાળા મુનિ ઉપસર્ગ-પરિષહમાં સમભાવ રાખે છે, અને જ્યાં સૂવે છે, બેસે છે, ત્યાં નિર્જન પ્રદેશમાં શીલા, કાષ્ઠ, ભૂમિમાં જ બેસે છે, સૂવે છે એમ નથી કે અન્યમતના વેષધારીઓની જેમ સ્વચ્છંદી પ્રમાદી રહે, આ પ્રમાણે જાણવું જોઈએ. ૫૬.

હવે અન્ય વિશેષોને કહે છે :—

पसुमहिलसंढसंगं कुसीलसंगं ण कुणइ विकहाओ।
सज्झायझाणजुत्ता पव्वज्जा एरिसा भणिया॥५७॥

पशुमहिलाषंढसंगं कुशीलसंगं न करोति विकथाः।
स्वाध्यायध्यानयुक्ता प्रव्रज्या ईदृशी भणिता॥५७॥

સ્ત્રી-ષંઢ-પશુ-દુઃશીલનો નહિ સંગ, નહિ વિકથા કરે,
સ્વાધ્યાય-ધ્યાને યુક્ત છે,—દીક્ષા કહી આવી જિને. ૫૭.

**અર્થ** :—જે પ્રવ્રજ્યામાં પશુ—તિર્યંચ, મહિલા(સ્ત્રી), ષંઢ (નપુંસક) તેમનો સંગ તથા કુશીલ (વ્યભિચારી) પુરુષનો સંગ પણ કરતા નથી, સ્ત્રીકથા, રાજકથા, ભોજનકથા અને ચોર ઈત્યાદિકની કથાઓ જેવી વિકથાઓ કરતા નથી, તો શું કરે છે ? સ્વાધ્યાય એટલે કે શાસ્ત્ર-જિનવચનોનું પઠન-પાઠન અને ધ્યાન અર્થાત્ ધર્મ શુક્લધ્યાન તેનાથી યુક્ત રહે છે આવી પ્રવ્રજ્યા જિનદેવે કહી છે.

**ભાવાર્થ** :—જિનદીક્ષા લઈને કુસંગતિ કરે, વિકથાદિક કરે અને પ્રમાદી રહે તો દીક્ષાનો અભાવ થઈ જાય તેથી કુસંગતિ નિષિદ્ધ છે, અન્ય વેષધારીઓની જેમ આ વેષ નથી. આ મોક્ષમાર્ગ છે, અન્ય સંસારમાર્ગ છે. ૫૭.

આગળ ફરી વિશેષ કહે છે :—

तववयगुणेहिं सुद्धा संजमसम्मत्तगुणविसुद्धा य।
सुद्धा गुणेहिं सुद्धा पव्वज्जा एरिसा भणिया॥५८॥

तपोव्रतगुणैः शुद्धा संयमसम्यक्त्वगुणविशुद्धा च।
शुद्धा गुणैः शुद्धा प्रव्रज्या ईदृशी भणिताः॥५८॥

તપવ્રતગુણોથી શુદ્ધ, સંયમ-સુદ્રગગુણસુવિશુદ્ધ છે,
છે ગુણવિશુદ્ધ,—સુનિર્મળા દીક્ષા કહી આવી જિને. ૫૮.

**અર્થ** :—જિનદેવે પ્રવ્રજ્યા આ પ્રમાણે કહી છે કે 'તપ' એટલે કે બાહ્ય અભ્યંતર બાર પ્રકારના તપ તથા 'વ્રત' એટલે કે પાંચ મહાવ્રત અને 'ગુણ' અર્થાત્ તેના ભેદરૂપ ઉત્તરગુણોથી શુદ્ધ છે, 'સંયમ' એટલે કે ઇન્દ્રિય મનનો નિરોધ, છ કાયના જીવોની રક્ષા, 'સમ્યક્ત્વ' અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યગ્દર્શન તથા તેમના 'ગુણ' અર્થાત્ મૂળગુણોથી શુદ્ધ, અતિચાર રહિત નિર્મળ છે અને જે પ્રવ્રજ્યાના ગુણો કહ્યા છે તેમનાથી શુદ્ધ છે, વેષમાત્ર જ નથી; આ પ્રમાણે શુદ્ધ પ્રવ્રજ્યા કહેવાય છે, તે ગુણો વિના પ્રવ્રજ્યા શુદ્ધ નથી.

**ભાવાર્થ** :—તપ, વ્રત, સમ્યક્ત્વની સાથે અને જેમાં તેમના મૂળ ગુણો તથા અતિચારનું શોધન ગમે તે રીતે થાય છે. આ પ્રમાણે દીક્ષા શુદ્ધ છે અન્યવાદી તથા શ્વેતામ્બરાદિ ગમે તે રીતે કહે તે દીક્ષા શુદ્ધ નથી. ૫૮

હવે પ્રવ્રજ્યાના કથનને સંકોચે છે :—

एवं [1]आयत्तणगुणपज्जंता, बहुविसुद्धसम्मत्ते।
णिग्गंथे जिणमग्गे संखेवेणं जहाखादं ॥५९॥

एवं [2]आयतनगुणपर्याप्ता बहुविशुद्धसम्यक्त्वे।
निर्ग्रन्थे जिनमार्गे संक्षेपेण यथाख्यातम् ॥५९॥

સંક્ષેપમાં આયતનથી દીક્ષાંત ભાવ અહીં કહ્યા,
જ્યમ શુદ્ધસમ્યગ્દરશયુત નિર્ગ્રંથ જિનપથ વર્ણવ્યા. ૫૯.

**અર્થ** :—આ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારે આયનત અર્થાત્ દીક્ષાનું સ્થાન જે નિર્ગ્રંથ મુનિ તેમના ગુણ જેટલા છે, તેનાથી પરિપૂર્ણ, અન્ય પણ જે ઘણા ગુણો દીક્ષામાં હોવા જોઈએ તે ગુણો જેમાં હોય તે પ્રકારની પ્રવ્રજ્યા જિનમાર્ગમાં પ્રસિદ્ધ છે, તે જ રીતે ટૂંકમાં કહી છે. કેવો છે જિનમાર્ગ? જેમાં સમ્યક્ત્વ વિશુદ્ધ છે, જેમાં અતિચાર રહિત સમ્યક્ત્વ હોય છે અને નિર્ગ્રંથરૂપ છે એટલે કે જેમાં બાહ્ય અંતરંગ પરિગ્રહ નથી.

---

૧. पाठान्तर :—आयत्तणगुणपव्वज्जंता ।

૨. સંસ્કૃત સટીક પ્રતિમાં 'आयतन' એનો સં. 'आत्मत्व' આ પ્રમાણે છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે પૂર્વોક્ત પ્રવ્રજ્યા નિર્મળ સમ્યક્ત્વ સહિત નિર્ગ્રંથરૂપે જિનમાર્ગમાં કહી છે અન્ય નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, વેદાંત, મીમાંસક, પાતંજલિ અને બૌદ્ધ વગેરે મતોમાં નથી. કાળદોષથી ભ્રષ્ટ થઈ ગયા છે અને જૈન કહેવડાવે છે તેવા શ્વેતામ્બર આદિકમાં પણ નથી. ૫૯

આ પ્રમાણે પ્રવ્રજ્યાના સ્વરૂપનું વર્ણન કર્યું,

આગળ બોધપાહુડને સંકોચતા થકા આચાર્ય કહે છે :—

रूवत्थं सुद्धत्थं जिणमग्गे जिणवरेहिं जह भणियं।
भव्वजणबोहणत्थं छक्कायहियंकरं उत्तं ॥६०॥

रूपस्थं शुद्ध्यर्थं जिनमार्गे जिनवरैः यथा भणितम्।
भव्यजनबोधनार्थं षट्कायहितंकरं उक्तम् ॥६०॥

રૂપસ્થ સુવિશુદ્ધાર્થ વર્ણન જિનપથે જ્યમ જિન કર્યું,
ત્યમ ભવ્યજનબોધન-અરથ ષટ્કાયહિતકર અહીં કહ્યું. ૬૦.

**અર્થ** :—જેમાં અંતરંગભાવરૂપ અર્થ શુદ્ધ છે અને તેવો જ રૂપસ્થ એટલે કે બાહ્યસ્વરૂપ મોક્ષમાર્ગ જેવો જિનમાર્ગમાં જિનદેવે કહ્યો છે તેવો છકાયના જીવોનું હિત કરવાવાળો માર્ગ ભવ્ય જીવોના સંબોધન માટે કહ્યો છે. આ પ્રમાણે આચાર્યદેવે પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો છે.

**ભાવાર્થ** :—આ બોધપાહુડમાં આયતનથી લઈને પ્રવ્રજ્યાપર્યંત અગિયાર સ્થળ કહ્યા. તેમનું બાહ્ય-અંતરંગ સ્વરૂપ જેવું જિનદેવે જિનમાર્ગમાં કહ્યું તેવું જ કહ્યું છે. કેવું છે આ રૂપ—છકાયના જીવોનું હિત કરવાવાળું છે, જેમાં એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞીપર્યંતના જીવોની રક્ષાનો અધિકાર છે, સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની રક્ષા પણ કરાવે છે, તથા મોક્ષમાર્ગનો ઉપદેશ કરીને સંસારનું દુઃખ મટાડી મોક્ષને પ્રાપ્ત કરાવે છે. આ પ્રકારનો માર્ગ (ઉપાય) ભવ્યજીવોને સંબોધવાને માટે કહ્યો છે. જગતના પ્રાણી અનાદિથી લઈને મિથ્યામાર્ગમાં પ્રવર્તન કરી સંસારમાં ભ્રમણ કરે છે, તેથી દુઃખ દૂર કરવા માટે આયતન વગેરે અગિયાર સ્થાનો એટલે કે ધર્મના સ્થાનોનો (જિજ્ઞાસુ જીવો) આશ્રય લે છે. અજ્ઞાની જીવો આ સ્થાને અન્યથા સ્વરૂપ સ્થાપિત કરીને તેનાથી સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે પરંતુ યથાર્થ વિના સુખ ક્યાંથી હોય? તેથી આચાર્યદેવ દયાળુ થઈને જેવી રીતે સ્વર્ગને કહ્યા છે તેવા જ આયતન આદિના સ્વરૂપ ટૂંકમાં યથાર્થપણે કહ્યા છે. તેને વાંચો,

ભણો, ધારણ કરો અને તેની શ્રદ્ધા કરો. તે અનુસાર તદ્રૂપ પ્રવૃત્તિ કરો. આ પ્રમાણે કરવાથી વર્તમાનમાં સુખી રહો અને આગામીકાળે સંસારદુઃખથી છૂટીને પરમાનંદ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરો. આ પ્રમાણે આચાર્યના કથનનો અભિપ્રાય છે.

અહીં કોઈ પૂછે કે આ બોધપાહુડમાં વ્યવહારધર્મની પ્રવૃત્તિના અગિયાર સ્થાનો કહ્યા. તેનું વિશેષણ આપ્યું છે કે તેઓ છકાયના જીવોનું હિત કરનારા છે પરંતુ અન્યમતી તેમને અન્યથા સ્થાપિત કરી પ્રવૃત્તિ કરે છે તે હિંસારૂપ છે અને જીવોનું હિત કરવાવાળી નથી'. અગિયાર જ સ્થાન સંયમી મુનિ, અરિહંત અને સિદ્ધને જ કહે છે. તેઓ તો છકાયના જીવોનું હિત કરવાવાળા છે, તેથી પૂજ્ય છે, આ તો સત્ય છે અને તેઓ જ્યાં રહે છે તે આકાશના પ્રદેશરૂપ ક્ષેત્ર તથા પર્વતની ગુફા વનાદિક તથા અકૃત્રિમ ચૈત્યાલય ઉપચાર સ્વયમેવ રચાયેલા છે, તેમને પણ પ્રયોજન અને નિમિત્ત વિચારીને વિચારમાત્રથી છ કાયના જીવોનું હિત કરવાવાળા કહેવામાં આવ્યા તો વિરોધ નથી, કારણ કે તે પ્રદેશો જડ છે, બુદ્ધિપૂર્વક કોઈનું ભલું બુરું કરતાં નથી. તથા જડને સુખ-દુઃખ આદિ ફળનો અનુભવ નથી, તેથી તેઓ પણ વ્યવહારથી પૂજ્ય છે, કારણ કે અરિહંત આદિક જ્યાં રહે છે તેવા ક્ષેત્ર, નિવાસ વગેરે પ્રશસ્ત છે, તેથી તે અરિહંત આદિકના આશ્રયથી તે ક્ષેત્રાદિક પણ પૂજ્ય છે. પરંતુ પ્રશ્ન :—ગૃહસ્થ જિનમંદિર બનાવે, વસ્તિકા, પ્રતિમા બનાવે અને તેની પ્રતિષ્ઠા-પૂજા કરે તેમાં તો છ કાયના જીવોની વિરાધના થાય છે. આ ઉપદેશ અને પ્રવૃત્તિની બાહુલ્યતા કઈ રીતે છે ?

તેનું સમાધાન આ પ્રમાણે છે કે ગૃહસ્થ—અરિહંત, સિદ્ધ અને મુનિઓના ઉપાસક છે, તેઓ જ્યાં સાક્ષાત્ હોય ત્યાં તો તેમના વંદન-પૂજન કરે જ છે, જ્યાં તેઓ સાક્ષાત્ ન હોય ત્યાં પરોક્ષ સંકલ્પ કરી વંદન-પૂજન કરે છે તથા તેમને રહેવાના ક્ષેત્રો તથા તેઓ જ્યાંથી મુક્ત થયા તે ક્ષેત્રોમાં તથા અકૃત્રિમ ચૈત્યાલયોમાં તેમનો સંકલ્પ કરી વંદન-પૂજન કરે છે. તેમાં અનુરાગ વિશેષ સૂચિત થાય છે તો તેમની મુદ્રા—પ્રતિમા તદાકાર બનાવે અને તેમનું મંદિર બનાવી પ્રતિષ્ઠા કરી સ્થાપિત કરે તથા નિત્ય પૂજન કરે તેમાં અત્યંત અનુરાગ સૂચિત થાય છે, તેવા અનુરાગથી વિશિષ્ટ પુણ્યબંધ થાય છે અને તે મંદિરોમાં છ કાયના જીવોની હિતની રક્ષાનો ઉપદેશ થાય છે, તથા નિરંતર સાંભળવાવાળા અને ધારણ કરવાવાળાને અહિંસાધર્મની શ્રદ્ધા દૃઢ થાય છે તથા તેમની તદાકાર પ્રતિમાને દેખવાવાળાને શાંત ભાવ થાય છે, ધ્યાનની મુદ્રાનું સ્વરૂપ જણાય છે અને વીતરાગધર્મથી અનુરાગ વિશેષ હોવાથી પુણ્યબંધ થાય છે તેથી તેમને પણ છ કાયના જીવોનું હિત કરવાવાળા ઉપચારથી કહ્યા છે.

જિનમંદિર, વસતિકા, પ્રતિમા બનાવવામાં તથા પૂજા-પ્રતિષ્ઠા કરવાવમાં આરંભ થાય છે તેમાં કંઈક હિંસા પણ થાય છે એવો આરંભ તો ગૃહસ્થનું કાર્ય છે આમાં ગૃહસ્થને પાપ અલ્પ કહ્યું છે અને પુણ્ય ઘણું કહ્યું છે, કારણ કે ગૃહસ્થના પદમાં ન્યાયકાર્ય કરી ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરવું, રહેવા માટે મકાન બનાવવું, વિવાહાદિક કરવા અને યત્નપૂર્વક આરંભ કરીને સ્વયં આહારાદિક બનાવવા તથા ખાવા—ઇત્યાદિક કાર્યોમાં જોકે હિંસા થાય છે તોપણ ગૃહસ્થને તેનું મહાપાપ કહેવાતું નથી. ગૃહસ્થને તો મહાપાપ મિથ્યાત્વનું સેવન કરવું, અન્યાય, ચોરી વગેરેથી ધર્મ ઉપાર્જન કરવું, ત્રસ જીવોને મારીને માંસ આદિ અભક્ષ્ય ખાવું અને પરસ્ત્રી સેવન કરવું તે મહાપાપ છે.

ગૃહસ્થાચાર છોડી મુનિ થઈ જાય ત્યારે ગૃહસ્થના ન્યાયકાર્યો પણ અન્યાય જ છે. મુનિરાજને પણ આહાર આદિની પ્રવૃત્તિમાં કંઈક હિંસા થાય છે તેની મુનિરાજને હિંસક કહેવાતા નથી, તે જ રીતે ગૃહસ્થને ન્યાયપૂર્વક પોતાના પદને યોગ્ય આરંભના કાર્યોમાં અલ્પ પાપ જ કહેવાય છે, તેથી જિનમંદિર, વસતિકા અને પૂજા-પ્રતિષ્ઠાના કાર્યોમાં આરંભનું અલ્પ પાપ છે. મોક્ષમાર્ગમાં પ્રવર્તન કરવાવાળા પ્રતિ અનુરાગ હોય છે અને તેમની પ્રભાવના કરે છે, તેમને આહારદાનાદિક આપે છે, તેમની વૈયાવૃત્યાદિ કરે છે આ સમ્યક્ત્વના અંગ છે અને મહાન પુણ્યના કારણો છે તેથી ગૃહસ્થોએ તે સદા કરવાયોગ્ય છે અને ગૃહસ્થ થઈને આ કાર્યો ન કરે તો જણાય છે કે તેને ધર્માનુરાગ વિશેષ નથી.

પ્રશ્ન :—ગૃહસ્થને જેના વિના ચાલે નહીં તે પ્રકારના કાર્ય તો કરવા જ પડે અને ધર્મપદ્ધતિમાં આરંભના કાર્ય કરી પાપ શા માટે મેળવે? સામાયિક, પ્રતિક્રમણ, પ્રૌષધ આદિ કરીને પુણ્ય ઉપાર્જન કરે તેને કહે છે કે જો તમે આ પ્રકારે કહો તો તમારા પરિણામ તો આ જાતિના છે નહીં, માત્ર બાહ્યક્રિયા માત્રમાં જ પુણ્ય સમજો છો? બાહ્યમાં ઘણા આરંભી પરિગ્રહીનું મન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે નિરારંભ કાર્યમાં વિશેષરૂપે લાગતું નથી તે અનુભવગમ્ય છે, તમને પોતાના ભાવોનો અનુભવ નથી, કેવળ બાહ્ય સામાયિક આદિ નિરારંભ કાર્યનો વેષ ધારણ કરી બેસો તો કાંઈ વિશિષ્ટ પુણ્ય નથી, શરીરાદિક બાહ્ય વસ્તુ તો જડ છે અને કેવળ જડની ક્રિયાનું ફળ આત્માને મળતું નથી. પોતાના ભાવો જેટલા અંશે છે, બાહ્ય ક્રિયામાં લાગે, તેટલા અંશે શુભાશુભ ફળ પોતાને મળે છે. આ પ્રમાણે વિશિષ્ટ પુણ્ય તો ભાવના અનુસાર જ છે. આરંભી પરિગ્રહીના ભાવ તો પૂજા, પ્રતિષ્ઠાદિક મોટા આરંભમાં જ વિશેષ અનુરાગ સહિત લાગે છે, જે ગૃહસ્થાચારના મોટા આરંભથી વિરક્ત થશે તે તેને ત્યાગીને પોતાનું પદ વધારશે

જ્યારે ગૃહસ્થાચારનો મોટો આરંભ છોડશે ત્યારે તે પ્રમાણે ધર્મપ્રવૃત્તિનો મોટો આરંભ પણ પદ અનુસાર ઘટાડશે. મુનિ થશે ત્યારે બધા જ આરંભ નહીં કરે? તેથી મિથ્યાદૃષ્ટિ બાહ્યબુદ્ધિ જેઓ બાહ્યકાર્ય માત્રને જ પુણ્ય-પાપ મોક્ષમાર્ગ સમજે છે તેમનો ઉપદેશ સાંભળી પોતે અજ્ઞાની ન થવું જોઈએ. પુણ્ય-પાપના બંધમાં શુભાશુભભાવો જ પ્રધાન છે અને પુણ્ય-પાપ રહિત મોક્ષમાર્ગ છે, તેમાં સમ્યગ્દર્શનાદિ આત્મ પરિણામ પ્રધાન છે. ધર્માનુરાગ (હેયબુદ્ધિ સહિત) મોક્ષમાર્ગનો સહકારી છે અને (આંશિક વીતરાગભાવ સહિત) ધર્માનુરાગના તીવ્ર-મંદના ઘણા ભેદો છે, તેથી પોતાના ભાવોને યથાર્થ ઓળખીને પોતાની પદવી, સામર્થ્ય ઓળખી—સમજીને શ્રદ્ધા-જ્ઞાન અને તેમાં પ્રવૃત્તિ કરવી. પોતાનું ભલું બુરું પોતાના ભાવોને આધીન છે. બાહ્ય પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. ઉપાદાન કારણ હોય તો નિમિત્ત પણ સહકારી હોય છે અને ઉપાદાન ન હોય તો નિમિત્ત કાંઈપણ કરતું નથી આ પ્રમાણે આ બોધપાહુડનો આશય જાણવો જોઈએ.

તેને સારી રીતે સમજીને આયતનાદિક જે પ્રમાણે કહ્યા તેવા અને તેમનો વ્યવહાર પણ બાહ્ય તેવો જ તથા ચૈત્યગૃહ, પ્રતિમા, જિનબિંબ, જિનમુદ્રા વગેરે ધાતુ, પાષાણાદિકનો પણ વ્યવહાર તેવો જ જાણીને શ્રદ્ધાન અને પ્રવૃત્તિ કરવી. અન્યમતી અનેક પ્રકારે સ્વરૂપ બગાડીને પ્રવૃત્તિ કરે છે તેમની બુદ્ધિ કલ્પિત જાણી ઉપાસના ન કરવી. આવી દ્રવ્ય-વ્યવહારની પ્રરૂપણા પ્રવ્રજ્યાના સ્થળમાં આદિથી બીજી ગાથામાં બિંબ[૧], ચૈત્યાલયત્રિક અને જિનભવન એ પણ મુનિઓ માટે ધ્યાન કરવાયોગ્ય છે આ પ્રમાણે કહ્યું છે, તેથી ગૃહસ્થ જ્યારે તેની પ્રવૃત્તિ કરે છે ત્યારે તે મુનિઓ માટે ધ્યાન કરવાયોગ્ય થાય છે તેથી જે જિનમંદિર, પ્રતિમા, પૂજા, પ્રતિષ્ઠા વગેરેનો સર્વથા નિષેધ કરવાવાળા છે તેઓ સર્વથા એકાંતિકની જેમ મિથ્યાદૃષ્ટિ છે, તેમની સંગતિ ન કરવી. (મૂળાચાર પાનું ૪૯૨, અધ્યાય ૧૦, ગાથા ૯૬માં કહ્યું છે 'શ્રદ્ધાભ્રષ્ટોના સંપર્કની અપેક્ષાએ તો ગૃહમાં પ્રવેશ કરવો સારો છે કારણ કે વિવાહમાં મિથ્યાત્વ થતું નથી, પરંતુ આ(ગણ) તો સર્વ દોષોનો સમુદ્ર છે તેમાં મિથ્યાત્વાદિ દોષો ઉત્પન્ન થાય છે માટે તેમનાથી અલગ રહેવું યોગ્ય છે તેવો ઉપદેશ છે. ૬૦.

હવે આચાર્ય કહે છે કે આ બોધપાહુડનું વર્ણન પોતાની કલ્પિત બુદ્ધિ નથી પરંતુ પૂર્વાચાર્યોએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે કહીએ છીએ :—

---

૧. ગાથા ૨મા બિંબની જગ્યાએ 'वच' એવો પણ પાઠ છે.

सद्दवियारो हूओ भासासुत्तेसु जं जिणे कहियं।
सो तह कहियं णायं सीसेण य भद्दबाहुस्स।।६१।।

शब्दविकारो भूतः भाषासूत्रेषु यज्जिनेन कथितम्।
तत् तथा कथितं ज्ञातं शिष्येण च भद्रबाहोः।।६१।।

જિનકથન ભાષાસૂત્રમય શાબ્દિક-વિકારરૂપે થયું;
તે જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા અને એમ જ કહ્યું. ૬૧.

**અર્થ** :—શબ્દ વિકારથી ઉત્પન્ન થયેલા આ પ્રકારના અક્ષરરૂપ પરિણમેલી ભાષા સૂત્રોમાં જિનદેવે કહી. તે જ શ્રવણમાં અક્ષરરૂપ આવ્યું અને જેવું જિનદેવે કહ્યું તેવું જ પરંપરાથી ભદ્રબાહુ નામના પંચમ શ્રુતકેવળીએ જાણ્યું અને પોતાના શિષ્ય [1]વિશાખાચાર્ય આદિને કહ્યું. તે જ તેમણે જાણ્યું અને તે જ અર્થરૂપ વિશાખાચાર્યની પરંપરાથી ચાલ્યું આવ્યું. આચાર્ય કહે છે કે તે જ અર્થ અમે કહ્યો છે, અમારી બુદ્ધિથી કલ્પના કરીને કહ્યો નથી. આવો અભિપ્રાય છે. ૬૧.

હવે ભદ્રબાહુસ્વામીની સ્તુતિરૂપ વચન કહે છે :—

बारसअंगवियाणं चउदसपुव्वंगविउलवित्थरणं।
सुयणाणि भद्दबाहू गमयगुरू भयवओ जयउ।।६२।।

द्वादशांगविज्ञानः चतुर्दशपूर्वांग विपुलविस्तरणः।
श्रुतज्ञानिभद्रबाहुः गमकगुरुः भगवान् जयतु।।६२।।

જસ બોધ દ્વાદશ અંગનો, ચઉદશપૂરવ-વિસ્તારનો,
જય હો શ્રુતંધર ભદ્રબાહુ ગમકગુરુ ભગવાનનો. ૬૨.

**અર્થ** :—ભદ્રબાહુ નામક આચાર્ય જયવંત થાઓ. તે કેવા છે? જેમને બાર અંગનું વિશેષ જ્ઞાન છે, જેમને ૧૪ પૂર્વનો વિપુલ વિસ્તાર છે તેથી તેઓ શ્રુતજ્ઞાની છે, પૂર્ણ ભાવજ્ઞાન સહિત અક્ષરાત્મક શ્રુતજ્ઞાન તેમને હતું, 'ગમકગુરુ' છે જે સૂત્રના અર્થને

૧. વિશાખાચાર્ય – મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તનું દીક્ષાકાળમાં દીધેલ નામ છે. એવી એક કથા છે, જ્યારે બીજી બાજુ એમ પણ આવે છે કે ચંદ્રગુપ્ત તો મુનિદશામાં રહી ભદ્રબાહુની સમાધિ પર્યાય તેમની સાથે હતા, કે જે બંને સમાધિ ગોમટેશ્વરમાં આજેય પણ છે.

પ્રાપ્ત કરી તે જ પ્રકારે વાક્યાર્થ કરે તેને 'ગમક' કહે છે, તેમના પણ ગુરુઓમાં પ્રધાન—ભગવાન છે—સુર-અસુરોથી પૂજ્ય છે, તેઓ જયવંત રહે. આ પ્રમાણે કહેવાથી તેમની સ્તુતિરૂપ નમસ્કાર સૂચિત છે. 'જયતિ' ધાતુ સર્વોત્કૃષ્ટ અર્થમાં છે તે સર્વોત્કૃષ્ટ કહેવાથી નમસ્કાર જ આવે છે.

**ભાવાર્થ** :—ભદ્રબાહુ પંચમ શ્રુતકેવળી થયા. તેમની પરંપરાથી શાસ્ત્રોનો અર્થ જાણી આ બોધપાહુડ ગ્રંથ રચવામાં આવ્યો છે, તેથી તેમને આચાર્યદેવે અંતિમ મંગળરૂપ સ્તુતિરૂપ નમસ્કાર કર્યા છે. આ પ્રમાણે બોધપાહુડ સમાપ્ત કર્યું છે. ૬૨.

(છપ્પય)

પ્રથમ આયતન[૧] દુતિય ચૈત્યગૃહ[૨] તીજી પ્રતિમા[૩];
દર્શન[૪] અર જિનબિંબ[૫] છઠો જિનમુદ્રા[૬] યતિમા;
જ્ઞાન[૭] સાતમૂં દેવ[૮] આઠમૂ નવમૂં તીરથ[૯];
દસમૂં હૈ અરહન્ત[૧૦] ગ્યારમૂં દીક્ષા[૧૧] શ્રીપથ.
ઈમ પરમારથ મુનિરૂપ સતિ અન્યભેષ સબ નિંદ્ય હૈ;
વ્યવહાર ધાતુપાષાણમય આકૃતિ ઈનિકી વંદ્ય હૈ. ૧

(દોહા)

ભયો વીર જિનબોધ યહુ ગૌતમગણધર ધારિ;
બરતાયો *પંચમગુરુ નમૂં તિનહિં મદ છારિ. ૨

આ પ્રમાણે ભગવાન શ્રી કુંદકુંદસ્વામી વિરચિત બોધપાહુડની
જયપુરનિવાસી પંડિત જયચંદ્રજી છાબડા કૃત દેશભાષામય
વચનિકાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

❀

* પંચમગુરુ—પાંચમાં શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામી.

# ભાવપાહુડ
## –૫–

હવે ભાવપાહુડની વચનિકા લખીએ છીએ :—

(અનુષ્ટુપ)

પરમાતમકૂં વંદિકરિ શુદ્ધભાવકરતાર;
કરું ભાવપહુડતણીં દેશવચનિકા સાર. ૧

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદાચાર્યકૃત ભાવપાહુડ ગાથાબદ્ધની દેશભાષામય વચનિકા લખીએ છીએ. પ્રથમ આચાર્ય ઈષ્ટને નમસ્કારરૂપ મંગળ કરીને ગ્રંથ રચવાની પ્રતિજ્ઞાનું સૂત્ર કહે છે :—

णमिऊण जिणवरिंदे णरसुरभवणिंदवंदिए सिद्धे।
वोच्छामि भावपाहुडमवसेसे संजदे सिरसा ।।१।।

नमस्कृत्य जिनवरेन्द्रान् नरसुरभवनेन्द्रवंदितान् सिद्धान्।
वक्ष्यामि भावप्राभृतमवशेषान् संयतान् शिरसा ।।१।।

સુર-અસુર-નરપતિવંદ્ય જિનવર-ઇન્દ્રને, શ્રી સિદ્ધને,
મુનિ શેષને શિરસા નમી કહું ભાવપ્રાભૃત-શાસ્ત્રને. ૧.

**અર્થ** :—આચાર્ય કહે છે કે હું ભાવપાહુડ નામના ગ્રંથને કહીશ. પ્રથમ શું કરીને? ‘જિનવરેન્દ્ર’ અર્થાત્ તીર્થંકર પરમદેવ, સિદ્ધ એટલે કે અષ્ટકર્મનો નાશ કરીને સિદ્ધપદને પ્રાપ્ત થયા છે અને ‘અવશેષ સંયત’ એટલે કે આચાર્ય-ઉપાધ્યાય અને સર્વ સાધુ આ પ્રમાણે પાંચ પરમેષ્ઠીને મસ્તકથી વંદના કરીને કહીશ. કેવા છે પંચ પરમેષ્ઠી? નર અર્થાત્ મનુષ્ય, સૂર અર્થાત્ સ્વર્ગવાસી દેવ, ભવનેન્દ્ર અર્થાત્ પાતાળવાસી દેવ,—તેમના ઈન્દ્રો દ્વારા વંદવાયોગ્ય છે.

**ભાવાર્થ** :—આચાર્ય ભાવપાહુડ ગ્રંથ બનાવે છે. તે ભાવપ્રધાન પંચ પરમેષ્ઠી છે શરૂઆતમાં નમસ્કાર યોગ્ય છે, કારણ કે 'જિનવરેન્દ્ર' તો આવા છે—જિન અર્થાત્ ગુણશ્રેણી નિર્જરાયુક્ત તેની પ્રકારે અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેમાં 'વર' અર્થાત્ શ્રેષ્ઠ એવા ગણધરાદિકોમાં ઇન્દ્ર તીર્થંકર પરમદેવ છે, તે ગુણશ્રેણી નિર્જરા શુદ્ધભાવથી જ થાય છે. તે તીર્થંકર ભાવના ફળને પ્રાપ્ત થયા છે. ઘાતીકર્મનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તે જ પ્રમાણે સર્વકર્મનો નાશ કરી પરમશુદ્ધભાવને પ્રાપ્ત કરી સિદ્ધ થયા, આચાર્ય, ઉપાધ્યાય શુદ્ધભાવના એકદેશને પ્રાપ્ત કરી સ્વયં પૂર્ણતાને સાધે છે. તથા અન્યને શુદ્ધભાવની દીક્ષા-શિક્ષા આપે છે, આ પ્રમાણે જે સાધુ છે તેઓ પણ શુદ્ધભાવને સ્વયં સાધે છે અને શુદ્ધભાવની જ મહિમાથી ત્રણલોકના પ્રાણીઓ દ્વારા વંદન-પૂજન યોગ્ય કહ્યા છે તેથી 'ભાવપ્રાભૃત'ની શરૂઆતમાં તેમને નમસ્કાર યોગ્ય છે. મસ્તક દ્વારા નમસ્કાર કરતાં બધા અંગો આવી ગયા. કારણ કે મસ્તક બધા અંગોમાં ઉત્તમ છે સ્વયેં નમસ્કાર કર્યો ત્યારે પોતાના ભાવપૂર્વક જ થયો ત્યારે મન-વચન-કાય ત્રણેય આવી ગયા. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧.

હવે કહે છે કે લિંગ દ્રવ્ય-ભાવના ભેદથી બે પ્રકારના છે, તેમાં ભાવલિંગ પરમાર્થ છે :—

**भावो हि पढमलिंगं ण दव्वलिंगं च जाण परमत्थं।**
**भावो कारणभूदो गुणदोसाणं जिणा [1]वेन्ति॥२॥**

भावः हि प्रथमलिंगं न द्रव्यलिंगं च जानीहि परमार्थम्।
भावो कारणभूतः गुणदोषाणां जिना [2]ब्रुवन्ति॥२॥

**છે ભાવ પરથમ લિંગ, દ્રવમય લિંગ નહિ પરમાર્થ છે;**
**ગુણદોષનું કારણ કહ્યો છે ભાવને શ્રી જિનવરે. ૨.**

**અર્થ** :—ભાવ પ્રથમ લિંગ છે, તેથી હે ભવ્ય! તું દ્રવ્યલિંગ છે તેને પરમાર્થરૂપ ન જાણ. કારણ કે ગુણ અને દોષોનું કારણભૂત ભાવ જ છે, આ પ્રમાણે જિન ભગવાન કહે છે.

**ભાવાર્થ** :—ગુણ કે જે સ્વર્ગ-મોક્ષનું થવું અને દોષ અર્થાત્ નરકાદિ સંસારનું થવું

१. पाठान्तरः–विन्ति। २. पाठान्तरः–विदन्ति।

તેમનું કારણ ભગવાને ભાવોને જ કહ્યું છે. કારણ કે કારણ, કાર્ય પહેલાં જ હોય છે. અહીં મુનિ-શ્રાવકના દ્રવ્યલિંગની પહેલાં ભાવલિંગ એટલે કે સમકિત મુનિરૂપ નિર્મળભાવ હોય તો સાચા મુનિ-શ્રાવક હોય છે, તેથી ભાવલિંગ જ પ્રધાન છે. પ્રધાન છે તે પરમાર્થ છે તેથી દ્રવ્યલિંગને પરમાર્થ ન જાણવું. આ પ્રમાણેનો ઉપદેશ કર્યો છે.

અહીં કોઈ પૂછે—ભાવનું સ્વરૂપ શું છે? તેનું સમાધાન—ભાવનું સ્વરૂપ તો આચાર્ય આગળ કહેશે. તેમ છતાં પણ અહીં પણ થોડુંક કહીએ છીએ—આ લોકમાં છ દ્રવ્ય છે, તેમાં જીવ-પુદ્‌ગલનું વર્તન પ્રગટ જોવામાં આવે છે—જીવ ચેતના સ્વરૂપ છે અને પુદ્‌ગલ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણસ્વરૂપ જડ છે તેમની 'અવસ્થાથી અવસ્થાનાંતરરૂપ થવું એવા પરિણામને ભાવ કહે છે. જીવનો સ્વભાવ—પરિણામરૂપ ભાવ તો દર્શન-જ્ઞાન છે અને પુદ્‌ગલકર્મોના નિમિત્તથી જ્ઞાનમાં મોહ-રાગ-દ્વેષ થવો તે 'વિભાવભાવ' છે. પુદ્‌ગલનું સ્પર્શથી સ્પર્શાંતર, રસથી રસાંતર વગેરે ગુણોથી ગુણાંતર થવું તે 'સ્વભાવભાવ' છે અને પરમાણુથી સ્કંધનું થવું તથા સ્કંધથી અન્ય સ્કંધ થવું અને જીવના ભાવના નિમિત્તે કર્મરૂપ થવું તે 'વિભાવભાવ' છે. આ પ્રમાણે તેમને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવ હોય છે.

પુદ્‌ગલ તો જડ છે, તેને નૈમિત્તિકભાવથી કાંઈપણ સુખ-દુઃખ આદિ નથી. અને જીવ ચેતન છે, તેને (કર્મ) નિમિત્તથી ભાવ થાય છે, તેનાથી (તેને) સુખ-દુઃખ આદિ હોય છે તેથી જીવને સ્વભાવભાવરૂપ રહેવાનો અને નૈમિત્તિકભાવરૂપ ન પરિણમવાનો ઉપદેશ છે. જીવને પુદ્‌ગલકર્મના સંયોગથી દેહાદિક દ્રવ્યનો સંબંધ છે—આ બાહ્યરૂપને 'દ્રવ્ય' કહે છે અને 'ભાવ'થી દ્રવ્યની પ્રવૃત્તિ થાય છે. આ પ્રમાણે દ્રવ્યની પ્રવૃત્તિ થાય છે. આ રીતે, 'દ્રવ્ય'-'ભાવ'નું સ્વરૂપ જાણી સ્વભાવમાં પ્રવર્તે અને વિભાવમાં ન પ્રવર્તે તેને પરમાનંદ સુખ થાય છે અને વિભાવ રાગ-દ્વેષ-મોહરૂપ (જે) વર્તે, તેને સંસારસંબંધી દુઃખ થાય છે.

'દ્રવ્ય'રૂપ પુદ્‌ગલનો વિભાવ છે, તેના સંબંધી જીવને સુખ-દુઃખ થતું નથી તેથી ભાવ જ પ્રધાન છે, એમ ન હોય તો કેવળી ભગવાનને પણ સંસારિક સુખ-દુઃખની પ્રાપ્તિ થાય પરંતુ એવું નથી. આ પ્રમાણે જીવને જ્ઞાન-દર્શન તો સ્વભાવ છે અને રાગ-દ્વેષ-મોહ(રૂપ) સ્વભાવ તે વિભાવ છે અને પુદ્‌ગલને સ્પર્શાદિક તથા સ્કન્ધાદિક સ્વભાવ (તે) વિભાવ છે, તેમાં જીવને હિત-અહિત'ભાવ' પ્રધાન છે. પુદ્‌ગલ'દ્રવ્ય' સંબંધી પ્રધાન નથી. બાહ્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે. ઉપાદાન વિના નિમિત્ત કાંઈ કરતું નથી. આ તો સામાન્યરૂપે સ્વભાવનું સ્વરૂપ છે અને તેના જ વિશેષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવનો સ્વભાવ 'ભાવ' છે, તેમાં સમ્યગ્દર્શનભાવ પ્રધાન છે, તેના વિના બધી બાહ્ય ક્રિયા (પરિણામ) મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે વિભાવ છે અને સંસારનું કારણ છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૨.

હવે કહે છે કે બાહ્યદ્રવ્ય નિમિત્તમાત્ર છે 'તેનો અભાવ' જીવના ભાવની વિશુદ્ધતાનું નિમિત્ત જાણી બાહ્ય'દ્રવ્ય'નો ત્યાગ કરે છે :—

भावविसुद्धिणिमित्तं बाहिरगंथस्स कीरए चाओ।
बाहिरचाओ विहलो अब्भंतरगंथजुत्तस्स ॥३॥

भावविशुद्धिनिमित्तं बाह्यग्रंथस्य क्रियते त्यागः।
बाह्यत्यागः विफलः अभ्यन्तरग्रन्थयुक्तस्य ॥३॥

રે! ભાવશુદ્ધિનિમિત્ત બાહિર-ગ્રંથ ત્યાગ કરાય છે;
છે વિફળ બાહિર-ત્યાગ આંતર-ગ્રંથથી સંયુક્તને. ૩.

**અર્થ** :—બાહ્ય પરિગ્રહનો ત્યાગ ભાવની વિશુદ્ધિ માટે કરવામાં આવે છે. પરંતુ અભ્યંતર પરિગ્રહ (જે) રાગાદિક છે તે હોતાં બાહ્ય પરિગ્રહનો ત્યાગ નિષ્ફળ છે.

**ભાવાર્થ** :—અંતરંગભાવ વિના બાહ્ય ત્યાગ આદિકની પ્રવૃત્તિ નિષ્ફળ છે, તે પ્રસિદ્ધ છે. ૩.

હવે કહે છે કે કરોડો ભવોમાં તપ કરે તો પણ ભાવવિના સિદ્ધિ નથી :—

भावरहिओ ण सिज्झइ जइ वि तवं चरइ कोडिकोडीओ।
जम्मंतराइ बहुसो लंवियहत्थो गलियवत्थो ॥४॥

भावरहितः न सिद्ध्यति यद्यपि तपश्चरति कोटिकोटी।
जन्मान्तराणि बहुशः लंबितहस्तः गलितवस्त्रः ॥४॥

છો કોટિકોટિ ભવો વિષે નિર્વસ્ત્ર લંબિતકર રહી
પુષ્કળ કરે તપ, તોય ભાવવિહીનને સિદ્ધિ નહીં. ૪.

**અર્થ** :—જો કોઈ જન્માંતરો સુધી કોડા કોડી સંખ્યા (જેટલો) કાળ સુધી હાથ લાંબા લટકાવીને વસ્ત્રાદિકનો ત્યાગ કરી તપશ્ચરણ કરે તો પણ ભાવરહિતને સિદ્ધિ થતી નથી.

**ભાવાર્થ** :—ભાવમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપ વિભાવરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવમાં પ્રવૃત્તિ ન હોય તો કોડાકોડી ભવો સુધી કાયોત્સર્ગપૂર્વક નગ્ન મુદ્રા ધારણ કરી તપશ્ચરણ કરે તોપણ મુક્તિને પ્રાપ્ત થતો નથી. આ પ્રમાણે ભાવોમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ 'ભાવ' પ્રધાન છે અને તેમાં પણ

સમ્યગ્દર્શન પ્રધાન છે કારણ કે તેના વિના જ્ઞાન-ચારિત્રને મિથ્યા કહેલ છે, આ પ્રમાણે જાણવું જોઈએ. ૪.

હવે આ જ અર્થને દૃઢ કરે છે :–

परिणामम्मि असुद्धे गंथे मुञ्चेइ बाहरे य जई।
बाहिरगंथच्चाओ भावविहूणस्स किं कुणइ।।५।।

परिणामे अशुद्धे ग्रन्थान् मुञ्चति बाह्यान् च यदि।
बाह्यग्रन्थत्यागः भावविहीनस्य किं करोति।।५।।

પરિણામ હોય અશુદ્ધ ને જો બાહ્ય ગ્રંથ પરિત્યજે,
તો શું કરે એ બાહ્યનો પરિત્યાગ ભાવવિહીનને? ૫.

**અર્થ** :—જો મુનિ બની પરિણામ અશુદ્ધ હોતાં થકાં બાહ્ય પરિગ્રહને છોડે તો બાહ્ય પરિગ્રહનો ત્યાગ તે ‘ભાવ’રહિત મુનિને શું (લાભ) કરે? અર્થાત્ કાંઈપણ લાભ કરતો નથી.

**ભાવાર્થ** :—જે બાહ્ય પરિગ્રહને છોડી મુનિ બની જાય અને પરિણામ પરિગ્રહરૂપ અશુદ્ધ હોય, અભ્યંતર પરિગ્રહને ન છોડે તો (તેનો) બાહ્યત્યાગ કંઈપણ કલ્યાણરૂપ ફળને કરી શકતો નથી. સમ્યગ્દર્શનાદિ ‘ભાવ’ વિના કર્મ નિર્જરારૂપ કાર્ય થતું નથી. ૫.

પહેલી ગાથાથી જ આમાં એ વિશેષતા છે કે જો મુનિપદ પણ લે અને પરિણામ ઉજ્જ્વળ ન રહે, આત્મજ્ઞાનની ભાવના ન રહે તો કર્મ કપાતા નથી.

હવે ઉપદેશ કરે છે કે ભાવને પરમાર્થ જાણી તેને જ અંગીકાર કરો :—

जाणहि भावं पढमं किं ते लिंगेण भावरहिएण।
पंथिय सिवपुरिपंथं जिणउवइट्ठं पयत्तेण।।६।।

जानीहि भावं प्रथमं किं ते लिंगेन भावरहितेन।
पथिक शिवपुरीपंथाः जिनोपदिष्टः प्रयत्नेन।।६।।

છે ભાવ પરથમ, ભાવવિરહિત લિંગથી શું કાર્ય છે?
હે પથિક! શિવનગરી તણો પથ યત્નપ્રાપ્ય કહ્યો જિને. ૬.

**અર્થ :**—હે શિવપુરીના પથિક ! પ્રથમભાવને જાણ. ભાવરહિત લિંગથી તને શું પ્રયોજન છે ? શિવપુરીનો પંથ જિન ભગવંતોએ પ્રયત્ન (શુદ્ધ ભાવરૂપ ઉદ્યમ) સાધ્ય કહ્યો છે.

**ભાવાર્થ :**—મોક્ષમાર્ગ જિનેશ્વરદેવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—આત્મભાવસ્વરૂપ પરમાર્થથી કહ્યો છે, તેથી તેને જ પરમાર્થ જાણી (સર્વ શુદ્ધભાવરૂપ ઉદ્યમથી) અંગીકાર કરો. કેવળ દ્રવ્યમાત્ર લિંગથી શું સાધ્ય છે ? આ પ્રમાણે ઉપદેશ છે. ૬.

હવે કહે છે કે દ્રવ્યલિંગ આદિ ઘણાં ધારણ કર્યાં પરંતુ તેનાથી કાંઈપણ સિદ્ધિ થઈ નહીં :—

भावरहिएण सपुरिस अणाइकालं अणंतसंसारे।
गहिउज्झियाइं बहुसो बाहिरणिग्गंथरूवाइं ।।७।।

भावरहितेन सत्पुरुष! अनादिकालं अनंतसंसारे।
गृहीतोज्झितानि बहुशः बाह्यनिर्ग्रंथरूपाणि ।।७।।

સત્પુરુષ! કાળ અનાદિથી નિઃસીમ આ સંસારમાં
બહુ વાર ભાવ વિના બહિર્નિર્ગ્રંથ રૂપ ગ્રહ્યાં-તજ્યાં. ૭.

**અર્થ :**—હે સત્પુરુષ ! અનાદિકાળથી લઈને આ અનંત સંસારમાં તેં ભાવરહિત નિર્ગ્રંથરૂપ ઘણીવાર ગ્રહણ કર્યાં અને છોડ્યા.

**ભાવાર્થ :**—'ભાવ' કે જે 'નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર' વગર બાહ્ય નિર્ગ્રંથરૂપ દ્રવ્યલિંગ સંસારમાં અનંતકાળથી (તેં) ઘણીવાર ધારણ કર્યાં અને છોડ્યા તોપણ કાંઈ સિદ્ધિ ન થઈ. ચારેય ગતિમાં ભ્રમણ જ કરતો રહ્યો. ૭.

તે જ કહે છે :—

भीसणणरयगईए तिरियगईए कुदेवमणुगइए।
पत्तो सि तिव्वदुक्खं भावहि जिणभावणा जीव ।।८।।

भीषणनरकगतौ तिर्यग्गतौ कुदेवमनुष्यगत्योः।
प्राप्तोऽसि तीव्रदुःखं भावय जिनभावना जीव! ।।८।।

ભીષણ નરક, તિર્યંચ તેમ કુદેવ-માનવજન્મમાં,
તેં જીવ! તીવ્ર દુખો સહ્યાં; તું ભાવ રે! જિનભાવના. ૮.

**અર્થ :—**હે જીવ! તેં ભીષણ (ભયંકર) નરકગતિ તથા તિર્યંચગતિ અને કુદેવ-કુમનુષ્યગતિમાં તીવ્ર દુઃખ ભોગવ્યા છે તેથી તું હવે જિનભાવના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વની ભાવના ભાવ. તેનાથી તારું સંસારનું ભ્રમણ મટશે.

**ભાવાર્થ :—**આત્માની ભાવના વિના ચાર ગતિના દુઃખ અનાદિકાળથી સંસારમાં પ્રાપ્ત કર્યા, તેથી હવે હે જીવ! તું જિનેશ્વરદેવનું શરણ લે અને શુદ્ધ સ્વરૂપનો વારંવાર ભાવનારૂપ અભ્યાસ કર. તેનાથી સંસારના ભ્રમણથી રહિત મોક્ષને પ્રાપ્ત કરીશ. આ ઉપદેશ છે. ૮.

હવે ચાર ગતિના દુઃખોને વિશેષરૂપે કહે છે, પહેલાં નરકગતિના દુઃખોને કહે છે :—

**सत्तसु णरयावासे दारुणभीसाइं असहणीयाइं।**
**भुत्ताइं सुइरकालं दुक्खाइं णिरंतरं सहियं।।९।।**

[1]सप्तसु नरकावासेषु दारुणभीषणानि असहनीयानि।
भुक्तानि सुचिरकालं दुःखानि निरंतरं सोढानि[2]।।९।।

**ભીષણ સુતીવ્ર અસહ્ય દુઃખો સપ્ત નરકાવાસમાં**
**બહુ દીર્ઘ કાળપ્રમાણ તેં વેદ્યાં, અછિન્નપણે સહ્યાં. ૯.**

**અર્થ :—**હે જીવ! તેં સાત નરકભૂમિઓમાં-નરકાવાસ બિલોમાં દારૂણ અર્થાત્ તીવ્ર તથા ભયાનક અને અસહનીય અર્થાત્ સહન ન થાય તેવા દુઃખોને ઘણા લાંબાકાળ સુધી નિરંતર ભોગવ્યા છે અને સહન કર્યા છે.

**ભાવાર્થ :—**નરકની પૃથ્વી સાત છે, તેમાં બિલ ઘણાં છે, તેમાં દસ હજાર વર્ષથી લઈ એક સાગરથી તેત્રીસ સાગર સુધીનું આયુષ્ય હોય છે. જ્યાં આયુપર્યંત અત્યંત તીવ્ર દુઃખો આ જીવ અનંતકાળથી સહતો આવ્યો છે. ૯.

હવે તિર્યંચગતિના દુઃખોને કહે છે :—

**खणणुत्तावणवालणवेयणविच्छेयणाणिरोहं च।**
**पत्तो सि भावरहिओ तिरियगईए चिरं कालं।।१०।।**

---

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમાં 'सप्तसु नरकवासे' એવો પાઠ છે.

૨. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'स्वहित' એવો પાઠ છે. 'सहिय' એની છાયા છે.

खननोत्तापनज्वालन [1]वेदनविच्छेदनानिरोधं च।
प्राप्तोऽसि भावरहितः तिर्यग्गतौ चिरं कालं॥१०॥

રે! ખનન-ઉત્તાપન-પ્રજાલન-વીજન-છેદ-નિરોધનાં
ચિરકાળ પામ્યો દુઃખ ભાવવિહીન તું તિર્યંચમાં. ૧૦.

**અર્થ :—**હે જીવ! તેં તિર્યંચગતિમાં ખનન, ઉત્તાપન, જ્વલન, વેદન, ઉચ્છેદન, નિરોધન વગેરે દુઃખો સમ્યગ્દર્શનાદિ ભાવ રહિત ઘણા કાળ સુધી પ્રાપ્ત કર્યાં.

**ભાવાર્થ :—**આ જીવે સમ્યગ્દર્શન વગેરે ભાવ વિના તિર્યંચગતિમાં લાંબાકાળ સુધી દુઃખ ભોગવ્યા—પૃથ્વીકાયમાં કોદાળી વગેરેથી ખોદવા(ખનન) દ્વારા દુઃખ પ્રાપ્ત કર્યાં, જળકાયમાં અગ્નિથી તપાવવું તથા ઢોળવું વગેરે દુઃખ પ્રાપ્ત કર્યાં. અગ્નિકાળમાં સળગાવવું, ઓલવવું વગેરે દુઃખ પ્રાપ્ત કર્યાં. વાયુકાયમાં જોરથી અથવા ધીમેથી ચાલવું, ફાટવું વગેરે દુઃખ પામ્યો, વનસ્પતિકાયમાં ફાડવું, છેદવું, રાંધવું વગેરે દુઃખો પ્રાપ્ત કર્યાં. વિકલત્રયમાં બીજાથી રોકાવું, અલ્પઆયુથી મરવું વગેરે દુઃખો પ્રાપ્ત કર્યાં. પંચેન્દ્રિય પશુ-પક્ષી, જળચર વગેરેમાં પરસ્પર ઘાત તથા મનુષ્યાદિ દ્વારા વેદના, ભૂખ, તરસ, રોકવું, વધ, બંધન વગેરે દ્વારા દુઃખ પ્રાપ્ત કર્યાં. આ પ્રમાણે તિર્યંચગતિમાં અસંખ્યાત અનંતકાળ સુધી અસંખ્ય દુઃખ પ્રાપ્ત કર્યાં.[2] ૧૦.

હવે મનુષ્યગતિના દુઃખોને કહે છે :—

आगंतुक माणसियं सहजं सारीरियं च चत्तारि।
दुक्खाइं मणुयजम्मे पत्तो सि अणंतयं कालं॥११॥

आगंतुकं मानसिकं सहजं शारीरिकं च चत्वारि।
दुःखाई मनुजजन्मनि प्राप्तोऽसि अनन्तकं कालं॥११॥

તેં સહજ, કાયિક, માનસિક, આગંતુ—ચાર પ્રકારનાં
દુઃખો લહ્યાં નિઃસીમ કાળ મનુષ્ય કેરા જન્મમાં. ૧૧.

---

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'वेयण' તેનું સંસ્કૃત વ્યંજન છે

૨. દેહાદિમાં કે બાહ્ય સંયોગોથી દુઃખ નથી પરંતુ પોતાની ભૂલરૂપ મિથ્યાત્વ-રાગાદિકના દોષથી જ દુઃખ થાય છે અહીં નિમિત્ત દ્વારા ઉપાદાનની યોગ્યતાનું જ્ઞાન કરાવવા માટે આ ઉપચરિત વ્યવહારનયથી કથન છે.

**અર્થ** :—હે જીવ! તેં મનુષ્યગતિમાં અનંતકાળ સુધી 'આગંતુક' એટલે કે અકસ્માત વજ્રપાત આદિનું આવી પડવું, માનસિક એટલે કે મનમાં થવાવાળી વિષયોની વાંછાનું થવું અને તદ્ અનુસાર ન મળવું, 'સહજ' એટલે કે માતા-પિતાદિ દ્વારા સાહજિક રીતે, ઉત્પન્ન થયેલું તથા રાગ-દ્વેષાદિકથી વસ્તુને ઈષ્ટ અનિષ્ટ માનવાથી દુઃખ થવું, શારીરિક અર્થાત્ વ્યાધિ, રોગાદિક તથા પરકૃત છેદન-ભેદન વગેરેથી થયેલા દુઃખ—આ ચાર પ્રકારના અને ચ શબ્દથી અનેક પ્રકારના દુઃખ પ્રાપ્ત કર્યા. ૧૧.

હવે દેવગતિના દુઃખોને કહે છે :—

सुरणिलएसु सुरच्छरविओयकाले य माणसं तिव्वं।
संपत्तोसि महाजस दुःखं सुहभावणारहिओ ।।१२।।

सुरनिलयेषु सुराप्सरावियोगकाले च मानसं तीव्रम्।
संप्राप्तोऽसि महायश! दुःखं शुभभावनारहितः ।।१२।।

સુર-અપ્સરાના વિરહકાળે હે મહાયશ! સ્વર્ગમાં
શુભભાવનાવિરહિતપણે તેં તીવ્ર માનસ દુખ સહ્યાં. ૧૨.

**અર્થ** :—હે મહાયશ! તેં 'સુરનિલયેષુ' અર્થાત્ દેવલોકમાં 'સુર-અપ્સરા' એટલે કે પ્રિય દેવ તથા પ્રિય અપ્સરાના વિયોગકાળમાં તેમના વિયોગસંબંધી દુઃખ તથા મોટા ઈન્દ્રાદિક ઋદ્ધિધારીઓને જોઈને પોતાને હીન માનવારૂપ માનસિક તીવ્ર દુઃખોને શુભભાવના (શુદ્ધ પરિણતિ)થી રહિત થઈને પ્રાપ્ત કર્યા.

**ભાવાર્થ** :—અહીં 'મહાયશ' આ પ્રમાણે સંબોધન કર્યું. તેનો આશય એમ છે કે જે મુનિ નિર્ગ્રંથ લિંગ ધારણ કરે અને દ્રવ્યલિંગી મુનિની સમસ્ત ક્રિયાઓ કરે પરંતુ આત્માનો સ્વરૂપ શુદ્ધોપયોગના સન્મુખ ન થાય તેને મુખ્યત્વે ઉપદેશ છે કે તું મુનિ થયો તે તો મોટું કાર્ય કર્યું, તારો યશ લોકમાં પ્રસિદ્ધ થયો. પરંતુ ભલીભાવના અર્થાત્ શુદ્ધાત્મ તત્ત્વના અભ્યાસ વિના તપશ્ચરણ આદિ કરીને સ્વર્ગમાં દેવ પણ થયો તો ત્યાં પણ વિષયોનો લોભી થઈને માનસિક દુઃખોથી જ તપ્તાયમાન થયો. ૧૨.

હવે શુભભાવનાથી રહિત અશુભભાવનાનું નિરૂપણ કરે છે :—

कंदप्पनाइयाओ पंच वि असुहादिभावणाई य।
भाऊण दव्वलिंगी, पहीणदेवो दिवे जाओ ।।१३।।

कांदर्पोत्यादीः पंचापि अशुभादिभावनाः च।
भावयित्वा द्रव्यलिंगी प्रहीणदेवः दिवि जातः ॥१३॥

તું સ્વર્ગલોકે હીન દેવ થયો, દરવલિંગીપણે
કાંદર્પી-આદિક પાંચ બૂરી ભાવનાને ભાવીને. ૧૩.

**અર્થ** :—હે જીવ! તું દ્રવ્યલિંગી મુનિ થઈને કાંદર્પિ વગેરે પાંચ અશુભભાવનાઓ ભાવીને પ્રહીણદેવ એટલે કે નીચ દેવ થઈને સ્વર્ગમાં ઉત્પન્ન થયો.

**ભાવાર્થ** :—કાંદર્પિ, કિલ્વિષિકી, સમ્મોહી, દાનવી અને અભિયોગીકી—આ પાંચ અશુભભાવનાઓ છે. નિર્ગ્રંથ મુનિ થઈને સમ્યક્ત્વ ભાવના વિના આ અશુભભાવનાઓને ભાવે ત્યારે કિલ્વિષ આદિ નીચ દેવ થઈ માનસિક દુઃખોને પ્રાપ્ત કરે છે. ૧૩.

હવે દ્રવ્યલિંગી પાર્શ્વસ્થ આદિ થાય છે તેને કહે છે :—

पासत्थभावणाओ अणाइकालं अणेयवाराओ।
भाऊण दुहं पत्तो कुभावणाभावबीएहिं ॥१४॥

पार्श्वस्थभावनाः अनादिकालं अनेकवारान्।
भावयित्वा दुःखं प्राप्तः कुभावनाभावबीजैः ॥१४॥

બહુ વાર કાળ અનાદિથી પાર્શ્વસ્થ-આદિક ભાવના
તેં ભાવીને દુર્ભાવનાત્મક બીજથી દુઃખો લહ્યાં. ૧૪.

**અર્થ** :—હે જીવ! તું પાર્શ્વસ્થ ભાવનાને ભાવીને અનાદિકાળથી લઈને અનંતવાર દુઃખને પ્રાપ્ત થયો. શાનાથી દુઃખ પ્રાપ્ત કર્યું? કુભાવના એટલે કે ખોટી ભાવના. તેનો ભાવ તે જ 'દુઃખના બીજ' તેનાથી દુઃખ પામ્યો.

**ભાવાર્થ** :—જે મુનિ કહેવડાવે અને વસતીકા બાંધી આજીવિકા કરે તેને 'પાર્શ્વસ્થ' વેષધારી કહે છે. જે કષાયી થઈને વ્રતાદિકથી ભ્રષ્ટ રહે, સંઘનો અવિનય કરે તે પ્રકારના વેષધારીને કુશીલ કહે છે. જે વૈદ્યક, જ્યોતિષવિદ્યા મંત્રની આજીવિકા કરે, રાજાદિકનો સેવક થાય તે પ્રકારના વેષધારીને 'સંસક્ત' કહે છે. જે જિનસૂત્રથી પ્રતિકૂળ ચારિત્રથી ભ્રષ્ટ, આળસુ, આવા વેષધારીને 'અવસન્ન' કહે છે. ગુરુનો આશ્રય છોડી એકાકી સ્વચ્છંદ પ્રવર્તે, જિનઆજ્ઞાનો લોપ કરે એવા વેષધારીને 'મૃગચારી' કહે છે.

તેમની ભાવના ભાવે તે દુઃખને જ પ્રાપ્ત થાય છે. ૧૪.

આવા જીવે દેવ થઈને માનસિક દુઃખો પ્રાપ્ત કર્યા એમ કહે છે :—

देवाण गुणविहूई इड्ढी माहप्प बहुविहं दट्ठुं।
होऊण हीणदेवो पत्तो बहु माणसं दुक्खं।।१५।।

देवानां गुणान् विभूतीः ऋद्धीः माहात्म्यं बहुविधं दृष्ट्वा।
भूत्वा हीनदेवः प्राप्तः बहु मानसं दुःखम्।।१५।।

રે! હીન દેવ થઈ તું પામ્યો તીવ્ર માનસ દુઃખને,
દેવો તણા ગુણવિભવ, ઋદ્ધિ, મહાત્મ્ય બહુવિધ દેખીને. ૧૫.

**અર્થ** :—હે જીવ! તું હીન દેવ થઈને અન્ય મહર્ધિક દેવોના ગુણો, વિભૂતિ અને ઋદ્ધિના અનેક પ્રકારના માહાત્મ્ય જોઈને ઘણા જ માનસિક દુઃખને પ્રાપ્ત થયો.

**ભાવાર્થ** :—સ્વર્ગમાં હીન દેવ થઈને મોટા ઋદ્ધિધારી દેવોની અણિમાદિ ગુણોની વિભૂતિ જુએ તથા દેવાંગના વગેરેનો મોટો પરિવાર જુએ અને આજ્ઞા, ઐશ્વર્ય વગેરેનું મહાત્મ્ય જુએ ત્યારે એવો વિચાર કરે કે હું પુણ્ય રહિત છું, આ મોટો પુણ્યવાન છે, તેમને આવી વિભૂતિ, માહાત્મ્ય ઋદ્ધિ છે, આ પ્રમાણે વિચાર કરવાથી માનસિક દુઃખ થાય છે. ૧૫.

હવે કહે છે કે અશુભભાવનાથી નીચ દેવ થઈને આવા દુઃખો પામે છે એમ કહીને આ કથનને સંકોચે છે :—

चउविहविकहासत्तो मयमत्तो असुहभावपयडत्थो।
होऊण कुदेवत्तं पत्तोसि अणेयवाराओ।।१६।।

चतुर्विधविकथासक्तः मदमत्तः अशुभभावप्रकटार्थः।
भूत्वा कुदेवत्वं प्राप्तः असि अनेकवारान्।।१६।।

મદમત્ત ને આસક્ત ચાર પ્રકારની વિકથા મહીં,
બહુશઃ કુદેવપણું લહ્યું તેં, અશુભ ભાવે પરિણમી. ૧૬.

**અર્થ** :—હે જીવ! હું ચાર પ્રકારની વિકથામાં આસક્ત થઈને, મદથી મત્ત અને જેનેથી અશુભભાવનાનું પ્રગટ પ્રયોજન છે એ પ્રમાણે અનેકવાર કુદેવપણાને પ્રાપ્ત થયો.

**ભાવાર્થ** :—સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા અને રાજકથા આ ચાર વિકથાઓમાં

આસક્ત થઈને પરિણામને લગાવ્યા તથા જાતિ આદિ આઠ મદોથી ઉન્મત્ત થયો. આવી અશુભભાવનાનું જ પ્રયોજન ધારણ કરી અનેકવાર નીચ દેવપણાને પ્રાપ્ત થયો અને ત્યાં માનસિક દુઃખો પ્રાપ્ત કર્યા.

અહીં વિશેષ જાણવાયોગ્ય છે કે વિકથાદિકથી તો નીચદેવ પણ થતો નથી. પરંતુ અહીં મુનિને ઉપદેશ છે. તે મુનિપદ ધારણ કરી કાંઈક તપશ્ચરણાદિ પણ કરે અને વેશમાં વિકથા વગેરેમાં રત્ત થાય ત્યારે નીચ દેવ થાય છે આમ જાણવું જોઈએ. ૧૬.

હવે કહે છે કે આવી કુદેવયોનિ પ્રાપ્ત કરીને ત્યાંથી ચ્યવી જે મનુષ્ય-તિર્યંચ થાય ત્યાં ગર્ભમાં આવે તેની આવી વ્યવસ્થા છે :—

असुईबीहत्थेहि य कलिमलबहुलाहि गब्भवसहीहि।
वसिओ सि चिरं कालं अणेयजणणीण मुणिपवर॥१७॥

अशुचिबीभत्सासु य कलिमलबहुलासु गर्भबसतिषु।
उषितोऽसि चिरं कालं अनेकजननीनां मुनिप्रवर!॥१७॥

હે મુનિપ્રવર! તું ચિર વસ્યો બહુ જનનીના ગર્ભોપણે
નિકૃષ્ટમળભરપૂર, અશુચિ, બીભત્સ ગર્ભાશય વિષે. ૧૭.

**અર્થ** :—હે મુનિપ્રવર! તું કુદેવયોનીથી ચ્યવીને અનેક માતાઓના ગર્ભ(વસતી)માં ઘણોકાળ રહ્યો. કેવો છે ગર્ભ? અશુચિ અર્થાત્ અપવિત્ર છે, બિભત્સ છે અને તેમાં કલિમલ ઘણા છે અર્થાત્ પાપરૂપ મલિન મળની અધિકતા છે.

**ભાવાર્થ** :—અહીં 'મુનિપ્રવર' એવું સંબોધન છે તે પ્રધાનપણે મુનિઓને ઉપદેશ છે. જેઓ મુનિપદ લઈને મુનિઓમાં પ્રધાન કહેવડાવે અને શુદ્ધાત્મરૂપ નિશ્ચયચારિત્રના સન્મુખ ન હોય તેમને કહે છે કે બાહ્યદ્રવ્યલિંગો ઘણીવાર ધારણ કરી ચાર ગતિઓમાં જ ભ્રમણ કર્યું. દેવ પણ થયો તો ત્યાંથી ચ્યવીને આ પ્રમાણે મલીન ગર્ભવાસમાં આવ્યો અને ત્યાં ઘણોકાળ રહ્યો. ૧૭.

હવે કહે છે કે આ પ્રમાણે ગર્ભવાસમાંથી નીકળીને જન્મ લઈ માતાઓનું દૂધ પીધું :—

पीओ सि थणच्छीरं अणंतजम्मंतराइं जणणीणं।
अण्णाण्णाण महाजस सायरसलिलादु अहिययरं॥१८॥

पीतोऽसि स्तनक्षीरं अनंतजन्मांतराणि जननीनाम्।
अन्यासामन्यासां महायश! सागरसलिलात् अधिकतरम्॥१८॥

જન્મો અનંત વિષે અરે! જનની અનેરી અનેરીનું
સ્તનદૂધ તેં પીધું મહાયશ! ઉદધિજળથી અતિ ઘણું. ૧૮.

**અર્થ** :—હે મહાયશ! તે પૂર્વોક્ત ગર્ભવાસમાં અન્ય-અન્ય જન્મોમાં અન્ય-અન્ય માતાઓના સ્તનનું દૂધ સમુદ્રના જળથી પણ અધિક પીધું છે.

**ભાવાર્થ** :—જન્મ-જન્મમાં અન્ય-અન્ય માતાઓના સ્તનનું દૂધ એટલું પીધું છે કે તેને જો કોઈ એકત્રિત કરે તો તે સમુદ્રના જળથી પણ અતિશય અધિક થઈ જાય. અહીં અતિશયનો અર્થ અનંતગણો જાણવો કારણ કે અનંતકાળનું એકત્રિક કરવામાં આવેલ દૂધ અનંતગણું થઈ જાય છે. ૧૮.

હવે કહે છે કે તેં જન્મ ધારીને મરણ કર્યું ત્યારે માતાના રુદનરૂપ અશ્રુપાતથી જળ પણ એટલું થયું :—

तुह मरणे दुक्खेण अण्णण्णाणं अणेयजणणीणं।
रुण्णाण णयणणीरं सायरसलिलादु अहिययरं॥१९॥

तव मरणे दुःखेन अन्यासामन्यासां अनेकजननीनाम्।
रुदितानां नयननीरं सागरसलिलात् अधिकतरम्॥१९॥

તુજ મરણથી દુઃખાર્ત બહુ જનની અનેરી અનેરીનાં
નયનો થકી જળ જે વહ્યાં તે ઉદધિજળથી અતિ ઘણાં. ૧૯.

**અર્થ** :—હે મુને! તેં માતાના ગર્ભમાં રહીને જન્મ લઈને મરણ કર્યા. તારા તે મરણથી અન્ય અન્ય જન્મમાં અન્ય-અન્ય માતાઓના રુદનથી નિકળેલું આંખોનું પાણી એકત્ર કરવામાં આવે તો સમુદ્રજળથી પણ અતિશય અધિકગણું થઈ જાય એટલે કે અનંતગણું થઈ જાય. ૧૯.

હવે કહે છે કે તેં સંસારમાં જેટલા જન્મ લીધા તેના કેશ, નખ, નાળ વગેરેનો ઢગલો કરવામાં આવે તો મેરુથી પણ અધિક થઈ જાય :—

भवसायरे अणंते छिण्णुज्झिय केसणहरणालट्ठी।
पुञ्जइ जइ को वि जए हवदि य गिरिसमधिया रासी॥२०॥

भवसागरे अनन्ते छिन्नोज्झितानि केशनखरनालास्थीनि।
पुञ्जयति यदि कोऽपि देवः भवति च गिरिसमाधिकः राशिः॥२०॥

નિઃસીમ ભવમાં ત્યક્ત તુજ નખ-નાળ-અસ્થિ-કેશને
સુર કોઈ એકત્રિત કરે તો ગિરિઅધિક રાશિ બને. ૨૦.

**અર્થ** :—હે મુનિ! અનંત સંસારસાગરમાં તેં જન્મ ધારણ કર્યા, તેના કેશ, નખ, નાળ અને અસ્થિઓનો કોઈ દેવ ઢગલો કરે તો મેરુ પર્વતથી પણ અધિક થઈ જાય, અનંતગુણો થઈ જાય. ૨૦.

હવે કહે છે કે હે આત્મન્! તું જળ, સ્થળ વગેરે બધા સ્થાનોમાં દરેક જગ્યાએ રહ્યો છે :—

जलथलसिहिपवणंबरगिरिसरिदरितरुवणाई* सव्वत्थ।
वसिओ सि चिरं कालं तिहुवणमज्झे अणप्पवसो॥२१॥

जलस्थलशिखिपवनांबरगिरिसरिद्दरीतरुवनादिषु सर्वत्र।
उषितोऽसि चिरं कालं त्रिभुवनमध्ये अनात्मवशः॥२१॥

જલ-થલ-અનલ-પવને, નદી-ગિરિ-આભ-વન-વૃક્ષાદિમાં
વણ આત્મવશતા ચિર વસ્યો સર્વત્ર તું ત્રણ ભુવનમાં. ૨૧.

**અર્થ** :—હે જીવ! તું જળમાં, સ્થળમાં એટલે કે ભૂમિમાં શિખા અર્થાત્ અગ્નિમાં, પવનમાં, અંબર એટલે કે આકાશમાં, ગિરિ એટલે પર્વતમાં, સરિત એટલે કે નદીમાં, દરી એટલે કે પર્વતની ગુફામાં, તરુ અર્થાત્ વૃક્ષોમાં, વનોમાં અને વધારે શું કહીએ બધા સ્થાનોમાં ત્રણ લોકમાં અનાત્મવશ અર્થાત્ પરાધીન થઈને ઘણોકાળ સુધી રહ્યો એટલે કે નિવાસ કર્યો.

**ભાવાર્થ** :—નિજ શુદ્ધાત્માની ભાવના વિના કર્મને આધીન થઈને ત્રણલોકમાં સર્વદુઃખો સહિત સર્વત્ર નિવાસ કર્યો. ૨૧.

હવે ફરી કહે છે કે હે જીવ! તેં આ લોકમાં સર્વ પુદ્‌ગલોને ભક્ષણ કર્યા તો પણ તૃપ્ત ન થયો :—

* પાઠાન્તર 'वणाइं', 'वणाई'।

गसियाइं पुग्गलाइं भुवणोदरवत्तियाइं सव्वाइं।
पत्तो सि तो ण तित्तिं [1]पुणरुत्तं ताइं भुञ्जंतो॥२२॥

ग्रसिताः पुद्गलाः भुवनोदरवर्तिनः सर्वे।
प्राप्तोऽसि तन्न तृप्तिं पुनरुक्तान् तान् भुंजानः॥२२॥

ભક્ષણ કર્યાં તેં લોકવર્તી પુદ્‌ગલોને સર્વને,
ફરી ફરી કર્યાં ભક્ષણ છતાં પામ્યો નહીં તું તૃપ્તિને. ૨૨.

**અર્થ** :—હે જીવ! તેં આલોકના ઉદરમાં વર્તતા જે પુદ્‌ગલ સ્કંધો તે સર્વને ગ્રહ્યા એટલે કે ભક્ષણ કર્યા અને તેમને જ વારંવાર ભોગવવા છતાં પણ તૃપ્તિને પ્રાપ્ત થયો નહીં. ૨૨.

હવે કહે છે :—

तिहुयणसलिलं सयलं पीयं तिण्हाए पीडिएण तुमे।
तो वि ण तण्हाछेओ जाओ चिंतेह भवमहणं॥२३॥

त्रिभुवनसलिलं सकलं पीतं तृष्णाया पीडितेन त्वया।
तदपि न तृष्णाछेदः जातः चिन्तय भवमथनम्॥२३॥

પીડિત તૃષાથી તેં પીધાં છે સર્વ ત્રિભુવનનીરને,
તોપણ તૃષા છેદાઈ ના; ચિંતવ અરે! ભવછેદને. ૨૩.

**અર્થ** :—હે જીવ! તેં આ લોકમાં તૃષ્ણાથી પીડિત થઈને ત્રણલોકનું સમસ્ત જળ પીધું તો પણ તારી તૃષ્ણાનો વિચ્છેદ ન થયો એટલે કે તરસ ન મટી તેથી તું આ સંસારનો મથન એટલે કે તારા સંસારનો નાશ થાય એ પ્રમાણે નિશ્ચય રત્નત્રયનું ચિંતન કર.

**ભાવાર્થ** :—સંસારમાં કોઈ પણ પ્રકારે તૃપ્તિ નથી તેથી જેનાથી સંસારનો અભાવ થાય તેવું જ ચિંતવન કરવું અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધારણ કરવું, સેવન કરવું એમ ઉપદેશ છે. ૨૩.

હવે કહે છે કે :—

---

૧ મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'पुणरूवं' પાઠ છે જેની સંસક્તમાં 'पुनरूप' છાયા છે.

गहिउज्झियाइं मुणिवर कलेवराइं तुमे अणेयाइं।
ताणं णत्थि पमाणं अणंतभवसायरे धीर।।२४।।

गृहीतोज्झितानि मुनिवर कलेवराणि त्वया अनेकानि।
तेषां नास्ति प्रमाणं अनन्तभवसागरे धीर!।।२४।।

હે ધીર! હે મુનિવર! ગ્રહ્યાં-છોડ્યાં શરીર અનેક તેં,
તેનું નથી પરિમાણ કંઈ નિઃસીમ ભવસાગર વિષે. ૨૪.

**અર્થ :**—હે મુનિવર! હે ધીર! તેં અનંત ભવસાગરમાં અનેક શરીરો ગ્રહણ કર્યા અને છોડ્યા તેનું પરિમાણ નથી.

**ભાવાર્થ :**—હે મુનિપ્રધાન! તું આ શરીરથી સ્નેહ કરવા ઈચ્છે છે તો એમ જાણ કે આ સંસારમાં તેં એટલા શરીર ગ્રહણ કર્યા અને છોડ્યા છે કે તેનું કઈ પરિમાણ કરી શકાય તેમ નથી. ૨૪.

હવે કહે છે કે જે પર્યાય સ્થિર નથી, આયુકર્મના આધીન છે તે અનેક પ્રકારે ક્ષીણ થઈ જાય છે :—

विसवेयणरत्तक्खयभयसत्थग्गहणसंकिलेसेण।
आहारुस्सासाणं णिरोहणा खिज्जए आऊ।।२५।।
हिमजलणसलिलगुरुयरपव्वयतरुरुहणपडणभंगेहिं।
रसविज्जजोयधारण अणयपसंगेहिं विविहेहिं।।२६।।
इय तिरियमणुयजम्मे सुइरं उववज्जिऊण बहुवारं।
अवमिच्चुमहादुक्खं तिव्वं पत्तो सि तं मित्त।।२७।।

विषवेदनारक्तक्षयभयशस्त्रग्रहणसंक्लेशैः।
आहारोच्छ्वासानां निरोधनात् क्षीयते आयु।।२५।।
हिमज्वलनसलिलगुरुतरपर्वततरुरोहणपतनभङ्गैः।
रसविद्यायोगधारणानयप्रसंगैः विविधैः।।२६।।
इति तिर्यग्मनुष्यजन्मनि सुचिरं उत्पद्य बहुवारम्।
अपमृत्युमहादुःखं तीव्रं प्राप्तोऽसि त्वं मित्र!।।२७।।

વિષ-વેદનાથી, રક્તક્ષય-ભય-શસ્ત્રથી, સંક્લેશથી,
આયુષ્યનો ક્ષય થાય છે આહાર-શ્વાસનિરોધથી; ૨૫.
હિમ-અગ્નિ-જળથી, ઉચ્ચ-પર્વતવૃક્ષરોહણપતનથી,
અન્યાય-રસવિજ્ઞાન-યોગપ્રધારણાદિ પ્રસંગથી. ૨૬.
હે મિત્ર! એ રીત જન્મીને ચિર કાળ નર-તિર્યંચમાં,
બહુ વાર તું પામ્યો મહાદુખ આકરાં અપમૃત્યુનાં. ૨૭.

**અર્થ** :—વિષ ભક્ષણથી, વેદનાની પીડાના નિમિત્તથી રક્ત અર્થાત્ રુધિરના ક્ષયથી, ભયથી, શસ્ત્રના ઘાતથી, સંક્લેશ પરિણામોથી, આહાર તથા શ્વાસના નિરોધરૂપ કારણોથી આયુનો ક્ષય થાય છે.

હિમ અર્થાત્ શીત પડવાથી, અગ્નિથી, જળથી, મોટા પર્વત ઉપર ચડીને પડવાથી, મોટા વૃક્ષ ઉપર ચડીને પડવાથી શરીરનો ભંગ થવાથી, રસ અર્થાત્ પારા આદિના વિદ્યાના સંયોગે તેનું ભક્ષણ કરે તેનાથી, અન્યાય કાર્ય, ચોરી, વ્યભિચાર વગેરેના નિમિત્તથી આ પ્રમાણે અનેક પ્રકારના કારણોથી આયુનો વિચ્છેદ એટલે કે નાશ થઈને કુમરણ થાય છે.

તેથી કહેવાય છે કે હે મિત્ર! આ પ્રમાણે તિર્યંચ મનુષ્યજન્મમાં ઘણીવાર ઉત્પન્ન થઈને અપમૃત્યુ એટલે કે કુમરણ સંબંધી તીવ્ર મહાદુઃખોને પ્રાપ્ત થયો.

**ભાવાર્થ** :—આ લોકમાં પ્રાણીઓનું આયુષ્ય (જે સોપક્રમ આયુષ્ય બાંધ્યું છે તે નિયમ અનુસાર) તિર્યંચ મનુષ્ય પર્યાયમાં અનેક કારણોથી છેદાય છે. તેને કુમરણ થાય છે. તેનાથી મરણ સમયે તીવ્ર દુઃખ થાય છે. તથા ખોટા પરિણામોથી મરણ કરીને પછી દુર્ગતિમાં પડે છે. આ પ્રમાણે આ જીવ સંસારમાં ઘણા દુઃખો પામે છે. તેથી આચાર્ય ભગવાન દયાળું થઈને વારંવાર દેખાડે છે અને સંસારથી મુક્ત થવાનો ઉપદેશ કરે છે એમ જાણવું. ૨૫-૨૬-૨૭.

હવે નિગોદના દુઃખોને કહે છે :—

छत्तीस तिण्णि सया छावट्ठिसहस्सवारमरणाणि।
अंतोमुहुत्तमज्झे पत्तो सि णिगोयवासम्मि ।।२८।।

षट्त्रिंशत् त्रीणि शतानि षट्षष्टिसहस्रवारमरणानि।
अन्तर्मुहूर्त्तमध्ये प्राप्तोऽसि निकोतवासे॥२८॥

છાસઠ હજાર ત્રિશત અધિક છત્રીશ તેં મરણો કર્યાં
અંતર્મુહૂર્તપ્રમાણ કાળ વિષે નિગોદનિવાસમાં. ૨૮.

**અર્થ** :—હે આત્મન્! તું નિગોદવાસમાં એક અંતર્મુહૂર્તમાં છાસઠ હજાર ત્રણસો છત્રીસવાર મરણને પામ્યો.

**ભાવાર્થ** :—નિગોદમાં એક શ્વાસના અઢારમાં ભાગ પ્રમાણ આયુ પામે છે ત્યાં એક મુહૂર્તના સાડત્રીસો તોંતેર શ્વાસોચ્છ્વાસ ગણાય છે તેમાં છત્રીસો પંચાસી શ્વાસોચ્છ્વાસ અને એક શ્વાસના ત્રીજા ભાગના છાસઠ હજાર ત્રણસો છત્રીસવાર નીગોદમાં જન્મ-મરણ થાય છે. તેનું દુઃખ આ પ્રમાણે : સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વના ઉદયના વશીભૂત થઈને સહે છે.

**વિશેષાર્થ** :—અંતર્મુહૂર્તમાં છાસઠ હજાર ત્રણસો છત્રીસવાર જન્મ-મરણ કહ્યા તે અઠ્યાસી શ્વાસથી ઓછા એ પ્રમાણે અંતઃમુહૂર્તમાં જાણવા જોઈએ. ગાથામાં આવેલા 'નિગોદ વાસમ્મિ'ની સંસ્કૃત છાયામાં 'નિગોત વાસે' છે. નિગોદ શબ્દ એકેન્દ્રિય વનસ્પતિકાય જીવોના સાધારણ ભેદમાં રૂઢ છે જ્યારે નિગોત શબ્દ પાંચે ઈન્દ્રિયોના સમ્મૂર્ચ્છન જન્મથી ઉત્પન્ન થવાવાળા લબ્ધ્યપર્યાપ્તક જીવોને માટે યોજવામાં આવે છે. તેથી અહીં જે છાસઠ હજાર ત્રણસો છત્રીસવાર મરણની સંખ્યા છે તે પાંચે ઈન્દ્રિયો વિષય સમ્મિલિત સમજવી જોઈએ. ૨૮.

તેથી જ અંતર્મુહૂર્તના જન્મ-મરણના ક્ષુદ્ર ભવના વિશેષને કહે છે :—

वियलिंदिए असीदी सट्ठी चालीसमेव जाणेह।
पंचिंदिय चउवीसं खुद्दभवंतोमुहुत्तस्स॥२९॥

विकलेंद्रियाणामशीतिं षष्टिं चत्वारिंशतमेव जानीहि।
पंचेन्द्रियाणां चतुर्विंशतिं क्षुद्रभवान् अन्तर्मुहूर्त्तस्य॥२९॥

રે! જાણ એંશી સાઠ ચાળીશ ક્ષુદ્રભવ વિકલેંદ્રિના,
અંતર્મુહૂર્તે ક્ષુદ્રભવ ચોવીશ પંચેન્દ્રિય તણા. ૨૯.

**અર્થ** :—આ અંતર્મુહૂર્તના ભવોમાં બે ઈન્દ્રિયના ક્ષુદ્રભવ એંસી, ત્રણ ઈન્દ્રિનયના સાઈઠ, ચાર ઈન્દ્રિયના ચાલીસ અને પંચેન્દ્રિયના ચોવીસ. આ પ્રમાણે હે આત્મન્! તું ક્ષુદ્ર ભવ જાણ.

**ભાવાર્થ** :—ક્ષુદ્રભવ અન્ય શાસ્ત્રમાં આ પ્રમાણે ગણાવ્યા છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને સાધારણ નિગોદના સૂક્ષ્મ બાદરથી દસ અને સપ્રતિષ્ઠિત વનસ્પતિ એક આ પ્રમાણે અગિયાર સ્થાનોના ભવ તો એક-એકના છ હજાર વાર, તેના છાસઠ હજાર એકસો બત્રીસ થયા અને આ ગાથામાં કહ્યા તે ભવ બે ઈન્દ્રિય વગેરેના બસો ચાર. એ પ્રમાણે છાસઠ હજાર ત્રણસો છત્રીસ એક અંતર્મુહૂર્તમાં ક્ષુદ્રભવ થાય છે. ૨૯.

હવે કહે છે કે હે આત્મન્! તેં આ દીર્ઘ સંસારમાં પૂર્વોક્ત પ્રકારે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની પ્રાપ્તિ વિના ભ્રમણ કર્યું તેથી હવે રત્નત્રયને ધારણ કર :—

रयणत्तये अलद्धे एवं भमिओ सि दीहसंसारे।
इय जिणवरेहिं भणियं तं रयणत्तय समायरह॥३०॥

रत्नत्रये अलब्धे एवं भ्रमितोऽसि दीर्घसंसारे।
इति जिनवरैर्भणितं तत् रत्नत्रयं समाचर॥३०॥

વણ રત્નત્રયપ્રાપ્તિ તું એ રીત દીર્ઘ સંસારે ભમ્યો,
—ભાખ્યું જિનોએ આમ; તેથી રત્નત્રયને આચરો. ૩૦.

**અર્થ** :—હે જીવ ! તેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને પ્રાપ્ત ન કર્યું તેથી દીર્ઘકાળથી અનાદિ સંસારમાં પહેલા કહ્યા અનુસાર ભ્રમણ કર્યું. આમ જાણીને હવે તું તે રત્નત્રયનું આચરણ કર એવું જિનેશ્વરદેવે કહ્યું છે.

**ભાવાર્થ** :—નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત કર્યા વિના આ જીવ મિથ્યાત્વના ઉદયથી સંસારમાં ભ્રમણ કરે છે, તેથી રત્નત્રયના આચરણનો ઉપદેશ છે. ૩૦.

હવે શિષ્ય પૂછે છે કે તે રત્નત્રયનું સ્વરૂપ શું છે? તેનું સમાધાન કરતાં કહે છે કે રત્નત્રય આ પ્રમાણે છે :—

अप्पा अप्पम्मि रओ सम्माइट्ठी हवेइ फुडु जीवो।
जाणइ तं सण्णाणं चरदिह चारित्त मग्गो त्ति॥३१॥

૨૧

आत्मा आत्मनि रतः सम्यग्दृष्टिः भवति स्फुटं जीवः।
जानाति तत् संज्ञानं चरतीह चारित्रं मार्ग इति॥३१॥

**નિજ આત્મમાં રત જીવ જે તે પ્રગટ સમ્યગ્દષ્ટિ છે,**
**તદ્દબોધ છે સુજ્ઞાન, ત્યાં ચરવું ચરણ છે;—માર્ગ એ. ૩૧.**

**અર્થ** :—જે આત્મામાં રત થઈને યથાર્થરૂપનો અનુભવ કરી તદ્રૂપ થઈને શ્રદ્ધાન કરે તે પ્રગટ સમ્યગ્દષ્ટિ થાય છે. તે આત્માનું જાણપણું તે સમ્યગ્જ્ઞાન છે, તે આત્મામાં આચરણ કરી રાગ-દ્વેષરૂપ ન પરિણમવું તે સમ્યક્ચારિત્ર છે. આ પ્રમાણે આ નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે.

**ભાવાર્થ** :—આત્માનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ તે નિશ્ચય રત્નત્રય છે અને બાહ્યમાં તેનો વ્યવહાર જીવ-અજીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન તથા જ્ઞાન અને પરદ્રવ્ય, પરભાવનો ત્યાગ કરવો આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારરૂપ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે. ત્યાં નિશ્ચય તો મુખ્ય છે, તેના વિના વ્યવહાર સંસારસ્વરૂપ જ છે. [૧]વ્યવહાર છે, તે નિશ્ચયના સાધનસ્વરૂપ છે તેના વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી અને નિશ્ચયની પ્રાપ્તિ થઈ ગયા પછી વ્યવહાર કંઈપણ નથી એમ જાણવું જોઈએ. ૩૧.

હવે સંસારમાં આ જીવો જન્મ-મરણ કર્યા છે તે કુમરણ છે હવે સુમરણનો ઉપદેશ કરવામાં આવે છે :—

**अण्णे कुमरणमरणं अणेयजम्मंतराइं मरिओ सि।**
**भावहि सुमरणमरणं जरमरणविणासणं जीव॥३२॥**

अन्यस्मिन् कुमरणमरणं अनेकजन्मान्तरेषु मृतः असि।
भावय सुमरणमरणं जन्ममरणविनाशनं जीव!॥३२॥

**હે જીવ! કુમરણમરણથી તું મર્યો અનેક ભવો વિષે;**
**તું ભાવ સુમરણમરણને જર-મરણના હરનારને. ૩૨.**

**અર્થ** :—હે જીવ! આ સંસારમાં અનેક જન્માંતરોમાં કુમરણો કરીને તું મર્યો

૧. નોંધ— અહીં એમ ન સમજવું કે પ્રથમ વ્યવહાર હોય અને પછી નિશ્ચય હોય. પરંતુ ભૂમિકા અનુસાર શરૂઆતથી જ નિશ્ચય-વ્યવહાર સાથે હોય છે. 'નિમિત્ત વિના' શાસ્ત્રમાં જે કહ્યું છે તેનો અર્થ વિરુદ્ધ નિમિત્ત ન હોય એમ સમજવું.

હવે તું આવા મરણનો નાશ થાય અને સુમરણ એટલે કે સમાધિમરણની ભાવના કર.

**ભાવાર્થ :—**સંક્ષેપથી અન્ય શાસ્ત્રમાં મરણ સત્તર પ્રકારના કહ્યા છે તે આ પ્રમાણે : ૧-આવિચિકામરણ, ૨- તદ્‌ભવમરણ, ૩-અવધિમરણ, ૪- આદ્યાન્તમરણ, ૫-બાલમરણ, ૬-પંડિતમરણ, ૭-આસન્નમરણ, ૮-બાલપંડિતમરણ, ૯-સશલ્યમરણ, ૧૦-પલાયમરણ, ૧૧-વશાર્ત્તમરણ, ૧૨-વિપ્રાણસમરણ, ૧૩-ગૃધ્રપૃષ્ઠમરણ, ૧૪-ભક્તપ્રત્યાખ્યાનમરણ, ૧૫-ઈંગિનીમરણ, ૧૬-પ્રાયોપગમનમરણ અને ૧૭-કેવલિમરણ—આ પ્રમાણે સત્તર ભેદ છે. તેમનું સ્વરૂપ આ પ્રમાણે છે.

આયુકર્મનો ઉદય સમયે-સમયે ઘટે છએ તે સમય-સમય મરણ છે આ **આવિચિકામરણ** છે. ૧

વર્તમાન પર્યાયનો અભાવ **તદ્‌ભવમરણ** છે. ૨

જેવું મરણ વર્તમાન પર્યાયમાં છે તેવું જ આગલી પર્યાયમાં પણ થશે તે **અવધિમરણ** છે. જેના બે ભેદ છે—જેવા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગનો વર્તમાનનો ઉદય આવ્યો છે તેવો જ આગળ ઉદય આવે તે સર્વાવધિમરણ છે. અને એકદેશ બંધ ઉદય હોય તો દેશાવધિમરણ કહે છે. ૩

વર્તમાન પર્યાયની સ્થિતિ વગેરેનો જે ઉદય હતો તેવો આગલી ભાવી પર્યાયનો સર્વતઃ અવથા દેશતઃ બંધ ઉદય ન હોય તો તે **આદ્યન્તમરણ** છે. ૪

પાંચમું **બાળમરણ** છે. તે પાંચ પ્રકારનું છે—૧ અવ્યક્તબાળ, ૨. વ્યવહારબાળ, ૩. જ્ઞાનબાળ, ૪. દર્શનબાળ, ૫. ચારિત્રબાળ. જે ધર્મ, અર્થ, કામ એ પુરુષાર્થોને ન જાણે, જેનું શરીર આના આચરણ માટે સમર્થ ન હોય તે **અવ્યક્તબાળ** છે. જે લોકને અને શાસ્ત્રના વ્યવહારને ન જાણે તથા બાળક અવસ્થા હોય તે **વ્યવહારબાળ** છે. વસ્તુના યથાર્થ જ્ઞાન રહિત **જ્ઞાનબાળ** છે. તત્ત્વશ્રદ્ધાન સહિત મિથ્યાદૃષ્ટિ **દર્શનબાળ** છે. ચારિત્રરહિત પ્રાણી **ચારિત્રબાળ** છે. આવું મરણ તે **બાળમરણ** છે. અહીં પ્રધાનરૂપે દર્શનબાળનું જ ગ્રહણ છે કારણ કે સમ્યગ્દૃષ્ટિને અન્ય બાળપણું હોવા છતાં પણ દર્શનપંડિતતાના સદ્‌ભાવથી પંડિતમરણ જ ગણવામાં આવ્યું છે. દર્શન બાળમરણ સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. ઈચ્છાપ્રવૃત્ત અને અનિચ્છાપ્રવૃત્ત. અગ્નિથી, ધુમાડાથી, શસ્ત્રથી, જળથી, વિષથી, પર્વતના શિખર ઉપરથી પડવાથી, અતિ શીત-ઉષ્ણની બાધાથી, બંધનથી, ક્ષુધા-તૃષાને રોકવાથી, જીભ ઉખાડવાથી, વિરુદ્ધ આહાર કરવાથી

બાળ(અજ્ઞાની) ઈચ્છાપૂર્વક મરે તે ઈચ્છાપ્રવૃત્ત છે તથા જે જીવવાનો ઈચ્છુક હોય અને મરે તે અનિચ્છાપ્રવૃત્ત છે. ૫

પંડિતમરણ ચાર પ્રકારના છે. ૧. વ્યવહારપંડિત, ૨. સમ્યક્ત્વપંડિત, ૩-જ્ઞાનપંડિત અને ૪-ચારિત્રપંડિત. લોકશાસ્ત્રના વ્યવહારમાં પ્રવીણ હોય તે **વ્યવહારપંડિત** છે. સમ્યક્ત્વ સહિત હોય તો **સમ્યક્ત્વપંડિત** છે. સમ્યગ્જ્ઞાન સહિત હોય તે **જ્ઞાનપંડિત** છે. સમ્યક્ચારિત્ર સહિત હોય તે **ચારિત્રપંડિત** છે અહીં દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત પંડિતનું ગ્રહણ છે કારણ કે વ્યવહારપંડિત એટલે કે મિથ્યાદ્રષ્ટિ બાલમરણમાં આવી ગયો. ૬

મોક્ષમાર્ગમાં પ્રવર્તનારા સાધુ સંઘથી છૂટા પડ્યા તેને આસન્ન કહે છે. તેમાં પાર્શ્વસ્થ, સ્વચ્છન્દ, કુશીલ, સંસક્ત પણ લેવા. આ પ્રમાણે પાંચ પ્રકારના ભ્રષ્ટ સાધુનું મરણ તે **આસન્નમરણ** છે. ૭

સમ્યગ્દ્રષ્ટિ શ્રાવકનું મરણ **બાલપંડિતમરણ** છે. ૮

સશલ્યમરણ બે પ્રકારના છે—મિથ્યાદર્શન, માયા, નિદાન આ ત્રણ શલ્ય તો **ભાવશલ્ય** છે અને પાંચ સ્થાવર તથા ત્રસમાં અસંજ્ઞી તેઓ દ્રવ્યશલ્ય સહિત છે આ પ્રમાણે **સશલ્યમરણ** છે. ૯

જે પ્રશસ્ત ક્રિયામાં આળસુ હોય, વ્રતાદિકમાં શક્તિને છુપાવે, ધ્યાનાદિકથી દૂર ભાગે, આ પ્રકારનું મરણ **પલાયમરણ** છે. ૧૦

વશાર્તમરણ ચાર પ્રકારના છે—તે આર્ત-રૌદ્ર ધ્યાન સહિત મરણ છે. પાંચ ઈન્દ્રિયના વિષયોમાં રાગદ્વેષ સહિત મરણ **ઇન્દ્રિયવશાતમરણ** છે. શાતા-અશાતાની વેદના સહિત મરણ થાય તે **વેદનાવશાર્તમરણ** છે. ક્રોધ-માન-માયા-લોભ કષાયના વશથી મરણ થાય તે **કષાયવશાર્તમરણ** છે. હાસ્ય-વિનોદ કષાયના વશથી મરણ થાય તે **નોકષાયવશાર્તમરણ** છે. ૧૧.

જો પોતાની વ્રતક્રિયા ચારિત્રમાં ઉપસર્ગ આવે તે સહન ન થાય અને ભ્રષ્ટ થવાનો ભય થાય ત્યારે અશક્ત થઈ અન્ન-પાણીનો ત્યાગ કરી મરે તે **વિપ્રાણસમરણ** છે. ૧૨

શસ્ત્ર ગ્રહણ કરી મરણ થાય તે **ગૃધ્રપૃષ્ઠમરણ** છે. ૧૩

અનુક્રમે અન્ન-પાણીનો યથાવિધિ ત્યાગ કરી મરે તે **ભક્તપ્રત્યાખ્યાનમરણ** છે. ૧૪

સંન્યાસ કરે અને અન્ય પાસે વૈયાવૃત્ય કરાવે તે **ઇંગિનીમરણ** છે. ૧૫

પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરી અને કોઈથી વૈયાવૃત્ય ન કરાવે તથા પોતે પણ ન કરે, પ્રતિમાયોગ રહે તે **પ્રાયોપગમનમરણ** છે. ૧૬

કેવળી મુક્તિને પ્રાપ્ત થાય તે **કેવળીમરણ** છે. ૧૭

આ પ્રમાણે સત્તર પ્રકારના મરણ કહ્યા તે ટૂંકમાં આ પ્રમાણે છે. મરણ પાંચ પ્રકારના છે—૧. પંડિતપંડિત, ૨-પંડિત, ૩-બાળપંડિત, ૪-બાળ, ૫-બાળ-બાળ. જે દર્શન-જ્ઞાન-ચારિત્રના અતિશય સહિત હોય તે પંડિત-પંડિત છે અને તેમની પ્રકર્ષતા જેમને ન હોય તે પંડિત છે. સમ્યગ્દષ્ટિ શ્રાવક તે બાળપંડિત અને પહેલા ચાર પ્રકારના પંડિત કહ્યા તેમનામાંથી એકપણ ભાવ જેને ન હોય તે બાળ છે. તથા જે બધાથી ન્યૂન હોય તે બાળ-બાળ છે, તેમાં પંડિત-પંડિત મરણ પંડિતમરણ અને બાલપંડિતમરણ આ ત્રણ પ્રશસ્ત સુમરણ કહ્યા છે. અન્ય પ્રકારે મરણ થાય તે કુમરણ છે. આ પ્રમાણે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકદેશ સહિત મરે તે સુમરણ છે. આ પ્રમાણે સુમરણ કરવાનો ઉપદેશ છે. ૩૨.

હવે આ જીવ સંસારમાં ભ્રમણ કરે છે તે ભ્રમણનું-પરાવર્તનનું સ્વરૂપ મનમાં ધારણ કરી નિરૂપણ કરવામાં આવે છે પ્રથમમાં સામાન્યરૂપે લોકના પ્રદેશોની અપેક્ષાએ કહેવામાં આવે છે :—

**सो णत्थि दव्वसवणो परमाणुपमाणमेत्तओ णिलओ।**
**जत्थ ण जाओ ण मओ तियलोयपमाणिओ सव्वो।।३३।।**

सः नास्ति द्रव्यश्रमणः परमाणुप्रमाणमात्रो निलयः।
यत्र न जातः न मृतः त्रिलोकप्रमाणकः सर्वः।।३३।।

**ત્રણ લોકમાં પરમાણુ સરખું સ્થાન કોઈ રહ્યું નથી,**
**જ્યાં દ્રવ્યશ્રમણ થયેલ જીવ મર્યો નથી, જન્મ્યો નથી. ૩૩.**

**અર્થ** :—આ જીવને દ્રવ્યલિંગના ધારક મુનિપણું હોવા છતાં પણ જે ત્રણ લોકપ્રમાણ સર્વસ્થાનો છે તેમાં એક પરમાણુ પરિમાણ—એક પ્રદેશ માત્ર પણ એવું સ્થાન નથી કે જ્યાં જન્મ-મરણ ન કર્યું હોય.

**ભાવાર્થ** :—દ્રવ્યલિંગ ધારણ કરીને પણ આ જીવે સમગ્ર લોકમાં અનંતવાર

જન્મ અને મરણ કર્યા. પરંતુ એવો કોઈપણ પ્રદેશ બાકી ન રહ્યો કે જેમાં જન્મ-મરણ ન કર્યાં હોય. આ પ્રમાણે ભાવલિંગ વિના દ્રવ્યલિંગથી મોક્ષની (નિજ પરમાત્મદશાની) પ્રાપ્તિ ન થઈ એમ જાણવું. ૩૩.

હવે આ અર્થને દૃઢ કરવા માટે ભાવલિંગને પ્રધાન કરીને કહે છે :—

कालमणंतं जीवो जम्मजरामरणपीडिओ दुक्खं।
जिणलिंगेण वि पत्तो परंपराभावरहिएण॥३४॥

कालमनंतं जीवः जन्मजरामरणपीडितः दुःखम्।
जिनलिंगेन अपि प्राप्तः परम्पराभावरहितेन॥३४॥

જીવ જનિ-જરા-મૃતતપ્ત કાળ અનંત પામ્યો દુઃખને,
જિનલિંગને પણ ધારી પારંપર્યભાવવિહીનને. ૩૪.

**અર્થ** :—આ જીવ આ સંસારમાં, જેમાં પરંપરાએ ભાવલિંગ ન થવાથી અનંતકાળ સુધી જન્મ-જરામરણથી પીડિત દુઃખને જ પ્રાપ્ત થયો.

**ભાવાર્થ** :—દ્રવ્યલિંગ ધારણ કર્યું અને તેનાથી પરંપરાએ પણ ભાવલિંગની પ્રાપ્તિ ન થઈ તેથી દ્રવ્યલિંગ નિષ્ફળ ગયું, મુક્તિની પ્રાપ્તિ ન થઈ, સંસારમાં જ ભ્રમણ કર્યું.

અહીં આશય એ પ્રમાણે છે કે દ્રવ્યલિંગ છે તે ભાવલિંગનું સાધન છે, પરંતુ [1]કાળલબ્ધિ વિના દ્રવ્યલિંગ ધારણ કરવા છતાં પણ ભાવલિંગની પ્રાપ્તિ થતી નથી. તેથી દ્રવ્યલિંગ નિષ્ફળ જાય છે. આ પ્રમાણે મોક્ષમાર્ગમાં મુખ્ય ભાવલિંગ જ છે. અહીં કોઈ કહે કે તો પછી દ્રવ્યલિંગ પહેલા શા માટે ધારણ કરે? તેને કહે છે કે આ પ્રમાણે માનવાથી વ્યવહારનો લોપ થઈ જાય છે, તેથી એમ માનવું કે દ્રવ્યલિંગ પહેલા ધારણ કરવું. પરંતુ એમ ન જાણવું કે એનાથી જ સિદ્ધિ છે. ભાવલિંગને મુખ્ય માની તેના સન્મુખ ઉપયોગ રાખવો, દ્રવ્યલિંગને યત્નપૂર્વક સાધવું. આ પ્રમાણેનું શ્રદ્ધાન યોગ્ય છે. ૩૪.

---

૧. (૧) કાળલબ્ધિ=સ્વસમય નિજસ્વસ્થ પરિણામની પ્રાપ્તિ (આત્માવલોકન ગાથા-૯)
(૨) કાળલબ્ધિનો અર્થ સ્વકાળની પ્રાપ્તિ છે (૩) ''यदायं जीवः आगमभाषया कालादि लब्धिरूपमध्यात्मभाषया शुद्धात्माभिमुखं परिणामरूपं स्वसंवेदनज्ञानं लभते......
અર્થ : જ્યારે આ જીવ આગમ ભાષાથી કાળાદિ લબ્ધિને પ્રાપ્ત કરે છે તથા અધ્યાત્મભાષાથી શુદ્ધાત્માના સન્મુખ પરિણામસ્થ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે.'' (પંચાસ્તિકાય ગાથા ૧૫૦-૧૫૧ જયસેન આચાર્ય ટીકા, (૪) વિશેષ માટે જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાય-૯

હવે પુદ્‌ગલ દ્રવ્યને મુખ્ય કરી ભ્રમણ કહે છે :—

पडिदेससमयपुग्गलआउगपरिणामणामकालट्ठं।
गहिउज्झियाइं बहुसो अणंतभवसायरे [१]जीव॥३५॥

प्रतिदेशसमयपुद्गलायुः परिणामनामकालस्थम्।
गृहीतोज्झितानि बहुशः अनन्तभवसागरे जीवः॥३५॥

પ્રતિદેશ-પુદ્‌ગલ-કાળ-આયુષ-નામ-પરિણામસ્થ તેં
બહુશઃ શરીર ગ્રહ્યાં-તજ્યાં નિઃસીમ ભવસાગર વિષે. ૩૫.

**અર્થ** :—આ જીવે આ અનંત અપાર ભવસમુદ્રમાં લોકાકાશના જેટલા પ્રદેશ છે, તે પ્રતિ સમય-સમય અને પર્યાયના આયુપ્રમાણ કાળ અને પોતાના જેવા યોગકષાયના પરિણમનસ્વરૂપ પરિણામ અને જેવી ગતિ જાતિ આદિ નામકર્મના ઉદયથી થયેલા નામ અને ઉત્સર્પિણી અને અવસર્પિણી જેવા કાળ તેમાં પુદ્‌ગલના પરિણામરૂપ સ્કંધોને અનંતવાર ગ્રહણ કર્યા અને છોડ્યા.

**ભાવાર્થ** :—ભાવલિંગ વિના લોકમાં જેટલા પુદ્‌ગલ સ્કંધ છે તે સર્વને જ ગ્રહણ કર્યા અને છોડ્યા તોપણ મુક્ત ન થયો. ૩૫.

હવે ક્ષેત્રને મુખ્ય કરી કહે છે :—

तेयाला तिण्णि सया रज्जूणं लोयखेत्तपरिमाणं।
मुत्तूणट्ठ पएसा जत्थ ण ढुरुढुल्लिओ जीवो॥३६॥

त्रिचत्वारिंशत् त्रीणि शतानि रज्जूनां लोकक्षेत्रपरिमाणं।
मुक्त्वाऽष्टौ प्रदेशान् यत्र न भ्रमितः जीवः॥३६॥

ત્રણશત-અધિક ચાળીસ-ત્રણ રજ્જુપ્રમિત આ લોકમાં
તજી આઠ કોઈ પ્રદેશ ના, પરિભ્રમિત નહિ આ જીવ જ્યાં. ૩૬.

**અર્થ** :—આ લોકનું ૩૪૩ રાજુ પરિમાણ ક્ષેત્ર છે, તેની વચ્ચે મેરુ પર્વતની નીચે ગોસ્તનાકાર આઠ પ્રદેશ છે, તેમને છોડી કોઈપણ પ્રદેશ એવો ન રહ્યો જેમાં આ જીવ જન્મ્યો મર્યો ન હોય!

---

૧. पाठान्तरः–जीवो ।

**ભાવાર્થ** :—'ઢુરુઢુલિઓ' આ પ્રમાણે પ્રાકૃતમાં ભ્રમણ અર્થની ધાતુનો આદેશ છે અને ક્ષેત્ર પરાવર્તનમાં મેરુની નીચે આઠ પ્રદેશો લોકના મધ્યમાં છે તેમને જીવ પોતાના શરીરના આઠ પ્રદેશ (મધ્યદેશ) બનાવી ઉપજે છે. ત્યાંથી ક્ષેત્ર પરાવર્તનનો પ્રારંભ થાય છે, તેથી તે પ્રદેશોને પુનરુક્ત ભ્રમણમાં ગણવામાં આવતા નથી. ૩૬. (જુઓ ગો. જી. કાંડ ગાથા ૫૬૦, મૂલાચાર, અધ્યાય-૯, ગાથા-૧૪)

હવે આ જીવ શરીર સહિત ઉત્પન્ન થાય છે અને મરે છે, તે શરીરમાં રોગો થાય છે, તેની સંખ્યા કહે છે :—

एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।

एकेकांगुलौ व्याधयः षण्णवतिः भवति जानीहि मनुष्यानां।
अवशेषे च शरीरे रोगाः भण कियन्तः भणिताः।।३७।।

પ્રત્યેક અંગુલ છન્નું જાણો રોગ માનવદેહમાં;
તો કેટલા રોગો, કહો, આ અખિલ દેહ વિષે, ભલા! ૩૭.

**અર્થ** :—આ મનુષ્યના શરીરમાં એક-એક અંગુલમાં ૯૬-૯૬ રોગો થાય છે, તો કહો કે બાકીના સમસ્ત શરીરમાં કેટલા રોગ કહી શકાય? ૩૭.

હવે કહે છે કે હે જીવ! તે રોગોનું દુઃખ તેં સહન કર્યું :—

ते रोया वि य सयला सहिया ते परवसेण पुव्वभवे।
एवं सहसि महाजस किं वा बहुएहिं लविएहिं।।३८।।

ते रोगा अपि च सकलाः सोढास्त्वया परवशेण पूर्वभवे।
एवं सहसे महायशः! किं वा बहुभिः लपितैः।।३८।।

એ રોગ પણ સઘળા સહ્યા તેં પૂર્વભવમાં પરવશે;
તું સહી રહ્યો છે આમ, યશધર! અધિક શું કહીએ તને? ૩૮.

**અર્થ** :—હે મહાયશ ! હે મુને! તેં પૂર્વોક્ત રોગોને પૂર્વભવોમાં પરવશપણે સહન કર્યા. આ પ્રમાણે આગળ સહન કરીશ. ઘણું કહેવાથી શું?

**ભાવાર્થ** :—આ જીવ પરાધીન થઈને સર્વ દુઃખોને સહન કરે છે. જો જ્ઞાનભાવના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરે અને દુ:ખ આવવા છતાં પણ તેનાથી ચલાયમાન ન થાય આ રીતે સ્વવશ થઈને સહન કરે તો કર્મનો નાશ કરી મુક્ત થઈ જાય એમ માનવું જોઈએ. ૩૮.

હવે કહે છે કે તું અપવિત્ર ગર્ભવાસમાં પણ રહ્યો :—

पित्तंतमुत्तफेफसकालिज्जयरुहिरखरिसकिमिजाले।
उयरे वसिओ सि चिरं णवदसमासेहिं पत्तेहिं॥३९॥

पित्तांत्रमूत्रफेफसयकृद्रुधिरखरिसकृमिजाले।
उदरे उषितोऽसि चिरं नवदशमासैः प्राप्तैः॥३९॥

મળ-મૂત્ર-શોણિત-પિત્ત, કરમ, બરોળ, યકૃત, આંત્ર જ્યાં,
ત્યાં માસ નવ-દશ તું વસ્યો બહુ વાર જનની-ઉદરમાં. ૩૯.

**અર્થ** :—હે મુને! તું આ પ્રકારના મલિન, અપવિત્ર ઉદરમાં નવ માસ તથા દસ માસ સુધી રહ્યો. કેવું છે ઉદર? જે પીત્ત અને આંતરડાઓથી વિટળાયેલું મૂત્રનું સ્રવણ, ફેફસ અર્થાત્ જે રુધિર વિના મેદ ફુલાઈ જાય, કાલિજ્જ અર્થાત્ કલેજુ, ખૂન, ખરીશ અર્થાત્ અપક્વમળથી મળેલું રુધિર, શ્લેષ્મ અને કૃમિજાલ એટલે કે લટ વગેરે જીવોનો સમૂહ જેમાં હોય છે. આવા સ્ત્રીના ઉદરમાં ઘણીવાર રહ્યો. ૩૯.

હવે આ જ વાતને કહે છે :—

दियसंगट्ठियमसणं आहारिय मायभुत्तमण्णांते।
छद्दिखरिसाण मज्झे जढरे वसिओ सि जणणीए॥४०॥

द्विजसंगस्थितमशनं आहृत्य मातृभुक्तमन्नान्ते।
छर्दिखरिसयोर्मध्ये जठरे उषितोऽसि जनन्याः॥४०॥

જનની તણું ચાવેલ ને ખાધેલ એઠું ખાઈને,
તું જનની કેરા જઠરમાં વમનાદિમધ્ય વસ્યો અરે! ૪૦.

**અર્થ** :—હે જીવ! તું માતાના ઉદરમાં રહ્યો ત્યાં માતાના અને પિતાના ભોગને અંતે વમન કરેલું અન્ન ખરીસ (રુધિરથી મળેલા અપક્વ મળ)ની વચ્ચે રહ્યો. કઈ રીતે રહ્યો? માતાએ દાંતોથી ચાવેલું અને તે દાંતોમાં લાગેલું (ચોંટેલું) જૂઠું ભોજન માતાએ ખાધા પછી જે ઉદરમાં ગયું તેના રસરૂપી આહારથી વૃદ્ધિ પામ્યો. ૪૦.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હવે કહે છે કે ગર્ભથી નીકળીને તેં આ પ્રમાણે બાળપણ ભોગવ્યું :—

सिसुकाले य अयाणे असुईमज्झम्मि लोलिओ सि तुमं।
असुई असिया बहुसो मुणिवर बालत्तपत्तेण।।४१।।

शिशुकाले च अज्ञाने अशुचिमध्ये लोलितोऽसित्वम्।
अशुचिः अशिता बहुशः मुनिवर! बालत्वप्राप्तेन।।४१।।

તું અશુચિમાં લોટ્યો ઘણું શિશુકાળમાં અણસમજમાં,
મુનિવર! અશુચિ આરોગી છે બહુ વાર તેં બાલત્વમાં. ૪૧.

**અર્થ** :—હે મુનિવર! તું બાળપણના સમયમાં અજ્ઞાન અવસ્થામાં અપવિત્રસ્થાનોમાં અશુચિ વચ્ચે સૂઈ રહ્યો અને ઘણીવાર અશુચિ વસ્તુને જ ખાધી. બાળપણને પ્રાપ્ત કરી આ પ્રમાણે ચેષ્ટાઓ કરી.

**ભાવાર્થ** :—અહીં 'મુનિવર' આ પ્રમાણે સંબોધન છે તે પહેલાની જેમ જ જાણવું. માત્ર બાહ્ય આચરણ સહિત મુનિ હોય તેને જ અહીં મુખ્યરૂપે ઉપદેશ છે કે તેં બાહ્ય આચરણ કર્યું તે તો મોટું કાર્ય કર્યું પરંતુ ભાવ વિના એ નિષ્ફળ છે તેથી ભાવ સન્મુખ રહેવું. ભાવ વિના જ આ બધા અપવિત્રસ્થાન મળે છે. ૪૧.

હવે કહે છે કે આ દેહ આ પ્રમાણે છે તેનો વિચાર કરો :—

मंसट्ठिसुक्कसोणियपित्तंतसवत्तकुणिमदुग्गंधं।
खरिसवसापूय[1]खिब्भिसभरियं चिंतेहि देहउडं।।४२।।

मांसास्थिशुक्रश्रोणितपित्तांत्रस्रवत्कुणिमदुर्गन्धम्।
खरिसवसापूयकिल्विषभरितं चिन्तय देहकुटम्।।४२।।

પલ-પિત્ત-શોણિત-આંત્રથી દુર્ગંધ શબ સમ જ્યાં સ્રવે,
ચિંતવ તું પીપ-વસાદિ-અશુચિભરેલ કાયાકું ભને. ૪૨.

**અર્થ** :—હે મુને! તું દેહરૂપ ઘટને આ પ્રકારે ચિંતવ. કેવો છે દેહઘટ? માંસ, હાડ, શુક્ર (વીર્ય), શ્રોણિત (રુધિર) પીત્ત (ઉષ્ણવિકાર) અને અંત્ર (આંતરડા) વગેરે દ્વારા તત્કાલ મૃતક શરીરની જેમ દુર્ગંધરૂપ છે તથા ખરીસ (રુધિરથી મળેલું અપક્વ મળ),

---

૧. पाठान्तरः–''खिब्भिस ।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વસા (મેદ), પૂય (ખરાબ રક્ત) અને રાધ આ સર્વે મલિન વસ્તુઓથી પૂરો ભરેલો છે. આ રીતે, દેહરૂપ ઘટનું ચિંતવન કરો.

**ભાવાર્થ** :—આ જીવ તો પવિત્ર છે, શુદ્ધ જ્ઞાનમયી છે અને દેહ આવો અપવિત્ર છે. તેમાં રહેવું અયોગ્ય છે એમ કહ્યું છે. ૪૨.

હવે કહે છે કે જે કુટુંબથી છૂટ્યો તે છૂટ્યો નથી ભાવથી છૂટેલાને જ છૂટ્યો કહે છે :—

भावविमुत्तो मुत्तो ण य मुत्तो बंधवाइमित्तेण।
इय भाविऊण उज्झसु गंथं अब्भंतरं धीर।।४३।।

भावविमुक्तः मुक्तः न च मुक्तः बांधवादिमित्रेण।
इति भावयित्वा उज्झय ग्रन्थमाभ्यन्तरं धीर!।।४३।।

રે! ભાવમુક્ત વિમુક્ત છે, સ્વજનાદિમુક્ત ન મુક્ત છે,
ઈમ ભાવીને હે ધીર! તું પરિત્યાગ આંતર ગ્રંથને. ૪૩.

**અર્થ** :—જે મુનિ ભાવોથી મુક્ત થયા તેમને જ મુક્ત કહેવાય છે અને બાંધવ આદિ કુટુંબ તથા મિત્ર આદિથી મુક્ત થયા તેમને મુક્ત કહેવાતા નથી, તેથી હે ધીર મુનિ! તું આ પ્રમાણે જાણીને અભ્યંતર વાસનાને છોડ.

**ભાવાર્થ** :—જે બાહ્ય બાંધવ કુટુંબ તથા મિત્રો તેમને છોડી નિર્ગ્રંથ થયો અને અભ્યંતરના મહત્વભાવરૂપ વાસના તથા ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષરૂપ વાસના ન છૂટી તો તેને નિર્ગ્રંથ કહેવાતો નથી. અભ્યંતર વાસના છૂટવાથી નિર્ગ્રંથ હોય છે, તેથી એમ ઉપદેશ છે કે અભ્યંતર મિથ્યાત્વ કષાય છોડીને ભાવમુનિ બનવું જોઈએ. ૪૩.

હવે કહે છે કે જે પહેલા મુનિ થયા તેઓએ ભાવશુદ્ધિ વિના સિદ્ધિ ન પ્રાપ્ત કરી, તેનું ઉદાહરણ માત્ર નામ કહે છે. પ્રથમ જ બાહુબલીનું ઉદાહરણ કહે છે :—

देहादिचत्तसंगो माणकसाएण कलुसिओ धीर।
अत्तावणेण जादो बाहुबली कित्तियं[1] कालं।।४४।।

---

૧. ' कित्तियं ' પાઠાન્તર ' कितियं '

देहादित्यक्तसंगः मानकषायेन कलुषितः धीरः!।
आतापनेन जातः बाहुबली कियन्तं कालम्।।४४।।

દેહાદિસંગ તજ્યો અહો! પણ મલિન માનકષાયથી
આતાપના કરતા રહ્યા બાહુબલી મુનિ ક્યાં લગી? ૪૪.

**અર્થ** :—જુઓ, બાહુબલી ઋષભદેવના પુત્ર, દેહાદિક પરિગ્રહને છોડીને નિર્ગ્રંથ મુનિ બની ગયા તોપણ માનકષાયથી કલુષ પરિણામરૂપ થઈને કેટલોક સમય સુધી આતાપનયોગ ધારણ કરીને સ્થિર થઈ ગયા તોપણ સિદ્ધિને પ્રાપ્ત ન કરી.

**ભાવાર્થ** :—બાહુબલીએ ભરત ચક્રવર્તીનો વિરોધ કરી યુદ્ધ આરંભ કર્યું. ભરતનું અપમાન થયું ત્યારબાદ બાહુબલી વિરક્ત થઈને નિર્ગ્રંથ મુનિ બની ગયા. પરંતુ કંઈક માન-કષાયની કલુષતા રહી ગઈ કે હું ભરતની ભૂમિ પર કઈ રીતે રહું? ત્યારે કાયોત્સર્ગરૂપથી એક વર્ષ ઊભા રહ્યા પરંતુ કેવળજ્ઞાન ન પામ્યા. ત્યારબાદ, કલુષતા મટી ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી કહે છે કે આવા મહાપુરુષ ઘણી મોટી શક્તિના ધારકને પણ ભાવશુદ્ધિ વિના સિદ્ધિ ન થઈ તો અન્યની શું વાત? તેથી ભાવોને શુદ્ધ કરવા જોઈએ એવો ઉપદેશ છે. ૪૪.

હવે મધુપિંગલ મુનિનું ઉદાહરણ કહે છે :—

महुपिंगो णाम मुणी देहाहारादिचत्तवावारो।
सवणत्तणं ण पत्तो णियाणमित्तेण भवियणुय।।४५।।

मधुपिंगो नाम मुनिः देहाहारादित्यक्तव्यापारः।
श्रमणत्वं न प्राप्तः निदानमात्रेण भव्यनुत!।।४५।।

તન-ભોજનાદિપ્રવૃત્તિના તજનાર મુનિ મધુપિંગલે,
હે ભવ્યનૂત! નિદાનથી જ લહ્યું નહીં શ્રમણત્વને. ૪૫.

**અર્થ** :—મધુપિંગલ નામના મુનિ કેવા થયા? દેહ અને આહારદિમાં વ્યાપારને છોડીને પણ નિદાનમાત્રથી ભાવશ્રમણપણાને પ્રાપ્ત ન થયા, તેમને હે મુનિ! તું ભવ્યજીવોથી વંદવાયોગ્ય ન માન.

**ભાવાર્થ** :—મધુપિંગલ નામના મુનિની કથા પુરાણમાં છે. તેનો ટૂંક સાર આ પ્રમાણે છે. આ ભરતક્ષેત્રના સુરમ્યદેશમાં પોદનપુરના રાજા ત્રુણપિંગલને મધુપિંગલ

નામનો પુત્ર હતો, તે ચરણયુગલ નગરના રાજા સુયોધનની પુત્રી સુલસાના સ્વયંવરમાં આવ્યો હતો, તે સ્વયંવરમાં સાકેતપુરીનો રાજા સગર પણ આવ્યો હતો. સગરના મંત્રીએ મધુપિંગલને કપટથી નવું સામુદ્રિક શાસ્ત્ર બનાવીને દોષી બતાવ્યો કે આના નેત્રો પિંગલ એટલે કે માંજરા છે. જે કન્યા તેને વરશે તે મરણને પ્રાપ્ત થશે. ત્યારે તે કન્યાએ સગરના ગળામાં વરમાળા પહેરાવી દીધી. મધુપિંગલનું વરણ ન કર્યું. ત્યારે મધુપિંગલે વિરક્ત થઈ દીક્ષા લઈ લીધી.

ત્યારબાદ, મધુપિંગલે અવસર પામીને સગરના મંત્રીના કપટને જાણી ક્રોધથી નિદાન કર્યું કે મારા તપનું ફળ આવું થાય 'આગલા જન્મમાં સગરના કુળને નિર્મૂળ કરું' ત્યારબાદ મધુપિંગલ મરીને મહાકાલાસુર નામનો અસુરદેવ થયો. ત્યારે સગરને મંત્રી સહિત મારવાનો વિચાર કરવા લાગ્યો તેને ક્ષીરકદમ્બ બ્રાહ્મણનો પાપી પુત્ર પર્વત મળ્યો ત્યારે પર્વતને પશુઓની હિંસારૂપ યજ્ઞનો સહાયક બનવાનું કહ્યું. સગર રાજાને યજ્ઞનો ઉપદેશ આપી યજ્ઞ કરાવ્યો. તારા યજ્ઞનો હું સહાયક બનીશ ત્યારે પર્વતે સગર પાસે યજ્ઞ કરાવ્યો. પશુઓને હોમ્યા. તે પાપથી સગર સાતમા નરકે ગયો અને કાલાસુર સહાયક બન્યો અને યજ્ઞ કરવાવાળાને સ્વર્ગ જતા દેખાડ્યા એવા મધુપિંગલ નામના મુનિ નિદાનથી મહાકાલાસુર બની મહા પાપ કમાણા. તેથી આચાર્ય કહે છે કે મુનિ બની જવા છતાં પણ જો ભાવ બગડી જાય તો સિદ્ધિને પ્રાપ્ત કરતો નથી. આ કથા પુરાણમાંથી વિસ્તારથી જાણવી. ૪૫.

હવે વશિષ્ઠ મુનિનું ઉદાહરણ કહે છે :—

**अण्णं च वसिट्ठमुणी पत्तो दुक्खं णियाणदोसेण।**
**सो णत्थि वासठाणो जत्थ ण ढुरुढुल्लिओ जीवो।।४६।।**

अन्यश्च वसिष्ठमुनिः प्राप्तः दुःखं निदानदोषेण।
तन्नास्ति वासस्थानं यत्र न भ्रमितः जीव!।।४६।।

**બીજાય સાધુ વસિષ્ઠ પામ્યા દુઃખને નિદાનથી;**
**એવું નથી કો સ્થાન કે જે સ્થાન જીવ ભમ્યો નથી. ૪૬.**

**અર્થ :—**બીજા એક વશિષ્ઠ નામના મુનિ નિદાનના દોષથી દુઃખને પ્રાપ્ત થયા. તેથી લોકમાં એવું કોઈ સ્થાન નથી જેમાં આ જીવ જન્મ-મરણ સહિત ભ્રમણને પ્રાપ્ત ન થયો હોય.

**ભાવાર્થ** :—વશિષ્ઠ મુનિની કથા આ પ્રમાણે છે—ગંગા અને ગંધવતી બંને નદીઓનો જ્યાં સંગમ થયો છે ત્યાં જઠરકૌશિક નામની તાપસીની પલ્લી હતી. ત્યાં એક વશિષ્ઠ નામના તપસ્વી પંચાગ્નિ તપ કરી રહ્યા હતા. ત્યાં ગુણભદ્ર, વીરભદ્ર નામના બે ચારણ મુનિઓ આવ્યા અને તે વશિષ્ઠ તપસ્વીને કહ્યું કે તું જે અજ્ઞાન તપ કરે છે તેમાં જીવોની હિંસા થાય છે, ત્યારે તપસ્વીએ પ્રત્યક્ષ હિંસા દેખી વિરક્ત થઈને જિનદીક્ષા લઈ લીધી. માસોપવાસ સહિત આતાપનયોગ સ્થાપિત કર્યો. તે તપના મહાત્મ્યથી સાત વ્યંતર દેવોએ આવીને કહ્યું આપ અમને આજ્ઞા આપો તે કરીએ ત્યારે વશિષ્ઠે કહ્યું કે હમણા તો મારે કાંઈ પ્રયોજન નથી. જન્માંતરમાં તમને યાદ કરીશ. ત્યારબાદ વશિષ્ઠે મથુરાપુરીમાં આવી માસોપવાસ સહિત આતાપનયોગ સ્થાપિત કર્યો.

તે મુનિને જોઈએ મથુરાપુરીના રાજા ઉગ્રસેને ભક્તિવશ એવો વિચાર કર્યો કે હું આ મુનિને પારણું કરાવીશ અને નગરમાં ઘોષણા કરાવી દીધી કે આ મુનિને બીજા કોઈ આહાર ન આપે. ત્યારબાદ પારણાના દિવસે તે મુનિ નગરમાં આવ્યા અને અગ્નિનો ઉપદ્રવ દેખી અંતરાય જાણી પાછા ચાલ્યા ગયા. ત્યારબાદ માસોપવાસ કર્યા. ફરી પારણાના દિવસે નગરમાં આવ્યા ત્યારે હાથીનો ક્ષોભ જોઈ અંતરાય જાણી પાછા ચાલ્યા ગયા. ફરી માસોપવાસ કર્યા અને પારણાના દિવસે ફરી નગરમાં આવ્યા ત્યારે રાજા જરાસંઘનો યુદ્ધ સંબંધી પત્ર આવ્યો તેના નિમિત્તે રાજાનું ચિત્ત વ્યગ્ર હતું તેથી તે મુનિનું પડ્ગાહન કર્યું નહીં ત્યારે અંતરાય માની પાછા વનમાં જતા લોકોના વચન સાંભળ્યા કે 'રાજા મુનિને આહાર દેતા નથી અને અન્ય આપનારને મના કરે છે' તેથી રાજા પર ક્રોધ કરી નિદાન કર્યું કે—આ રાજાનો પુત્ર થઈ રાજાનો નિગ્રહ કરી હું રાજ કરું એવું મારા તપનું ફળ મળે. આ પ્રમાણે નિદાનથી મર્યા.

તે મુનિ રાજા ઉગ્રસેનની રાણી પદ્માવતીના ગર્ભમાં આવ્યા. ગર્ભકાળ પૂરો થતા જન્મ લીધો. ત્યારે બાળકની ક્રૂર દૃષ્ટિ દેખીને રાજાએ તેમને કાંસાની પેટીમાં રાખ્યા અને વૃત્તાંતના લેખ સહિત યમુના નદીમાં વહાવી દીધો. કૌશામ્બીપુરમાં મંદોદરી નામની કલાલીએ તેને પ્રાપ્ત કરી પુત્રબુદ્ધિથી તેનું પાલન કર્યું અને તેનું નામ કંસ રાખ્યું. જ્યારે તે મોટો થયો ત્યારે બાળકો સાથે રમવાના સમયે બધાને દુઃખ દેવા લાગ્યો ત્યારે મંદોદરીએ મહેણાના દુઃખથી તેને કાઢી મૂક્યો. ત્યારબાદ આ કંસ શૌર્યપુર ગયો અને ત્યાંના વસુદેવ રાજાનો સેવક બનીને રહ્યો. ત્યારબાદ જરાસંઘ પ્રતિનારાયણનો પત્ર આવ્યો કે જે પોદનપુરના રાજા સિંહરથને બાંધી લાવશે તેની સાથે અડધા રાજ્ય સહિત પોતાની પુત્રીનો વિવાહ કરશે. ત્યારે વસુદેવ કંસ સહિત ત્યાં જઈને યુદ્ધ કરી સિંહરથને બાંધી લીધો અને

જરાસંઘને સોંપી દીધો. ત્યારબાદ જરાસંઘે જીવદ્યયશા પુત્રી સહિત અડધું રાજ્ય આપ્યું ત્યારે વસુદેવે કહ્યું કે આ કંસ સિંહરથને બાંધીને લાવ્યો છે માટે તેને આ બધું આપો. ત્યારબાદ જરાસંઘે તેનું કૂળ જાણવા માટે મંદોદરીને બોલાવી કુળનો નિશ્ચય કરી તેની સાથે જીવદ્યયશા પુત્રીનું લગ્ન કર્યું ત્યારે કંસે મથુરાનું રાજ્ય લઈ પિતા ઉગ્રસેન રાજાને અને પદ્માવતી માતાને બંદીખાનામાં નાખ્યા. ત્યારબાદ કંસનું શ્રીકૃષ્ણ નારાયણના હાથે મૃત્યુ થયું. આની કથા વિસ્તારપૂર્વક ઉત્તરપુરાણથી જાણો. આ પ્રમાણે વશિષ્ઠ મુનિએ નિદાનના કારણે સિદ્ધિને પ્રાપ્ત ન કરી, તેથી ભાવલિંગથી જ સિદ્ધિ છે. ૪૬.

હવે કહે છે કે જીવ ભાવરહિત ચોરાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરે છે :—

**सो णत्थि तप्पएसो चउरासीलक्खजोणिवासम्मि।**
**भावविरओ वि सवणो जत्थ ण ढुरुढुल्लिओ [1]जीव॥४७॥**

सः नास्ति तं प्रदेशः चतुरशीतिलक्षयोनिवासे।
भावविरतः अपि श्रमणः यत्र न भ्रमितः जीवः॥४७॥

**એવો ન કોઈ પ્રદેશ લખ ચોરાશી યોનિ નિવાસમાં,**
**રે! ભાવવિરહિત શ્રમણ પણ પરિભ્રમણને પામ્યો ન જ્યાં. ૪૭.**

**અર્થ :—**આ સંસારમાં ચોરાશી લાખ યોનિ, તેના નિવાસમાં એવો કોઈ પ્રદેશ નથી જેમાં આ જીવે દ્રવ્યલિંગી મુનિ થઈને પણ ભાવરહિત થતા થકા ભ્રમણ ન કર્યું હોય.

**ભાવાર્થ :—**દ્રવ્યલિંગ ધારણ કરી નિર્ગ્રંથ મુનિ થઈ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ ભાવ વિના આ જીવ ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ કરતો રહ્યો. એવું કોઈ સ્થાન નથી કે જેમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય.

હવે ચોરાશી લાખ યોનિના ભેદ કહે છે — પૃથ્વી, અપ, તેજ, વાયુ, નિત્યનિગોદ અને ઈતરનિગોદ તેની સાત-સાત લાખ યોનિ છે. તે બધી બેતાલીસ લાખ થઈ. વનસ્પતિ દસ લાખ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચતુરિન્દ્રિય બે-બે લાખ, પંચેન્દ્રિય તિર્યંચ ચાર લાખ, દેવ ચાર લાખ, નારકી ચાર લાખ અને મનુષ્ય ચૌદ લાખ આ પ્રમાણે ચોરાશી લાખ યોનિ છે. જે જીવોને ઉત્પન્ન થવાના સ્થાન છે. ૪૭.

હવે કહે છે કે દ્રવ્યમાત્રથી લિંગી થવાતું નથી પણ ભાવથી થવાય છે :—

૧. પાઠાન્તર 'जीवो'

भावेण होइ लिंगी ण हु लिंगी होइ दव्वमित्तेण।
तम्हा कुणिज्ज भावं किं कीरइ दव्वलिंगेण॥४८॥

भावेन भवति लिंगी न हि भवति लिंगी द्रव्यमात्रेण।
तस्मात् कुर्याः भावं किं क्रियते द्रव्यलिंगेन॥४८॥

છે ભાવથી લિંગી, ન લિંગી દ્રવ્યલિંગથી હોય છે;
તેથી ધરો રે! ભાવને, દ્રવ્યલિંગથી શું સાધ્ય છે? ૪૮.

**અર્થ :**—લિંગી થાય છે તે ભાવલિંગથી જ થાય છે. દ્રવ્યલિંગથી લિંગ થતું નથી એવું પ્રગટ છે, તેથી ભાવલિંગ જ ધારણ કરવું. દ્રવ્યલિંગથી શું સિદ્ધ થાય છે?

**ભાવાર્થ :**—આચાર્ય કહે છે કે આનાથી અધિક શું કહેવાય? ભાવલિંગ વિના લિંગી નામ જ હોતું નથી. કારણ કે એવું પ્રગટ છે કે ભાવ શુદ્ધ ન જુએ ત્યારે લોકો જ કહે છે કે આ શાનો મુનિ? કપટી છે. દ્રવ્યલિંગથી કાંઈ સિદ્ધિ નથી, તેથી ભાવલિંગ જ ધારણ કરવું જોઈએ. ૪૮.

હવે આ વાતને દૃઢ કરવા માટે દ્રવ્યલિંગ ધારકને ઉલટો ઉપદ્રવ થયો એવું ઉદાહરણ કહે છે :—

दंडयणयरं सयलं डहिओ अब्भंतरेण दोसेण।
जिणलिंगेण वि बाहू पडिओ सो रउरवे णरए॥४९॥

दण्डकनगरं सकलं दग्ध्वा अभ्यन्तरेण दोषेण।
जिनलिंगेनापि बाहुः पतितः सः रौरवे नरके॥४९॥

દંડકનગર કરી દગ્ધ સઘળું દોષ અભ્યંતર વડે,
જિનલિંગથી પણ બાહુ એ ઊપજ્યા નરક રૌરવ વિષે. ૪૯.

**અર્થ :**—જુઓ, બાહુ નામક મુનિ બાહ્ય જિનલિંગ સહિત હતા તોપણ અભ્યંતર દોષોથી સમસ્ત દંડક નામના નગરને બાળી મૂક્યું અને સાતમી પૃથ્વીના રૌરવ નામના બિલમાં પડ્યા.

**ભાવાર્થ :**—દ્રવ્યલિંગ ધારણ કરી કાંઈક તપ કરે તેનાથી કાંઈક સામર્થ્ય વધે ત્યારે કોઈ કારણ પામી ક્રોધથી પોતાને અને બીજાને ઉપદ્રવ કરવાનું કારણ બનાવે તેથી

દ્રવ્યલિંગ ભાવ સહિત ધારણ કરવું જ શ્રેષ્ઠ છે અને કેવળ દ્રવ્યલિંગ તો ઉપદ્રવનું કારણ થાય છે જેનું ઉદાહરણ બાહુ મુનિનું બતાવ્યું. તેમની કથા આ પ્રમાણે છે.

દક્ષિણ દિશામાં કુંભકારકટક નગરમાં દંડક નામનો રાજા હતો. તેને બાળક નામનો મંત્રી હતો. ત્યાં અભિનંદન વગેરે પાંચસો મુનિ આવ્યા. તેમાં એક દંડક નામના મુનિ હતા. તે મુનિએ વાદવિવાદમાં બાલક નામના મંત્રીને જીતી લીધો. ત્યારે મંત્રીએ ક્રોધ કરીને એક બહુરૂપીને મુનિનું રૂપ ધારણ કરાવ્યું અને રાજાની રાણી સુવ્રતા સાથે ક્રીડા કરતા રાજાને બતાવ્યા અને કહ્યું કે જુઓ રાજાને એટલી ભક્તિ છે કે પોતાની સ્ત્રી પણ દિગંબર મુનિને ક્રીડા કરવા માટે આપી છે. ત્યારે રાજાએ દિગંબર મુનિ ઉપર ક્રોધ કરીને પાંચસો મુનિને ઘાણીમાં પીલાવ્યા. તે મુનિઓ ઉપસર્ગ સહીને પરમસમાધિથી સિદ્ધિને પ્રાપ્ત થયા.

ત્યારબાદ તે નગરમાં બાહુ નામના એક મુનિ આવ્યા, તે મુનિને લોકોએ મનાઈ કરી કે અહીંનો રાજા દુષ્ટ છે, તેથી આપ નગરમાં પ્રવેશ ન કરો. આ પહેલાં પાંચસો મુનિઓને ઘાણીમાં પીલી નાખ્યા છે, તેથી તે રાજા તમારી સાથે પણ તેવું જ કરશે. ત્યારે લોકોના વચનોથી બાહુમુનિને ક્રોધ ઉત્પન્ન થયો. તે મુનિએ અશુભ તૈજસ સમુદ્‌ઘાતથી રાજા અને મંત્રી સહિત પૂરા નગરને ભસ્મ કરી દીધું. રાજા અને મંત્રી સાતમી નરકના રૌરવ નામના બિલમાં પડ્યા. તે બાહુ મુનિ પણ મરીને રૌરવ બિલમાં ગયા. આ પ્રમાણે દ્રવ્યલિંગમાં ભાવના દોષથી ઉપદ્રવ થાય છે તેથી ભાવલિંગનો જ મુખ્યપણે ઉપદેશ છે. ૪૯.

હવે આ જ અર્થવાળું દ્વીપાયન મુનિનું ઉદાહરણ કહે છે :—

**अवरो वि दव्वसवणो दंसणवरणाणचरणपब्भट्ठो।**
**दीवायणो त्ति णामो अणंतसंसारिओ जाओ।।५०।।**

अपरः अपि द्रव्यश्रमणः दर्शनवरज्ञानचरणप्रभ्रष्टः।
दीपायन इति नाम अनन्तसांसारिकः जातः।।५०।।

**વળી એ રીતે બીજા દરવસાધુ દ્વીપાયન નામના**
**વરજ્ઞાનદર્શનચરણભ્રષ્ટ, અનંતસંસારી થયા. ૫૦.**

**અર્થ** :—આચાર્ય કહે છે જેમ પહેલા બાહુ મુનિની જેમ જ એક દ્વીપાયન

નામના દ્રવ્યશ્રમણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી ભ્રષ્ટ થઈને અનંત સંસારી થયા છે.

**ભાવાર્થ** :—આગલી કથાની જેમ આ કથા પણ ટૂંકમાં આ પ્રમાણે છે—નવમા બળભદ્રે શ્રી નેમિનાથ તીર્થંકરને પૂછ્યું કે આ દ્વારકાપુરી સમુદ્રમાં છે, તેની સ્થિતિ કેટલા સમય માટે છે? ત્યારે ભગવાને કહ્યું કે રોહિણીનો ભાઈ દ્વીપાયન તારો મામો બાર વર્ષ પછી દારુના નિમિત્તથી ક્રોધ કરીને આ દ્વારકાપુરીને બાળી નાખશે. આ પ્રમાણે ભગવાનના વચન સાંભળી નિશ્ચય કરી દ્વીપાયન દીક્ષા લઈને પૂર્વ દેશમાં ચાલ્યો ગયો. બાર વર્ષ વ્યતીત કરવા માટે તપ કરવાનું શરૂ કર્યું અને બળભદ્ર નારાયણે દ્વારિકામાં મદ્યનિષેધની ઘોષણા કરાવી દીધી. મદ્યના વાસણ, તથા તેની સામગ્રી મદ્ય બનાવવાવાળાઓએ બહાર પર્વતમાં ફેંકી દીધી. ત્યારે વાસણોની મદિરા તથા મદ્યની સામગ્રી પાણીના ખાડાઓમાં ફેલાઈ ગઈ.

બાર વર્ષ વીતી ગયા જાણી દ્વીપાયન દ્વારિકા આવીને નગરની બહાર આતાપન યોગ ધારણ કરી સ્થિર થયા. ભગવાનના વચનની પ્રતીતિ ન રાખી. ત્યારબાદ શંભવકુમાર વગેરે ક્રીડા કરતા તરસ લાગવાથી કુંડોમાંનું જળ પી ગયા, તેથી મદ્યના નિમિત્તથી કુમારો ઉન્મત્ત થઈ ગયા. ત્યાં દ્વીપાયન મુનિને ઊભેલા જોઈને કહેવા લાગ્યા કે "આ દ્વારિકાને ભસ્મ કરવાવાળો દ્વીપાયન છે" આ પ્રમાણે કહીને તેને પત્થર મારવા લાગ્યા. ત્યારે દ્વીપાયન ભૂમિ ઉપર પડી ગયો. તેને ક્રોધ ઉત્પન્ન થઈ ગયો, તેના નિમિત્તે દ્વારિકા સળગીને ભસ્મ થઈ ગઈ. આ પ્રમાણે દ્વીપાયન ભાવશુદ્ધિ વિના અનંત સંસારી થયા. ૫૦.

હવે ભાવશુદ્ધિ સહિત મુનિ થયા તેમણે સિદ્ધિ મેળવી તેનું ઉદાહરણ કહે છે :—

भावसमणो य धीरो जुवईजणवेढिओ विसुद्धमई।
णामेण सिवकुमारो परित्तसंसारिओ जादो।।५१।।

भावश्रमणश्च धीरः युवतिजनवेष्टितः विशुद्धमतिः।
नाम्ना शिवकुमारः परित्यक्तसांसारिकः जातः।।५१।।

બહુયુવતિજનવેષ્ટિત છતાં પણ ધીર શુદ્ધમતિ અહા!
એ ભાવસાધુ શિવકુમાર પરીતસંસારી થયા. ૫૧.

**અર્થ** :—શિવકુમાર નામના ભાવશ્રમણ સ્ત્રીજનોથી વેષ્ટિત હોવા છતાં પણ વિશુદ્ધબુદ્ધિના ધારક, ધીર, સંસારને ત્યાગવાવાળા થયા.

**ભાવાર્થ** :—શિવકુમાર ભાવની વિશુદ્ધતાથી બ્રહ્મસ્વર્ગમાં વિદ્યુન્માલી દેવ થઈ ત્યાંથી ચ્યવી જમ્બૂસ્વામી કેવલી થઈ મોક્ષ પામ્યા. તેમની કથા આ પ્રમાણે છે.

આ જમ્બૂદ્વીપના પૂર્વવિદેહમાં પુષ્કલાવતી દેશના વીતશોકપુરમાં મહાપદ્મ રાજા અને વનમાલા રાણીને ત્યાં શિવકુમાર નામનો પુત્ર થયો. તે એકવાર મિત્ર સહિત વનક્રીડા કરીને નગરમાં આવી રહ્યો હતો ત્યારે તેણે માર્ગમાં લોકોને પૂજાની સામગ્રી લઈ જતા દેખ્યા. ત્યારે તેઓએ મિત્રને પૂછ્યું આ બધા ક્યાં જાય છે? મિત્રએ કહ્યું આ બધા સાગરદત્ત નામના ઋદ્ધિધારી મુનિને પૂજવા માટે વનમાં જઈ રહ્યા છે. ત્યારે શિવકુમાર મુનિએ સાગરદત્ત મુનિ પાસે જઈને પોતાના પૂર્વભવ સાંભળી સંસારથી વિરક્ત થઈ ઘરમાં જ સ્ત્રીઓની નિકટ રહી અસીધારાવ્રત—પરમબ્રહ્મચર્યવ્રત પાળતા થકા બાર વર્ષ તપ કરી અંતમાં સંન્યાસમરણ કરી બ્રહ્મકલ્પમાં વિદ્યુન્માલી દેવ થયા. ત્યાંથી ચ્યવીને જમ્બૂકુમાર થઈને દીક્ષા લઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ ગયા. આ પ્રમાણે ભાવમુનિ શિવકુમારે મોક્ષને પ્રાપ્ત કર્યો. આ કથા વિસ્તારથી જમ્બૂચરિત્રમાં છે ત્યાંથી જાણવી. આ રીતે ભાવલિંગ પ્રધાન છે. ૫૧.

હવે શાસ્ત્ર પણ વાંચ્યા પરંતુ સમ્યગ્દર્શનાદિરૂપ ભાવવિશુદ્ધિ ન હોય તો સિદ્ધિને પ્રાપ્ત કરી શકતું નથી તેનું ઉદાહરણ અભવ્યસેનનું કહે છે :—

**केवलिजिणपण्णत्तं[1] एयादसअंग सयलसुयणाणं।**
**पढिओ अभव्वसेणो ण भावसवणत्तणं पत्तो।।५२।।**

केवलिजिनप्रज्ञप्तं एकादशांगं सकलश्रुतज्ञानम्।
पठितः अभव्यसेनः न भावश्रमणत्वं प्राप्तः।।५२।।

---

૧. મુદ્રિત સંસ્કૃત સટીક પ્રતિમા આ ગાથા આ પ્રમાણે છે :—

अंगाइं दस य दुण्णि य चउदसपुव्वाइं सयलसुयणाणं।
पढिओ अभव्वसेणो ण भावसवणत्तणं पत्तो।।५२।।
अंगानि दश च द्वे च चतुर्दशपूर्वाणि सकलश्रुतज्ञानम्।
पठितश्च अभव्यसेनः न भावश्रमणत्वं प्राप्तः।।५२।।

જિનવરકથિત એકાદશાંગમયી સકલ શ્રુતજ્ઞાનને
ભણવા છતાંય અભવ્યસેન ન પ્રાપ્ત ભાવમુનિત્વને. ૫૨.

**અર્થ** :—અભવ્યસેન નામના દ્રવ્યલિંગી મુનિએ કેવળી ભગવાન દ્વારા ઉપદિષ્ટ અગિયાર અંગ વાંચ્યા અને અગિયાર અંગને પૂર્ણ શ્રુતજ્ઞાન કહેવાય છે કારણ કે આટલું ભણેલાને અર્થની અપેક્ષાએ પૂર્ણ શ્રુતજ્ઞાન પણ થઈ જાય છે. અભવ્યસેન આટલું ભણ્યો તોપણ ભાવ શ્રમણપણાને પ્રાપ્ત ન થયો.

**ભાવાર્થ** :—અહીં એવો આશય છે કે કોઈ માને કે બાહ્યક્રિયામાત્રથી તો સિદ્ધિ નથી પરંતુ શાસ્ત્ર ભણવાથી તો સિદ્ધિ છે. આવું જાણવું પણ સત્ય નથી. કારણ કે શાસ્ત્ર ભણવામાત્રથી પણ સિદ્ધિ નથી—અભવ્યસેન દ્રવ્યમુનિ પણ થયા અને અગિયાર અંગ સુધી ભણ્યા તોપણ જિનવચનની પ્રતીતિ ન થઈ તેથી ભાવલિંગને ન પામ્યા. અભવ્યસેનની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે ત્યાંથી જાણવી. ૫૨

હવે શાસ્ત્ર ભણ્યા વિના શિવભૂતિ મુનિ તુષમાસને ગોખતા જ ભાવની વિશુદ્ધિને પામી મોક્ષ પામ્યા તેમનું ઉદાહરણ કહે છે :—

तुसमासं घोसंतो भावविसुद्धो महाणुभावो य।
णामेण य सिवभूई केवलणाणी फुडं जाओ।।५३।।

तुषमाषं घोषयन् भावविशुद्धः महानुभावश्च।
नाम्ना च शिवभूतिः केवलज्ञानी स्फुटं जातः।।५३।।

શિવભૂતિનામક ભાવશુદ્ધ મહાનુભાવ મુનિવરા
'તુષમાષ' પદને ગોખતા પામ્યા પ્રગટ સર્વજ્ઞતા. ૫૩.

**અર્થ** :—આચાર્ય કહે છે કે શિવભૂતિ મુનિએ શાસ્ત્ર વાંચ્યા નહોતા પરંતુ તુષમાસ એવા શબ્દોને રટતા થકા ભાવોની વિશુદ્ધતાથી મહાનુભાવ થઈને કેવળજ્ઞાન પામ્યા. આ પ્રગટ છે.

**ભાવાર્થ** :—કોઈ જાણશે કે શાસ્ત્ર વાંચવાથી સિદ્ધિ છે તો એમ પણ નથી. શિવભૂતિ મુનિએ તુષમાસ એવા શબ્દમાત્ર રટવાથી ભાવોની વિશુદ્ધતાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તેની કથા આ પ્રમાણે છે—એક શિવભૂતિ નામના મુનિ હતા તે ગુરુ પાસે શાસ્ત્ર તો ભણ્યા પરંતુ યાદ ન રહ્યા. ત્યારે ગુરુએ એવા શબ્દો ભણાવ્યા કે 'મા રુષ મા તુષ' તેઓ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ શબ્દો ગોખવા લાગ્યા. તેનો અર્થ એમ છે કે કે રોષ ન કર, તોષ ન કર અર્થાત્ રાગ-દ્વેષ ન કર તેનાથી સર્વ સિદ્ધિ છે.

આમ છતાં તે શબ્દો પણ યાદ ન રહ્યા ત્યારે તુષ માસ એવો પાઠ ગોખવા લાગ્યા. બંને પદોનું રુકાર અને તુકાર ભૂલી ગયા. અને તુષ-માસ એ પ્રમાણે યાદ રહી ગયું. તેઓ આ પ્રમાણે ગોખતા વિચારવા લાગ્યા ત્યારે કોઈ એક સ્ત્રી અડદની દાળ ધોઈ રહી હતી તે સ્ત્રીને કોઈએ પૂછ્યું તું શું કરી રહી છે ત્યારે તે સ્ત્રીએ કહ્યું તુષ અને માસ જુદા જુદા કરી રહી છું, ત્યારે આવું સાંભળીને મુનિએ તુષમાસ નો એવો ભાવ જાણ્યો કે આ શરીર તો તુષ છે અને આ આત્મા માષ છે. તે બંને ભિન્ન-ભિન્ન છે આ પ્રમાણે ભાવ જાણી આત્માનો અનુભવ કરવા લાગ્યા. ચિન્માત્ર શુદ્ધાત્માને જાણી તેમાં લીન થયા ત્યારે ઘાતીકર્મનો નાશ કરી કેવળજ્ઞાનને પામ્યા. આ પ્રમાણે ભાવની વિશુદ્ધતાથી સિદ્ધિ થયેલી જાણી ભાવશુદ્ધ કરવો એવો ઉપદેશ છે. ૫૩.

હવે આ જ અર્થને સામાન્યરૂપથી કહે છે :—

**भावेण होइ णग्गो बाहिरलिंगेण किं च णग्गेण।**
**कम्मपयडीण णियरं णासइ भावेण दव्वेण॥५४॥**

भावेन भवति नग्नः बहिर्लिंगेन किं च नग्नेन।
कर्मप्रकृतीनां निकरं नाशयति भावेन द्रव्येण॥५४॥

**નગ્નત્વ તો છે ભાવથી; શું નગ્ન બાહિર-લિંગથી?**
**રે! નાશ કર્મસમૂહ કેરો હોય ભાવથી દ્રવ્યથી. ૫૪.**

**અર્થ** :—ભાવથી નગ્નપણું હોય છે બાહ્ય નગ્નલિંગથી શું કાર્ય થાય છે અર્થાત્ કંઈ થતું નથી કારણ કે ભાવસહિત દ્રવ્યલિંગથી કર્મપ્રકૃતિના સમૂહનો નાશ થાય છે.

**ભાવાર્થ** :—આત્માને કર્મપ્રકૃતિના નાશથી નિર્જરા તથા મોક્ષનું થવું તે કાર્ય છે. આ કાર્ય દ્રવ્યલિંગથી થતું નથી. ભાવસહિત દ્રવ્યલિંગ હોતા કર્મની નિર્જરા નામનું કાર્ય થાય છે. કેવળ દ્રવ્યલિંગથી થતું નથી, તેથી ભાવસહિત દ્રવ્યલિંગ ધારણ કરવાનો ઉપદેશ છે. ૫૪.

હવે આ જ અર્થને દૃઢ કરે છે :—

૧. માકાર, એવો પાઠ સુસંગત છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

णग्गत्तणं अकज्जं भावणरहियं जिणेहिं पण्णत्तं।
इय णाऊण य णिच्चं भाविज्जहि अप्पयं धीर॥५५॥

नग्नत्वं अकार्यं भावरहितं जिनैः प्रज्ञप्तम्।
इति ज्ञात्वा नित्यं भावयेः आत्मानं धीर!॥५५॥

નગ્નત્વ ભાવવિહીન ભાખ્યું અકાર્ય દેવ જિનેશ્વરે,
—ઈમ જાણીને હે ધીર! નિત્યે ભાવ તું નિજ આત્મને. ૫૫.

**અર્થ** :—ભાવરહિત નગ્ન તો અકાર્ય છે. કાંઈપણ કાર્યકારી નથી. એવું જિનેન્દ્ર ભગવાને કહ્યું છે આમ જાણીને હે ધીર! ધૈર્યવાન મુનિ નિરંતર નિત્ય આત્માની જ ભાવના કર.

**ભાવાર્થ** :—આત્માની ભાવના વિના કેવળ નગ્નત્વ કોઈ કાર્ય કરવાવાળું નથી. તેથી ચિદાનંદ સ્વરૂપ આત્માની જ ભાવના નિરંતર કરવી. આત્માની ભાવના સહિત નગ્નત્વ સફળ થાય છે. ૫૫.

હવે શિષ્ય પૂછે છે કે ભાવલિંગને પ્રધાન કરી નિરૂપણ કર્યું તે ભાવલિંગ કેવું છે? તેનું સમાધાન કરવા માટે ભાવલિંગનું નિરૂપણ કરે છે :—

देहादिसंगरहिओ माणकसाएहिं सयलपरिचत्तो।
अप्पा अप्पम्मि रओ स भावलिंगी हवे साहू॥५६॥

देहादिसंगरहितः मानकषायैः सकलपरित्यक्तः।
आत्मा आत्मनि रतः स भावलिंगी भवेत् साधु॥५६॥

દેહાદિસંગવિહીન છે, વર્જ્યા સકળ માનાદિ છે,
આત્મા વિષે રત આત્મ છે, તે ભાવલિંગી શ્રમણ છે. ૫૬.

**અર્થ** :—ભાવલિંગી સાધુ આવા હોય છે—દેહાદિક પરિગ્રહોથી રહિત હોય છે, તથા માનકષાયથી રહિત હોય છે અને આત્મામાં લીન હોય છે. તે જ આત્મા ભાવલિંગી (મુનિ) છે.

**ભાવાર્થ** :—આત્માના સ્વાભાવિક પરિણામને ભાવ કહે છે તે રૂપ લિંગ(ચિહ્ન-લક્ષણ તથા રૂપ હોય તે ભાવલિંગ છે. આત્મા અમૂર્તિક ચેતનારૂપ છે તેના પરિણામ

દર્શન-જ્ઞાન છે, તેમાં કર્મના નિમિત્તથી (પરાશ્રય કરવાથી) બાહ્ય તો શરીરાદિક મૂર્તિક પદાર્થોનો સંબંધ છે અને અંતરંગ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આદિ કષાયોના ભાવ છે. તેથી કહે છે કે :—

બાહ્ય તો દેહાદિક પરિગ્રહથી રહિત અન્યને અંતરંગ રાગાદિક પરિણામમાં અહંકારરૂપ માન-કષાય, પરભાવોમાં પોતાપણું માનવું એવા ભાવથી રહિત હોય, પોતાના દર્શન-જ્ઞાનરૂપ ચેતનાભાવમાં લીન હોય તે ભાવલિંગ છે. જેને આ પ્રકારના ભાવ હોય તે ભાવલિંગી સાધુ છે. ૫૬.

હવે આ જ અર્થને સ્પષ્ટ કરે છે :—

ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।
आलंबणं च मे आदा अवसेसाइं वोसरे॥५७॥

ममत्वं परिवर्जामि निर्ममत्वमुपस्थितः।
आलंबनं च मे आत्मा अवशेषानि व्युत्सृजामि॥५७॥

પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૫૭.

**અર્થ** :—ભાવલિંગી મુનિના આવા ભાવો હોય છે—હું પરદ્રવ્ય અને પરભાવોથી મમત્વને (પોતાના માનવું) છોડું છું અને મારો નિજભાવ જે મમત્વરહિત છે તેને અંગીકાર કરી સ્થિત થાઉં છું. હવે મને આત્માનું જ અવલંબન છે અન્ય બધાને છોડું છું.

**ભાવાર્થ** :—સર્વે પરદ્રવ્યનું આલંબન છોડીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત થાય એવું ભાવલિંગ છે. ૫૭.

હવે કહે છે કે જ્ઞાન, દર્શન, સંયમ, ત્યાગ, સંવર અને યોગ આ ભાવો ભાવલિંગી મુનિને હોય છે તેઓ અનેક પ્રકારના હોવા છતાં આત્મા જ છે તેથી તેમનાથી પણ અભેદનો અનુભવ કરે છે :—

आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।
आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे॥५८॥

आत्मा खलु मम ज्ञाने आत्मा मे दर्शन चरित्रे च।
आत्मा प्रत्याख्याने आत्मा मे संवरे योगे॥५८॥

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૫૮.**

**અર્થ :—**ભાવલિંગી મુનિ વિચારે છે કે મારું જ્ઞાન ભાવપ્રગટ છે તેમાં આત્માની જ ભાવના છે. જ્ઞાન કોઈ ભિન્ન વસ્તુ નથી. જ્ઞાન છે તે આત્મા જ છે. આ પ્રમાણે દર્શનમાં પણ આત્મા જ છે, જ્ઞાનમાં સ્થિર રહેવું ચારિત્ર છે, તેમાં પણ આત્મા જ છે, પ્રત્યાખ્યાન (એટલે કે શુદ્ધ નિશ્ચયના વિષયભૂત સ્વદ્રવ્યના આલંબનબળથી) આગામી પરદ્રવ્યનો સંબંધ છૂટે છે તે ભાવમાં પણ આત્મા જ છે. 'સંવર' જ્ઞાનરૂપ રહેવું અને પરદ્રવ્યના ભાવરૂપ ન પરિણમવું તે છે. આ ભાવમાં પણ મારો આત્મા છે અને યોગનો અર્થ એકાગ્ર ચિંતારૂપ સમાધિ—ધ્યાન છે. આ ભાવામાં પણ મારો આત્મા છે.

**ભાવાર્થ :—**જ્ઞાનાદિ કાંઈ ભિન્ન પદાર્થ તો છે નહીં, આત્માના જ ભાવ છે સંજ્ઞા-સંખ્યા-લક્ષણ અને પ્રયોજનના ભેદથી ભિન્ન કહેવાય છે, ત્યાં અભેદદૃષ્ટિથી જોઈએ તો આ બધા ભાવ આત્મા જ છે, તેથી ભાવલિંગી મુનિને અભેદ અનુભવમાં વિકલ્પ નથી. તેથી નિર્વિકલ્પ અનુભવથી સિદ્ધિ છે એમ જાણી નિર્વિકલ્પ અનુભવ કરે છે. ૫૮.

હવે આ જ અર્થને દૃઢ કરતા થકા કહે છે :—

( अनुष्टुप् श्लोक )

**एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा॥५९॥**

एकः मे शाश्वतः आत्मा ज्ञानदर्शन लक्षणः।
शेषाः मे बाह्याः भावाः सर्वे संयोगलक्षणाः॥५९॥

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૫૯.**

**અર્થ :—**ભાવલિંગી મુનિ વિચારે છે કે જ્ઞાન-દર્શન-લક્ષણરૂપ અને શાશ્વત એટલે કે નિત્ય એવો આત્મા છે તે જ એક મારો છે. બાકીના ભાવો મારાથી ભિન્ન છે તે બધા જ સંયોગસ્વરૂપ છે, પરદ્રવ્ય છે.

**ભાવાર્થ** :—જ્ઞાન-દર્શન સ્વરૂપ નિત્ય એક આત્મા છે તે તો મારું એક સ્વરૂપ છે અને અન્ય પરદ્રવ્ય છે તે મારાથી બાહ્ય છે, બધા સંયોગસ્વરૂપ છે, ભિન્ન છે એવી ભાવના ભાવલિંગી મુનિને હોય છે. ૫૯.

હવે કહે છે કે જે મોક્ષને ઈચ્છે તે આ રીતે આત્માની ભાવના કરે :—

भावेह भावसुद्धं अप्पा सुविसुद्धणिम्मलं चेव।
लहु चउगइ चइऊणं जइ इच्छह सासयं सुक्खं।।६०।।

भावय भावशुद्धं आत्मानं सुविशुद्धनिर्मलं चैव।
लघु चतुर्गति च्युत्वा यदि इच्छसि शाश्वतं सौख्यम्।।६०।।

તું શુદ્ધ ભાવે ભાવ રે! સુવિશુદ્ધ નિર્મળ આત્મને,
જો શીઘ્ર ચઉગતિમુક્ત થઈ ઇચ્છે સુશાશ્વત સૌખ્યને. ૬૦.

**અર્થ** :—હે મુનિજનો! જો ચારગતિરૂપ અર્થાત સંસારથી છૂટીને શીઘ્ર શાશ્વતસુખરૂપ મોક્ષને તમે ઈચ્છો તો જે પ્રમાણે ભાવથી શુદ્ધ થવાય એવા અતિશય વિશુદ્ધ નિર્મળ આત્માને ભાવો.

**ભાવાર્થ** :—જો સંસારથી નિવૃત્ત થઈ મોક્ષને ઈચ્છો તો દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત શુદ્ધાત્માને ભાવો, આવો ઉપદેશ છે. ૬૦.

હવે કહે છે કે જે આત્માને ભાવે તે આત્માના સ્વભાવને જાણીને ભાવે તે જ મોક્ષ પામે છે :—

जो जीवो भावंतो जीवसहावं सुभावसंजुत्तो।
सो जरमरणविणासं कुणइ फुडं लहइ णिव्वाणं।।६१।।

यः जीवः भावयन् जीवस्वभावं सुभावसंयुक्तः।
सः जरामरणविनाशं करोति स्फुटं लभते निर्वाणम्।।६१।।

જે જીવ જીવસ્વભાવને ભાવે, સુભાવે પરિણમે,
જર-મરણનો કરી નાશ તે નિશ્ચય લહે નિર્વાણને. ૬૧.

**અર્થ** :—જે ભવ્ય પુરુષ જીવને ભાવતો થકો ભલાભાવોથી સંયુક્ત થઈ જીવના સ્વભાવને જાણીને ભાવે તે જરા-મરણનો વિનાશ કરી પ્રગટ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—'જીવ' એવું નામ તો લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ તેનો સ્વભાવ કેવો છે આવું યથાર્થ જ્ઞાન લોકોને નથી અને મતાંતરના દોષોથી તેનું સ્વરૂપ વિપર્યય થઈ રહ્યું છે, તેથી તેનું યથાર્થ સ્વરૂપ જાણીને ભાવના કરે છે તે સંસારથી નિવૃત્ત થઈ મોક્ષને પામે છે. ૬૧.

હવે જીવનું સ્વરૂપ સર્વજ્ઞદેવે કહ્યું છે એ પ્રમાણે કહે છે :—

**जीवो जिणपण्णत्तो णाणसहाओ य चेयणासहिओ।**
**सो जीवो णायव्वो कम्मक्खयकरणणिम्मित्तो ॥६२॥**

जीवः जिनप्रज्ञप्तः ज्ञानस्वभावः च चेतनासहितः।
सः जीवः ज्ञातव्यः कर्मक्षयकरणनिमित्तः ॥६२॥

**છે જીવ જ્ઞાનસ્વભાવ ને ચૈતન્યયુત—ભાખ્યું જિને;**
**એ જીવ છે જ્ઞાતવ્ય, કર્મવિનાશકરણનિમિત્ત જે. ૬૨.**

**અર્થ** :—સર્વજ્ઞદેવે જીવનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે, જીવ છે તે ચેતના સહિત છે અને જ્ઞાનસ્વભાવી છે. આ પ્રમાણે જીવની ભાવના કરવી તે કર્મના ક્ષયનું નિમિત્ત જાણવું જોઈએ.

**ભાવાર્થ** :—જીવને ચેતના સહિત કહેવાથી ચાર્વાક મતવાળા જીવને ચેતના સહિત માનતા નથી તેમના મતનું નિરાકરણ છે. જ્ઞાનસ્વભાવ વિશેષણથી, સાંખ્યમતી જ્ઞાનને પ્રધાન ધર્મ માને છે. જીવને ઉદાસીન નિત્ય ચેતનારૂપ માને છે તેમનું નિરાકરણ છે. નૈયાયિક મતી ગુણ-ગુણીના ભેદને માની જ્ઞાનને સદા ભિન્ન માને છે તે મતનું નિરાકરણ છે. આ પ્રમાણે સર્વજ્ઞદેવે કહેલા સ્વરૂપની ભાવના તે કર્મના ક્ષયનું નિમિત્ત થાય છે. અન્ય પ્રકાર તે મિથ્યાભાવ છે. ૬૨.

હવે કહે છે કે જે પુરુષ જીવનું અસ્તિત્વ માને છે તે [૧]સિદ્ધ થાય છે :—

**जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तत्थ।**
**ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा ॥६३॥**

---

* સિદ્ધ-મુક્ત-પરમાત્મદશાને પ્રાપ્ત.

येषां जीवस्वभावः नास्ति अभावः च सर्वथा तत्र।
ते भवन्ति भिन्नदेहाः सिद्धाः वचोगोचरातीताः।।६३।।

'સત્' હોય જીવસ્વભાવ ને ન 'અસત્' સરવથા જેમને,
તે દેહવિરહિત વચનવિષયાતીત સિદ્ધપણું લહે. ૬૩.

**અર્થ** :—જે ભવ્યજીવોના અભિપ્રાયમાં જીવ નામનો પદાર્થ સદ્ભાવરૂપ છે અને સર્વથા અભાવરૂપ નથી તે ભવ્ય જીવો દેહથી ભિન્ન તથા વચનગોચરાતીત સિદ્ધ થાય છે

**ભાવાર્થ** :—જીવ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. કથંચિત્ અસ્તિસ્વરૂપ છે, કથંચિત્ નાસ્તિસ્વરૂપ છે, પર્યાય અનિત્ય છે, આ જીવને કર્મના નિમિત્તે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નરક પર્યાય થાય છે. તેનો કદાચિત્ અભાવ જોઈને જીવનો સર્વથા અભાવ માને છે. તેમને સંબોધન કરવા માટે એવું કહ્યું છે કે જીવનો દ્રવ્યદૃષ્ટિથી નિત્ય સ્વભાવ છે. જે પર્યાયનો અભાવ થતા જીવનો સર્વથા અભાવ માનતા નથી તે દેહથી ભિન્ન થઈને સિદ્ધ પરમાત્મા થાય છે. તે સિદ્ધ વચનગોચર નથી. જે દેહને નષ્ટ થતો જોઈ જીવનો સર્વથા નાશ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તે સિદ્ધ પરમાત્મા કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. ૬૩.

હવે કહે છે કે જીવનું સ્વરૂપ વચનથી અગોચર છે અને અનુભવગમ્ય છે, તે આ પ્રમાણે છે :—

अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।६४।।

अरसमरूपमगंधं अव्यक्तं चेतनागुणं अशब्दम्।
जानीहि अलिंगग्रहणं जीवं अनिर्दिष्टसंस्थानम्।।६४।।

જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૬૪.

**અર્થ** :—હે ભવ્ય! તું જીવના સ્વરૂપને આ પ્રમાણે જાણ, તે કેવું છે? '**અરસ**' એટલે કે પાંચ પ્રકારના ખાટા, મીઠા, કડવા, તૂરા અને ખારા રસથી રહિત છે. કાળો, પીળો, લાલ, સફેદ અને લીલા આ પ્રમાણે અરૂપ એટલે કે પાંચ પ્રકારના રૂપથી રહિત છે. બે પ્રકારની ગંધથી રહિત છે. અવ્યક્ત એટલે કે ઇન્દ્રિયોને ગોચર-વ્યક્ત નથી.

ચેતનાગુણવાળો છે. અશબ્દ અર્થાત્ શબ્દ રહિત છે. અલિંગગ્રહણ અર્થાત્ જેનું કોઈ ચિહ્ન ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ થતું નથી. અનિર્દિષ્ટ સંસ્થાન એટલે કે ચોરસ, ગોળ વગેરે કોઈપણ આકાર તેનો કહી શકાતો નથી. આવો જીવ જાણો.

**ભાવાર્થ** :—રસ, રૂપ, ગંધ, શબ્દ તે તો પુદ્ગલના ગુણો છે, તેના નિષેધરૂપ જીવ કહેવામાં આવ્યો. અવ્યક્ત અલિંગગ્રહણ, અનિર્દિષ્ટ સંસ્થાન કહ્યું આ પ્રકાર પણ પુદ્ગલના સ્વભાવની અપેક્ષાએ નિષેધરૂપે જ જીવના છે. ચેતનાગુણ કહ્યો તે જીવનું વિધિરૂપ લક્ષણ છે. નિષેધ અપેક્ષાએ તો વચનથી અગોચર જાણવો અને વિધિ અપેક્ષાએ સ્વસંવેદનગોચર જાણવો. આ પ્રમાણે જીવનું સ્વરૂપ જાણી અનુભવગોચર કરવું. આ ગાથા સમયસારમાં ૪૯, પ્રવચનસારમાં ૧૭૨, નિયમસારમાં ૪૬, પંચાસ્તિકાયમાં ૧૨૭, ધવલા ટીકા ભાગ-૩ પાનું ૨, લઘુદ્રવ્યસંગ્રહ ગાથા-૫માં પણ છે. ત્યાં આનું વ્યાખ્યાન ટીકાકારે વિશેષરૂપે કર્યું છે તે ત્યાંથી જાણવું જોઈએ. ૬૪.

હવે જીવનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ ભાવવાનું કહ્યું તે જ્ઞાન કેટલા પ્રકારનું માનવામાં આવ્યું તે કહે છે :—

भावहि पंचपयारं णाणं अण्णाणणासणं सिग्घं।
भावणभावियसहिओ दिवसिवसुहभायणो[1] होइ ।।६५।।

भावय पंचप्रकारं ज्ञानं अज्ञाननाशनं शीघ्रम्।
भावनाभावितसहितः दिवशिवसुखभाजन भवति।।६५।।

તું ભાવ ઝટ અજ્ઞાનનાશન જ્ઞાન પંચપ્રકાર રે!
એ ભાવનાપરિણત સ્વરગ-શિવસૌખ્યનું ભાજન બને. ૬૫.

**અર્થ** :—હે ભવ્યજન! તું આ જ્ઞાન પાંચ પ્રકારે ભાવ. કેવું છે આ જ્ઞાન? અજ્ઞાનનું નાશ કરવાવાળું છે. કેવો થઈને ભાવ ? ભાવનાથી ભાવિત જે ભાવ તે સહિત ભાવ. શીઘ્ર ભાવ તેથી તું દિવ (સ્વર્ગ) અને શિવ (મોક્ષ)ને પાત્ર થઈશ.

**ભાવાર્થ** :—જો કે જ્ઞાન જાણનસ્વભાવથી એક પ્રકારનું છે, તોપણ કર્મના ક્ષયોપશમ અને ક્ષયની અપેક્ષાએ પાંચ પ્રકારનું છે, તેમાં મિથ્યાત્વભાવની અપેક્ષાએ મતિ-શ્રુત અને અવધિ આ ત્રણ મિથ્યાજ્ઞાન પણ કહેવાય છે, તેથી મિથ્યાજ્ઞાનનો અભાવ

૧. 'भायेण' પાઠાન્તર 'भायणो'

કરવા માટે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય અને કેવળજ્ઞાનસ્વરૂપ પાંચ પ્રકારના સમ્યગ્જ્ઞાનને જાણી તેને ભાવવું. પરમાર્થથી વિચારતા જ્ઞાન એક જ પ્રકારનું છે, આ જ્ઞાનની ભાવના સ્વર્ગ-મોક્ષની દાતા છે. ૬૫.

હવે કહે છે કે વાંચવું, સાંભળવું પણ ભાવ વિના કાંઈ નથી :—

पढिएण वि किं कीरइ किं वा सुणिएण भावरहिएण।
भावो कारणभूदो सायारणयारभूदाणं।।६६।।

पठितेनापि किं क्रियते किं वा श्रुतेन भावरहितेन।
भावः कारणभूतः सागारानगारभूतानाम्।।६६।।

રે! પઠન તેમ જ શ્રવણ ભાવવિહીનથી શું સધાય છે?
સાગાર-અણગારત્વના કારણસ્વરૂપે ભાવ છે. ૬૬.

**અર્થ** :—ભાવરહિત વાંચવા સાંભળવાથી શું લાભ થાય છે? એટલે કે તે કાંઈપણ કાર્યકારી નથી, તેથી શ્રાવકત્વ તથા મુનિત્વના કારણભૂત ભાવ જ છે.

**ભાવાર્થ** :—મોક્ષમાર્ગમાં એકદેશ, સર્વદેશ વ્રતોની પ્રવૃત્તિરૂપ મુનિ શ્રાવકપણું છે તે બંનેના કારણભૂત નિશ્ચય સમ્યગ્દર્શનાદિ ભાવ છે. ભાવ વિના વ્રત ક્રિયાની કથની કાંઈપણ કાર્યકારી નથી. તેથી એવો ઉપદેશ છે કે ભાવ વિના વાંચવા સાંભળવા વગેરેથી શું થાય? કેવળ ખેદ માત્ર છે, તેથી ભાવસહિત જે કાંઈપણ કરાય તે સફળ છે. અહીં એવો આશય છે કે કોઈ જાણે કે—વાંચવું સાંભળવું જ જ્ઞાન છે, તો એમ નથી. વાંચી-સાંભળીને પોતાને જ્ઞાનસ્વરૂપ જાણી અનુભવ કરે ત્યારે ભાવ જણાય છે, તેથી વારંવાર ભાવનાથી ભાવ લગાવવાથી સિદ્ધિ છે. ૬૬.

હવે કહે છે કે જો બાહ્ય નગ્નપણાથી જ સિદ્ધિ હોય તો નગ્ન તો બધા જ છે :—

दव्वेण सयल णग्गा णारयतिरिया य सयलसंघाया।
परिणामेण असुद्धा ण भावसवणत्तणं पत्ता।।६७।।

द्रव्येण सकला नग्नाः नारकतिर्यंचश्च सकलसंघाताः।
परिणामेन अशुद्धाः न भावश्रमणत्वं प्राप्ताः।।६७।।

છે નગ્ન તો તિર્યંચ-નારક સર્વ જીવો દ્રવ્યથી;
પરિણામ છે નહિ શુદ્ધ જ્યાં ત્યાં ભાવશ્રમણપણું નથી. ૬૭.

**અર્થ** :—દ્રવ્યથી બાહ્યમાં તો સર્વે પ્રાણીઓ નગ્ન હોય છે. નારકી જીવો અને તિર્યંચ જીવો તો નિરંતર વસ્ત્રાદિથી રહિત નગ્ન જ રહે છે. 'સકલસંઘાત' કહેવાથી અન્ય મનુષ્યો વગેરે પણ કારણ પામીને નગ્ન થાય છે, તોપણ તેઓ પરિણામોથી અશુદ્ધ છે તેથી ભાવ શ્રમણપણાને પ્રાપ્ત થતા નથી.

**ભાવાર્થ** :—જો નગ્ન રહેવાથી જ મુનિલિંગ હોય તો નારકી, તિર્યંચ વગેરે સર્વ જીવ સમૂહ નગ્ન રહે છે, તે બધા જ મુનિ ગણાય, તેથી મુનિપણું તો ભાવશુદ્ધ થતા જ થાય છે. અશુદ્ધભાવ હોતા દ્રવ્યથી નગ્નપણું હોય તો ભાવમુનિપણું પ્રાપ્ત થતું નથી. ૬૭.

હવે આ જ અર્થને દ્રઢ કરવા માટે કેવળ નગ્નપણાની નિષ્ફળતા બતાવે છે :—

णग्गो पावइ दुक्खं णग्गो संसारसायरे भमइ।
णग्गो ण लहइ बोहिं जिणभावणवज्जिओ सुइरं।।६८।।

नग्नः प्राप्नोति दुःखं नग्नः संसारसागरे भ्रमति।
नग्नः न लभते बोधिं जिनभावनावर्जितः सुचिरं।।६८।।

તે નગ્ન પામે દુઃખને, તે નગ્ન ચિર ભવમાં ભમે,
તે નગ્ન બોધિ લહે નહીં, જિનભાવના નહિ જેહને. ૬૮.

**અર્થ** :—નગ્ન સદા દુઃખ પામે છે, નગ્ન સદા સંસારસમુદ્રમાં ભ્રમણ કરે છે અને નગ્ન બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વાનુભવને પ્રાપ્ત કરતો નથી. કેવો છે તે નગ્ન? જે જિનભાવનાથી રહિત છે.

**અર્થ** :—જિન ભાવના જે સમ્યગ્દર્શનભાવના તેનાથી રહિત જે જીવો છે તે નગ્ન પણ રહે તો બોધિ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગને પામતા નથી. તેથી સંસાર સમુદ્રમાં ભ્રમણ કરતાં થકા દુઃખને જ પામે છે. તથા વર્તમાનમાં પણ જે પુરુષ નગ્ન હોય તે દુઃખને જ પામે છે. સુખ તો ભાવમુનિ નગ્ન હોય તે જ પામે છે. ૬૮.

હવે આ જ અર્થને દ્રઢ કરવા માટે કહે છે જે દ્રવ્યનગ્ન થઈને મુનિ કહેડાવે તેનો અપયશ થાય છે :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अयसाण भायणेण य किं ते णग्गेण पावमलिणेण।
पेसुण्णहासमच्छरमायाबहुलेण सवणेण॥६९॥

अयशसां भाजनेन च किं ते नग्नेन पापमलिनेन।
पैशून्यहासमत्सरमायाबहुलेन श्रमणेन॥६९॥

શું સાધ્ય તારે અયશભાજન પાપયુત નગ્નત્વથી,
—બહુ હાસ્ય-મત્સર-પિશુનતા-માયાભર્યા શ્રમણત્વથી? ૬૯.

**અર્થ** :—હે મુને! તને આવા નગ્નપણાથી તથા મુનિપણાથી શું સાધ્ય છે? કેવું છે તે મુનિપણું?– 'પૈશૂન્ય' અર્થાત્ બીજાના દોષ કહેવાનો સ્વભાવ. હાસ્ય એટલે કે બીજાની મજાક કરવાનો સ્વભાવ. 'મત્સર' એટલે કે પોતાના બરાબરીવાળા સાથે ઈર્ષ્યા રાખી બીજાને નીચા કરવાની બુદ્ધિ. 'માયા' એટલે કે કુટિલ પરિણામ. આ બધા ભાવો તેનામાં પ્રચુરતાથી હોય છે. તેથી તે પાપથી મલિન છે અને અયશ અર્થાત્ અપકીર્તિનું ભાજન છે.

**ભાવાર્થ** :—પૈશૂન્ય વગેરે પાપોથી મલિન આ પ્રકારના નગ્નસ્વરૂપ મુનિપણાથી શું સાધ્ય છે? તે ઉલટું અપકીર્તિનું ભાજન થઈને વ્યવહારધર્મની મજાક કરાવવાવાળું હોય છે. તેથી ભાવલિંગી હોવું યોગ્ય છે. ૬૯.

હવે આ પ્રમાણે ભાવલિંગી થવાનો ઉપદેશ કરે છે :—

पयडहिं जिणवरलिंगं अब्भिंतरभावदोसपरिसुद्धो।
भावमलेण य जीवो बाहिरसंगम्मि मयलियइ॥७०॥

प्रकटय जिनवरलिंगं अभ्यन्तरभावदोषपरिशुद्धः।
भावमलेन च जीवः बाह्यसंगे मलिनयति॥७०॥

થઈ શુદ્ધ આંતર-ભાવમળવિણ, પ્રગટ કર જિનલિંગને;
જીવ ભાવમળથી મલિન બાહિર-સંગમાં મલિનિત બને. ૭૦.

**અર્થ** :—હે આત્મન્! તું અભ્યંતર ભાવદોષોથી અત્યંત શુદ્ધ એવું જિનવરલિંગ એટલે કે બાહ્ય નિર્ગ્રંથલિંગ પ્રગટ કર. ભાવશુદ્ધિ વિના દ્રવ્યલિંગ બગડી જશે. કારણ કે ભાવમલિન જીવ બાહ્ય પરિગ્રહમાં મલિન હોય છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ભાવાર્થ** :—જો ભાવશુદ્ધ કરી દ્રવ્યલિંગ ધારણ કરે તો ભ્રષ્ટ ન થાય અને ભાવમલિન હોય તો બાહ્ય પરિગ્રહની સંગતિથી દ્રવ્યલિંગ પણ બગાડે. તેથી મુખ્યરૂપે ભાવલિંગનો જ ઉપદેશ છે. વિશુદ્ધ ભાવો વિના બાહ્યવેશ ધારણ કરવો યોગ્ય નથી. ૭૦.

હવે કહે છે કે જે ભાવરહિત નગ્ન મુનિ છે, તે હાસ્યનું સ્થાન છે :—

धम्मम्मि णिप्पवासो दोसावासो य [१]उच्छुफुल्लसमो।
णिप्फलणिग्गुणयारो णडसवणो णग्गरूवेण।।७१।।

धर्मे निप्रवासः दोषावासः च इक्षुपुष्पसमः।
निष्फलनिर्गुणकारः नटश्रमणः नग्नरूपेण।।७१।।

નગ્નત્વધર પણ ધર્મમાં નહિ વાસ, દોષાવાસ છે,
તે ઇક્ષુફૂલસમાન નિષ્ફળ-નિર્ગુણી, નટશ્રમણ છે. ૭૧.

**અર્થ** :—ધર્મ અર્થાત્ પોતાનો સ્વભાવ. તથા દશલક્ષણ સ્વરૂપમાં જેનો વાસ નથી તે જીવ દોષોનો આવાસ છે એટલે કે તેમાં દોષ રહે છે, તે ઈક્ષુના ફૂલ સમાન છે કે જેને ન તો કાંઈ ફળ લાગે છે અને ન તેમાં સુગંધ ગુણ પણ પ્રાપ્ત થાય છે. તેથી એવો મુનિ તો નગ્નરૂપ કરી નટશ્રમણ અર્થાત્ નાચવાવાળા બહુરૂપી સ્વાંગ સમાન છે.

**ભાવાર્થ** :—જેમાં ધર્મની વાસના નથી, તેમાં ક્રોધાદિક દોષ રહે છે, જો તે દિગંબર રૂપ ધારણ કરે તો તે મુનિ ઈક્ષુફૂલ સમાન નિર્ગુણ અને નિષ્ફળ છે. એવા મુનિને મોક્ષરૂપી ફળ પ્રગટ થતું નથી. સમ્યગ્જ્ઞાન આદિ ગુણ જેમાં નથી તેનો નગ્ન થતા ભાંડ(બહુરૂપી) જેવો સ્વાંગ દેખાય છે. ભાંડ પણ નાચે ત્યારે શ્રૃંગારાદિક કરીને નાચે તો શોભા પામે. નગ્ન થઈને નાચે ત્યારે હાસ્યનું ભાજન બને. એ પ્રમાણે જ કેવળ દ્રવ્યનગ્ન હાસ્યનું સ્થાન છે. ૭૧.

હવે તે જ અર્થના સમર્થનરૂપે કહે છે કે દ્રવ્યલિંગી જેવી બોધિસમાધિ જિનમાર્ગમાં કહી છે તેવી પ્રાપ્ત કરતાં નથી :—

जे रायसंगजुत्ता जिणभावणरहियदव्वणिग्गंथा।
ण लहंति ते समाहिं बोहिं जिणसासणे विमले।।७२।।

૧. 'उच्छु' પાઠાન્તર 'इच्छु'

ये रागसंगयुक्ताः जिनभावनारहितद्रव्यनिर्ग्रंथाः।
न लभंते ते समाधिं बोधिं जिनशासने विमले॥७२॥

જે રાગયુત જિનભાવનાવિરહિત-દરવનિર્ગ્રંથ છે,
પામે ન બોધિ-સમાધિને તે વિમળ જિનશાસન વિષે. ૭૨.

**અર્થ** :—જે મુનિ રાગ અર્થાત્ અભ્યંતર પરદ્રવ્યથી પ્રીતિ, તે જ થયો સંગ અર્થાત્ પરિગ્રહથી યુક્ત છે અને જિનભાવના એટલે કે શુદ્ધસ્વરૂપની ભાવનાથી રહિત છે તે દ્રવ્યનિગ્રંથ હોય તો પણ નિર્મળ જિનશાસનમાં જે સમાધિ એટલે કે ધર્મશુક્લધ્યાન અને બોધિ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગને પામતા નથી.

**ભાવાર્થ** :—દ્રવ્યલિંગી અભ્યંતરનો રાગ છોડતા નથી. પરમાત્માનું ધ્યાન કરતા નથી તો તેઓ કઈ રીતે મોક્ષમાર્ગને પામે તથા કઈ રીતે સમાધિમરણને પામે? ૭૨.

હવે કહે છે કે પહેલાં મિથ્યાત્વાદિક દોષ છોડી ભાવથી નગ્ન થાય પછી દ્રવ્યમુનિ બને એવો માર્ગ છે :—

भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं।
पच्छा दव्वेण मुणी पयडदि लिंगं जिणाणाए॥७३॥

भावेन भवति नग्नः मिथ्यात्वादीन् च दोषान् त्यक्त्वा।
पश्चात् द्रव्येण मुनिः प्रकटयति लिंगं जिनाज्ञया॥७३॥

મિથ્યાત્વ-આદિક દોષ છોડી નગ્ન ભાવ થકી બને,
પછી દ્રવ્યથી મુનિલિંગ ધારે જીવ જિન-આજ્ઞા વડે. ૭૩.

**અર્થ** :—પહેલાં મિથ્યાત્વાદિ દોષોને છોડી અને ભાવથી અંતરંગ નગ્ન થાય. એકરૂપ શુદ્ધાત્માનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે પછી મુનિ થઈ જિનઆજ્ઞાથી દ્રવ્યથી બાહ્યલિંગ પ્રગટ કરે એવો માર્ગ છે.

**ભાવાર્થ** :—ભાવશુદ્ધ થયા વિના પહેલાથી દિગંબર રૂપ ધારણ કરી લે તો પછી ભાવ બગડે ત્યારે ભ્રષ્ટ થઈ જાય અને ભ્રષ્ટ થઈને પણ પોતાને મુનિ કહેવડાતો રહે તો માર્ગની મજાક કરાવે તેથી જિનઆજ્ઞા એમ જ છે કે ભાવશુદ્ધ કરીને બાહ્યમુનિપણું પ્રગટ કરો. ૭૩.

હવે કહે છે કે શુદ્ધ ભાવ જ સ્વર્ગ-મોક્ષનું કારણ છે. મલિનભાવ સંસારનું કારણ છે :—

૨૫

भावो वि दिव्वसिवसुक्खभायणो भाववज्जिओ सवणो।
कम्ममलमलिणचित्तो तिरियालयभायणो पावो॥७४॥

भावः अपि दिव्यशिवसौख्यभाजनं भाववर्जितः श्रमणः।
कर्ममलमलिनचित्तः तिर्यगालयभाजनं पापः॥७४॥

છે ભાવ દિવશિવસૌખ્યભાજન; ભાવવર્જિત શ્રમણ જે
પાપી કરમમળમલિનમન, તિર્યંચગતિનું પાત્ર છે. ૭૪.

**અર્થ** :—ભાવ જ સ્વર્ગ-મોક્ષનું કારણ છે અને ભાવરહિત શ્રમણ પાપસ્વરૂપ છે, તિર્યંચગતિનું સ્થાન છે તથા કર્મમળથી મલિન ચિત્તવાળા છે

**ભાવાર્થ** :—જે ભાવથી શુદ્ધ છે તે તો સ્વર્ગ-મોક્ષનું પાત્ર છે અને ભાવથી મલિન થાય તે તિર્યંચગતિમાં નિવાસ કરે છે. ૭૪.

હવે ફરી ભાવના ફળનું માહાત્મ્ય કહે છે :—

खयरामरमणुयकरंजलिमालाहिं च संथुया विउला।
चक्कहररायलच्छी लब्भइ बोही सुभावेण॥७५॥

खचरामरमनुजकरांजलिमालाभिश्च संस्तुता विपुला।
चक्रधरराजलक्ष्मीः लभ्यते बोधिः सुभावेन॥७५॥

નર-અમર-વિદ્યાધર વડે સંસ્તુત કરાંજલિપંક્તિથી
ચક્રી-વિશાળવિભૂતિ બોધિ પ્રાપ્ત થાય સુભાવથી. ૭૫.

**અર્થ** :—શુભભાવ અર્થાત્ ભલાભાવથી મંદકષાયરૂપ વિશુદ્ધભાવથી ચક્રવર્તી વગેરે રાજાઓની વિપુલ એટલે કે મોટી લક્ષ્મી પામે છે, તે કેવી છે—ખચર(વિદ્યાધર) અમર (દેવ) અને મનુષ્ય તેમની અજુંલિમાલા (હાથોની અંજલિ)ની પંક્તિથી સંસ્તુત (નમસ્કારપૂર્વક સ્તુતિ કરવાયોગ્ય) છે અને તે કેવળ લક્ષ્મી જ પ્રાપ્ત નથી કરતો પરંતુ બોધિ (રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ) પામે છે.

**અર્થ** :—વિશુદ્ધ ભાવોનું આવું માહાત્મ્ય છે. ૭૫.

હવે ભાવોના ભેદને કહે છે :—

भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं।
असुहं च अट्टरउद्दं सुह धम्मं जिणवरिंदेहिं॥७६॥

भावः त्रिविधप्रकारः शुभोऽशुभः शुद्ध एव ज्ञातव्यः।
अशुभश्च आर्त्तरौद्रं शुभः धर्म्यं जिनवरेन्द्रैः॥७६॥

શુભ, અશુભ તેમ જ શુદ્ધ—ત્રણવિધ ભાવ જિનપ્રજ્ઞપ્ત છે;
ત્યાં 'અશુભ' આરત-રૌદ્ર ને 'શુભ' ધર્મ્ય છે—ભાખ્યું જિને. ૭૬.

**અર્થ** :—જિનવરદેવે ભાવ ત્રણ પ્રકારના કહ્યા છે. ૧-શુભ, ૨-અશુભ અને ૩-શુદ્ધ. આર્ત અને રૌદ્ર તે અશુદ્ધધ્યાન છે તથા ધર્મધ્યાન શુભ છે. ૭૬.

सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं च णायव्वं।
इदि जिणवरेहिं भणियं जं सेयं तं समायरह॥७७॥

शुद्धः शुद्धस्वभावः आत्मा आत्मनि सः च ज्ञातव्यः।
इति जिनवरैः भणितं यः श्रेयान् तं समाचर॥७७॥

આત્મા વિશુદ્ધસ્વભાવ આત્મ મહીં રહે તે 'શુદ્ધ' છે;
—આ જિનવરે ભાખેલ છે; જે શ્રેય, આચર તેહને. ૭૭.

**અર્થ** :—શુદ્ધ છે, તે ભાવ પોતાનો શુદ્ધ સ્વભાવ પોતાનામાં જ છે એ પ્રમાણે જિનવરદેવે કહ્યું છે, તે જાણી તેમાં જે કલ્યાણરૂપ હોય તેને અંગીકાર કરો.

**ભાવાર્થ** :—ભગવાને ભાવ ત્રણ પ્રકારના કહ્યા છે—૧-શુભ, ૨-અશુભ અને ૩-શુદ્ધ. અશુભ તો આર્ત તેમજ રૌદ્રધ્યાન છે, તે તો અતિ મલિન છે, ત્યાજ્ય જ છે. ધર્મધ્યાન શુભ છે, તેથી તે કથંચિત્ ઉપાદેય છે, તેનાથી મંદકષાયરૂપ વિશુદ્ધ ભાવોની પ્રાપ્તિ થાય છે. શુદ્ધભાવ છે તે સર્વથા ઉપાદેય છે કારણ કે તે આત્માનું સ્વરૂપ જ છે. આ પ્રમાણે હેય-ઉપાદેય જાણી ત્યાગ અને ગ્રહણ કરવું જોઈએ. તેથી એમ કહ્યું છે કે જે કલ્યાણકારી હોય તે અંગીકાર કરવાનો જિનદેવનો ઉપદેશ છે. ૭૭.

હવે કહે છે કે જિનશાસનનું આવું માહાત્મ્ય છે :—

पयलियमाणकसाओ पयलियमिच्छत्तमोहसमचित्तो।
पावइ तिहुवणसारं बोहि जिणसासणे जीवो॥७८॥

प्रगलितमानकषायः प्रगलितमिथ्यात्वमोहसमचित्तः।
आप्नोति त्रिभुवनसारं बोधिं जिनशासने जीवः।।७८।।

છે ગલિતમાનકષાય, મોહ વિનષ્ટ થઈ સમચિત્ત છે,
તે જીવ ત્રિભુવનસાર બોધિ લહે જિનેશ્વરશાસને. ૭૮.

**અર્થ** :—આ જીવ 'પ્રગલિતમાનકષાયઃ' એટલે કે જેનું માન પ્રકર્ષતાથી ગળી ગયું છે, કોઈ પરદ્રવ્યથી અહંકારરૂપ ગર્વ કરતો નથી અને જેને મિથ્યાત્વના ઉદયરૂપ મોહ પણ નષ્ટ થઈ ગયો છે તેથી તે 'સમચિત્ત' છે. પરદ્રવ્યમાં મમકારરૂપ મિથ્યાત્વ અને ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિરૂપ રાગ-દ્વેષ જેને નથી તે જિનશાસનમાં ત્રણભુવનમાં સાર એવા બોધિ એટલે કે રત્નત્રયાત્મક મોક્ષમાર્ગને પામે છે.

**ભાવાર્થ** :—મિથ્યાત્વભાવ અને કષાયભાવનું સ્વરૂપ અન્યમતોમાં યથાર્થ નથી. આ કથન આ વીતરાગરૂપ જિનમતમાં જ છે, તેથી આ જીવ મિથ્યાત્વકષાયના અભાવરૂપ મોક્ષમાર્ગને ત્રણલોકમાં સારરૂપ જિનમતના સેવનથી જ પામે છે અન્યના સેવનથી નહીં. ૭૮.

હવે કહે છે કે જિનશાસનમાં આવા મુનિ જ તીર્થંકર પ્રકૃતિને બાંધે છે :—

विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।
तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।

विषयविरक्तः श्रमणः षोडशवरकारणानि भावयित्वा।
तीर्थंकरनामकर्म बध्नाति अचिरेण कालेन।।७९।।

વિષયે વિરત મુનિ સોળ ઉત્તમ કારણોને ભાવીને,
બાંધે અચિર કાળે કરમ તીર્થંકરત્વ-સુનામને. ૭૯.

**અર્થ** :—જેનું ચિત્ત ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત છે એવા શ્રમણ એટલે કે મુનિ છે, તેઓ સોલહકારણ ભાવનાને ભાવીને તીર્થંકર નામપ્રકૃતિને થોડા જ સમયમાં બાંધે છે.

**અર્થ** :—આ ભાવનું માહાત્મ્ય છે (સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વજ્ઞાન સહિત સ્વસન્મુખતા સહિત) વિષયોથી વિરક્તભાવરૂપ થઈને સોલહકારણ ભાવના ભાવે તો

જેનો અચિંત્ય મહિમા છે એવી ત્રણલોકથી પૂજ્ય તીર્થંકર નામપ્રકૃતિને બાંધે છે અને તેને ભોગવી મોક્ષને પ્રાપ્ત થાય છે. આ સોલહકારણ ભાવનાના નામ આ પ્રમાણે છે. ૧-દર્શનવિશુદ્ધિ, ૨- વિનયસંપન્નતા, ૩-શીલવ્રતેષ્વનતિચાર, ૪-અભીક્ષ્ણજ્ઞાનોપયોગ, ૫-સંવેગ, ૬-શક્તિતસ્ત્યાગ, ૭-શક્તિતસ્તપ, ૮-સાધુસમાધિ, ૯-વૈયાવૃત્ત્યકરણ, ૧૦-અર્હદ્ભક્તિ, ૧૧-આચાર્યભક્તિ, ૧૨-બહુશ્રુતભક્તિ, ૧૩-પ્રવચનભક્તિ, ૧૪-આવશ્યકાપરિહાણિ, ૧૫-સન્માર્ગપ્રભાવના, ૧૬-પ્રવચનવાત્સલ્ય—આ પ્રમાણે સોળ ભાવનાઓ છે. તેમનું સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રની ટીકાથી જાણવું. તેમાં સમ્યગ્દર્શન પ્રધાન છે તે ન હોય અને આ પંદર ભાવનાનો વ્યવહાર હોય તો તે પણ કાર્યકારી નથી. અને તે હોય તો તે જ આ પંદર ભાવનાનું કાર્ય કરી લે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૭૯.

હવે ભાવની વિશુદ્ધતાના નિમિત્તરૂપ આચરણ કહે છે :—

बारसविहतवयरणं तेरसकिरियाउ भाव तिविहेण।
धरहि मणमत्तदुरियं णाणंकुसएण मुणिपवर॥८०॥

द्वादशविधतपश्चरणं त्रयोदश क्रियाः भावय त्रिविधेन।
धर मनोमत्तदुरितं ज्ञानांकुशेन मुनिप्रवर !॥८०॥

તું ભાવ બાર-પ્રકાર તપ ને તેર કિરિયા ત્રણવિધે;
વશ રાખ મન-ગજ મત્તને મુનિપ્રવર ! જ્ઞાનાંકુશ વડે. ૮૦.

**અર્થ :—**હે મુનિપ્રવર ! મુનિઓમાં શ્રેષ્ઠ ! તું બાર પ્રકારના તપનું આચરણ કર અને તેર પ્રકારની ક્રિયા મન-વચન-કાયાથી ભાવ અને જ્ઞાનરૂપી અંકુશથી મનરૂપી મતવાળા હાથીને પોતાના વશમાં રાખ.

**ભાવાર્થ :—**આ મનરૂપી હાથી ઘણો જ મદોન્મત્ત છે તે તપશ્ચરણ ક્રિયાદિ સહિત જ્ઞાનરૂપી અંકુશથી જ વશ થાય છે અન્યપ્રકારે વશ થતો નથી. તેથી જ આવો ઉપદેશ છે. આ બાર તપોના નામ છે ૧. અનશન, ૨-અવમૌદર્ય, ૩-વૃત્તિપરિસંખ્યાન, ૪-રસપરિત્યાગ, ૫-વિવિક્તશય્યાસન, ૬-કાયક્લેશ આ છ પ્રકારના બાહ્ય તપ છે અને ૧-પ્રાયશ્ચિત્ત, ૨-વિનય, ૩-વૈયાવૃત્ત્ય, ૪-સ્વાધ્યાય, ૫-વ્યુત્સર્ગ, ૬-ધ્યાન આ છ પ્રકારના અભ્યંતર તપ છે, તેનું સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રની ટીકાથી જાણવું તેર ક્રિયા આ પ્રમાણે છે—પંચ પરમેષ્ઠીને નમસ્કાર તે પાંચ ક્રિયા, છ આવશ્યક ક્રિયા,

[૧]નિષિધિકાક્રિયા, [૨]આસિકાક્રિયા આ પ્રમાણે ભાવશુદ્ધ થવાના કારણ કહ્યા. ૮૦.

હવે દ્રવ્ય-ભાવરૂપ સામાન્યરૂપે જિનલિંગનું સ્વરૂપ કહે છેઃ—

पंचविहचेलचायं खिदिसयणं दुविहसंजमं भिक्खू।
भावं भावियपुव्वं जिणलिंगं णिम्मलं सुद्धं॥८१॥

पंचविधचेलत्यागं क्षितिशयनं द्विविधसंयमं भिक्षु।
भाव भावयित्वा पूर्वं जिनलिंगं निर्मलं शुद्धम्॥८१॥

ભૂશયન, ભિક્ષા, દ્વિવિધ સંયમ, પંચવિધ-પટત્યાગ છે,
છે ભાવ ભાવિતપૂર્વ, તે જિનલિંગ નિર્મળ શુદ્ધ છે. ૮૧.

**અર્થ** :—નિર્મળ શુદ્ધ જિનલિંગ આ પ્રમાણે છે—જ્યાં પાંચ પ્રકારના વસ્ત્રોનો ત્યાગ છે, ભૂમિ પર શયન છે, તેર પ્રકારનો સંયમ છે, ભિક્ષાથી ભોજન છે. ભાવિતપૂર્વ એટલે કે પહેલાં શુદ્ધ આત્માના સ્વરૂપે—પરદ્રવ્યથી ભિન્ન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી થયો. તેણે વારંવાર ભાવનાથી અનુભવ કર્યો કે જેમાં ભાવ છે એવો નિર્મળ અર્થાત્ બાહ્યમળ રહિત શુદ્ધ અર્થાત્ અંતરમળ રહિત જિનલિંગ છે.

**ભાવાર્થ** :—અહીં લિંગ દ્રવ્યભાવથી બે પ્રકારનું છે. દ્રવ્ય તો બાહ્ય ત્યાગ અપેક્ષાએ છે, જેમાં પાંચ પ્રકારના વસ્ત્રોનો ત્યાગ હોય છે, તે પાંચ પ્રકાર આ પ્રમાણે છે. (૧) અંડજ એટલે રેશમનું બનેલું, (૨) બોન્ડુઝ એટલે કે કપાસનું બનેલું, (૩) રોમજ એટલે ઉનનું બનેલું (૪) વલ્કલઝ એટલે કે વૃક્ષની છાલનું બનેલું. (૫) ચર્મજ એટલે મૃગ આદિના ચામડાથી બનેલું. આ પ્રમાણે પાંચ પ્રકાર કહ્યા. એવું ન જાણવું કે તેમના સિવાય બીજા વસ્ત્રો ગ્રાહ્ય છે આ તો ઉપલક્ષણ માત્ર કહેવાયા છે તેથી બધી પ્રકારના વસ્ત્રોનો ત્યાગ જાણવો.

ભૂમિ ઉપર સૂવું, બેસવું, તેમાં કાષ્ઠ અને ઘાસ પણ ગણી લેવું. ઈન્દ્રિય અને મનને વશ કરવું, છ કાયના જીવોની રક્ષા કરવી—આ પ્રમાણે બે પ્રકારનો સંયમ છે. ભિક્ષા—

૧. નિષિધિતા— જિનમંદિર આદિમાં પ્રવેશ કરતાં ગૃહસ્થ કે વ્યંતરાદિદેવ કોઈ ઉપસ્થિત છે તેવું માની આજ્ઞાર્થ 'નિઃસહી' શબ્દ ત્રણવાર બોલવામાં આવે છે, અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર રહેવું નિઃસહી છે.

૨. ધર્મસ્થાનથી બહાર નિકળતી સમયે વિનય સાથે વિદાયની આજ્ઞા માગવાના અર્થમાં 'આસિકા' શબ્દ બોલાય અથવા પાપક્રિયાથી મન ફેરવવું 'આસિકા' છે.

ભોજન કરવું જેમાં કૃત-કારિત-અનુમોદનાનો દોષ ન લાગે. છેતાલીસ દોષ ટળે, બત્રીસ અંતરાય ટળે એવી વિધિ અનુસાર આહાર કરે. આ પ્રમાણે તો બાહ્યલિંગ છે અને પહેલા કહ્યું તેવું જ હોય તો તે ભાવલિંગ છે. આ પ્રમાણે બે પ્રકારનું શુદ્ધ જિનલિંગ કહ્યું છે. અન્ય પ્રકારે શ્વેતામ્બર આદિક કહે છે તેવું જિનલિંગ નથી. ૮૧.

હવે જિનધર્મની મહિમા કહે છે :—

**जह रयणाणं पवरं वज्जं जह तरुगणाण गोसीरं।**
**तह धम्माणं पवरं जिणधम्मं भाविभवमहणं॥८२॥**

यथा रत्नानां प्रवरं वज्रं यथा तरुगणानां गोशीरम्।
तथा धर्माणां प्रवरं जिनधर्मं भाविभवमथनम्॥८२॥

**રત્નો વિષે જ્યમ શ્રેષ્ઠ હીરક, તરુગણે ગોશીર્ષ છે,**
**જિનધર્મ ભાવિભવમથન ત્યમ શ્રેષ્ઠ છે ધર્મો વિષે. ૮૨.**

**અર્થ** :—જેમ રત્નોમાં શ્રેષ્ઠ ઉત્તમ હીરો છે અને તરુગણમાં શ્રેષ્ઠ ઉત્તમ ગોસીર(બાવન ચંદન) છે તે રીતે ધર્મમાં ઉત્તમ ભાવીભવમથન (આગામી સંસારનું મથન કરવાવાળો) જિનધર્મ છે, તેનાથી મોક્ષ થાય છે.

**ભાવાર્થ** :—'ધર્મ' એવું સામાન્ય નામ તો લોકમાં પ્રસિદ્ધ છે અને લોકો અનેક પ્રકારે ક્રિયાકાંડાદિકને ધર્મ જાણી સેવન કરે છે. પરંતુ પરીક્ષા કરવાથી મોક્ષની પ્રાપ્તિ કરાવવાવાળો જિનધર્મ તે જ ધર્મ છે. અન્ય બધા સંસારના કારણ છે, તે ક્રિયાકાંડાદિક સંસારમાં જ રાખે છે, કદાચિત્ સંસારના ભોગોની પ્રાપ્તિ કરાવે છે, તેનાથી જીવ ભોગોમાં લીન થાય છે ત્યારે એકેન્દ્રિયાદિ પર્યાય પ્રાપ્ત કરે છે તથા નરકને પામે છે. એ રીતે અન્ય ધર્મ નામમાત્ર છે, તેથી જિનધર્મને ઉત્તમ જાણવો. ૮૨.

હવે શિષ્ય પૂછે છે કે જિનધર્મને ઉત્તમ કહ્યો તો જિનધર્મનું સ્વરૂપ શું છે? તેનું સ્વરૂપ બતાવતા કહે છે કે ધર્મ આ રીતે છે :—

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो॥८३॥**

पूजादिषु व्रतसहितं पुण्यं हि जिनैः शासने भणितम्।
मोहक्षोभविहीनः परिणामः आत्मनः धर्मः ।।८३।।

પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને;
છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને. ૮૩.

**અર્થ :—**જિનશાસનમાં જિનેન્દ્રદેવે આ પ્રમાણે કહ્યું છે કે પૂજા આદિકમાં અને વ્રત સહિત થવું તે તો પુણ્ય જ છે. મોહ તથા ક્ષોભથી રહિત જે આત્માના પરિણામ તે ધર્મ છે.

**ભાવાર્થ :—લૌકિકજનો તથા અન્યમતી કેટલાક કહે છે કે પૂજા આદિક શુભક્રિયાઓમાં અને વ્રત ક્રિયાસહિત છે, તે જિનધર્મ છે પરંતુ એવું નથી. જિનમતમાં જિનભગવાને આ પ્રમાણે કહ્યું છે કે—પૂજાદિકમાં અને વ્રત સહિત હોવું તે તો પુણ્ય છે, તેમાં પૂજા અને આદિ શબ્દથી વંદના, વૈયાવૃત્ય વગેરે સમજવું. આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હોય છે અને ઉપવાસ આદિક વ્રત છે તે શુભક્રિયા છે, તેમાં આત્માનો રાગ સહિત શુભ પરિણામ છે તેનાથી પુણ્યકર્મ બંધાય છે, તેથી તેને પુણ્ય કહે છે, તેનું ફળ સ્વર્ગાદિક ભોગોની પ્રાપ્તિ છે.**

મોહ તથા ક્ષોભથી રહિત આત્માના પરિણામને ધર્મ સમજો. મિથ્યાત્વ તો અતત્ત્વાર્થ શ્રદ્ધાન છે. ક્રોધ-માન-અરતિ-શોક-ભય-જુગુપ્સા આ છ દ્વેષપ્રકૃતિ છે અને માયા, લોભ, હાસ્ય, રતિ, આ ચાર તથા પુરુષ, સ્ત્રી, નપુંસક આ ત્રણ વિકાર એવી સાત પ્રકૃતિ રાગરૂપ છે, તેના નિમિત્તે આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ વિકાર સહિત, ક્ષોભરૂપ, ચલાચલ વ્યાકુળ થાય છે તેથી આ વિકારોથી રહિત હોય ત્યારે શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હોય તે આત્માનો ધર્મ છે. આ ધર્મથી આત્માને આગામી કર્મનો આસ્રવ રોકાઈને સંવર થાય છે અને પહેલાં બંધાયેલા કર્મોની નિર્જરા થાય છે. સંપૂર્ણ નિર્જરા થઈ જાય ત્યારે મોક્ષ થાય છે. તથા એકદેશ મોહ ક્ષોભની હાનિ થાય છે તેથી શુભ પરિણામને પણ ઉપચારથી ધર્મ કહેવાય છે. અને જે કેવળ શુભ પરિણામને જ ધર્મ માનીને સંતુષ્ટ છે તેમને ધર્મની પ્રાપ્તિ થતી નથી એવો જિનમતનો ઉપદેશ છે. ૮૩.

હવે કહે છે કે જે પુણ્યને ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે તેને તે કેવળ ભોગનું નિમિત્ત છે કર્મક્ષયનું નિમિત્ત નથી :—

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो वि फासेदि।
पुण्णं भोयणिमित्तं ण हु सो कम्मक्खयणिमित्तं॥८४॥

श्रद्धाति च प्रत्येति च रोचते च तथा पुनरपि स्पृशति।
पुण्यं भोगनिमित्तं न हि तत् कर्मक्षयनिमित्तम्॥८४॥

પરતીત, રુચિ, શ્રદ્ધાન ને સ્પર્શન કરે છે પુણ્યનું
તે ભોગ કેરું નિમિત્ત છે, ન નિમિત્ત કર્મક્ષય તણું. ૮૪.

**અર્થ** :—જે પુરુષ પુણ્યને ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે, પ્રતીતિ કરે છે, રુચિ કરે છે, સ્પર્શ કરે છે, તેને પુણ્ય ભોગનું નિમિત્ત છે તેથી સ્વર્ગાદિકના ભોગ પામે છે અને પુણ્ય કર્મના ક્ષયનું નિમિત્ત થતું નથી આવું સ્પષ્ટ જાણવું જોઈએ.

**ભાવાર્થ** :—શુભક્રિયારૂપ પુણ્યને ધર્મ જાણી તેનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરે છે તેને પુણ્યકર્મનો બંધ થાય છે, તેનાથી સ્વર્ગાદિના ભોગોની પ્રાપ્તિ થાય છે અને તેનાથી કર્મના ક્ષયરૂપ સંવર, નિર્જરા, મોક્ષ થતા નથી. ૮૪.

જે આત્માના સ્વભાવરૂપ ધર્મ છે તે જ મોક્ષનું કારણ છે એવો નિયમ છે :—

अप्पा अप्पम्मि रओ रायादिसु सयलदोसपरिचत्तो।
संसारतरणहेदू धम्मो त्ति जिणेहिं णिद्दिट्ठं॥८५॥

आत्मा आत्मनि रतः रागादिषु सकलदोषपरित्यक्तः।
संसारतरणहेतुः धर्म इति जिनैः निर्दिष्टम्॥८५॥

રાગાદિ દોષ સમસ્ત છોડી આતમા નિજરત રહે
ભવતરણકારણ ધર્મ છે તે—એમ જિનદેવો કહે. ૮૫.

**અર્થ** :—જો આત્મા રાગાદિક સમર્થક વસ્તુથી રહિત થઈને આત્મામા જ રત થઈ જાય તો એવા ધર્મને જિનેશ્વરદેવે સંસારસમુદ્રથી તરવાનું કારણ કહ્યું છે.

**ભાવાર્થ** :—જે પહેલા કહ્યું હતું કે મોહ તથા ક્ષોભથી રહિત આત્માના પરિણામ છે તે જ ધર્મ છે, એવા ધર્મને સંસારથી પાર કરી મોક્ષના કારણરૂપ ભગવાને કહ્યો છે. એવો નિયમ છે. ૮૫.

હવે આ જ અર્થને દઢ કરવા માટે કહે છે કે—જે આત્માને માટે ઈષ્ટ કરતો નથી

અને સમસ્ત પુણ્યનું આચરણ કરે છે તે છતાં પણ તે સિદ્ધિને પ્રાપ્ત થતો નથી :—

अह पुण अप्पा णिच्छदि पुण्णाइं करेदि णिरवसेसाइं।
तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८६।।

अथ पुनः आत्मानं नेच्छति पुण्यानि करोति निरवशेषानि।
तथापि न प्राप्नोति सिद्धिं संसारस्थ पुनः भणितः।।८६।।

પણ આત્મને ઇચ્છ્યા વિના પુણ્યો અશેષ કરે ભલે,
તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે—આગમ કહે. ૮૬.

**અર્થ** :—અથવા જે પુરુષ આત્માનું ઈષ્ટ કરતો નથી તેનું સ્વરૂપ જાણતો નથી, અંગીકાર કરતો નથી અને દરેક પ્રકારના સમસ્ત પુણ્યને કરે છે, તો પણ મોક્ષને પામતો નથી પરંતુ તે પુરુષ સંસારમાં જ ભ્રમણ કરે છે.

**ભાવાર્થ** :—આત્મિક ધર્મ ધારણ કર્યા વિના બધા પ્રકારના પુણ્યનું આચરણ કરે તોપણ મોક્ષને પ્રાપ્ત થતો નથી. સંસારમાં જ રહે છે. કદાચિત્ સ્વર્ગાદિકના ભોગ પામે તો ત્યાં ભોગોમાં આસક્ત થઈને રહે, ત્યાંથી ચ્યવીને એકેન્દ્રિયાદિક થઈને સંસારમાં ભ્રમણ કરે છે. ૮૬.

હવે આ જ કારણે આત્માનું શ્રદ્ધાન કરો, પ્રયત્નપૂર્વક જાણો, મોક્ષ પ્રાપ્ત કરો એવો ઉપદેશ કરે છે :—

સહજ ચિદાનંદ.

एएण कारणेण य तं अप्पा सद्दहेह तिविहेण।
जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।८७।।

एतेन कारणेन च तं आत्मानं श्रद्धत्त त्रिविधेन।
येन च लभध्वं मोक्षं तं जानीत प्रयत्नेन।।८७।।

આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,
તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૮૭.

**અર્થ** :—પહેલા કહ્યું હતું કે આત્માનો ધર્મ તો મોક્ષ છે તે કારણથી કહે છે કે હે ભવ્ય જીવો ! તમે તે આત્માને પ્રયત્નપૂર્વક સર્વ પ્રકારનો ઉદ્યમ કરીને યથાર્થ જાણો, તે આત્માનું શ્રદ્ધાન કરો, પ્રતીતિ કરો, આચરણ કરો, મન-વચન-કાયથી આવું કરો જેનાથી મોક્ષ મળે.

**ભાવાર્થ** :—જેને જાણવાથી અને શ્રદ્ધાન કરવાથી મોક્ષ થાય તેને જ જાણવાથી અને શ્રદ્ધાન કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે તેથી આત્માને જાણવાનું કાર્ય સર્વપ્રકારના ઉદ્યમપૂર્વક કરવું જોઈએ તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તેથી ભવ્ય જીવોને આવો જ ઉપદેશ છે. ૮૭.

હવે કહે છે કે બાહ્ય હિંસાદિક ક્રિયા વિના જ અશુદ્ધભાવથી તંદુલ મત્સ્યતુલ્ય જીવ પણ સાતમી નરકે ગયો ત્યારે અન્ય મોટા જીવોની શું કથા ?

**मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महाणरयं।**
**इय णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं।।८८।।**

मत्स्यः अपि शालिसिक्थः अशुद्धभावः गतः महानरकम्।
इति ज्ञात्वा आत्मानं भावय जिनभावनां नित्यम्।।८८।।

**અવિશુદ્ધ ભાવે મત્સ્ય તંદુલ પણ ગયો મહા નરકમાં,**
**તેથી નિજાત્મા જાણી નિત્ય તું ભાવ રે! જિનભાવના. ૮૮.**

**અર્થ** :—હે ભવ્ય જીવ! તું જો કે શાલિસિક્થ (તંદુલ નામનો મત્સ્ય) તે પણ અશુદ્ધભાવસ્વરૂપ થતો થકો મહાનર્ક (સાતમા નરક) માં ગયો, તેથી તને ઉપદેશ આપીએ છીએ કે પોતાના આત્માને જાણવા માટે નિરંતર જિનભાવના કર.

**ભાવાર્થ** :—અશુદ્ધભાવના માહાત્મ્યથી તંદુલ મત્સ્ય જેવો અલ્પ જીવ પણ સાતમી નરકે ગયો તો અન્ય મોટા જીવ કેમ નરકમાં ન જાય? તેથી ભાવશુદ્ધ કરવાનો જ ઉપદેશ છે. ભાવશુદ્ધ થતા પોતાના અને બીજાના સ્વરૂપનું જાણવું થાય છે. પોતાના અને બીજાના સ્વરૂપનું જ્ઞાન જિનદેવની આજ્ઞાની ભાવના નિરંતર ભાવવાથી થાય છે. તેથી જિનદેવની આજ્ઞાની ભાવના નિરંતર કરવાયોગ્ય છે.

તંદુલ મત્સ્યની કથા આ પ્રમાણે છે—કાકન્દીપુરનો રાજા સૂરસેન હતો તે માંસભક્ષી થઈ ગયો. અત્યંત લોલુપી તે માંસભક્ષણનો અભિપ્રાય રાખતો હતો. તેને પિતૃપ્રિય નામનો રસોઈયો હતો તે અનેક જીવોનું માંસ નિરંતર ખવડાવતો હતો. તેને સર્પે ડંખ દીધો તેથી તે મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં મહામત્સ્ય થઈ ગયો. રાજા સૂરસેન પણ મરીને ત્યાં તે મહામત્સ્યના કાનમાં તંદુલ મત્સ્ય થઈ ગયો.

તે મહામત્સ્યના મુખમાં અનેક જીવો આવે અને બહાર નીકળી જાય, ત્યારે તંદુલ

મત્સ્ય તે જોઈને વિચારવા લાગ્યો કે આ મહામત્સ્ય અભાગિયો છે કે જે મોઢામાં આવેલા જીવોને ખાતો નથી. જો મારું શરીર આટલું મોટું હોત તો આ સમુદ્રના બધા જીવોને ખાઈ જાત. આવા ભાવોના પાપથી જીવોને ખાધા વિના જ સાતમા નરકમાં ગયો અને મહામત્સ્ય તો ખાવાવાળો જ હતો તે તો નરકમાં જાય જ જાય.

તેથી અશુદ્ધભાવ સહિત બાહ્ય પાપ કરવું તે તો નરકનું કારણ છે જ, પરંતુ બાહ્ય હિંસાદિક પાપ કર્યા વિના કેવળ અશુદ્ધભાવ પણ તેની સમાન છે, તેથી ભાવોમાં અશુભધ્યાન છોડી શુભધ્યાન કરવાયોગ્ય છે. અહીં એમ પણ જાણવું કે પહેલા રાજ્ય પામ્યો હતો, તે પૂર્વ પુણ્ય કર્યા હતા તેનું ફળ હતું પછી કુભાવ થયા ત્યારે નરક ગયો. તેથી આત્મજ્ઞાન વિના કેવળ પુણ્ય જ મોક્ષનું સાધન નથી. ૮૮.

હવે કહે છે કે ભાવરહિતને બાહ્ય પરિગ્રહનો ત્યાગાદિક તે નિષ્પ્રયોજન છે :—

बाहिरसंगच्चाओ गिरिसरिदरिकंदराइ आवासो।
सयलो णाणज्झयणो णिरत्थओ भावरहियाणं ॥८९॥

बाह्यसंगत्यागः गिरिसरिद्दरीकंदरादौ आवासः।
सकलं ज्ञानाध्ययनं निरर्थकं भावरहितानाम् ॥८९॥

રે! બાહ્યપરિગ્રહત્યાગ, પર્વત-કંદરાદિનિવાસ ને
જ્ઞાનાધ્યયન સઘળું નિરર્થક ભાવવિરહિત શ્રમણને. ૮૯.

**અર્થ :—**જે પુરુષ ભાવરહિત છે, શુદ્ધ આત્માની ભાવનાથી રહિત છે અને બાહ્ય આચરણથી સંતુષ્ટ છે, તેને બાહ્ય પરિગ્રહનો ત્યાગ છે તે નિરર્થક છે. ગિરિ(પર્વત) દરી (પર્વતની ગુફા), સરિત (નદીની પાસે), કંદર(પર્વતના જળથી ચિરાયેલું સ્થાન) વગેરે સ્થાનોમાં નિવાસ કરવો નિરર્થક છે. ધ્યાન કરવું, આસન દ્વારા મનને રોકવું, અધ્યયન કરવું તે બધું નિરર્થક છે.

**ભાવાર્થ :—**બાહ્યક્રિયાનું ફળ આત્મજ્ઞાન સહિત હોય તો સફળ છે, અન્યથા તે બધું નિરર્થક છે. પુણ્યનું ફળ હોય તોપણ સંસારનું જ કારણ છે, મોક્ષફળ નથી. ૮૯.

હવે ઉપદેશ કરે છે કે ભાવશુદ્ધિ માટે ઇન્દ્રિયાદિકને વશ કરો. ભાવશુદ્ધિ વિના બાહ્યવેશનો આડંબર ન કરો :—

भंजसु इन्दियसेणं भंजसु मणमक्कडं पयत्तेण।
मा जणरंजणकरणं बाहिरवयवेस तं कुणसु॥९०॥

भंग्धि इन्द्रियसेनां भंग्धि मनोमर्कटं प्रयत्नेन।
मा जनरंजनकरणं बहिर्व्रतवेष! त्वं कार्षीः॥९०॥

તું ઇન્દ્રિસેના તોડ, મનમર્કટ તું વશ કર યત્નથી,
નહિ કર તું જનરંજનકરણ બહિરંગ-વ્રતવેશી બની. ૯૦.

**અર્થ** :—હે મુને! તું ઈન્દ્રિયોની સેના છે તેનું ભંજન કર, વિષયોમાં ન રમ, મનરૂપી વાનરને પ્રયત્નપૂર્વક ઘણો ઉદ્યમ કરીને વશમાં કર અને બાહ્યવ્રતનો વેશ જે લોકોને રંજન કરાવવાવાળો છે તે ધારણ ન કર.

**ભાવાર્થ** :—બાહ્ય મુનિનો વેષ લોકરંજન કરાવવાવાળો છે, તેથી આ ઉપદેશ છે કે લોકરંજનથી કાંઈ પરમાર્થ સિદ્ધિ નથી તેથી ઈન્દ્રિય અને મનને વશમાં કરવા માટે બાહ્ય યત્ન કરે તો શ્રેષ્ઠ છે. ઈન્દ્રિય અને મનને વશ કર્યા વિના કેવળ લોકરંજન માત્ર વેશ ધારણ કરવાથી કાંઈ પરમાર્થ સિદ્ધિ નથી. ૯૦.

હવે ફરી ઉપદેશ કરે છે :—

णवणोकसायवग्गं मिच्छत्तं चयसु भावसुद्धीए।
चेइयपवयणगुरुणं करेहि भत्तिं जिणाणाए॥९१॥

नवनोकषायवर्गं मिथ्यात्वं त्यज भावशुद्ध्या।
चैत्यप्रवचनगुरूणां कुरु भक्तिं जिनाज्ञया॥९१॥

મિથ્યાત્વ ને નવ નોકષાય તું છોડ ભાવવિશુદ્ધિથી;
કર ભક્તિ જિન-આજ્ઞાનુસાર તું ચૈત્ય-પ્રવચન-ગુરુ તણી. ૯૧.

**અર્થ** :—હે મુનિ! તું હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આ નોકષાયવર્ગ તથા મિથ્યાત્વ તેમને ભાવશુદ્ધિ દ્વારા છોડ અને જિનઆજ્ઞાથી ચૈત્ય, પ્રવચન, ગુરુ તેની ભક્તિ કર. ૯૧.

હવે ફરી કહે છે :—

तित्थयरभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
भावहि अणुदिणु अतुलं विसुद्धभावेण सुयणाणं।।९२।।

तीर्थंकरभाषितार्थं गणधरदेवैः ग्रथितं सम्यक्।
भावय अनुदिनं अतुलं विशुद्धभावेन श्रुतज्ञानम्।।९२।।

તીર્થેશભાષિત-અર્થમય, ગણધરસુવિરચિત જેહ છે,
પ્રતિદિન તું ભાવ વિશુદ્ધભાવે તે અતુલ શ્રુતજ્ઞાનને. ૯૨.

**અર્થ** :—હે મુને! જે શ્રુતજ્ઞાનને તીર્થંકર ભગવાને કહ્યું અને ગણધરદેવે ગુંથ્યું અર્થાત્ શાસ્ત્રરૂપ રચના કરી તું તેને સમ્યક્‌પ્રકારે ભાવશુદ્ધ કરીને નિરંતર ભાવના કર. કેવું છે તે શ્રુતજ્ઞાન? અતુલ છે તેની બરાબરી કરે એવું અન્યમતનું કહેલું શ્રુતજ્ઞાન નથી. ૯૨.

આવું કરવાથી શું થાય છે? તે કહે છે :—

[1]पीऊण णाणसलिलं णिम्महतिसडाहसोसउम्मुक्का।
होंति सिवालयवासी तिहुवणचूडामणी सिद्धा।।९३।।

[2]पीत्वा ज्ञानसलिलं निर्मथ्यतृषादाहशोषोन्मुक्ता।
भवंति शिवालयवासिनः त्रिभुवनचूडामणयः सिद्धाः।।९३।।

જીવ જ્ઞાનજળ પી, તીવ્રતૃષ્ણાદાહશોષ થકી છૂટી,
શિવધામવાસી સિદ્ધ થાય—ત્રિલોકના ચૂડામણિ. ૯૩.

**અર્થ** :—પૂર્વોક્તપ્રકારે ભાવશુદ્ધ કરીને જ્ઞાનરૂપી જળ પીને સિદ્ધ થાય છે. કેવા સિદ્ધ તેને? નિર્મથ્ય એટલે કે જેનું મથન ન થાય એવા તૃષાદાહ શોષથી રહિત છે. આ પ્રમાણે સિદ્ધ હોય છે. જ્ઞાનરૂપી જળ પીવાનું આ ફળ છે. સિદ્ધ ભગવાન શિવાલય એટલે કે મુક્તિરૂપી મહેલમાં રહેવાવાળા છે. લોકના શિખર ઉપર જેમનો વાસ છે અને કેવા છે? ત્રણ ભુવનના ચુડામણિ છે, મુકુટમણિ છે તથા ત્રણ ભુવનમાં આવું સુખ અન્યને નથી એવા પરમાનંદમય અવિનાશી સુખને તેઓ ભોગવે છે. આ પ્રમાણે તેઓ ત્રણ ભુવનના મુકુટમણિ છે.

**ભાવાર્થ** :—શુદ્ધભાવ કરીને જ્ઞાનરૂપી જળ પીવાથી તૃષાદાહ—શોષ મટી જાય છે, તેથી એમ કહ્યું છે કે તેઓ પરમાનંદરૂપ સિદ્ધ થાય છે. ૯૩.

૧. પાઠાન્તર :—पाऊण। ૨. પાઠાન્તર :— प्राप्य।

હવે ભાવશુદ્ધિ માટે ફરી ઉપદેશ કરે છે :—

दस दस दो सुपरीसह सहहि मुणी सयलकाल काएण।
सुत्तेण अप्पमत्तो संजमघादं पमोत्तूण।।९४।।

दश दश द्वौ सुपरीषहान् सहस्व मुने! सकलकालं कायेन।
सूत्रेण अप्रमत्तः संयमघातं प्रमुच्य।।९४।।

બાવીશ પરિષહ સર્વકાળ સહો મુને ! કાયા વડે,
અપ્રમત્ત રહી, સૂત્રાનુસાર, નિવારી સંયમઘાતને. ૯૪.

**અર્થ** :—હે મુને! તું બાવીસ સુપરિષહ એટલે કે અતિશય સહન કરવાયોગ્ય કે જે સૂત્ર અર્થાત્ જિનવચનમાં કહ્યા છે, તે પ્રમાણે નિઃપ્રમાદી થઈને સંયમનો ઘાત દૂર કરી પોતાની કાયા વડે સદાકાળ નિરંતર સહન કર.

**ભાવાર્થ** :—મુનિ જે પ્રકારે સંયમ ન બગડે અને પ્રમાદનું નિવારણ થાય એ પ્રમાણે નિરંતર ક્ષુધા-તૃષા વગેરે બાવીસ પરિષહ સહન કરે. તેમને સહન કરવાનું સૂત્રમાં એવું પ્રયોજન કહ્યું છે કે—તેમને સહન કરવાથી કર્મની નિર્જરા થાય છે અને સંયમના માર્ગથી ચલિત થવાતું નથી. પરિણામ દ્રઢ હોય છે. ૯૪.

હવે કહે છે કે જે પરિષહ સહવામાં દ્રઢ હોય છે તે ઉપસર્ગ આવવા છતાં પણ દ્રઢ રહે છે, ચ્યુત થતા નથી તેને દ્રષ્ટાંત દ્વારા કહે છે :—

जह पत्थरो ण भिज्जइ परिट्ठिओ दीहकालमुदएण[1]।
तह साहू वि ण भिज्जइ उवसग्गपरीसहेहिंतो।।९५।।

यथा प्रस्तरः न भिद्यते परिस्थितः दीर्घकालमुदकेन।
तथा साधुरपि न भिद्यते उपसर्गपरीषहेभ्यः।।९५।।

પથ્થર રહ્યો ચિર પાણીમાં ભેદાય નહિ પાણી વડે,
ત્યમ સાધુ પણ ભેદાય નહિ ઉપસર્ગ ને પરિષહ વડે. ૯૫.

**અર્થ** :—જે રીતે પત્થર જળમાં ઘણો સમય રહેવા છતાં પણ ભેદને પામતો નથી, તે રીતે સાધુ ઉપસર્ગ પરિષહોથી ચલિત થતો નથી.

૧. 'मुदकेण' પાઠાન્તર 'मुदएण'

**ભાવાર્થ :—**પાષાણ એટલો કઠોર હોય છે જો કે જળમાં લાંબા સમય સુધી રહે તોપણ તેમાં જળ પ્રવેશ કરતું નથી એ પ્રમાણે જ સાધુના પરિણામ પણ એટલા દ્રઢ હોય છે ઉપસર્ગ પરિષહ આવવા છતાં પણ સંયમના પરિણામથી ચ્યુત થતા નથી. પહેલા કહ્યું હતું તે રીતે સંયમનો ઘાત ન થાય એ રીતે પરિષહને સહન કરો. કદાચિત સંયમનો ઘાત થતો જાણે તો જેમ ઘાત ન થાય તેમ કરો. ૯૫.

હવે પરિષહ આવવાના સમયે ભાવશુદ્ધ રહે તેનો ઉપાય કહે છે :—

भावहि अणुवेक्खाओ अवरे पणवीसभावणा भावि।
भावरहिएण किं पुण बाहिरलिंगेण कायव्वं।।९६।।

भावय अनुप्रेक्षाः अपराः पंचविंशतिभावनाः भावय।
भावरहितेन किं पुनः बाह्यलिंगेन कर्त्तव्यम्।।९६।।

તું ભાવ દ્વાદશ ભાવના, વળી ભાવના પચ્ચીશને;
શું છે પ્રયોજન ભાવવિરહિત બાહ્યલિંગ થકી અરે! ૯૬.

**અર્થ :—**હે મુને! તું અનુપ્રેક્ષા એટલે કે અનિત્ય આદિ બાર ભાવનાઓને ભાવ અને અપર અર્થાત્ અન્ય પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ કહેવામાં આવી છે તેને ભાવ. ભાવરહિત જે બાહ્યલિંગ છે, તેનાથી શું ફળ મળે. અર્થાત્ કાંઈપણ ન મળે.

**ભાવાર્થ :—**કષ્ટ આવવાના સમયે બાર ભાવનાઓનું ચિંતન કરવું યોગ્ય છે, તેમના નામ આ પ્રમાણે છે. ૧-અનિત્ય, ૨-અશરણ, ૩-સંસાર, ૪-એકત્વ, ૫-અન્યત્વ, ૬-અશુચિત્વ, ૭-આસ્રવ, ૮-સંવર, ૯-નિર્જરા, ૧૦-લોક, ૧૧-બોધિદુર્લભ અને ૧૨ ધર્મ. તેમને અને પચ્ચીસ ભાવનાઓને ભાવવી તે મોટો ઉપાય છે. તેમનું વારંવાર ચિંતવન કરવાથી કષ્ટમાં પણ પરિણામ બગડતા નથી, તેથી આવો ઉપદેશ છે. ૯૬.

હવે ફરીથી ભાવશુદ્ધ રાખવા માટે જ્ઞાનનો અભ્યાસ કરે છે :—

सव्वविरओ वि भावहि णव य पयत्थाइं सत्त तच्चाइं।
जीवसमासाइं मुणी चउदसगुणठाणणामाइं।।९७।।

सर्व विरतः अपि भावय नव पदार्थान् सप्त तत्त्वानि।
जीवसमासान् मुने! चतुर्दशगुणस्थाननामानि।।९७।।

પૂરણવિરત પણ ભાવ તું નવ અર્થ, તત્ત્વો સાતને,
મુનિ! ભાવ જીવસમાસને, ગુણસ્થાન ભાવ તું ચૌદને. ૯૭.

**અર્થ** :—હે મુનિ ! તું સર્વે પરિગ્રહાદિકથી વિરક્ત થઈ ગયો છે, મહાવ્રત સહિત છે તોપણ ભાવવિશુદ્ધિ માટે નવપદાર્થ, સાત તત્ત્વ, ચૌદ જીવસમાસ, ચૌદ ગુણસ્થાન, જેમના નામ લક્ષણભેદ વગેરેની ભાવના કર.

**ભાવાર્થ** :—પદાર્થોના સ્વરૂપનું ચિંતવન કરવું તે ભાવશુદ્ધિનો મોટો ઉપાય છે. તેથી આ ઉપદેશ છે કે તેમના નામ અને સ્વરૂપ અન્ય ગ્રંથોથી જાણવા. ૯૭.

હવે ભાવશુદ્ધિ માટે અન્ય ઉપાય કહે છે :—

णवविहबंभं पयडहि अब्बंभं दसविहं पमोत्तूण।
मेहुणसण्णासत्तो भमिओ सि भवण्णवे भीमे॥९८॥

नवविधब्रह्मचर्यं प्रकटय अब्रह्म दशविधं प्रमुच्य।
मैथुनसंज्ञासक्तः भ्रमितोऽसि भवार्णवे भीमे॥९८॥

અબ્રહ્મ દશવિધ ટાળી તું પ્રગટાવ નવવિધ બ્રહ્મને;
રે! મિથુનસંજ્ઞાસક્ત તેં કર્યું ભ્રમણ ભીમ ભવાર્ણવે. ૯૮.

**અર્થ** :—હે જીવ ! તું પહેલા દસ પ્રકારનું જે અબ્રહ્મ છે તેને છોડીને નવ પ્રકારનું બ્રહ્મચર્ય છે તેને પ્રગટ કર. ભાવોમાં પ્રત્યક્ષ કર. આ ઉપદેશ એટલા માટે આપવામાં આવે છે કે તું મૈથુનસંજ્ઞા અને જે કામસેવનની અભિલાષા છે તેમાં આસક્ત થઈને વિશુદ્ધ ભાવોથી આ ભયાનક સંસારરૂપી સમુદ્રમાં ભ્રમણ કરતો રહ્યો.

**ભાવાર્થ** :—આ પ્રાણી મૈથુનસંજ્ઞામાં આસક્ત થઈને ગૃહસ્થપણું વગેરે અનેક ઉપાયોથી સ્ત્રીસેવનાદિક અશુદ્ધ ભાવોથી અશુભકાર્યોમાં પ્રવર્તે છે, તેથી આ ભયાનક સંસાર સમુદ્રમાં ભ્રમણ કરે છે તેથી એવો ઉપદેશ છે કે દસ પ્રકારના અબ્રહ્મને છોડી નવ પ્રકારના બ્રહ્મચર્યને અંગીકાર કર. દસ પ્રકારના અબ્રહ્મ આ પ્રમાણે છે. ૧-પહેલા તો સ્ત્રીનું ચિંતવન થવું, ૨-ત્યારબાદ તેને જોવાનો વિચાર થવો, ૩-પછી નિઃસ્વાસ નાખવો, ૪-પછી જ્વર (તાવ) આવવો, ૫-પછી બળતરા થવી, ૬-પછી કામની રુચિ થવી, ૭-પછી મૂર્ચ્છા થવી, ૮-પછી ઉન્માદ થવો, ૯-પછી જીવવાની શંકા થવી, ૧૦-પછી મરણ થવું. આ પ્રમાણે દસ પ્રકારના અબ્રહ્મ છે.

નવ પ્રકારનું બ્રહ્મચર્ય આ પ્રકારે છે.—નવ કારણોથી બ્રહ્મચર્ય બગડે છે. તેમના નામ આ પ્રમાણે છે. ૧-સ્ત્રીને સેવન કરવાની અભિલાષા, ૨-સ્ત્રીના અંગોનું સ્પર્શન, ૩-પુષ્ટરસનું સેવન, ૪-સ્ત્રીથી સંસક્ત વસ્તુ, શૈયા વગેરેનું સેવન, ૫-સ્ત્રીનું મુખ, નેત્ર વગેરે જોવા, ૬-સ્ત્રીનો સત્કાર-પુરસ્કાર કરવો, ૭-પહેલા કહેલા સ્ત્રીસેવનને યાદ કરવું, ૮-આગામી સ્ત્રીસેવનની અભિલાષા કરવી, ૯-મનવાંછિત ઈષ્ટવિષયોનું સેવન કરવું આવા નવ પ્રકાર છે, તેમનો ત્યાગ કરવો તે નવભેદરૂપ બ્રહ્મચર્ય છે અથવા મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાથી બ્રહ્મચર્યનું પાલન કરવું એવા પણ નવ પ્રકાર છે. આ પ્રમાણે કરવું તે પણ ભાવશુદ્ધ થવાનો ઉપાય છે. ૯૮.

હવે કહે છે કે—જે ભાવસહિત મુનિ છે, તે આરાધનાના ચતુષ્કને પામે છે, ભાવ વિના તે પણ સંસારમાં ભ્રમણ કરે છે :—

भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च।
भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।

भावसहितश्च मुनिनः प्राप्नोति आराधनाचतुष्कं च।
भावरहितश्च मुनिवर! भ्रमति चिरं दीर्घसंसारे।।९९।।

ભાવે સહિત મુનિવર લહે આરાધના ચતુરંગને;
ભાવે રહિત તો હે શ્રમણ! ચિર દીર્ઘસંસારે ભમે. ૯૯.

**અર્થ** :—હે મુનિવર! જે ભાવસહિત છે, તે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એવા આરાધનાના ચતુષ્કને પામે છે. તે મુનિઓમાં પ્રધાન છે અને જે ભાવરહિત મુનિ છે, તે લાંબાકાળ સુધી દીર્ઘ સંસારમાં ભ્રમણ કરે છે.

**ભાવાર્થ** :—નિશ્ચય સમ્યક્ત્વ શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ શ્રદ્ધાન છે તે ભાવ છે. એવા ભાવસહિત હોય તેને ચાર પ્રકારની આરાધના હોય છે, તેનું ફળ અરિહંત-સિદ્ધપદ છે અને એવા ભાવથી રહિત હોય તેને આરાધના થતી નથી. તેનું ફળ સંસારમાં પરિભ્રમણ છે એમ જાણી ભાવશુદ્ધ કરવાનો આ ઉપદેશ છે. ૯૯.

હવે ભાવના જ ફળને વિશેષરૂપે કહે છે :—

पावंति भावसवणा कल्लाणपरंपराइं सोक्खाइं।
दुक्खाइं दव्वसवणा णरतिरियकुदेवजोणीए।।१००।।

प्राप्नुवन्ति भावश्रमणाः कल्याणपरंपराः सौख्यानि।
दुःखानि द्रव्यश्रमणाः नरतिर्यक्कुदेवयोनौ॥१००॥

રે! ભાવમુનિ કલ્યાણકોની શ્રેણિયુત સૌખ્યો લહે;
ને દ્રવ્યમુનિ તિર્યંચ-મનુજ-કુદેવમાં દુઃખો સહે. ૧૦૦.

**અર્થ** :—જે ભાવશ્રમણ છે, ભાવમુનિ છે, તથા જેમનામાં કલ્યાણની પરંપરા છે એવા સુખને તે પામે છે અને દ્રવ્યશ્રમણ છે તે તિર્યંચ, મનુષ્ય અને કુદેવયોનિમાં સુખને પામે છે.

**ભાવાર્થ** :—ભાવમુનિ કે જે સમ્યગ્દર્શન સહિત છે તેઓ તો ષોડશકારણ ભાવના ભાવી ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન, નિર્વાણ એવા પંચકલ્યાણક સહિત તીર્થંકર પદ પામીને મોક્ષ પામે છે અને જે સમ્યગ્દર્શન રહિત દ્રવ્ય મુનિ છે તે તિર્યંચ, મનુષ્ય, કુદેવ યોનિને પામે છે. આ ભાવ ના વિશેષથી ફળની વિશેષતા છે. ૧૦૦.

હવે કહે છે કે અશુદ્ધભાવોથી અશુદ્ધ જ આહાર કર્યો તેથી દુર્ગતિને જ પામ્યો :—

छायालदोसदूसियमसणं गसिउं असुद्धभावेण।
पत्तो सि महावसणं तिरियगईए अणप्पवसो॥१०१॥

षट्चत्वारिंशद्दोषदूषितमशनं ग्रसितं अशुद्धभावेन।
प्राप्तः असि महाव्यसनं तिर्यग्गतौ अनात्मवशः॥१०१॥

અવિશુદ્ધ ભાવે દોષ છેંતાળીસ સહ ગ્રહી અશનને,
તિર્યંચગતિ મધ્યે તું પામ્યો દુઃખ બહુ પરવશપણે. ૧૦૧.

**અર્થ** :—હે મુનિ! તેં અશુદ્ધભાવથી છેતાલીસ દોષોથી દૂષિત અશુદ્ધ આહાર ગ્રહણ કર્યો તે કારણથી તિર્યંચગતિમાં પરાધીન થઈને મહાન કષ્ટને પ્રાપ્ત થયો.

**ભાવાર્થ** :—મુનિરાજ છેતાલીસ દોષ રહિત શુદ્ધ આહાર કરે છે, બત્રીસ અંતરાય ટાળે છે. ચૌદ મળદોશ રહિત આહાર કરે છે, જે મુનિ થઈને સદોષ આહાર કરે તો જણાય છે કે તેના ભાવો પણ શુદ્ધ નથી. તેથી એવો ઉપદેશ છે કે હે મુને! તેં દોષ સહિત અશુદ્ધ આહાર કર્યો તેથી પહેલા તિર્યંચગતિમાં ભ્રમણ કર્યું અને કષ્ટ સહ્યાં. તેથી હવે ભાવશુદ્ધ કરીને શુદ્ધ આહાર કર જેથી ફરી ભ્રમણ ન થાય. છેંતાલીસ દોષોમાં સોળ તો ઉદ્ગમ દોષ છે, તે આહાર બનવાના છે તે શ્રાવકને આશ્રિત છે. સોળ ઉત્પાદન

દોષ છે તે મુનિ આશ્રિત છે. દસ દોષ એષણાના છે, તે આહાર આશ્રિત છે, ચાર પ્રમાણાદિક છે તેમનું સ્વરૂપ મૂલાચાર, આચારસાર વગેરે ગ્રંથોથી જાણવું. ૧૦૧.

હવે ફરી કહે છે :—

सच्चित्तभत्तपाणं गिद्धी दप्पेणऽधी पभुत्तूण।
पत्तो सि तिव्वदुक्खं अणाइकालेण तं चिंत॥१०२॥

सचित्तभक्तपानं गृद्ध्या दर्पेण अधीः प्रभुज्य।
प्राप्तोऽसि तीव्रदुःखं अनादिकालेन त्वं चिन्तय॥१०२॥

તું વિચાર રે!—તેં દુઃખ તીવ્ર લહ્યાં અનાદિ કાળથી,
કરી અશન-પાન સચિત્તનાં અજ્ઞાન-ગૃદ્ધિ-દર્પથી. ૧૦૨.

**અર્થ** :—હે જીવ! તું દુર્બુદ્ધિ (અજ્ઞાની) થઈને અતિચાર સહિત તથા અતિગર્વ(ઉદ્ધતપણે) આ સચિત્ત ભોજન તથા પાન, જીવ સહિત આહારપાણી લઈને અનાદિકાળથી તીવ્ર દુઃખોને પામ્યો. તેમનું ચિંતવન કર, વિચાર કર.

**ભાવાર્થ** :—મુનિને ઉપદેશ કરે છે—અનાદિકાળથી જ્યાં સુધી તું અજ્ઞાની રહ્યો, જીવનું સ્વરૂપ ન જાણ્યું ત્યાં સુધી સચિત્ત (જીવ સહિત) આહાર-પાણી કતો થકો સંસારમાં તીવ્ર નરકાદિક દુઃખને પામ્યો. હવે મુનિ થઈને ભાવશુદ્ધ કરી સચિત્ત આહાર-પાણી ન કર. નહીં તો પૂર્વવત્ દુઃખને ભોગવીશ. ૧૦૨.

હવે ફરીથી કહે છે :—

कंदं मूलं बीयं पुप्फं पत्तादि किंचि सच्चित्तं।
असिऊण माणगव्वं भमिओ सि अणंतसंसारे॥१०३॥

कंदं मूलं बीजं पुष्पं पत्रादि किंचित् सचित्तम्।
अशित्वा मानगर्वे भ्रमितः असि अनंतसंसारे॥१०३॥

કંઈ કંદ-મૂળો, પત્ર-પુષ્પો, બીજ આદિ સચિત્તને
તું માન-મદથી ખાઈને ભટક્યો અનંત ભવાણવે. ૧૦૩.

**અર્થ** :—કંદ-જમીકંદ આદિક, બીજ, ચણા વગેરે અન્નાદિક, મૂળ, આદુ, મૂળા,

ગાજર વગેરે. પુષ્પ, ફૂલ, પત્ર, નાગરવેલ વગેરે. આ બધી જે કાંઈપણ સચિત્ત વસ્તુ હતી તેને ગર્વ કરીને ભક્ષણ કરી. તેથી હે જીવ! તેં અનંત સંસારમાં ભ્રમણ કર્યું.

**ભાવાર્થ :—**કંદમૂળાદિક સચિત્ત અનંત જીવોનું શરીર છે, તથા અન્ય વનસ્પતિ, બીજાદિક સચિત્ત છે. તેનું ભક્ષણ કર્યું. પ્રથમ તો માન કરીને કે અમે તપસ્વી છીએ, અમારે ઘરબાર નથી. વનના પુષ્પ ફળાદિક ખાઈને તપસ્યા કરીએ છીએ એવા મિથ્યાદ્રષ્ટિ તપસ્વી થઈને માન કરીને તેં ખાધા તથા ગર્વથી ઉદ્ધત થઈને દોષ જાણ્યા નહીં, સ્વચ્છંદ થઈને સર્વભક્ષી થયો. આ રીતે આ કંદાદિકને ખાઈને આ જીવે સંસારમાં ભ્રમણ કર્યું. હવે મુનિ થઈને તેનું ભક્ષણ ન કર એવો ઉપદેશ છે. અન્યમતના તપસ્વી કંદમૂળાદિક ફળ-ફૂલ ખાઈને પોતાને મહંત માને છે તેમનો નિષેધ છે. ૧૦૩.

હવે વિનય આદિનો ઉપદેશ કરે છે. પહેલા વિનયનું વર્ણન છે :—

विणयं पंचपयारं पालहि मणवयणकायजोएण।
अविणयणरा सुविहियं तत्तो मुत्तिं न पावंति॥१०४॥

विनयः पंचप्रकारं पालय मनोवचनकाययोगेन।
अविनतनराः सुविहितां ततो मुक्तिं न प्राप्नुवन्ति॥१०४॥

રે! વિનય પાંચ પ્રકારનો તું પાળ મન-વચ-તન વડે;
નર હોય જે અવિનીત તે પામે ન સુવિહિત મુક્તિને. ૧૦૪.

**અર્થ :—**હે મુને! જે કારણથી અવિનયી મનુષ્ય સારી રીતે વિહિત () જે મુક્તિ તેને પામતા નથી એટલે કે અભ્યુદય તીર્થંકરાદિ સહિત મુક્તિને પામતા નથી તેથી અમે ઉપદેશ કરીએ છીએ કે—હાથ જોડવા, ચરણોમાં પડવું, આવવા પર ઉઠવું, સામે જવું અને અનુકૂળ વચન કહેવા તે પાંચ પ્રકારનો વિનય છે. અથવા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને તેમના ધારક પુરુષોનો વિનય કરવો. આવા પાંચ પ્રકારના વિનયનું તું મન-વચન-કાય ત્રણે યોગોથી પાલન કર.

**ભાવાર્થ :—**વિનય વિના મુક્તિ નથી તેથી વિનયનો ઉપદેશ છે. વિનયમાં ઘણા ગુણ છે, જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માન-કષાયનો નાશ થાય છે, શિષ્ટાચારનું પાલન છે અને કલહનું નિવારણ છે વગેરે વિનયના ગુણ જાણવા. તેથી જેઓ સમ્યગ્દર્શનાદિથી મહાન છે તેમનો વિનય કરવો એવો ઉપદેશ છે અને જે વિનય વિના જિનમાર્ગથી ભ્રષ્ટ થયા,

વસ્ત્રાદિક સહિત મોક્ષમાર્ગ માનવા લાગ્યા તેમનો નિષેધ છે. ૧૦૪.

હવે ભક્તિરૂપ વૈયાવૃત્યનો ઉપદેશ કરે છે :—

णियसत्तीए महाजस भत्तीराएण णिच्चकालम्मि।
तं कुण जिणभत्तिपरं विज्जावच्चं दसवियप्पं।।१०५।।

निजशक्त्या महायशः! भक्तिरागेण नित्यकाले।
त्वं कुरु जिनभक्तिपरं वैयावृत्यं दशविकल्पम्।।१०५।।

તું હે મહાયશ! ભક્તિરાગ વડે સ્વશક્તિપ્રમાણમાં
જિનભક્તિરત દશભેદ વૈયાવૃત્યને આચર સદા. ૧૦૫.

**અર્થ :—**હે મહાયશ! હે મુને! જિનભક્તિમાં તત્પર થઈને ભક્તિના રાગપૂર્વક તે દસ ભેદરૂપ વૈયાવૃત્યને તું પોતાની શક્તિ અનુસાર સદાને માટે કર. 'વૈયાવૃત્ય'ના બીજા દુઃખ(કષ્ટ) આવવાથી તેની સેવા-ચાકરી કરવાની કહે છે. તેમના દસ ભેદ છે—૧ આચાર્ય, ૨ ઉપાધ્યાય, ૩ તપસ્વી, ૪ શૈક્ષ્ય, ૫ ગ્લાન, ૬ ગણ, ૭ કુલ, ૮ સંઘ, ૯ સાધુ, ૧૦ મનોજ્ઞ—આ દસ ભેદ મુનિના છે તેમને વૈયાવૃત્ય કરવામાં આવે છે માટે આ દસ ભેદ કહ્યા છે. ૧૦૫.

હવે પોતાના દોષોને ગુરુ પાસે કહેવા એવી ગર્હાનો ઉપદેશ કરે છે :—

जं किंचि कयं दोसं मणवयकाएहिं असुहभावेणं।
तं गरहि गुरुसयासे गारव मायं च मोत्तूण।।१०६।।

यः कश्चित् कृतः दोषः मनोवचः कायैः अशुभभावेन।
तं गर्ह गुरुसकाशे गारवं मायां च मुक्त्वा।।१०६।।

તેં અશુભ ભાવે મન-વચન-તનથી કર્યો કંઈ દોષ જે,
કર ગર્હણા ગુરુની સમીપે ગર્વ-માયા છોડીને. ૧૦૬.

**અર્થ :—**હે મુને! જે કાંઈ મન-વચન-કાય દ્વારા પ્રતિજ્ઞામાં અશુદ્ધભાવથી દોષ લાગ્યો હોય તેને ગુરુ પાસે પોતાનું ગૌરવ (મહંતપણાનો ગર્વ) છોડીને અને માયા(કપટ) છોડીને મન-વચન-કાયને સરળ કરીને ગર્હા કર એટલે કે વચનથી પ્રકાશિત કર.

**ભાવાર્થ :—**પોતાને કોઈ દોષ લાગ્યો હોય અને નિષ્કપટ થઈને ગુરુને કહે તો તે દોષ નિવૃત્ત થઈ જાય, જો પોતે શલ્યવાન રહે તો મુનિપદમાં આ મોટો દોષ છે, તેથી પોતાના દોષ છુપાવવા નહીં. જેવા હોય તેવા સરળબુદ્ધિથી ગુરુઓને કહે ત્યારે દોષ મટે એવો ઉપદેશ છે. કાળના નિમિત્તથી મુનિપદથી ભ્રષ્ટ થાય ત્યારબાદ ગુરુઓ પાસે પ્રાયશ્ચિત્ત ન લઈને અને વિપરીત થઈને અલગ સંપ્રદાય બનાવી લે તેથી વિપર્યય થયો. ૧૦૬.

હવે ક્ષમાનો ઉપદેશ કહે છે :—

दुज्जणवयणचडक्कं णिट्ठुरकडुयं सहंति सप्पुरिसा।
कम्ममलणासणट्ठं भावेण य णिम्ममा सवणा।।१०७।।

दुर्जनवचनचपेटां निष्ठुरकटुकं सहन्ते सत्पुरुषाः।
कर्ममलनाशनार्थं भावेन च निर्ममाः श्रमणाः।।१०७।।

દુર્જન તણી નિષ્ઠુર-કટુક વચનોરૂપી થપ્પડ સહે
સત્પુરુષ નિર્મમભાવયુત-મુનિ કર્મમળલયહેતુએ. ૧૦૭.

**અર્થ :—**સત્પુરુષો જે મુનિ છે તેઓ દુર્જનોના (ચપેટ) વચનરૂપ જે નિષ્ઠુર (કઠોર) દયા રહિત અને કટુક (સાંભળતા જ કાનોને કટુ શૂલ સમાન લાગે) તે ચપેટ છે. તેને સહન કરે છે તેઓ શા માટે સહન કરે છે? કર્મોનો નાશ થાય તે માટે સહન કરે છે. પહેલા અશુભકર્મ બાંધ્યા હતાં તેના નિમિત્તે દુર્જને કટુક વચન કહ્યા તેને પોતે સાંભળ્યા તેમને ઉપશમ પરિણામથી પોતે સહન કરે ત્યારે અશુભકર્મનો ઉદય આવી ખરી જાય. આવા કટુક વચન કહેવાથી કર્મનો નાશ થાય છે, તે સત્પુરુષ—મુનિ કેવા છે? પોતાના ભાવથી અને વચન આદિકથી નિર્મમત્વ છે, વચનથી તથા માન-કષાયથી અને દેહાદિકથી મમત્વ નથી. મમત્વ હોય તો દુર્વચનને સહી ના શકે. એમ ન માને કે આણે મને દુર્વચન કહ્યા. તેથી મમત્વના અભાવથી દુર્વચનો સહી શકાય છે. તેથી મુનિ થઈને કોઈ ઉપર ક્રોધ ન કરવાનો ઉપદેશ છે. લૌકિકમાં પણ જે મોટા પુરુષ હોય છે તેઓ દુર્વચન સાંભળી ક્રોધ કરતા નથી. ત્યારે મુનિએ તો તે સહન કરવું ઉચિત જ છે. જેઓ ક્રોધ કરે છે તે માત્ર કથનથી તપસ્વી છે. સાચા તપસ્વી નથી. ૧૦૭.

હવે ક્ષમાનું ફળ કહે છે :—

पावं खवइ असेसं खमाए पडिमंडिओ य मुणिपवरो।
खेयरअमरणराणं पसंसणीओ धुवं होइ ॥१०८॥

पापं क्षिपति अशेषं क्षमया परिमंडितः च मुनिप्रवरः।
खेचरामरनराणां प्रशंसनीयः ध्रुवं भवति ॥१०८॥

મુનિપ્રવર પરિમંડિત ક્ષમાથી પાપ નિઃશેષે દહે,
નર-અમર-વિદ્યાધર તણા સ્તુતિપાત્ર છે નિશ્ચિતપણે. ૧૦૮.

**અર્થ** :—જે મુનિપ્રવર(મુનિઓમાં શ્રેષ્ઠ) ક્રોધના અભાવરૂપ ક્ષમાથી શોભિત છે, તે મુનિરાજો સમસ્ત પાપોનો ક્ષય કરે છે અને તેઓ વિદ્યાધર, દેવો મનુષ્યો દ્વારા નિશ્ચયથી પ્રશંસા યોગ્ય હોય છે.

**ભાવાર્થ** :—ક્ષમા ગુણ મુખ્ય છે તેનાથી પુરુષ બધાથી સ્તુતિ કરવાયોગ્ય થાય છે. જેઓ મુનિ છે તેમને ઉત્તમ ક્ષમા હોય છે. તેઓ તો બધા જ મનુષ્ય-દેવ-વિદ્યાધરો દ્વારા સ્તુતિયોગ્ય હોય જ છે અને તેમના સર્વ પાપોનો ક્ષય થાય જ છે તેથી ક્ષમા કરવી યોગ્ય છે એવો ઉપદેશ છે. ક્રોધી સર્વની નિંદાયોગ્ય થાય છે તેથી ક્રોધ છોડવો શ્રેષ્ઠ છે. ૧૦૮.

હવે આવા ક્ષમાગુણને જાણીને ક્ષમા કરવી અને ક્રોધને છોડવો એમ કહે છે :—

इय णाऊण खमागुण खमेहि तिविहेण सयल जीवाणं।
चिरसंचियकोहसिहिं वरखमसलिलेण सिंचेह ॥१०९॥

इति ज्ञात्वा क्षमागुण! क्षमस्व त्रिविधेन सकलजीवान्।
चिरसंचितक्रोधशिखिनं वरक्षमासलिलेन सिंच ॥१०९॥

તેથી ક્ષમાગુણધર! ક્ષમા કર જીવ સૌને ત્રણવિધે;
ઉત્તમક્ષમાજળ સીંચ તું ચિરકાળના ક્રોધાગ્નિને. ૧૦૯.

**અર્થ** :—હે ક્ષમાગુણધારી મુને! આ રીતે પૂર્વોક્ત પ્રકારે ક્ષમાગુણને જાણ અને સર્વ જીવોની મન-વચન-કાયથી ક્ષમા કર. તથા ઘણાકાળથી સંચિત ક્રોધરૂપી અગ્નિને ક્ષમારૂપી જળથી સિંચન કર અર્થાત્ શમન કર.

**ભાવાર્થ** :—ક્રોધરૂપી અગ્નિ પુરુષના ઉત્તમગુણોને બાળનારી છે અને

પરજીવોનો ઘાત કરવાવાળી છે, તેથી તે અગ્નિને ક્ષમારૂપ જળથી બુઝાવવી જોઈએ. અન્ય પ્રકારે તે બુઝાતી નથી અને ક્ષમાગુણ સર્વે ગુણોમાં પ્રધાન છે, તેથી એવો ઉપદેશ છે કે ક્રોધને છોડી ક્ષમા ગ્રહણ કરવી ૧૦૯.

હવે દિશા-કાળ આદિકની ભાવનાનો ઉપદેશ કરે છે :—

दिक्खाकालाईयं भावहि अवियारदंसणविसुद्धो।
उत्तमबोहिणिमित्तं असारसाराणि मुणिऊण ।।११०।।

दीक्षाकालादिकं भावय अविकारदर्शनविशुद्धः।
उत्तमबोधिनिमित्तं असारसाराणि ज्ञात्वा ।।११०।।

સુવિશુદ્ધદર્શનધરપણે વરબોધિ કેરા હેતુએ
ચિંતવ તું દીક્ષાકાળ-આદિક, જાણી સાર-અસારને. ૧૧૦.

**અર્થ** :—હે મુને! તું સંસારને અસાર જાણી ઉત્તમ બોધિ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિના નિમિત્તે અવિકાર અર્થાત્ અતિચાર રહિત નિર્મળ સમ્યગ્દર્શન સહિત થઈને દીક્ષાકાળ આદિની ભાવના કર.

**ભાવાર્થ** :—દીક્ષા લે છે ત્યારે સંસાર(શરીર), ભોગોને અસાર જાણી અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે રોગોત્પત્તિ અને મરણકાલાદિ જાણવા. તે સમયે જેવા ભાવ હોય તેવા જ ભાવોથી સંસારને અસાર જાણી વિશુદ્ધ સમ્યગ્દર્શન સહિત થઈને ઉત્તમ બોધિ કે જેનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તે માટે દીક્ષાકાળાદિકની ભાવના નિરંતર ભાવવાયોગ્ય છે એવો ઉપદેશ છે. ૧૧૦.

(નિરંતર સ્મરણમાં રાખવું :—શું? હે મુને! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ માટે દીક્ષા સમયની અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્ત દશાને, કોઈ રોગોત્પત્તિના સમયે ઉત્પન્ન થયેલી ઉગ્ર જ્ઞાન-વૈરાગ્યસંપતિને, કોઈ દુઃખના અવસરે પ્રગટ થયેલી ઉદાસીનતાની ભાવનાને કોઈ ઉપદેશ તથા તત્ત્વવિચારના ધન્ય અવસર પર જાગેલી પવિત્ર અંતઃભાવનાને સ્મરણમાં રાખવી. નિરંતર સ્વસન્મુખ જ્ઞાતાપણાને ધીરજના હેતુએ સ્મરણમાં રાખવું, ભુલવું નહીં (આવો આ ગાથાનો વિશેષ ભાવાર્થ છે.)

હવે ભાવલિંગને શુદ્ધ કરીને દ્રવ્યલિંગના સેવનનો ઉપદેશ કરે છે :—

सेवहि चउविहलिंगं अब्भंतरलिंगसुद्धिमावण्णो।
बाहिरलिंगमकज्जं होइ फुडं भावरहियाणं॥१११॥

सेवस्व चतुर्विधलिंगं अभ्यंतरलिंगशुद्धिमापन्नः।
बाह्यलिंगमकार्यं भवति स्फुटं भावरहितानाम्॥१११॥

કરી પ્રાપ્ત આંતરલિંગશુદ્ધિ સેવ ચઉવિધ લિંગને;
છે બાહ્યલિંગ અકાર્ય ભાવવિહીનને નિશ્ચિતપણે. ૧૧૧.

**અર્થ** :—હે મુનિવર! તું અભ્યંતર લિંગની શુદ્ધિને પ્રાપ્ત થઈ ચાર પ્રકારના બાહ્યલિંગનું સેવન કર. કારણ કે જેઓ ભાવરહિત હોય છે તેમને પ્રગટપણે બાહ્યલિંગ અકાર્ય છે એટલે કે કાર્યકારી નથી.

**ભાવાર્થ** :—જેઓ ભાવની શુદ્ધતાથી રહિત છે, જેમને પોતાના આત્માનું યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નથી તેમને બાહ્યલિંગ કાંઈપણ કાર્યકારી નથી. કારણ મળતા તત્કાળ બગડી જાય છે તેથી એવો ઉપદેશ છે કે—પહેલા ભાવની શુદ્ધતા કરી દ્રવ્યલિંગ ધારણ કરો. આ દ્રવ્યલિંગ ચાર પ્રકારનું કહેવામાં આવ્યું છે તે આ પ્રકારનું છે. ૧ મસ્તકના, ૨ દાઢીના અને ૩ મૂછોના કેશોનું લોચન કરવું અને ૪ નીચેના કેશ રાખવા અથવા ૧ વસ્ત્રનો ત્યાગ, ૨ કેશલોચ કરવો, ૩ શરીરને સ્નાનાદિથી સંસ્કારિત ન કરવું, ૪ પ્રતિલેખન મોરપીંછીને રાખવી એ પ્રમાણે ચાર પ્રકારનું બાહ્યલિંગ કહ્યું છે. આ પ્રમાણે સર્વ બાહ્ય વસ્ત્રાદિકથી રહિત થઈ નગ્ન રહેવું. આવું નગ્નરૂપ ભાવવિશુદ્ધિ વિના મજાકનું સ્થાન છે અને તેનાથી કાંઈપણ ઉત્તમ ફળ નથી. ૧૧૧.

હવે કહે છે કે ભાવ બગડવાનું કારણ ચાર સંજ્ઞાઓ છે તેનાથી સંસારભ્રમણ થાય છે એમ બતાવે છે :—

आहारभयपरिग्गहमेहुणसण्णाहि मोहिओ सि तुमं।
भमिओ संसारवणे अणाइकालं अणप्पवसो॥११२॥

आहारभयपरिग्रहमैथुनसंज्ञाभिः मोहितः असि त्वम्।
भ्रमितः संसारवने अनादिकालं अनात्मवशः॥११२॥

આહાર-ભય-પરિગ્રહ-મિથુનસંજ્ઞા થકી મોહિતપણે
તું પરવશે ભટક્યો અનાદિ કાળથી ભવકાનને. ૧૧૨.

**અર્થ :—**હે મુને ! તેં આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓથી મોહિત થઈને અનાદિકાળથી પરાધીન થઈને સંસારરૂપી વનમાં ભ્રમણ કર્યું.

**ભાવાર્થ :—**સંજ્ઞાનો અર્થ વાંચ્છાનું જાગૃત રહેવું તે છે. તેથી આહારની વાંચ્છા થવી, ભય થવો, મૈથુનની વાંચ્છા થવી અને પરિગ્રહની વાંચ્છા પ્રાણીને નિરંતર બની રહે છે, તે જન્માંતરથી ચાલી આવે છે. જન્મ લેતા જ તત્કાળ પ્રગટ થઈ જાય છે. તેના નિમિત્તથી જીવ કર્મોનું બંધન કરી સંસારવનમાં ભ્રમણ કરે છે તેથી મુનિઓને એવો ઉપદેશ છે કે હવે આ સંજ્ઞાઓનો અભાવ કરો. ૧૧૨.

હવે કહે છે કે બાહ્ય ઉત્તરગુણની પ્રવૃત્તિ પણ ભાવશુદ્ધ કરીને કરવી :—

बाहिरसयणत्तावणतरुमूलाईणि उत्तरगुणाणि।
पालहि भावविसुद्धो पूयालाहं ण ईहंतो ।।११३।।

बहिःशयनातापनतरुमूलादीन् उत्तरगुणान्।
पालय भावविशुद्धः पूजालाभं न ईहमानः ।।११३।।

તરુમૂલ, આતાપન, બહિઃશયનાદિ ઉત્તરગુણને
તું શુદ્ધ ભાવે પાળ, પૂજાલાભથી નિઃસ્પૃહપણે. ૧૧૩.

**અર્થ :—**હે મુનિવર ! તું ભાવથી વિશુદ્ધ થઈને પૂજા લાભાદિને ન ઈચ્છતાં બાહ્ય શયન, આતાપન, વૃક્ષમૂળયોગ ધારણ કરવો વગેરે ઉત્તરગુણોનું પાલન કર.

**ભાવાર્થ :—**શીતકાળમાં બહાર ખુલ્લા મેદાનમાં સુવું–બેસવું, ગ્રીષ્મકાળમાં પર્વતના શિખર ઉપર સૂર્ય સન્મુખ આતાપન યોગ ધારણ કરવો, વર્ષાકાળમાં વૃક્ષની નીચે યોગ ધારણ કરવો જ્યાં પાણીના ટીપા વૃક્ષ ઉપર પડ્યા પછી એકત્ર થઈ શરીર પર પડે તેમાં કંઈક પ્રાસુકનો પણ સંકલ્પ છે અને બાધા ઘણી છે. આ બધા ઉત્તરગુણ છે, તેનું પાલન પણ ભાવશુદ્ધિ કરીને કરવું. ભાવશુદ્ધિ વિના કરવામાં આવે તો તત્કાલ પરિણામ બગડે અને તેનાથી કાંઈપણ ફળ ન મળે. તેથી ભાવશુદ્ધ કરીને તેનું પાલન કરવાનો ઉપદેશ છે. એમ ન જાણવું કે તેને બાહ્યમાં કરવાનો નિષેધ છે. તેનું પાલન પણ કરવું અને ભાવ પણ શુદ્ધ કરવા એવો આશય છે. કેવળ પૂજા-લાભાદિક માટે પોતાની મોટાઈ દેખાડવા માટે કરવામાં આવે તો કાંઈ ફળની પ્રાપ્તિ નથી. ૧૧૩.

હવે તત્ત્વની ભાવના કરવાનો ઉપદેશ કરે છે :—

भावहि पढमं तच्चं बिदियं तदियं चउत्थ पंचमयं।
तियरणसुद्धो अप्पं अणाइणिहणं तिवग्गहरं।।११४।।

भावय प्रथमं तत्त्वं द्वितीयं तृतीयं चतुर्थ पंचमकम्।
त्रिकरणशुद्धः आत्मानं अनादिनिधनं त्रिवर्गहरम्।।११४।।

તું ભાવ પ્રથમ, દ્વિતીય, ત્રીજા, તુર્ય, પંચમ તત્ત્વને,
આદ્યંતરહિત ત્રિવર્ગહર જીવને, ત્રિકરણવિશુદ્ધિએ. ૧૧૪.

**અર્થ :—**હે મુનિ! તું પ્રથમ જીવતત્ત્વનું ચિંતવન કર અને અજીવ તત્ત્વનું પણ ચિંતવન કર. ત્રીજા આસ્રવ તત્ત્વનું પણ ચિંતવન કર, ચોથા બંધ તત્ત્વનું ચિંતવન કર, પાંચમાં સંવર તત્ત્વનું ચિંતવન કર અને મન-વચન-કાય, કૃત-કારિત અનુમોદનાથી શુદ્ધ થઈને આત્મસ્વરૂપનું ચિંતવન કર. જે આત્મા અનાદિ નિધન છે અને ત્રિવર્ગ એટલે કે ધર્મ, અર્થ અને કામને નાશ કરવાવાળો છે.

**ભાવાર્થ :—**પ્રથમ જીવતત્ત્વની ભાવના તો 'સામાન્ય જીવ' દર્શન-જ્ઞાન-ચેતના સ્વરૂપ છે તેની ભાવના કરવી. ત્યારબાદ હું એવો છું એ પ્રમાણે આત્મતત્ત્વની ભાવના કરવી. બીજું અજીવતત્ત્વ છે. તે સામાન્ય અચેતન, જડ છે, તે પાંચ ભેદો પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ છે, તેનો વિચાર કરવો. પછી ભાવના કરવી કે આ અજીવ તે હું નથી. ત્રીજું આસ્રવ તત્ત્વ છે તે જીવ-પુદ્‌ગલના સંયોગજનિત ભાવ છે. તેમાં અનાદિ કર્મબંધથી જીવના ભાવ (ભાવાસ્રવ) તો રાગ-દ્વેષ-મોહ છે અને અજીવ પુદ્‌ગલ તે ભાવકર્મના ઉદયરૂપ મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ તે દ્રવ્યાસ્રવ છે તેમની ભાવના કરવી કે આ ભાવો (અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાએ) મને થાય છે. (અશુદ્ધ નિશ્ચયનયથી રાગ-દ્વેષ-મોહભાવો મારા છે તેનાથી કર્મોનો બંધ થાય છે, તેનાથી સંસાર થાય છે, તેથી તેમના કર્તા ન થવું—(સ્વમાં એટલે કે પોતાના જ્ઞાતા રહેવું.)

ચોથું બંધ તત્ત્વ છે, તે હું રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમન કરું છું ત્યારે મારી ચેતનાનો વિભાવ છે, તેનાથી જે બંધાય છે, તે પુદ્‌ગલ છે, કર્મ પુદ્‌ગલ છે, કર્મ પુદ્‌ગલો જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના બંધાય છે, તે સ્વભાવ-પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશરૂપ ચાર પ્રકારના થઈને બંધાય છે. તેઓ, વિભાવો તથા પુદ્‌ગલ કર્મો બધું જ હેય છે, સંસારનું કારણ છે, તેથી મારે રાગ-દ્વેષ-મોહરૂપ ન થવું જોઈએ—આ પ્રકારે ભાવના કરવી.

પાંચમું સંવર તત્ત્વ છે, તે રાગ-દ્વેષ-મોહરૂપ જીવના વિભાવો છે તેમનું ન થવું અને દર્શન-જ્ઞાનરૂપ ચેતનાભાવે સ્થિર થવું તે સંવર છે, તે પોતાનો ભાવ છે અને તેનાથી જ પુદ્‌ગલકર્મજનિત ભ્રમણ મટે છે.

આ પ્રમાણે આ પાંચ તત્ત્વની ભાવના કરવામાં આત્મતત્ત્વની ભાવના મુખ્ય છે તેનાથી કર્મની નિર્જરા થઈને મોક્ષ થાય છે. આત્માના ભાવ અનુક્રમથી શુદ્ધ થવા તે તો નિર્જરા તત્ત્વ થયું અને તે સર્વ કર્મનો અભાવ થવો તે મોક્ષતત્ત્વ થયું. આ પ્રમાણે સાત તત્ત્વોની ભાવના કરવી.

તેથી આત્મતત્ત્વનું વિશેષણ કર્યું કે આત્મતત્ત્વ કેવું છે? ધર્મ, અર્થ, કામ તે ત્રિવર્ગનો અભાવ કરે છે, તેની ભાવનાથી ત્રિવર્ગથી ભિન્ન ચોથો મોક્ષનો પુરુષાર્થ છે તે થાય છે. તે આત્મા જ્ઞાન-દર્શનમયી ચેતનાસ્વરૂપ અનાદિનિધન છે. તેનો આદિ પણ નથી અને અંત પણ નથી. તેની ભાવના એટલે કે વારંવાર અભ્યાસ કરવો, ચિંતન કરવું. મન-વચનકાયથી પોતે કરવું, બીજાને કરાવવું અને કરવાવાળાને ભલો જાણવો. આવા ત્રિકરણથી શુદ્ધ થઈને ભાવના કરવી. માયા, મિથ્યા, નિદાન આ ત્રણ શલ્ય ન રાખવા. ખ્યાતિ, લાભ, પૂજાનો આશય ન રાખવો આ પ્રકારની તત્ત્વની ભાવના કરવાથી ભાવોની શુદ્ધિ થાય છે.

## સ્ત્રી વગેરે પદાર્થો વિષે ભેદજ્ઞાનીનો વિચાર

તેનું ઉદાહરણ એ પ્રમાણે છે કે—જ્યારે સ્ત્રી વગેરે ઈન્દ્રિયગોચર હોય ત્યારે તેમના વિષયમાં તત્ત્વવિચાર કરવો કે આ સ્ત્રી છે તે શું છે? જીવ નામના તત્ત્વની (અસમાનજાતીય) એક પર્યાય છે તેનું શરીર છે તે તો પુદ્‌ગલની પર્યાય છે, તે હાવ-ભાવ ચેષ્ટા કરે છે, તે જીવના વિકાર છે, તે આસ્રવ તત્ત્વ છે અને બાહ્ય ચેષ્ટા પુદ્‌ગલની છે. આ વિકારથી આ સ્ત્રીના આત્માને કર્મનો બંધ થાય છે. આ વિકાર તેને ન હોય તો તેને આસ્રવ-બંધ ન થાય. તેથી મારે વિકારરૂપ ન થવું તે સંવરતત્ત્વ છે. બની શકે તો કંઈક ઉપદેશ આપી તેનો વિકાર દૂર કરવો.(આવો વિકલ્પ રાગ છે) તે રાગ પણ કરવાયોગ્ય નથી.—સ્વસન્મુખ જ્ઞાતાપણામાં ધૈર્ય રાખવાયોગ્ય છે. આ પ્રમાણે તત્ત્વની ભાવનાથી પોતાનો ભાવ અશુદ્ધ થતો નથી. તેથી જે દષ્ટિગોચર પદાર્થ હોય તેમાં આ પ્રમાણે તત્ત્વની ભાવના રાખવી એવો તત્ત્વની ભાવનાનો ઉપદેશ છે. ૧૧૪.

હવે કહે છે કે આવા તત્ત્વની ભાવના જ્યાં સુધી નથી ત્યાં સુધી મોક્ષ નથી :—

जाव ण भावइ तच्चं जाव ण चिंतेइ चिंतणीयाइं।
ताव ण पावइ जीवो जरमरणविवज्जियं ठाणं।।११५।।

यावन्न भावयति तत्त्वं यावन्न चिंतयति चिंतनीयानि।
तावन्न प्राप्नोति जीवः जरामरणविवर्जितं स्थानम्।।११५।।

ભાવે ન જ્યાં લગી તત્ત્વ, જ્યાં લગી ચિંતનીય ન ચિંતવે,
જીવ ત્યાં લગી પામે નહીં જર-મરણવર્જિત સ્થાનને. ૧૧૫.

**અર્થ** :—હે મુને! તું જ્યાં સુધી જીવાદિ તત્ત્વોની ભાવના કરતો નથી અને ચિંતન કરવાયોગ્યનું ચિંતન કરતો નથી ત્યાં સુધી જરા અને મરણથી રહિત મોક્ષસ્થાનને પ્રાપ્ત કરતો નથી.

**ભાવાર્થ** :—તત્ત્વની ભાવના તો પહેલા કહેવામાં આવી હતી કે ચિંતન કરવાયોગ્ય ધર્મશુક્લધ્યાનના વિષયભૂત જે ધ્યેય વસ્તુ તે પોતાનો શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાભાવ અને એવું જ અરિહંત સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ તેનું ચિંતન જ્યાંસુધી આ આત્માને ન હોય ત્યાં સુધી સંસારથી નિવૃત્તિ થતી નથી. તેથી તત્ત્વની ભાવના અને શુદ્ધ સ્વરૂપના ધ્યાનનો ઉપાય નિરંતર રાખવો એવો ઉપદેશ છે. ૧૧૫.

હવે કહે છે કે પાપ પુણ્યનું અને બંધ-મોક્ષનું કારણ પરિણામ જ છે :—

पावं हवइ असेसं पुण्णमसेसं च हवइ परिणामा।
परिणामादो बंधो मुक्खो जिणसासणे दिट्ठो।।११६।।

पापं भवति अशेषं पुण्यमशेषं च भवति परिणामात्।
परिणामाद्बंधः मोक्षः जिनशासने दृष्टः।।११६।।

રે! પાપ સઘળું, પુણ્ય સઘળું, થાય છે પરિણામથી;
પરિણામથી છે બંધ તેમ જ મોક્ષ જિનશાસન મહીં. ૧૧૬.

**અર્થ** :—પાપ-પુણ્ય અને બંધ-મોક્ષનું કારણ પરિણામને જ કહ્યું છે. જીવને મિથ્યાત્વ, વિષય-કષાય, અશુભ લેશ્યારૂપ તીવ્ર પરિણામ થાય તેનાથી તો પાપાસ્રવનો બંધ થાય છે. પરમેષ્ઠીની ભક્તિ, જીવો ઉપર દયા, વગેરે મંદકષાય શુભ લેશ્યારૂપ પરિણામ થાય છે તેનાથી પુણ્યાસ્રવનો બંધ થાય છે. શુદ્ધ પરિણામ રહિત વિભાવરૂપ

પરિણામથી બંધ થાય છે. શુદ્ધભાવના સન્મુખ રહેવું તેને અનુકૂળ શુભ પરિણામ રાખવા, અશુભ પરિણામ સર્વથા દૂર કરવા એવો ઉપદેશ છે. ૧૧૬.

હવે પુણ્ય-પાપનો બંધ જે ભાવોથી થાય છે તેમને કહે છે પહેલા પાપ બંધના પરિણામ કહે છે :—

मिच्छत्त तह कसायासंजमजोगेहिं असुहलेसेहिं।
बंधइ असुहं कम्मं जिणवयणपरम्मुहो जीवो॥११७॥

मिथ्यात्वं तथा कषायासंयमयोगैः अशुभलेश्यैः।
बध्नाति अशुभं कर्म जिनवचनपराङ्मुखः जीवः॥११७॥

મિથ્યા-કષાય-અવિરતિ-યોગ અશુભલેશ્યાન્વિત વડે
જિનવચપરાઙ્મુખ આતમા બાંધે અશુભરૂપ કર્મને. ૧૧૭.

**અર્થ** :—મિથ્યાત્વ, કષાય, અસંયમ અને યોગ જેમાં અશુભ લેશ્યા હોય છે આ પ્રકારના ભાવથી આ જીવ જિનવચનથી પરાઙ્મુખ થાય છે. અશુભકર્મ કરે છે, તે પાપને જ બાંધે છે.

**ભાવાર્થ** :—'મિથ્યાત્વભાવ' તે તત્ત્વાર્થના શ્રદ્ધાન રહિત પરિણામ છે. 'કષાય' ક્રોધાદિક છે. 'અસંયમ' પરદ્રવ્યના ગ્રહણરૂપ ભાવ છે કે જે ત્યાગરૂપ ભાવ નથી. આ પ્રકારના ઈન્દ્રિયોના વિષયોથી પ્રીતિ અને જીવોની વિરાધના સહિત ભાવ તે અસંયમ છે. 'યોગ' મન-વચન-કાયના નિમિત્તથી આત્મપ્રદેશોનં કંપન થાય છે. આ ભાવો જ્યારે તીવ્ર કષાય સહિત—કૃષ્ણ-નીલ-કાપોત અશુભ લેશ્યારૂપ હોય ત્યારે આ જીવને પાપનો બંધ થાય છે. પાપબંધ કરવાવાળો જીવ કેવો છે? તેને જિનવચનની શ્રદ્ધા નથી. આ વિશેષણનો આશય એમ છે કે અન્યમતના શ્રદ્ધાનીને કદાચિત્ શુભ લેશ્યાના નિમિત્તે પુણ્યનો બંધ હોય તેને પાપમાં ગણવામાં આવે છે. જે જિનઆજ્ઞામાં પ્રવર્તે છે તેને કદાચિત પાપનો બંધ હોય તો તે પુણ્ય જીવોની પંક્તિમાં જ ગણાય છે. મિથ્યાદૃષ્ટિને પાપી જીવ માનવામાં આવે છે અને સમ્યગ્દૃષ્ટિને પુણ્યવાન જીવ માનવામાં આવે છે. આ પ્રમાણે પાપબંધનું કારણ કહ્યું. ૧૧૭.

હવે તેથી ઉલટાભાવવાળો જીવ છે તે પુણ્ય બાંધે છે એવું કહે છે :—

तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिमावण्णो।
दुविहपयारं बंधइ संखेवेणेव वज्जरियं॥११८॥

तद्विपरीतः बध्नाति शुभकर्म भावशुद्धिमापन्नः।
द्विविधप्रकारं बध्नाति संक्षेपेणैव कथितम्॥११८॥

વિપરીત તેથી ભાવશુદ્ધિપ્રાપ્ત બાંધે શુભને;
—એ રીત બાંધે અશુભ-શુભ; સંક્ષેપથી જ કહેલ છે. ૧૧૮.

**અર્થ** :—તે પૂર્વોક્ત જિનવચનનો શ્રદ્ધાની મિથ્યાત્વ રહિત સમ્યગ્દ્રષ્ટિ જીવ શુભકર્મને બાંધે છે કે જેણે ભાવમાં વિશુદ્ધિ પ્રાપ્ત કરી છે. એવા બંને પ્રકારના જીવ શુભાશુભકર્મને બાંધે છે એવું જિનભગવાને ટૂંકમાં કહ્યું છે.

**ભાવાર્થ** :—પહેલાં કહ્યું હતું કે જિનવચનથી પરાન્મુખ મિથ્યાત્વ સહિત જીવ છે, તેનાથી વિપરીત જિનઆજ્ઞાનો શ્રદ્ધાની સમ્યગ્દ્રષ્ટિ જીવ વિશુદ્ધભાવને પામીને શુભકર્મને બાંધે છે. કારણ કે તેના એટલે કે સમ્યક્ત્વના મહાત્મ્યથી એવા ઉજ્જવળ ભાવો થાય છે જેનાથી મિથ્યાત્વ સાથે બંધાવાવાળી પાપપ્રકૃતિનો અભાવ થાય છે. કદાચિત્ કિંચિત્ કોઈ પાપપ્રકૃતિ બંધાય છે તો તેનો અનુભાગ મંદ હોય છે, તે કાંઈ તીવ્ર પાપફળની દાતા નથી તેથી સમ્યગ્દ્રષ્ટિ શુભકર્મને જ બાંધવાવાળો છે—આ પ્રમાણે શુભ-અશુભકર્મના બંધનું વિધાન સંક્ષેપથી સર્વજ્ઞદેવે કહ્યું છે તે જાણવું જોઈએ. ૧૧૮.

હવે કહે છે કે હે મુને! તું એવી ભાવના કર :—

णाणावरणादीहिं य अट्ठहिं कम्मेहिं वेढिओ य अहं।
डहिऊण इण्हिं पयडमि अणंतणाणाइगुणचित्तां॥११९॥

ज्ञानावरणादिभिः च अष्टभिः कर्मभिः वेष्टितश्च अहं।
दग्ध्वा इदानीं प्रकटयामि अनन्तज्ञानादिगुणचेतनां॥११९॥

વેષ્ટિત છું હું જ્ઞાનાવરણકર્માદિ કર્માષ્ટક વડે;
બાળી, હું પ્રગટાવું અમિતજ્ઞાનાદિગુણવેદન હવે. ૧૧૯.

**અર્થ** :—હે મુનિવર! તું એવી ભાવના કર કે હું જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી વેષ્ટિત છું તેથી તેમને ભસ્મ કરી અનંતજ્ઞાનાદિ ગુણમય જિનસ્વરૂપ ચેતનાને પ્રગટ કરું.

**ભાવાર્થ** :—પોતાને કર્મોથી વેષ્ઠિત માને, તેમનાથી અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને ત્યારે તે કર્મોનો નાશ કરવાનો વિચાર કરે તેથી કર્મના બંધની અને તેમના અભાવની ભાવના કરવાનો ઉપદેશ છે. કર્મનો અભાવ શુદ્ધ સ્વરૂપના ધ્યાનથી થાય છે, તેને કરવાનો ઉપદેશ છે.

કર્મ આઠ છે. ૧ જ્ઞાનાવરણ, ૨ દર્શનાવરણ, ૩ મોહનીય, ૪ અંતરાય આ ચારે ઘાતિકર્મો છે તેમની પ્રકૃતિ ૪૭ છે. કેવળજ્ઞાનાવરણથી અનંતજ્ઞાન આચ્છાદિત છે, કેવલ દર્શનાવરણથી અનંત દર્શન આચ્છાદિત છે. મોહનીયથી અનંત સુખ પ્રગટ થતું નથી અને અંતરાયથી અનંતવીર્ય પ્રગટ થતું નથી તેથી તેમનો નાશ કરો. ચાર અઘાતિ કર્મ છે તેમનાથી અવ્યાબાધ, અગુરુલઘુ, સૂક્ષ્મતા અને અવગાહના આ ગુણોની નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. આ અઘાતિકર્મોની પ્રકૃતિ એકસો એક છે. ઘાતિકર્મોનો નાશ થતા અઘાતિકર્મોનો સ્વયમેવ અભાવ થઈ જાય છે. આ પ્રમાણે જાણવું. ૧૧૯.

આ કર્મોનો નાશ કરવા માટે અનેક પ્રકારનો ઉપદેશ છે તેને સંક્ષેપથી કહેવામાં આવે છે :—

**सीलसहस्सट्ठारस चउरासीगुणगणाण लक्खाइं।**
**भावहि अणुदिणु णिहिलं असप्पलावेण किं बहुणा।।१२०।।**

शीलसहस्राष्टादश चतुरशीतिगुणगणानां लक्षाणि।
भावय अनुदिनं निखिलं असत्प्रलापेन किं बहुना।।१२०।।

**ચોરાશી લાખ ગુણો, અઢાર હજાર ભેદો શીલના,**
**–સઘળુંય પ્રતિદિન ભાવ; બહુ પ્રલપન નિરર્થથી શું ભલા? ૧૨૦.**

**અર્થ** :—શીલના અઢાર હજાર ભેદો છે અને ઉત્તરગુણ ચોરાસી લાખ છે. આચાર્ય કહે છે કે હે મુને! ઘણા જૂઠા પ્રલાપરૂપ નિરર્થક વચનોથી શું? આ શીલોની અને ઉત્તરગુણોની બધાની તું ભાવના કર. તેમની ભાવના, ચિંતન, અભ્યાસ નિરંતર રાખ. જેમ એમની પ્રાપ્તિ થાય તેમ કર.

**ભાવાર્થ** :—'આત્મા–જીવ' નામની વસ્તુ અનંતધર્મસ્વરૂપ છે. ટૂંકમાં એની બે પરિણતિઓ છે. એક સ્વાભાવિક અને એક વિભાવરૂપ. તેમાં સ્વાભાવિક તો શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતના પરિણામ છે અને વિભાવ પરિણામ કર્મના નિમિત્તથી છે. તેઓ

મુખ્યપણે તો મોહકર્મના નિમિત્તથી કહ્યા છે. ટૂંકમાં મિથ્યાત્વ રાગ-દ્વેષ છે તેના વિસ્તારથી અનેક ભેદ છે. અન્ય કર્મોના ઉદયથી વિભાવ થાય છે તેમાં પુરુષાર્થની મુખ્યતા નથી. તેથી ઉપદેશ અપેક્ષાએ તેઓ ગૌણ છે. આ પ્રમાણે શીલ અને ઉત્તરગુણ પ્રભાવ-વિભાવ પરિણતિના ભેદથી ભેદરૂપ કરીને કહ્યા છે.

શીલની પ્રરૂપણા બે પ્રકારની છે—૧ સ્વદ્રવ્ય-પરદ્રવ્યના વિભાવની અપેક્ષાએ છે અને બીજી સ્ત્રીના સંસર્ગની અપેક્ષાએ છે. પરદ્રવ્યનો સંસર્ગ મન-વચવ-કાયથી અને કૃત-કારિત અને અનુમોદનાથી ન કરવો. તેમનો પરસ્પર ગુણાકાર કરવાથી નવ ભેદ થાય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓ છે, તેમનાથી પરદ્રવ્યનો સંસર્ગ થાય છે. (તેમનું ન હોવું) એવા નવ ભેદોનો ચાર સંજ્ઞાઓથી ગુણકાર કરવાથી છત્રીસ ભેદ થાય છે. પાંચ ઈન્દ્રિયના નિમિત્તથી વિષયોનો સંસર્ગ થાય છે, તેની પ્રવૃત્તિના અભાવરૂપ પાંચ ઈન્દ્રિયોને છત્રીસે ગુણવાથી એકસો એંસી ભેદ થાય છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, પ્રત્યેક સાધારણ આ બધા એકેન્દ્રિય અને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય એવા દસ ભેદરૂપ જીવોનો સંસર્ગ અને તેમના હિંસારૂપ પ્રવર્તનથી પરિણામ વિભાવ થાય છે, તે ન કરવા એ પ્રમાણે ૧૮૦ ભેદોને ૧૦ થી ગુણવાથી ૧૮૦૦ થાય છે. ક્રોધાદિક કષાય અને અસંયમ પરિણામથી પરદ્રવ્ય સંબંધી વિભાવ પરિણામ થાય છે, તેના અભાવરૂપ દસલક્ષણધર્મ છે. અઢાસોને તે દસલક્ષણધર્મથી ગુણવાથી ૧૮૦૦૦ થાય છે. આ પ્રમાણે પરદ્રવ્યના સંસર્ગરૂપ કુશીલના અભાવરૂપ શીલના ૧૮૦૦૦ ભેદો છે. તેનું પાલન કરવાથી પરમ બ્રહ્મચર્ય હોય છે. બ્રહ્મ (આત્મા)માં પ્રવર્તન અને રમવાને બ્રહ્મચર્ય કહે છે.

સ્ત્રીના સંસર્ગની અપેક્ષા આ પ્રમાણે છે—સ્ત્રી બે પ્રકારની છે. અચેતન સ્ત્રી, કાષ્ઠ, પાષાણ, લેપ(ચિત્રામ) આ ત્રણ તેમનો મન અને કાયા બે થી સંસર્ગ થાય છે અહીં વચન લીધા નથી તેથી બે થી ગુણાકાર કરવાથી છ થાય છે. કૃત-કારિત અનુમોદનાથી, ગુણાકાર કરવાથી ૧૮ થાય છે. પાંચ ઈન્દ્રિયોથી ગુણાકાર કરવાથી ૯૦ થાય છે. દ્રવ્યભાવથી ગુણાકાર કરવાથી ૧૮૦ થાય છે. ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાયોથી ગુણાકાર કરતા ૭૨૦ થાય છે. ચેતન સ્ત્રી, દેવી, મનુષ્યાણી, તિર્યંચણી— આવી ત્રણ અને ત્રણેને મન-વચન-કાયાથી ગુણાકાર કરવાથી ૯ થાય છે. તેમને કૃત-કારિત-અનુમોદનાથી ગુણાકાર કરતા ૨૭ થાય છે, તેમને પાંચ ઈન્દ્રિયોથી ગુણાકાર કરવાથી ૧૩૫ થાય છે. તેમને દ્રવ્ય અને ભાવથી ગુણાકાર કરતા ૨૭૦ થાય છે. તેમને ચાર સંજ્ઞાથી ગુણાકાર કરતા ૧૦૮૦ થાય છે. તેમને અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણ,

પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ આ સોળ કષાયોથી ગુણાકાર કરતા ૧૭૨૮૦ થાય છે. આમાં અચેતન સ્ત્રીના ૭૨૦ મેળવતા *૧૮૦૦૦ થાય છે. આ રીતે સ્ત્રીના સંસર્ગથી વિકાર પરિણામ થાય છે તે કુશીલ છે અને તેમના અભાવરૂપ પરિણામ શીલ છે. તેની પણ બ્રહ્મચર્ય સંજ્ઞા છે.

ચોરાશી લાખ ઉત્તરગુણ તો એમ છે કે તે આત્માના વિભાવ પરિણામોના બાહ્ય કારણોની અપેક્ષાએ ભેદ છે. આ તેમના અભાવરૂપ ગુણોના ભેદ છે, તે વિભાવોના ભેદની ગણના ટૂંકમાં આ મુજબ છે. ૧ હિંસા, ૨ અનૃત, ૩ સ્તેય, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા ૯ લોભ, ૧૦ ભય, ૧૧ જુગુપ્સા, ૧૨ અરતિ, ૧૩ શોક ૧૪ મનોદુષ્ટત્વ, ૧૫ વચનદુષ્ટત્વ, ૧૬ કાયદુષ્ટત્વ, ૧૭ મિથ્યાત્વ, ૧૮ પ્રમાદ, ૧૯ પૈશૂન્ય, ૨૦ અજ્ઞાન, ૨૧ ઈન્દ્રિયનો અનુગ્રહ આ પ્રમાણે એકવીસ દોષ છે, તેમને અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર આ ચારેથી ગુણાકાર કરવાથી ૮૪ થાય છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, પ્રત્યેક સાધારણ આ બધા સ્થાવર એકેન્દ્રિય છ પ્રકારના જીવો અને વિકલ ત્રણ, પંચેન્દ્રિય એક, આ પ્રમાણે જીવોના દસ ભેદ. તેમનો પરસ્પર આરંભથી ઘાત થાય છે. તેમનો પરસ્પર ગુણાકાર કરવાથી સો થાય છે. તેમને ૮૪થી ગુણાકાર કરવાથી ૮૪૦૦ થાય છે તેમને ૧૦ શીલ વિરાધનાથી ગુણાકાર કરતા ૮૪૦૦૦ થાય છે. શીલ વિરાધનાના દસ નામ આ પ્રમાણે છે. ૧ સ્ત્રી સંસર્ગ, ૨ પુષ્ટરસભોજન, ૩ ગંધમાળાનું ગ્રહણ, ૪ સુંદર શયનાશનનું ગ્રહણ, ૫ આભૂષણનું મંડન, ૬ ગીત-વાજિંત્રનો પ્રસંગ, ૭ ધનનું સંપ્રયોજન, ૮ કુશીલનો સંસર્ગ, ૯ રાજસેવા, ૧૦ રાત્રિસંચરણ—આ શીલ વિરાધના છે. તેમની આલોચનાના દસ દોષો છે—ગુરુઓ પાસે લાગેલા દોષોની આલોચના કરે તે સરળ થઈને ન કરે. કાંઈક શલ્ય રાખે તેના દસ ભેદ કહ્યા છે તેમનાથી ગુણાકાર કરતાં આઠ લાખ ચાલીસ હજાર થાય છે. આલોચનાથી

---

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| * અચેતન : | કાષ્ઠ, પાષાણ | મન | કૃત કારિત | ઈન્દ્રિયો | દ્રવ્ય | ક્રોધ, માન | |
| સ્ત્રી | ચિત્રામ | કાયા | અનુમોદના | ૫ | ભાવ | માયા, લોભ | |
| | ૩ × | ૨ × | ૩ × | ૫ × | ૨ × | ૪ | = ૭૨૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચેતન : | દેવી | મન | કૃત | | | આહાર | અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણ | ક્રોધ | |
| સ્ત્રી | મનુષ્યાણી | વચન | કારિચ | ઈન્દ્રિયો | દ્રવ્ય | પરિગ્રહ | પ્રત્યાખ્યાનાવરણ | માન, માયા | |
| | તિર્યંચાણી | કાય | અનુમોદના | ૫ | ભાવ | ભય, મૈથુન | સંજ્વલન | લોભ | |
| | ૩ × | ૩ × | ૩ × | ૫ × | ૨ × | ૪ × | ૪ × | ૪ | =૧૭૨૮૦ |
| | | | | | | | | | ૧૮૦૦૦ |

શરૂ કરીને પ્રાયશ્ચિત્તના દસ ભેદ છે. તેમનાથી ગુણાકાર કરતા ચોરાસી લાખ થાય છે. આ બધા દોષોનો ભેદ છે. તેમના અભાવથી ગુણ થાય છે. તેમની ભાવના રાખે, ચિંતન અને અભ્યાસ રાખે તેમની સંપૂર્ણ પ્રાપ્તિ થવાનો ઉપાય રાખે તે તેમની ભાવનાનો ઉપદેશ છે.

આચાર્ય કહે છે કે વારંવાર ઘણા વચનના પ્રલાપથી એવું કાંઈપણ સાધ્ય નથી. જે કાંઈ આત્માના ભાવની પ્રવૃત્તિના વ્યવહારના ભેદ છે તેમની ગુણસંજ્ઞા છે. તેમની ભાવના રાખવી. અહીં એટલું જાણવું કે ગુણસ્થાન ૧૪ કહ્યા છે, તેની પરિપાટીથી ગુણદોષોનો વિચાર કરવામાં આવે છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર આ ત્રણમાં તો વિભાવ પરિણતિ છે. તેમાં તો ગુણનો વિચાર જ નથી. અવિરત દેશવિરત વગેરેમાં શીલગુણ એકદેશ હોય છે. અવિરતમાં મિથ્યાત્વ અનંતાનુબંધીના કષાયના અભાવરૂપ ગુણથી એકદેશ સમ્યક્ત્વ અને તીવ્ર રાગ-દ્વેષના અભાવરૂપ ગુણ થાય છે અને દેશવિરતમનાં કંઈક વ્રતનો એકદેશ આવે છે. પ્રમત્તમાં મહાવ્રતરૂપ સામાયિક ચારિત્રનો એકદેશ હોય છે, કારણ કે પાપસંબંધિ રાગ-દ્વેષ તો ત્યાં નથી. પરંતુ ધર્મ ધર્મસંબંધી રાગ છે અને સામાયિક તે રાગ-દ્વેષના અભાવનું નામ છે. તેથી સામાયિકને એકદેશ જ કહ્યો છે. અહીં સ્વરૂપ સન્મુખ થવામાં ક્રિયાકાંડ સંબંધી પ્રમાદ છે. તેથી પ્રમત્ત નામ આપ્યું છે. અપ્રમત્તમાં સ્વરૂપસાધનમાં તો પ્રમાદ નથી. પરંતુ કાંઈક સ્વરૂપને સાધવાનો વ્યક્ત રાગ છે. તેથી અહીં પણ સામાયિકનો એકદેશ જ કહ્યો છે. અપૂર્વકરણ, અનિવૃત્તિ-કરણમાં વ્યક્ત રાગ નથી અને અવ્યક્ત કષાયનો સદ્ભાવ છે, તેથી ત્યાં સામાયિક ચારિત્રની પૂર્ણતા કહી. સૂક્ષ્મ સાંપરાયમાં અવ્યક્ત કષાય પણ સૂક્ષ્મ રહી ગયા તેથી તેનું નામ સૂક્ષ્મ સાંપરાય રાખવામાં આવ્યું. ઉપશાંતમોહ, ક્ષીણમોહમાં કષાયનો અભાવ જ છે તેથી જેવું આત્માનું મોહવિકાર રહિત શુદ્ધ સ્વરૂપ હતું એવો અનુભવ થયો. તેથી તેનું યથાખ્યાત ચારિત્ર નામ રાખ્યું. આવા મોહકર્મની અપેક્ષાએ અહીં જ ઉત્તરગુણોની પૂર્ણતા કહેવામાં આવે છે. પરંતુ આત્માનું સ્વરૂપ અનંત જ્ઞાનાદિરૂપ છે તે ઘાતિકર્મનો નાશ થતા અનંત જ્ઞાનાદિ પ્રગટ થાય છે ત્યારે સયોગ કેવળી કહેવાય છે. તેમાં પણ કાંઈક યોગોની પ્રવૃત્તિ છે તેથી 'અયોગકેવળી' ચોદમું ગુણસ્થાન છે તેમાં યોગોની પ્રવૃત્તિ મટી આત્મા અવસ્થિત થઈ જાય છે. ત્યારે ચોરાસી લાખ ઉત્તરગુણોની પૂર્ણતા કહેવામાં આવે છે. આ રીતે ગુણસ્થાનોની અપેક્ષાએ ઉત્તરગુણોની પ્રવૃત્તિ વિચારવાયોગ્ય છે. આ બાહ્ય અપેક્ષાએ ભેદો છે. અંતરંગ અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો સંખ્યાત, અસંખ્યાત, અનંત ભેદો થાય છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૨૦.

હવે ભેદોના વિકલ્પથી રહિત થઈને ધ્યાન કરવાનો ઉપદેશ કરે છે :—

झायहि धम्मं सुक्कं अट्ट रउद्दं च झाण मुत्तूण।
रुद्दट्ट झाइयाइं इमेण जीवेण चिरकालं।।१२१।।

ध्याय धर्म्यं शुक्लं आर्त्तं रौद्रं च ध्यानं मुक्त्वा।
रौद्रार्त्ते ध्याते अनेन जीवेन चिरकालम्।।१२१।।

ધ્યા ધર્મ્ય તેમ જ શુક્લને, તજી આર્ત તેમ જ રૌદ્રને;
ચિરકાળ ધ્યાયાં આર્ત તેમ જ રૌદ્ર ધ્યાનો આ જીવે. ૧૨૧.

**અર્થ** :—હે મુનિ ! તું આર્ત-રૌદ્રધ્યાનને છોડ અને ધર્મ શુક્લધ્યાનને કર. કારણ કે રૌદ્ર અને આર્તધ્યાન તો આ જીવે અનાદિકાળથી ઘણીવાર કર્યા છે.

**ભાવાર્થ** :—આર્ત, રૌદ્રધ્યાન અશુભ છે, સંસારના કારણો છે, તે બંને ધ્યાન તો જીવને ઉપદેશ વિના પણ અનાદિથી હોય છે, તેથી તેમને છોડવાનો ઉપદેશ છે. ધર્મ-શુક્લધ્યાન સ્વર્ગ-મોક્ષનું કારણ છે. તેમને ક્યારેય પણ ધ્યાવ્યાં નથી, તેથી તે ધ્યાન કરવાનો ઉપદેશ છે. ધ્યાનનું સ્વરૂપ **'એકાગ્રચિંતાનિરોધ'** કહ્યું છે. ધર્મધ્યાનમાં તો ધર્માનુરાગનો સદ્‌ભાવ છે, તેથી ધર્મના—મોક્ષમાર્ગના કારણમાં રાગ સહિત એકાગ્રચિંતાનિરોધ હોય છે, તેથી શુભરાગના નિમિત્તે પુણ્યબંધ પણ થાય છે અને વિશુદ્ધભાવના નિમિત્તે પાપકર્મની નિર્જરા પણ થાય છે. શુક્લધ્યાનમાં આઠમા, નવમા, દસમા ગુણસ્થાનોમાં તો અવ્યક્તરાગ(અબુદ્ધિપૂર્વકનો) છે. ત્યાં અનુભવ-અપેક્ષાએ ઉપયોગ ઉજ્જ્વળ છે તેથી તેનું શુક્લ નામ રાખવામાં આવ્યું છે અને તેનાથી ઉપરના ગુણસ્થાનોમાં રાગ-કષાયનો અભાવ છે તેથી ઉપયોગ સર્વથા ઉજ્જ્વળ જ છે, અને તે શુક્લધ્યાનયુક્ત જ છે. એટલી વિશેષતા છે કે ઉપયોગના એકાગ્રપણારૂપ ધ્યાનની સ્થિતિ અંતર્મુહૂર્તની કહી છે, તે અપેક્ષાએ તેરમા-ચૌદમા ગુણસ્થાનોમાં ધ્યાનનો ઉપચાર છે અને યોગક્રિયાના સ્થંભનની અપેક્ષાએ ધ્યાન કહ્યું છે. આ શુક્લધ્યાન કર્મની નિર્જરા કરી જીવને મોક્ષ પ્રાપ્ત કરાવે છે, તેથી એવા ધ્યાનનો ઉપદેશ જાણવો. ૧૨૧.

હવે કહે છે કે આ ધ્યાન ભાવલિંગી મુનિઓને મોક્ષ આપે છે :—

जे के वि दव्वसवणा इंदियसुहआउला ण छिंदंति।
छिंदंति भावसवणा झाणकुढारेहिं भवरुक्खं।।१२२।।

ये केऽपि द्रव्यश्रमणा इन्द्रियसुखाकुलाः न छिन्दन्ति।
छिन्दन्ति भावश्रमणाः ध्यानकुठारैः भववृक्षम् ॥१२२॥

દ્રવ્યે શ્રમણ ઇન્દ્રિયસુખાકુલ હોઈને છેદે નહીં;
ભવવૃક્ષ છેદે ભાવશ્રમણો ધ્યાનરૂપ કુઠારથી. ૧૨૨.

**અર્થ** :—કેટલાક દ્રવ્યલિંગી શ્રમણો છે, તેઓ તો ઇન્દ્રિયસુખમાં વ્યાકુળ છે. તેમને આ ધર્મશુક્લધ્યાન હોતું નથી. તેઓ તો સંસારરૂપી વૃક્ષને કાપવા સમર્થ નથી અને જે ભાવલિંગી શ્રમણ છે, તેઓ ધ્યાનરૂપી કુહાડીથી સંસારરૂપી વૃક્ષને કાપે છે.

**ભાવાર્થ** :—જે મુનિ દ્રવ્યલિંગત્વ ધારણ કરે છે પરંતુ તેમને પરમાર્થ સુખનો અનુભવ થયો નથી તેથી તેઓ આલોક, પરલોકમાં ઇન્દ્રિયોના સુખોને જ ઇચ્છે છે, તપશ્ચરણાદિક પણ આ જ અભિલાષાથી કરે છે, તેમને ધર્મશુક્લધ્યાન કઈ રીતે હોય? અર્થાત્ ન હોય. જેમણે પરમાર્થ સુખનો આસ્વાદ લીધો તેમને ઇન્દ્રિય સુખ તે દુઃખ જ છે એવું સ્પષ્ટ ભાસિત થયું છે, તેથી પરમાર્થસુખનો ઉપાય કે જે ધર્મશુક્લધ્યાન છે, તે પ્રગટ કરીને તેઓ સંસારનો અભાવ કરે છે, તેથી ભાવલિંગી થઈને ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. ૧૨૨.

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :—

जह दीवो गब्भहरे मारुयबाहाविवज्जिओ जलइ।
तह रायाणिलरहिओ झाणपईवो वि पज्जलइ॥१२३॥

यथा दीपः गर्भगृहे मारुतबाधाविवर्जितः ज्वलति।
तथा रागानिलरहितः ध्यानप्रदीपः अपि प्रज्वलति॥१२३॥

જ્યમ ગર્ભગૃહમાં પવનની બાધા રહિત દીપક બળે,
તે રીત રાગાનિલવિવર્જિત ધ્યાનદીપક પણ જળે. ૧૨૩.

**અર્થ** :—જેવી રીતે દીપક ગર્ભગૃહ—એટલે કે જ્યાં પવનનો સંચાર નથી તેના મધ્યના ઘરમાં પવનની બાધારહિત નિશ્ચળ થઈને સળગે છે (પ્રકાશ કરે છે) એ પ્રમાણે અંતરંગ મનમાં રાગરૂપી પવનથી રહિત ધ્યાનરૂપી દીપક પણ સળગે છે. એકાગ્ર થઈને સ્થિત થાય છે. આત્માને પ્રકાશિત કરે છે.

**ભાવાર્થ** :—પહેલાં કહ્યું હતું કે જે ઇન્દ્રિયસુખથી વ્યાકુળ છે તેમને શુભધ્યાન

હોતું નથી. તેનું આ દીપક દૃષ્ટાંત છે. જ્યાં ઇન્દ્રિયોના સુખમાં જે રાગ, તેજ પવન વિદ્યમાન છે, તેમને ધ્યાનરૂપી દીપક કઈ રીતે નિર્બાધ પ્રકાશિત કરે? એટલે કે ન કરે. અને જેમને આ રાગરૂપી પવન બાધા ન કરે તેમને ધ્યાનરૂપી દીપક નિશ્ચળ સ્થિર રહે છે. ૧૨૩.

હવે કહે છે કે ધ્યાનમાં પરમાર્થ જે શુદ્ધ આત્માનું સ્વરૂપ છે, તે સ્વરૂપને સાધવામાં નાયક પંચ પરમેષ્ઠી છે તેમનું ધ્યાન કરવાનો ઉપદેશ છે :—

झायहि पंच वि गुरवे मंगलचउसरणलोयपरियरिए।
णरसुरखेयरमहिए आराहणणायगे वीरे॥१२४॥

ध्याय पंच अपि गुरून् मंगलचतुः शरणलोकपरिकरितान्।
नरसुरखेचरमहितान् आराधनानायकान् वीरान्॥१२४॥

ધ્યા પંચ ગુરુને, શરણ-મંગલ-લોકઉત્તમ જેહ છે,
આરાધનાનાયક, અમર-નર-ખચરપૂજિત, વીર છે. ૧૨૪.

**અર્થ** :—હે મુને! તું પંચગુરુ એટલે કે પંચપરમેષ્ઠિઓનું ધ્યાન કર. અહીં અપિ શબ્દ શુદ્ધાત્મસ્વરૂપના ધ્યાનને સૂચિત કરે છે. પંચપરમેષ્ઠી કેવા છે? મંગળ અર્થાત્ પાપના નાશક અથવા સુખદાયક અને ચઉશરણ એટલે કે ચાર શરણ તથા લોક એટલે કે લોકના પ્રાણીઓથી અરિહંત, સિદ્ધ, સાધુ, કેવલી પ્રરૂપિત ધર્મ તે પરિવારિત છે—યુક્ત છે. નર, સૂર, વિદ્યાધર સહિત પૂજ્ય છે તેથી તેમને લોકોત્તમ કહેવામાં આવે છે. આરાધનાના નાયક છે, વીર છે, કર્મોને જીતવામાં સુભટ છે અને વિશિષ્ટ લક્ષ્મીને પ્રાપ્ત છે તથા ભવ્યોને મોક્ષ આપે છે. આ પ્રમાણે પંચ પરમગુરુનું ધ્યાન કર.

**ભાવાર્થ** :—અહીં પંચપરમેષ્ઠીનું ધ્યાન કરવાનું કહ્યું તે ધ્યાનમાં વિઘ્નને દૂર કરવાવાળા ચાર મંગળ સ્વરૂપ કહ્યા છે, તે આ જ છે. ચાર શરણ અને લોકોત્તમ પણ એમને જ કહે છે. તેના સિવાય પ્રાણીને અન્ય શરણ કે રક્ષણ કરવાવાળું કોઈપણ નથી. અને લોકમાં ઉત્તમ પણ તે જ છે. આરાધના, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ એ પ્રમાણે ચાર છે. તેમના સ્વામી પણ આ પાંચ પરમેષ્ઠી છે, કર્મોને જીતવવાળા પણ તે જ છે, તેથી ધ્યાન કરવાવાળા માટે તેમનું ધ્યાન શ્રેષ્ઠ છે. શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ પણ તેમના ધ્યાનથી જ થાય છે, તેથી આ ઉપદેશ છે. ૧૨૪.

હવે ધ્યાન છે તે જ્ઞાનનું એકાગ્ર થવું તે છે તેથી જ્ઞાનના અનુભવનનો ઉપદેશ કરે છે :—

णाणमयविमलसीयलसलिलं पाऊण भविय भावेण।
वाहिजरमरणवेयणडाहविमुक्का सिवा होंति॥१२५॥

ज्ञानमयविमलशीतलसलिलं प्राप्य भव्याः भावेन।
व्याधिजरामरणवेदनादाह विमुक्ताः शिवाः भवन्ति॥१२५॥

જ્ઞાનાત્મ નિર્મળ નીર શીતળ પ્રાપ્ત કરીને, ભાવથી
ભવિ થાય છે જર-મરણ-વ્યાધિદાહવર્જિત, શિવમયી. ૧૨૫.

**અર્થ** :—ભવ્યજીવ જ્ઞાનમયી નિર્મળ શીતળ જળને સમ્યક્ત્વભાવ સહિત પીને તથા વ્યાધિરૂપ જરા-મરણની વેદના(પીડા)ને ભસ્મ કરીને મુક્ત અર્થાત્ સંસારથી રહિત શિવ અર્થાત્ પરમાનંદ સુખરૂપ થાય છે.

**ભાવાર્થ** :—જેવી રીતે નિર્મળ અને શીતળ જળ પીવાથી પિત્તની દાહરૂપ વ્યાધિ મટીને શાતા થઈ જાય છે, તે જ રીતે આ જ્ઞાન છે તે જ્યારે રાગાદિક મળથી રહિત નિર્મળ અને આકુળતારહિત શાંતભાવ થાય છે, તેવા જ્ઞાનની ભાવના કરી રુચિ, શ્રદ્ધા, પ્રતીતિથી તેનું સેવન કરે તેનાથી તન્મય થઈ જાય તો જરા-મરણરૂપ દાહવેદના મટી જાય છે અને સંસારથી નિવૃત્ત થઈને સુખરૂપ થાય છે, તેથી ભવ્યજીવોને એ ઉપદેશ છે કે જ્ઞાનમાં લીન થઈ જાઓ. ૧૨૫.

હવે કહે છે કે આ ધ્યાનરૂપ અગ્નિથી સંસારના બીજરૂપ આઠેય કર્મ એકવાર દગ્ધ થઈ જાય, તે પછી ફરી સંસાર થતો નથી. આ બીજ ભાવમુનિને દગ્ધ થઈ જાય છે :—

जह बीयम्मि य दड्ढे ण वि रोहइ अंकुरो य महिवीढे।
तह कम्मबीयदड्ढे भवंकुरो भावसवणाणं॥१२६॥

यथा बीजे च दग्धे नापि रोहति अंकुरश्च महीपीठे।
तथा कर्मबीजदग्धे भवाङ्कुरः भावश्रमणानाम्॥१२६॥

જ્યમ બીજ હોતાં દગ્ધ, અંકુર ભૂતળે ઊગે નહીં,
ત્યમ કર્મબીજ બળ્યે ભવાંકુર ભાવશ્રમણોને નહીં. ૧૨૬.

**અર્થ :—**જેવી રીતે પૃથ્વીતળ ઉપર બીજના બળી જવાથી તેમાંથી અંકુર ઉગતો નથી, તેવી જ રીતે ભાવલિંગી શ્રમણને સંસારનું બીજ દગ્ધ થઈ જાય છે તેથી સંસારરૂપ અંકુર ઉપજતો નથી.

**ભાવાર્થ :—**સંસારનું બીજ જ્ઞાનાવરણાદિક કર્મ છે, તે કર્મો ભાવશ્રમણને ધ્યાનરૂપી અગ્નિથી ભસ્મ થઈ જાય છે, તેથી ફરી સંસારરૂપી અંકુર કઈ રીતે ઉત્પન્ન થાય? તેથી ભાવશ્રમણ થઈને ધર્મશુક્લધ્યાનથી કર્મોનો નાશ કરવાનો ઉપદેશ છે. કોઈ સર્વથા એકાંતી એમ કહે કે કર્મ અનાદિ છે, તેનો અંત નથી, તો તેનો પણ નિષેધ છે. બીજ અનાદિ છે તે એકવાર દગ્ધ થઈ જવાથી ફરી ઊગતું નથી. તે રીતે આ પણ જાણવું ૧૨૬.

હવે ટૂંકમાં ઉપદેશ કરે છેઃ—

भावसवणो वि पावइ सुक्खाइं दुहाइं दव्वसवणो य।
इय णाउं गुणदोसे भावेण य संजुदो होह॥१२७॥

भावश्रमणः अपि प्राप्नोति सुखानि दुःखानि द्रव्यश्रमणश्च।
इति ज्ञात्वा गुणदोषान् भावेन च संयुतः भव॥१२७॥

રે! ભાવશ્રમણ સુખો લહે ને દ્રવ્યમુનિ દુઃખો લહે;
તું ભાવથી સંયુક્ત થા, ગુણદોષ જાણી એ રીતે. ૧૨૭.

**અર્થ :—**ભાવ શ્રમણ તો સુખોને પામે છે અને દ્રવ્યશ્રમણ દુઃખોને પામે છે આ પ્રમાણે ગુણ-દોષોને જાણીને હે જીવ! તું ભાવસહિંત સંયમી બન.

**ભાવાર્થ :—**સમ્યગ્દર્શન સહિત ભાવશ્રણ હોય છ તે સંસારનો અભાવ કરીને સુખને પામે છે અને મિથ્યાત્વ સહિત દ્રવ્યશ્રમણને માત્ર વેષ જ હોય છે. તે સંસારનો અભાવ કરી શકતો નથી તેથી દુઃખોને પામે છે. માટે ઉપદેશ કરે છે કે બંનેના ગુણદોષને જાણીને ભાવસંયમી થવું યોગ્ય છે. આ સર્વ ઉપદેશનો સાર છે ૧૨૭.

હવે ફરી પણ તે જ ઉપદેશના અર્થરૂપને ટૂંકાણમાં કહે છે :—

तित्थयरगणहराइं अब्भुदयपरंपराइं सोक्खाइं।
पावंति भावसहिया संखेवि जिणेहिं वज्जरियं॥१२८॥

तीर्थकरगणधरादीनि अभ्युदयपरंपराणि सौख्यानि।
प्राप्नुवन्ति भावश्रमणाः संक्षेपेण जिनैः भणितम्॥१२८॥

**તીર્થેશ-ગણનાથાદિગત અભ્યુદયયુત સૌખ્યો તણી**
**પ્રાપ્તિ કરે છે ભાવમુનિ;—ભાખ્યું જિને સંક્ષેપથી. ૧૨૮.**

**અર્થ :—**જે ભાવસહિત મુનિ છે તેએ અભ્યુદય સહિત તીર્થંકર, ગણધર વગેરે પદવીના સુખને પામે છે એમ ટૂંકમાં કહે છે.

**અર્થ :—**તીર્થંકર, ગણધર, ચક્રવર્તી વગેરે પદોના સુખો મોટા અભ્યુદય સહિત હોય છે તેમને ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ મુનિ પામે છે. આ સર્વ ઉપદેશને ટૂંકમાં કહ્યો છે તેથી ભાવસહિત મુનિ થવું યોગ્ય છે. ૧૨૮.

હવે આચાર્ય કહે છે કે જે ભાવશ્રમણ છે તેમને ધન્ય છે, તેમને અમારા નમસ્કાર હો :—

**ते धण्णा ताण णमो दंसणवरणाणचरणसुद्धाणं।**
**भावसहियाण णिच्चं तिविहेण पणट्ठमायाणं॥१२९॥**

ते धन्याः तेभ्यः नमः दर्शनवरज्ञानचरणशुद्धेभ्यः।
भावसहितेभ्यः नित्यं त्रिविधेन प्रणष्टमायेभ्यः॥१२९॥

**તે છે સુધન્ય, ત્રિધા સદૈવ નમસ્કરણ હો તેમને,**
**જે ભાવયુત, દૃગજ્ઞાનચરણવિશુદ્ધ, માયામુક્ત છે. ૧૨૯.**

**અર્થ :—**આચાર્ય કહે છે કે જે મુનિ સમ્યગ્દર્શન શ્રેષ્ઠ વિશિષ્ટ જ્ઞાન અને નિર્દોષ ચારિત્રથી શુદ્ધ છે તેથી ભાવસહિત છે અને જેમના કપટ અર્થાત્ માયા પરિણામો પ્રણષ્ટ થઈ ગયા છે તેઓ ધન્ય છે તેમને અમારા મન-વચન-કાયથી સદા નમસ્કાર હો.

**ભાવાર્થ :—**ભાવલિંગીઓમાં જેઓ દર્શન-જ્ઞાન-ચારિત્રથી શુદ્ધ છે તેમના પ્રતિ આચાર્યોને ભક્તિ ઉત્પન્ન થઈ છે તેથી તેમને ધન્ય કહીને નમસ્કાર કર્યા તે યુક્ત જ છે. જેમને મોક્ષમાર્ગમાં અનુરાગ છે તેમને મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં પ્રધાનતા દેખાય છે. તેથી તેમને નમસ્કાર કરે છે. ૧૨૯.

હવે કહે છે કે જે ભાવ શ્રમણ છે તે દેવાદિકની ઋદ્ધિ જોઈને મોહને પ્રાપ્ત થતા નથી :—

इड्ढिमतुलं विउव्विय किण्णरकिंपुरिसअमरखयरेहिं।
तेहिं वि ण जाइ मोहं जिणभावणभाविओ धीरो॥१३०॥

ऋद्धिमतुलां विकुर्वद्भिः[1] किंनरकिंपुरुषामरखचरैः।
तैरपि न याति मोहं जिनभावनाभावितः धीरः॥१३०॥

ખેચર-સુરાદિક વિક્રિયાથી ૠદ્ધિ અતુલ કરે ભલે,
જિનભાવનાપરિણત સુધીર લહે ન ત્યાં પણ મોહને. ૧૩૦.

**અર્થ** :—જિનભાવના (સમ્યક્ત્વ ભાવના)થી રંગાયેલા જીવો કિન્નર, કિંપુરષદેવ, કલ્પવાસી દેવ અને વિદ્યાધર—તેઓ દ્વારા વિક્રિયારૂપે વિસ્તાર કરવામાં આવેલી અતુલ ઋદ્ધિઓથી મોહ પામતા નથી. કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ કેવો છે? ધીર છે, દૃઢબુદ્ધિ છે એટલે કે નિઃશંકિત અંગનો ધારક છે.

**ભાવાર્થ** :—જેમનું જિન સમ્યક્ત્વ દૃઢ છે તેમના માટે સંસારની ઋદ્ધિ તૃણવત્ છે. પરમાર્થ સુખની જ ભાવના છે. તેમને વિનાશિક ઋદ્ધિની વાંછા કઈ રીતે થાય? ૧૩૦.

હવે તેનું જ સમર્થન છે કે જે આવી ઋદ્ધિ પણ ન ઈચ્છતો હોય તેને અન્ય સાંસારિક સુખની વાંછા ક્યાંથી હોય!—

किं पुण गच्छइ मोहं णरसुरसुक्खाण अप्पसाराणं।
जाणंतो पस्संतो चिंतंतो मोक्ख मुणिधवलो॥१३१॥

किं पुनः गच्छति मोहं नरसुरसुखानां अल्पसाराणाम्।
जानन् पश्यन् चिंतयन् मोक्षं मुनिधवलः॥१३१॥

તો દેવ-નરનાં તુચ્છ સુખ પ્રત્યે લહે શું મોહને
મુનિપ્રવર જે જાણે, જુએ ને ચિંતવે છે મોક્ષને? ૧૩૧.

**અર્થ** :—સમ્યગ્દષ્ટિ જીવ પૂર્વોક્ત ઋદ્ધિઓને ઈચ્છતો નથી. તો પછી મુનિ ધવલ અર્થાત્ મુનિઓમાં પ્રધાન છે તેઓ અન્ય જે મનુષ્યદેવોના અલ્પસારવાળા ભોગાદિક સુખોમાં કઈ રીતે મોહને પ્રાપ્ત થાય! કેવા છે મુનિ ધવલ? મોક્ષને જાણે છે તેની તરફ

૧.—સંસ્કૃતમાં મુદ્રિત પ્રતિમા 'विकृतां' પાઠ છે.

જ દૃષ્ટિ છે અને તેનું જ ચિંતવન કરે છે.

**ભાવાર્થ** :—જેઓ મુનિપ્રધાન છે, તેમની ભાવના મોક્ષના સુખોમાં હોય છે. તેઓ દેવ-વિદ્યાધરો દ્વારા ફેલાયેલી મોટી મોટી વિક્રિયાઋદ્ધિમાં પણ લાલસા કરતા નથી. તો કિંચિત્‌માત્ર મનુષ્યદેવોના ભોગાદિ સુખોની વાંછા કઈ રીતે કરે? અર્થાત્ ન કરે. ૧૩૧.

હવે ઉપદેશ કરે છે કે જ્યાં સુધી જરા આદિ ન આવે ત્યાં સુધી પોતાનું હિત કરી લો :—

उत्थरइ जा ण जरओ रोयग्गी जा ण डहइ देहउडिं।
इन्दियबलं ण वियलइ ताव तुमं कुणहि अप्पहियं।।१३२।।

आक्रमते यावन्न जरा रोगाग्निर्यावन्न दहति देहकुटीम्।
इन्द्रियबलं न विगलति तावत् त्वं कुरु आत्महितम्।।१३२।।

રે! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,
બળ ઇન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી. ૧૩૨.

**અર્થ** :—હે મુને! જ્યાં સુધી તને વૃદ્ધાવસ્થા ન આવે, રોગરૂપી અગ્નિ તારી દેહરૂપી કુટિરને ભસ્મ ન કરે અને જ્યાં સુધી ઇન્દ્રિયોનું બળ ન ઘટે, ત્યાં સુધી પોતાનું હિત કરી લે.

**ભાવાર્થ** :—વૃદ્ધાવસ્થામાં દેહ રોગોથી જર્જરિત થઈ જાય છે, ઇન્દ્રિયો ક્ષીણ થઈ જાય છે ત્યારે અસમર્થ હોવાથી આ લોકના કાર્ય જેવા કે ઉઠવું-બેસવું પણ કરી શકતા નથી તો પરલોકસંબંધી તપશ્ચરણાદિક તથા જ્ઞાનાભ્યાસ અને સ્વરૂપનું અનુભવન વગેરે કાર્યો કઈ રીતે કરે? તેથી એ ઉપદેશ છે કે જ્યાં સુધી સામર્થ્ય છે. ત્યાં સુધી પોતના હિતરૂપ કાર્યને કરી લે. ૧૩૨.

હવે અહિંસાધર્મના ઉપદેશનું વર્ણન કરે છે :—

छज्जीव छडायदणं णिच्चं मणवयणकायजोएहिं।
कुरु दय परिहर मुणिवर भावि अपुव्वं महासत्तं[१]।।१३३।।

---

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'महासत्त' એવું સંબોધન પદ કહ્યું છે જેની સંસ્કૃત છાયા 'महासत्त्व' છે.

[१]षट्जीवान् षडायतनानां नित्यं मनोवचनकाययोगैः।
कुरु दयां परिहर मुनिवर भावय अपूर्वं महासत्त्वम्॥१३३॥

છ અનાયતન તજ, કર દયા ષટ્જીવની ત્રિવિધે સદા,
મહાસત્ત્વને તું ભાવ રે! અપૂરવપણે હે મુનિવરા! ૧૩૩.

**અર્થ** :—હે મુનિવર! તું છ કાયના જીવો ઉપર દયા કર અને છ અનાયતનોને મન-વચન-કાયના યોગોથી છોડ. તથા પહેલા ન થયેલું–(અપૂર્વ) એવું મહાસત્ત્વ–કે જે સર્વ જીવોમાં વ્યાપક (જ્ઞાયક) મહાસત્ત્વરૂપ ચેતના ભાવને ભાવ.

**ભાવાર્થ** :—અનાદિકાળથી જીવનું સ્વરૂપ ચેતના સ્વરૂપ ન જાણ્યું તેથી જીવોની હિંસા કરી માટે એ ઉપદેશ છે કે હવે જીવાત્માનું સ્વરૂપ જાણીને છ કાયના જીવો ઉપર દયા કર. અનાદિથી જ આપ્ત, આગમ, પદાર્થનું અને તેમની સેવા કરવાવાળાના સ્વરૂપને જાણ્યું નથી. તેથી અનાપ્ત વગેરે છ અનાયતનો કે જેનું મોક્ષમાર્ગમાં સ્થાન નથી તેમને સારા માનીને સેવન કર્યું, તેથી એવો ઉપદેશ છે કે અનાયતનોનો પરિહાર કર. જીવના સ્વરૂપના ઉપદેશક આ બંનેને તેં પહેલા જાણ્યા નથી. તેમની ભાવના કરી નથી. તેથી હવે ભાવના કર એવો ઉપદેશ છે. ૧૩૩.

હવે કહે છે કે જીવનું તથા ઉપદેશ કરવાવાળાનું સ્વરૂપ જાણ્યા વિના સર્વ જીવોના પ્રાણોનો આહાર કર્યો :—

दसविहपाणाहारो अणंतभवसायरे भमंतेण।
भोयसुहकारणट्ठं कदो य तिविहेण सयलजीवाणं॥१३४॥

दशविधप्राणाहारः अनन्तभवसागरे भ्रमता।
भोगसुखकारणार्थं कृतश्च त्रिविधेन सकलजीवानां॥१३४॥

ભમતાં અમિત ભવસાગરે, તેં ભોગસુખના હેતુએ
સહુજીવ-દશવિધપ્રાણનો આહાર કીધો ત્રણવિધે. ૧૩૪.

**અર્થ** :—હે મુનિ! તેં અનંતભવસાગરમાં ભ્રમણ કરતા થકા સકળ ત્રસ-સ્થાવર જીવોના દસ પ્રકારના પ્રાણોનો આહાર ભોગસુખના માટે મન-વચન-કાયથી કર્યો.

**ભાવાર્થ** :—અનાદિકાળથી જિનમતના ઉપદેશ વિના અજ્ઞાની થઈ, તેં ત્રસ-

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'षट्जीवषडायतनानां' એક પદ કર્યો છે.

સ્થાવર જીવોના પ્રાણોનો આહાર કર્યો તેથી હવે જીવોનું સ્વરૂપ જાણી જીવોની દયા પાળ. ભોગાભિલાષા છોડ આવો ઉપદેશ છે. ૧૩૪.

ફરી કહે છે કે આવા પ્રાણીઓની હિંસાથી સંસારમાં ભ્રમણ કરી દુઃખ પામ્યો :—

पाणिवहेहि महाजस चउरासीलक्खजोणिमज्झम्मि।
उप्पज्जंत मरंतो पत्तो सि णिरंतरं दुक्खं।।१३५।।

प्राणिवधैः महायशः! चतुरशीतितिलक्षयोनिमध्ये।
उत्पद्यमानः म्रियमाणः प्राप्तोऽसि निरंतरं दुःखम्।।१३५।।

પ્રાણીવધોથી હે મહાયશ! યોનિ લખ ચોરાશીમાં
ઉત્પત્તિનાં ને મરણનાં દુઃખો નિરંતર તેં લહ્યાં. ૧૩૫.

**અર્થ** :—હે મુને! હે મહાયશ! તેં પ્રાણીઓના ઘાતથી ચોરાસી લાખ યોનીઓની મધ્યમાં ઉત્પન્ન થઈને અને મરીને નિરંતર દુઃખ પ્રાપ્ત કર્યા.

**ભાવાર્થ** :—જિનમતના ઉપદેશ વિના જીવોની હિંસાથી આ જીવ ચોરાસીલાખ યોનિઓમાં ઉત્પન્ન થઈ મરે છે. હિંસાથી કર્મબંધ થાય છે. કર્મબંધના ઉદયથી ઉત્પત્તિ, મરણરૂપ સંસાર થાય છે. આ પ્રમાણે જન્મ-મરણના દુઃખો સહે છે તેથી જીવોની દયાનો ઉપદેશ છે. ૧૩૫.

હવે તે દયાનો જ ઉપદેશ કરે છે :—

जीवाणमभयदाणं देहि मुणी पाणिभूयसत्ताणं।
कल्लाणसुहणिमित्तं परंपरा तिविहसुद्धीए।।१३६।।

जीवानामभयदानं देहि मुने प्राणिभूतसत्त्वानाम्।
कल्याणसुखनिमित्तं परंपरया त्रिविधशुद्ध्या।।१३६।।

તું ભૂત-પ્રાણી-સત્ત્વ-જીવને ત્રિવિધ શુદ્ધિ વડે મુનિ!
દે અભય, જે કલ્યાણસૌખ્યનિમિત્ત પારંપર્યથી. ૧૩૬.

**અર્થ** :—હે મુને! જીવોનું અને પ્રાણીભૂત સત્ત્વોનું પોતાની પરંપરાથી કલ્યાણ અને સુખ થાય, તે માટે તેમને મન-વચન-કાયાની શુદ્ધતાથી અભયદાન આપ.

**ભાવાર્થ** :—જીવ પંચેન્દ્રિયોને કહે છે. 'પ્રાણી' વિકલત્રયને કહે છે, 'ભૂત' વનસ્પતિને કહે છે અને 'સત્ત્વ' પૃથ્વી, અપ્, તેજ, વાયુને કહે છે. આ બધા જીવોને પોતાના સમાન જાણીને તેમને અભયદાન આપવાનો ઉપદેશ છે. તેનાથી શુભ પ્રકૃતિનો બંધ થવાથી અભ્યુદયરૂપ સુખ થાય છે. પરંપરાથી તીર્થંકર પદ પામી મોક્ષ પામે છે. એમ ઉપદેશ છે. ૧૩૬.

હવે આ જીવ ષટ્ અનાયતનના પ્રસંગથી—મિથ્યાત્વથી સંસારમાં ભ્રમણ કરે છે તેનું સ્વરૂપ કહે છે. પહેલાં મિથ્યાત્વના ભેદોને કહે છે :—

असियसय किरियवाई अक्किरियाणं च होइ चुलसीदी।
सत्तट्ठी अण्णाणी वेणइया होंति बत्तीसा ।।१३७।।

अशीतिशतं क्रियावादिनामक्रियमाणं च भवति चतुरशीतिः।
सप्तषष्टिरज्ञानिनां वैनयिकानां भवति द्वात्रिंशत् ।।१३७।।

શત-એંશી કિરિયાવાદીના, ચોરાશી તેથી વિપક્ષના,
બત્રીશ સડસઠ ભેદ છે વૈનયિક ને અજ્ઞાનીના. ૧૩૭.

**અર્થ** :—એકસો એંસી ક્રિયાવાદીઓના તથા ચોર્યાસી અક્રિયાવાદીઓના અજ્ઞાનીઓના સડસઠ અને વિનયવાદીઓના બત્રીસ ભેદ છે.

**ભાવાર્થ** :—વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે અનંતધર્મમય કહ્યું છે, તે પ્રમાણ અને નયથી સત્યાર્થ સિદ્ધ થાય છે. જેના મતમાં સર્વજ્ઞ નથી તથા જેણે સર્વજ્ઞના સ્વરૂપનું યથાર્થ નિશ્ચય કરી તેમનું શ્રદ્ધાન કર્યું નથી એવા અન્યવાદીઓએ વસ્તુનો એકધર્મ ગ્રહણ કરી તેનો પક્ષપાત કર્યો અને તે પ્રમાણે માન્યું છે, તે આમ જ છે અન્યપ્રકારે નથી. આ પ્રમાણે વિધિનિષેધ કરીને એક-એક ધર્મના પક્ષપાતી થઈ ગયા છે. તેમના ટૂંકમાં ત્રણસોને ત્રેસઠ ભેદ કહેવાય છે.

'ક્રિયાવાદી' :— કેટલાક તો ગમન કરવું, બેસવું, ઊભા રહેવું, ખાવું, પીવું, સુવું, ઉત્પન્ન થવું, નષ્ટ થવું, દેખવું, જાણવું, કરવું, ભોગવવું, ભૂલી જવું, યાદ કરવું, પ્રીતિ કરવી, હર્ષ કરવો, વિષાદ કરવો, દ્વેષ કરવો, જીવવું, મરવું વગેરે ક્રિયાઓ છે તેમને જીવાદિક પદાર્થોની માનીને કોઈએ કોઈ ક્રિયાનો પક્ષ કર્યો છે તો કોઈએ કોઈ ક્રિયાનો. એવા પરસ્પર ક્રિયાવિવાદથી ભેદ થાય છે. તેમના સંક્ષેપથી એકસો એંસી ભેદ નિરૂપણ કરવામાં આવ્યા છે. તેનો વિસ્તાર કરતા ઘણા થઈ જાય છે.

કોઈ 'અક્રિયાવાદી' છે, તે જીવાદિક પદાર્થમાં ક્રિયાનો અભાવ માનીને પરસ્પર વિવાદ કરે છે. કોઈ કહે છે કે જીવ જાણતો નથી, કોઈ કહે છે કે કાંઈ કરતો નથી. કોઈ કહે છે કે ભોગવતો નથી, કોઈ કહે છે કે ઉત્પન્ન થતો નથી, કોઈ કહે છે કે નષ્ટ થતો નથી. કોઈ કહે છે કે ગમન કરતો નથી અને કોઈ કહે છે કે સ્થિર થતો નથી વગેરે ક્રિયાના અભાવના પક્ષપાતથી સર્વથા એકાંતી થાય છે. તેમના ટૂંકમાં ચોર્યાસી ભેદ છે.

કેટલાક 'અજ્ઞાનવાદી' છે તેમાં કેટલાક તો સર્વજ્ઞનો અભાવ માને છે, કેટલાક કહે છે કે જીવ અસ્તિ છે તે કોણ જાણે? કેટલાક કહે છે કે જીવ નાસ્તિ છે એવું કોણ જાણે? કેટલાક કહે છે કે જીવ નિત્ય છે એવું કોણ જાણે? કેટલાક કહે છે કે જીવ અનિત્ય છે એવું કોણ જાણે? વગેરે સંશય, વિપર્યય, અનધ્યવસાયરૂપ થઈને વિવાદ કરે છે. તેમના સંક્ષેપથી સડસઠ ભેદ છે.

કેટલાક 'વિનયવાદી' છે તેમનામાં કેટલાક કહે છે કે દેવાદિકના વિનયથી સિદ્ધિ છે, કેટલાક કહે છે કે ગુરુના વિનયથી સિદ્ધિ છે, કેટલાક કહે છે કે માતાના વિનયથી સિદ્ધિ છે, કેટલાક કહે છે કે પિતાના વિનયથી સિદ્ધિ છે, કેટલાક કહે છે કે રાજાના વિનયથી સિદ્ધિ છે, કેટલાક કહે છે કે સર્વના વિનયથી સિદ્ધિ છે વગેરે પ્રકારે વિવાદ કરે છે તેમના સંક્ષેપથી બત્રીસ ભેદ છે. આ પ્રમાણે સર્વથા એકાંતવાદીઓના ત્રણસો ત્રેસઠ ભેદ સંક્ષેપથી છે. વિસ્તાર કરતા ઘણા થઈ જાય છે. તેમનામાં કેટલાક ઈશ્વરવાદી છે, કેટલાક કાળવાદી છે, કેટલાક સ્વભાવવાદી છે, કેટલાક વિનયવાદી છે, કેટલાક આત્મવાદી છે, તેમનું સ્વરૂપ ગોમ્મટસારાદિ ગ્રંથોથી જાણવું. આવા એ પ્રમાણે મિથ્યાત્વના ભેદ છે. ૧૩૭.

હવે કહે છે કે અભવ્ય જીવ પોતાની પ્રકૃતિને છોડતો નથી તેથી તેનું મિથ્યાત્વ મટતું નથી :—

**ण मुयइ पयडि अभव्वो सुट्ठु वि आयण्णिऊण जिणधम्मं।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।१३८।।**

न मुंचति प्रकृतिमभव्यः सुष्ठु अपि आकर्ण्य जिनधर्मम्।
गुडदुग्धमपि पिबंतः न पन्नगाः निर्विषाः भवन्ति।।१३८।।

**સુરીતે સુણી જિનધર્મ પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૧૩૮.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ** :—અભવ્યજીવ સારી રીતે જિનધર્મને સાંભળીને પણ પોતાની પ્રકૃતિને છોડતો નથી. અહીં દૃષ્ટાંત એમ છે કે સાકર સહિત દૂધ પીવા છતાં પણ સર્પ વિષરહિત થતો નથી.

**ભાવાર્થ** :—જે કારણ મળવા છતાં પણ ન છૂટે તેને પ્રકૃતિ અથવા સ્વભાવ કહે છે. અભવ્યનો એવો સ્વભાવ છે કે—જેમાં અનેકાંત તત્ત્વસ્વરૂપ છે એવો વીતરાગવિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ મિથ્યાત્વને મટાડવાવાળો છે. તે જ ધર્મને સારી રીતે સાંભળીને પણ મિથ્યાત્વરૂપી ભાવને તે બદલતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે, કોઈનું કરેલું નથી. અહીં ઉપદેશ અપેક્ષાએ એ પ્રમાણે જાણવું કે અભવ્યરૂપ પ્રકૃતિ તો સર્વજ્ઞગમ્ય છે તો પણ અભવ્યના પ્રકૃતિ જેવી પોતાની પ્રકૃતિ ન રાખવી અને મિથ્યાત્વ છોડવું એવો ઉપદેશ છે. ૧૩૮.

હવે આ જ અર્થને દૃઢ કરે છે :—

मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।
धम्मं जिणपण्णत्तं अभव्वजीवो ण रोचेदि॥१३९॥

मिथ्यात्वछन्नदृष्टिः दुर्धिया दुर्मतैः दोषैः।
धर्मं जिनप्रज्ञप्तं अभव्यजीवः न रोचयति॥१३९॥

દુર્બુદ્ધિ-દુર્મતદોષથી મિથ્યાત્વઆવૃતદ્રગ રહે,
આત્મા અભવ્ય જિનેંદ્રજ્ઞાપિત ધર્મની રુચિ નવ કરે. ૧૩૯.

**અર્થ** :—દૂરમત એટલે કે સર્વથા એકાંતમત, તેમના દ્વારા પ્રરૂપિત અન્યમત કે જે દોષવાળા પોતાની દુર્બુદ્ધિ મિથ્યાત્વથી આચ્છાદિત છે એવો અભવ્ય જીવ છે. તેને જિનપ્રણીત ધર્મ રુચતો નથી. તે તેની શ્રદ્ધા કરતો નથી. તેમાં રુચિ કરતો નથી.

**ભાવાર્થ** :—મિથ્યાત્વના ઉપદેશથી પોતાની દુર્બુદ્ધિ દ્વારા જે મિથ્યાદૃષ્ટિ છે તેને જિનધર્મ રુચતો નથી ત્યારે એમ જાણે છે કે આ ભાવ અભવ્યજીવના છે. યથાર્થ અભવ્યજીવને સર્વજ્ઞ જાણે છે. પરંતુ આ અભવ્યજીવનું ચિહ્ન છે. તેમને પરીક્ષા દ્વારા જાણી શકાય છે. ૧૩૯.

હવે કહે છે કે આવા મિથ્યાત્વના નિમિત્તે જીવ દુર્ગતિનું પાત્ર થાય છે :—



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

कुच्छियधम्मम्मि रओ कुच्छियपासंडिभत्तिसंजुत्तो।
कुच्छियतवं कुणंतो कुच्छियगइभायणो होइ॥१४०॥

कुत्सितधर्मे रतः कुत्सितपाषंडिभक्तिसंयुक्तः।
कुत्सिततपः कुर्वन् कुत्सितगतिभाजनं भवति॥१४०॥

કુત્સિતધરમ-રત, ભક્તિ જે પાખંડી કુત્સિતની કરે,
કુત્સિત કરે તપ, તેહ કુત્સિત ગતિ તણું ભાજન બને. ૧૪૦.

**અર્થ** :—આચાર્ય કહે છે કે જે કુત્સિત (નિંદ્ય) મિથ્યાધર્મમાં રત (લીન) છે, જેઓ પાખંડી નિંદ્યવેષીઓની ભક્તિથી સંયુક્ત છે, જેઓ નિંદ્ય મિથ્યાત્વધર્મનું પાલન કરે છે, મિથ્યાદ્રષ્ટિઓની ભક્તિ કરે છે અને મિથ્યા અજ્ઞાન તપ કરે છે તેઓ દુર્ગતિને જ પામે છે તેથી મિથ્યાત્વને છોડવાનો આ ઉપદેશ છે. ૧૪૦.

હવે આ જ અર્થને દ્રઢ કરતા થકા કહે છે કે આવા મિથ્યાત્વથી મોહિત જીવ સંસારમાં ભ્રમણ કરે છે :—

इय मिच्छत्तावासे कुणयकुसत्थेहिं मोहिओ जीवो।
भमिओ अणाइकालं संसारे धीर चिंतेहि॥१४१॥

इति मिथ्यात्वावासे कुनयकुशास्त्रैः मोहितः जीवः।
भ्रमितः अनादिकालं संसारे धीर! चिन्तय॥१४१॥

હે ધીર! ચિંતવ—જીવ આ મોહિત કુનય-દુઃશાસ્ત્રથી
મિથ્યાત્વઘર સંસારમાં રખડ્યો અનાદિ કાળથી. ૧૪૧.

**અર્થ** :—પૂર્વોક્ત પ્રકારે મિથ્યાત્વનું આવાસ (સ્થાન) એવા મિથ્યાદ્રષ્ટિઓના સંસારમાં કુનય-સર્વથા એકાંત સહિત કુશાસ્ત્ર તેનાથી મોહિત (બેહોશ) થયેલો આ જીવ અનાદિકાળથી લઈને સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે. એવો હે ધીર મુનિ! તું વિચાર કર.

**ભાવાર્થ** :—આચાર્ય કહે છે કે પૂર્વોક્ત ત્રણસો ત્રેસઠ કુવાદીઓથી સર્વથા એકાંત પક્ષરૂપ કુનય દ્વારા રચેલા શાસ્ત્રોથી મોહિત થઈને આ જીવ સંસારમાં અનાદિકાળથી ભ્રમણ કરે છે. તેથી હે ધીર મુનિ! હવે આવા કુવાદિઓની સંગતિ પણ ન કર એવો ઉપદેશ છે. ૧૪૧.

હવે કહે છે કે—પૂર્વોક્ત ત્રણસો ત્રેસઠ પાખંડીઓનો માર્ગ છોડીને મનને જિનમાર્ગમાં લગાવો :—

पासंडी तिण्णि सया तिसट्ठि भेया उमग्ग मुत्तूण।
रुंभहि मणु जिणमग्गे असप्पलावेण किं बहुणा।।१४२।।

पाखण्डिनः त्रीणि शतानि त्रिषष्टिभेदाः उन्मार्गं मुक्त्वा।
रुन्द्धि मनः जिनमार्गे असत्प्रलापेन किं बहुना।।१४२।।

ઉન્માર્ગને છોડી ત્રિશત-તેસઠપ્રમિત પાખંડીના,
જિનમાર્ગમાં મન રોક; બહુ પ્રલપન નિરર્થથી શું ભલા? ૧૪૨.

**અર્થ** :—હે જીવ! ત્રણસો ત્રેસઠ પાખંડીઓના માર્ગને છોડીને જિનમાર્ગમાં પોતાના મનને રોક (લગાડ) આ સંક્ષેપ છે અને નિરર્થક પ્રલાપરૂપ કહેવાથી શું લાભ?

**ભાવાર્થ** :—આ પ્રમાણે મિથ્યાત્વનું વર્ણન કર્યું. આચાર્ય કહે છે કે ઘણા નિરર્થક વચનાલાપથી શું લાભ? એટલું જ સંક્ષેપથી કહે છે કે ત્રણસો ત્રેસઠ કુવાદિ પાખંડીએ કહેલા તેમના માર્ગને છોડીને મનને જિનમાર્ગમાં રોકો. અન્યત્ર ન જવા દો. અહીં એટલું વિશેષ જાણવું કે—કાળદોષથી આ પંચમકાળમાં અનેક પક્ષપાતી મતમતાંતર થઈ ગયા છે તેમને પણ મિથ્યા જાણી તેમનો સંગ ન કરો. સર્વથા એકાંતનો પક્ષપાત છોડી અનેકાંત સ્વરૂપ જિનવચનનું શરણ લો. ૧૪૨.

હવે સમ્યગ્દર્શનનું સ્વરૂપ નિરૂપણ કરે છે પ્રથમ કહે છે કે સમ્યગ્દર્શન રહિત પ્રાણી હાલતું-ચાલતું મડદું છે :—

जीवविमुक्को सवओ दंसणमुक्को य होइ चलसवओ।
सवओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसवओ।।१४३।।

जीवविमुक्तः शवः दर्शनमुक्तश्च भवति चलशवः।
शवः लोके अपूज्यः लोकोत्तरे चलशवः।।१४३।।

જીવમુક્ત શબ કહેવાય, 'ચલ શબ' જાણ દર્શનમુક્તને;
શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.

**અર્થ** :—લોકમાં જીવરહિત શરીરને શબ કહે છે, મૃતક અથવા મડદું કહે છે,

તે રીતે સમ્યગ્દર્શન રહિત પુરુષ હાલતું-ચાલતું મડદું છે. મૃતક તો લોકમાં અપૂજ્ય છે, અગ્નિથી સળગાવવામાં આવે છે અથવા પૃથ્વીમાં દાટી દેવામાં આવે છે અને દર્શન રહિત હાલતું-ચાલતું મડદું લોકોત્તર મુનિ—સમ્યગ્દૃષ્ટિની નજરમાં અપૂજ્ય છે, તેઓ તેને વંદનાદિ કરતા નથી. મુનિવેષ ધારણ કરે તોપણ તેને સંઘની બહાર રાખે છે અથવા પરલોકમાં નિંદ્યગતિ પામી અપૂજ્ય થાય છે.

**ભાવાર્થ** :—સમ્યગ્દર્શન વગરનો પુરુષ મૃતક તુલ્ય છે. ૧૪૩.

હવે સમ્યક્ત્વનું મહાનપણું કહે છે :—

जह तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं।
अहिओ तह सम्मत्तो रिसिसावयदुविहधम्माणं ॥१४४॥

यथा तारकाणां चन्द्रः मृगराजः मृगकुलानां सर्वेषाम्।
अधिकः तथा सम्यक्त्वं ऋषिश्रावकद्विविधधर्माणाम् ॥१४४॥

જ્યમ ચંદ્ર તારાગણ વિષે, મૃગરાજ સૌ મૃગકુલ વિષે,
ત્યમ અધિક છે સમ્યક્ત્વ ઋષિશ્રાવક–દ્વિવિધ ધર્મો વિષે. ૧૪૪.

**અર્થ** :—જેમ તારાઓના સમૂહમાં ચંદ્રમા વિશેષ છે અને મૃગકુળ અર્થાત્ પશુઓના સમૂહમાં મૃગરાજ (સિંહ) વિશેષ છે, તે જ પ્રમાણે ઋષિ (મુનિ) અને શ્રાવક એમ બે પ્રકારના ધર્મમાં સમ્યક્ત્વ જ મુખ્ય છે.

**ભાવાર્થ** :—વ્યવહારધર્મની જેટલી પ્રવૃત્તિઓ છે, તેમાં સમ્યક્ત્વ મુખ્ય છે તેના વિના બધું સંસારમાર્ગ એટલે કે બંધનું કારણ છે. ૧૪૪.

ફરી કહે છે :—

जह फणिराओ [1]सोहइ फणमणिमाणिक्ककिरणविप्फुरिओ।
तह विमलदंसणधरो [2]जिणभत्ती पवयणे जीवो ॥१४५॥

---

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'रेहइ' પાઠ છે જેની સંસ્કૃત છાયામાં 'राजते' પાઠાન્તર છે.

૨. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'जिणभत्तीपवयणो' એવું એક પદરૂપ પદ છે, જેનું સંસ્કૃત "जिनभक्तिप्रवचनः" છે. આ પાઠ યતિભંગપણે લાગે છે.

यथा फणिराजः शोभते फणमणिमाणिक्यकिरणविस्फुरितः।
तथा विमलदर्शनधरः जिनभक्तिः प्रवचने जीवः॥१४५॥

નાગેંદ્ર શોભે ફેણમણિમાણિક્યકિરણે ચમકતો,
તે રીત શોભે શાસને જિનભક્ત દર્શનનિર્મળો. ૧૪૫.

**અર્થ** :—જેવી રીતે ફણિરાજ (ધરણેન્દ્ર) છે તે તેના સહસ્ર ફણમાં લાગેલા મણિઓની વચ્ચે જે લાલ માણિક છે તેના કિરણોથી શોભા પામે છે, તે પ્રમાણે જ જિનભક્તિ સહિત નિર્મળ સમ્યગ્દર્શનનો ધારક જીવ પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગના પ્રરૂપણમાં શોભા પામે છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વ સહિત જીવની જિનપ્રવચનમાં ઘણી મુખ્યતા છે. જ્યાં ત્યાં દરેક જગ્યાએ શાસ્ત્રોમાં સમ્યક્ત્વની જ પ્રધાનતા કહી છે. ૧૪૫.

હવે સમ્યગ્દર્શન સહિત લિંગ છે તેની મહિમા કહે છે :—

जह तारायणसहियं ससहरबिंबं खमंडले विमले।
भाविय [1]तववयविमलं [2]जिणलिंगं दंसणविसुद्धं॥१४६॥

यथा तारागणसहितं शशधरबिंबं खमंडले विमले।
भावितं तपोव्रतविमलं जिनलिंगं दर्शनविशुद्धम्॥१४६॥

શશિબિંબ તારકવૃંદ સહ નિર્મળ નભે શોભે ઘણું,
ત્યમ શોભતું તપવ્રતવિમળ જિનલિંગ દર્શનનિર્મળું. ૧૪૬.

**અર્થ** :—જે રીતે નિર્મળ આકાશમંડળમાં તારાઓના સમૂહ સહિત ચંદ્રમાનું બિંબ શોભે છે, તે રીતે જિનશાસનમાં દર્શનથી વિશુદ્ધ અને ભાવિત કરવામાં આવેલા તપ તથા વ્રતોથી નિર્મળ જિનલિંગ શોભા પામે છે.

**ભાવાર્થ** :—જિનલિંગ અર્થાત્ નિર્ગ્રંથ મુનિવેશ જો કે તપ-વ્રત સહિત નિર્મળ છે તોપણ તે સમ્યગ્દર્શન વિના શોભા પામતું નથી. સમ્યગ્દર્શન હોવાથી જ તે અત્યંત શોભાયમાન થાય છે. ૧૪૬.

---

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમા 'तह वयविमलं' એવો પાઠ છે, જેનું સંસ્કૃત 'तथा व्रतविमलं' છે.

૨. આ ગાથાનો ચોથું પદ યતિભંગ છે. જેની જગ્યાએ 'जिणलिंगं दंसणेण सुविसुद्धं' હોવું ઠીક લાગે છે.

હવે કહે છે કે એવું જાણીને દર્શનરત્નને ધારણ કરો એવો ઉપદેશ કરે છે :—

इय णाउं गुणदोसं दंसणरयणं धरेह भावेण।
सारं गुणरयणाणं सोवाणं पढम मोक्खस्स॥१४७॥

इति ज्ञात्वा गुणदोषं दर्शनरत्नं धरतभावेन।
सारं गुणरत्नानां सोपानं प्रथमं मोक्षस्य॥१४७॥

ઈમ જાણીને ગુણદોષ ધારો ભાવથી દ્રગરત્નને,
જે સાર ગુણરત્નો વિષે ને પ્રથમ શિવસોપાન છે. ૧૪૭.

**અર્થ** :—હે મુને! તું પૂર્વોક્ત પ્રકારે સમ્યક્ત્વના ગુણ અને મિથ્યાત્વના દોષોને જાણીને સમ્યક્ત્વરૂપી રત્નને ભાવપૂર્વક ધારણ કર. તે ગુણરૂપી રત્નમાં સાર છે અને મોક્ષરૂપી ગૃહનું પ્રથમ સોપાન છે એટલે કે તેમાં ચઢવા માટે પ્રથમ પગથિયું છે.

**ભાવાર્થ** :—જેટલા પણ વ્યવહાર મોક્ષમાર્ગના અંગ છે (ગૃહસ્થના દાન, પૂજાદિક અને મુનિના મહાવ્રત શીલસંયમાદિ) તે સર્વેમાં સમ્યગ્દર્શન સારભૂત છે, તેનાથી બધું સફળ છે, તેથી મિથ્યાત્વને છોડીને સમ્યગ્દર્શન અંગીકાર કરો એવો મુખ્ય ઉપદેશ છે. ૧૪૭.

હવે કહે છે સમ્યગ્દર્શન કોને થાય છે? જે જીવ, જીવપદાર્થના સ્વરૂપને જાણીને તેની ભાવના કરે તેનું શ્રદ્ધાન કરીને પોતાને જીવપદાર્થ જાણી અનુભવ દ્વારા પ્રતીતિ કરે તેને થાય છે, તેથી હવે આ જીવપદાર્થ કેવો છે તેનું સ્વરૂપ કહે છે :—

कत्ता भोइ अमुत्तो सरीरमित्तो अणाइणिहणो य।
दंसणणाणुवओगो [1]णिद्दिट्ठो जिणवरिन्देहिं॥१४८॥

कर्त्ता भोक्ता अमूर्तः शरीरमात्रः अनादिनिधनः च।
दर्शनज्ञानोपयोगः [2]निर्दिष्टः जिनवरेन्द्रैः॥१४८॥

કર્તા તથા ભોક્તા, અનાદિ-અનંત, દેહપ્રમાણ ને
વણમૂર્તિ, દ્રગજ્ઞાનોપયોગી જીવ ભાખ્યો જિનવરે. ૧૪૮.

૧. પાઠાન્તર :–जीवो णिद्दिट्ठो । ૨. પાઠાન્તર :–जीवः निर्दिष्टः।

**અર્થ :—**જીવ નામનો પદાર્થ છે તે કેવો છે ? કર્તા છે, ભોક્તા છે, અમૂર્તિક છે, શરીરપ્રમાણ છે, અનાદિનિધન છે, દર્શન-જ્ઞાન ઉપયોગવાળો છે, આ પ્રમાણે જિનવરેન્દ્ર સર્વજ્ઞદેવ વીતરાગે કહ્યું છે.

**ભાવાર્થ :—**અહીં જીવ નામના પદાર્થના છ વિશેષણ કહ્યાં તેનો આશય એમ છે કે —

૧—**'કર્તા'** કહ્યો તે નિશ્ચયનયથી તો પોતાના અશુદ્ધ ભાવોનો અજ્ઞાન અવસ્થામાં પોતે જ કર્તા છે તથા વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મનો કર્તા છે અને શુદ્ધનયથી પોતાના શુદ્ધભાવોનો કર્તા છે.

૨—**'ભોક્તા'** કહ્યો તે નિશ્ચયનયથી તો પોતાના જ્ઞાનદર્શનમયી ચેતનાભાવનો ભોક્તા છે અને વ્યવહારનયથી પુદ્‌ગલકર્મના ફળ જે સુખ-દુઃખ તેમનો ભોક્તા છે.

૩—**'અમૂર્તિક'** કહ્યો તે નિશ્ચયથી તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ કે જે પુદ્‌ગલના ગુણ-પર્યાયો છે તેમનાથી રહિત અમૂર્તિક છે અને વ્યવહારથી જ્યાંસુધી પુદ્‌ગલકર્મથી બંધાયેલો છે ત્યાંસુધી મૂર્તિક પણ કહેવાય છે.

૪—**'શરીરપ્રમાણ'** કહ્યો તે નિશ્ચયથી તો અસંખ્યાતપ્રદેશી લોકપરિમાણ છે, પરંતુ સંકોચ-વિસ્તાર શક્તિથી શરીરથી કાંઈક ઓછા પ્રદેશપ્રમાણ આકારમાં રહે છે.

૫—**'અનાદિનિધન'** કહ્યો તે પર્યાયદૃષ્ટિથી જોતાં ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે તોપણ દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો અનાદિનિધન સદા નિત્ય અવિનાશી છે.

૬—**'દર્શન-જ્ઞાન ઉપયોગસહિત'** કહ્યો તે દેખવા જાણવાના ઉપયોગ સ્વરૂપ ચેતનારૂપ છે.

આ વિશેષણોથી અન્યમતી અન્ય પ્રકારે સર્વથા એકાંતરૂપ માને છે તેમનો નિષેધ પણ જાણવો જોઈએ. **'કર્તા'** વિશેષણથી તો સાંખ્યમતી સર્વથા અકર્તા માને છે તેનો નિષેધ છે. **'ભોક્તા'** વિશેષણથી બૌદ્ધમતી ક્ષણિક માની કહે છે કે કર્મનો કરવાવાળો બીજો છે તથા ભોગવવાવાળો બીજો છે. આ માન્યતાનો નિષેધ છે. જે જીવ કર્મ કરે છે તે જ તેનું ફળ ભોગવે છે, આ કથનથી બૌદ્ધમતીઓનો નિષેધ છે. **'અમૂર્તિક'** કહેવાથી મીમાંસક વગેરે આત્માને શરીરસહિત મૂર્તિક જ માને છે તેમનો નિષેધ છે. **'શરીરપ્રમાણ'** કહેવાથી નૈયાયિક, વૈશેષિક, વેદાંતી વગેરે સર્વથા સર્વવ્યાપક માને છે તેનો

નિષેધ છે. **'અનાદિનિધન'** કહેવાથી બૌદ્ધમતી કે જે આત્માને સર્વથા ક્ષણસ્થાયી માને છે તેમનો નિષેધ છે. **'દર્શનજ્ઞાનઉપયોગમયી'** કહેવાથી તો સાંખ્યમતી જ્ઞાન રહિત ચેતના માત્ર માને છે, નૈયાયિક, વૈશેષિક ગુણ-ગુણીનો સર્વથા ભેદ માની જ્ઞાન અને જીવનો સર્વથા ભેદ માને છે, બૌદ્ધમતનો એક મત વિજ્ઞાનાદ્વૈતવાદી જ્ઞાનમાત્ર જ માને છે અને વેદાંતી જ્ઞાનનું કાંઈ નિરૂપણ જ કરતા નથી તે સર્વનો નિષેધ છે.

આ પ્રમાણે સર્વજ્ઞનું કહેલું જીવનું સ્વરૂપ જાણીને પોતાને એવો માનીને શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરવી જોઈએ. જીવ કહેવાથી અજીવપદાર્થોને જાણી શકાય છે. અજીવ ન હોય તો જીવ નામ કઈ રીતે હોય ? તેથી અજીવનું સ્વરૂપ કહ્યું તેવું જ તેનું શ્રદ્ધાન આગમ અનુસાર કરવું. આ પ્રમાણે જીવપદાર્થનું સ્વરૂપ જાણી અને એ બંનેના સંયોગથી અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ—આ ભાવોની પ્રવૃત્તિ થાય છે. તેમનું આગમ અનુસાર સ્વરૂપ જાણી શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૪૮.

હવે કહે છે કે આ જીવ જ્ઞાનદર્શન ઉપયોગમયી છે પરંતુ અનાદિ પૌદ્ગલિક કર્મના સંયોગથી તેને જ્ઞાનદર્શનની પૂર્ણતા થતી નથી તેથી અલ્પજ્ઞાન-દર્શન અનુભવમાં આવે છે અને તેમાં અજ્ઞાનના નિમિત્તથી ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિરૂપ, રાગદ્વેષમોહભાવ દ્વારા જ્ઞાન-દર્શનમાં કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવો અનુભવમાં આવે છે. આ જીવ નિજભાવનારૂપ સમ્યગ્દર્શનને પામે છે ત્યારે જ્ઞાન-દર્શન-સુખ-વીર્યના ઘાતક કર્મોનો નાશ કરે છે એમ બતાવે છે :—

दंसणणाणावरणं मोहणियं अंतराइयं कम्मं।
णिट्ठवइ भवियजीवो सम्मं जिणभावणाजुत्तो ।।१४९।।

दर्शनज्ञानावरणं मोहनीयं अन्तरायकं कर्म।
निष्ठापयति भव्यजीवाः सम्यक् जिनभावनायुक्तः ।।१४९।।

દગ્જ્ઞાનઆવૃતિ, મોહ તેમ જ અંતરાયક કર્મને
સમ્યક્પણે જિનભાવનાથી ભવ્ય આત્મા ક્ષય કરે. ૧૪૯.

**અર્થ** :—સમ્યક્ પ્રકારે જિનભાવનાથી યુક્ત ભવ્યજીવ છે તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય આ ચાર ઘાતીયા કર્મોનો નાશ કરે છે એટલે કે સંપૂર્ણ અભાવ કરે છે.

**ભાવાર્થ** :—દર્શનનું ઘાતક દર્શનાવરણ કર્મ છે, જ્ઞાનનું ઘાતક જ્ઞાનાવરણ કર્મ છે, સુખનું ઘાતક મોહનીય કર્મ છે, વીર્યનું ઘાતક અંતરાયકર્મ છે. તેમનો નાશ કોણ કરે છે ? જે સમ્યક્પ્રકારે જિનભાવના ભાવીને અર્થાત્ જિનઆજ્ઞા માનીને જીવ-અજીવ વગેરે તત્ત્વનો યથાર્થ નિર્ણય કરી શ્રદ્ધાવાન થાય છે, તે જીવ કરે છે, તેથી જિનઆજ્ઞા માની યથાર્થ શ્રદ્ધાન કરો એવો ઉપદેશ છે. ૧૪૯.

હવે કહે છે કે આ ઘાતિયાકર્મોનો નાશ થતા 'અનંતચતુષ્ટય' પ્રગટ થાય છે :—

बलसोक्खणाणदंसण चत्तारि वि पायडा गुणा होंति।
णट्ठे घाइचउक्के लोयालोयं पयासेदि ।।१५०।।

बलसौख्यज्ञानदर्शनानि चत्वारोऽपि प्रकटागुणाभवन्ति।
नष्टे घातिचतुष्के लोकालोकं प्रकाशयति ।।१५०।।

ચઉઘાતિનાશે જ્ઞાન-દર્શન-સૌખ્ય-બળ ચારે ગુણો
પ્રાકટ્ય પામે જીવને, પરકાશ લોકાલોકનો. ૧૫૦.

**અર્થ** :—પૂર્વોક્ત ચાર ઘાતિયાકર્મોનો નાશ થતા અનંતજ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય આ ચાર ગુણો પ્રગટ થાય છે. જ્યારે જીવને આ ગુણોની પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે ત્યારે તે લોકાકાશને પ્રકાશિત કરે છે.

**ભાવાર્થ** :—ઘાતિયાકર્મનો નાશ થતા અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય આ અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. જીવ અનંત દર્શન-જ્ઞાનથી છ દ્રવ્યોથી ભરેલા આ લોકમાં અનંતાનંત જીવોને તેનાથી પણ અનંતાનંતગુણા પુદ્‌ગલોને તથા ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણ દ્રવ્ય અને અસંખ્યાત કાલાણુ આ સર્વે દ્રવ્યોની અતીત, અનાગત અને વર્તમાન કાળ સંબંધી અનંત પર્યાયોને ભિન્ન-ભિન્ન એક સમયમાં સ્પષ્ટ, દેખે છે અને જાણે છે. અનંતસુખથી અત્યંત તૃપ્તિરૂપ છે અને અનંત શક્તિ દ્વારા હવે કોઈપણ નિમિત્તથી તેમની અવસ્થા પલટતી(બદલતી) નથી. એ પ્રમાણે અનંતચતુષ્ટયરૂપ જીવનો નિજસ્વભાવ પ્રગટ થાય છે. તેથી જીવના સ્વરૂપનું આવું પરમાર્થથી શ્રદ્ધાન કરવું તે જ સમ્યગ્દર્શન છે. ૧૫૦.

હવે જેમને અનંતચતુષ્ટય પ્રગટ થાય છે તેમને પરમાત્મા કહે છે. તેના અનેક નામો છે તેમાંથી કેટલાક પ્રગટ કરી કહે છે :—

णाणी सिव परमेट्ठी सव्वण्हू विण्हु चउमुहो बुद्धो।
अप्पो वि य परमप्पो कम्मविमुक्को य होइ फुडं।।१५१।।

ज्ञानी शिवः परमेष्ठी सर्वज्ञः विष्णुः चतुर्मुखः बुद्धः।
आत्मा अपि च परमात्मा कर्मविमुक्तः च भवति स्फुटम्।।१५१।।

તે જ્ઞાની, શિવ, પરમેષ્ઠી છે, વિષ્ણુ, ચતુર્મુખ, બુદ્ધ છે,
આત્મા તથા પરમાતમા, સર્વજ્ઞ, કર્મવિમુક્ત છે. ૧૫૧.

**અર્થ** :—પરમાત્મા જ્ઞાની છે, શિવ છે, પરમેષ્ઠી છે, સર્વજ્ઞ છે, વિષ્ણુ છે, ચતુર્મુખ બ્રહ્મા છે, બુદ્ધ છે, આત્મા છે, પરમાત્મા છે અને કર્મરહિત છે આ સ્પષ્ટ જાણો.

**ભાવાર્થ** :—'જ્ઞાની' કહેવાથી સાંખ્યમતી કે જે જ્ઞાનરહિત ઉદાસીન, ચૈતન્યમાત્ર માને છે તેનો નિષેધ છે. 'શિવ' એટલે કે સર્વ કલ્યાણોથી પરિપૂર્ણ છે, જેવા સાંખ્યમતી નૈયાયિક વૈશેષિક માને છે તેવા નથી. 'પરમેષ્ઠી' એટલે કે પરમ (ઉત્કૃષ્ટ) પદમાં સ્થિત છે અથવા ઉત્કૃષ્ટ ઈષ્ટત્વ જેમનો સ્વભાવ છે. જેમ અન્યમતી કંઈ પોતાનું ઈષ્ટ માનીને તેમને પરમેષ્ઠી કહે છે તેવા નથી. સર્વજ્ઞ છે અર્થાત્ સર્વે લોકાલોકને જાણનારા છે. કેટલાક કોઈ એક પ્રકરણ સંબંધી સર્વ વાતને જાણનારને પણ સર્વજ્ઞ કહે છે તેવા નથી. 'વિષ્ણુ' છે એટલે કે જેમનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપક છે. અન્યમતી વેદાંતી વગેરે કહે છે કે સર્વે પદાર્થમાં ભગવાન વ્યાપક છે એવું નથી. ચતુર્મુખ કહેવાથી કેવળી ભગવાનના સમવસરણમાં ચારે દિશાઓમાં ભગવાનના મુખ દેખાય છે. એવો અતિશય હોવાથી તેમને ચતુર્મુખ કહે છે. અન્યમતી બ્રહ્માને ચતુર્મુખ કહે છે એવા કોઈ બ્રહ્મા નથી. 'બુદ્ધ' એટલે કે સર્વના જ્ઞાતા છે—બૌદ્ધમતી ક્ષણિકને બુદ્ધ કહે છે તેવા નથી. 'આત્મા' અર્થાત્ પોતાના સ્વભાવમાં નિરંતર પ્રવર્તે છે—અન્યમતી, વેદાંતી સર્વ(પદાર્થો)માં પ્રવર્તતા આત્માને માને છે તેવા નથી. 'પરમાત્મા' અર્થાત્ જે આત્માને પૂર્ણરૂપ અનંત ચતુષ્ટય પ્રગટ થઈ ગયા છે તેથી તે પરમાત્મા છે. 'કર્મવિમુક્ત' કે જે આત્માના સ્વભાવના ઘાતક એવા ઘાતિકર્મોથી રહિત થઈ ગયા છે તેથી કર્મવિમુક્ત છે. અથવા જેને કાંઈપણ કરવાયોગ્ય કામ રહ્યું નથી તેથી તેઓ કર્મવિમુક્ત છે. સાંખ્યમતી નૈયાયિક સદાને માટે કર્મરહિત માને છે તેવા નથી. આ પ્રમાણે પરમાત્માના નામો સાર્થક છે અન્યમતીઓ પોતાને ઈષ્ટ લાગે તે એક જ નામ કહે છે. તેમના સર્વથા એકાંત અભિપ્રાયથી અર્થ બગડે છે, તેથી તે યથાર્થ નથી. અરિહંતના આ નામો નયવિવક્ષાથી સત્યાર્થ છે એમ જાણવું. ૧૫૧.

હવે આચાર્ય કહે છે કે એવા દેવ મને ઉત્તમ બોધિ આપે :—

इय घाइकम्ममुक्को अट्ठारहदोसवज्जिओ सयलो।
तिहुवणभवणपदीवो देउ ममं उत्तमं बोहिं॥१५२॥

इति घातिकर्ममुक्तः अष्टादशदोषवर्जितः सकलः।
त्रिभुवनभवनप्रदीपः ददातु मह्यं उत्तमां बोधिम्॥१५२॥

ચઉઘાતિકર્મવિમુક્ત, દોષ અઢાર રહિત, સદેહ એ
ત્રિભુવનભવનના દીપ જિનવર બોધિ દો ઉત્તમ મને. ૧૫૨.

**અર્થ** :—આ પ્રમાણે ઘાતિયાકર્મોથી રહિત ક્ષુધા, તૃષા વગેરે પૂર્વોક્ત અઢાર દોષોથી રહિત સકલ (શરીરસહિત) અને ત્રણ ભુવનરૂપી ભવનને પ્રકાશિત કરવા માટે પ્રકૃષ્ટ દીપકતુલ્ય દેવ છે તે મને ઉત્તમ બોધિ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર)ને પ્રાપ્ત કરાવે આ પ્રમાણે આચાર્યદેવે પ્રાર્થના કરી છે.

**ભાવાર્થ** :—અહીં બીજું તો પૂર્વોક્ત પ્રકારે જાણવું પરંતુ સકલ વિશેષણનો એવો આશય છે કે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ ચલાવવા માટે જે ઉપદેશ છે તે વચન વિના પ્રવર્તતો નથી અને વચનની પ્રવૃત્તિ શરીર વિના હોતી નથી તેથી અરિહંતનું શરીર આયુકર્મના ઉદયથી રહે છે અને સુસ્વર વગેરે નામકર્મના ઉદયથી વચનની પ્રવૃત્તિ થાય છે. આ રીતે અનેક જીવોનું કલ્યાણ કરવાવાળો ઉપદેશ થતો રહે છે. અન્યમતીઓને પરમાત્માની આવી સ્થિતિ સંભવિત નથી. તેથી તેમના મતમાં ઉપદેશની પ્રવૃત્તિ બનતી નથી તેથી મોક્ષમાર્ગનો ઉપદેશ પણ બનતો નથી. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૫૨.

હવે કહે છે કે જે આવા અરિહંત જિનેશ્વરના ચરણોમાં નમસ્કાર કરે છે તે સંસારની જન્મરૂપી વેલને કાપે છે. :—

जिणवरचरणंबुरुहं णमंति जे परमभत्तिराएण।
ते जम्मवेल्लिमूलं खणंति वरभावसत्थेण॥१५३॥

जिनवरचरणांबुरुहं नमन्तिये परमभक्तिरागेण।
ते जन्मवल्लीमूलं खनन्ति वरभावशस्त्रेण॥१५३॥

જે પરમભક્તિરાગથી જિનવરપદાંબુજને નમે,
તે જન્મવેલીમૂળને વર ભાવશસ્ત્ર વડે ખણે. ૧૫૩.

**અર્થ** :—જે પુરુષ પરમ ભક્તિ અનુરાગથી જિનવરના ચરણકમળને નમસ્કાર કરે છે તેઓ શ્રેષ્ઠભાવરૂપ શસ્ત્રથી જન્મ અર્થાત્ સંસારરૂપી વેલનું મૂળ જે મિથ્યાત્વાદિ કર્મ તેને નષ્ટ કરી નાખે છે. (ખોદી નાખે છે)

**ભાવાર્થ** :—પોતાની શ્રદ્ધા–રુચિ–પ્રતીતિથી જે જિનેશ્વરદેવને નમસ્કાર કરે છે તથા તેમના સત્યાર્થ સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગપણાથી જાણીને ભક્તિ અનુરાગ સહિત નમસ્કાર કરે છે, તેથી જણાય છે કે તે સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું ચિહ્ન છે તેથી માલુમ પડે છે કે તેમનું મિથ્યાત્વ નષ્ટ થઈ ગયું છે. હવે તેમને આગામી સંસારની વૃદ્ધિ થશે નહીં. આ પ્રમાણે કહ્યું છે. ૧૫૩.

હવે કહે છે કે જે પુરુષો જિન સમ્યક્ત્વને પામ્યા છે તેઓ આગામી કર્મોથી લિપ્ત થતા નથી :—

**जह सलिलेण ण लिप्पइ कमलिणिपत्तं सहावपयडीए।**
**तह भावेण ण लिप्पइ कसायविसएहिं सप्पुरिसो॥१५४॥**

यथा सलिलेन न लिप्यते कमलिनीपत्रं स्वभावप्रकृत्या।
तथा भावेन न लिप्यते कषायविषयैः सत्पुरुषः॥१५४॥

**જ્યમ કમલિનીના પત્રને નહિ સલિલલેપ સ્વભાવથી,**
**ત્યમ સત્પુરુષને લેપ વિષયકષાયનો નહિ ભાવથી. ૧૫૪.**

**અર્થ** :—જેવી રીતે કમળનું પત્ર પોતાના સ્વભાવથી જ જળથી લેપાતું નથી તે રીતે સમ્યગ્દષ્ટિ સત્પુરુષ છે, તે પોતાના ભાવથી જ ક્રોધાદિક કષાય અને ઇન્દ્રિયોના વિષયથી લેપાતા નથી.

**ભાવાર્થ** :—સમ્યગ્દષ્ટિ પુરુષને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો તો સર્વથા અભાવ જ છે. અન્ય કષાયોનો યથાસંભવ અભાવ છે. મિથ્યાત્વ અનંતાનુબંધીના અભાવથી એવો ભાવ થાય છે કે પરદ્રવ્ય માત્રની કર્તૃત્વબુદ્ધિ તો નથી પરંતુ બાકીના કષાયોના ઉદયથી કાંઈક રાગ-દ્વેષ થાય છે તેને કર્મના ઉદયના નિમિત્તથી થતા જાણે છે તેથી તેમાં પણ કર્તૃત્વબુદ્ધિ નથી. તોપણ તે ભાવોને રોગ સમાન જાણીને સારા માનતો નથી. આ પ્રમાણે પોતાના ભાવોથી વિષયકષાયો પ્રત્યે પ્રીતિબુદ્ધિ નથી તેથી તેમનાથી લેપાતો નથી. જળકમળવત્ નિર્લેપ રહે છે. તેથી તેને આગામી કર્મોનો બંધ થતો નથી. સંસારની વૃદ્ધિ થતી નથી એવો આશય છે. ૧૫૪.

હવે કહે છે તે જે પૂર્વોક્ત ભાવસહિત સમ્યગ્દષ્ટિ સત્પુરુષ છે તે જ સકળ શીલ સંયમાદિ ગુણોથી સંયુક્ત છે અન્ય નથી :—

ते [1]च्चिय भणामि हं जे सयलकलासीलसंजमगुणेहिं।
बहुदोसाणावासो सुमलिणचित्तो ण सावयसमो सो॥१५५॥

[2]तानेव च भणामि ये सकलकलाशीलसंयमगुणैः।
बहुदोषाणामावासः सुमलिनचित्तः न श्रावकसमः सः॥१५५॥

કહું તે જ મુનિ જે શીલસંયમગુણ—સમસ્ત કળા—ધરે;
જે મલિનમન બહુદોષઘર, તે તો ન શ્રાવકતુલ્ય છે. ૧૫૫.

**અર્થ** :—પૂર્વોક્ત ભાવ સહિત જે સમ્યગ્દષ્ટિ પુરુષ છે અને શીલ સંયમગુણથી સકળ કળા એટલે સંપૂર્ણ કલાવાન હોય છે તેને જ અમે મુનિ કહીએ છીએ. જે સમ્યગ્દષ્ટિ નથી, મલિન ચિત્ત સહિત મિથ્યાદષ્ટિ છે અને ઘણા દોષોનું નિવાસસ્થાન છે તે તો વેષ ધારણ કરે તોપણ શ્રાવક સમાન પણ નથી.

**ભાવાર્થ** :—જે સમ્યગ્દષ્ટિ છે અને શીલ (ઉત્તરગુણ) તથા સંયમ (મૂળગુણ) સહિત છે તે મુનિ છે. જે મિથ્યાદષ્ટિ છે એટલે કે જેનું ચિત્ત મિથ્યાત્વથી મલિન છે અને જેમાં ક્રોધાદિ વિકારો ઘણા દોષો પ્રાપ્ત થાય છે તે તો મુનિનો વેષ ધારણ કરે તો પણ શ્રાવક સમાન પણ નથી. શ્રાવક સમ્યગ્દષ્ટિ હોય અને ગૃહસ્થાચારના પાપ સહિત હોય તોપણ તેની બરાબરીમાં તે કેવળ વેષમાત્રને ધારણ કરવાવાળો મુનિ નથી. એમ આચાર્યે કહ્યું છે. ૧૫૫.

હવે કહે છે કે સમ્યગ્દષ્ટિ થઈને જેણે કષાયરૂપ સુભટોને જિત્યા છે તે ધીરવીર છે :—

ते धीरवीरपुरिसा खमदमखग्गेण विप्फुरंतेण।
दुज्जयपबलबलुद्धरकसायभड णिज्जिया जेहिं॥१५६॥

ते धीरवीरपुरुषाः क्षमादमखड्गेण विस्फुरता।
दुर्जयप्रबलबलोद्धतकषायभटाः निर्जिता यैः॥१५६॥

---

૧. પાઠાન્તર :— 'चि य' ૨. પાઠાન્તર :—'तान् अपि'

તે ધીરવીર નરો, ક્ષમાદમ-તીક્ષ્ણખડ્ગે જેમણે
જીત્યા સુદુર્જય-ઉગ્રબળ-મદમત્ત-સુભટ—કષાયને. ૧૫૬.

**અર્થ** :—જે પુરુષોએ ક્ષમા અને ઇન્દ્રિયોનું દમન તે જ થઈ વિસ્ફુરતા એટલે કે સજાવેલું મલિનતા રહિત ઉજ્જ્વળ તીક્ષ્ણ ખડગ, તેનાથી જેને જીતવું કઠણ છે એવા દુર્જય, પ્રબળ તથા બળથી ઉદ્ધત કષાયરૂપ સુભટોને જીતે તે જ ધીર-વીર સુભટ છે અન્ય સંગ્રામ આદિમાં જીતવાવાળા તો કહેવાના સુભટ છે.

**ભાવાર્થ** :—યુદ્ધમાં જીતવાવાળા શૂરવીરો તો લોકમાં ઘણા છે પરંતુ કષાયોને જીતવાવાળા વિરલ છે. તે મુનિપ્રધાન છે અને તે જ શૂરવીરોમાં પ્રધાન છે. જે સમ્યગ્દષ્ટિ થઈને કષાયોને જીતી ચારિત્રવાન થાય છે તે જ મોક્ષને પામે છે એમ આશય છે. ૧૫૬.

હવે કહે છે કે જે સ્વયં દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ હોય છે અને અન્યને રત્નત્રય સહિત કરે છે તેમને ધન્ય છે :—

धण्णा ते भयवंता दंसणणाणग्गपवरहत्थेहिं।
विसयमयरहरपडिया भविया उत्तारिया जेहिं।।१५७।।

ते धन्याः भगवंतः दर्शनज्ञानाग्रप्रवरहस्तैः।
विषयमकरधरपतिताः भव्याः उत्तारिताः यैः।।१५७।।

છે ધન્ય તે ભગવંત, દર્શનજ્ઞાન-ઉત્તમકર વડે
જે પાર કરતા વિષયમકરાકરપતિત ભવિ જીવને. ૧૫૭.

**અર્થ** :—જે સત્પુરુષોએ વિષયરૂપ સમુદ્રમાં પડેલા ભવ્યજીવોને દર્શન અને જ્ઞાનરૂપી એવા હાથો દ્વારા પાર ઉતારી દીધા તે મુનિપ્રધાન ઇન્દ્રાદિકથી પૂજ્ય છે. તેઓ ભગવાન છે તેઓ ધન્ય છે.

**ભાવાર્થ** :—આ સંસારસમુદ્રથી પોતે તરે અને બીજાઓને તારે તે મુનિઓને ધન્ય છે. ધનાદિક સામગ્રી સહિતને ધન્ય કહે છે તે તો માત્ર કહેવાનું જ ધન્ય છે. ૧૫૭.

હવે ફરીથી એવા મુનિઓની મહિમા કરે છે :—

मायावेल्लि असेसा मोहमहातरुवरम्मि आरूढा।
विसयविसपुप्फफुल्लिय लुणंति मुणि णाणसत्थेहिं।।१५८।।

मायावल्लीं अशेषां मोहमहातरुवरे आरूढाम्।
विषयविषपुष्पपुष्पितां लुनन्ति मुनयः ज्ञानशस्त्रैः ॥१५८॥

મુનિ જ્ઞાનશસ્ત્રે છેદતા સંપૂર્ણ માયાવેલને,
—બહુ વિષય-વિષપુષ્પે ખીલી, આરૂઢ મોહમહાદ્રુમે. ૧૫૮.

**અર્થ** :—માયારૂપી વેલડી જે મૂળરૂપી વૃક્ષ ઉપર ચડી છે તથા જેના ઉપર વિષયરૂપી વિષના ફૂલો ફાલી રહ્યા છે તેને મુનિ જ્ઞાનરૂપી શસ્ત્રથી સમસ્તપણે કાપી નાખે છે, અર્થાત્ નિઃશેષ કરે છે.

**ભાવાર્થ** :—આ માયા કષાય ગૂઢ છે તેનો વિસ્તાર પણ ઘણો છે, મુનિઓ સુધી ફેલાય છે તેથી જે મુનિ જ્ઞાન દ્વારા તેને કાપી નાખે છે તેઓ જ સાચા મુનિ છે અને તેઓ જ મોક્ષ પામે છે. ૧૫૮.

હવે ફરી તે મુનિઓના સામર્થ્યને કહે છે :—

मोहमयगारवेहिं य मुक्का जे करुणभावसंजुत्ता।
ते सव्वदुरियखंभं हणंति चारित्तखग्गेण ॥१५९॥

मोहमदगारवैः च मुक्ताः ये करुणभावसंयुक्ताः।
ते सर्वदुरितस्तंभं घ्नन्ति चारित्रखड्गेन ॥१५९॥

મદ-મોહ-ગારવમુક્ત ને જે યુક્ત કરુણાભાવથી,
સઘળા દુરિતરૂપ થંભને ઘાતે ચરણ-તરવારથી. ૧૫૯.

**અર્થ** :—જે મુનિ મોહ-મદ ગારવથી રહિત છે અને કરુણાભાવ સહિત છે, તે જ ચારિત્રરૂપી ખડ્ગથી પાપરૂપી સ્તંભને હણે છે અર્થાત્ મૂળથી કાપી નાખે છે.

**ભાવાર્થ** :—પરદ્રવ્યના મમત્વભાવને 'મોહ' કહે છે. 'મદ' જાતિ વગેરે પરદ્રવ્યના સંબંધથી ગર્વ થવાને મદ કહે છે. 'ગારવ' તે ત્રણ પ્રકારના છે ૧-ઋદ્ધિગારવ, ૨-સાતગારવ અને ૩-રસગારવ. જે કાંઈ તપોબળથી પોતાની મહંતતા લોકમાં છે તેથી પોતાને મદ આવે તેમાં હર્ષ માને તે 'ઋદ્ધિગારવ' છે. જો પોતાના શરીરમાં રોગાદિક ઉત્પન્ન ન થાય, તેનાથી સુખ માને તથા પ્રમાદયુક્ત થઈને પોતાને મહંત માને તે 'સાતગારવ' છે. જો મિષ્ટ-પુષ્ટ રસયુક્ત આહાર આદિક મળે તો તેના નિમિત્તથી પ્રમત્ત થઈને શયનાદિક કરે તે 'રસગારવ' છે. મુનિ આ પ્રકારના ગારવથી તો રહિત છે અને

પરજીવોની કરુણા સહિત છે. એવું નથી કે પરજીવો પ્રત્યે મમત્વ નથી તેથી નિર્દય થઈને તેમને મારે છે પરંતુ જ્યાં સુધી રાગનો અંશ છે ત્યાંસુધી પરજીવો પ્રત્યે કરુણા જ કરે છે. ઉપકારબુદ્ધિ રહે છે. આ પ્રમાણે જ્ઞાની મુનિ પાપરૂપ અશુભકર્મનો નાશ ચારિત્રના બળથી કરે છે. ૧૫૯.

હવે કહે છે કે જે આ પ્રમાણે મૂળગુણ અને ઉત્તરગુણથી મંડિત મુનિ છે તેઓ જિનમતમાં શોભા પામે છે :—

गुणगणमणिमालाए जिणमयगयणे णिसायरमुणिंदो।
तारावलिपरियरिओ पुण्णिमइंदु व्व पवणपहे ॥१६०॥

गुणगणमणिमालया जिनमतगगने निशाकरमुनींद्रः।
तारावलीपरिकरितः पूर्णिमेन्दुरिव पवनपथे ॥१६०॥

તારાવલી સહ જે રીતે પૂર્ણેન્દુ શોભે આભમાં,
ગુણવૃંદમણિમાળા સહિત મુનિચંદ્ર જિનમતગગનમાં. ૧૬૦.

**અર્થ** :—જેવી રીતે પવનપથ(આકાશ)માં તારાઓની પંક્તિના પરિવારથી પૂર્ણિમાનો ચંદ્ર શોભા પામે છે તે જ રીતે જિનમતરૂપી આકાશમાં ગુણોના સમૂહરૂપી મણિઓની માળાથી મુનીન્દ્રરૂપ ચંદ્રમા શોભા પામે છે.

**ભાવાર્થ** :—અઠ્યાવીસ મૂળગુણ, દસલક્ષણ ધર્મ, ત્રણ ગુપ્તિ અને ચોર્યાસી લાખ ઉત્તરગુણોરૂપી માળા સહિત મુનિ જિનમતમાં ચંદ્રમા સમાન શોભા પામે છે. આવા મુનિ અન્યમતમાં નથી. ૧૬૦.

હવે કહે કે જેમના આ પ્રમાણે વિશુદ્ધભાવ છે તે સત્પુરુષ—તીર્થંકર વગેરે પદના સુખોને પામે છે :—

चक्कहररामकेसवसुरवरजिणगणहराइसोक्खाइं।
चारणमुणिरिद्धीओ विसुद्धभावा णरा पत्ता ॥१६१॥

चक्रधररामकेशवसुरवरजिनगणधरादिसौख्यानि।
चारणमुन्यर्द्धीः विशुद्धभावा नराः प्राप्ताः ॥१६१॥

ચક્રેશ-કેશવ-રામ-જિન-ગણી-સુરવરાદિક-સૌખ્યને,
ચારણમુનીંદ્રસુઋદ્ધિને, સુવિશુદ્ધભાવ નરો લહે. ૧૬૧.

**અર્થ** :—વિશુદ્ધ ભાવવાળા એવા મુનિઓ છે કે જેઓ ચક્રધર (—ચક્રવર્તી છ ખંડનો રાજેન્દ્ર) રામ(—બળભદ્ર) કેશવ (—નારાયણ અર્ધચક્રી) સુરવર(—દેવોના ઈન્દ્ર) જિન (—તીર્થંકર પંચકલ્યાણક સહિત, ત્રણ લોકથી પૂજ્ય) ગણધર (—ચાર જ્ઞાન અને સપ્તઋદ્ધિના ધારક મુનિ) તેમના સુખોને તથા ચારણમુનિ (જેમને આકાશગામિની વગેરે ઋદ્ધિઓ હોય છે)ની ઋદ્ધિઓને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ** :—પહેલા આ પ્રકારે નિર્મળ ભાવોના ધારક પુરુષ થયા તેઓ આ પ્રકારના પદોને—સુખોને પ્રાપ્ત થાય છે. હવે જેઓ આવા થશે તેઓ પણ આવા પદોને પામશે આમ જાણો. ૧૬૧.

હવે કહે છે કે તેઓ જ મોક્ષના સુખને પણ પામે છે :—

सिवमजरामरलिंगमणोवममुत्तमं परमविमलमतुलं।
पत्ता वरसिद्धिसुहं जिणभावणभाविया जीवा॥१६२॥

शिवमजरामरलिंगं अनुपममुत्तमं परमविमलमतुलम्।
प्राप्तो वरसिद्धिसुखं जिनभावनाभाविता जीवाः॥१६२॥

જિનભાવનાપરિણત જીવો વરસિદ્ધિસુખ અનુપમ લહે,
શિવ, અતુલ, ઉત્તમ, પરમ નિર્મળ, અજર-અમરસ્વરૂપ જે. ૧૬૨.

**અર્થ** :—જે જિનભાવનાને ભાવે છે તે જ સિદ્ધિ અર્થાત્ મોક્ષના સુખને પામે છે. કેવું છે સિદ્ધિસુખ? શિવ એટલે કે કલ્યાણરૂપ છે, કોઈ પ્રકારના ઉપદ્રવ સહિત નથી, અજરામરલિંગ છે એટલે કે જેમનું ચિહ્ન જરા અને મરણ એ બંનેથી રહિત છે, અનુપમ છે, જેને સંસારના સુખોની ઉપમા લાગતી નથી. ઉત્તમ (સર્વોત્તમ) છે, પરમ (સર્વોત્કૃષ્ટ) છે, મહાર્ઘ્ય છે એટલે કે મહાન અર્ઘ દ્વારા પૂજ્ય અને પ્રશંસાને યોગ્ય છે, વિમળ છે એટલે કે કર્મના મળ તથા રાગાદિકમળોથી રહિત છે, અતુલ છે એટલે કે તેના સમાન સંસારનું સુખ નથી એવા સુખને જિનભક્ત પામે છે. અન્યનો ભક્ત પામતો નથી. ૧૬૨.

હવે આચાર્ય પ્રાર્થના કરે છે કે જે એવા સિદ્ધસુખને પ્રાપ્ત થયા તે સિદ્ધ ભગવાન મને ભાવોની શુદ્ધતા આપો :—

33

ते मे तिहुवणमहिया सिद्धा सुद्धा णिरंजणा णिच्चा।
दिंतु वरभावसुद्धिं दंसण णाणे चरित्ते य॥१६३॥

ते मे त्रिभुवनमहिताः सिद्धाः शुद्धाः निरंजनाः नित्याः।
ददतु वरभावशुद्धिं दर्शने ज्ञाने चारित्रे च॥१६३॥

ભગવંત સિદ્ધો—ત્રિજગપૂજિત, નિત્ય, શુદ્ધ, નિરંજના
—વર ભાવશુદ્ધિ દો મને દ્રગ, જ્ઞાન ને ચારિત્રમાં. ૧૬૩.

**અર્થ :—**સિદ્ધ ભગવાન મને દર્શન-જ્ઞાનમાં તથા ચારિત્રમાં શ્રેષ્ઠ ઉત્તમ ભાવની શુદ્ધતા આપો. કેવા છે સિદ્ધ ભગવાન? ત્રણ ભુવનમાં પૂજ્ય છે, શુદ્ધ છે અર્થાત્‌, દ્રવ્યકર્મ અને નોકર્મરૂપી મળથી રહિત છે, નિરંજન છે એટલે કે રાગાદિ કર્મથી રહિત છે, જેમને કર્મની ઉત્પત્તિ નથી, જે નિત્ય છે—પ્રાપ્ત સ્વભાવનો જેમને નાશ થતો નથી.

**ભાવાર્થ :—**આચાર્યદેવે શુદ્ધભાવનું ફળ સિદ્ધ અવસ્થા અને જે નિશ્ચયથી આ ફળને પ્રાપ્ત થયા તે સિદ્ધ ભગવાનોને એ જ પ્રાર્થના કરી કે શુદ્ધભાવની મને પૂર્ણતા થાઓ. ૧૬૩.

હવે ભાવ ના કથનને સંકોચે છે :—

किं जंपिएण बहुणा अत्थो धम्मो य काममोक्खो य।
अण्णे वि य वावारा भावम्मि परिट्ठिया सव्वे॥१६४॥

किं जल्पितेन बहुना अर्थः धर्मः च काममोक्षः च।
अन्ये अपि च व्यापाराः भावे परिस्थिताः सर्वे॥१६४॥

બહુ કથન શું કરવું? અરે! ધર્માર્થકામવિમોક્ષ ને
બીજાય બહુ વ્યાપાર, તે સૌ ભાવ માંહી રહેલ છે. ૧૬૪.

**અર્થ :—**આચાર્ય કહે છે કે ઘણું કહેવાથી શું? ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને અન્ય જે કાંઈપણ વ્યાપાર છે તે બધો જ શુદ્ધભાવમાં સમસ્તરૂપે સ્થિત છે.

**ભાવાર્થ :—**પુરુષના ચાર પ્રયોજન મુખ્ય છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. અન્ય જે કાંઈપણ મંત્રસાધનાદિક વ્યાપાર છે તે આત્માના શુદ્ધ ચૈતન્ય પરિણામ સ્વરૂપ ભાવમાં સ્થિત છે. શુદ્ધભાવથી જ બધી સિદ્ધિ છે. આ પ્રમાણે ટૂંકમાં જાણો. હવે અધિક શું કહીએ. ૧૬૪.

હવે આ ભાવપાહુડને પૂર્ણ કરતા તેને વાંચવાનો–સાંભળવાનો અને ભાવના કરવાનો (ચિંતવનનો) ઉપદેશ કરે છે :—

इय भावपाहुडमिणं सव्वंबुद्धेहि देसियं सम्मं।
जो पढइ सुणइ भावइ सो पावइ अविचलं ठाणं।।१६५।।

इति भावप्राभृतमिदं सर्वबुद्धैः देशितं सम्यक्।
यः पठति श्रृणोति भावयति सः प्राप्नोति अविचलं स्थानम्।।१६५।।

એ રીત સર્વજ્ઞે કથિત આ ભાવપ્રાભૃત-શાસ્ત્રનાં
સુપઠન-સુશ્રવણ-સુભાવનાથી વાસ અવિચળ ધામમાં. ૧૬૫.

**અર્થ :**—આ પ્રમાણે આ ભાવપાહુડનો સર્વબુદ્ધ–સર્વજ્ઞદેવે ઉપદેશ કર્યો છે. તેને જે ભવ્યજીવ સમ્યક્‌પ્રકારે ભણે છે, સાંભળે છે અને તેનું ચિંતવન કરે છે તે શાશ્વતસુખના સ્થાન મોક્ષને પામે છે.

**ભાવાર્થ :**—આ ભાવપાહુડ ગ્રંથ સર્વજ્ઞની પરંપરાથી અર્થ લઈને આચાર્યદેવે કહ્યો છે. તેથી આ સર્વજ્ઞનો જ ઉપદેશ છે. માત્ર છદ્મસ્થનો કહેલો નથી. તેથી આચાર્યદેવે પોતાનું મુખ્ય કરીને કર્તવ્ય કહ્યું નથી. જેને ભણવા-સાંભળવાનું ફળ મોક્ષ કહ્યું તે યુક્ત જ છે. શુદ્ધભાવથી જ મોક્ષ થાય છે અને તેને ભણવાથી શુદ્ધભાવ થાય છે. ૧૬૫.

નોંધ : અહીં સ્વાશ્રયી નિશ્ચય(ઉપાદાનમાં)માં શુદ્ધતા કરે તો નિમિત્તથી શાસ્ત્રપઠન આદિમાં વ્યવહારથી પરંપરા કારણ કહેવાય. અનુપચાર એટલે કે નિશ્ચય વિના ઉપચાર વ્યવહાર કેવો? આ પ્રમાણે તે શાસ્ત્રનું ભણવું, સાંભળવું, ધારણ કરવું અને ભાવના કરવી તે પરંપરા મોક્ષનું કારણ છે. તેથી હે ભવ્ય જીવો! આ ભાવપાહુડને ભણો, સાંભળો, સંભળાવો, ભાવના કરો અને નિરંતર અભ્યાસ કરો. જેથી ભાવશુદ્ધ થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા થતા મોક્ષની પ્રાપ્તિ થાય અને ત્યાં પરમાનંદરૂપ શાશ્વત સુખને ભોગવો.

આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યદેવે ભાવ પાહુડ ગ્રંથ પૂર્ણ કર્યો.

તેનો ટૂંક સાર આ પ્રમાણે છે—જીવ નામની વસ્તુનો એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ છે, તેની શુદ્ધ-અશુદ્ધ બે પરિણતિ છે. શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમવું તે શુદ્ધ પરિણતિ છે તેને શુદ્ધભાવ કહે છે. કર્મના નિમિત્તથી રાગ-દ્વેષ-મોહાદિક વિભાવરૂપ પરિણમવું તે અશુદ્ધ પરિણતિ છે. તેને અશુદ્ધભાવ કહે છે. કર્મનું નિમિત્ત અનાદિથી છે, તેથી જીવ અશુદ્ધભાવરૂપ અનાદિથી પરિણમન કરી

રહ્યો છે. તે ભાવથી શુભ-અશુભ કર્મનો બંધ થાય છે. તે બંધના ઉદયથી ફરીથી શુભ યા અશુભભાવરૂપ (અશુદ્ધભાવરૂપ) પરિણમન કરે છે. આ પ્રમાણે અનાદિ સંસ્થાન ચાલ્યું આવે છે. જ્યારે ઈષ્ટદેવતાદિકની ભક્તિ, જીવોની દયા, ઉપકાર, મંદકષાયરૂપ પરિણમન કરે છે ત્યારે તો શુભકર્મનો બંધ કરે છે. તેના નિમિત્તે દેવાધિક પર્યાય પામીને કંઈક સુખી(આભાસીસુખી) થાય છે. જ્યારે વિષયકષાય વગેરે તીવ્ર પરિણામરૂપ પરિણમન કરે છે ત્યારે પાપનો બંધ કરે છે. તેના ઉદયમાં નરકાદિક પર્યાય પામીને દુ:ખી થાય છે.

આ પ્રમાણે સંસારમાં અશુદ્ધભાવથી અનાદિકાળથી આ જીવ ભ્રમણ કરે છે. જ્યારે કોઈ કાળ એવો આવે કે જેમાં જિનેશ્વરદેવ-સર્વજ્ઞ વીતરાગના ઉપદેશની પ્રાપ્તિ થાય અને તેનું શ્રદ્ધાન, રુચિ, પ્રતીતિ, આચરણ કરે ત્યારે સ્વ અને પરનુ ભેદજ્ઞાન કરીને, શુદ્ધ-અશુદ્ધભાવનું સ્વરૂપ જાણીને પોતાના હિત-અહિતનું શ્રદ્ધાન-રુચિ, પ્રતીતિ, આચરણ થાય ત્યારે શુદ્ધ દર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણમનને તો હિત જાણે તેનું ફળ સંસારથી નિવૃત્તિ છે તેને જાણે અને અશુદ્ધભાવનું ફળ સંસાર છે તેને જાણે ત્યારે શુદ્ધભાવના ગ્રહણનો અને અશુદ્ધભાવના ત્યાગનો ઉપાય કરે. ઉપાયનું સ્વરૂપ જેવી રીતે સર્વજ્ઞ વીતરાગના આગમમાં કહ્યું છે તે પ્રમાણે ઉપાય કરે.

જેનું સ્વરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગરૂપે કહ્યું છે. શુદ્ધ સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રને નિશ્ચય કહ્યો છે અને જિનદેવ, સર્વજ્ઞ વીતરાગ તથા તેમના વચન અને તે વચનો અનુસાર પ્રવર્તવાવાળા મુનિ શ્રાવક તેમની ભક્તિ, વંદના, વિનય, વૈયાવૃત્ય કરવું તે 'વ્યવહાર' છે. કારણ કે આ મોક્ષમાર્ગમાં પ્રવર્તાવવા માટે ઉપકારી છે. ઉપકારીનો ઉપકાર માનવો તે ન્યાય છે. ઉપકાર લોપવો તે અન્યાય છે. સ્વરૂપના સાધક અહિંસાદિ મહાવ્રત તથા રત્નત્રયરૂપ પ્રવૃત્તિ, સમિતિ, ગુપ્તિરૂપ પ્રવર્તવું અને તેમાં દોષ લાગતા પોતાની નિંદા, ગર્હાદિક કરવી, ગુરુઓ દ્વારા આપેલું પ્રાયશ્ચિત્ત લેવું, શક્તિ અનુસાર તપ કરવું, પરિષહનું સહેવું, દસલક્ષણધર્મમાં પ્રવર્તવું વગેરે શુદ્ધાત્માને અનુકૂળ ક્રિયારૂપે પ્રવર્તવું તેમાં કંઈક રાગનો અંશ રહે છે. ત્યાં સુધી શુભકર્મનો બંધ થાય છે. તોપણ તે મુખ્ય નથી. કારણ કે તેમાં પ્રવર્તવાવાળાને શુભકર્મના ફળની ઈચ્છા નથી. તેથી તે અબંધતુલ્ય છે—વગેરે પ્રવૃત્તિ આગમોક્ત વ્યવહાર મોક્ષમાર્ગ છે. તેમાં પ્રવૃત્તિરૂપ પરિણામ હોવા છતાં પણ તે નિવૃત્તિપ્રધાન છે તેથી નિશ્ચય મોક્ષમાર્ગમાં વિરોધ નથી.

આ પ્રમાણે નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનો સંક્ષેપ છે. તેને [૧]‘શુદ્ધભાવ’ કહ્યો છે. તેમાં પણ સમ્યગ્દર્શનને મુખ્ય કહ્યું છે. કારણ કે સમ્યગ્દર્શન વિનાનો સર્વ વ્યવહાર મોક્ષનું કારણ નથી અને સમ્યગ્દર્શનના વ્યવહારમાં જિનદેવની ભક્તિ પ્રધાન છે તે સમ્યગ્દર્શનને બતાવવા માટે મુખ્ય ચિહ્ન છે તેથી જિનભક્તિ નિરંતર કરવી અને જિનઆજ્ઞા માનીને આગમોક્ત માર્ગમાં પ્રવર્તવું એવો શ્રીગુરુનો ઉપદેશ છે. જિનાજ્ઞા સિવાયના અન્ય બધા કુમાર્ગ છે તેમનો સંગ છોડવો, આ પ્રમાણે કરવાથી આત્મકલ્યાણ થાય છે.

( છપ્પય )

જીવ સદા ચિદભાવ એક અવિનાશી ધારૈ,
કર્મ નિમિતકૂં પાય અશુદ્ધભાવનિ વિસ્તારૈ;
કર્મ શુભાશુભ બાંધિ ઉદૈ ભરમૈ સંસારૈ,
પાવૈ દુઃખ અનંત ચ્યારિ ગતિમૈં ડુલિ સારૈ;
સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ,
નિજશુદ્ધભાવ ધરિ કર્મહરિ લહૈ મોક્ષ ભરમૈ ન તબ. ૧.

( દોહા )

મંગલમય પરમાત્મા, શુદ્ધભાવ અવિકાર,
નમૂँ પાય પાઊં સ્વપદ, જાચૂँ યહૈ કરાર. ૨.

**આ પ્રમાણે શ્રી કુંદકુંદસ્વામી રચિત ભાવપ્રાભૃતની જયપુરનિવાસી પંડિત જયચંદજી છાબડાકૃત દેશભાષામય વચનિકાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**

*

૧. ‘શુદ્ધભાવ’નું નિરૂપણ બે પ્રકારે કરવામાં આવ્યું છે. જેવી રીતે મોક્ષમાર્ગ બે નથી પરંતુ તેનું નિરૂપણ બે પ્રકારનું છે આ પ્રમાણે શુદ્ધભાવને જ્યાં બે પ્રકારનો કહ્યો છે ત્યાં નિશ્ચયનય અને વ્યવહારનયથી કહ્યો છે એમ સમજવું જોઈએ. નિશ્ચય સમ્યગ્દર્શનાદિ છે તેનો જ વ્યવહાર માન્ય છે અને તેને જ નિરતિચાર વ્યવહાર રત્નત્રયાદિમાં વ્યવહારથી શુદ્ધત્વ અથવા શુદ્ધસંપ્રયોગત્વનો આરોપ આવે છે. જેને વ્યવહારમાં શુદ્ધભાવ કહ્યો છે તેને જ નિશ્ચય અપેક્ષાએ અશુદ્ધ કહ્યો છે, વિરુદ્ધ કહ્યો છે પરંતુ વ્યવહારનયથી વ્યવહાર વિરુદ્ધ નથી.

# મોક્ષપાહુડ
## — ૬ —

ૐ નમઃ સિદ્ધેભ્યઃ

હવે મોક્ષપાહુડની વચનિકા લખીએ છીએ :—

શરૂઆતમાં જ મંગલ માટે સિદ્ધોને નમસ્કાર કરીએ છીએ :—

(દોહા)

અષ્ટ કર્મકો નાશ કરિ, શુદ્ધ અષ્ટ ગુણ પાય;
ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં, નમૂં મોક્ષસુખદાય. ૧

આ પ્રમાણે મંગળ માટે સિદ્ધોને નમસ્કાર કરી શ્રી કુંદકુંદ આચાર્યકૃત મોક્ષપાહુડ ગ્રંથ કે જે પ્રાકૃત ગાથાબદ્ધ છે તેની દેશભાષામય વચનિકા લખીએ છીએ. શરૂઆતમાં જ આચાર્યદેવ મંગળ માટે પરમાત્માને નમસ્કાર કરે છે :—

**णाणमयं अप्पाणं उवलद्धं जेण झडियकम्मेण।**
**चइऊण य परदव्वं णमो णमो तस्स देवस्स।।१।।**

ज्ञानमय आत्मा उपलब्धः येन क्षरितकर्मणा।
त्यक्त्वा च परद्रव्यं नमो नमस्तस्मै देवाय।।१।।

**કરીને ક્ષપણ કર્મો તણું, પરદ્રવ્ય પરિહરી જેમણે**
**જ્ઞાનાત્મ આત્મા પ્રાપ્ત કીધો, નમું નમું તે દેવને. ૧.**

**અર્થ** :—આચાર્યદેવ કહે છે કે જેમણે પરદ્રવ્યને છોડીને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો ક્ષય કરી નિર્મળ જ્ઞાનમયી આત્માને પ્રાપ્ત કરી લીધો છે તેવા દેવને અમારા નમસ્કાર હો—નમસ્કાર હો! બે વાર કહેવાથી અતિ પ્રીતિયુક્ત ભાવ દર્શાવ્યો છે.

**ભાવાર્થ** :—આ 'મોક્ષપ્રાભૃત'નો પ્રારંભ છે. અહીં જેમણે સમસ્ત પરદ્રવ્યને

છોડી કર્મનો અભાવ કરી કેવળજ્ઞાનાનંદસ્વરૂપ મોક્ષપદને પ્રાપ્ત કરી લીધું છે, તે દેવને મંગળ માટે નમસ્કાર કર્યો તે યોગ્ય છે. જ્યાં જેવું પ્રકરણ ત્યાં તેવી યોગ્યતા. અહીં ભાવમોક્ષ તો અરિહંતને છે અને દ્રવ્યભાવ બંને પ્રકારનો મોક્ષ સિદ્ધ પરમેષ્ઠીને છે તેથી બંનેને નમસ્કાર જાણો. ૧.

હવે આ પ્રમાણે નમસ્કાર કરી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરે છેઃ—

णमिऊण य तं देवं अणंतवरणाणदंसणं सुद्धं।
वोच्छं परमप्पाणं परमपयं परमजोईणं।।२।।

नत्वा च तं देवं अनंतवरज्ञानदर्शनं शुद्धम्।
वक्ष्ये परमात्मानं परमपदं परमयोगिनाम्।।२।।

તે દેવને નમી—અમિત-વર-દગ્જ્ઞાનધરને શુદ્ધને,
કહું પરમપદ—પરમાતમા—પ્રકરણ પરમયોગીન્દ્રને. ૨.

**અર્થ** :—આચાર્ય કહે છે કે તે પૂર્વોક્ત દેવને નમસ્કાર કરી, પરમાત્મા કે જે ઉત્કૃષ્ટ શુદ્ધ આત્મા તેનું સ્વરૂપ, પરમ યોગીશ્વર જે ઉત્કૃષ્ટ—યોગ્ય ધ્યાન કરવાવાળા મુનિરાજોને માટે કહીશ. કેવા છે તે પૂર્વોક્ત દેવ? જેઓ અનંત અને શ્રેષ્ઠ જ્ઞાન-દર્શન પામ્યા છે, વિશુદ્ધ છે—કર્મમળથી રહિત છે, જેનું પદ પરમ ઉત્કૃષ્ટ છે.

**ભાવાર્થ** :—આ ગ્રંથમાં મોક્ષ જે કારણથી પ્રાપ્ત થાય અને જેવું મોક્ષપદ છે તેનું વર્ણન કરશે. તેથી તે રીતે તેની જ પ્રતિજ્ઞા કરી છે. યોગીશ્વરોને માટે કહેશે. તેનો આશય એમ છે કે એવા મોક્ષપદને શુદ્ધ પરમાત્માના ધ્યાન દ્વારા પ્રાપ્ત કરે છે. તે ધ્યાનની યોગ્યતા યોગીશ્વરોને મુખ્યરૂપે હોય છે. ગૃહસ્થોને આ પ્રકારના ધ્યાનની મુખ્યતા નથી. ૨.

હવે કહે છે કે જે પરમાત્માને કહેવાની પ્રતિજ્ઞા કરી છે તેમને યોગી, ધ્યાની મુનિરાજ જાણીને તથા તેમનું ધ્યાન કરીને પરમપદને પ્રાપ્ત કરે છે :—

जं जाणिऊण जोई जोअत्थो जोइऊण अणवरयं।
अव्वाबाहमणंतं अणोवमं लहइ णिव्वाणं।।३।।

यत् ज्ञात्वा योगी योगस्थः दृष्ट्वा अनवरतम्।
अव्याबाधमनंतं अनुपमं लभते निर्वाणम्।।३।।

જે જાણીને, યોગસ્થ યોગી, સતત દેખી જેહને,
ઉપમાવિહીન અનંત અવ્યાબાધ શિવપદને લહે. ૩.

**અર્થ** :—હવે કહેશે કે પરમાત્માને જાણી યોગી (–મુનિ) યોગ (–ધ્યાન)માં સ્થિર થઈને નિરંતર તે પરમાત્માને અનુભવગોચર કરીને નિર્વાણને પ્રાપ્ત થાય છે. કેવું છે નિર્વાણ? 'અવ્યાબાધ' છે–જ્યાં કોઈ પ્રકારની બાધા નથી, 'અનંત' છે–જેનો નાશ નથી. 'અનુપમ' છે–જેને કોઈની ઉપમા લાગુ પડતી નથી.

**ભાવાર્થ** :—આચાર્ય કહે છે કે એવા પરમાત્માનું વર્ણન આગળ કરીશું કે જેના ધ્યાનમાં મુનિ નિરંતર અનુભવ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી નિર્વાણને પામે છે. અહીં એમ તાત્પર્ય છે કે પરમાત્માના ધ્યાનથી મોક્ષ થાય છે. ૩

હવે પરમાત્મા કેવા છે તે બતાવવા માટે આત્માના ત્રણ પ્રકાર દેખાડે છે :—

तिपयारो सो अप्पा परमंतरबाहिरो [૧]हु देहीणं।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा।।४।।

त्रिप्रकारः स आत्मा परमन्तः बहिः स्फुटं देहिनाम्।
तत्र परं ध्यायते अन्तरुपायेन त्यज बहिरात्मानं।।४।।

તે આતમા છે પરમ-અંતર-બહિર ત્રણધા દેહીમાં;
અંતર-ઉપાયે પરમને ધ્યાઓ, તજો બહિરાતમા. ૪.

**અર્થ** :—તે આત્મા પ્રાણીઓને ત્રણ પ્રકારના છે. અંતરાત્મા, બહિરાત્મા અને પરમાત્મા. અંતરાત્માના ઉપાય દ્વારા બહિરાત્મપણું છોડીને પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ.

**ભાવાર્થ** :—બહિરાત્માપણું છોડીને અંતરાત્મા થઈને પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ તેનાથી મોક્ષ થાય છે. ૪.

હવે ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ બતાવે છે. :—

अक्खाणि बाहिरप्पा अंतरअप्पा हु अप्पसंकप्पो।
कम्मकलंकविमुक्को परमप्पा भण्णए देवो।।५।।

૧. મુદ્રિત સંસ્કૃત પ્રતિમાં 'हु हेऊणं' એમ પાઠ છે જેનું સંસ્કૃત 'तु हित्वा' કર્યું છે.

अक्षाणि बहिरात्मा अन्तरात्मा स्फुटं आत्मसंकल्पः।
कर्मकलंकविमुक्तः परमात्मा भण्यते देवः ॥५॥

છે અક્ષધી બહિરાત્મ, આતમબુદ્ધિ અંતર-આતમા,
જે મુક્ત કર્મકલંકથી તે દેવ છે પરમાતમા. ૫.

**અર્થ** :—અક્ષ એટલે કે સ્પર્શન આદિ ઈન્દ્રિયો તે તો બાહ્ય આત્મા છે કારણ કે ઈન્દ્રિયોથી સ્પર્શ આદિ વિષયોનું જ્ઞાન થાય છે ત્યારે લોકો કહે છે કે આવી જે ઈન્દ્રિયો છે તે જ આત્મા છે. આ પ્રમાણે ઈન્દ્રિયોને બાહ્ય આત્મા કહે છે. અંતરાત્મા છે તે અંતરંગમાં આત્માનો પ્રગટ અનુભવગોચર સંકલ્પ છે. શરીર અને ઈન્દ્રિયોથી ભિન્ન મન દ્વારા દેખવા-જાણવાવાળો છે તે હું છું. આ પ્રમાણે સ્વસંવેદન ગોચર સંકલ્પ તે જ અંતરાત્મા છે તથા પરમાત્મા એટલે કે દ્રવ્યકર્મ—જ્ઞાનાવરણાદિક તથા ભાવકર્મ જે રાગ-દ્વેષ મોહાદિક તથા નોકર્મ —જે શરીરાદિક કલંક, મળ તેનાથી રહિત અનંત જ્ઞાનાદિ ગુણ સહિત તે પરમાત્મા છે. તે જ દેવ છે. અન્યને દેવ કહેવા તે ઉપચાર છે.

**ભાવાર્થ** :—બાહ્ય આત્મા તો ઈન્દ્રિયોને કહ્યો અને અંતરાત્મા દેહમાં સ્થિત દેખવું જાણવું જેને હોય છે એવો મન દ્વારા સંકલ્પ છે, તે અંતરાત્મા છે અને પરમાત્મા કર્મકલંકથી રહિત કહેવામાં આવે છે. અહીં એમ દર્શાવ્યું છે કે આ જીવ જ્યાં સુધી બાહ્ય શરીરાદિકને આત્મા જાણે છે ત્યાંસુધી તે બહિરાત્મા છે, સંસારી છે, જ્યારે તે જ જીવ અંતરંગમાં આત્માને જાણે છે ત્યારે સમ્યગ્દષ્ટિ થાય છે ત્યારે તે અંતરાત્મા છે અને તે જ જીવ પરમાત્માના ધ્યાનથી કર્મકલંકથી રહિત થાય છે. ત્યારે પ્રથમ તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અરિહંત થાય છે. પછી સિદ્ધપદને પ્રાપ્ત કરે છે તે બંનેને પરમાત્મા કહેવાય છે. અરિહંત તો ભાવકલંક રહિત છે અને સિદ્ધ દ્રવ્ય-ભાવરૂપ બંને પ્રકારના કલંકથી રહિત છે એમ જાણવું. ૫.

હવે તે પરમાત્માનું વિશેષણ દ્વારા સ્વરૂપ કહે છે :—

मलरहिओ कलचत्तो अणिंदिओ केवलो विसुद्धप्पा।
परमेट्ठी परमजिणो सिवंकरो सासओ सिद्धो ॥६॥

मलरहितः कलत्यक्तः अनिंद्रियः केवलः विशुद्धात्मा।
परमेष्ठी परमजिनः शिवंकरः शाश्वतः सिद्धः ॥६॥

તે છે વિશુદ્ધાત્મા, અનિંદ્રિય, મળરહિત, તનમુક્ત છે,
પરમેષ્ઠી, કેવળ, પરમજિન, શાશ્વત, શિવંકર, સિદ્ધ છે. ૬.

**અર્થ** :—પરમાત્મા–મળ રહિત છે, દ્રવ્યકર્મ, ભાવકર્મરૂપ મળથી રહિત છે, શરીર રહિત છે, ઇન્દ્રિય રહિત છે, અનિન્દ્રિય છે, અથવા અનિંદિત અર્થાત્ કોઈ પ્રકારની નિંદાયુક્ત નથી. સર્વ પ્રકારે પ્રશંસાયોગ્ય છે. કેવળજ્ઞાનમયી છે. જેના આત્માનું સ્વરૂપ વિશેષરૂપે શુદ્ધ છે. જ્ઞાનમાં જ્ઞેયાકારો ઝલકે છે તોપણ તે જ્ઞેયરૂપ થતો નથી. અને ન તો તેમની સાથે રાગ-દ્વેષ છે, પરમેષ્ઠી છે—પરમપદમાં સ્થિત છે, પરમ જિન છે, સર્વે કર્મનોને જીતી લીધા છે. શિવંકર—ભવ્યજીવોને પરમમંગળરૂપ તથા મોક્ષના કર્તા છે. શાશ્વતા (અવિનાશી) છે, સિદ્ધ છે, પોતાના સ્વરૂપની સિદ્ધિ કરીને નિર્વાણપદને પ્રાપ્ત થયા છે.

**ભાવાર્થ** :—પરમાતમા એવા છે કે જે આ પ્રકારના પરમાત્માનું ધ્યાન કરે છે તે પરમાત્મા થઈ જાય છે. ૬.

આગળ પણ એ જ ઉપદેશ કરે છે :—

आरुहवि अन्तरप्पा बहिरप्पा छंडिऊण तिविहेण।
झाइज्जइ परमप्पा उवइट्ठं जिणवरिंदेहिं ।।७।।

आरुह्य अंतरात्मानं बहिरात्मानं त्यक्त्वा त्रिविधेन।
ध्यायते परमात्मा उपदिष्टं जिनवरेन्द्रैः ।।७।।

થઈ અંતરાત્મારૂઢ, બહિરાત્મા તજીને ત્રણવિધે,
ધ્યાતવ્ય છે પરમાતમા—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૭.

**અર્થ** :—બહિરાત્માપણાને મન, વચન, કાયથી છોડીને અંતરાત્માનો આશય લઈને પરમાત્માનું ધ્યાન કરો એવો જિનવરેન્દ્ર તીર્થંકર પરમદેવે ઉપદેશ આપ્યો છે.

**ભાવાર્થ** :—પરમાત્માના ધ્યાન કરવાના ઉપદેશને મુખ્ય કરી કહ્યું છે કે તેનાથી જ મોક્ષ થાય છે. ૭.

હવે બહિરાત્માની પ્રવૃત્તિ કહે છે :—

बहिरत्थे फुरियमणो इंदियदारेण णियसरूवचुओ[1]।
णियदेहं अप्पाणं अज्झवसदि मूढदिट्ठीओ ।।८।।

बहिरर्थे स्फुरितमनाः इन्द्रियद्वारेण निजस्वरूपच्युतः।
निजदेहं आत्मानं अध्यवस्यति मूढदृष्टिस्तु ।।८।।

બાહ્યાર્થ પ્રત્યે સ્ફુરિતમન, સ્વભ્રષ્ટ ઇન્દ્રિયદ્વારથી,
નિજદેહ અધ્યવસિત કરે આત્માપણે જીવ મૂઢધી. ૮.

**અર્થ** :—મૂઢદૃષ્ટિ—અજ્ઞાની—મોહી મિથ્યાદૃષ્ટિ છે. તે બાહ્યપદાર્થો, ધન, ધાન્ય અને કુટુંબાદિક ઈષ્ટ પદાર્થમાં તત્પર મનવાળો છે. તથા ઈન્દ્રિયોના દ્વારથી પોતાના સ્વરૂપથી ચ્યુત થાય છે અને ઈન્દ્રિયોને જ આત્મા જાણે છે. આ પ્રમાણે પોતાના દેહને જ આત્મા જાણે છે, નિશ્ચય કરે છે. આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે.

**ભાવાર્થ** :—આવો બહિરાત્માનો ભાવ છે તેને છોડવો. ૮.

હવે કહે છે કે મિથ્યાદૃષ્ટિ, પોતાના દેહની જેમ જ બીજાના દેહને જોઈને તેને બીજાનો આત્મા માને છે.:—

णियदेहसरिच्छं[2] पिच्छिऊण परविग्गहं पयत्तेण।
अच्चेयणं पि गहियं झाइज्जइ परमभावेण।।९।।

निजदेहसदृशं दृष्ट्वा परविग्रहं प्रयत्नेन।
अचेतनं अपि गृहीतं ध्यायते परमभावेन।।९।।

નિજદેહ સમ પરદેહ દેખી મૂઢ ત્યાં ઉદ્યમ કરે,
તે છે અચેતન તોય માને તેહને આત્માપણે. ૯.

**અર્થ** :—મિથ્યાદૃષ્ટિ પુરુષ પોતાના દેહની જેમ બીજાના દેહને જોઈને તે દેહ અચેતન હોવા છતા મિથ્યાભાવથી આત્મભાવ દ્વારા ઘણો જ પ્રયત્ન કરીને પરના આત્માને ધ્યાવે છે એટલે કે સમજે છે.

**ભાવાર્થ** :—બહિરાત્મા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વકર્મના ઉદયથી (—ઉદયવશ થવાથી) મિથ્યાભાવ છે તેથી તે પોતાના દેહને આત્મા જાણે છે અને તે રીતે પરનો દેહ

૧—પાઠાન્તર—'चुओ' ના સ્થાન પર 'चओ' ૨. 'सरिच्छं' પાઠાન્તર 'सरिसं'

પણ અચેતન હોવા છતાં તેને પરનો આત્મા માને છે. (એટલે કે પરને પણ દેહાત્મબુદ્ધિથી માને છે અને એ પ્રમાણે મિથ્યાભાવ સહિત ધ્યાન કરે છે) તથા તે તેમાં પ્રયત્નશીલ છે તેથી આ ભાવને છોડવો જોઈએ એવું તાત્પર્ય છે. ૯.

હવે કહે છે કે એવી જ માન્યતાથી પર મનુષ્યાદિમાં પણ મોહની પ્રવૃત્તિ થાય છે :—

सपरज्झवसाएणं देहेसु य अविदिदत्थमप्पाणं।
सुयदाराईविसए मणुयाणं वड्ढए मोहो ॥१०॥

स्वपराध्यवसायेन देहेषु च अविदितार्थमात्मानम्।
सुतदारादिविषये मनुजानां वर्द्धते मोहः ॥१०॥

વસ્તુસ્વરૂપ જાણ્યા વિના દેહે સ્વ-અધ્યવસાયથી
અજ્ઞાની જનને મોહ ફાલે પુત્રદારાદિક મહીં. ૧૦.

**અર્થ** :—આ પ્રમાણે દેહમાં સ્વ-પરના અધ્યવસાય(નિશ્ચય) દ્વારા મનુષ્યોને સુત, દારાદિક જીવોમાં મોહ પ્રવર્તે છે. કેવા છે મનુષ્યો—જેમણે પદાર્થનું સ્વરૂપ(આત્મા) જાણ્યું નથી એવા છે.

**બીજો અર્થ** :—આ પ્રમાણે દેહમાં સ્વ-પરના અધ્યવસાય દ્વારા જે મનુષ્યો પદાર્થના સ્વરૂપને જાણતા નથી તેમને સુત, દારાદિક જીવોમાં મોહની પ્રવૃત્તિ હોય છે. (ભાષા પરિવર્તનકારે આ અર્થ લખ્યો છે.)

**ભાવાર્થ** :—જે મનુષ્યો જીવ-અજીવ પદાર્થોનું સ્વરૂપ યથાર્થ જાણતા નથી તેમને દેહમાં સ્વ-પર અધ્યવસાય છે. પોતાના દેહને પોતાનો આત્મા જાણે છે અને પરના દેહને પરનો આત્મા જાણે છે. તેમને પુત્ર-સ્ત્રી વગેરે કુટુંબીઓ પ્રત્યે મોહ (મમત્વ) હોય છે. જ્યારે તેઓ જીવ-અજીવના સ્વરૂપને જાણે ત્યારે દેહને અજીવ માને, આત્માને અમૂર્તિક ચૈતન્ય જાણે. પોતાના આત્માને પોતાનો માને અને પરના આત્માને પર જાણે ત્યારે પરમાં મમત્વ થતું નથી તેથી જીવાદિક પદાર્થોનું સ્વરૂપ સારી રીતે જાણી મોહ ન કરવો જોઈએ એમ દર્શાવ્યું છે. ૧૦.

હવે કહે છે કે મોહકર્મના ઉદયથી (ઉદયમાં જોડવાથી) મિથ્યાજ્ઞાન અને મિથ્યાભાવ થાય છે. તેથી આગામી ભવમાં પણ તે મનુષ્યદેહને ઈચ્છે છે :—

मिच्छाणाणेसु रओ मिच्छाभावेण भाविओ संतो।
मोहोदएण पुणरवि अंगं [1]सं मण्णए मणुओ॥११॥

मिथ्याज्ञानेषु रतः मिथ्याभावेन भावितः सन्।
मोहोदयेन पुनरपि अंगं मन्यते मनुजः॥११॥

રહી લીન મિથ્યાજ્ઞાનમાં, મિથ્યાત્વભાવે પરિણમી,
તે દેહ માને 'હું'પણે ફરીનેય મોહોદય થકી. ૧૧.

**અર્થ** :—આ મનુષ્ય મોહકર્મના ઉદયથી (ઉદયના વશ થઈને) મિથ્યાજ્ઞાન દ્વારા મિથ્યાભાવને ભાવીને આગામી જન્મમાં પણ આ દેહને જ સારો સમજીને ઇચ્છે છે.

**ભાવાર્થ** :—મોહકર્મની પ્રકૃતિ–મિથ્યાત્વના ઉદયથી (ઉદયના વશ થવાથી) જ્ઞાન પણ મિથ્યા થાય છે. પરદ્રવ્યને પોતાનું જાણે છે અને તે મિથ્યાત્વ દ્વારા જ મિથ્યા શ્રદ્ધાન થાય છે. તેને નિરંતર પરદ્રવ્યમાં એવી ભાવના રહે છે કે આ મને સદા પ્રાપ્ત થાય. તેથી આ પ્રાણી આગામી દેહને ભલો જાણી ઇચ્છે છે. ૧૧.

હવે કહે છે કે જે મુનિ દેહથી નિરપેક્ષ છે દેહને ઇચ્છતો નથી, તેમાં મમત્વ કરતો નથી તે નિર્વાણને પામે છે :—

जो देहे णिरवेक्खो णिद्दंदो णिम्ममो णिरारंभो।
आदसहावे सुरओ जोई सो लहइ णिव्वाणं॥१२॥

यः देहे निरपेक्षः निर्द्वन्दः निर्ममः निरारंभः।
आत्मस्वभावे सुरतः योगी स लभते निर्वाणम्॥१२॥

નિર્દ્વંદ્વ, નિર્મમ, દેહમાં નિરપેક્ષ, મુક્તારંભ જે,
જે લીન આત્મસ્વભાવમાં, તે યોગી પામે મોક્ષને. ૧૨.

**અર્થ** :—જે યોગી, ધ્યાની, મુનિ દેહથી નિરપેક્ષ છે એટલે કે દેહને ચાહતો નથી. ઉદાસીન છે, નિર્દ્વન્દ છે–રાગ-દ્વેષરૂપ ઇષ્ટ-અનિષ્ટ માન્યતાથી રહિત છે. નિર્મમત્વ છે. દેહાદિકમાં 'આ હું' અને 'આ મારું' એવી બુદ્ધિથી રહિત છે, નિરારંભ છે તેથી શરીર માટે તથા અન્ય લૌકિક પ્રયોજનો માટે આરંભથી રહિત છે અને આત્મસ્વભાવમાં રત

૧–મુ. સં. પ્રતિમા 'सं मण्णए' એવો પ્રાકૃત પાઠ છે જેનો 'स्वं मन्यते' એવો સંસ્કૃત પાઠ છે.

છે, લીન છે, નિરતંર સ્વભાવની ભાવના સહિત છે તે મુનિ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—જે બહિરાત્માના ભાવ છોડી અંતરાત્મા બની પરમાત્મામાં લીન થાય છે તે મોક્ષને પ્રાપ્ત કરે છે એમ ઉપદેશ આપ્યો છે. ૧૨.

હવે બંધ અને મોક્ષના કારણના સંક્ષેપરૂપ આગમના વચનને કહે છે. :—

परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विविहकम्मेहिं।
एसो जिणउवदेसो समासदो[१] बंधमुक्खस्स ॥१३॥

परद्रव्यरतः बध्यते विरतः मुच्यते विविधकर्मभिः।
एषः जिनोपदेशः समासतः बंधमोक्षस्य ॥१३॥

પરદ્રવ્યરત બંધાય, વિરત મુકાય વિધવિધ કર્મથી;
—આ, બંધમોક્ષ વિષે જિનેશ્વરદેશના સંક્ષેપથી. ૧૩.

**અર્થ** :—જે જીવ પરદ્રવ્યમાં રત છે, રાગી છે તે તો અનેક પ્રકારના કર્મોથી બંધાય છે. કર્મોનો બંધ કરે છે અને જે પરદ્રવ્યથી વિરક્ત છે—રાગી નથી તે અનેક પ્રકારના કર્મોથી છૂટે છે. આ બંધનો અને મોક્ષનો સંક્ષેપમાં જિનદેવનો ઉપદેશ છે.

**ભાવાર્થ** :—બંધ-મોક્ષના કારણની કથની અનેક પ્રકારે છે તેનો આ સંક્ષેપ છે :—જે પરદ્રવ્યથી રાગભાવ—તે બંધનું કારણ અને વિરાગભાવ મોક્ષનું કારણ છે. આ પ્રમાણે સંક્ષેપથી જિનેન્દ્રનો ઉપદેશ છે. ૧૩.

હવે કહે છે કે જે સ્વદ્રવ્યમાં રત છે તે સમ્યગ્દૃષ્ટિ હોય છે અને કર્મોનો નાશ કરે છે :—

सद्दव्वरओ सवणो सम्माइट्ठी हवेइ णियमेण[२]।
सम्मत्तपरिणदो उण खवेइ [३]दुट्ठट्ठकम्माइं ॥१४॥

स्वद्रव्यरतः श्रमणः सम्यग्दृष्टि भवति नियमेन[४]।
सम्यक्त्वपरिणतः पुनः [५]क्षपयति दुष्टाष्टकर्माणि ॥१४॥

---

૧. 'सदो' ના સ્થાન પર 'सओ' પાઠાન્તર. ૨. પાઠાન્તર :—सो साहू । ૩. મુ. સં. પ્રતિમા 'दुट्ठट्ठकम्माणि' પાઠ છે. ૪. પાઠાન્તર :—स साधुः। ૫. મુદ્રિત સંસ્કૃત પ્રતિમાં 'क्षिपते ' એવો પાઠ છે

રે! નિયમથી નિજદ્રવ્યરત સાધુ સુદ્રષ્ટિ હોય છે,
સમ્યક્ત્વપરિણત વર્તતો દુષ્ટાષ્ટ કર્મો ક્ષય કરે. ૧૪.

**અર્થ** :—જે મુનિ સ્વદ્રવ્ય એટલે કે પોતાના આત્મામાં રત છે, રુચિ સહિત છે તે નિયમથી સમ્યગ્દ્રષ્ટિ છે અને તે જ સમ્યક્ત્વ ભાવરૂપ પરિણમતો થકો દુષ્ટ આઠ કર્મોનો નાશ કરે છે.

**ભાવાર્થ** :—આ પણ કર્મને નાશ કરવાના કારણનું સંક્ષેપ કથન છે. જે પોતાના સ્વરૂપની શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ આચરણથી યુક્ત છે તે નિયમથી સમ્યગ્દ્રષ્ટિ છે. આ સમ્યક્ત્વભાવથી પરિણમન કરતા મુનિ આઠ કર્મોનો નાશ કરી નિર્વાણને પ્રાપ્ત કરે છે. ૧૪.

હવે કહે છે કે જે પરદ્રવ્યમાં રત છે તે મિથ્યાદ્રષ્ટિ થઈને કર્મોને બાંધે છે :—

जो पुण परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू।
मिच्छत्तपरिणदो पुण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।।१५।।

यः पुनः परद्रव्यरतः मिथ्यादृष्टिः भवति सः साधुः।
मिथ्यात्वपरिणतः पुनः बध्यते दुष्टाष्टकर्मभिः।।१५।।

પરદ્રવ્યમાં રત સાધુ તો મિથ્યાદરશયુત હોય છે,
મિથ્યાત્વપરિણત વર્તતો બાંધે કરમ દુષ્ટાષ્ટને. ૧૫.

**અર્થ** :—પુનઃ જે સાધુ પરદ્રવ્યમાં રત છે, રાગી છે, તે મિથ્યાદ્રષ્ટિ થાય છે અને તે મિથ્યાત્વભાવરૂપ પરિણમન કરતો થકો દુષ્ટ અષ્ટકર્મોને બાંધે છે.

**ભાવાર્થ** :—આ બંધના કારણનો સંક્ષેપ છે. અહીં સાધુ કહેવાથી એવું કહ્યું છે કે જે બાહ્ય પરિગ્રહ છોડીને નિર્ગ્રંથ થઈ જાય તો પણ મિથ્યાદ્રષ્ટિ હોતો થકો સંસારના દુઃખ આપવાવાળા આઠ કર્મોને બાંધે છે. ૧૫.

હવે કહે છે કે પરદ્રવ્યથી જ દુર્ગતિ થાય છે અને સ્વદ્રવ્યથી સુગતિ થાય છે :—

परदव्वादो दुग्गइ सद्दव्वादो हु सुग्गई होइ।
इय णाऊण सदव्वे कुणह रई विरइ इयरम्मि।।१६।।

परद्रव्यात् दुर्गतिः स्वद्रव्यात् स्फुटं सुगतिः भवति।
इति ज्ञात्वा स्वद्रव्ये कुरुत रतिं विरतिं इतरस्मिन्।।१६।।

પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬.

**અર્થ** :—પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે અને સ્વદ્રવ્યથી સુગતિ થાય છે એમ સ્પષ્ટપણે જાણો. તેથી હે ભવ્ય જીવો! તમે આ પ્રમાણે જાણી સ્વદ્રવ્યમાં રતિ કરો અને અન્ય જે પરદ્રવ્યો તેમનાથી વિરતિ કરો.

**ભાવાર્થ** :—લોકમાં પણ રીત છે કે જે પોતાના દ્રવ્યથી રતિ કરી પોતાના જ દ્રવ્યને ભોગવે છે તે તો સુખ પામે છે. તેના ઉપર કાંઈ આપત્તિ આવતી નથી અને જે પરદ્રવ્યથી પ્રીતિ કરે અને ભોગવે તેનાથી દુઃખી થાય છે. આપત્તિ ઉઠાવવી પડે છે. તેથી આચાર્યદેવે સંક્ષેપમાં ઉપદેશ આપ્યો છે કે પોતાના આત્મસ્વભાવમાં રતિ કરો. તેનાથી સુગતિ છે. સ્વર્ગાદિક પણ તેનાથી જ થાય છે અને મોક્ષ પણ તેનાથી થાય છે અને પરદ્રવ્યથી પ્રીતિ ન કરો. તેનાથી દુર્ગતિ થાય છે. સંસારમાં ભ્રમણ થાય છે.

અહીં કોઈ કહે કે સ્વદ્રવ્યમાં લીન થવાથી મોક્ષ થાય છે અને સુગતિ-દુર્ગતિ તો પરદ્રવ્યની પ્રીતિથી થાય છે? તેને કહે છે કે આ સત્ય છે પરંતુ અહીં એ આશયથી કહ્યું છે કે પરદ્રવ્યથી વિરક્ત થઈને સ્વદ્રવ્યમાં લીન થાય ત્યારે વિશુદ્ધતા ઘણી હોય છે, તે વિશુદ્ધતાના નિમિત્તે શુભ કર્મ પણ બંધાય છે અને જ્યારે અત્યંત વિશુદ્ધતા થાય છે ત્યારે કર્મોની નિર્જરા થઈને મોક્ષ થાય છે તેથી સુગતિ-દુર્ગતિનું કહેવું તે યુક્ત છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૬.

હવે શિષ્ય પૂછે છે કે પરદ્રવ્ય કેવું છે? તેનો ઉત્તર આચાર્ય કહે છે :—

आदसहावादण्णं सच्चित्ताचित्तमिस्सियं हवदि।
तं परदव्वं भणियं अवितत्थं सव्वदरिसीहिं।।१७।।

आत्मस्वभावादन्यत् सच्चित्ताचित्तमिश्रितं भवति।
तत् परद्रव्यं भणितं अवितत्थं सर्वदर्शिभिः।।१७।।

આત્મસ્વભાવેતર સચિત્ત, અચિત્ત, તેમ જ મિશ્ર જે,
તે જાણવું પરદ્રવ્ય—સર્વજ્ઞે કહ્યું અવિતથપણે. ૧૭.

**અર્થ** :—આત્મસ્વભાવથી અન્ય સચિત્ત તો સ્ત્રી-પુત્રાદિક જીવ સહિત વસ્તુ તથા અચિત્ત ધન-ધાન્ય-હિરણ્ય-સુવર્ણાદિક અચેતન વસ્તુ અને મિશ્ર આભુષણાદિ સહિત

મનુષ્ય તથા કુટુંબ સહિત ગૃહાદિક આ બધું પરદ્રવ્ય છે. આ પ્રમાણે જેણે જીવાદિક પદાર્થોનું સ્વરૂપ જાણ્યું નથી તેને સમજાવવા માટે સર્વદર્શી સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. અથવા 'અવિતત્થં' એટલે કે સત્યાર્થ કહ્યું છે.

**ભાવાર્થ** :—પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મા સિવાય અન્ય ચેતન-અચેતન મિશ્રવસ્તુઓ તે બધુ જ પરદ્રવ્ય છે. આ પ્રમાણે અજ્ઞાનીને સમજાવવા માટે સર્વજ્ઞદેવે કહ્યું છે. ૧૭.

હવે કહે છે કે આત્મસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તે આ પ્રમાણે છે :—

दुट्ठट्ठकम्मरहियं अणोवमं णाणविग्गहं णिच्चं।
सुद्धं जिणेहिं कहियं अप्पाणं हवदि सद्दव्वं।।१८।।

दुष्टाष्टकर्मरहितं अनुपमं ज्ञानविग्रहं नित्यम्।
शुद्धं जिनैः भणितं आत्मा भवति स्वद्रव्यम्।।१८।।

દુષ્ટાષ્ટકર્મવિહીન, અનુપમ, જ્ઞાનવિગ્રહ, નિત્ય ને
જે શુદ્ધ ભાખ્યો જિનવરે, તે આતમા સ્વદ્રવ્ય છે. ૧૮.

**અર્થ** :—સંસારમાં દુઃખ આપવાવાળા જ્ઞાનાવરણાદિક દુષ્ટ અષ્ટકર્મોથી રહિત અને જેને કોઈની ઉપમા નથી એવું અનુપમ, જેનું જ્ઞાન જ શરીર છે અને જેનો નાશ નથી એવો અવિનાશી નિત્ય છે અને શુદ્ધ અર્થાત્ વિકાર રહિત કેવળજ્ઞાનમય આત્મા જિનેન્દ્ર ભગવાને (સર્વજ્ઞે) કહ્યો છે. તે જ સ્વદ્રવ્ય છે.

**ભાવાર્થ** :—જ્ઞાનાનંદમય અમૂર્તિક જ્ઞાનમૂર્તિ પોતાનો આત્મા છે, તે જ એક સ્વદ્રવ્ય છે અન્ય બધા ચેતન, અચેતન અને મિશ્ર પરદ્રવ્યો છે. ૧૮.

હવે કહે છે કે જે આવા નિજદ્રવ્યનું ધ્યાન કરે છે તે નિર્વાણને પામે છે :—

जे झायंति सदव्वं परदव्वपरम्मुहा दु सुचरित्ता।
जे जिणवराण मग्गे अणुलग्गा लहहिं णिव्वाणं।।१९।।

ये ध्यायंति स्वद्रव्यं परद्रव्यं पराङ्मुखास्तु सुचरित्राः।
ते जिनवराणां मार्गे अनुलग्नाः लभते निर्वाणम्।।१९।।

પરવિમુખ થઈ નિજદ્રવ્ય જે ધ્યાવે સુચારિત્રીપણે,
જિનદેવના મારગ મહીં સંલગ્ન તે શિવપદ લહે. ૧૯.

**અર્થ** :—જે મુનિ પરદ્રવ્યથી પરાન્મુખ થઈને સ્વદ્રવ્ય જે નિજ આત્મદ્રવ્યનું ધ્યાન કરે છે, તે પ્રગટ સુચરિત્રા એટલે કે નિર્દોષ ચારિત્રયુક્ત થયો થકો જિનવર તીર્થંકરોના માર્ગનું અનુસંધાન(અનુસરણ) કરીને નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—પરદ્રવ્યનો ત્યાગ કરી જે પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે તે નિશ્ચય ચારિત્રરૂપ થઈને જિનમાર્ગમાં લાગે છે તે મોક્ષને પ્રાપ્ત કરે છે. ૧૯

હવે કહે છે કે જિનમાર્ગમાં લાગેલો યોગી શુદ્ધાત્માનું ધ્યાન કરી મોક્ષને પ્રાપ્ત કરે છે તો શું તે સ્વર્ગને પ્રાપ્ત ન કરે? અવશ્ય પ્રાપ્ત કરી શકે છે :—

जिणवरमएण जोई झाणे झाएइ सुद्धमप्पाणं।
जेण लहइ णिव्वाणं ण लहइ किं तेण सुरलोयं॥२०॥

जिनवरमतेन योगी ध्याने ध्यायति शुद्धमात्मानम्।
येन लभते निर्वाणं न लभते किं तेन सुरलोकम्॥२०॥

જિનદેવમત-અનુસાર ધ્યાવે યોગી નિજશુદ્ધાત્મને,
જેથી લહે નિર્વાણ, તો શું નવ લહે સુરલોકને? ૨૦.

**અર્થ** :—યોગી ધ્યાની મુનિ છે, તે જિનવર ભગવાનના મત મુજબ શુદ્ધ આત્માના ધ્યાનમાં લાગે છે તેથી નિર્વાણને પ્રાપ્ત કરે છે તો તે શું સ્વર્ગલોકને પ્રાપ્ત ન કરી શકે? અવશ્ય પ્રાપ્ત કરી શકે.

**ભાવાર્થ** :—કોઈ જાણશે કે જે જિનમાર્ગમાં લાગીને આત્માનું ધ્યાન કરે છે તે મોક્ષને પ્રાપ્ત કરે છે અને સ્વર્ગ તો તેને પ્રાપ્ત થતું નથી. તેને કહ્યું છે કે જિનમાર્ગમાં પ્રવર્તવાવાળાને શુદ્ધ આત્માનું ધ્યાન કરી મોક્ષ પ્રાપ્ત થાય છે. તો તેના માટે સ્વર્ગલોકની પ્રાપ્તિ કેવી રીતે કઠિન છે? તે તો તેના માર્ગમાં જ છે. ૨૦.

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :—

जो जाइ जोयणसयं दियहेणेक्केण लेवि गुरुभारं।
सो किं कोसद्धं पि हु ण सक्कए जाउ भुवणयले॥२१॥

यः याति योजनशतं दिवसेनैकेन लात्वा गुरुभारम्।
स किं क्रोशार्द्धमपि स्फुटं न शक्नोति यातुं भुवनतले।।२१।।

**બહુ ભાર લઈ દિન એકમાં જે ગમન સો યોજન કરે,**
**તે વ્યક્તિથી ક્રોશાર્ધ પણ નવ જઈ શકાય શું ભૂતળે? ૨૧.**

**અર્થ** :—જે પુરુષ ઘણો ભાર લઈને એક દિવસમાં સો યોજન ચાલી શકે તેને આ પૃથ્વીતલ ઉપર શું અડધો કોષ ન ચાલી શકાય? આ પ્રગટ સ્પષ્ટ જાણો.

**ભાવાર્થ** :—જે પુરુષ ઘણો ભાર લઈને એક દિવસમાં સો યોજન ચાલે તેના માટે અડધો કોષ ચાલવું તો અત્યંત સુગમ થયું. તે જ રીતે જિનમાર્ગથી મોક્ષ પામે તેના માટે સ્વર્ગને પામવું તો અત્યંત સુગમ છે. ૨૧.

હવે આ જ અર્થને અન્ય દૃષ્ટાંત દ્વારા કહે છે :—

**जो कोडिए ण जिप्पइ सुहडो संगामएहिं सव्वेहिं।**
**सो किं जिप्पइ इक्किं णरेण संगामए सुहडो।।२२।।**

यः कोट्या न जीयते सुभटः संग्रामकैः सर्वैः।
स किं जीयते एकेन नरेण संग्रामे सुभटः।।२२।।

**જે સુભટ હોય અજેય કોટિ નરોથી—સૈનિક સર્વથી,**
**તે વીર સુભટ જિતાય શું સંગ્રામમાં નર એકથી? ૨૨.**

**અર્થ** :—જે કોઈ સુભટ સંગ્રામમાં બધા જ સંગ્રામ કરવાવાળા કરોડો મનુષ્યોને સુગમતાથી જીતે તે સુભટ શું એક મનુષ્યને ન જીતે? અવશ્ય જીતે.

**ભાવાર્થ** :—જે જિનમાર્ગમાં પ્રવર્તે તે કર્મનો નાશ કરે જ. તો શું સ્વર્ગને રોકવાવાળા પાપકર્મનો નાશ ન કરે? અવશ્ય કરે. ૨૨.

હવે કહે છે કે સ્વર્ગ તો તપથી (શુભરાગરૂપી તપ દ્વારા) બધા જ પ્રાપ્ત કરે છે પરંતુ ધ્યાનના યોગથી જે સ્વર્ગ પ્રાપ્ત કરે તે ધ્યાનના યોગથી મોક્ષ પણ પ્રાપ્ત કરે છે :—

**सग्गं तवेण सव्वो वि पावए तहिं वि झाणजोएण।**
**जो पावइ सो पावइ परलोए सासयं सोक्खं।।२३।।**

स्वर्गं तपसा सर्वः अपि प्राप्नोति किन्तु ध्यानयोगेन।
यः प्राप्नोति सः प्राप्नोति परलोके शाश्वतं सौख्यम्॥२३॥

તપથી લહે સુરલોક સૌ, પણ ધ્યાનયોગે જે લહે
તે આતમા પરલોકમાં પામે સુશાશ્વત સૌખ્યને. ૨૩.

**અર્થ** :—શુભરાગરૂપી તપ દ્વારા સ્વર્ગ તો બધા જ પામે છે તોપણ જેઓ ધ્યાનના યોગથી સ્વર્ગ પામે છે તે જ ધ્યાનના યોગથી પરલોકમાં શાશ્વત સુખને પામે છે.

**ભાવાર્થ** :—કાયક્લેશાદિક તપ બધા જ મતધારકો કરે છે, તે તપસ્વીઓ મંદ કષાયના નિમિત્તે બધા જ સ્વર્ગને પ્રાપ્ત કરે છે પરંતુ જેઓ ધ્યાન દ્વારા સ્વર્ગ પ્રાપ્ત કરે છે તેઓ જિનમાર્ગમાં કહ્યા પ્રમાણે ધ્યાનના યોગથી પરલોકમાં જેમાં શાશ્વત સુખ છે એવા નિર્વાણને પ્રાપ્ત કરે છે. ૨૩

હવે ધ્યાનના યોગથી મોક્ષને પ્રાપ્ત કરે છે તે વાતને દૃષ્ટાંત દાર્ષ્ટાન્ત દ્વારા દૃઢ કરે છે :—

अइसोहणजोएणं सुद्धं हेमं हवेइ जह तह य।
कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि॥२४॥

अतिशोभनयोगेनं शुद्धं हेमं भवति यथा तथा च।
कालादिलब्ध्या आत्मा परमात्मा भवति॥२४॥

જ્યમ શુદ્ધતા પામે સુવર્ણ અતીવ શોભન યોગથી,
આત્મા બને પરમાતમા ત્યમ કાળ-આદિક લબ્ધિથી. ૨૪.

**અર્થ** :—જેવી રીતે સુવર્ણ પાષાણ શોધનની સામગ્રીના સંબંધથી શુદ્ધ સુવર્ણ થઈ જાય છે તેવી રીતે કાલાદિ લબ્ધિ જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સામગ્રીની પ્રાપ્તિથી આ આત્મા કર્મના સંયોગથી અશુદ્ધ છે તે જ પરમાત્મા થઈ જાય છે. ભાવાર્થ સુગમ છે. ૨૪.

હવે કહે છે કે સંસારમાં વ્રત, તપથી સ્વર્ગ મળે છે તેથી વ્રત, તપ ભલું છે પરંતુ અવ્રતાદિકથી નરકાદિ ગતિ મળે તેથી અવ્રતાદિક શ્રેષ્ઠ નથી :—

वर वयतवेहि सग्गो मा दुक्खं होउ णिरइ इयरेहिं।
छायातवट्ठियाणं पडिवालंताण गुरुभेयं॥२५॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



वर व्रततपोभिः स्वर्गः मा दुःखं भवतु नरके इतरैः।
छायातपस्थितानां प्रतिपालयतां गुरुभेदः ॥२५॥

દિવ ઠીક વ્રતતપથી, ન હો દુખ ઇતરથી નરકાદિકે;
છાંયે અને તડકે પ્રતીક્ષાકરણમાં બહુ ભેદ છે. ૨૫.

**અર્થ** :—વ્રત અને તપથી સ્વર્ગ મળે છે, તે શ્રેષ્ઠ છે. પરંતુ અવ્રત અને અતપથી પ્રાણીને નરકગતિમાં દુઃખ થાય છે તેથી તે શ્રેષ્ઠ નથી. છાયા અને તડકામાં બેસવાવાળાના પ્રતિપાલક કારણમાં ઘણો ભેદ છે.

**ભાવાર્થ** :—જેવી રીતે છાયાનું કારણ વૃક્ષાદિક છે તેની છાયામાં જે બેસે તે સુખ પામે અને તડકાનું કારણ સૂર્ય, અગ્નિ વગેરે છે તેના નિમિત્તથી આતાપ હોય છે. જે તેમાં બેસે છે તે દુઃખને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે છાયા અને આતાપમાં મોટો ભેદ છે. આ પ્રમાણે જ જે વ્રત, તપનું આચરણ કરે છે તે સ્વર્ગના સુખને પામે છે અને જે તેનું આચરણ કરતા નથી, વિષય કષાયાદિકનું સેવન કરે છે તે નરકના દુઃખને પામે છે. આ પ્રમાણે તે બંનેમાં મોટો ભેદ છે. તેથી અહીં કહેવાનો આશય એવો છે કે જ્યાં સુધી નિર્વાણ ન થાય ત્યાં સુધી વ્રત, તપ આદિકમાં પ્રવર્તવું શ્રેષ્ઠ છે તેનાથી સંસારના સુખની પ્રાપ્તિ થાય છે અને નિર્વાણના સાધનમાં પણ તે સહકારી છે. વિષય કષાયાદિકની પ્રવૃત્તિનું ફળ તો કેવળ નરકાદિકના દુઃખ જ છે. તે દુઃખોના કારણનું સેવન કરવું તે તો મોટી ભૂલ છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૨૫.

હવે કહે કહે છે કે સંસારમાં રહે ત્યાં સુધી વ્રત-તપનું પાલન શ્રેષ્ઠ કહ્યું પરંતુ જે સંસારથી નીકળવા ઈચ્છે તે આત્માનું ધ્યાન કરે :—

जो इच्छइ णिस्सरिदुं संसारमहण्णवाउ रुद्दाओ[१]।
कम्मिधणाण डहणं सो झायइ अप्पयं सुद्धं॥२६॥

यः इच्छति निःसर्त्तुं संसारमहार्णवात् रुद्रात्।
कर्मेन्धनानां दहनं सः ध्यायति आत्मानं शुद्धम्॥२६॥

સંસાર-અર્ણવ રુદ્રથી નિઃસરણ ઇચ્છે જીવ જે,
ધ્યાવે કરમ-ઇન્ધન તણા દહનાર નિજ શુદ્ધાત્મને. ૨૬.

૧– મુદ્રિત સંસ્કૃત પ્રતિમાં ' संसारमहण्णवस्स रुद्दस्स ' એવો પાઠ છે જેનું સંસ્કૃત ' संसारमहार्णवस्य रुद्रस्य ' આમ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**અર્થ** :—જે જીવ રુદ્ર અર્થાત્ મોટા વિસ્તારરૂપ સંસારરૂપી સમુદ્રથી નીકળવા ઇચ્છે છે તે જીવ કર્મરૂપી ઇંધનને દહન કરવાવાળા શુદ્ધ આત્માનું ધ્યાન કરે છે.

**ભાવાર્થ** :—નિર્વાણની પ્રાપ્તિ કર્મનો નાશ થાય ત્યારે થાય છે અને કર્મનો નાશ શુદ્ધાત્માના ધ્યાનથી થાય છે. તેથી જે સંસારમાંથી નીકળીને મોક્ષને ઇચ્છે તે શુદ્ધાત્મા કે જે કર્મમળથી રહિત અનંત ચતુષ્ટય સહિત (નિજ નિશ્ચય) પરમાત્મા છે તેનું ધ્યાન કરે છે. મોક્ષનો ઉપાય આ સિવાય કોઈ અન્ય નથી. ૨૬.

હવે આત્માનું ધ્યાન કરવાની વિધિ બતાવે છે :—

सव्वे कसाय मोत्तुं गारवमयरायदोसवामोहं।
लोयववहारविरदो अप्पा झाएह झाणत्थो ॥२७॥

सर्वान् कषायान् मुक्त्वा गारवमदरागदोषव्यामोहम्।
लोकव्यवहारविरतः आत्मानं ध्यायति ध्यानस्थः ॥२७॥

સઘળા કષાયો, મોહરાગવિરોધ-મદ-ગારવ તજી,
ધ્યાનસ્થ ધ્યાવે આત્મને, વ્યવહાર લૌકિકથી છૂટી. ૨૭.

**અર્થ** :—મુનિ સર્વે કષાયોને છોડીને તથા ગારવ, મદ, રાગ, દ્વેષ તથા મોહ, તેમને છોડીને અને લોક વ્યવહારથી વિરક્ત થઈને ધ્યાનમાં સ્થિર થયો થકો આત્માનું ધ્યાન કરે છે.

**ભાવાર્થ** :—મુનિ આવા થઈને આત્માનું ધ્યાન કરે—પ્રથમ તો ક્રોધ, માન, માયા, લોભ આ સર્વે કષાયોને છોડે. ગારવને છોડે. જાતિ વગેરેના આઠ પ્રકારના મદને છોડે. રાગ-દ્વેષને છોડે અને લોકવ્યવહાર કે જે સંઘમાં, રહેવાથી પરસ્પર વિનયાચાર, વૈયાવૃત્ય, ધર્મોપદેશ, ભણવું-ભણાવવું છે તેમને પણ છોડે અને ધ્યાનમાં સ્થિર થઈ જાય. આ પ્રકારે આત્માનું ધ્યાન કરે.

અહીં કોઈ પૂછે કે—બધા કષાયોને છોડવાનું કહ્યું છે તો તેમાં ગારવ અને મદાદિક આવી ગયા. તો પછી તેમને જુદા શા માટે કહ્યા. તેનું સમાધાન આ પ્રમાણે—આ બધા કષાયોમાં તો ગર્ભિત છે પરંતુ વિશેષરૂપથી બતાવવા માટે ભિન્ન-ભિન્ન કહ્યા છે. કષાયની પ્રવૃત્તિ આ પ્રમાણે છે—જે પોતાના માટે અનિષ્ટ હોય તેનાથી ક્રોધ કરે. અન્યને નીચા સમજી માન કરે. કોઈ કાર્યના નિમિત્તે કપટ કરે. આહારાદિકમાં લોભ કરે. આ ગારવ

છે, તે રસઋદ્ધિ અને શાતા એમ ત્રણ પ્રકારનો છે. તે જો કે માન કષાયમાં ગર્ભિત છે તોપણ તેમાં પ્રમાદની બહુલતા હોવાથી ભિન્નરૂપે કહ્યો છે.

મદ-જાતિ-લાભ-કુળ-રૂપ-તપ-બળ-વિદ્યા-ઐશ્વર્ય તેનો હોય છે. તે ન કરે. રાગ-દ્વેષ, પ્રીતિ-અપ્રીતિને કહે છે. કોઈથી પ્રીતિ કરવી, કોઈથી અપ્રીતિ કરવી આ પ્રમાણે લક્ષણના ભેદે ભેદ કહી કહ્યું. મોહ નામ પરથી મમત્વભાવરૂપ છે. સંસારનું મમત્વ તો મુનિને તો છે જ નહીં. પરંતુ ધર્માનુરાગથી શિષ્ય આદિમાં મમત્વનો વ્યવહાર છે તે પણ છોડે. આ પ્રમાણે ભેદવિવક્ષાથી ભિન્ન-ભિન્ન કહ્યા છે. આ સર્વે ધ્યાનના ઘાતકભાવો છે તેમને છોડ્યા વિના ધ્યાન થતું નથી. તેથી જેમ ધ્યાન થાય તેમ કરે. ૨૭.

હવે તેને જ વિશેષરૂપે કહે છે :—

**मिच्छत्तं अण्णाणं पावं पुण्णं चएवि तिविहेण।**
**मोणव्वएण जोई जोयत्थो जोयए अप्पा।।२८।।**

मिथ्यात्वं अज्ञानं पापं पुण्यं त्यक्त्वा त्रिविधेन।
मौनव्रतेन योगी योगस्थः द्योतयति आत्मानम्।।२८।।

**ત્રિવિધે તજી મિથ્યાત્વને, અજ્ઞાનને, અઘ-પુણ્યને,**
**યોગસ્થ યોગી મૌનવ્રતસંપન્ન ધ્યાવે આત્મને. ૨૮.**

**અર્થ :—**યોગી ધ્યાની મુનિ છે તે મિથ્યાત્વ, અજ્ઞાન તથા પાપ-પુણ્ય તેમને મન-વચન-કાયથી છોડીને મૌનવ્રત દ્વારા સ્થિર થઈને આત્માનું ધ્યાન કરે છે.

**ભાવાર્થ :—**કોઈ અન્યમતી યોગી, ધ્યાની કહેવાય છે તેથી જૈનલિંગી પણ કોઈ દ્રવ્યલિંગને ધારણ કરીને ધ્યાની કહેવામાં આવે તો તેના નિષેધના નિમિત્તે આ પ્રમાણે કહે છે કે—મિથ્યાત્વ અને અજ્ઞાનને છોડી આત્માના સ્વરૂપને યથાર્થ જાણી સમ્યક્ શ્રદ્ધાન તો જેણે કર્યું નથી તો તેને મિથ્યાત્વ અજ્ઞાન તો રહ્યું. તો ધ્યાન કોનું થાય? પુણ્ય-પાપ બંધ સ્વરૂપ છે તેમનામાં પ્રીતિ-અપ્રીતિ રહે છે. જ્યાં સુધી મોક્ષનું સ્વરૂપ જાણ્યું નથી તો ધ્યાન કોનું થાય? અને (સમ્યક્પ્રકારે સ્વરૂપગુપ્ત સ્વ અસ્તિમાં રહીને) મન-વચનની પ્રવૃત્તિ છોડીને મૌન ન થાય તો એકાગ્રતા કઈ રીતે થાય? તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, પુણ્ય, પાપ, મન-વચન-કાયની પ્રવૃત્તિને છોડવું જ ધ્યાન માટે યુક્ત કહ્યું છે. આ પ્રમાણે આત્માનું ધ્યાન કરવાથી મોક્ષ થાય છે. ૨૮.

હવે ધ્યાન કરવાવાળો મૌન ધારણ કરીને રહે છે તે શું વિચારીને રહે છે તે કહે છે :—

जं मया दिस्सदे रूवं तं ण जाणादि सव्वहा।
जाणगं दिस्सदे [1]णेव तम्हा जंपेमि केण हं।।२९।।

यत् मया दृश्यते रूपं तत् न जानाति सर्वथा।
ज्ञायकं दृश्यते न तत् तस्मात् जल्पामि केन अहम्।।२९।।

દેખાય મુજને રૂપ જે તે જાણતું નહિ સર્વથા,
ને જાણનાર ન દ્રશ્યમાન; હું બોલું કોની સાથમાં? ૨૯.

**અર્થ** :—જે રૂપને હું દેખું છું તે રૂપ મૂર્તિક વસ્તુ છે, જડ છે, અચેતન છે, સર્વપ્રકારે કાંઈપણ જાણતું નથી અને હું જ્ઞાયક છું, અમૂર્તિક છું. આ બધું જો જડ અચેતન છે તેથી કાંઈપણ જાણતું નથી. તેથી હું કોની સાથે બોલું?

**ભાવાર્થ** :—જો બીજો કોઈ પરસ્પર વાત કરવાવાળો હોય ત્યારે પરસ્પર બોલવું સંભવ છે, પરંતુ આત્મા તો અમૂર્તિક છે તેને વચનથી બોલવાનું છે નહીં અને જે રૂપી પુદ્ગલ છે તે અચેતન છે, કોઈને જાણતું દેખતું નથી. તેથી ધ્યાન કરવાવાળો કહે છે કે હું કોની સાથે બોલું? તેથી મારે મૌન છે. ૨૯.

હવે કહે છે કે આ પ્રમાણે ધ્યાન કરવાથી બધા કર્મોના આસ્રવનો નિરોધ કરી સંચિત કર્મોનો નાશ કરે છે :—

सव्वासवणिरोहेण कम्मं खवदि संचिदं।
जोयत्थो जाणए जोई जिणदेवेण भासियं।।३०।।

सर्वास्रवनिरोधेन कर्म क्षपयति संचितम्।
योगस्थः जानाति योगी जिनदेवेन भाषितम्।।३०।।

આસ્રવ સમસ્ત નિરોધીને ક્ષય પૂર્વકર્મ તણો કરે,
જ્ઞાતા જ બસ રહી જાય છે યોગસ્થ યોગી;–જિન કહે. ૩૦.

**અર્થ** :—યોગ-ધ્યાનમાં સ્થિર થયેલા યોગી-મુનિ સર્વે કર્મોના આસ્રવનો નિરોધ

૧. પાઠાન્તર :–णं तं, णंत।

કરીને સંવરયુક્ત થઈને પહેલા બાંધેલા કર્મો કે જે સંચયરૂપ છે તેમનો ક્ષય કરે છે. આ પ્રમાણે જિનદેવે કહ્યું છે તે જાણો.

**ભાવાર્થ :**—ધ્યાનથી કર્મનો આસ્રવ રોકાય છે અને તેનાથી આગામી બંધ થતો નથી. અને પૂર્વ સંચિત કર્મોની નિર્જરા થાય છે. ત્યારે તે કેવળજ્ઞાન ઉત્પન્ન કરી મોક્ષને પ્રાપ્ત થાય છે. આ આત્માના ધ્યાનનું માહાત્મ્ય છે. ૩૦.

હવે કહે છે કે જે વ્યવહારમાં તત્પર છે તેમને આ ધ્યાન થતું નથી :—

जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे॥३१॥

यः सुप्तः व्यवहारे सः योगी जागर्ति स्वकार्ये।
यः जागर्ति व्यवहारे सः सुप्तः आत्मनः कार्ये॥३१॥

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં. ૩૧.

**અર્થ :**—જે યોગી-ધ્યાની મુનિ વ્યવહારમાં સૂતા છે તે પોતાના સ્વરૂપના કામમાં જાગે છે અને જે વ્યવહારમાં જાગે છે તેઓ પોતાના આત્મકાર્યમાં સૂતા છે.

**ભાવાર્થ :**—મુનિને સંસારી વ્યવહાર તો કાંઈ છે નહીં અને જો હોય તો તે મુનિ કેવો? તે તો પાખંડી છે. ધર્મનો વ્યવહાર—સંઘમાં રહેવું, મહાવ્રતાદિનું પાલન કરવું. આવા વ્યવહારમાં પણ મુનિ તત્પર નથી. બધી પ્રવૃત્તિઓની નિવૃત્તિ કરીને ધ્યાન કરે છે તે વ્યવહારમાં સૂતા છે એમ કહેવાય છે અને પોતાના આત્મસુખમાં લીન થઈને દેખે-જાણે છે તેઓ પોતાના આત્મકાર્યમાં જાગે છે પરંતુ જે આ વ્યવહારમાં તત્પર છે—સાવધાન છે, સ્વરૂપની દ્રષ્ટિ નથી તેઓ વ્યવહારમાં જાગે છે એમ કહેવાય છે. ૩૧.

હવે એ કહે છે કે યોગી પૂર્વોક્ત કથનને જાણીને વ્યવહારને છોડી આત્મકાર્ય કરે છે :—

इय जाणिऊण जोई ववहारं चयइ सव्वहा सव्वं।
झायइ परमप्पाणं जह भणियं [1]जिणवरिं देहिं॥३२॥

૧. પાઠાન્તર :—जिणवरिंदेणं।

इति ज्ञात्वा योगी व्यवहारं त्यजति सर्वथा सर्वम्।
ध्यायति परमात्मानं यथा भणितं जिनवरेन्द्रैः॥३२॥

ઇમ જાણી યોગી સર્વથા છોડે સકળ વ્યવહારને,
પરમાત્માને ધ્યાવે યથા ઉપદિષ્ટ જિનદેવો વડે. ૩૨.

**અર્થ** :—આ પ્રમાણે પૂર્વોક્ત કથનને જાણી યોગી-ધ્યાની મુનિ છે તે સર્વ વ્યવહારને સર્વ પ્રકારે છોડી જ દે છે અને પરમાત્માનું ધ્યાન કરે છે—જે પ્રમાણે જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવે કહ્યું છે તે જ રીતે પરમાત્માનું ધ્યાન કરે છે.

**ભાવાર્થ** :—સર્વથા સર્વ વ્યવહારને છોડવાનું કહ્યું તેનો આશય એ પ્રમાણે છે કે લોકવ્યવહાર તથા ધર્મવ્યવહાર બધું જ છોડવાથી ધ્યાન થાય છે તેથી જેમ જિનદેવે કહ્યું છે તેમ જ પરમાત્માનું ધ્યાન કરવું. અન્યમતી પરમાત્માનું સ્વરૂપ અનેક પ્રકારે અન્યથા કહે છે. તેઓ ધ્યાનનો પણ અન્યથા ઉપદેશ કરે છે. તેનો નિષેધ કર્યો છે. જિનદેવે પરમાત્માનું તથા ધ્યાનનું સ્વરૂપ કહ્યું તે સત્યાર્થ છે, પ્રમાણભૂત છે તેમજ જે યોગીશ્વરો કરે છે તેઓ જ નિર્વાણને પ્રાપ્ત થાય છે. ૩૨.

હવે જિનદેવે જેવી ધ્યાન અધ્યયનની પ્રવૃત્તિ કહી છે તેવો જ ઉપદેશ કરે છે :—

पंचमहव्वयजुत्तो पंचसु समिदीसु तीसु गुत्तीसु।
रयणत्तयसंजुत्तो झाणज्झयणं सया कुणह॥३३॥

पंचमहाव्रतयुक्तः पंचसु समितिषु तिसृषु गुप्तिषु।
रत्नत्रयसंयुक्तः ध्यानाध्ययनं सदा कुरु॥३३॥

તું પંચસમિત, ત્રિગુપ્ત ને સંયુક્ત પંચમહાવ્રતે,
રત્નત્રયીસંયુતપણે કર નિત્ય ધ્યાનાધ્યયનને. ૩૩.

**અર્થ** :—આચાર્ય કહે છે કે જેઓ પાંચ મહાવ્રતયુક્ત થઈ ગયા તથા પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિઓથી યુક્ત થઈ ગયા તેમજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયથી સંયુક્ત થઈ ગયા. તેવા બનીને હે મુનિજનો! તમે ધ્યાન અને અધ્યયન-શાસ્ત્રનો અભ્યાસ સદા કરો.

**ભાવાર્થ** :—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ તે પાંચ મહાવ્રતો, ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ, પ્રતિષ્ઠાપના, તે પાંચ સમિતિ અને મન-વચન-

કાયના નિગ્રહરૂપ ત્રણ ગુપ્તિ—આ તેર પ્રકારનું ચારિત્ર જિનદેવે કહ્યું છે. તેનાથી યુક્ત થઈને જે નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું છે તેનાથી પણ યુક્ત થઈ ધ્યાન અને અધ્યયન કરવાનો ઉપદેશ છે. તેમાં પણ મુખ્ય તો ધ્યાન જ છે. અને તેમાં મન ન રોકાય તો શાસ્ત્રના અભ્યાસમાં મનને લગાવે તે પણ ધ્યાનતુલ્ય જ છે કારણ કે શાસ્ત્રમાં પરમાત્માના સ્વરૂપનો નિર્ણય છે. તે પણ ધ્યાનનું જ અંગ છે. ૩૩.

હવે કહે છે કે જે રત્નત્રયની આરાધના કરે છે તે જીવ આરાધક જ છે :—

रयणत्तयमाराहं जीवो आराहओ मुणेयव्वो।
आराहणाविहाणं तस्स फलं केवलं णाणं।।३४।।

रत्नत्रयमाराधयन् जीवः आराधकः ज्ञातव्यः।
आराधनाविधानं तस्य फलं केवलं ज्ञानम्।।३४।।

રત્નત્રયી આરાધનારો જીવ આરાધક કહ્યો;
આરાધનાનું વિધાન કેવલજ્ઞાનફળદાયક અહો! ૩૪.

**અર્થ** :—રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરનારા જીવને આરાધક જાણવો અને આરાધનાના વિધાનનું ફળ કેવળજ્ઞાન છે

**ભાવાર્થ** :—જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરે છે તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે તે જિનમાર્ગમાં પ્રસિદ્ધ છે. ૩૪.

હવે કહે છે કે શુદ્ધાત્મા છે તે કેવળજ્ઞાન છે અને કેવળજ્ઞાન છે તે શુદ્ધાત્મા છે. :—

सिद्धो सुद्धो आदा सव्वण्हू सव्वलोयदरिसी य।
सो जिणवरेहिं भणिओ जाण तुमं केवलं णाणं।।३५।।

सिद्धः शुद्धः आत्मा सर्वज्ञः सर्वलोकदर्शी च।
सः जिनवरैः भणितः जानीहि त्वं केवलं ज्ञानं।।३५।।

છે સિદ્ધ, આત્મા શુદ્ધ છે ને સર્વજ્ઞાનીદર્શી છે,
તું જાણ રે!–જિનવરકથિત આ જીવ કેવળ જ્ઞાન છે. ૩૫.

**અર્થ** :—આત્મા જિનવર સર્વજ્ઞદેવે આવો કહ્યો છે, કેવો છે? સિદ્ધ છે—

કોઈથી ઉત્પન્ન થયો નથી તેથી સ્વયંસિદ્ધ છે, શુદ્ધ છે—કર્મમળથી રહિત છે. સર્વજ્ઞ છે—સર્વ લોકાલોકને જાણે છે અને સર્વદર્શી છે—સર્વ લોકાલોકને દેખે છે. આ પ્રમાણે આત્મા છે તે હે મુને! તેને જ તું કેવળજ્ઞાન જાણ અથવા તે કેવળજ્ઞાનને જ આત્મા જાણ. આત્મામાં અને જ્ઞાનમાં કાંઈ પ્રદેશભેદ નથી. ગુણ-ગુણી ભેદ છે તે ગૌણ છે. આ આરાધનાનું ફળ પહેલા કેવળજ્ઞાન કહ્યું તે જ છે. ૩૫.

હવે કહે છે કે જે યોગી જિનદેવના મત મુજબ રત્નત્રયની આરાધના કરે છે તે આત્માનું ધ્યાન કરે છે :—

**रयणत्तयं पि जोई आराहइ जो हु जिणवरमएण।**
**सो झायदि अप्पाणं परिहरइ परं ण संदेहो॥३६॥**

रत्नत्रयमपि योगी आराधयति यः स्फुटं जिनवरमतेन।
सः ध्यायति आत्मानं परिहरति परं न सन्देहः॥३६॥

**જે યોગી આરાધે રતનત્રય પ્રગટ જિનવરમાર્ગથી,**
**તે આત્મને ધ્યાવે અને પર પરિહરે;—શંકા નથી. ૩૬.**

**અર્થ :—**જે યોગી-ધ્યાની-મુનિ જિનેશ્વરદેવના મતની આજ્ઞા પ્રમાણે રત્નત્રય–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિશ્ચયથી આરાધના કરે છે તે પ્રગટરૂપે આત્માનું જ ધ્યાન કરે છે. કારણ કે રત્નત્રય આત્માનો ગુણ છે અને ગુણ-ગુણીમાં ભેદ નથી. રત્નત્રયની આરાધના તે આત્માની જ આરાધના છે. તે જ પરદ્રવ્યને છોડે છે તેમાં સંદેહ નથી.

**ભાવાર્થ :—**સુગમ છે. ૩૬.

પહેલા પૂછ્યું હતું કે આત્મામાં રત્નત્રય કઈ રીતે છે તેનો ઉત્તર હવે આચાર્યદેવ કહે છે :—

**जं जाणइ तं णाणं जं पिच्छइ तं च दंसणं णेयं।**
**तं चारित्तं भणियं परिहारो पुण्णपावाणं॥३७॥**

यत् जानाति तत् ज्ञानं यत्पश्यति तच्च दर्शनं ज्ञेयम्।
तत् चारित्रं भणितं परिहारः पुण्यपापानाम्॥३७॥

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન જાણવું,
જે પાપ તેમ જ પુણ્યનો પરિહાર તે ચારિત કહ્યું. ૩૭.

**અર્થ :**—જે જાણે તે જ્ઞાન છે, જે દેખે તે દર્શન છે તથા જે પુણ્ય તથા પાપનો પરિહાર છે તે ચારિત્ર છે. આ પ્રમાણે જાણવું જોઈએ.

**ભાવાર્થ :**—અહીં જાણવાવાળો, દેખવાવાળો તથા ત્યાગવાવાળો (દર્શન-જ્ઞાન-ચારિત્ર) કહ્યો. આ ગુણીના ગુણ છે, તેઓ કર્તા થતા નથી તેથી જાણવું, દેખવું, ત્યાગવારૂપ ક્રિયાનો કર્તા આત્મા છે તેથી એ ત્રણે આત્મા જ છે. ગુણ-ગુણીમાં કોઈ પ્રદેશભેદ હોતો નથી. આ પ્રમાણે રત્નત્રય છે તે આત્મા જ છે એમ જાણવું. ૩૭.

હવે એ જ અર્થને અન્ય પ્રકારે કહે છે :—

तच्चरुई सम्मत्तं तच्चग्गहणं च हवइ सण्णाणं।
चारित्तं परिहारो परूवियं जिणवरिंदेहिं।।३८।।

तत्त्वरुचिः सम्यक्त्वं तत्त्वग्रहणं च भवति संज्ञानम्।
चारित्रं परिहारः प्रजल्पितं जिनवरेन्द्रैः।।३८।।

છે તત્ત્વરુચિ સમ્યક્ત્વ, તત્ત્વ તણું ગ્રહણ સદ્જ્ઞાન છે,
પરિહાર તે ચારિત્ર છે;—જિનવરવૃષભનિર્દિષ્ટ છે. ૩૮.

**અર્થ :**—તત્ત્વરુચિ સમ્યક્ત્વ છે, તત્ત્વનું ગ્રહણ સમ્યગ્જ્ઞાન છે, પરિહાર ચારિત્ર છે, આ પ્રમાણે જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવે કહ્યું છે.

**ભાવાર્થ :**—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ તત્ત્વોનું શ્રદ્ધાન-રુચિ-પ્રતીતિ સમ્યગ્દર્શન છે. તેમને જાણવું તે સમ્યગ્જ્ઞાન છે અને પરદ્રવ્યના પરિહાર-સંબંધી ક્રિયાની નિવૃત્તિ ચારિત્ર છે. એ પ્રમાણે જિનેશ્વરદેવે કહ્યું છે તેને નિશ્ચય-વ્યવહારનયથી આગમ અનુસાર સાધવું. ૩૮.

હવે સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહે છે :—

दंसणसुद्धो सुद्धो दंसणसुद्धो लहेइ णिव्वाणं।
दंसणविहीणपुरिसो ण लहइ तं इच्छियं लाहं।।३९।।

दर्शनशुद्धः शुद्धः दर्शनशुद्धः लभते निर्वाणम्।
दर्शनविहीनपुरुषः न लभते तं इष्टं लाभम्।।३९।।

દ્રગશુદ્ધ આત્મા શુદ્ધ છે, દ્રગશુદ્ધ તે મુક્તિ લહે,
દર્શનરહિત જે પુરુષ તે પામે ન ઇચ્છિત લાભને. ૩૯.

**અર્થ** :—જે પુરુષ દર્શનથી શુદ્ધ છે તે જ શુદ્ધ છે. કારણ કે જેનું દર્શન શુદ્ધ છે તે જ નિર્વાણને પામે છે અને જે પુરુષ સમ્યગ્દર્શનથી રહિત છે તે પુરુષ ઈષ્ટલાભ અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરી શકતો નથી.

**ભાવાર્થ** :—લોકમાં પ્રસિદ્ધ છે કે કોઈ પુરુષ કોઈ વસ્તુને ચાહે અને તેની રુચિ-પ્રતીતિ-શ્રદ્ધા ન હોય તો તેની પ્રાપ્તિ થતી નથી. તેથી સમ્યગ્દર્શન જ નિર્વાણની પ્રાપ્તિમાં પ્રધાન છે. ૩૯.

હવે કહે છે કે આવા સમ્યગ્દર્શનને ગ્રહણ કરવાનો ઉપદેશ જ સારભૂત છે, તેને જે માને છે તે સમ્યક્ત્વ છે :—

इय उवएसं सारं जरमरणहरं खु मण्णए जं तु।
तं सम्मत्तं भणियं सवणाणं सावयाणं पि।।४०।।

इति उपदेशं सारं जरामरणहरं स्फुटं मन्यते यत्तु।
तत् सम्यक्त्वं भणितं श्रमणानां श्रावकाणामपि।।४०।।

જરમરણહર આ સારભૂત ઉપદેશ શ્રદ્ધે સ્પષ્ટ જે,
સમ્યક્ત્વ ભાખ્યું તેહને, હો શ્રમણ કે શ્રાવક ભલે. ૪૦.

**અર્થ** :—આ પ્રમાણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપદેશ સાર છે, કે જે જરા અને મૃત્યુને હરવાવાળો છે, તેને જે માને છે, શ્રદ્ધાન કરે છે, તેને જ સમ્યક્ત્વ કહ્યું છે. આ મુનિઓને તથા શ્રાવકોને દરેકને કહ્યું છે તેથી સમ્યક્ત્વપૂર્વક જ્ઞાન-ચારિત્રને અંગીકાર કરો.

**ભાવાર્થ** :—જીવના જેટલા ભાવ છે તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સારભૂત છે, ઉત્તમ છે, જીવને હિતરૂપ છે અને તેમાં પણ સમ્યગ્દર્શન પ્રધાન છે કારણ કે તેના વિના જ્ઞાન-ચારિત્ર પણ મિથ્યા કહેવાય છે તેથી સમ્યગ્દર્શનને મુખ્ય જાણી પહેલા અંગીકાર કરવું એવો મુનિ, શ્રાવક બધાને ઉપદેશ છે. ૪૦.

હવે સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ કહે છે. :—

जीवाजीवविहत्ती जोई जाणेइ जिणवरमएणं।
तं सण्णाणं भणियं अवियत्थं सव्वदरिसीहिं ।।४१।।

जीवाजीवविभक्तिं योगी जानाति जिनवरमतेन।
तत् संज्ञानं भणितं अवितथं सर्वदर्शिभिः ।।४१।।

જીવ-અજીવ કેરો ભેદ જાણે યોગી જિનવરમાર્ગથી,
સર્વજ્ઞદેવે તેહને સદ્જ્ઞાન ભાખ્યું તથ્યથી. ૪૧.

**અર્થ** :—જે યોગી, મુનિ જીવ-અજીવ પદાર્થનો ભેદ જિનવરના મતથી જાણે છે તે સમ્યગ્જ્ઞાન છે એમ સર્વદર્શી—સર્વને દેખવાવાળા સર્વજ્ઞદેવે કહ્યું છે. તેથી તે જ સત્યાર્થ છે અન્ય છદ્મસ્થનું કહેલું સત્યાર્થ નથી, અસત્યાર્થ છે, સર્વજ્ઞનું કહેલું જ સત્યાર્થ છે.

**ભાવાર્થ** :—સર્વજ્ઞદેવે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય કહ્યા છે (તેઓ સંખ્યા અપેક્ષાએ અનંત, અનંતાનંત, એક, એક, એક અને અસંખ્યાત છે) તેમાં જીવને દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ કહ્યો છે તે સદા અમૂર્તિક છે એટલે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી રહિત છે. પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યોને અજીવ કહ્યા છે તે અચેતન છે—જડ છે. તેમાં પુદ્ગલ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ શબ્દ સહિત મૂર્તિક(રૂપી છે) ઇન્દ્રિયગોચર છે, અન્ય દ્રવ્યો અમૂર્તિક છે. આકાશ વગેરે ચાર દ્રવ્યો જેવા છે તેવા જ રહે છે. જીવ અને પુદ્ગલને અનાદિથી સંબંધ છે. છદ્મસ્થને ઇન્દ્રિયગોચર પુદ્ગલસ્કંધ છે તેને ગ્રહણ કરીને જીવ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમન કરે છે, શરીરાદિને પોતાનું માને છે તથા ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષરૂપ થાય છે તેનાથી નવીન પુદ્ગલ કર્મરૂપ થઈ બંધને પ્રાપ્ત થાય છે. આ નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. આ પ્રમાણે આ જીવ અજ્ઞાની થતો થકો જીવ-પુદ્ગલના ભેદને ન જાણી મિથ્યાજ્ઞાની થાય છે. તેથી આચાર્ય કહે છે કે જિનદેવના મતથી જીવ-અજીવનો ભેદ જાણી સમ્યગ્દર્શનનું સ્વરૂપ જાણવું. આ પ્રમાણે જિનદેવે કહ્યું છે તે જ સત્યાર્થ છે. પ્રમાણ-નય દ્વારા આમ જ સિદ્ધ થાય છે. તેથી જિનદેવ સર્વજ્ઞએ બધી વસ્તુઓને પ્રત્યક્ષ જોઈને કહ્યું છે.

અન્યમતી છદ્મસ્થ છે, તેમણે પોતાની બુદ્ધિમાં આવ્યું તેવી જ કલ્પના કરી કહ્યું છે તે પ્રમાણસિદ્ધ નથી. તેમાં કોઈ વેદાંતી તો એક બ્રહ્મમાત્ર કહે છે, અન્ય કંઈપણ વસ્તુભૂત નથી. માયારૂપ અવસ્તુ છે એવું માને છે. કોઈ નૈયાયિક, વૈશેષિક જીવને સર્વથા

નિત્ય, સર્વગત કહે છે, જીવનો અને જ્ઞાનગુણનો સર્વથા ભેદ માને છે અને અન્યકાર્ય માત્ર છે તેનો કર્તા ઈશ્વરને કહે છે. આવું માને છે. કોઈ સાંખ્યમતી પુરુષને ઉદાસીન ચૈતન્યસ્વરૂપ માની સર્વથા અકર્તા માને છે અને જ્ઞાનને મુખ્ય ધર્મ માને છે.

કોઈ બૌદ્ધમતી સર્વ વસ્તુને ક્ષણિક માને છે, સર્વથા અનિત્ય માને છે, તેમાં પણ અનેક મતભેદ છે. કોઈ વિજ્ઞાનમાત્ર તત્ત્વ માને છે. કોઈ સર્વથા શૂન્ય માને છે અને કોઈ અન્યપ્રકારે માને છે. મીમાંસક કર્મકાંડ માત્રને તત્ત્વ માને છે. જીવને અણુમાત્ર માને છે તો પણ કોઈ કાંઈ પરમાર્થે નિત્ય વસ્તુ નથી એમ માને છે. ચાર્વાકમતી જીવને તત્ત્વ માનતા નથી. પંચભૂતોથી જીવની ઉત્પત્તિ માને છે.

વગેરે બુદ્ધિકલ્પિત તત્ત્વ માનીને પરસ્પર વાદ-વિવાદ કરે છે જે યુક્ત જ છે–કારણ કે વસ્તુનું પૂર્ણ સ્વરૂપ દેખાતું નથી તેથી જેમ આંધળાઓ હાથીના સ્વરૂપ વિષે વિવાદ કરે છે તે રીતે વિવાદ જ થાય છે. તેથી જિનદેવ સર્વજ્ઞે વસ્તુરૂપ પૂર્ણરૂપ જોયું છે અને તેવું જ કહ્યું છે. એ પ્રમાણે પ્રમાણ અને નય દ્વારા અનેકાંતરૂપ સિદ્ધ થાય છે. તેની ચર્ચા, હેતુવાદરૂપ જૈનના ન્યાય-શાસ્ત્રોથી જાણી શકાય છે. તેથી એમ ઉપદેશ છે કે જિનમતમાં જીવાજીવનું સ્વરૂપ સત્યાર્થ કહ્યું છે તેને જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. આ પ્રમાણે જાણી જિનદેવની આજ્ઞા માની સમ્યગ્જ્ઞાનને અંગીકાર કરવાથી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે એમ જાણવું. ૪૧.

હવે સમ્યક્ચારિત્રનું સ્વરૂપ કહે છે :—

**जं जाणिऊण जोई परिहारं कुणइ पुण्णपावाणं।**
**तं चारित्तं भणियं अवियप्पं कम्मरहिएहिं।।४२।।**

यत् ज्ञात्वा योगी परिहारं करोति पुण्यपापानाम्।
तत् चारित्रं भणितं अविकल्पं कर्मरहितैः।।४२।।

**તે જાણી યોગી પરિહરે છે પાપ તેમ જ પુણ્યને,**
**ચારિત્ર તે અવિકલ્પ ભાખ્યું કર્મરહિત જિનેશ્વરે. ૪૨.**

**અર્થ** :—યોગી ધ્યાની મુનિ–આ પૂર્વોક્ત જીવાજીવના ભેદરૂપ સત્યાર્થ સમ્યગ્જ્ઞાનને જાણીને પુણ્ય અને પાપ તે બંનેનો પરિહાર કરે છે, ત્યાગ કરે છે તે ચારિત્ર છે કે જે નિર્વિકલ્પ છે એટલે કે પ્રવૃત્તિરૂપ ક્રિયાના વિકલ્પોથી રહિત છે તે ચારિત્ર ઘાતિકર્મથી રહિત એવા સર્વજ્ઞદેવે કહ્યું છે.

**ભાવાર્થ** :—ચારિત્ર નિશ્ચય-વ્યવહારના ભેદથી બે પ્રકારનું છે. મહાવ્રત, સમિતિ, ગુપ્તિના ભેદથી કહ્યું છે તે વ્યવહાર છે તેમાં પ્રવૃત્તિરૂપ ક્રિયા શુભકર્મરૂપ બંધ કરે છે અને આ ક્રિયાઓમાં જેટલા અંશે નિવૃત્તિ છે (એટલે કે તે જ સમયે સ્વાશ્રયરૂપ આંશિક નિશ્ચય વીતરાગભાવ છે) તેનું ફળ બંધ નથી. પરંતુ તેનું ફળ કર્મની એકદેશ નિર્જરા છે. સર્વે કર્મોથી રહિત પોતાના આત્મસ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયચારિત્ર છે તેનું ફળ કર્મોનો નાશ જ છે. આ પુણ્ય-પાપના પરિહારરૂપ નિર્વિકલ્પતા છે. પાપનો ત્યાગ તો મુનિને છે જ અને પુણ્યનો ત્યાગ આ પ્રમાણે છે.

શુભક્રિયાનું ફળ પુણ્ય કર્મબંધ છે. તેની વાંછા નથી. બંધના નાશનો ઉપાય નિર્વિકલ્પ નિશ્ચય ચારિત્રનો ઉદ્યમ મુખ્ય છે. આ પ્રમાણે અહીં નિર્વિકલ્પ અર્થાત્ પુણ્ય-પાપથી રહિત એવું નિશ્ચય ચારિત્ર કહ્યું છે. ચૌદમા ગુણસ્થાનના અંત સમયે ચારિત્ર પૂર્ણ થાય છે અને તરત જ મોક્ષ થાય છે. તેવો સિદ્ધાંત છે. ૪૨.

હવે કહે છે કે આ પ્રમાણે રત્નત્રય સહિત થઈને તપ, સંયમ સમિતિને પાળતા થકા શુદ્ધાત્માનું ધ્યાન કરવાવાળા મુનિ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**जो रयणत्तयजुत्तो कुणइ तवं संजदो ससत्तीए।**
**सो पावइ परमपयं झायंतो अप्पयं सुद्धं।।४३।।**

यः रत्नत्रययुक्तः करोति तपः संयतः स्वशक्त्या।
सः प्राप्नोति परमपदं ध्यायन् आत्मानं शुद्धम्।।४३।।

**રત્નત્રયીયુત સંયમી નિજશક્તિતઃ તપને કરે,**
**શુદ્ધાત્મને ધ્યાતો થકો ઉત્કૃષ્ટ પદને તે વરે. ૪૩.**

**અર્થ** :—જે મુનિ રત્નત્રયને સંયુક્ત થતો થકો સંયમી બનીને પોતાની શક્તિ અનુસાર તપ કરે છે તે શુદ્ધ આત્માનું ધ્યાન કરતો થકો પરમપદ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—જે મુનિ—સંયમી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આ તેર પ્રકારનું ચારિત્ર અને તે જ પ્રવૃત્તિરૂપે વ્યવહારચારિત્ર સંયમ છે તેને અંગીકાર કરીને અને પૂર્વોક્ત પ્રકારે નિશ્ચય ચારિત્રથી યુક્ત થઈને પોતાની શક્તિ અનુસાર ઉપવાસ, કાયક્લેશાદિ બાહ્ય તપ કરે છે તે મુનિ અંતરંગ તપ તથા ધ્યાન દ્વારા શુદ્ધાત્મામાં એકાગ્રચિત્ત કરી ધ્યાન કરતો થકો નિર્વાણને પ્રાપ્ત કરે છે. ૪૩.

(નોંધ : જે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય સ્વાશ્રયરૂપ નિશ્ચય ચારિત્ર સહિત છે તેના જ વ્યવહાર સંયમ—વ્રતાદિને વ્યવહારચારિત્ર માનવામાં આવે છે.)

હવે કહે છે કે ધ્યાની મુનિ એવા બનીને પરમાત્માનું ધ્યાન કરે છે :—

तिहि तिण्णि धरवि णिच्चं तियरहिओ तह तिएण परियरिओ।
दोदोसविप्पमुक्को परमप्पा झायए जोई ।।४४।।

त्रिभिः त्रीन् धृत्वा नित्यं त्रिकरहितः तथा त्रिकेण परिकरितः।
द्विदोषविप्रमुक्तः परमात्मानं ध्यायते योगी ।।४४।।

ત્રણથી ધરી ત્રણ, નિત્ય ત્રિકવિરહિતપણે, ત્રિકયુતપણે,
રહી દોષયુગલવિમુક્ત ધ્યાવે યોગી નિજ પરમાત્મને. ૪૪.

**અર્થ** :—'ત્રિભિઃ' મન, વચન, કાયાથી 'ત્રીન્' વર્ષા, શીત, ઉષ્ણ એ ત્રણ કાળયોગોને ધારણ કરી 'ત્રિકરહિત' માયા, મિથ્યા, નિદાન ત્રણ શલ્યોથી રહિત થઈને 'ત્રિકેણ પરિકરિતઃ' દર્શન, જ્ઞાન, ચારિત્રથી યુક્ત થઈને તથા 'દ્વિદોષવિપ્રમુક્તઃ' બે દોષ અર્થાત્ રાગ-દ્વેષથી રહિત થતો થકો યોગી ધ્યાની મુનિ છે. તે પરમાત્મા અર્થાત્ સર્વકર્મ રહિત, શુદ્ધ પરમાત્મા તેનું ધ્યાન કરે છે.

**ભાવાર્થ** :—મન, વચન, કાયથી ત્રણ કાળયોગ ધારણ કરીને પરમાત્માનું ધ્યાન કરે, આ પ્રમાણે કષ્ટમાં દૃઢ રહે ત્યારે જણાય છે કે આને ધ્યાનની સિદ્ધિ છે. કષ્ટ આવતા ચલાયમાન થઈ જાય તો ધ્યાનની સિદ્ધિ કેવી ? કોઈ પ્રકારે ચિત્તમાં શલ્ય રહેવાથી ચિત્ત એકાગ્ર થતું નથી. ત્યારે ધ્યાન કઈ રીતે થાય? તેથી શલ્ય રહિત કહ્યું. શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ યથાર્થ ન હોય તો ધ્યાન કેવું? તેથી દર્શન-જ્ઞાન-ચારિત્રથી યુક્ત કહ્યો અને રાગ-દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રહે તો ધ્યાન કઈ રીતે થાય? તેથી પરમાત્માનું ધ્યાન કરે તો આવો થઈને કરે. એવું તાત્પર્ય છે. ૪૪.

હવે કહે છે કે જે આવો થાય છે તે ઉત્તમ સુખને પામે છે :—

मयमायकोहरहिओ लोहेण विवज्जिओ य जो जीवो।
णिम्मलसहावजुत्तो सो पावइ उत्तमं सोक्खं ।।४५।।

मदमायाक्रोधरहितः लोभेन विवर्जितश्च यः जीवः।
निर्मलस्वभावयुक्तः यः प्राप्नोति उत्तमं सौख्यम् ।।४५।।

જે જીવ માયા-ક્રોધ-મદ પરિવર્જીને, તજી લોભને,
નિર્મળ સ્વભાવે પરિણમે, તે સૌખ્ય ઉત્તમને લહે. ૪૫.

**અર્થ** :—જે જીવ મદ, માયા, ક્રોધથી રહિત હોય તથા લોભથી વિશેષરૂપે રહિત હોય તે જીવ નિર્મળ વિશુદ્ધ સ્વભાવયુક્ત થઈને ઉત્તમ સુખને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—લોકમાં પણ એવું છે જે મદ અર્થાત્ અતિ માની, માયા અર્થાત્ કપટ અને ક્રોધ તેનાથી રહિત હોય અને લોભથી વિશેષપણે રહિત હોય તે સુખ પામે છે. તીવ્રકષાયી આકુળતાયુક્ત થઈને નિરંતર દુઃખી રહે છે. તેથી આ જ રીત મોક્ષમાર્ગમાં પણ જાણો. જે ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાયોથી રહિત થાય છે ત્યારે નિર્મળભાવને પામે છે. અને ત્યારે જ યથાખ્યાત ચારિત્ર પામીને ઉત્તમસુખને પ્રાપ્ત કરે છે. ૪૫.

હવે કહે છે કે જે વિષયકષાયોમાં આસક્ત છે, પરમાત્માની ભાવનાથી રહિત છે, રૌદ્ર પરિણામી છે તે જિનમતથી પરાઙ્મુખ છે તેથી તે મોક્ષસુખને પ્રાપ્ત કરી શકતો નથી. :—

विसयकसाएहि जुदो रुद्दो परमप्पभावरहियमणो।
सो ण लहइ सिद्धिसुहं जिणमुद्दपरम्मुहो जीवो॥४६॥

विषयकषायैः युक्तः रुद्रः परमात्मभावरहितमनाः।
सः न लभते सिद्धिसुखं जिनमुद्रापराङ्मुखः जीवः॥४६॥

પરમાત્મભાવનહીન, રુદ્ર, કષાયવિષયે યુક્ત જે,
તે જીવ જિનમુદ્રાવિમુખ પામે નહીં શિવસૌખ્યને. ૪૬.

**અર્થ** :—જે જીવ વિષયકષાયોથી યુક્ત છે, રૌદ્ર પરિણામી છે, હિંસાદિક વિષયકષાયાદિક પાપોમાં હર્ષ સહિત પ્રવૃત્તિ કરે છે અને જેનું ચિત્ત પરમાત્માની ભાવનાથી રહિત છે એવો જીવ જિનમુદ્રાથી પરાઙ્મુખ છે તે આવા સિદ્ધિસુખને—મોક્ષના સુખને પ્રાપ્ત કરી શકતો નથી.

**ભાવાર્થ** :—જિનમતમાં એવો ઉપદેશ છે કે જે જીવ હિંસાદિક પાપોથી વિરક્ત હોય, વિષયકષાયોમાં આસક્ત ન હોય અને પરમાત્માનું સ્વરૂપ જાણી તેની ભાવના સહિત હોય છે તે મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી જિનમતની મુદ્રાથી જે પરાઙ્મુખ છે તેનો મોક્ષ કઈ રીતે થાય? તે તો સંસારમાં જ ભ્રમણ કરે છે. અહીં રુદ્રનું વિશેષણ આપ્યું છે.

તેનો એવો પણ આશય છે કે રુદ્ર અગિયાર હોય છે અને તેઓ વિષયકષાયમાં આસક્ત થઈને જિનમુદ્રાથી ભ્રષ્ટ થાય છે તેથી તેમનો મોક્ષ થતો નથી. તેમની કથા પુરાણોથી જાણવી. ૪૬.

હવે કહે છે જિનમુદ્રાથી મોક્ષ થાય છે પરંતુ આ મુદ્રા જે જીવને રુચતી નથી તેઓ સંસારમાં જ રહે છે :—

जिणमुद्दं सिद्धिसुहं हवेइ णियमेण [1]जिणवरुद्दिट्ठं।
सिविणे वि ण रुच्चइ पुण जीवा अच्छंति भवगहणे ॥४७॥

जिनमुद्रा सिद्धिसुखं भवति नियमेन जिनवरोद्दिष्टा।
स्वप्नेऽपि न रोचते पुनः जीवाः तिष्ठन्ति भवगहने ॥४७॥

જિનવરવૃષભ-ઉપદિષ્ટ જિનમુદ્રા જ શિવસુખ નિયમથી;
તે નવ રુચે સ્વપ્નેય જેને, તે રહે ભવવન મહીં. ૪૭.

**અર્થ** :—જિન ભગવાન દ્વારા કહેવામાં આવેલી જિનમુદ્રા છે, તેજ સિદ્ધિસુખ છે, મુક્તિ સુખ પણ તે જ છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર જાણવો. જિનમુદ્રા મોક્ષનું કારણ છે. મોક્ષસુખ તેનું કાર્ય છે. તે જિનમુદ્રા ભગવાને જેવી કહી છે તેવી જ છે તો આવી જિનમુદ્રાથી જે જીવ સાક્ષાત્ તો દૂર જ રહે સ્વપ્નમાં પણ કદાચિત ન રુચે તેનું સ્વપ્ન આવે તો પણ અવજ્ઞા આવે છે તો તે જીવ સંસારરૂપી ગહન વનમાં રહે છે. મોક્ષના સુખને પ્રાપ્ત કરી શકતો નથી.

**ભાવાર્થ** :—જિનદેવ ભાષિત જિનમુદ્રા મોક્ષનું કારણ છે, તે મોક્ષરૂપ જ છે કારણ કે જિનમુદ્રાનો ધારક વર્તમાનમાં પણ સ્વાધીનસુખને ભોગવે છે અને ત્યારપછી મોક્ષના સુખને પ્રાપ્ત કરે છે. જે જીવને આ મુદ્રા રુચતી નથી તે મોક્ષને પ્રાપ્ત કરી શકતો નથી. સંસારમાં જ રહે છે. ૪૭.

હવે કહે છે કે જે પરમાત્માનું ધ્યાન કરે છે તે જ યોગી લોભરહિત થઈને નવીન કર્મનો આસ્રવ કરતો નથી :—

परमप्पय झायंतो जोई मुच्चेइ मलदलोहेण।
णादियदि णवं कम्मं णिद्दिट्ठं जिणवरिंदेहिं ॥४८॥

૧. પાઠાન્તર :–जिणवरुद्दिट्ठा ।

परमात्मानं ध्यायन् योगी मुच्यते मलदलोभेन।
नाद्रियते नवं कर्म निर्दिष्टं जिनवरेन्द्रैः॥४८॥

પરમાત્મને ધ્યાતાં શ્રમણ મળજનક લોભ થકી છૂટે,
નૂતન કરમ નહિ આસ્રવે—જિનદેવથી નિર્દિષ્ટ છે. ૪૮.

**અર્થ** :—જે યોગી–ધ્યાની પરમાત્માનું ધ્યાન કરતો રહે છે તે મળ આપવાવાળા લોભ-કષાયથી છૂટે છે તેને લોભમળ લાગતો નથી. તેનાથી નવીન કર્મનો આસ્રવ તેને થતો નથી. આવું જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવે કહ્યું છે.

**ભાવાર્થ** :—મુનિ પણ થાય અને પરજન્મસંબંધી પ્રાપ્તિનો લોભી થઈને નિદાન કરે તેને પરમાત્માનું ધ્યાન થતું નથી. તેથી જે પરમાત્માનું ધ્યાન કરે તેને આલોક કે પરલોક સંબંધી પરદ્રવ્યનો કાંઈપણ લોભ હોતો નથી. તેથી તેને નવીનકર્મનો આસ્રવ થતો નથી. એવું જિનદેવે કહ્યું છે. આ લોભકષાય એવો છે કે દસમા ગુણસ્થાન સુધી પહોંચી જવા છતાં પણ અવ્યક્ત થઈને આત્માને મળ લગાવે છે તેથી તેને કાપવો જ યોગ્ય છે. અથવા જ્યાં સુધી મોક્ષની ઈચ્છારૂપ લોભ રહે છે ત્યાં સુધી મોક્ષ થતો નથી તેથી લોભનો અત્યંત નિષેધ છે. ૪૮.

હવે કહે છે કે જે આવો નિર્લોભી બની દ્રઢ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રવાન થઈને પરમાત્માનું ધ્યાન કરે છે તે પરમપદને પામે છે :—

होऊण दिढचरित्तो दिढसम्मत्तेण भावियमईओ।
झायंतो अप्पाणं परमपयं पावए जोई॥४९॥

भूत्वा दृढ चरित्रः दृढसम्यक्त्वेन भावितमतिः।
ध्यायन्नात्मानं परमपदं प्राप्नोति योगी॥४९॥

પરિણત સુદ્રઢ-સમ્યક્ત્વરૂપ, લહી સુદ્રઢ-ચારિત્રને,
નિજ આત્મને ધ્યાતાં થકાં યોગી પરમ પદને લહે. ૪૯.

**અર્થ** :—પૂર્વોક્ત પ્રકારે જેની મતિ દ્રઢ સમ્યક્ત્વથી ભાવિત છે એવો યોગી-ધ્યાની મુનિ દ્રઢ ચારિત્રવાન થઈને આત્માનું ધ્યાન કરતો થકો પરમપદ અર્થાત્ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ દ્રઢ થઈને પરિષહ આવવા છતાં પણ

જે ચલાયમાન ન થાય એવું આત્મધ્યાન કરે છે તે પરમપદને પ્રાપ્ત કરે છે એમ તાત્પર્ય છે. ૪૯.

હવે દર્શન-જ્ઞાન-ચારિત્રથી નિર્વાણ થાય છે એવું કહેતા આવ્યા છીએ તે દર્શન-જ્ઞાન તો જીવનું સ્વરૂપ છે એમ જાણ્યું પરંતુ ચારિત્ર શું છે એવી આશંકાનો ઉત્તર કહે છે :—

चरणं हवइ सधम्मो धम्मो सो हवइ अप्पसमभावो।
सो रागरोसरहिओ जीवस्स अणण्णपरिणामो ।।५०।।

चरणं भवति स्वधर्मः धर्मः सः भवति आत्मसमभावः।
सः रागरोषरहितः जीवस्य अनन्यपरिणामः ।।५०।।

ચારિત્ર તે નિજ ધર્મ છે ને ધર્મ નિજ સમભાવ છે,
તે જીવના વણરાગરોષ અનન્યમય પરિણામ છે. ૫૦.

**અર્થ** :—સ્વધર્મ આત્માનો ધર્મ છે તે ચરણ અર્થાત્ ચારિત્ર છે. ધર્મ છે તે આત્મસમભાવ છે સર્વ જીવ એટલે કે તેને સર્વજીવોમાં સમાનભાવ છે. જે પોતાનો ધર્મ છે તે જ બધા જીવોમાં છે અથવા સર્વજીવોને પોતાની સમાન માનવાના છે અને જે આત્મસ્વભાવથી જ (સ્વાશ્રય દ્વારા) રાગ-દ્વેષ રહિત છે કોઈ પ્રત્યે ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ નથી એવું ચારિત્ર છે. તે જે પ્રમાણે જીવના જ્ઞાન-દર્શન છે તેવો જ અનન્ય પરિણામ છે. જીવનો જ ભાવ છે.

**ભાવાર્થ** :—ચારિત્ર છે તે જ્ઞાનમાં રાગ-દ્વેષ રહિત નિરાકુળતારૂપ સ્થિરતાભાવ છે તે જીવનો જ અભેદરૂપ પરિણામ છે. કોઈ અન્ય વસ્તુ નથી. ૫૦.

હવે જીવના પરિણામની સ્વચ્છતાને દૃષ્ટાંતપૂર્વક બતાવે છે :—

जह फलिहमणि विसुद्धो परदव्वजुदो हवेइ अण्णं सो।
तह रागादिविजुत्तो जीवो हवदि हु अणण्णविहो ।।५१।।

यथा स्फटिकमणिः विशुद्धः परद्रव्ययुतः भवत्यन्यः सः।
तथा रागादिवियुक्तः जीवः भवति स्फुटमन्यान्यविधः ।।५१।।

નિર્મળ સ્ફટિક પરદ્રવ્યસંગે અન્યરૂપે થાય છે,
ત્યમ જીવ છે નીરાગ પણ અન્યાન્યરૂપે પરિણમે. ૫૧.

**અર્થ** :—જેવી રીતે સ્ફટીકમણિ વિશુદ્ધ છે, નિર્મળ છે ઉજ્જવળ છે તથા પરદ્રવ્ય કે જે પીત (પીળું), રક્ત (લાલ), હરિત (લીલું) પુષ્પાદિથી યુક્ત થવાથી અન્ય સમાન દેખાય છે. પીતાદિ વર્ણમય દેખાય છે તેમ જીવ પણ વિશુદ્ધ છે, સ્વચ્છ સ્વભાવી છે પરંતુ આ (અનિત્ય પર્યાયમાં પોતાની ભૂલ દ્વારા સ્વથી ચ્યુત થાય છે) રાગ-દ્વેષાદિક ભાવોથી યુક્ત થવાથી અન્યઅન્ય પ્રકારનો દેખાય છે તે પ્રગટ છે.

**ભાવાર્થ** :—અહીં એવું જાણવું કે રાગાદિ વિકાર છે તે પુદ્ગલના છે અને તેઓ જીવના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે તેનાથી ઉપર્યુક્ત થઈને જીવ આ પ્રમાણે જાણે છે કે આ ભાવ મારા જ છે જ્યાં સુધી તેનું ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી જીવ અન્ય અન્ય પ્રકારે અનુભવવામાં આવે છે. અહીં સ્ફટિકમણિનું દૃષ્ટાંત છે તેને અન્ય દ્રવ્ય-પુષ્પાદિકની ઝાંઈ લાગે છે ત્યારે જુદો દેખાય છે. આ પ્રમાણે જીવને સ્વચ્છભાવની વિચિત્રતા જાણવી. ૫૧.

તેથી આગળ કહે છે કે જ્યાં સુધી મુનિને (માત્ર ચારિત્ર દોષમાં) રાગ-દ્વેષનો અંશ હોય છે ત્યાં સુધી સમ્યગ્દર્શનને ધારણ કરતો થકો પણ આવો હોય છે :—

देवगुरुम्मि य भत्तो साहम्मियसंजदेसु अणुरत्तो।
सम्मत्तमुव्वहंतो झाणरओ होदि जोई सो।।५२।।

देवे गुरौ च भक्तः साधर्मिके च संयतेषु अनुरक्तः।
सम्यक्त्वमुद्वहन् ध्यानरतः भवति योगी सः।।५२।।

જે દેવ-ગુરુના ભક્ત ને સહધર્મીમુનિ-અનુરક્ત છે,
સમ્યક્ત્વના વહનાર યોગી ધ્યાનમાં રત હોય છે. ૫૨.

**અર્થ** :—જે યોગી—ધ્યાની મુનિ સમ્યક્ત્વને ધારણ કરે છે પરંતુ જ્યાં સુધી યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી અરિહંત-સિદ્ધ દેવમાં અને શિક્ષા-દીક્ષા આપવાવાળા ગુરુમાં તો ભક્તિયુક્ત હોય જ છે તેમની ભક્તિ વિનયસહિત હોય છે. અને અન્ય સંયમી મુનિ પોતાના સમાન ધર્મ સહિત હોય તેમાં પણ અનુરાગ સહિત હોય છે. અનુરાગ સહિત હોય છે તે જ મુનિ ધ્યાનમાં પ્રીતિવાન હોય છે અને મુનિ થઈને પણ દેવ-

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ગુરુ-સાધર્મીઓ પ્રત્યે ભક્તિ તથા અનુરાગ સહિત ન હોય તેને ધ્યાનમાં રુચિવાન કહેવાતો નથી. કારણ કે ધ્યાન કરવાવાળાને ધ્યાન કરવાવાળા પ્રત્યે રુચિ-પ્રીતિ હોય છે. ધ્યાનવાળો ન ગમે ત્યારે જણાય છે કે તેને ધ્યાન પણ રુચતું નથી. એમ જાણવું જોઈએ. ૫૨.

હવે કહે છે કે જે ધ્યાન સમ્યગ્જ્ઞાનીને હોય છે તે જ જ્ઞાની તપ કરીને કર્મનો ક્ષય કરે છે :—

उग्गतवेणण्णाणी जं कम्मं खवदि भवहि बहुएहिं।
तं णाणी तिहि गुत्तो खवेइ अंतोमुहुत्तेण॥५३॥

उग्रतपसाऽज्ञानी यत् कर्म क्षपयति भवैर्बहुकैः।
तज्ज्ञानी त्रिभिः गुप्तः क्षपयति अन्तर्मुहूर्त्तेन॥५३॥

તપ ઉગ્રથી અજ્ઞાની જે કર્મો ખપાવે બહુ ભવે,
જ્ઞાની ત્રિગુપ્તિક તે કરમ અંતર્મુહૂર્તે ક્ષય કરે. ૫૩.

**અર્થ** :—અજ્ઞાની તીવ્ર તપ દ્વારા ઘણા ભવોમાં જેટલા કર્મોનો ક્ષય કરે છે તેટલા કર્મોને જ્ઞાની મુનિ ત્રણગુપ્તિ યુક્ત થઈને અંતર્મુહૂર્તમાં ક્ષય કરી નાખે છે.

**ભાવાર્થ** :—જે જ્ઞાનનું સામર્થ્ય છે તેવું તીવ્ર તપનું પણ સામર્થ્ય નથી. કારણ એમ છે કે અજ્ઞાની અનેક કષ્ટોને સહન કરીને તીવ્ર તપને કરતો થકો કરોડો ભવોમાં જેટલા કર્મોનો ક્ષય કરે છે તે આત્મભાવ સહિત જ્ઞાની મુનિ તેટલા કર્મોનો અંતર્મુહૂર્તમાં ક્ષય કરી દે છે આવું જ્ઞાનનું સામર્થ્ય છે. ૫૩.

હવે કહે છે જે ઈષ્ટ વસ્તુના સંબંધથી પરવસ્તુમાં રાગ-દ્વેષ કરે છે તે ભાવોથી તે અજ્ઞાની થાય છે જ્ઞાની એનાથી વિપરીત છે :—

सुहजोएण सुभावं परदव्वे कुणइ रागदो साहू।
सो तेण दु अण्णाणी णाणी एत्तो दु विवरीओ॥५४॥

शुभयोगेन सुभावं परद्रव्ये करोति रागतः साधुः।
सः तेन तु अज्ञानी ज्ञानी एतस्मात्तु विपरीतः॥५४॥

શુભ અન્ય દ્રવ્યે રાગથી મુનિ જો કરે રુચિભાવને,
તો તેહ છે અજ્ઞાની, ને વિપરીત તેથી જ્ઞાની છે. ૫૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**અર્થ** :—શુભયોગ એટલે કે પોતાની ઈષ્ટ વસ્તુના સંબંધે પરદ્રવ્યમાં સુભાવ અર્થાત્ પ્રીતિભાવ તે પ્રગટ રાગ છે. ઈષ્ટમાં રાગ થયો ત્યારે અનિષ્ટ વસ્તુમાં દ્વેષભાવ થાય છે. આ પ્રમાણે જે રાગ-દ્વેષ કરે છે તે તે જ કારણથી રાગી-દ્વેષી અજ્ઞાની છે અને તેનાથી વિપરીત પરદ્રવ્યમાં રાગ-દ્વેષ કરતો નથી તે જ્ઞાની છે.

**ભાવાર્થ** :—જ્ઞાની સમ્યગ્દષ્ટિ-મુનિને પરદ્રવ્યમાં રાગ-દ્વેષ નથી કારણ કે રાગ– જે પરદ્રવ્યને સર્વથા ઈષ્ટ માનીને રાગ કરે છે તે જ રીતે અનિષ્ટ માનીને દ્વેષ કરે છે. પરંતુ સમ્યગ્જ્ઞાની પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના જ કરતો નથી તો તેને રાગ-દ્વેષ કઈ રીતે થાય? ચારિત્રમોહના ઉદયને વશ થવાથી કંઈક ધર્મરાગ થાય છે. તેને પણ રોગ જાણે છે. ભલા માનતો નથી. તો પછી તેને અન્યથી કઈ રીતે રાગ હોય? પરદ્રવ્યથી રાગ-દ્વેષ કરે છે તે તો અજ્ઞાની છે. એમ જાણવું. ૫૪.

હવે કહે છે કે જેમ પરદ્રવ્યમાં રાગભાવ થાય છે તે જ રીતે મોક્ષના નિમિત્તે પણ રાગ થાય તો તે રાગ પણ આસ્રવનું કારણ છે તેને પણ જ્ઞાની (મુનિ) કરતા નથી :—

आसवहेदू य तहा भावं मोक्खस्स कारणं हवदि।
सो तेण दु अण्णाणी आदसहावा दु विवरीओ।।५५।।

आस्रवहेतुश्च तथा भावः मोक्षस्य कारणं भवति।
सः तेन तु अज्ञानी आत्मस्वभावात्तु विपरीतः।।५५।।

આસરવહેતુ ભાવ તે શિવહેતુ છે તેના મતે,
તેથી જ તે છે અજ્ઞ, આત્મસ્વભાવથી વિપરીત છે. ૫૫.

**અર્થ** :—જેવી રીતે પરદ્રવ્યમાં રાગને કર્મબંધનું કારણ પહેલા કહ્યું તે જ રીતે રાગભાવ જો મોક્ષના નિમિત્તે હોય પણ તો તે આસ્રવનું જ કારણ છે. કર્મનો બંધ જ કરે છે. તે કારણે જે મોક્ષને પરદ્રવ્યની જેમ ઈષ્ટ માને અને રાગભાવ કરે તો તે મુનિ પણ અજ્ઞાની છે. કારણ કે તે આત્મસ્વભાવથી વિપરીત છે. તેણે આત્મસ્વભાવને જાણ્યો નથી.

**ભાવાર્થ** :—મોક્ષ તો સર્વ કર્મોથી રહિત પોતાનો જ સ્વભાવ છે. પોતે સર્વકર્મથી રહિત થવાનું છે તેથી આવો રાગભાવ પણ જ્ઞાનીને હોતો નથી. જો ચારિત્રમોહના ઉદયરૂપ રાગ થાય તો તે રાગને પણ બંધનું કારણ જાણી રોગ સમાન છોડવા ઈચ્છે તો તે જ્ઞાની જ છે. અને રાગભાવને ભલો સમજીને પ્રાપ્ત કરે તો અજ્ઞાની છે. આત્માનો

સ્વભાવ સર્વ રાગાદિથી રહિત છે તે સ્વભાવને આણે જાણ્યો નથી. આ રીતે, રાગભાવને મોક્ષનું કારણ અને ભલો સમજીને કરે છે તેનો નિષેધ છે. ૫૫.

હવે કહે છે કે જે કર્મમાત્રથી જ સિદ્ધિ માને છે તેણે આત્મસ્વભાવને જાણ્યો નથી તે અજ્ઞાની છે જિનમતથી પ્રતિકૂળ છે :—

जो कम्मजादमइओ सहावणाणस्स खंडदूसयरो।
सो तेण दु अण्णाणी जिणसासणदूसगो भणिदो॥५६॥

यः कर्मजातमतिकः स्वभावज्ञानस्य खंडदूषणकरः।
सः तेन तु अज्ञानी जिनशासनदूषकः भणितः॥५६॥

કર્મજમતિક જે ખંડદૂષણકર સ્વભાવિકજ્ઞાનમાં,
તે જીવને અજ્ઞાની, જિનશાસન તણા દૂષક કહ્યા. ૫૬.

**અર્થ** :—જેની બુદ્ધિ કર્મમાં જ ઉત્પન્ન થાય છે એવો પુરુષ સ્વભાવજ્ઞાન—કેવળજ્ઞાનને ખંડરૂપ દૂષણ કરવાવાળો છે. ઇન્દ્રિયજ્ઞાન ખંડ-ખંડરૂપ છે. પોતપોતાના વિષયને જાણે છે. જે જીવ જ્ઞાનને એટલું જ માત્ર માને છે તે કારણે આવું માનવાવાળો અજ્ઞાની છે. જિનમતને દૂષણ આપે છે. (પોતાનામાં મહાદોષ ઉત્પન્ન કરે છે.)

**ભાવાર્થ** :—મીમાંસક મતવાળા કર્મવાદી છે. સર્વજ્ઞને માનતા નથી. ઇન્દ્રિય જ્ઞાનમાત્ર જ જ્ઞાનને માને છે. કેવળજ્ઞાનને માનતા નથી. તેમનો અહીં નિષેધ કર્યો છે. કારણ કે જિનમતમાં આત્માનો સ્વભાવ સર્વને જાણવાવાળો—કેવળજ્ઞાનસ્વરૂપ કહ્યો છે. પરંતુ તે કર્મના નિમિત્તે આચ્છાદિત થઈને ઇન્દ્રિયો દ્વારા ક્ષયોપશમના નિમિત્તે ખંડરૂપ થયો છે. ખંડ-ખંડ વિષયોને જાણે છે (નિજ બળદ્વારા) કર્મોનો નાશ થતા કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આત્મા સર્વજ્ઞ થાય છે. આ પ્રમાણે મીમાંસક મતવાળા માનતા નથી. તેથી તેઓ અજ્ઞાની છે, જિનમતથી પ્રતિકૂળ છે, કર્મમાત્રમાં જ તેની બુદ્ધિ લાગેલી રહે છે. તેથી કોઈ એમ માને તો ઉપર પ્રમાણે જાણવા. ૫૬.

હવે કહે છે કે જે જ્ઞાન-ચારિત્ર રહિત હોય અને તપ સમ્યક્ત્વ રહિત હોય તથા અન્ય ક્રિયાઓ પણ ભાવપૂર્વક ન હોય તો આવા કેવળ લિંગ—વેષમાત્રથી શું સુખ છે? અર્થાત્ કાંઈપણ નથી :—

णाणं चरित्तहीणं दंसणहीणं तवेहिं संजुत्तं।
अण्णेसु भावरहियं लिंगग्गहणेण किं सोक्खं।।५७।।

ज्ञानं चारित्रहीनं दर्शनहीनं तपोभिः संयुक्तम्।
अन्येषु भावरहितं लिंगग्रहणेन किं सौख्यम्।।५७।।

જ્યાં જ્ઞાન ચરિતવિહીન છે, તપયુક્ત પણ દગહીન છે,
વળી અન્ય કાર્યો ભાવહીન, તે લિંગથી સુખ શું અરે? ૫૭.

**અર્થ** :—જ્યાં જ્ઞાન તો ચારિત્ર રહિત છે, તપયુક્ત પણ છે પરંતુ તે દર્શન અર્થાત્ સમ્યક્ત્વથી રહિત છે. અન્ય આવશ્યક આદિ ક્રિયાઓ પણ છે, પરંતુ તેમાં પણ શુદ્ધભાવ નથી આવું લિંગ—વેષ ગ્રહણ કરવામાં શું સુખ છે.

**ભાવાર્થ** :—કોઈ મુનિ વેષમાત્રથી મુનિ થયા અને શાસ્ત્ર પણ વાંચે છે, તેમને કહે છે કે શાસ્ત્ર વાંચી જ્ઞાન તો કર્યું પરંતુ નિશ્ચય ચારિત્ર કે જે શુદ્ધ આત્માનું અનુભવરૂપ છે તથા બાહ્ય ચારિત્ર નિર્દોષ ન કર્યું, તપનો ક્લેશ ઘણો કર્યો, સમ્યક્ત્વની ભાવના ન થઈ અને આવશ્યક આદિ બાહ્ય ક્રિયાઓ કરી પરંતુ ભાવશુદ્ધ ન કરે તો આવા બાહ્યવેષમાત્રથી ક્લેશ જ થયો. કાંઈ શાંતભાવરૂપ સુખ તો થયું નહીં અને આવો વેષ પરલોકના સુખનું પણ કારણ થયું નહીં તેથી સમ્યક્ત્વપૂર્વક વેષ (જિનલિંગ) ધારણ કરવું જ શ્રેષ્ઠ છે. ૫૭.

હવે સાંખ્યમતી વગેરેના આશયનો વિષેધ કરે છે :—

अच्चेयणं पि चेदा जो मण्णइ सो हवेइ अण्णाणी।
सो पुण णाणी भणिओ जो मण्णइ चेयणे चेदा।।५८।।

अचेतनेपि चेतनं यः मन्यते सः भवति अज्ञानी।
सः पुनः ज्ञानी भणितः यः मन्यते चेतने चेतनम्।।५८।।

છે અજ્ઞ, જેહ અચેતને ચેતક તણી શ્રદ્ધા ધરે;
જે ચેતને ચેતક તણી શ્રદ્ધા ધરે, તે જ્ઞાની છે. ૫૮.

**અર્થ** :—જે અચેતનમાં ચેતનને માને છે તે અજ્ઞાની છે અને જે ચેતનમાં જ ચેતનને માને છે તેને જ્ઞાની કહ્યો છે.

**ભાવાર્થ** :—સાંખ્યમતી એવું કહે છે કે પુરુષ તો ઉદાસીન ચેતનાસ્વરૂપ નિત્ય છે. અને આ જ્ઞાન છે તે પ્રધાન ધર્મ છે. તેમના મતમાં પુરુષને ઉદાસીન ચેતનાસ્વરૂપ માન્યો છે. તેથી જ્ઞાન વિના તો તે જડ થયો. જ્ઞાન વિના ચેતના કેવી? જ્ઞાનને મુખ્ય ધર્મ માને છે અને તેને જડ માને તો અચેતનમાં ચેતના માની તેથી તે અજ્ઞાની જ થયો.

નૈયાયિક વૈશેષિક મતવાળા ગુણ-ગુણીના સર્વથા ભેદ માને છે ત્યારે તેમણે ચેતનાગુણને જીવથી ભિન્ન માન્યો તેથી જીવ તો અચેતન જ રહ્યો. આ પ્રમાણે અચેતનમાં ચેતનાપણું માન્યું. ભૂતવાદી ચાર્વાક—ભૂત પૃથ્વી વગેરેથી ચેતનાની ઉત્પત્તિ માને છે. ભૂત તો જડ છે તેમાં ચેતના કઈ રીતે ઊપજે? વગેરે અન્ય મતવાળા પણ માને છે તે બધા અજ્ઞાની છે તેથી ચેતનમાં ચેતન માને તે જ્ઞાની છે. આવો જિનમત છે. ૫૮.

હવે કહે છે કે તપ રહિત જ્ઞાન અને જ્ઞાન રહિત તપ તે બંનેય અકાર્ય છે બંનેનું સંયુક્તપણું થતાં જ નિર્વાણ થાય છે :—

तवरहियं जं णाणं णाणविजुत्तो तवो वि अकयत्थो।
तम्हा णाणतवेणं संजुत्तो लहइ णिव्वाणं।।५९।।

तपोरहितं यत् ज्ञानं ज्ञानवियुक्तं तपः अपि अकृतार्थम्।
तस्मात् ज्ञानतपसा संयुक्तः लभते निर्वाणम्।।५९।।

તપથી રહિત જે જ્ઞાન, જ્ઞાનવિહીન તપ અકૃતાર્થ છે,
તે કારણે જીવ જ્ઞાનતપસંયુક્ત શિવપદને લહે. ૫૯.

**અર્થ** :—જે જ્ઞાન તપરહિત છે અને જે તપ છે તે પણ જ્ઞાનરહિત હોય તો બંને અકાર્યકારી છે તેથી જ્ઞાન તપ સંયુક્ત હોવાથી જ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—અન્યમતી સાંખ્યાદિક જ્ઞાનચર્ચા તો ઘણી કરે છે અને કહે છે કે જ્ઞાનથી જ મુક્તિ છે અને તપ કરતા નથી, વિષય-કષાયોને મુખ્ય ધર્મ માની સ્વચ્છંદે પ્રવર્તે છે. કેટલાક જ્ઞાનને નિષ્ફળ માની તેને યથાર્થપણે જાણતા જ નથી. અને તપ ક્લેશાદિકથી સિદ્ધિ માની તે કરવામાં તત્પર રહે છે. આચાર્ય કહે છે કે આ બંને પણ અજ્ઞાની છે. જે જ્ઞાન સહિત તપ કરે છે તે જ્ઞાની છે, તે જ મોક્ષને પ્રાપ્ત કરે છે. આવો અનેકાંત સ્વરૂપ જિનમતનો ઉપદેશ છે. ૫૯.

હવે આ જ અર્થને ઉદાહરણ દ્વારા દૃઢ કરે છે :—

धुवसिद्धी तित्थयरो चउणाणजुदो करेइ तवयरणं।
णाऊण धुवं कुज्जा तवयरणं णाणजुत्तो वि॥६०॥

ध्रुवसिद्धिस्तीर्थंकरः चतुर्ज्ञानयुतः करोति तपश्चरणम्।
ज्ञात्वा ध्रुवं कुर्यात् तपश्चरणं ज्ञानयुक्तोऽपि॥६०॥

ધ્રુવસિદ્ધિ શ્રી તીર્થેશ જ્ઞાનચતુષ્કયુત તપને કરે,
એ જાણી નિશ્ચિત જ્ઞાનયુત જીવેય તપ કર્તવ્ય છે. ૬૦.

**અર્થ** :—આચાર્ય કહે છે–કે જુઓ જેને નિયમથી મોક્ષ થવાનો છે અને જે ચારજ્ઞાન મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયથી યુક્ત છે એવા તીર્થંકર પણ તપશ્ચરણ કરે છે. આ પ્રમાણે નિશ્ચયથી જાણી જ્ઞાનયુક્ત હોવા છતાં પણ તપ કરવું યોગ્ય છે. (તપ-મુનિત્વ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને તપ કહે છે.)

**ભાવાર્થ** :—તીર્થંકર મતિ, શ્રુત, અવધિ આ ત્રણ જ્ઞાન સહિત તો જન્મ લે છે અને તેમને દીક્ષા લેતા જ મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. તેમને મોક્ષ નિયમથી જ થવાનો છે તોપણ તપ કરે છે તેથી આવું જાણી જ્ઞાન હોવા છતાં પણ તપ કરવામાં તત્પર થવું, જ્ઞાનમાત્રથી જ મુક્તિ ન માનવી. ૬૦.

હવે જે બાહ્યલિંગ સહિત છે અને અભ્યંતર લિંગ રહિત છે તે સ્વરૂપાચરણ ચારિત્રથી ભ્રષ્ટ થયો થકો મોક્ષમાર્ગનો વિનાશ કરવાવાળો છે. આ જ પ્રમાણે સામાન્યરૂપથી કહે છે :—

बाहिरलिंगेण जुदो अब्भंतरलिंगरहियपरियम्मो।
सो सगचरित्तभट्ठो मोक्खपहविणासगो साहू॥६१॥

बाह्यलिंगेन युतः अभ्यंतरलिंगरहितपरिकर्म्मा।
सः स्वकचारित्रभ्रष्टः मोक्षपथविनाशकः साधुः॥६१॥

જે બાહ્યલિંગે યુક્ત, આંતરલિંગરહિત ક્રિયા કરે,
તે સ્વકચરિતથી ભ્રષ્ટ, શિવમારગવિનાશક શ્રમણ છે. ૬૧.

**અર્થ** :—જે જીવ બાહ્યલિંગ–વેષ સહિત છે અને અભ્યંતર લિંગ જે પરદ્રવ્યોથી સર્વ રાગાદિક મમત્વભાવ રહિત એવા આત્માનુભવથી રહિત છે તો તે સ્વક્-ચારિત્ર

અર્થાત્ પોતાના આત્મસ્વરૂપના આચરણ—ચારિત્રથી ભ્રષ્ટ છે, પરિકર્મ અર્થાત્ બાહ્યમાં નગ્નતા, બ્રહ્મચર્યાદિ શરીરસંસ્કારથી પરિવર્તનવાન દ્રવ્યલિંગી હોવા છતાં પણ જે સ્વ ચારિત્રથી ભ્રષ્ટ હોવાથી મોક્ષમાર્ગનો વિનાશ કરવાવાળો છે. ૬૧ (તેથી મુનિ —સાધુએ શુદ્ધભાવને જાણી નિજ શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવી આત્મતત્ત્વમાં નિત્ય ભાવના (એકાગ્રતા કરવી જોઈએ.) (શ્રુતસાગરી ટીકામાંથી)

**ભાવાર્થ** :—આ સંક્ષેપથી કહ્યું છે કે જે બાહ્યલિંગ સંયુક્ત છે અને અભ્યંતર અર્થાત્ ભાવલિંગ રહિત છે તે સ્વરૂપાચરણ ચારિત્રથી ભ્રષ્ટ થયો થકો મોક્ષમાર્ગનો નાશ કરવાવાળો છે. ૬૧.

હવે કહે છે કે—**જે સુખથી ભાવિત જ્ઞાન છે તે દુઃખ આવતા નષ્ટ થઈ જાય છે તેથી તપશ્ચરણ સહિત જ્ઞાનને ભાવવું—**

**सुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि।**
**तम्हा जहाबलं जोई अप्पा दुक्खेहि भावए॥६२॥**

सुखेन भावितं ज्ञानं दुःखे जाते विनश्यति।
तस्मात् यथाबल योगी आत्मानं दुःखैः भावयेत्॥६२॥

**સુખસંગ ભાવિત જ્ઞાન તો દુખકાળમાં લય થાય છે,**
**તેથી યથાબળ દુઃખ સહ ભાવો શ્રમણ નિજ આત્મને. ૬૨.**

**અર્થ** :—સુખથી ભાવવામાં આવેલું જ્ઞાન તે ઉપસર્ગ—પરિષહ દ્વારા દુઃખ ઉત્પન્ન થતાં જ નષ્ટ થઈ જાય છે તેથી એવો ઉપદેશ છે કે જે યોગી ધ્યાની-મુનિ છે તે તપશ્ચરણાદિના કષ્ટ (દુઃખ) સહિત આત્માને ભાવે. (એટલે કે બાહ્યમાં જરા પણ અનુકૂળ-પ્રતિકૂળ ન માની નિજ આત્મામાં જ એકાગ્રતારૂપી ભાવના કરે જેથી આત્મશક્તિ અને આત્મિક આનંદનું પ્રચુર સંવેદન વધે જ છે.)

**ભાવાર્થ** :—તપશ્ચરણનું કષ્ટ અંગીકાર કરી જ્ઞાનને ભાવે તો પરિષહ આવતા જ્ઞાનભાવનાથી ડગે નહીં. તેથી શક્તિ અનુસાર દુઃખ સહિત જ્ઞાનને ભાવવું. સુખમાં જ ભાવે તો દુઃખ આવતા વ્યાકુળ થઈ જાય અને જ્ઞાન ભાવના ન રહે તે માટે આ ઉપદેશ છે. ૬૨.

હવે કહે છે કે આહાર, આસન, નિદ્રા વગેરેને જીતીને આત્માનું ધ્યાન કરવું :—

आहारासणणिद्दाजयं च काऊण जिणवरमएण।
झायव्वो णियअप्पा णाऊणं गुरुपसाएण॥६३॥

आहारासननिद्राजयं च कृत्वा जिनवरमतेन।
ध्यातव्यः निजात्मा ज्ञात्वा गुरुप्रसादेन॥६३॥

આસન-અશન-નિદ્રા તણો કરી વિજય, જિનવરમાર્ગથી
ધ્યાતવ્ય છે નિજ આતમા, જાણી શ્રીગુરુપરસાદથી. ૬૩.

**અર્થ** :—આહાર, આસન, નિદ્રાને જીતીને અને જિનવરના મતથી તથા ગુરુના પ્રસાદથી જાણી નિજ આત્માનું ધ્યાન કરવું.

**ભાવાર્થ** :—આહાર, આસન, નિદ્રાને જીતીને આત્માનું ધ્યાન કરવું એવું તો અન્યમતવાળા પણ કહે છે પરંતુ તેમને યથાર્થ વિધાન નથી. તેથી આચાર્ય કહે છે કે જેવું જિનમતમાં કહ્યું છે તે વિધાનને ગુરુના પ્રસાદથી જાણીને ધ્યાન કરવું તે સફળ છે. જેમ જૈન સિદ્ધાંતમાં આત્માનું સ્વરૂપ તથા ધ્યાનનું સ્વરૂપ અને આહાર આસન, નિદ્રાને જીતવાનું વિધાન કહ્યું છે તે પ્રમાણે જાણીને તેમાં પ્રવર્તવું. ૬૩.

હવે આત્માનું ધ્યાન કરવું તો તે આત્મા કેવો છે તે કહે છે :—

अप्पा चरित्तवंतो दंसणणाणेण संजुदो अप्पा।
सो झायव्वो णिच्चं णाऊणं गुरुपसाएण॥६४॥

आत्मा चारित्रवान् दर्शनज्ञानेन संयुतः आत्मा।
सः ध्यातव्यः नित्यं ज्ञात्वा गुरुप्रसादेन॥६४॥

છે આતમા સંયુક્ત દર્શન-જ્ઞાનથી, ચારિત્રથી;
નિત્યે અહો ! ધ્યાતવ્ય તે, જાણી શ્રીગુરુપરસાદથી. ૬૪.

**અર્થ** :—આત્મા ચારિત્રવાન છે અને દર્શન-જ્ઞાન સહિત છે એવો આત્મા ગુરુના પ્રસાદથી જાણી નિત્ય ધ્યાન કરવું.

**ભાવાર્થ** :—આત્માનું રૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રમયી છે તેનું રૂપ જૈન ગુરુઓના પ્રસાદથી જાણી શકાય છે. અન્યમતવાળા પોતાની બુદ્ધિ કલ્પી જેવું તેવું માની ધ્યાન કરે છે તેમને યથાર્થ સિદ્ધિ નથી તેથી જૈનમત અનુસાર ધ્યાન કરવું એવો ઉપદેશ છે. ૬૪

હવે કહે છે કે આત્માને જાણવો, ભાવવો અને વિષયોથી વિરક્ત થવું તે ઉત્તરોત્તર દુર્લભ હોવાથી કષ્ટથી (દૃઢતર પુરુષાર્થથી) પ્રાપ્ત થાય છે :—

दुक्खे णज्जइ अप्पा अप्पा णाऊण भावणा दुक्खं।
भावियसहावपुरिसो विसयेसु विरज्जए दुक्खं।।६५।।

दुःखेन ज्ञायते आत्मा आत्मानं ज्ञात्वा भावना दुःखम्।
भावितस्वभावपुरुषः विषयेषु विरज्यति दुःखम्।।६५।।

જીવ જાણવો દુષ્કર પ્રથમ, પછી ભાવના દુષ્કર અરે!
ભાવિતનિજાત્મસ્વભાવને દુષ્કર વિષયવૈરાગ્ય છે. ૬૫.

**અર્થ** :—પ્રથમ તો આત્માને જાણે છે તે મુશ્કેલીથી જાણી શકાય છે. પછી આત્માને જાણીને પણ ભાવના કરવી. પછી તેનો અનુભવ કરવો તે કષ્ટથી (ઉગ્ર પુરુષાર્થથી) થાય છે. કદાચિત ભાવના પણ કોઈ પ્રકારે થઈ જાય તો જિનભાવના ભાવી છે જેણે એવો પુરુષ વિષયથી વિરક્ત ઘણા દુઃખથી (અપૂર્વ પુરુષાર્થથી) થાય છે.

**ભાવાર્થ** :—આત્માને જાણવો, ભાવવો, વિષયોથી વિરક્ત થવું, ઉત્તરોત્તર તેવો યોગ મળવો ઘણો દુર્લભ છે તેથી એવો ઉપદેશ છે કે આવો સુયોગ મળતાં. પ્રમાદી ન થવું. ૬૫.

હવે કહે છે કે જ્યાં સુધી મનુષ્ય વિષયોમાં પ્રવર્તે છે ત્યાં સુધી આત્મજ્ઞાન થતું નથી :—

ताम ण णज्जइ अप्पा विसएसु णरो पवट्टए जाम।
विसए विरत्तचित्तो जोई जाणेइ अप्पाणं।।६६।।

तावन्न ज्ञायते आत्मा विषयेषु नरः प्रवर्त्तते यावत्।
विषये विरक्तचित्तः योगी जानाति आत्मानम्।।६६।।

આત્મા જણાય ન, જ્યાં લગી વિષયે પ્રવર્તન નર કરે;
વિષયે વિરક્તમનસ્ક યોગી જાણતા નિજ આત્મને. ૬૬.

**અર્થ** :—જ્યાં સુધી આ મનુષ્ય ઈન્દ્રિયના વિષયમાં પ્રવર્તે છે ત્યાં સુધી આત્માને જાણતો નથી તેથી જેઓ યોગી-ધ્યાની મુનિ છે તેઓ વિષયોથી વિરક્તચિત્ત થતા થકા આત્માને જાણે છે.

**ભાવાર્થ** :—જીવના સ્વભાવના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે જે જ્ઞેય પદાર્થથી ઉપયુક્ત થાય છે તેવો જ થઈ જાય છે તેથી આચાર્ય કહે છે કે જ્યાં સુધી વિષયોમાં ચિત્ત રહે છે ત્યાં સુધી તે વિષયોરૂપ રહે છે. આત્માનો અનુભવ થતો નથી. તેથી યોગી-મુનિ આ પ્રમાણે વિચારીને વિષયોથી વિરક્ત થઈ આત્મામાં ઉપયોગ લગાવે ત્યારે આત્માને જાણે, અનુભવ કરે તેથી વિષયોથી વિરક્ત થવું તે ઉપદેશ છે. ૬૬.

હવે તે જ અર્થને દૃઢ કરે છે કે આત્માને જાણીને પણ ભાવના વિના સંસારમાં જ રહે છે :—

अप्पा णाऊण णरा केई सब्भावभावपब्भट्ठा।
हिंडंति चाउरंगं विसएसु विमोहिया मूढा।।६७।।

आत्मानं ज्ञात्वा नराः केचित् स्वभावभावप्रभ्रष्टाः।
हिण्डन्ते चातुरंगं विषयेषु विमोहिताः मूढाः।।६७।।

નર કોઈ, આતમ જાણી, આતમભાવનાપ્રચ્યુતપણે
ચતુરંગ સંસારે ભમે વિષયે વિમોહિત મૂઢ એ. ૬૭.

**અર્થ** :—કેટલાક મનુષ્ય આત્માને જાણીને પણ પોતાના સ્વભાવની ભાવનાથી અત્યંત ભ્રષ્ટ થઈ વિષયોમાં મોહિત થઈ અજ્ઞાની મૂર્ખ ચાર ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરે છે.

**ભાવાર્થ** :—પહેલાં કહ્યું હતું કે આત્માને જાણવો, ભાવવો, વિષયોથી વિરક્ત થવું તે ઉત્તરોત્તર દુર્લભતાથી મળે છે. વિષયોમાં લાગેલો પ્રથમ તો આત્માને જાણતો જ નથી એમ કહ્યું. હવે અહીં આ પ્રમાણે કહ્યું કે આત્માને જાણીને પણ વિષયોના વશીભૂત થયેલો ભાવના ન કરે તો સંસારમાં જ ભ્રમણ કરે છે. તેથી આત્માને જાણીને વિષયોથી વિરક્ત થવું એવો ઉપદેશ છે. ૬૭.

હવે કહે છે કે જેઓ વિષયોથી વિરક્ત થઈને આત્માને જાણીને ભાવે છે તે સંસારને છોડે છે :—

जे पुण विसयविरत्ता अप्पा णाऊण भावणासहिया।
छंडंति चाउरंगं तवगुणजुत्ता ण संदेहो।।६८।।

ये पुनः विषयविरक्ताः आत्मानं ज्ञात्वा भावनासहिताः।
त्यजन्ति चातुरंगं तपोगुणयुक्ताः न संदेहः॥६८॥

પણ વિષયમાંહી વિરક્ત, આતમ જાણી ભાવનયુક્ત જે,
નિઃશંક તે તપગુણસહિત છોડે ચતુર્ગતિભ્રમણને. ૬૮.

**અર્થ** :—પછી જે મુનિ વિષયોથી વિરક્ત થઈ આત્માને જાણીને ભાવે છે, વારંવાર ભાવના દ્વારા અનુભવ કરે છે તે તપ અર્થાત્ બાર પ્રકારનું તપ અને મૂળગુણ-ઉત્તરગુણથી યુક્ત થઈને સંસારને છોડે છે અને મોક્ષને પામે છે.

**ભાવાર્થ** :—વિષયોથી વિરક્ત થઈ આત્માને જાણી ભાવના કરવી, તેથી સંસારથી છૂટી મોક્ષને પ્રાપ્ત કરો! એવો ઉપદેશ છે. ૬૮.

હવે કહે છે જો પરદ્રવ્યમાં લેશમાત્ર પણ રાગ હોય તો તે પુરુષ અજ્ઞાની છે, તેણે પોતાનું સ્વરૂપ જાણ્યું નથી :—

परमाणुपमाणं वा परदव्वे रदि हवेदि मोहादो।
सो मूढो अण्णाणी आदसहावस्स विवरीओ॥६९॥

परमाणुप्रमाणं वा परद्रव्ये रतिर्भवति मोहात्।
सः मूढः अज्ञानी आत्मस्वभावात् विपरीतः॥६९॥

પરદ્રવ્યમાં અણુમાત્ર પણ રતિ હોય જેને મોહથી,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત આત્મસ્વભાવથી. ૬૯.

**અર્થ** :—જે પુરુષને પરદ્રવ્ય પ્રત્યે પરમાણુ પ્રમાણ—લેશમાત્ર મોહથી રતિ અર્થાત્ રાગ-પ્રીતિ હોય તે પુરુષ મૂઢ છે, અજ્ઞાની છે, આત્મસ્વભાવથી વિપરીત છે.

**ભાવાર્થ** :—ભેદવિજ્ઞાન થયા પછી જીવ-અજીવને ભિન્ન જાણે ત્યારે પરદ્રવ્યને પોતાનું ન જાણે ત્યારે તેનાથી (કર્તવ્યબુદ્ધિ=સ્વામિત્વની ભાવનાથી) રાગ પણ થતો નથી. જો એમ હોય તો જાણો કે તેણે સ્વ-પરનો ભેદ જાણ્યો નથી. અજ્ઞાની છે, આત્મસ્વભાવથી પ્રતિકૂળ છે અને જ્ઞાની થયા પછી ચારિત્રમોહનો ઉદય રહે ત્યાં સુધી કંઈક રાગ રહે છે તેને કર્મજન્ય અપરાધ માને છે. તે રાગથી રાગ નથી. તેથી વિરક્ત જ છે, તેથી જ્ઞાની પરદ્રવ્યમાં રાગી કહેવાતો નથી આ પ્રમાણે જાણવું. ૬૯.

હવે આ જ અર્થને ટૂંકમાં કહે છે :—

अप्पा झायंताणं दंसणसुद्धीण दिढचरित्ताणं।
होदि ध्रुवं णिव्वाणं विसएसु विरत्तचित्ताणं।।७०।।

आत्मानं ध्यायतां दर्शनशुद्धीनां दृढचारित्राणाम्।
भवति ध्रुवं निर्वाणं विषयेषु विरक्तचित्तानाम्।।७०।।

જે આત્મને ધ્યાવે, સુદર્શનશુદ્ધ, દ્રઢચારિત્ર છે,
વિષયે વિરક્તમનસ્ક તે શિવપદ લહે નિશ્ચિતપણે. ૭૦.

**અર્થ** :—પૂર્વોક્ત પ્રકારે જેમનું ચિત્ત વિષયોથી વિરક્ત છે, જે આત્માનું ધ્યાન કરતા રહે છે, જેમને બાહ્ય અભ્યંતર દર્શનની શુદ્ધતા છે અને જેમને દ્રઢ ચારિત્ર છે તેમને નિશ્ચયથી નિર્વાણ થાય છે.

**ભાવાર્થ** :—પહેલાં કહ્યું હતું કે જેઓ વિષયોથી વિરક્ત હોય અને આત્માનું સ્વરૂપ જાણીને આત્માની ભાવના કરે છે તેઓ સંસારથી છૂટે છે આ જ વાત ટૂંકમાં કહીં છે કે જે ઇન્દ્રિયના વિષયોથી વિરક્ત થઈ બાહ્ય અભ્યંતર ઇન્દ્રિયના વિષયોથી વિરક્ત થઈ બાહ્ય અભ્યંતર દર્શનની શુદ્ધતાથી દ્રઢ ચારિત્ર પાળે છે તેમને નિયમથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રિયના વિષયોમાં થતી આસક્તિ તે સર્વ અનર્થોનું મૂળ છે તેથી તેમનાથી વિરક્ત થઈ ઉપયોગ આત્મામાં લાગે ત્યારે કાર્ય સિદ્ધિ થાય છે. ૭૦.

હવે કહે છે કે જે પરદ્રવ્યમાં રાગ છે તે સંસારનું કારણ છે તેથી યોગીશ્વર આત્માની ભાવના કરે છે :—

जेण रागो परे दव्वे संसारस्स हि कारणं।
तेणावि जोइणो णिच्चं कुज्जा अप्पे सभावणं।।७१।।

येन रागः परे द्रव्ये संसारस्य हि कारणम्।
तेनापि योगी नित्यं कुर्यात् आत्मनि स्वभावनाम्।।७१।।

પરદ્રવ્ય પ્રત્યે રાગ તો સંસારકારણ છે ખરે;
તેથી શ્રમણ નિત્યે કરો નિજભાવના સ્વાત્મા વિષે. ૭૧.

**અર્થ** :—જે કારણે પરદ્રવ્યમાં રાગ છે તે સંસારનું જ કારણ છે, તે કારણથી

યોગીશ્વર મુનિ નિત્ય આત્માની જ ભાવના કરે છે.

**ભાવાર્થ :**—કોઈ એવી આશંકા કરે છે કે—પરદ્રવ્યમાં રાગ કરવાથી શું થાય છે? પરદ્રવ્ય છે તે પર જ છે, પોતાને જે કાંઈ રાગ થયો તે કાળ છે પછી મટી જાય છે તેમને ઉપદેશ આપે છે કે પરદ્રવ્યથી રાગ કરવા છતાં પણ પરદ્રવ્ય પોતાની સાથે લાગે છે એવું પ્રસિદ્ધ છે અને પોતાને રાગનો સંસ્કાર દઢ થાય છે ત્યારે રાગ પરલોક સુધી પણ આવે છે. આ તો યુક્તિસિદ્ધ છે અને જિનાગમમાં રાગથી કર્મનો બંધ કહ્યો છે તેનો ઉદય અન્ય જન્મનું કારણ છે. આ પ્રમાણે પરદ્રવ્યમાં રાગથી સંસાર થાય છે તેથી યોગીશ્વર મુનિ પરદ્રવ્યથી રાગ છોડી આત્માની જ નિરંતર ભાવના રાખે છે. ૭૧.

હવે કહે છે કે આવા સમભાવથી ચારિત્ર થાય છે :—

**णिंदाए य पसंसाए दुक्खे य सुहएसु य।**
**सत्तूणं चेव बंधूणं चारित्तं समभावदो।।७२।।**

निंदायां च प्रशंसायां दुःखे च सुखेषु च।
शत्रूणां चैव बंधूनां चारित्रं समभावतः।।७२।।

**નિંદા-પ્રશંસાને વિષે, દુઃખો તથા સૌખ્યો વિષે,**
**શત્રુ તથા મિત્રો વિષે સમતાથી ચારિત હોય છે. ૭૨.**

**અર્થ :**—નિંદા, પ્રશંસામાં દુઃખ-સુખમાં અને શત્રુ-બંધુ-મિત્રમાં સમભાવ એટલે કે સમતા પરિણામ, રાગ-દ્વેષથી રહિત પરિણામ આવા ભાવથી ચારિત્ર થાય છે.

**ભાવાર્થ :**—ચારિત્રનું સ્વરૂપ એવું કહ્યું છે કે જે આત્માનો સ્વભાવ છે તે કર્મના નિમિત્તથી જ્ઞાનમાં પરદ્રવ્યથી ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ થઈ જાય છે. આ ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિના અભાવથી જ્ઞાનમાં જ ઉપયોગ લાગ્યો રહે તેને શુદ્ધોપયોગ કહે છે તે જ ચારિત્ર છે. તે હોય છે ત્યાં નિંદા, પ્રશંસા, દુઃખ-સુખ, શત્રુ-મિત્રમાં સમાનબુદ્ધિ થાય છે. નિંદા-પ્રશંસાનો દ્વિધાભાવ મોહકર્મના ઉદયજન્ય છે તેનો અભાવ જ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર છે. ૭૨.

હવે કહે છે કે કેટલાક મૂર્ખ એવું કહે છે કે આ પંચમકાળ છે તે આત્મધ્યાનનો કાળ નથી તેનો નિષેધ કરે છે :—

**चरियावरिया वदसमिदिवज्जिया सुद्धभावपब्भट्ठा।**
**केई जंपंति णरा ण हु कालो झाणजोयस्स।।७३।।**

चर्यावृताः व्रतसमितिवर्जिताः शुद्धभावप्रभ्रष्टाः।
केचित् जल्पन्ति नराः न स्फुटं कालः ध्यानयोगस्य।।७३।।

આવૃતચરણ, વ્રતસમિતિવર્જિત, શુદ્ધભાવવિહીન જે,
તે કોઈ નર જલ્પે અરે!—'નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૩.

**અર્થ** :—કેટલાક મનુષ્ય એવા છે કે જેઓ ચર્યા અર્થાત્ આચારક્રિયામાં જ પ્રવૃત્ત છે, ચારિત્રમોહનો ઉદય પ્રબળ છે તેથી ચર્યા પ્રગટ થતી નથી તેથી વ્રત, સમિતિથી રહિત છે અને મિથ્યા અભિપ્રાયના કારણે શુદ્ધભાવથી અત્યંત ભ્રષ્ટ છે તેઓ એમ કહે છે કે— અત્યારે પંચમકાળ છે, આ કાળ પ્રગટ ધ્યાનયોગનો નથી. ૭૩.

તે પ્રાણીઓ કેવા છે તે આગળ કહે છે :—

सम्मत्तणाणरहिओ अभव्वजीवो हु मोक्खपरिमुक्को।
संसारसुहे सुरदो ण हु कालो भणइ झाणस्स।।७४।।

सम्यक्त्वज्ञानरहितः अभव्यजीवः स्फुटं मोक्षपरिमुक्तः।
संसारसुखे सुरतः न स्फुटं कालः भणति ध्यानस्य।।७४।।

સમ્યક્ત્વજ્ઞાનવિહીન, શિવપરિમુક્ત જીવ અભવ્ય જે,
તે સુરત ભવસુખમાં કહે—'નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૪.

**અર્થ** :—પૂર્વોક્ત ધ્યાનનો અભાવ કહેવાવાળા જીવો સમ્યક્ત્વ અને જ્ઞાનથી રહિત છે, અભવ્ય છે તેથી મોક્ષરહિત છે અને સંસારના ઇન્દ્રિયસુખોને ભલા જાણી તેમાં રત છે તેથી કહે છે કે અત્યારે ધ્યાનનો કાળ નથી.

**ભાવાર્થ** :—જેમને ઇન્દ્રિયોના સુખ જ પ્રિય લાગે છે અને જીવાજીવ પદાર્થના શ્રદ્ધાન-જ્ઞાનથી રહિત છે તે આ પ્રમાણે કહે છે કે અત્યારે ધ્યાનનો કાળ નથી તેથી જણાય છે કે આ પ્રમાણે કહેવાવાળા અભવ્ય છે તેમનો મોક્ષ થશે નહીં. ૭૪.

જે એવું માને છે—કહે છે કે અત્યારે ધ્યાનનો કાળ નથી તો તેણે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું સ્વરૂપ પણ જાણ્યું નથી :—

पंचसु महव्वदेसु य पंचसु समिदीसु तीसु गुत्तीसु।
जो मूढो अण्णाणी ण हु कालो भणइ झाणस्स।।७५।।

पंचसु महाव्रतेषु च पंचसु समितिषु तिसृषु गुप्तिसु।
यः मूढः अज्ञानी न स्फुटं कालः भणिति ध्यानस्य।।७५।।

ત્રણ ગુપ્તિ, પંચ સમિતિ, પંચ મહાવ્રતે જે મૂઢ છે,
તે મૂઢ અજ્ઞ કહે અરે!—નહિ ધ્યાનનો આ કાળ છે’. ૭૫.

**અર્થ** :—જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તે વિષે મૂઢ છે, અજ્ઞાની છે, એટલે કે તેમનું સ્વરૂપ જાણતા નથી અને ચારિત્રમોહના તીવ્ર ઉદયથી તેમને પાળી શકતા નથી તેઓ આ પ્રમાણે કહે છે કે અત્યારે ધ્યાનનો કાળ નથી. ૭૫.

હવે કહે છે કે અત્યારે આ પંચમકાળમાં ધર્મધ્યાન હોય છે તે માનતો નથી તે અજ્ઞાની છે :—

भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ साहुस्स।
तं अप्पसहावठिदे ण हु मण्णइ सो वि अण्णाणी।।७६।।

भरते दुःषमकाले धर्मध्यानं भवति साधोः।
तदात्मस्वभावस्थिते न हि मन्यते सोऽपि अज्ञानी।।७६।।

ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે. ૭૬.

**અર્થ** :—આ ભરતક્ષેત્રમાં દુષમકાળ—પંચમકાળમાં સાધુ—મુનિને ધર્મધ્યાન હોય છે. આ ધર્મધ્યાન આત્મસ્વભાવમાં સ્થિત છે તેવા મુનિને થાય છે. જે આવું માનતા નથી તે અજ્ઞાની છે. તેમને ધર્મધ્યાનના સ્વરૂપનું જ્ઞાન નથી.

**ભાવાર્થ** :—જિનસૂત્રમાં આ ભરતક્ષેત્રે પંચમકાળમાં આત્મભાવનામાં સ્થિત મુનિને ધર્મધ્યાન કહ્યું છે જે આ માનતો નથી તે અજ્ઞાની છે. તેને ધર્મધ્યાનના સ્વરૂપનું જ્ઞાન નથી. ૭૬.

હવે કહે છે કે જે આ કાળમાં પણ રત્નત્રયના ધારક મુનિ થાય છે તે સ્વર્ગલોકમાં લૌકાંતિક પદ, ઇન્દ્રપદ પ્રાપ્ત કરીને ત્યાંથી ચ્યવી મોક્ષ જાય છે. આ પ્રમાણે જિનસૂત્રમાં કહ્યું છે :—

अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहहिं इंदत्तं।
लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति।।७७।।

अद्य अपि त्रिरत्नशुद्धा आत्मानं ध्यात्वा लभन्ते इन्द्रत्वम्।
लौकान्तिकदेवत्वं ततः च्युत्वा निर्वृत्तिं यान्ति।।७७।।

આજેય વિમલત્રિરત્ન, નિજને ધ્યાઈ, ઇન્દ્રપણું લહે,
વા દેવ લૌકાંતિક બને, ત્યાંથી ચ્યવી સિદ્ધિ વરે. ૭૭.

**અર્થ** :—અત્યારે આ પંચમકાળમાં પણ જે મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતાયુક્ત હોય છે તેઓ આત્માનું ધ્યાન કરી ઇન્દ્રપદ અથવા લૌકાંતિક દેવપદને પ્રાપ્ત કરે છે અને ત્યાંથી ચ્યવીને નિર્વાણને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ** :—કોઈ કહે છે કે અત્યારે આ પંચમકાળમાં જિનસૂત્રમાં મોક્ષ થવાનું કહ્યું નથી તેથી ધ્યાન કરવું તે તો નિષ્ફળ ખેદ છે તેને કહે છે કે હે ભાઈ! મોક્ષ જવાનો અને શુક્લધ્યાનનો નિષેધ કર્યો છે. પરંતુ ધર્મધ્યાનનો નિષેધ તો કર્યો નથી. અત્યારે પણ જે મુનિ રત્નત્રયથી શુદ્ધ થઈને ધર્મધ્યાનમાં લીન થયા થકા આત્માનું ધ્યાન કરે છે, તે મુનિ સ્વર્ગમાં ઇન્દ્રપદને પામે છે અથવા લોકાંતિક દેવમાં ઉત્પન્ન થઈ એક ભવાવતારી થાય છે. ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે ધર્મધ્યાનથી પરંપરાએ મોક્ષ જાય છે. તો સર્વથા નિષેધ શા માટે કરો છો? જે નિષેધ કરે છે તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. તેમને વિષય-કષાયોમાં સ્વચ્છંદ રહેવું છે તેથી આ પ્રકારે કહે છે. ૭૭.

હવે કહે છે કે જે આ કાળમાં ધ્યાનનો અભાવ માને છે અને મુનિલિંગ પહેલા ગ્રહણ કરી લીધું છે હવે તેને ગૌણ કરી પાપમાં પ્રવૃત્તિ કરે છે તે મોક્ષમાર્ગથી ચ્યુત છે :—

जे पावमोहियमई लिंगं घेत्तूण जिणवरिंदाणं।
पावं कुणंति पावा ते चत्ता मोक्खमग्गम्मि।।७८।।

ये पापमोहितमतयः लिंगं गृहीत्वा जिनवरेन्द्राणाम्।
पापं कुर्वन्ति पापाः ते त्यक्त्वा मोक्षमार्गे।।७८।।

જે પાપમોહિતબુદ્ધિઓ ગ્રહી જિનવરોના લિંગને
પાપો કરે છે, પાપીઓ તે મોક્ષમાર્ગે ત્યક્ત છે. ૭૮.

**અર્થ** :—જેમની બુદ્ધિ પાપકર્મથી મોહિત છે તેઓ જિનવરેન્દ્ર તીર્થંકરનું લિંગ ગ્રહણ કરીને પણ પાપ કરે છે, તેઓ પાપી મોક્ષમાર્ગથી ચ્યુત છે.

**ભાવાર્થ** :—જેઓએ પહેલા નિર્ગ્રંથ લિંગ ધારણ કરી લીધું અને પાછળથી એવી પાપબુદ્ધિ ઉત્પન્ન થઈ ગઈ કે અત્યારે ધ્યાનનો કાળ તો નથી તેથી તેનો પ્રયાસ શા માટે કરીએ. એવું વિચારી પાપમાં પ્રવૃત્તિ કરવા લાગી જાય છે તેઓ પાપી છે તેમને મોક્ષમાર્ગ નથી. ૭૮.

('આ કાળમાં ધર્મધ્યાન કોઈને થતું નથી' પરંતુ ભદ્રધ્યાન (—વ્રત, ભક્તિ, દાન, પૂજાદિકના શુભભાવ) થાય છે. તેનાથી જ નિર્જરા અને પરંપરા મોક્ષ માનવામાં આવ્યો છે અને આ પ્રમાણે સાતમા ગુણસ્થાન સુધી ભદ્રધ્યાન અને ત્યારબાદ ધર્મધ્યાન માનવાવાળાઓએ શ્રી દેવસેન આચાર્યકૃત 'આરાધનાસાર' નામ આપીને એક બનાવટી ગ્રંથ બનાવ્યો છે તેનો ઉત્તર કેકડી નિવાસી પં. શ્રી મિલાપચંદજી કટારિયાએ 'જૈન નિબંધ રત્નમાલા' પાનું ૪૭ થી ૬૦માં આપ્યો છે કે આ કાળમાં ધર્મધ્યાન ગુણસ્થાન ૪ થી ૭ સુધી આગમમાં કહ્યું છે. આધાર :—સૂત્રજીની ટીકાઓ—શ્રી રાજવાર્તિક, શ્લોકવાર્તિક, સર્વાર્થસિદ્ધિ વગેરે.)

હવે કહે છે જેઓ મોક્ષમાર્ગથી ચ્યુત છે તેઓ કેવા છે? :—

**जे पंचचेलसत्ता गंथग्गाही य जायणासीला।**
**आधाकम्मम्मि रया ते चत्ता मोक्खमग्गम्मि।।७९।।**

ये पंचचेलसक्ताः ग्रंथग्राहिणः याचनाशीलाः।
अधः कर्मणि रताः ते त्यक्ताः मोक्षमार्गे।।७९।।

**જે પંચવસ્ત્રાસક્ત, પરિગ્રહધારી, યાચનશીલ છે,**
**છે લીન આધાકર્મમાં, તે મોક્ષમાર્ગે ત્યક્ત છે. ૭૯.**

**અર્થ** :—પાંચ પ્રકારના ચેલ અર્થાત્ વસ્ત્રોમાં આસક્ત છે (અંડજ, કર્પાસજ, વલ્કલ, ચર્મજ અને રોમજ) આ પ્રકારના વસ્ત્રોમાંથી કોઈ એક વસ્ત્રને ગ્રહણ કરે છે. ગ્રંથગ્રાહી અર્થાત્ પરિગ્રહનું ગ્રહણ કરવાવાળા છે. યાચનાશીલ અર્થાત્ માંગવાનો જ જેનો સ્વભાવ છે અને અધઃકર્મ અર્થાત્ પાપકર્મમાં રત છે, સદોષ આહાર કરે છે તેઓ મોક્ષમાર્ગથી ચ્યુત છે.

**ભાવાર્થ** :—અહીં આશય એવો છે કે પ્રથમ તો નિર્ગ્રંથ દિગંબર મુનિ થઈ ગયા હતા. પછી કાળદોષનો વિચાર કરી ચારિત્રનું પાલન કરવામાં અસમર્થ થઈ નિર્ગ્રંથ લિંગથી ભ્રષ્ટ થઈ વસ્ત્રાદિક અંગીકાર કરી લીધા, પરિગ્રહ રાખવા લાગ્યા, યાચના કરવા લાગ્યા, અધઃકર્મ ઔદ્દેશિક આહાર કરવા લાગ્યા, તેનો નિષેધ છે. તેઓ મોક્ષમાર્ગથી ચ્યુત છે. પહેલા તો ભદ્રબાહુસ્વામી સુધી નિર્ગ્રંથ હતા પછી દુર્ભિક્ષકાળમાં ભ્રષ્ટ થઈને જે અર્ધફાલક કહેવડાવવા લાગ્યા તેમાંથી શ્વેતામ્બર થયા, તેઓએ આ વેષને પુષ્ટ કરવા માટે સૂત્ર બનાવ્યા તેમનામાં કેટલાકે કલ્પિત આચરણ તથા તેની સાધક કથાઓ લખી., તેમના સિવાય અન્ય પણ ઘણા વેષ બદલ્યા. આ પ્રમાણે કાળદોષથી ભ્રષ્ટ લોકોનો સંપ્રદાય ચાલી રહ્યો છે તે મોક્ષમાર્ગ નથી એવું કહ્યું છે તેથી આ ભ્રષ્ટ લોકોને જોઈને આવો પણ મોક્ષમાર્ગ છે એવું શ્રદ્ધાન ન કરવું. ૭૯.

હવે કહે છે કે મોક્ષમાર્ગી તો આવા મુનિ હોય છે :—

णिग्गंथमोहमुक्का बावीसपरीसहा जियकसाया।
पावारंभविमुक्का ते गहिया मोक्खमग्गम्मि ॥८०॥

निर्ग्रंथाः मोहमुक्ताः द्वाविंशतिपरीषहाः जितकषायाः।
पापारंभविमुक्ताः ते गृहीताः मोक्षमार्गे ॥८०॥

નિર્મોહ, વિજિતકષાય, બાવીશ-પરિષહી, નિર્ગ્રંથ છે,
છે મુક્ત પાપારંભથી, તે મોક્ષમાર્ગે ગૃહીત છે. ૮૦.

**અર્થ** :—જે મુનિ નિર્ગ્રંથ છે, પરિગ્રહ રહિત છે, મોહ રહિત છે, જેમને કોઈપણ પરદ્રવ્ય ઉપર મમત્વભાવ નથી જે બાવીસ પરિષહોને સહે છે જેમણે ક્રોધાદિ કષાયોને જીતી લીધા છે અને પાપારંભથી રહિત છે, ગૃહસ્થને કરવાયોગ્ય આરંભાદિક પાપોમાં પ્રવર્તતા નથી એવા મુનિઓને મોક્ષમાર્ગમાં ગ્રહણ કર્યા છે એટલે કે માન્યા છે. રત્નકરંડક શ્રાવકાચારમાં સમંતભદ્રાચાર્યે કહ્યું છે કે—"विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः। ज्ञानध्यानतपोरक्तस्तपस्वी स प्रशस्यते"

**ભાવાર્થ** :—મુનિ છે તેઓ લૌકિક કષ્ટ અને કાર્યોથી રહિત છે જેવું જિનેશ્વરે મોક્ષમાર્ગ બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત નગ્ન દિગંબર રૂપ કહ્યું છે એ રીતે જ પ્રવર્તે છે તે મોક્ષમાર્ગી છે અન્ય મોક્ષમાર્ગી નથી. ૮૦.

હવે ફરી મોક્ષમાર્ગીની પ્રવૃત્તિ કહે છે :—

उद्धद्धमज्झलोए केई मज्झं ण अहयमेगागी।
इय भावणाए जोई पावंति हु सासयं सोक्खं॥८१॥

उर्ध्वाधोमध्यलोके केचित् मम न अहमेकाकी।
इति भावनया योगिनः प्राप्नुवन्ति स्फुटं शाश्वतं सौख्यम्॥८१॥

છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે,
—એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને. ૮૧.

**અર્થ** :—મુનિ એવી ભાવના કરે કે—ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક આ ત્રણલોકમાં મારું કોઈ પણ નથી, હું એકાકી આત્મા છું, આવી ભાવનાથી યોગી મુનિ પ્રગટરૂપે શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** :—મુનિ એવી ભાવના કરે કે ત્રણલોકમાં જીવ એકાકી છે, તેનો સંબંધી બીજો કોઈ નથી. આ પરમાર્થરૂપ એકત્વભાવના છે. જે મુનિને આવી ભાવના નિરંતર રહે છે તે મોક્ષમાર્ગી છે. જે વેષ ધરીને પણ લૌકિકજનોથી લવથવ રાખે છે તે મોક્ષમાર્ગી નથી. ૮૧.

હવે ફરી કહે છે :—

देवगुरूणं भत्ता णिव्वेयपरंपरा विचिंतिंता।
झाणरया सुचरित्ता ते गहिया मोक्खमग्गम्मि॥८२॥

देवगुरूणां भक्ताः निर्वेदपरंपरां विचिन्तयन्तः।
ध्यानरताः सुचरित्राः ते गृहिताः मोक्षमार्गे॥८२॥

જે દેવ-ગુરુના ભક્ત છે, નિર્વેદશ્રેણી ચિંતવે,
જે ધ્યાનરત, સુચરિત્ર છે, તે મોક્ષમાર્ગે ગૃહિત છે. ૮૨.

**અર્થ** :—જે મુનિ દેવ-ગુરુના ભક્ત છે, નિર્વેદ અર્થાત્ સંસાર-દેહ ભોગોથી વિરાગતાની પરંપરાનું ચિંતન કરે છે, ધ્યાનમાં રત છે, તત્પર છે અને જેમને ભલું ઉત્તમ ચારિત્ર છે તેમને મોક્ષમાર્ગમાં ગ્રહણ કર્યા છે.

**ભાવાર્થ** :—જેમણે મોક્ષમાર્ગ પ્રાપ્ત કર્યો એવા અરિહંત સર્વજ્ઞ વીતરાગદેવ અને તેમનું અનુસરણ કરવાવાળા મોટા મુનિ દીક્ષા-શિક્ષા આપવાવાળા ગુરુ તેમની ભક્તિયુક્ત હોય, સંસાર-દેહ ભોગોથી વિરક્ત થઈને મુનિ થયા એવી જ જેમને વૈરાગ્યભાવના છે, આત્માનુભવરૂપ શુદ્ધોપયોગરૂપ એકાગ્રતારૂપી ધ્યાનમાં તત્પર છે અને જેમને વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ નિશ્ચય વ્યવહારાત્મક સમ્યક્ચારિત્ર હોય છે તે જ મુનિ મોક્ષમાર્ગી છે. અન્યવેષધારી મોક્ષમાર્ગી નથી. ૮૨.

હવે એવું કહે છે કે નિશ્ચયનયથી ધ્યાન આ પ્રમાણે કરવું :—

**णिच्छयणयस्स एवं अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**
**सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।।८३।।**

निश्चयनयस्य एवं आत्मा आत्मनि आत्मने सुरतः।
सः भवति स्फुटं सुचरित्रः योगी सः लभते निर्वाणम्।।८३।।

**નિશ્ચયનયે—જ્યાં આતમા આત્માર્થ આત્મામાં રમે,**
**તે યોગી છે સુચરિત્રસંયુત; તે લહે નિર્વાણને. ૮૩.**

**અર્થ** :—આચાર્ય કહે છે કે નિશ્ચયનયનો એવો અભિપ્રાય છે કે જે આત્મા આત્મામાં જ પોતાના માટે ભલા પ્રકારથી રત થઈ જાય તે યોગી—ધ્યાની, મુનિ સમ્યક્ચારિત્રવાન થયો થકો નિર્વાણને પામે છે.

**ભાવાર્થ** :—નિશ્ચયનયનું સ્વરૂપ એવું છે કે એક દ્રવ્યની અવસ્થા જેવી હોય તેને જ કહે. આત્માની બે અવસ્થાઓ છે. એક તો અજ્ઞાનાવસ્થા અને એક જ્ઞાન અવસ્થા. જ્યાં સુધી અજ્ઞાન અવસ્થા રહે છે ત્યાં સુધી બંધ પર્યાયને આત્મા જાણે છે. તે આ પ્રમાણે. હું મનુષ્ય છું, હું પશું છું, હું ક્રોધી છું, હું માની છું, હું માયાવી છું, હું પુણ્યવાન ધનવાન છું, હું નિર્ધન દરિદ્રી છું, હું રાજા છું, હું રંક છું, હું મુનિ છું, હું શ્રાવક છું વગેરે પર્યાયોમાં પોતાપણું માને છે. આ પર્યાયોમાં લીન થાય છે ત્યારે મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે તેનું ફળ સંસાર છે, તેને ભોગવે છે.

જ્યારે જિનમતના પ્રસાદથી જીવ-અજીવ પદાર્થોનો ભેદ જાણી જ્ઞાની થાય છે ત્યારે આ પ્રમાણે જાણે છે કે—હું શુદ્ધ જ્ઞાન-દર્શનમયી ચેતના સ્વરૂપ છું, અન્ય મારું કાંઈપણ નથી. જ્યારે ભાવલિંગી નિર્ગ્રંથ મુનિપદની પ્રાપ્તિ કરે છે ત્યારે આ આત્મામાં જ

પોતાના દ્વારા જ પોતાના માટે વિશેષ લીન થાય છે ત્યારે નિશ્ચય સમ્યક્ચારિત્ર સ્વરૂપ થઈને પોતાનું જ ધ્યાન કરે છે. ત્યારે જ (સાક્ષાત્ મોક્ષમાર્ગમાં આરૂઢ) સમ્યગ્જ્ઞાની થાય છે તેનું ફળ નિર્વાણ છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૮૩.

(નોંધ : પ્રવચનસાર ગાથા ૨૪૧-૨૪૨માં જે સાતમા ગુણસ્થાનમાં આગમજ્ઞાન–તત્ત્વાર્થશ્રદ્ધાન–સંયતત્વનું યુગપદપણું અને આત્મજ્ઞાનનું યુગપદ્પણું જેને સિદ્ધ થયું છે ત્યાં આ કથનની અપેક્ષા છે ગૌણ-મુખ્ય સમજી લેવું.)

હવે તે જ અર્થને દ્રઢ કરતા કહે છે કે :—

पुरिसायारो अप्पा जोई वरणाणदंसणसमग्गो।
जो झायदि सो जोई पावहरो हवदि णिद्दंदो।।८४।।

पुरुषाकार आत्मा योगी वरज्ञानदर्शनसमग्रः।
यः ध्यायति सः योगी पापहरः भवति निर्द्वन्द्वः।।८४।।

છે યોગી, પુરુષાકાર, જીવ વરજ્ઞાનદર્શનપૂર્ણ છે;
ધ્યાનાર યોગી પાપનાશક દ્વંદ્વવિરહિત હોય છે. ૮૪.

**અર્થ** :—આ આત્મા ધ્યાનને યોગ્ય કેવો છે? પુરુષાકાર છે, યોગી છે, જેને મન, વચન, કાયના યોગોનો નિરોધ છે, સર્વાંગ સુનિશ્ચલ છે અને ઉત્તમ અર્થાત્ શ્રેષ્ઠ સમ્યકરૂપ જ્ઞાન-દર્શનથી સમગ્ર છે, પરિપૂર્ણ છે, જેને કેવળજ્ઞાન દર્શન પ્રાપ્ત છે, આ પ્રમાણે આત્માનું જે યોગી-ધ્યાની મુનિ ધ્યાન કરે છે તે મુનિ પાપને હરવાવાળા છે અને નિર્દ્વંદ્વ છે—રાગ-દ્વેષ આદિ વિકલ્પોથી રહિત છે.

**ભાવાર્થ** :—જે અરિહંતરૂપ શુદ્ધાત્માનું ધ્યાન કરે છે, તેને પૂર્વકર્મનો નાશ થાય છે અને વર્તમાનમાં રાગ-દ્વેષ રહિત થાય તો આગામી કર્મોને પણ બાંધતો નથી. ૮૪.

હવે કહે છે કે આ પ્રમાણે મુનિઓને પ્રવર્તવા માટે કહ્યું હવે શ્રાવકોનું પ્રવર્તન કહે છે :—

एवं जिणेहि कहियं सवणाणं सावयाण पुण सुणसु।
संसारविणासयरं सिद्धियरं कारणं परमं।।८५।।

एवं जिनैः कथितं श्रमणानां श्रावकाणां पुनः श्रृणुत।
संसारविनाशकरं सिद्धिकरं कारणं परमं।।८५।।

શ્રમણાર્થ જિન-ઉપદેશ ભાખ્યો, શ્રાવકાર્થ સુણો હવે,
સંસારનું હરનાર શિવ-કરનાર કારણ પરમ એ. ૮૫.

**અર્થ** :—આ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારે ઉપદેશ તો શ્રમણ મુનિઓને જિનદેવે આપ્યો છે હવે શ્રાવકોને સંસારનો વિનાશ કરવાવાળો અને સિદ્ધિ કે જે મોક્ષ તેને પ્રાપ્ત કરવાનું ઉત્કૃષ્ટ કારણ તેનો ઉપદેશ કહે છે તે સાંભળો.

**ભાવાર્થ** :—પહેલા કહ્યું તે તો મુનિઓને કહ્યું અને હવે આગળ કહે છે તે શ્રાવકોને કહે છે. એવું કહે છે કે જેનાથી સંસારનો વિનાશ થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય. ૮૫.

હવે શ્રાવકોએ પહેલા શું કરવું તે કહે છે :—

गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंपं।
तं झाणे झाइज्जइ सावय दुक्खक्खयट्ठाए।।८६।।

गृहीत्वा च सम्यक्त्वं सुनिर्मलं सुरगिरेरिव निष्कंपम्।
तत् ध्याने ध्यायते श्रावक! दुःखक्षयार्थे।।८६।।

ગ્રહી મેરુપર્વત-સમ અકંપ સુનિર્મળા સમ્યક્ત્વને,
હે શ્રાવકો! દુખનાશ અર્થે ધ્યાનમાં ધ્યાતવ્ય તે. ૮૬.

**અર્થ** :—પ્રથમ તો શ્રાવકોએ સુનિર્મલ એટલે કે ઉત્તમ પ્રકારે નિર્મલ અને મેરુવત નિ:કંપ—અચલ તથા ચલ—મલિન—અગાઢ દૂષણ રહિત અત્યંત નિશ્ચલ એવા સમ્યક્ત્વનું ગ્રહણ કરી દુ:ખનો ક્ષય કરવા માટે તેનું એટલે કે સમ્યગ્દર્શનનું (સમ્યગ્દર્શનના વિષયનું) ધ્યાન કરવું.

**ભાવાર્થ** :—શ્રાવક પહેલાં તો નિરતિચાર, નિશ્ચલ સમ્યક્ત્વને ગ્રહણ કરી તેનું ધ્યાન કરે. આ સમ્યક્ત્વની ભાવનાથી ગૃહસ્થને ગૃહકાર્ય સંબંધી આકુળતા, ક્ષોભ, દુ:ખ કે જે હેય છે તે મટી જાય છે. કાર્યના બગડવા-સુધરવામાં વસ્તુના સ્વરૂપનો વિચાર આવે ત્યારે દુ:ખ મટે છે. સમ્યગ્દ્રષ્ટિને એ પ્રમાણે વિચાર હોય છે કે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞએ જેવું જાણ્યું છે તેવું જ તેનું નિરંતર પરિણમન છે તેવું જ થાય છે. ઈષ્ટ-અનિષ્ટ માની દુ:ખી-સુખી થવું નિષ્ફળ છે એવો વિચાર કરવાથી દુ:ખ મટે છે તે પ્રત્યક્ષ અનુભવગોચર છે તેથી સમ્યક્ત્વનું ધ્યાન કરવાનું કહ્યું છે. ૮૬.

હવે સમ્યક્ત્વના ધ્યાનનો જ મહિમા કહે છે :—

सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।
सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि।।८७।।

सम्यक्त्वं यः ध्यायति सम्यग्दृष्टिः भवति सः जीवः।
सम्यक्त्वपरिणतः पुनः क्षपयति दुष्टाष्टकर्माणि।।८७।।

સમ્યક્ત્વને જે જીવ ધ્યાવે તે સુદૃષ્ટિ હોય છે,
સમ્યક્ત્વપરિણત વર્તતો દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે. ૮૭.

**અર્થ** :—જે શ્રાવક સમ્યક્ત્વનું ધ્યાન કરે છે તે જીવ સમ્યગ્દષ્ટિ છે અને સમ્યક્ત્વરૂપ પરિણમતો થકો તે દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરે છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વનું ધ્યાન આ પ્રમાણે છે—જો પહેલા સમ્યક્ત્વ ન થયું હોય તોપણ તેનું સ્વરૂપ જાણી ધ્યાન કરે તો સમ્યગ્દષ્ટિ થઈ જાય છે. સમ્યક્ત્વ થતાં તેના પરિણામ એવા છે કે સંસારના કારણ જે દુષ્ટ આઠ કર્મ તેમનો ક્ષય થાય છે, સમ્યક્ત્વ થતાં જ કર્મોની ગુણશ્રેણી નિર્જરા થવા લાગે છે. અનુક્રમે મુનિ થવાથી ચારિત્ર અને શુક્લધ્યાન તેના સહકારી થઈ જાય છે ત્યારે સર્વે કર્મોનો નાશ થઈ જાય છે. ૮૭.

હવે તેને સંક્ષેપમાં કહે છે :—

किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।
सिज्झिहहि जे वि भविया तं जाणह सम्ममाहप्पं।।८८।।

किं बहुना भणितेन ये सिद्धाः नरवराः गते काले।
सेत्स्यंति येऽपि भव्याः तज्जानीत सम्यक्त्वमाहात्म्यम्।।८८।।

બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધ્યા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો. ૮૮.

**અર્થ** :—આચાર્ય કહે છે કે બહુ કહેવાથી શું સાધ્ય છે? જે નરપ્રધાન ભૂતકાળમાં સિદ્ધ થયા છે અને આગામીકાળમાં સિદ્ધ થશે તે સમ્યક્ત્વનું મહાત્મ્ય જાણો.

**ભાવાર્થ** :—આ સમ્યક્ત્વનું એવું માહાત્મ્ય છે કે જે અષ્ટકર્મોનો નાશ કરી અતીતકાળમાં મુક્તિને પ્રાપ્ત થયા છે અને આગામીકાળમાં થશે તેઓ આ સમ્યક્ત્વથી જ

થયા છે અને થશે. તેથી આચાર્ય કહે છે કે ઘણું કહેવાથી શું? ટૂંકમાં એમ જાણો કે મુક્તિનું પ્રધાન કારણ આ સમ્યક્ત્વ જ છે. એમ ન માનો કે ગૃહસ્થને શું ધર્મ છે? આ સમ્યક્ત્વ ધર્મ એવો છે કે સર્વે ધર્મોના અંગને સફળ કરે છે. ૮૮.

હવે કહે છે કે જે નિરંતર સમ્યક્ત્વનું પાલન કરે છે તેમને ધન્ય છે :—

ते धण्णा सुकयत्था ते सूरा ते वि पंडिया मणुया।
सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।

ते धन्याः सुकृतार्थः ते शूराः तेऽपि पंडिता मनुजाः।
सम्यक्त्वं सिद्धिकरं स्वप्नेऽपि न मलिनितं यैः।।८९।।

નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને. ૮૯.

**અર્થ** :—જે પુરુષોએ મુક્તિને આપવાવાળા સમ્યક્ત્વને સ્વપ્ન અવસ્થામાં પણ મલિન કર્યું નથી અતીચાર લગાવ્યો નથી તે પુરુષોને ધન્ય છે. તે જ મનુષ્ય છે, તે જ ભલા અને કૃતાર્થ છે તે જ શૂરવીર છે અને તે જ પંડિત છે.

**ભાવાર્થ** :—લોકમાં કાંઈક દાનાદિ કરે તેને ધન્ય કહે છે તથા વિવાહાદિક યજ્ઞાદિક કરે તેમને કૃતાર્થ કહે છે, યુદ્ધમાંથી પાછો ન આવે તેને શૂરવીર કહે છે, ઘણા શાસ્ત્ર વાંચે તેને પંડિત કહે છે આ બધા માત્ર કહેવાના જ છે. જે મોક્ષના કારણભૂત સમ્યક્ત્વને મલિન કરતા નથી નિરતિચાર પાળે છે તેમને ધન્ય છે તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે, તે જ પંડિત છે, તે જ મનુષ્ય છે. સમ્યક્ત્વ વિના મનુષ્ય પશુ સમાન છે. આ પ્રમાણે સમ્યક્ત્વનું માહાત્મ્ય કહ્યું. ૮૯.

હવે શિષ્ય પૂછે છે કે સમ્યક્ત્વ કેવું છે? તેનું સમાધાન કરવા માટે આ સમ્યક્ત્વના બાહ્ય ચિહ્ન બતાવે છે :—

हिंसारहिए धम्मे अट्ठारहदोसवज्जिए देवे।
णिग्गंथे पव्वयणे सद्दहणं होइ सम्मत्तं।।९०।।

हिंसारहिते धर्मे अष्टादशदोषवर्जिते देवे।
निर्ग्रंथे प्रवचने श्रद्धानं भवति सम्यक्त्वम्।।९०।।

હિંસાસુવિરહિત ધર્મ, દોષ અઢાર વર્જિત દેવનું,
નિર્ગ્રંથ પ્રવચન કેરું જે શ્રદ્ધાન તે સમકિત કહ્યું. ૯૦.

**અર્થ** :—હિંસા રહિત ધર્મ, અઢારદોષ રહિત દેવ, નિર્ગ્રંથ પ્રવચન એટલે કે મોક્ષનો માર્ગ તથા ગુરુ તેમાં શ્રદ્ધાન થવાથી સમ્યક્ત્વ થાય છે.

**ભાવાર્થ** :—લૌકિકજનો તથા અન્યમતવાળા જીવોની હિંસામાં ધર્મ માને છે અને જિનમતમાં અહિંસાને ધર્મ કહ્યો છે. તેનું શ્રદ્ધાન કરે અન્યનું શ્રદ્ધાન ન કરે તે સમ્યગ્દૃષ્ટિ છે. લૌકિક અન્યમતવાળા માને છે કે બધા દેવો ક્ષુધાદિ તથા રાગ-દ્વેષાદિ દોષોથી સંયુક્ત છે તેથી વીતરાગ સર્વજ્ઞ અરિહંતદેવ સર્વ દોષોથી રહિત છે તેમને દેવ માને, શ્રદ્ધાન કરે તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

અહીં અઢાર દોષ કહ્યા તે મુખ્યતાથી કહ્યા છે તેમને ઉપલક્ષણરૂપ જાણવા. તેના સમાન અન્ય પણ જાણી લેવા. નિર્ગ્રંથ પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગ તે જ મોક્ષમાર્ગ છે, અન્યલિંગથી અન્યમતવાળા શ્વેતામ્બર આદિક જૈનાભાસો મોક્ષ માને છે તે મોક્ષમાર્ગ નથી. આવું શ્રદ્ધાન કરે તે સમ્યગ્દૃષ્ટિ છે એમ જાણવું. ૯૦.

હવે તે જ અર્થને દૃઢ કરતા થકા કહે છે :—

जहजायरूवरूवं सुसंजयं सव्वसंगपरिचत्तं।
लिंगं ण परावेक्खं जो मण्णइ तस्स सम्मत्तं ॥९१॥

यथाजातरूपरूपं सुसंयतं सर्वसंगपरित्यक्तम्।
लिंगं न परापेक्षं यः मन्यते तस्य सम्यक्त्वम् ॥९१॥

સમ્યક્ત્વ તેને, જેહ માને લિંગ પરનિરપેક્ષને,
રૂપે યથાજાતક, સુસંયત, સર્વસંગવિમુક્તને. ૯૧.

**અર્થ** :—મોક્ષમાર્ગનું લિંગ—વેષ એવો છે કે યથાજાતરૂપ તો જેનું રૂપ છે, જેમાં બાહ્ય પરિગ્રહ વસ્ત્રાદિક કિંચિત્માત્ર પણ નથી. સુસંયત અર્થાત્ સમ્યક્પ્રકારે ઇન્દ્રિયોનો નિગ્રહ અને જીવોની દયા જેમાં હોય છે એવો સંયમ હોય છે. સર્વસંગ અર્થાત્ બધો જ પરિગ્રહ તથા સર્વ લૌકિકજનોની સંગતિથી રહિત છે અને જેમાં પરની અપેક્ષા બિલકુલ નથી, મોક્ષના પ્રયોજન સિવાય અન્ય પ્રયોજનની અપેક્ષા નથી એવું મોક્ષમાર્ગનું લિંગ માને, શ્રદ્ધાન કરે તે જીવને સમ્યક્ત્વ હોય છે.

**ભાવાર્થ :—**મોક્ષમાર્ગમાં આવું જ લિંગ છે, અન્ય અનેક વેષ છે તે મોક્ષમાર્ગમાં નથી, આવું શ્રદ્ધાન કરે તેને સમ્યક્ત્વ હોય છે. અહીં પરાપેક્ષ નથી—એવું કહીને બતાવ્યું છે કે —આવું નિર્ગ્રંથરૂપ પણ જો કોઈ અન્ય આશયથી ધારણ કરે તો તે વેષ મોક્ષમાર્ગ નથી. કેવળ મોક્ષની અપેક્ષા જેમાં હોય એવા લિંગને માને તે સમ્યગ્દષ્ટિ છે તેમ જાણવું. ૯૧.

હવે મિથ્યાદષ્ટિના ચિહ્ન કહે છે :—

**कुच्छियदेवं धम्मं कुच्छियलिंगं च बंदए जो दु।**
**लज्जाभयगारवदो मिच्छादिट्ठी हवे सो हु।।९२।।**

कुत्सितदेवं धर्मं कुत्सितलिंगं च वन्दते यः तु।
लज्जाभयगारवतः मिथ्यादृष्टिः भवेत् सः स्फुटम्।।९२।।

**જે દેવ કુત્સિત, ધર્મ કુત્સિત, લિંગ કુત્સિત વંદતા,**
**ભય, શરમ વા ગારવ થકી, તે જીવ છે મિથ્યાત્વમાં. ૯૨.**

**અર્થ :—**જે ક્ષુધાદિક અને રાગ-દ્વેષાદિક દોષોથી દૂષિત હોય તે કુત્સિત દેવ છે, જે હિંસાદિ દોષોથી સહિત હોય તે કુત્સિત ધર્મ છે, જે પરિગ્રહાદિ સહિત હોય તે કુત્સિત લિંગ છે. જે તેમની વંદના કરે છે, પૂજા કરે છે તે તો પ્રગટ મિથ્યાદષ્ટિ છે. અહીં હવે વિશેષ કહે છે કે જે તેમને ભલા—હિતકરવાવાળા માની વંદના કરે છે, પૂજા કરે છે તે તો પ્રગટ મિથ્યાદષ્ટિ છે પરંતુ જે લજ્જા, ભય, ગારવ તે કારણોથી પણ વંદના કરે છે, પૂજા કરે છે તે પણ પ્રગટ મિથ્યાદષ્ટિ છે. લજ્જાનો અર્થ એ કે લોકો તેની વંદના કરે છે, પૂજા કરે છે, અમે નહીં પૂજિએ તો લોકો અમને શું કહેશે? અમારી લોકમાં પ્રતિષ્ઠા છે તે ચાલી જાશે. આ પ્રમાણે લજ્જાથી વંદના તેમ જ પૂજા કરે. ભયનો અર્થ એ કે આમને રાજાદિકો માને છે અને અમે નહીં માનીએ તો અમારા ઉપર કંઈક ઉપદ્રવ આવી જશે. આ પ્રકારના ભયથી વંદના કે પૂજા કરે. ગારવનો અર્થ એ કે અમે મોટા છીએ, મહંત પુરુષ છીએ, બધાનું સન્માન કરીએ છીએ તે કાર્યોથી અમારી મોટાઈ છે, આ પ્રમાણે ગારવથી વંદના અને પૂજન થાય છે. આ પ્રમાણે મિથ્યાદષ્ટિના ચિહ્ન કહ્યા. ૯૨.

હવે તે જ અર્થને દઢ કરતા કહે છે કે :—

**सपरावेक्खं लिंगं राई देवं असंजयं वंदे।**
**मण्णइ मिच्छादिट्ठी ण हु मण्णइ सुद्धसम्मत्तो।।९३।।**

૪૧

स्वपरापेक्षं लिंगं रागिणं देवं असंयतं वन्दे।
मानयति मिथ्यादृष्टिः न स्फुटं मानयति शुद्धसम्यक्ती॥९३॥

વંદન અસંયત, રક્ત દેવો, લિંગ સપરાપેક્ષને,
–એ માન્ય હોય કુદ્રષ્ટિને, નહિ શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિને. ૯૩.

**અર્થ** :—સ્વપરાપેક્ષ લિંગ એટલે કે પોતે કાંઈક લૌકિક પ્રયોજન મનમાં ધારણ કરી વેષ ધારણ કરે તે સ્વાપેક્ષ છે અને કોઈ પરની અપેક્ષાએ ધારણ કરે, કોઈના આગ્રહ તથા રાજાદિકના ભયથી ધારણ કરે તે પરાપેક્ષ છે. રાગી દેવ (જેને સ્ત્રી આદિનો રાગ હોય છે) અને સંયમ રહિતની આ પ્રમાણે કહે કે હું વંદના કરું છું તથા તેને માને, શ્રદ્ધાન કરે તે મિથ્યાદષ્ટિ છે. શુદ્ધ સમ્યકૃત્વ થતા એને માનતો નથી, શ્રદ્ધાન કરતો નથી, વંદના અને પૂજન કરતો નથી.

**ભાવાર્થ** :—આ ઉપર કહ્યા તેમનાથી મિથ્યાદષ્ટિને પ્રીતિ-ભક્તિ ઉત્પન્ન થાય છે. નિરતિચાર સમ્યક્ત્વવાન છે તે તેમને માનતો નથી. ૯૩.

सम्माइट्ठी सावय धम्मं जिणदेवदेसियं कुणदि।
विवरीयं कुव्वंतो मिच्छादिट्ठी मुणेयव्वो॥९४॥

सम्यग्दृष्टिः श्रावकः धर्मं जिनदेवदेशितं करोति।
विपरीतं कुर्वन् मिथ्यादृष्टिः ज्ञातव्यः॥९४॥

સમ્યક્ત્વયુત શ્રાવક કરે જિનદેવદેશિત ધર્મને;
વિપરીત તેથી જે કરે, કુદ્રષ્ટિ તે જ્ઞાતવ્ય છે. ૯૪.

**અર્થ** :—જે જિનદેવથી ઉપદેશિત ધર્મનું પાલન કરે છે તે સમ્યગ્દષ્ટિ શ્રાવક છે અને જે અન્યમત દ્વારા ઉપદેશિત ધર્મનું પાલન કરે છે તેમને મિથ્યાદષ્ટિ જાણવા.

**ભાવાર્થ** :—આ પ્રમાણે કહેવાથી અહીં કોઈ તર્ક કરે કે—આ તો પોતાનો મત પુષ્ટ કરવાની પક્ષપાત્ર માત્ર વાર્તા કહી, તેનો ઉત્તર આપે છે કે એવું નથી. જેનાથી સર્વ જીવોનું હિત થાય તે જ ધર્મ છે એવા અહિંસારૂપ ધર્મનું જિનદેવે જ નિરૂપણ કર્યું છે. અન્યમતમાં એવા ધર્મનું નિરૂપણ નથી એ પ્રમાણે જાણવું જોઈએ. ૯૪.

હવે કહે છે કે જે મિથ્યાદષ્ટિ જીવ છે તે સંસારમાં દુઃખ સહિત ભ્રમણ કરે છે :—

मिच्छादिट्ठी जो सो संसारे संसरेइ सुहरहिओ।
जम्मजरमरणपउरे दुक्खसहस्साउले जीवो ॥९५॥

मिथ्यादृष्टिः यः सः संसारे संसरति सुखरहितः।
जन्मजरामरणप्रचुरे दुःखसहस्राकुलः जीवः ॥९५॥

કુદૃષ્ટિ જે, તે સુખવિહીન પરિભ્રમે સંસારમાં,
જર-જન્મ-મરણપ્રચુરતા, દુખગણસહસ્ર ભર્યા જિહાં. ૯૫.

**અર્થ** :—જે મિથ્યાદૃષ્ટિ જીવ છે તે જન્મ-જરા-મરણથી પ્રચૂર અને હજારો દુઃખોથી વ્યાપ્ત આ સંસારમાં સુખરહિત દુઃખી થઈને ભ્રમણ કરે છે.

**ભાવાર્થ** :—મિથ્યાત્વભાવનું ફળ સંસારમાં પરિભ્રમણ કરવું તે જ છે. આ સંસાર જન્મ-જરા-મરણ વગેરે હજારો દુઃખોથી ભરેલો છે. તે જ દુઃખોને મિથ્યાદૃષ્ટિ આ સંસારમાં ભ્રમણ કરતો થકો ભોગવે છે. અહીં દુઃખ તો અનંત છે. હજારો કહેવાથી પ્રસિદ્ધિની અપેક્ષાએ બહુલતા બતાવી છે. ૯૫.

હવે સમ્યક્ત્વ—મિથ્યાત્વભાવના કથનને સંકોચે છે :—

सम्म गुण मिच्छ दोसो मणेण परिभाविऊण तं कुणसु।
जं ते मणस्स रुच्चइ किं बहुणा पलविएणं तु ॥९६॥

सम्यक्त्वे गुण मिथ्यात्वे दोषः मनसा परिभाव्य तत् कुरु।
यत् ते मनसे रोचते किं बहुना प्रलपितेन तु ॥९६॥

'સમ્યક્ત્વ ગુણ, મિથ્યાત્વ દોષ' તું એમ મન સુવિચારીને,
કર તે તને જે મન રુચે; બહુ કથન શું કરવું અરે? ૯૬.

**અર્થ** :—હે ભવ્ય! આ રીતે પૂર્વોક્ત પ્રકારે સમ્યક્ત્વના ગુણ અને મિથ્યાત્વના દોષોની પોતાના મનથી ભાવના કર અને જે પોતાના મનને રુચે—પ્રિય લાગે તે કર. ઘણા પ્રલાપથી શું સાધ્ય છે? આ પ્રકારે આચાર્યે ઉપદેશ આપ્યો છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે આચાર્યએ કહ્યું છે કે ઘણું કહેવાથી શું? સમ્યક્ત્વ મિથ્યાત્વના ગુણ-દોષ પૂર્વોક્ત કહ્યા પ્રમાણે જાણી જે મનમાં રુચે તે કરો. અહીં ઉપદેશનો આશય એવો છે કે મિથ્યાત્વને છોડો, સમ્યક્ત્વને ગ્રહણ કરો તેથી સંસારનું દુઃખ મટાડી મોક્ષને પામો. ૯૬.

હવે કહે છે કે જો મિથ્યાત્વભાવ ન છોડ્યો તો બાહ્યવેષથી કાંઈ લાભ નથી :—

बाहिरसंगविमुक्को ण वि मुक्को मिच्छभाव णिग्गंथो।
किं तस्स ठाणमउणं ण वि जाणदि [१]अप्पसमभावं।।९७।।

बहिः संगविमुक्तः नापि मुक्तः मिथ्याभावेन निर्ग्रंथः।
किं तस्य स्थानमौनं न अपि जानाति [२]आत्मसमभावं।।९७।।

નિર્ગ્રંથ, બાહ્ય અસંગ, પણ નહિ ત્યક્ત મિથ્યાભાવ જ્યાં,
જાણે ન તે સમભાવ નિજ; શુ સ્થાન-મૌન કરે તિહાં? ૯૭.

**અર્થ** :—જે બાહ્ય પરિગ્રહ રહિત અને મિથ્યાત્વ સહિત નિર્ગ્રંથ વેષ ધારણ કરે છે તે પરિગ્રહ રહિત નથી. તેને ઊભા રહીને કાયોત્સર્ગ કરવાથી શું સાધ્ય છે અને મૌન ધારણ કરવાથી શું સાધ્ય છે? કારણ કે તે આત્માના સમભાવ, વીતરાગ પરિણામને જાણતો નથી

**ભાવાર્થ** :—આત્માના શુદ્ધ સ્વભાવને જાણી સમ્યગ્દૃષ્ટિ થાય છે અને જે મિથ્યાત્વભાવ સહિત પરિગ્રહ છોડીને નિર્ગ્રંથ પણ થઈ ગયો છે અને કાયોત્સર્ગ કરવો, મૌન ધારણ કરવું વગેરે બાહ્ય ક્રિયાઓ કરે છે તો તેની ક્રિયા મોક્ષમાર્ગમાં પ્રશંસા કરવાયોગ્ય નથી. કારણ કે સમ્યક્ત્વ વગરની બાહ્ય ક્રિયાનું ફળ સંસાર છે. ૯૭.

હવે આશંકા ઉત્પન્ન થાય છે કે સમ્યક્ત્વ વિનાનું બાહ્યલિંગ નિષ્ફળ કહ્યું—જે બાહ્યલિંગ —મૂળગુણ બગાડે તેને સમ્યક્ત્વ રહે કે નહીં તેનું સમાધાન કરે છે :—

मूलगुणं छित्तूण य बाहिरकम्मं करेइ जो साहू।
सो ण लहइ सिद्धिसुहं जिणलिंगविराहगो णियदं।।९८।।

मूलगुणं छित्वा च बाह्यकर्म करोति यः साधुः।
सः न लभते सिद्धिसुखं जिणलिंगविराधकः नियतं।।९८।।

જે મૂળગુણને છેદીને મુનિ બાહ્યકર્મો આચરે,
પામે ન શિવસુખ નિશ્ચયે જિનકથિત-લિંગ-વિરાધને. ૯૮.

૧. પાઠાન્તર—अप्पसब्भावं। ૨. પાઠાન્તર :—आत्मस्वभावं।

**અર્થ** :—જે મુનિ નિર્ગ્રંથ થઈને મૂળગુણ ધારણ કરે છે, તેમનું છેદન કરી–બગાડીને કેવળ બાહ્યક્રિયા-કર્મ કરે છે તે સિદ્ધિ અર્થાત્ મોક્ષના સુખને પ્રાપ્ત કરી શકતો નથી. કારણ કે આવો મુનિ નિશ્ચયથી જિનલિંગનો વિરાધક છે.

**ભાવાર્થ** :—જિન આજ્ઞા એવી છે કે —સમ્યક્ત્વ સહિત મૂળગુણ ધારણ કરી જે અન્ય સાધુની ક્રિયા છે તેને કરે છે. મૂળગુણ અઠ્યાવીસ કહેવામાં આવ્યા છે —૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ ઈન્દ્રિયોનો નિરોધ, ૬ આવશ્યક, ૧ ભૂમિશયન, ૧ સ્નાનનો ત્યાગ, ૧ વસ્ત્રનો ત્યાગ, ૧ કેશલોંચ, ૧ એકવાર ભોજન, ૧ ઊભા ઊભા ભોજન અને ૧ અદંતધોવન. આ પ્રમાણે ૨૮ મૂળગુણ છે તેની વિરાધના કરીને કાયોત્સર્ગ, મૌન, તપ, ધ્યાન, અધ્યયન કરે છે તો તેને આ ક્રિયાઓથી મુક્તિ થતી નથી. જે એવું શ્રદ્ધાન કરે કે અમારે સમ્યક્ત્વ તો છે જ બાહ્યમૂળગુણ બગડે તો બગડો અમે મોક્ષમાર્ગી જ છીએ. એવા શ્રદ્ધાનથી તો જિનઆજ્ઞા ભંગ કરવાથી સમ્યક્ત્વનો જ ભંગ થાય છે. તો મોક્ષ કઈ રીતે થાય? અને (તીવ્ર કષાયમાન થઈ જાય તો) કર્મના પ્રબળ ઉદયથી ચારિત્ર ભ્રષ્ટ થાય અને જો જિનઆજ્ઞા અનુસાર શ્રદ્ધાન રહે તો સમ્યક્ત્વ રહે છે પરંતુ મૂળગુણ વિના કેવળ સમ્યક્ત્વથી જ મુક્તિ નથી અને સમ્યક્ત્વ વિના કેવળ ક્રિયાથી પણ મુક્તિ નથી એમ જાણવું.

પ્રશ્ન :—મુનિને સ્નાનનો ત્યાગ કહ્યો અને એવું સાંભળ્યું છે કે જો ચાંડાળ આદિનો સ્પર્શ થઈ જાય તો દંડસ્નાન કરે છે.

સમાધાન :—જેવી રીતે ગૃહસ્થ સ્નાન કરે છે તે રીતે સ્નાન કરવાનો ત્યાગ છે, કારણ કે તેમાં હિંસાની અધિકતા છે. મુનિનું સ્નાન આ પ્રમાણે છે—કમંડળમાં પ્રાસુક જળ રહે છે તેને મંત્ર બોલી મસ્તક પર ધારામાત્ર દે છે અને તે દિવસે ઉપવાસ કરે છે તેમનું સ્નાન તો નામમાત્ર સ્નાન છે. અહીં મંત્ર અને તપ સ્નાન પ્રધાન છે, જળસ્નાન પ્રધાન નથી. આ પ્રમાણે જાણવું. ૯૮.

હવે કહે છે કે જે આત્મસ્વભાવથી વિપરીત બાહ્યક્રિયાકર્મ છે તે શું કરે? મોક્ષમાર્ગમાં તો કંઈપણ કાર્ય કરતા નથી :—

किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु।
किं काहिदि आदावं आदसहावस्स विवरीदो॥९९॥

किं करिष्यति बहिः कर्म किं करिष्यति बहुविधं च क्षमणं तु।
किं करिष्यति आतापः आत्मस्वभावात् विपरीतः॥९९॥

બહિરંગ કર્મો શું કરે? ઉપવાસ બહુવિધ શું કરે?
રે! શું કરે આતાપના?—આત્મસ્વભાવવિરુદ્ધ જે. ૯૯.

**અર્થ** :—આત્મસ્વભાવથી વિપરીત, પ્રતિકૂળ બાહ્યકર્મ–ક્રિયાકાંડ તે શું કરશે? મોક્ષનું કાર્ય તો કિંચિત્‌માત્ર પણ થશે નહીં. અનેક પ્રકાર ક્ષમણ અર્થાત્ ઉપવાસ આદિ બાહ્યતપ પણ શું કરે? કંઈપણ ન કરે, આતાપન યોગ વગેરે કાયક્લેશ શું કરે? કંઈપણ ન કરે.

**ભાવાર્થ** :—**બાહ્ય ક્રિયાકર્મ શરીરાશ્રિત હૈ અને શરીર જડ છે, આત્મા ચેતન છે, જડની ક્રિયા તો ચેતનને કાંઈ ફળ આપતી નથી.** જેમ ચેતનાનો ભાવ જેટલો ક્રિયામાં મળે છે તેનું ફળ ચેતનને લાગે છે. ચેતનનો અશુભ ઉપયોગ મળે ત્યારે અશુભકર્મ બંધાય અને શુભ ઉપયોગ મળે ત્યારે શુભકર્મ બંધાય છે અને જ્યારે શુભ-અશુભ બંનેથી રહિત ઉપયોગ હોય છે ત્યારે કર્મ બંધાતું નથી. આગળ બાંધેલા કર્મોની નિર્જરા કરી મોક્ષ પામે છે. આ પ્રમાણે ચેતના ઉપયોગ અનુસાર ફળે છે તેથી એવું કહ્યું છે કે બાહ્યક્રિયા કર્મથી તો મોક્ષ થતો નથી. શુદ્ધ ઉપયોગ થવાથી મોક્ષ થાય છે. તેથી દર્શન-જ્ઞાન ઉપયોગોનો વિકાર મટાડી શુદ્ધ જ્ઞાનચેતનાનો અભ્યાસ કરવો તે મોક્ષનો ઉપાય છે. ૯૯.

સહજ ચિદાનંદ.

હવે તે જ અર્થને ફરીથી વિશેષરૂપે કહે છે :—

जदि पढदि बहु सुदाणि य जदि काहिदि बहुविहं च चारित्तं।
तं बालसुदं चरणं हवेइ अप्पस्स विवरीदं॥१००॥

यदि पठति बहुश्रुतानि च यदि करिष्यति बहुविध च चारित्रं।
तत् बालश्रुतं चरणं भवति आत्मनः विपरीतम्॥१००॥

પુષ્કળ ભણે શ્રુતને ભલે, ચારિત્ર બહુવિધ આચરે,
છે બાળશ્રુત ને બાળચારિત, આત્મથી વિપરીત જે. ૧૦૦.

**અર્થ** :—જે આત્મસ્વભાવથી વિપરીત બાહ્ય ઘણા શાસ્ત્રોને વાંચે અને ઘણા પ્રકારના ચારિત્રનું આચરણ કરે તો તે બધું બાળશ્રુત અને બાળચારિત્ર હશે.

આત્મસ્વભાવથી વિપરીત શાસ્ત્રનું ભણવું અને ચારિત્રનું આચરણ કરવું તે બધું જ બાળશ્રુત અને બાળચારિત્ર છે અજ્ઞાનીની ક્રિયા છે કારણ કે અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી તો અભવ્ય જીવ પણ ભણે છે અને બાહ્યમૂળગુણરૂપ ચારિત્ર પાળે છે તો પણ તે મોક્ષને યોગ્ય નથી. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૦૦.

હવે કહે છે કે આવો સાધુ મોક્ષને પામે છે :—

वेरग्गपरो साहू परदव्वपरम्मुहो य जो होदि।
संसारसुहविरत्तो सगसुद्धसुहेसु अणुरत्तो ।।१०१।।
गुणगणविहूसियंगो हेयोपादेयणिच्छिदो साहू।
झाणज्झयणे सुरदो सो पावइ उत्तमं ठाणं ।।१०२।।

वैराग्यपरः साधुः परद्रव्यपराङ्मुखश्च यः भवति।
संसारसुखविरक्तः स्वकशुद्धसुखेषु अनुरक्तः ।।१०१।।
गुणगणविभूषितांगः हेयोपादेयनिश्चितः साधुः।
ध्यानाध्ययने सुरतः सः प्राप्नोति उत्तमं स्थानम् ।।१०२।।

છે સાધુ જે વૈરાગ્યપર ને વિમુખ પરદ્રવ્યો વિષે,
ભવસુખવિરક્ત, સ્વકીય શુદ્ધ સુખો વિષે અનુરક્ત જે. ૧૦૧.
આદેયહેય-સુનિશ્ચયી, ગુણગણવિભૂષિત-અંગ જે,
ધ્યાનાધ્યયનરત જેહ, તે મુનિ સ્થાન ઉત્તમને લહે. ૧૦૨.

**અર્થ :—**આવો સાધુ ઉત્તમ સ્થાન કે જે મોક્ષ તેની પ્રાપ્તિ કરે છે અર્થાત્ જે સાધુ વૈરાગ્યમાં તત્પર હોય, સંસાર, દેહ અને ભોગોથી પહેલા વિરક્ત થઈને મુનિ થયા હોય તેની ભાવનાથી યુક્ત હોય અને પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈ જેવી રીતે વૈરાગ્ય થયો તેવી રીતે પરદ્રવ્યનો ત્યાગ કરી તેનાથી પરાઙ્મુખ રહે, સંસાર સંબંધી ઈન્દ્રિયો દ્વારા વિષયોથી સુખ જેવું થાય છે તેનાથી વિરક્ત થાય અને પોતાના આત્મિક શુદ્ધ અર્થાત્ કષાયોના ક્ષોભથી રહિત નિરાકુળ, શાંતભાવરૂપ જ્ઞાનાનંદમાં અનુરક્ત હોય, લીન હોય, વારંવાર તેની જ ભાવના રહે.

જેનું આત્મપ્રદેશરૂપ અંગ ગુણોથી વિભૂષિત હોય, જે મૂળગુણ, ઉત્તરગુણોથી

આત્માને અલંકૃત—શોભાયમાન કરતો હોય, જેને હેય—ઉપાદેય તત્ત્વનો નિશ્ચય હોય, નિજ આત્મદ્રવ્ય તો ઉપાદેય છે એવો જેને નિશ્ચય હોય અન્ય પરદ્રવ્યના નિમિત્તથી થયેલા પોતાના વિકારી ભાવો તે બધા હેય છે, સાધુ થઈને આત્મના સ્વભાવને સાધવામાં સારી રીતે તત્પર હોય, ધર્મ—શુક્લધ્યાન અને અધ્યાત્મ શાસ્ત્રોને વાંચે છે તેની ભાવનામાં તત્પર હોય, સારી રીતે રત હોય, ઉત્તમ પ્રકારે લીન હોય એવો સાધુ ઉત્તમસ્થાન જે લોકશિખરના ઉપર સિદ્ધક્ષેત્ર તથા મિથ્યાત્વ આદિ ચૌદ ગુણસ્થાનોથી ભિન્ન શુદ્ધભાવરૂપ મોક્ષસ્થાનને પામે છે.

**ભાવાર્થ** :—મોક્ષને સાધવાનો આ જ ઉપાય છે અન્ય કાંઈપણ નથી. ૧૦૧-૧૦૨.

હવે આચાર્ય કહે છે કે —બધાથી ઉત્તમ પદાર્થ શુદ્ધ આત્મા છે તે આ દેહમાં જ રહેલો છે તેને જાણો :—

**णविएहिं जं णविज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं।**
**थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणह॥१०३॥**

नतैः यत् नम्यते ध्यायते ध्यातैः अनवरतम्।
स्तूयमानैः स्तूयते देहस्थं किमपि तत् जानीत॥१०३॥

**પ્રણમે પ્રણત જન, ધ્યાત જન ધ્યાવે નિરંતર જેહને,**
**તું જાણ તત્ત્વ તનસ્થ તે, જે સ્તવનપ્રાપ્ત જનો સ્તવે. ૧૦૩.**

**અર્થ** :—હે ભવ્ય જીવ! આ લોકમાં જે પ્રણામ કરવાયોગ્ય પંચપરમેષ્ઠી ભગવંતો છે તે જેને પ્રણામ કરે છે, ધ્યાન કરવાયોગ્ય પંચ પરમેષ્ઠી ભગવંતો જેનું ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય તીર્થંકરાદિ ભગવંતો જેની સ્તુતિ કરે છે, તે તત્ત્વ (શુદ્ધાત્મા) તારા તનમાં સ્થિત છે તું એને જાણ.

**ભાવાર્થ** :—સંસારી આત્મા જો કે કર્મથી આચ્છાદિત છે તોપણ તીર્થંકરાદિ આ દેહમાં સ્થિત શુદ્ધાત્માનું ધ્યાન કરી મોક્ષ પ્રાપ્ત કરે છે તેથી એમ કહ્યું છે કે લોકમાં નમન કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય તથા સ્તુતિ કરવા યોગ્ય જે તીર્થંકર વગેરે છે તે જેને નમસ્કાર કરે છે, જેનું ધ્યાન કરે છે તથા જેની સ્તુતિ કરે છે એવો વચન અગોચર ભેદજ્ઞાનીઓને અનુભવગોચર જે પરમાત્મ વસ્તુ છે તમે પણ તેનું સ્વરૂપ જાણો, તેને નમસ્કાર કરો, તેનું ધ્યાન કરો, બહાર શા માટે શોધો છો, આવો ઉપદેશ છે. ૧૦૩.

હવે આચાર્ય કહે છે કે જે અરિહંતાદિક પંચ પરમેષ્ઠી છે તે પણ આત્મામાં જ છે તેથી આત્મા જ શરણ છે :—

अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठी।
ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं॥१०४॥

अर्हन्तः सिद्धा आचार्या उपाध्यायाः साधवः पंच परमेष्ठिनः।
ते अपि स्फुटं तिष्ठन्ति आत्मनि तस्मादात्मा स्फुटं मे शरणं॥१०४॥

અર્હંત-સિદ્ધાચાર્ય-અધ્યાપક-શ્રમણ—પરમેષ્ઠી જે,
પાંચેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૪.

**અર્થ** :—અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે પાંચ પરમેષ્ઠી છે તેઓ પણ આત્મામાં જ છે. આત્માની જ અવસ્થા છે. તેથી મારે આત્માનું જ શરણ છે, આ પ્રમાણે આચાર્યદેવે અભેદનય પ્રધાન કરીને કહ્યું છે.

**ભાવાર્થ** :—આ પાંચ પદ આત્માના જ છે, જ્યારે આ આત્મા ઘાતિકર્મનો નાશ કરે છે ત્યારે અરિહંતપદ પ્રાપ્ત થાય છે, તે જ આત્મા અઘાતિકર્મનો નાશ કરી નિર્વાણને પામે છે ત્યારે સિદ્ધપદ કહેવાય છે. જ્યારે શિક્ષા-દીક્ષા આપવાવાળો મુનિ થાય છે ત્યારે આચાર્ય કહેવાય છે. પઠન-પાઠનમાં તત્પર મુનિ થાય છે ત્યારે ઉપાધ્યાય કહેવાય છે અને જ્યારે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને કેવળ સાધે છે ત્યારે સાધુ કહેવાય છે. આ પ્રમાણે પાંચેય પદ આત્મામાં જ છે. તેથી આચાર્ય વિચાર કરે છે તે કે જે આ દેહમાં સ્થિત આત્મા છે તે જો કે (સ્વયં) કર્મથી આચ્છાદિત છે તોપણ પાંચેય પદોને યોગ્ય છે. તેને શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવું પાંચેય પદોનું ધ્યાન છે. તેથી મને આ આત્માનું જ શરણ છે એવી ભાવના કરી છે. અને પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ અંતમંગળ બતાવ્યું છે. ૧૦૪.

હવે કહે છે કે જે અંતિમ સમાધિમરણમાં ચાર આરાધનાનું આરાધન કહ્યું છે તે પણ આત્માની જ ચેષ્ટા છે, તેથી મારે આત્માનું જ શરણ છે :—

सम्मत्तं सण्णाणं सच्चारित्तं हि सत्तवं चेव।
चउरो चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं॥१०५॥

सम्यक्त्वं सज्ज्ञानं सच्चारित्रं हि सत्तपः चैव।
चत्वारः तिष्ठन्ति आत्मनि तस्मादात्मा स्फुटं मे शरणं॥१०५॥

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સત્ચારિત્ર, સત્તપચરણ જે,
ચારેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૫.

**અર્થ** :—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપ એ ચાર આરાધના છે. તે પણ આત્મામાં જ છે. તે ચારેય આત્માની જ અવસ્થા છે. તેથી આચાર્ય કહે છે કે મારે આત્માનું જ શરણ છે. (ભગવતી આરાધના ગાથા નં. ૨)

**ભાવાર્થ** :—આત્માનો નિશ્ચય—વ્યવહારાત્મક તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ પરિણામ તે જ સમ્યગ્દર્શન છે. સંશય, વિમોહ, વિભ્રમથી રહિત અને નિશ્ચય-વ્યવહારથી નિજ સ્વરૂપને યથાર્થ જાણવું સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનથી તત્ત્વાર્થને જાણી રાગ-દ્વેષાદિક રહિત પરિણામ થવા તે સમ્યક્ચારિત્ર છે, પોતાની શક્તિ અનુસાર સમ્યગ્જ્ઞાનપૂર્વક આદર કરી સ્વરૂપને સાધવું તે સમ્યક્ તપ છે. આ પ્રમાણે આ ચારેય પરિણામ આત્માના જ છે. તેથી આચાર્ય કહે છે કે મારે આત્માનું જ શરણ છે. તેની ભાવનામાં ચારેય આવી ગયા.

અંતે સંલ્લેખનામાં ચાર આરાધનાનું આરાધન કરવાનું કહ્યું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ચારેયનો ઉદ્યોત, ઉદ્યવન, નિર્વહણ, સાધન અને નિસ્તરણ એમ પાંચ પ્રકારની આરાધના કહી છે તે આત્મને ભાવવામાં (આત્માની ભાવના—એકાગ્રતા કરવામાં ચારેય આવી ગયા.

અંતમાં સંલેખનામાં ચાર આરાધનાનું આરાધન કહ્યું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ તે ચારેયનો ઉદ્યોત, ઉદ્યવન, નિર્વહણ, સાધન અને નિસ્તરણ એમ પાંચ પ્રકારની આરાધના કહી છે તે આત્માને ભાવવાથી (આત્માની ભાવના-એકાગ્રતા કરવાથી) ચારેય આવી ગઈ. એ પ્રમાણે અંત સંલ્લેખનાની ભાવના આમાં પણ આવી ગઈ એમ જાણવું. તથા આત્મા જ સર્વમંગળરૂપ છે એવું પણ બતાવ્યું છે. ૧૦૫.

હવે આ મોક્ષપાહુડ ગ્રંથ પૂર્ણ કર્યો તેના વાંચવા, સાંભળવા અને ભાવવાનું ફળ કહે છે :—

एवं जिणपण्णत्तं मोक्खस्स य [1]पाहुडं सुभत्तीए।
जो पढइ सुणइ भावइ सो पावइ सासयं सोक्खं॥१०६॥

एवं जिनप्रज्ञप्तं मोक्षस्य च प्राभृतं सुभक्त्या।
यः पठति श्रृणोति भावयति सः प्राप्नोति शाश्वतं सौख्यम्॥१०६॥

**આ જિનનિરૂપિત મોક્ષપ્રાભૃત-શાસ્ત્રને સદ્‌ભક્તિએ,**
**જે પઠન-શ્રવણ કરે અને ભાવે, લહે સુખ નિત્યને. ૧૦૬.**

**અર્થ :—**પૂર્વોક્ત પ્રકારે જિનદેવે કહેલા મોક્ષપાહુડ ગ્રંથને જે જીવ ભક્તિભાવથી ભણે છે તેની વારંવાર ચિંતવનરૂપ ભાવના કરે છે તથા સાંભળે છે, તે જીવ શાશ્વત સુખ, નિત્ય અતીન્દ્રિય જ્ઞાનાનંદમય સુખને પામે છે.

**ભાવાર્થ :—**મોક્ષપાહુડમાં મોક્ષ અને મોક્ષના કારણનું સ્વરૂપ કહ્યું છે અને જે મોક્ષના કારણનું સ્વરૂપ અન્ય પ્રકારે માને છે તેમનો નિષેધ કર્યો છે. તેથી આ ગ્રંથ ભણવાથી, સાંભળવાથી મોક્ષમાર્ગના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન-શ્રદ્ધાન-આચરણ થાય છે, તે ધ્યાનથી કર્મનો નાશ થાય છે. અને તેની વારંવાર ભાવના કરવાથી તેમાં દૃઢ થઈને એકાગ્ર ધ્યાનનું સામર્થ્ય થાય છે. એ ધ્યાનથી કર્મનો નાશ થઈ શાશ્વત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી આ ગ્રંથને ભણવો, સાંભળવો તથા નિરંતર ભાવના રાખવી એવો આશય છે. ૧૦૬.

આ પ્રમાણે શ્રી કુંદકુંદઆચાર્યદેવે આ મોક્ષપાહુડ ગ્રંથ સંપૂર્ણ કર્યો. તેનો સંક્ષેપ આ પ્રમાણે છે કે આ જીવ શુદ્ધ દર્શન-જ્ઞાનમયી ચેતના સ્વરૂપ છે તોપણ અનાદિથી જ પુદ્‌ગલકર્મના સંયોગથી અજ્ઞાન, મિથ્યાત્વ, રાગદ્વેષાદિક વિભાવરૂપે પરિણમે છે તેથી નવીન કર્મબંધના સંતાનથી સંસારમાં ભ્રમણ કરે છે. જીવની પ્રવૃત્તિના સિદ્ધાંતમાં સામાન્યરૂપે ચૌદ ગુણસ્થાન નિરૂપણ કર્યા છે—તેમાં મિથ્યાત્વના ઉદયથી મિથ્યાત્વ ગુણસ્થાન થાય છે. મિથ્યાત્વનો સહકારી અનંતાનુબંધી કષાય છે. કેવળ તેના ઉદયથી સાસાદન ગુણસ્થાન થાય છે. અને સમ્યક્‌ત્વ મિથ્યાત્વના બંનેના મિલાપરૂપ મિશ્ર પ્રકૃતિના ઉદયથી મિશ્ર ગુણસ્થાન થાય છે. આ ત્રણ ગુણસ્થાનોમાં તો આત્મભાવનાનો અભાવ જ છે.

જ્યારે [૧]કાળલબ્ધિના નિમિત્તે જીવાજીવ પદાર્થોનું જ્ઞાન-શ્રદ્ધાન થવાથી સમ્યક્‌ત્વ થાય છે ત્યારે આ જીવને પોતાના અને પરના હિત-અહિતનું તથા હેય-ઉપાદેયનું જાણવું થાય છે. ત્યારે આત્માની ભાવના થાય છે. ત્યારે અવિરત નામનું ચોથું ગુણસ્થાન હોય છે. જ્યારે પરદ્રવ્યથી એકદેશ નિવૃત્તિના પરિણામ હોય છે ત્યારે જે એકદેશ ચારિત્રરૂપ પાંચમું ગુણસ્થાન થાય છે તેને શ્રાવકપદ કહે છે. પરદ્રવ્યથી સર્વદેશ નિવૃત્તિરૂપ પરિણામ

---

૧. 'पाहुड' નું પાઠાન્તર 'कारणं' છે, સં. છાયામાં પણ સમજી લેવું.

થાય ત્યારે સકળ ચારિત્રરૂપ છઠ્ઠું ગુણસ્થાન હોય છે તેમાં કંઈક સંજ્વલન ચારિત્રમોહના તીવ્ર ઉદયથી સ્વરૂપને સાધવામાં પ્રમાદ થાય છે. તેથી તેનું નામ પ્રમત્ત છે. અહીંથી શરૂ કરીને ઉપરના ગુણસ્થાનવાળાઓને સાધુ કહે છે.

(૧ સ્વસન્મુખતારૂપ નિજ પરિણામની પ્રાપ્તિનું નામ જ ઉપાદાનરૂપ નિશ્ચય કાળલબ્ધિ છે. તે હોય તો તે સમયે બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિ ઉચિત સામગ્રીનું નિમિત્ત હોય છે—તે ઉપચાર કારણ છે, અન્યથા ઉપચાર પણ નથી.)

જ્યારે સંજ્વલન ચારિત્રમોહનો મંદ ઉદય હોય છે ત્યારે પ્રમાદનો અભાવ થઈને સ્વરૂપને સાધવામાં ઘણો ઉદ્યમ થાય છે ત્યારે તેનું નામ અપ્રમત્ત એવું સાતમું ગુણસ્થાન છે તેમાં ધર્મધ્યાનની પૂર્ણતા છે. જીવ જ્યારે આ ગુણસ્થાનમાં સ્વરૂપમાં લીન થાય ત્યારે સાતિશય અપ્રમત્ત હોય છે, શ્રેણીનો પ્રારંભ કરે છે ત્યારે તેને ઉપર ચારિત્રમોહના અવ્યક્ત ઉદયરૂપ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય નામના આ ત્રણ ગુણસ્થાન હોય છે. ચોથાથી લઈને દસમા સૂક્ષ્મ સાંપરાય સુધી કર્મની નિર્જરા વિશેષરૂપે ગુણશ્રેણીરૂપ હોય છે.

તેનાથી ઉપર મોહકર્મના (ઉદયના) અભાવરૂપ અગિયારમું ઉપશાંત કષાય અને બારમું ક્ષીણકષાય ગુણસ્થાન હોય છે. તેના પછી બાકીના ત્રણ ઘાતિકર્મોનો નાશ કરી અનંત ચતુષ્ટય પ્રગટ કરી અરિહંત થાય છે. આ સયોગી જિન નામનું તેરમું ગુણસ્થાન છે. અહીં યોગની પ્રવૃત્તિ છે. યોગોનો નિરોધ કરી અયોગી જિન નામનું ચૌદમું ગુણસ્થાન થાય છે. અહીં અઘાતિયા કર્મોનો પણ નાશ કરીને જીવ અનંતર સમયમાં નિર્વાણપદને પામે છે. અહીં સંસારના અભાવથી મોક્ષ નામ પામે છે.

આ પ્રમાણે સર્વ કર્મના અભાવરૂપ મોક્ષ થાય છે, તેનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું, **તેની પ્રવૃત્તિ ચોથા ગુણસ્થાનથી સમ્યક્ત્વ પ્રગટ થવાથી એકદેશ હોય છે.** અહીંથી લઈને આગળ જેમ-જેમ કર્મનો અભાવ થાય છે તેમ-તેમ સમ્યગ્દર્શન વગેરેની પ્રવૃત્તિ વધતી જાય છે અને જેમ જેમ તેમની પ્રવૃત્તિ વધે છે તેમ તેમ કર્મનો અભાવ થતો જાય છે. જ્યારે ઘાતિકર્મનો અભાવ થાય છે ત્યારે તેરમા ગુણસ્થાનમાં અર્હંત થઈને જીવનમુક્ત કહેવાય છે. અને ચૌદમા ગુણસ્થાનના અંતમાં રત્નત્રયની પૂર્ણતા થાય છે તેથી અઘાતિ કર્મનો પણ નાશ થાય છે ત્યારે સાક્ષાત્ મોક્ષ થઈને તેને સિદ્ધ કહેવાય છે.

આ પ્રમાણે મોક્ષનું અને મોક્ષના કારણનું સ્વરૂપ જિનાગમથી જાણી અને

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષનું કારણ કહ્યું છે તેમને નિશ્ચય-વ્યવહારરૂપ યથાર્થ જાણી સેવન કરવું. તપ પણ મોક્ષનું કારણ છે તેને પણ ચારિત્રમાં અંતર્ભૂત કરી ત્રયાત્મક જ કહ્યું છે. આ પ્રમાણે આ કારણથી તો પ્રથમ તો તે ભવે જ મોક્ષ થાય છે. જ્યાં સુધી કારણની પૂર્ણતા થતી નથી તેના પહેલા કદાચિત્ આયુકર્મની પૂર્ણતા થઈ જાય તો સ્વર્ગમાં દેવ થાય છે અને **ત્યાં પણ એવી વાંછા રહે છે કે આ [૧]શુભોપયોગનો અપરાધ છે.** અહીંથી ચ્યવીને મનુષ્ય થઈશ ત્યારે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનું સેવન કરી મોક્ષ પ્રાપ્ત કરીશ એવી ભાવના રહે છે ત્યારે ત્યાંથી ચ્યવીને મોક્ષ પામે છે. (૧. પુરુષાર્થસિદ્ધિ-ઉપાય શ્લોક નં. ૨૨૦ "રત્નત્રયરૂપ ધર્મ છે તે નિર્વાણનું જ કારણ છે અને તે સમયે પુણ્યનો આસ્રવ થાય છે તે શુભોપયોગનો અપરાધ છે.)

અત્યારે આ પંચમકાળમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સામગ્રીનું નિમિત્ત નથી તેથી તદ્દ્ભવ મોક્ષ નથી, તોપણ જો રત્નત્રયનું શુદ્ધતાપૂર્વક પાલન કરે તો અહીંથી દેવપર્યાય પામીને પછી મનુષ્ય થઈને મોક્ષ પામે છે. તેથી એવો ઉપદેશ છે કે જેમ બને તેમ રત્નત્રયની પ્રાપ્તિનો ઉપાય કરવો. **તેમાં પણ સમ્યગ્દર્શન પ્રધાન છે તેનો ઉપાય તો અવશ્ય કરવો જોઈએ.** તેથી જિનાગમને સમજીને સમ્યક્ત્વનો ઉપાય અવશ્ય કરવાયોગ્ય છે. આ પ્રમાણે આ ગ્રંથનો સંક્ષેપ જાણો.

(છપ્પય)

સમ્યગ્દર્શન જ્ઞાન ચરણ શિવકારણ જાનૂં,
તે નિશ્ચય વ્યવહારરૂપ નીકેં લખિ માનૂં;
સેવો નિશદિન ભક્તિભાવ ધરિ નિજબલ સારૂ,
જિન આજ્ઞા સિર ધારિ અન્યમત તજિ અઘકારૂ.
ઈસ માનુષભવકૂં પાયકૈં અન્ય ચારિત મતિ ધરો;
ભવિજીવનિકૂં ઉપદેશ યહ ગહિકરિ શિવપદ સંચરો. ૧

(દોહા)

બંદૂં મંગલરૂપ જે અર મંગલકરતાર;
પંચ પરમ ગુરુ પદ કમલ ગ્રંથ અંત હિતકાર. ૨

અહીં કોઈ પૂછે કે —ગ્રંથમાં ઘણી જગ્યાએ પંચ ણમોકારનો મહિમા ઘણો લખ્યો છે, મંગલકાર્યમાં વિઘ્નને દૂર કરવા માટે તેમને જ મુખ્ય કહ્યા છે. અને આમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર છે. તે પંચપરમેષ્ઠીની પ્રધાનતા થઈ. પંચ પરમેષ્ઠીને પરમગુરુ કહ્યા

તેમાં આ જ મંત્રનો મહિમા તથા મંગલરૂપપણું અને તેથી વિઘ્નનું નિવારણ, પંચ પરમેષ્ઠીનું પ્રધાનપણું અને ગુરુપણું તથા નમસ્કાર કરવા માટે યોગ્યપણું કઈ રીતે છે? તે કહો.

તેના સમાધાનરૂપ કંઈક લખીએ છીએ :—પ્રથમ તો પંચ ણમોકાર મંત્ર છે તેના પાંત્રીસ અક્ષર છે તે મંત્રના બીજાક્ષર છે. તથા તેમનો યોગ બધા મંત્રોમાં પ્રધાન છે. આ અક્ષરોનું ગુરુ આમ્નાયથી શુદ્ધ ઉચ્ચારણ થાય તથા સાધન યથાર્થ હોય ત્યારે તે અક્ષર કાર્યમાં વિઘ્નને દૂર કરવામાં કારણ છે તેથી મંગલરૂપ છે. 'મ' અર્થાત્ પાપને ગાળે તેને મંગલ કહે છે તથા 'મંગ' અર્થાત સુખને લાવે, આપે તેને મંગળ કહે છે તેનાથી બંને કાર્ય થાય છે. ઉચ્ચારણથી વિઘ્ન ટળે છે, અર્થનો વિચાર કરવાથી સુખ થાય છે તેથી તેને મંત્રોમાં પ્રધાન કહ્યો છે. આ પ્રમાણે તો મંત્રનો આશ્રય મહિમા છે.

પંચ પરમેષ્ઠીને નમસ્કાર આમાં છે— આ પંચ પરમેષ્ઠી અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે છે, તેમનું સ્વરૂપ તો ગ્રંથમાં પ્રસિદ્ધ છે તોપણ કાંઈક લખીએ છીએ :—આ અનાદિનિધન અકૃત્રિમ સર્વજ્ઞની પરંપરાથી સિદ્ધ આગમમાં કહ્યો છે એવો ષટ્દ્રવ્ય સ્વરૂપ લોક છે તેમાં જીવ દ્રવ્ય અનંતાનંત છે અને પુદ્ગલ દ્રવ્ય તેનાથી અનંતાનંતગુણા છે. એક-એક ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશદ્રવ્ય છે અને કાળદ્રવ્ય અસંખ્યાત છે. જીવ તો દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે. અજીવ પાંચ છે તે ચેતનારહિત જડ છે—ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—આ ચાર દ્રવ્યો તો જેવા છે તેવા જ રહે છે. તેમને વિકાર પરિણતિ થતી નથી. જીવ-પુદ્ગલ દ્રવ્યને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવથી વિભાવ પરિણતિ છે તેમાં પણ પુદ્ગલ તો જડ છે તેને વિભાવ પરિણતિનું સુખ-દુઃખનું સંવેદન નથી અને જીવ ચેતન છે તેને સુખ-દુઃખનું સંવેદન છે.

જીવ અનંતાનંત છે તેમાં કેટલાક તો સંસારી છે અને કેટલાક સંસારથી નિવૃત્ત થઈને સિદ્ધ થઈ ચૂક્યા છે. સંસારી જીવોમાં કેટલાક તો અભવ્ય છે તથા અભવ્યના સમાન છે. એ બંને જાતિના જીવો સંસારથી નિવૃત્ત ક્યારેય પણ થતા નથી. તેમનો સંસાર અનાદિનિધન છે. કેટલાક ભવ્ય છે તે સંસારથી નિવૃત્ત થઈને સિદ્ધ થાય છે આ પ્રમાણે જીવોની વ્યવસ્થા છે. હવે તેમને સંસારની ઉત્પત્તિ કેવી રીતે છે તે કહે છે :—

જીવોને જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનો અનાદિ બંધરૂપ પર્યાય છે. તે બંધના ઉદયના નિમિત્તે જીવ રાગ-દ્વેષ મોહાદિ વિભાવ પરિણતિરૂપ પરિણમે છે. તે વિભાવ પરિણતિના નિમિત્તે નવીન કર્મબંધ થાય છે. આ પ્રમાણે તે જીવોને સંતાનપરંપરાથી ચતુર્ગતિરૂપ

સંસારની પ્રવૃત્તિ થાય છે, આ સંસારમાં ચારેય ગતિમાં અનેક પ્રકારે સુખ-દુઃખરૂપ થયો થકો ભ્રમણ કરે છે. જ્યારે કોઈ કાળ એવો આવે કે મુક્તિ નિકટ થઈ જાય ત્યારે સર્વજ્ઞના ઉપદેશનું નિમિત્ત પામી પોતાના સ્વરૂપને અને કર્મબંધના સ્વરૂપને, પોતાના આંતરિક વિભાવના સ્વરૂપને જાણી તેનું ભેદજ્ઞાન થાય ત્યારે પરદ્રવ્યને સંસારનું નિમિત્ત જાણી તેનાથી વિરક્ત થાય, પોતાના સ્વરૂપના અનુભવનું સાધન કરે—દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવમાં સ્થિર થવાનું સાધન કરે ત્યારે તેને બાહ્ય સાધન હિંસાદિક પાંચ પાપોના ત્યાગરૂપ નિર્ગ્રંથ પદ, સર્વ પરિગ્રહના ત્યાગરૂપ નિર્ગ્રંથ દિગંબર મુદ્રા ધારણ કરે, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ પ્રવર્તે ત્યારે સર્વ જીવો પર દયા કરવાવાળો સાધુ કહેવાય છે.

આમાં ત્રણ પદ હોય છે—જે પોતે સાધુ થઈને અન્યને સાધુપદની શિક્ષા-દીક્ષા આપે તે આચાર્ય કહેવાય છે. સાધુ થઈને જિનસૂત્રને ભણે-ભણાવે તે ઉપાધ્યાય કહેવાય છે. જે પોતાના સ્વરૂપના સાધનમાં રહે તેને સાધુ કહેવાય છે. જે સાધુ થઈને પોતાના સ્વરૂપના સાધનના ધ્યાનના બળથી ચાર ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ અને અનંતવીર્યને પ્રાપ્ત થાય તે અર્હંત કહેવાય છે. ત્યારે તીર્થંકર તથા સામાન્ય કેવળી જેઓ ઇન્દ્રાદિકથી પૂજ્ય હોય તેમની વાણી ખરે છે જેનાથી સર્વે જીવોનો ઉપકાર થાય છે. અહિંસાધર્મનો ઉપદેશ થાય છે. સર્વ જીવોની રક્ષા કરાવે છે, યથાર્થ પદાર્થોનું સ્વરૂપ બતાવી મોક્ષમાર્ગને દેખાડે છે. આ પ્રમાણે અર્હંતપદ હોય છે અને જે ચાર અઘાતિ કર્મોનો પણ નાશ કરી સર્વે કર્મોથી રહિત થઈ જાય છે તે સિદ્ધ કહેવાય છે.

આ પ્રમાણે આ પાંચ પદ છે એ અન્ય સર્વજીવોથી મહાન છે. તેથી પાંચ પરમેષ્ઠી કહેવાય છે. તેમનું નામ તથા સ્વરૂપનું દર્શન, સ્મરણ, ધ્યાન, પૂજન, નમસ્કારથી અન્ય જીવોને શુભ પરિણામ થાય છે તેથી પાપનો નાશ થાય છે. વર્તમાન વિઘ્નનો વિલય થાય છે. આગામી પુણ્યનો બંધ થાય છે તેથી સ્વર્ગાદિક શુભગતિ પામે છે તેમની આજ્ઞાનુસાર પ્રવર્તવાથી પરંપરાએ સંસારથી નિવૃત્તિ પણ થાય છે. તેથી આ પાંચ પરમેષ્ઠી સર્વ જીવોના ઉપકારી પરમગુરુ છે, સર્વે સંસારી જીવોમાં પૂજ્ય છે. તેમના સિવાય અન્ય સંસારી જીવ રાગ-દ્વેષ-મોહાદિ વિકારોથી મલિન છે તે પૂજ્ય નથી. તેમને મહાનપણું, ગુરુપણું, પૂજ્યપણું નથી. તેઓ પોતે કર્મોના વશે મલિન છે ત્યારે અન્યનું પાપ તેમનાથી કઈ રીતે કપાય ?

આ પ્રમાણે જિનમતમાં આ પાંચ પરમેષ્ઠીનું મહાનપણું પ્રસિદ્ધ છે અને ન્યાયના

બળથી પણ એમ જ સિદ્ધ થાય છે કારણ કે જે સંસારના ભ્રમણથી રહિત હોય તેઓ જ અન્યને સંસારનું ભ્રમણ મટાડવાનું કારણ થાય છે. જેમ જેની પાસે ધનાદિ વસ્તુ હોય તે જ અન્યને ધનાદિ આપી શકે અને પોતે દરિદ્ર હોય તો અન્યની દરિદ્રતા કઈ રીતે ઘટાડે? આ પ્રમાણે જાણવું. જેમને સંસારના દુઃખ મટાડવા હોય અને સંસાર ભ્રમણના દુઃખરૂપ જન્મ-મરણથી રહિત થવું હોય તે અરિહંતાદિક પંચ પરમેષ્ઠીના નામમંત્રનો જાપ કરે. તેમના સ્વરૂપનું દર્શન, સ્મરણ ધ્યાન કરે તેનાથી શુભ પરિણામ થઈને પાપનો નાશ થાય છે. સર્વ વિઘ્ન ટળે છે. પરંપરાએ સંસારનું ભ્રમણ મટે છે. કર્મનો નાશ થઈ મુક્તિની પ્રાપ્તિ થાય છે એવો જિનમતનો ઉપદેશ છે. તેથી ભવ્ય જીવોએ તે અંગીકાર કરવા યોગ્ય છે.

અહીં કોઈ કહે—અન્યમતમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરે ઈષ્ટદેવ માને છે તેમને પણ વિઘ્ન ટળતા જોવામાં આવે છે તથા તેમના મતમાં પણ રાજાદિ મોટા મોટા પુરુષો જોવામાં આવે છે તેમને પણ તે ઈષ્ટ વિઘ્નાદિકને મટાડવાવાળા છે તે જ રીતે તમે પણ કહો છો, તો એવું કેમ કહો છો કે આ પાંચ પરમેષ્ઠી જ પ્રધાન છે અન્ય નથી? તેમને કહીએ છીએ કે હે ભાઈ! જીવોને દુઃખ તો સંસારભ્રમણનું છે એ સંસાર ભ્રમણનું કારણ રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ છે તથા રાગાદિ વર્તમાનમાં આકુળતામય દુઃખસ્વરૂપ છે તેથી આ બ્રહ્માદિક ઈષ્ટદેવ કહ્યા તે તો રાગાદિ તથા કામક્રોધાદિ યુક્ત છે. અજ્ઞાન તપના ફળથી કોઈ જીવો લોકમાં ચમત્કાર સહિત રાજાદિક મોટું પદ પામે છે તેમને લોક મોટા માની બ્રહ્માદિક ભગવાન કહેવા લાગી જાય છે. અને કહે છે કે આ પરમેશ્વર પણ બ્રહ્માના અવતાર છે તો એવું માનવાથી તો કાંઈ મોક્ષમાર્ગી તથા મોક્ષરૂપ થતા નથી સંસારી રહે છે.

તે રીતે અન્ય દેવ પણ સર્વપદવાળા જાણવા તે પોતે જ રાગાદિકથી દુઃખરૂપ છે, જન્મ-મરણ સહિત છે તેઓ પરના સંસારનું દુઃખ કઈ રીતે મટાડે? તેમના મતમાં વિઘ્નનું ટળવું અને રાજાદિક મોટા પુરુષનું થવું કહેવાય છે તે તો તે જીવોએ પહેલા કાંઈક શુભકર્મ બાંધ્યા હતા તેનું ફળ છે. પૂર્વજન્મમાં કાંઈક શુભ પરિણામ કર્યા હતા તેથી પુણ્યકર્મ બંધાયું હતું તેના ઉદયથી કાંઈક વિઘ્ન ટળે છે અને રાજાદિક પદ પામે છે તે તો પહેલા કંઈક અજ્ઞાન તપ કર્યું તેનું ફળ છે. આ તો પુણ્ય-પાપરૂપ સંસારની ચેષ્ટા છે તેમાં કાંઈ મોટાઈ નથી. મોટાઈ તો તેમાં છે કે જેનાથી સંસારનું ભ્રમણ મટે. આ તો વીતરાગવિજ્ઞાનભાવરૂપથી જ મટશે. આ વીતરાગવિજ્ઞાન ભાવયુક્ત પાંચ પરમેષ્ઠી છે તે જ સંસારભ્રમણનું દુઃખ મટાડવામાં કારણ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વર્તમાનમાં કંઈક પૂર્વ શુભકર્મના ઉદયથી પુણ્યનો ચમત્કાર દેખી તથા પાપનું દુઃખ દેખી ભ્રમમાં પડવું નહીં. પુણ્ય-પાપ બંને સંસાર છે તેનાથી રહિત મોક્ષ છે. તેથી સંસારથી છૂટી મોક્ષ થાય એવો ઉપાય કરવો. વર્તમાનમાં પણ જેવું વિઘ્ન પંચ પરમેષ્ઠીના નામ, મંત્ર, ધ્યાન, દર્શન સ્મરણથી મટશે તેવું અન્યના નામાદિકથી નહીં મટે કારણ કે પંચ પરમેષ્ઠી જ શાંતિરૂપ છે. કેવળ શુભ પરિણામોનું જ કારણ છે અન્ય ઈષ્ટનું રૂપ તો રૌદ્રરૂપ છે તેમના દર્શન-સ્મરણ તો રાગાદિક તથા ભયાદિકના કારણ છે તેનાથી તો શુભ પરિણામ થતા દેખાતા નથી. કોઈને કદાચિત કંઈક ધર્માનુરાગના વશે શુભ પરિણામ હોય તો તેમનાથી થયા કહેવાતા નથી. તે પ્રાણીને સ્વાભાવિક ધર્માનુરાગના વશે થાય છે તેથી અતિશયવાન શુભ પરિણામનું કારણ તો શાંતિરૂપ પંચ પરમેષ્ઠીનું જ રૂપ છે. તેથી તેમની આરાધના કરવી. નકામી યુક્તિ સાંભળી ભ્રમમાં ન પડવું એમ જાણવું.

આ પ્રમાણે શ્રી કુંદકુંદસ્વામી રચિત મોક્ષપ્રાભૃતની જયપુરનિવાસી
પંડિત જયચંદ્રજી છાબડાની દેશભાષામય વચનિકાનો
ગુજરાતી ભાષાનુવાદ સમાપ્ત થયો.

❀

સહજ ચિદાનંદ.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# લિંગપાહુડ

– ૭ –

હવે લિંગપાહુડની વચનિકાનો અનુવાદ લખીએ છીએ :—

( દોહા )

જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકૂં ધ્યાય;
કર્મ નાશિ શિવસુખ લિયો બંદૂ તિનકે પાંય. ૧

આ પ્રમાણે મંગળ માટે જે મુનિઓએ શિવસુખને પ્રાપ્ત કર્યું છે તેમને નમસ્કાર કરીને શ્રી કુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ લિંગપાહુડ નામના ગ્રંથની દેશભાષામય વચનિકાનો ગુજરાતી અનુવાદ લખવામાં આવે છે—પ્રથમ જ આચાર્ય મંગળ માટે ઈષ્ટને નમસ્કાર કરી ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા કરે છે :—

काऊण णमोक्कारं अरहंताणं तहेव सिद्धाणं।
वोच्छामि समणलिंगं पाहुडसत्थं समासेण।।१।।

कृत्वा नमस्कारं अर्हतां तथैव सिद्धानाम्।
वक्ष्यामि श्रमणलिंगं प्राभृतशास्त्रं समासेन।।१।।

કરીને નમન ભગવંત શ્રી અર્હંતને, શ્રી સિદ્ધને,
ભાખીશ હું સંક્ષેપથી મુનિલિંગપ્રાભૃતશાસ્ત્રને. ૧.

**અર્થ** :—આચાર્ય કહે છે કે હું અરિહંતને તેમ જ સિદ્ધોને નમસ્કાર કરીને જેમાં શ્રમણલિંગનું નિરૂપણ છે તેવા પાહુડ શાસ્ત્રને કહીશ.

**ભાવાર્થ** :—આ કાળમાં મુનિનું લિંગ જેવું જિનદેવે કહ્યું છે તેમાં વિપર્યય થઈ ગયું છે. તેનો નિષેધ કરવા માટે આ લિંગ નિરૂપણ શાસ્ત્ર આચાર્યે રચ્યું છે તેની શરૂઆતમાં ઘાતિકર્મનો નાશ કરી અનંતચતુષ્ટય પ્રાપ્ત કરી અર્હંત થયા તેઓએ યથાર્થરૂપે શ્રમણનો માર્ગ પ્રવર્તાવ્યો અને તે લિંગને સાધી સિદ્ધ થયા. આ પ્રમાણે અર્હંત સિદ્ધોને

નમસ્કાર કરી ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા કરી છે. ૧.

હવે કહે છે કે જે બાહ્યવેષમય લિંગ છે તે અંતરંગધર્મ સહિત કાર્યકારી છે :—

धम्मेण होइ लिंगं ण लिंगमेत्तेण धम्मसंपत्ती।
जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो।।२।।

धर्मेण भवति लिंगं न लिंगमात्रेण धर्मसंप्राप्तिः।
जानीहि भावधर्मं किं ते लिंगेन कर्तव्यम्।।२।।

હોયે ધરમથી લિંગ, ધર્મ ન લિંગમાત્રથી હોય છે;
રે! ભાવધર્મ તું જાણ, તારે લિંગથી શું કાર્ય છે? ૨.

**અર્થ** :—ધર્મ સહિત તો લિંગ હોય છે પરંતુ લિંગમાત્રથી ધર્મની પ્રાપ્તિ થતી નથી. તેથી હે ભવ્ય જીવ! તું ભાવરૂપ ધર્મને જાણ કેવળ લિંગથી તારું શું કાર્ય થાય? એટલે કે કંઈપણ ન થાય.

**ભાવાર્થ** :—અહીં એમ જાણો કે લિંગ એવું ચિહ્ન, બાહ્યવેષ ધારણ કરવો તે મુનિનું ચિહ્ન છે. જો અંતરંગ વીતરાગસ્વરૂપ ધર્મ હોય તો તેના સહિત આ ચિહ્ન સત્યાર્થ હોય છે અને આ વીતરાગસ્વરૂપ આત્માના ધર્મ વિના બાહ્ય(લિંગ) વેષમાત્રથી ધર્મની સંપત્તિની (સમ્યક્પણે) પ્રાપ્તિ નથી. તેથી ઉપદેશ આપ્યો છે કે અંતરંગ ભાવધર્મ રાગ-દ્વેષ રહિત આત્માનો શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ સ્વભાવધર્મ છે. હે ભવ્ય! તું તેને જાણ. તારે બાહ્યવેષમાત્રથી શું કામ છે? કાંઈપણ નહીં. અહીં એવું પણ જાણવું કે જિનમતમાં ત્રણ લિંગ કહ્યા છે એક તો મુનિનું યથાજાત દિગંબર લિંગ, બીજું ઉત્કૃષ્ટ શ્રાવકનું અને ત્રીજું આર્યિકાનું. આ ત્રણેય લિંગને ધારણ કરી ભ્રષ્ટ થઈ જે કુક્રિયા કરે છે તેનો નિષેધ છે. અન્યમતના ઘણા વેષ છે. તેમને પણ ધારણ કરી કુક્રિયા કરે છે તે પણ નિંદાને પાત્ર છે. તેથી વેષ ધારણ કરી કુક્રિયા ન કરવી એમ કહ્યું છે. ૨.

હવે કહે છે કે જે જિનલિંગ (નિર્ગ્રંથ દિગંબરરૂપ)ને ગ્રહણ કરી કુક્રિયા કરી મજાક બનાવે છે તે જીવો પાપબુદ્ધિ છે :—

जो पावमोहिदमदी लिंगं घेत्तूण जिणवरिंदाणं।
उवहसदि लिंगिभावं [1]लिंगं णासेदि लिंगीणं।।३।।

---

૧ પાઠાન્તર– 'लिंगिम्मिय णारदो लिंगी' ની જગ્યાએ 'लिंगं णासेदि लिंगीणं'।

यः पापमोहितमतिः लिंगं गृहीत्वा जिनवरेन्द्राणाम्।
उपहसति लिंगिभावं लिंगिषु नारदः लिंगी॥३॥

જે પાપમોહિતબુદ્ધિ, જિનવરલિંગ ધરી, લિંગિત્વને;
ઉપહસિત કરતો, તે વિઘાતે લિંગીઓના લિંગને. ૩.

**અર્થ** :—જે જિનવરેન્દ્ર અર્થાત્ તીર્થંકરદેવના નગ્ન દિગંબરરૂપ લિંગને ગ્રહણ કરી લિંગીપણાના ભાવનો ઉપહાસ કરે છે—હાસ્યમાત્ર સમજે છે તે લિંગી અર્થાત્ વેષધારી જેની બુદ્ધિ પાપથી મોહિત છે તે નારદ જેવો છે અથવા આ ગાથાના ચોથાપદનું પાઠન્તર એવું છે કે "लिंगं णासेदि लिंगीणं" તેનો અર્થ—આ લિંગી અન્ય જે કોઈ લિંગોના ધારક છે તેમના લિંગને પણ નષ્ટ કરે છે. એવું બતાવે છે કે લિંગી બધા આવા હોય છે.

**ભાવાર્થ** :—લિંગધારી થઈને પાપબુદ્ધિથી કાંઈક કુક્રિયા કરે ત્યારે તેણે લિંગપણાને હાસ્યમાત્ર માન્યું. કંઈ કાર્યકારી ન માન્યું. લિંગીપણું તો ભાવશુદ્ધિથી શોભા પામે છે. જ્યારે ભાવ બગડે ત્યારે બાહ્ય કુક્રિયા કરવા લાગી જાય ત્યારે તેણે તે લિંગને લજવ્યું અને અન્ય લિંગીઓના લિંગને પણ કલંક લગાવ્યું. લોકો કહે કે લિંગીઓ આવા જ હોય છે. અથવા જેમ નારદનો વેષ છે તેમાં તે પોતાની ઈચ્છાનુસાર સ્વચ્છંદ પ્રવર્તે છે તે જ રીતે આ વેષધારી પણ ઠર્યો. તેથી આચાર્યએ એવો આશય ધારણ કરીને કહ્યું છે કે જિનેન્દ્રના વેષને લજવવો યોગ્ય નથી. ૩.

હવે લિંગ ધારણ કરીને કુક્રિયા કરે તેને પ્રગટ કહે છે :—

णच्चदि गायदि तावं वायं वाएदि लिंगरूवेण।
सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो॥४॥

नृत्यति गायति तावत् वाद्यं वादयति लिंगरूपेण।
सः पापमोहितमतिः तिर्यग्योनिः न सः श्रमणः॥४॥

જે લિંગ ધારી નૃત્ય, ગાયન, વાદ્યવાદનને કરે,
તે પાપમોહિતબુદ્ધિ છે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૪.

**અર્થ** :—જે લિંગરૂપ ધારણ કરી નૃત્ય કરે છે, ગાય છે, વાજિંત્ર વગાડે છે તે પાપથી મોહિત બુદ્ધિવાળો છે, તિર્યંચ યોનિ છે, પશુ છે, શ્રમણ નથી.

**ભાવાર્થ** :—લિંગ ધારણ કરીને ભાવ બગાડી, નાચવું, ગાવું, વગાડવું, ઈત્યાદિ ક્રિયાઓ કરે છે તે પાપબુદ્ધિ છે, પશુ છે, અજ્ઞાની છે, મનુષ્ય નથી. મનુષ્ય હોય તો પોતાનું શ્રમણપણું રાખે. જેમ નારદ વેષધારી નાચે છે, ગાય છે, વગાડે છે તેમ આ પણ વેષધારી થઈ ઉત્તમ વેષને લજવે છે. તેથી લિંગ ધારણ કરી આવું કરવું યોગ્ય નથી. ૪.

હવે ફરી કહે છે કે :—

सम्मूहदि रक्खेदि य अट्टं झाएदि बहुपयत्तेण।
सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।५।।

समूहयति रक्षति च आर्त्तं ध्यायति बहुप्रयत्नेन।
सः पापमोहितमतिः तिर्यग्योनिः न सः श्रमणः।।५।।

જે સંગ્રહે, રક્ષે બહુશ્રમપૂર્વ, ધ્યાવે [૬]આર્તને,
તે પાપમોહિતબુદ્ધિ છે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૫.

**અર્થ** :—જે નિર્ગ્રંથ લિંગ ધારણ કરી પરિગ્રહને સંગ્રહે છે અથવા તેની વાંછા, ચિંતવન, મમત્વ કરે છે અને તે પરિગ્રહની રક્ષા કરે છે તેના માટે ઘણો પ્રયત્ન કરે છે, તેના માટે નિરંતર આર્તધ્યાન કરે છે તે પાપથી મોહિત બુદ્ધિવાળો છે, તિર્યંચયોનિ છે, પશુ છે, અજ્ઞાની છે, તે શ્રમણ તો નથી પણ શ્રમણપણાને બગાડે છે એમ જાણવું. ૫.

આગળ હવે ફરી કહે છે :—

कलहं वादं जूवा णिच्चं बहुमाणगव्विओ लिंगी।
[१]वच्चदि णरयं पावो करमाणो लिंगिरूवेण।।६।।

कलहं वादं द्यूतं नित्यं बहुमानगर्वितः लिंगी।
व्रजति नरकं पापः कुर्वाणः लिंगिरूपेण।।६।।

દ્યૂત જે રમે, બહુમાન-ગર્વિત વાદ-કલહ સદા કરે,
લિંગીરૂપે કરતો થકો પાપી નરકગામી બને. ૬.

**અર્થ** :—જે લિંગધારી ઘણા માન-કષાયથી ગર્વિત થઈને નિરંતર કલહ કરે છે,

---

૧. પાઠાન્તર : 'वच्च' 'वज्ज'।

વાદ કરે છે, દ્યુતક્રીડા કરે છે તે પાપી નરકને પ્રાપ્ત થાય છે અને પાપથી આવું જ કરતો રહે છે.

**ભાવાર્થ** :—જો ગૃહસ્થ રહીને આવી ક્રિયા કરે તેને તો તે ઠપકો આપે છે. કારણ કે કદાચિત્ ગૃહસ્થ તો ઉપદેશાદિનું નિમિત્ત પામી કુક્રિયા કરતો અટકી જાય તો નરક ન જાય પરંતુ લિંગ ધારણ કરી તે રૂપે કુક્રિયા કરે છે તેને ઉપદેશ પણ લાગતો નથી. તેથી તે નરકનું જ પાત્ર થાય છે. ૬.

હવે ફરી કહે છે :—

पाओपहदंभावो सेवदि य अबंभु लिंगिरूवेण।
सो पावमोहिदमदी हिंडदि संसारकंतारे॥७॥

पापोपहतभावः सेवते च अब्रह्म लिंगिरूपेण।
सः पापमोहितमतिः हिंडते संसारकांतारे॥७॥

જે પાપ-ઉપહતભાવ સેવે લિંગમાં અબ્રહ્મને,
તે પાપમોહિતબુદ્ધિને પરિભ્રમણ સંસૃતિકાનને. ૭.

**અર્થ** :—પાપથી જેણે આત્મભાવનો ઘાત કર્યો છે તે એવો થઈને લિંગીનું રૂપ ધારણ કરી અબ્રહ્મનું સેવન કરે છે તે પાપથી મોહિત બુદ્ધિવાળો લિંગી સંસારરૂપી વનમાં ભ્રમણ કરે છે.

**ભાવાર્થ** :—પહેલા તો લિંગ ધારણ કર્યું અને પછી એવા પાપ પરિણામ થયા કે વ્યભિચાર સેવન કરવા લાગ્યો. તેની પાપબુદ્ધિને શું કહેવું? તેને સંસારમાં ભ્રમણ કેમ ન હોય? જેને અમૃત પણ ઝેરરૂપે પરિણમે તેને રોગ મટવાની આશા કઈ રીતે હોય? એવું જ અહીં થયું. એવાનો સંસાર કપાવો મુશ્કેલ છે. ૭.

હવે ફરી કહે છે :—

दंसणणाणचरित्ते उवहाणे जइ ण लिंगरूवेण।
अट्टं झायदि झाणं अणंतसंसारिओ होदि॥८॥

दर्शनज्ञानचारित्राणि उपधानानि यदि न लिंगरूपेण।
आर्त्तं ध्यायति ध्यानं अनंतसंसारिकः भवति॥८॥

જ્યાં લિંગરૂપે જ્ઞાનદર્શનચરણનું ધારણ નહીં,
ને ધ્યાન ધ્યાવે આર્ત, તેહ અનંતસંસારી મુનિ. ૮.

**અર્થ** :—અહીં લિંગરૂપ ગ્રહણ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રને તો ધારણ ન કર્યા અને આર્તધ્યાનને ધ્યાવે છે તે એવો લિંગી અનંત સંસારી થાય છે.

**ભાવાર્થ** :—લિંગ ધારણ કરી દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન કરવું જોઈએ તે તો ન કર્યું અને પરિગ્રહ-કુટુંબ વગેરે વિષયોનો પરિગ્રહ છોડ્યો તેની ચિંતા કરી આર્તધ્યાન કરવા લાગ્યો તે અનંત સંસારી કેમ ન હોય? તેનું તાત્પર્ય એ છે કે—સમ્યગ્દર્શનાદિ ભાવ તો પહેલા થયા નહીં અને કંઈક કારણ પામી લિંગ ધારણ કરી લીધું તેની અવધિ શું? તેથી પહેલા ભાવશુદ્ધ કરી લિંગ ધારણ કરવું યુક્ત છે. ૮.

હવે કહે છે કે જો ભાવશુદ્ધિ વિના ગૃહસ્થપદ છોડે તો આવી પ્રવૃત્તિ થાય છે :—

जो जोडेदि विवाहं किसिकम्मवणिज्जजीवघादं च।
वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण॥९॥

यः योजयति विवाहं कृषिकर्मवाणिज्यजीवघातं च।
व्रजति नरकं पापः कुर्वाणः लिंगिरूपेण॥९॥

જોડે વિવાહ, કરે કૃષિ-વ્યાપાર-જીવવિઘાત જે,
લિંગીરૂપે કરતો થકો પાપી નરકગામી બને. ૯.

**અર્થ** :—જે ગૃહસ્થોના પરસ્પર વિવાહ કરાવે છે, સંબંધ કરાવે છે, કૃષિકર્મ—ખેતર ખેડવું વગેરે ખેડૂતનું કાર્ય, વાણિજ્ય વ્યાપાર એટલે કે વૈશ્યનું કાર્ય અને જીવઘાત એટલે કે વૈદ્યકર્મ માટે જીવઘાત કરવો અર્થાત માછીમારનું (ધીવરાદિનું) કાર્ય આ કાર્યોને કરે છે તે લિંગરૂપ ધારણ કરી આવું પાપકાર્ય કરતો થકો તે પાપી નરકને પામે છે.

**ભાવાર્થ** :—ગૃહસ્થ પદ છોડી શુભભાવ વિના લિંગધારી થયો હતો તેને ભાવની વાસના મટી નહીં ત્યારે લિંગીનું રૂપ ધારણ કરી ગૃહસ્થીના કાર્ય કરવા લાગ્યો. પોતે વિવાહ ન કરે તોપણ ગૃહસ્થોના સંબંધ કરાવી વિવાહ કરાવે છે તથા ખેતી, વ્યાપાર, જીવહિંસા પોતે કરે છે અને ગૃહસ્થો પાસે કરાવે છે ત્યારે પાપી થઈ નરક જાય છે. આવો વેષ ધારવાથી ગૃહસ્થ રહેવું જ ભલું હતું. પદનું તો પાપ ન લાગે! તેથી આવો વેષ ધારણ કરવો ઉચિત નથી એવો ઉપદેશ છે. ૯.

હવે ફરી કહે છે :—

चोराण [1]लाउराण य जुद्ध विवादं च तिव्वकम्मेहिं।
जंतेण दिव्वमाणो गच्छदि लिंगी णरयवासं।।१०।।

चौराणां लापराणां च युद्धं विवादं च तीव्रकर्मभिः।
यंत्रेण दीव्यमानः गच्छति लिंगी नरकवासं।।१०।।

ચોરો-લબાડોને લડાવે, તીવ્ર પરિણામો કરે,
ચોપાટ-આદિક જે રમે, લિંગી નરકગામી બને. ૧૦.

**અર્થ** :—જે વેષધારી આ રીતે પ્રવર્તે છે તે નરકવાસને પ્રાપ્ત થાય છે. જે ચોરો, લબાડો અર્થાત્ જૂઠું બોલવાવાળાઓને યુદ્ધ અને વિવાદ કરાવે છે તે તેવા તીવ્ર કર્મ જેમાં ઘણા પાપ ઉત્પન્ન થાય તેવા તીવ્ર કષાયોથી યંત્ર અથવા ચોપાટ, શતરંજ, પાસા આદિ ક્રિયાઓ કરતો રહે છે તે નરક જાય છે. અહીં પાઠાન્તર એમ પણ છે કે રાવળ અર્થાત્ રાજકાર્ય કરવાવાળાઓને યુદ્ધ વિવાદ કરાવે છે એમ જાણવું.

**ભાવાર્થ** :—લિંગ ધારણ કરી આવું કાર્ય કરે તો નરકને જ પામે છે તેમાં સંશય નથી. ૧૦.

હવે કહે છે કે જે લિંગ ધારણ કરી લિંગયોગ્ય કાર્ય કરતો હોવા છતાં દુઃખી રહે છે તે કાર્યનો આદર કરતો નથી તે પણ નરકમાં જાય છે :—

दंसणणाणचरित्ते तवसंजमणियमणिच्चकम्मम्मि।
पीडयदि वट्टमाणो पावदि लिंगी णरयवासं।।११।।

दर्शनज्ञान चारित्रेषु तपः संयमनियमनित्यकर्मसु।
पीड्यते वर्तमानः प्राप्नोति लिंगी नरकवासम्।।११।।

દગ્જ્ઞાનચરણે, નિત્યકર્મે, તપનિયમસંયમ વિષે
જે વર્તતો પીડા કરે, લિંગી નરકગામી બને. ૧૧.

**અર્થ** :—જે લિંગ ધારણ કરી આ ક્રિયાઓને કરતો થકો બાધ્યમાન થઈ પીડા

૧. મુદ્રિત સંસ્કૃત નકલમાં 'समाएण' એવો પાઠ છે જેની સંસ્કૃત છાયામાં 'मिथ्यात्वादिनां' આ પ્રકાર છે.

પામે છે, દુઃખી થાય છે તે વેષધારી નરકવાસને પામે છે. તે ક્રિયાઓ કઈ છે? પ્રથમ તો દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તેના નિશ્ચય-વ્યવહારરૂપ ધર્મને ધારણ કરવું, બાર પ્રકારના અનશન આદિ તપ શક્તિ અનુસાર કરવા. ઈન્દ્રિય અને મનને વશ કરવાવાળા સંયમનું પાલન કરવું, જીવોની રક્ષા કરવી. નિયમ એટલે કે દરરોજ કંઈક ત્યાગ કરવો અને નિત્યકર્મ રૂપે આવશ્યકાદિ ક્રિયાને નિયત સમયે કરવી તે લિંગને યોગ્ય ક્રિયાઓ છે. તે ક્રિયાઓને કરતો થકો દુઃખી થાય છે તે નરક પામે છે. ("આતમ હિત હેતુ વિરાગ-જ્ઞાન, સો લખૈ આપકો કષ્ટદાન" મુનિપદ=મોક્ષમાર્ગને તે કષ્ટદાયક માને છે તેથી તે મિથ્યા રુચિવાન છે.)

**ભાવાર્થ** :—લિંગ ધારણ કરીને જે કાર્ય કરવાના હતા તેનો તો નિરાદર કરે અને પ્રમાદ સેવે, લિંગના યોગ્ય કાર્ય કરતા દુઃખી થાય ત્યારે જાણવું કે આણે ભાવશુદ્ધિપૂર્વક લિંગ ગ્રહણ કર્યું નથી અને ભાવ બગાડવાથી તો તેનું ફળ નરક જ થાય છે એમ જાણવું. ૧૧.

હવે કહે છે જે ભોજનમાં પણ રસોનો લોલુપી હોય છે તે પણ લિંગને લજવે છે :—

**कंदप्पाइय वट्टइ करमाणो भोयणेसु रसगिद्धिं।**
**मायी लिंगविवाई तिरिक्खजोणी ण सो समणो॥१२॥**

कंदर्पादिषु वर्तते कुर्वाणः भोजनेषु रसगृद्धिम्।
मायावी लिंगव्यवायी तिर्यग्योनिः न सः श्रमणः॥१२॥

**જે ભોજને રસગૃદ્ધિ કરતો વર્તતો કામાદિકે,**
**માયાવી લિંગવિનાશી તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૨.**

**અર્થ** :—જે લિંગ ધારણ કરી ભોજનમાં પણ રસની ગૃદ્ધિ અર્થાત્ અતિ આસક્તતા કરતો રહે છે તે કંદર્પ વગેરેમાં વર્તે છે, તેને કામસેવનની વાંછા તથા પ્રમાદ નિંદ્રાદિક પ્રચુર માત્રામાં વધી જાય છે તે 'લિંગવ્યવાયી' અર્થાત્ વ્યભિચારી થાય છે. માયાવી અર્થાત્ કામસેવન માટે અનેક છળ કરવાનું વિચારે છે. જે એવો હોય છે કે તિર્યંચયોનિ પશુતુલ્ય છે, મનુષ્ય નથી તેથી શ્રમણ પણ નથી.

**ભાવાર્થ** :—ગૃહસ્થપદ છોડી આહારમાં લોલુપતા કરવા લાગે તો ગૃહસ્થ પદમાં તો અનેક રસવાળા ભોજન મળતા હતા તેમને શા માટે છોડ્યા તેથી જણાય છે કે તે આત્મભાવનાના રસને ઓળખતો જ નથી તેથી વિષયસુખની ઈચ્છા રાખી ત્યારે

ભોજનના રસની સાથે અન્ય પણ વિષયોની ઇચ્છા હોય છે ત્યારે વ્યભિચાર વગેરેમાં પ્રવર્તી લિંગને લજવે છે. આવા લિંગથી તો ગૃહસ્થપણું શ્રેષ્ઠ છે એમ જાણવું. ૧૨.

હવે ફરી આને જ વિશેષરૂપે કહે છે :—

धावदि पिंडणिमित्तं कलहं काऊण भुंजदे पिंडं।
अवरपरूई संतो जिणमग्गि ण होइ सो समणो।।१३।।

धावति पिंडनिमित्तं कलहं कृत्वा भुंक्ते पिंडम्।
अपरप्ररूपी सन् जिनमार्गी न भवति सः श्रमणः।।१३।।

પિંડાર્થ જે દોડે અને કરી કલહ ભોજન જે કરે,
ઇર્ષા કરે જે અન્યની, જિનમાર્ગનો નહિ શ્રમણ તે. ૧૩.

**અર્થ** :—જે લિંગધારી પિંડ અર્થાત્ આહારના નિમિત્તે દોડે છે, આહારના નિમિત્તે કલહ કરી આહારને ભોગવે છે, ખાય છે અને તેના નિમિત્તે અન્યથી પરસ્પર ઈર્ષ્યા કરે છે તે શ્રમણ જિનમાર્ગી નથી.

**ભાવાર્થ** :—આ કાળમાં જિનલિંગથી ભ્રષ્ટ થઈ પહેલા અર્ધફાલક થયા. પછી તેમાં શ્વેતામ્બર આદિ સંઘ થયા તેઓએ શિથિલાચાર પુષ્ટ કરી લિંગની પ્રવૃત્તિ બગાડી તેમનો આ નિષેધ છે. તેમનામાં અત્યારે પણ કેટલાક એવા દેખાય છે કે જેઓ આહાર માટે શીઘ્ર દોડે છે, ઈર્યાપથનું ભાન નથી અને આહાર ગૃહસ્થના ઘરેથી લાવીને બે-ચાર ભેગા બેસીને ખાય છે, તેના ભાગ પાડવામાં સરસ-નિરસ આવે ત્યારે પરસ્પર કલહ કરે છે અને તેના નિમિત્તે પરસ્પર ઈર્ષ્યા કરે છે તે પ્રકારની પ્રવૃત્તિ કરે ત્યારે મુનિ કઈ રીતે થયા. તેઓ જિનમાર્ગી તો છે નહીં. કળિકાળના વેષધારી છે તેમને સાધુ માને છે તેઓ પણ અજ્ઞાની છે. ૧૩.

હવે ફરી કહે છે :—

गिण्हदि अदत्तदाणं परणिंदा वि य परोक्खदूसेहिं।
जिणलिंगं धारंतो चोरेण व होइ सो समणो।।१४।।

गृह्णाति अदत्तदानं परनिंदामपि च परोक्षदूषणैः।
जिनलिंगं धारयन् चौरेणेव भवति सः श्रमणः।।१४।।

અણદત્તનું જ્યાં ગ્રહણ, જે અસમક્ષ પરનિંદા કરે,
જિનલિંગધારક હો છતાં તે શ્રમણ ચોર સમાન છે. ૧૪.

**અર્થ** :—જે વગર આપેલું દાન લે છે અને પરોક્ષ પરના દૂષણોથી પરની નિંદા કરે છે તે જિનલિંગને ધારણ કરતો થકો ચોર સમાન શ્રમણ છે.

**ભાવાર્થ** :—જે જિનલિંગ ધારણ કરી વગર આપ્યે આહાર આદિનું ગ્રહણ કરે છે પરને આપવાની ઈચ્છા તો નથી પરંતુ કંઈક ભયાદિક ઉત્પન્ન કરી લેવું તથા નિરાદરથી લેવું, છુપાઈને કાર્ય કરવું તે તો ચોરનું કાર્ય છે. આ વેષ ધારણ કરી એવું કરવા લાગે તો ચોર જ ઠર્યો. તેથી આવા વેષધારી થવું યોગ્ય નથી. ૧૪.

હવે કહે છે કે જે લિંગ ધારણ કરી આ પ્રમાણે પ્રવર્તે છે તે શ્રમણ નથી. :—

उप्पडदि पडदि धावदि पुढवीओ खणदि लिंगरूवेण।
इरियावह धारंतो तिरिक्खजोणी ण सो समणो॥१५॥

उत्पतति पतति धावति पृथिवीं खनति लिंगरूपेण।
ईर्यापथं धारयन् तिर्यग्योनिः न सः श्रमणः॥१५॥

લિંગાત્મ ઇર્યાસમિતિનો ધારક છતાં કૂદે, પડે,
દોડે, ઉખાડે ભોંય, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૫.

**અર્થ** :—જે લિંગ ધારણ કરી ઈર્યાપથ પ્રમાણે જોઈને ચાલવાનું હતું તેના બદલે દોડતા, ઉછળતા ચાલે, પડી જાય પછી ઉઠીને પાછા દોડે અને પૃથ્વીને ખોદે, ચાલતા થકા એવા પગ પછાડે કે જેનાથી પૃથ્વી ખોદાઈ જાય આ પ્રમાણે ચાલે તે તિર્યંચયોનિ છે, પશુ છે, અજ્ઞાની છે, મનુષ્ય નથી. ૧૫.

હવે કહે છે તે જે વનસ્પતિ આદિ સ્થાવર જીવોની હિંસાથી કર્મબંધ થાય છે તેને ન ગણી સ્વચ્છંદ થઈને પ્રવર્તે છે તે શ્રમણ નથી :—

बंधो णिरओ संतो सस्सं खंडेदि तह य वसुहं पि।
छिंददि तरुगण बहुसो तिरिक्खजोणी ण सो समणो॥१६॥

बंधं नीरजाः सन् सस्यं खंडयति तथा च वसुधामपि।
छिनत्ति तरुगणं बहुशः तिर्यग्योनिः न सः श्रमणः॥१६॥

જે અવગણીને બંધ, ખાંડે ધાન્ય, ખોદે પૃથ્વીને,
બહુ વૃક્ષ છેદે જેહ, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૬.

**અર્થ** :—જે લિંગ ધારણ કરીને વનસ્પતિ વગેરેની હિંસાથી બંધ થાય છે તેના દોષને ન માની બંધને ન ગણતો થકો અનાજને કૂટે છે અને તે જ રીતે પૃથ્વીને ખોદે છે, વારંવાર વૃક્ષોના સમૂહને છેદે છે એવા લિંગી તિર્યંચયોનિ છે, પશુ છે, અજ્ઞાની છે, શ્રમણ નથી.

**ભાવાર્થ** :—વનસ્પતિ આદિ સ્થાવર જીવ જિનસૂત્રમાં કહ્યા છે તેમની હિંસાથી કર્મબંધ થવાનું પણ કહ્યું છે તેને નિર્દોષ સમજતો થકો કહે છે કે તેમાં શું દોષ છે? ક્યો બંધ છે? આ પ્રમાણે માનતો થકો તથા વૈદ્ય કર્માદિકના નિમિત્તે ઔષધાદિકને, ધાન્યને, પૃથ્વીને તથા વૃક્ષોને ખંડે છે, ખોદે છે, છેદે છે તે અજ્ઞાની પશુ છે. લિંગ ધારણ કરીને શ્રમણ કહેવડાવે છે પણ શ્રમણ નથી. ૧૬.

હવે કહે છે કે જે લિંગ ધારણ કરીને સ્ત્રીઓ પ્રત્યે રાગ કરે છે અને બીજાને દૂષણ દે છે તે શ્રમણ નથી :—

रागं करेदि णिच्चं महिलावग्गं परं च दूसेदि।
दंसणणाणविहीणो तिरिक्खजोणी ण सो समणो।।१७।।

रागं करोति नित्यं महिलावर्गं परं च दूषयति।
दर्शनज्ञानविहीनः तिर्यग्योनिः न सः श्रमणः।।१७।।

સ્ત્રીવર્ગ પર નિત રાગ કરતો, દોષ દે છે અન્યને,
દૃગજ્ઞાનથી જે શૂન્ય, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૭.

**અર્થ** :—જે લિંગ ધારણ કરી સ્ત્રીઓના સમૂહ પ્રતિ તો નિરંતર રાગ-પ્રીતિ કરે છે અને પર જે કોઈ અન્ય નિર્દોષ છે તેને દોષ લગાવે છે. તે દર્શન-જ્ઞાન રહિત છે. આવો લિંગી તિર્યંચ યોનિ છે, પશુ સમાન છે, અજ્ઞાની છે, શ્રમણ નથી.

**ભાવાર્થ** :—લિંગ ધારણ કરવાવાળાને સમ્યગ્દર્શન-જ્ઞાન હોય છે અને પરદ્રવ્યો પ્રત્યે રાગ-દ્વેષ ન કરવાવાળું ચારિત્ર હોય છે. ત્યાં જે સ્ત્રી સમૂહ પ્રત્યે તો રાગ-પ્રીતિ કરે છે અને અન્યને દોષ લગાવી દ્વેષ કરે છે, વ્યભિચારી જેવો સ્વભાવ છે તો તેને દર્શન-

જ્ઞાન કેવું અને ચારિત્ર કેવું? લિંગ ધારણ કરી લિંગના યોગ્ય આચરણ કરવું જોઈએ તે ન કર્યું તે અજ્ઞાની પશુ સમાન જ છે. શ્રમણ કહેવડાવે છે તોપણ પોતે મિથ્યાદૃષ્ટિ છે અને અન્યને પણ મિથ્યાદૃષ્ટિ કરવાવાળો છે એવાનો સંગ પણ યુક્ત નથી. ૧૭.

હવે પછી કહે છે :—

पव्वज्जहीणगहिणं णेहं सीसम्मि वट्टदे बहुसो।
आयारविणयहीणो तिरिक्खजोणी ण सो समणो।।१८।।

प्रव्रज्याहीनगृहिणि स्नेहं शिष्ये वर्तते बहुशः।
आचारविनयहीनः तिर्यग्योनिः न सः श्रमणः।।१८।।

દીક્ષાવિહીન ગૃહસ્થ ને શિષ્યે ધરે બહુ સ્નેહ જે,
આચાર-વિનયવિહીન, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૮.

**અર્થ :—**જે લિંગી પ્રવજ્યાહીન એટલે કે દીક્ષા રહિત ગૃહસ્થો પ્રત્યે અને શિષ્યો પ્રત્યે ઘણો સ્નેહ રાખે છે અને આચાર અર્થાત્ મુનિઓની ક્રિયા અને ગુરુઓના વિનયથી રહિત હોય છે તે તિર્યંચયોનિ છે, પશુ છે, અજ્ઞાની છે, શ્રમણ નથી.

**ભાવાર્થ :—**ગૃહસ્થો સાથે તો વારંવાર લવથવ રાખે અને શિષ્યો પ્રત્યે ઘણો સ્નેહ રાખે તથા મુનિની આવશ્યકાદિ પ્રવૃત્તિ કાંઈ કરે નહીં, ગુરુઓથી પ્રતિકૂળ રહે, વિનયાદિક કરે નહીં એવો લિંગી પશુ સમાન છે તેને સાધુ કહેવાતો નથી. ૧૮.

હવે કહે છે કે જે લિંગ ધારણ કરી પૂર્વોક્ત પ્રકારે પ્રવર્તે છે તે શ્રમણ નથી એમ ટૂંકમાં કહે છે :—

एवं सहिओ मुणिवर संजदमज्झम्मि वट्टदे णिच्चं।
बहुलं पि जाणमाणो भावविणट्ठो ण सो समणो।।१९।।

एवं सहितः मुनिवर! संयतमध्ये वर्तते नित्यम्।
बहुलमपि जानन् भावविनष्टः न सः श्रमणः।।१९।।

ઇમ વર્તનારો સંયતોની મધ્ય નિત્ય રહે ભલે,
ને હોય બહુશ્રુત, તોય ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૧૯.

**અર્થ** :—જે પૂર્વોક્ત પ્રકારે પ્રવૃત્તિ સહિત વર્તે છે તે મુનિવર લિંગધારી સંયમી મુનિઓની વચ્ચે પણ નિરંતર રહે છે અને ઘણા શાસ્ત્રોને જાણે છે તોપણ ભાવોથી નષ્ટ છે, શ્રમણ નથી.

**ભાવાર્થ** :—એવો પૂર્વોક્ત લિંગી જે સદા મુનિઓ વચ્ચે રહે છે અને ઘણા શાસ્ત્રોને જાણે છે તોપણ ભાવ અર્થાત્ શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણામથી રહિત છે તેથી મુનિ નથી, ભ્રષ્ટ છે, અન્ય મુનિઓના ભાવો બગાડનારો છે. ૧૯.

હવે ફરી કહે છે કે જે સ્ત્રીઓનો ઘણો સંસર્ગ રાખે છે તે પણ શ્રમણ નથી :—

दंसणणाणचरित्ते महिलावग्गम्मि देदि वीसट्ठो।
पासत्थ वि हु णियट्ठो भावविणट्ठो ण सो समणो।।२०।।

दर्शनज्ञानचारित्राणि महिलावर्गे ददाति विश्वस्तः।
पार्श्वस्थादपि स्फुटं विनष्टः भावविनष्टः न सः श्रमणः।।२०।।

સ્ત્રીવર્ગમાં વિશ્વસ્ત દે છે જ્ઞાન-દર્શન-ચરણ જે,
પાર્શ્વસ્થથી પણ હીન ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૨૦.

**અર્થ** :—જે લિંગ ધારણ કરી સ્ત્રીઓના સમૂહમાં તેમનો વિશ્વાસ કરી અને તેમને વિશ્વાસ ઉત્પન્ન કરાવી દર્શન-જ્ઞાન-ચારિત્રને આપે છે તેમને સમ્યક્ત્વ બતાવે છે, ભણે છે, ભણાવે છે, જ્ઞાન આપે છે, દીક્ષા આપે છે, પ્રવૃત્તિ શિખવાડે છે, આ પ્રમાણે વિશ્વાસ ઉત્પન્ન કરી તેમની સાથે પ્રવર્તે છે એવો લિંગી તો પાર્શ્વસ્થથી પણ નિકૃષ્ટ છે. પ્રગટભાવથી વિનષ્ટ છે, શ્રમણ નથી.

**ભાવાર્થ** :—જે લિંગ ધારણ કરી સ્ત્રીઓને વિશ્વાસ ઉત્પન્ન કરાવી તેમને નિરંતર ભણવું, ભણાવવું, લાલપાલ રાખવું તેથી જાણો કે તેના ભાવ ખોટા છે. પાર્શ્વસ્થ તો ભ્રષ્ટ મુનિને કહે છે તેનાથી પણ આ નિકૃષ્ટ છે એવા વેષધારીને સાધુ કહેવાતા નથી. ૨૦.

હવે ફરી કહે છે :—

पुंच्छलिघरि जो भुंजइ णिच्चं संथुणदि पोसए पिंडं।
पावदि बालसहावं भावविणट्ठो ण सो सवणो।।२१।।

पुंश्चलीगृहे यः भुङ्क्ते नित्यं संस्तौति पुष्णाति पिंडं।
प्राप्नोति बालस्वभावं भावविनष्टः न सः श्रमणः ॥२१॥

અસતીગૃહે ભોજન, કરે સ્તુતિ નિત્ય, પોષે પિંડ જે,
અજ્ઞાનભાવે યુક્ત ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૨૧.

**અર્થ** :—જે લિંગધારી વ્યભિચારીણી સ્ત્રીના ઘેર ભોજન લે છે, આહાર કરે છે અને નિત્ય તેની સ્તુતિ કરે છે કે—આ મોટી ધર્માત્મા છે, તેની સાધુઓ પ્રત્યે ઘણી ભક્તિ છે, આ પ્રકારે નિત્ય તેની પ્રશંસા કરે છે અને શરીરને પોષે છે તો એવો લિંગી બાળ સ્વભાવને પ્રાપ્ત થાય છે, અજ્ઞાની છે, ભાવથી વિનષ્ટ છે, તે શ્રમણ નથી.

**ભાવાર્થ** :—જે લિંગ ધારણ કરી વ્યભિચારિણીનો આહાર ખાઈને શરીરને પોષે છે તેની નિત્ય પ્રશંસા કરે છે તો જાણો કે તે પણ વ્યભિચારી છે, અજ્ઞાની છે તેને લજ્જા પણ આવતી નથી. આ પ્રકારે તે ભાવથી વિનષ્ટ છે, મુનિત્વના ભાવ નથી તો મુનિ કેવો? ૨૧.

હવે આ લિંગપાહુડને સંપૂર્ણ કરે છે અને કહે છે કે જે ધર્મનું યથાર્થરૂપે પાલન કરે છે તે ઉત્તમ સુખને પામે છે :—

इय लिंगपाहुडमिणं सव्वंबुद्धेहिं देसियं धम्मं।
पालेइ कट्ठसहियं सो गाहदि उत्तमं ठाणं॥२२॥

इति लिंगप्राभृतमिदं सर्वं बुद्धैः देशितं धर्मम्।
पालयति कष्टसहितं सः गाहते उत्तमं स्थानम्॥२२॥

એ રીત સર્વજ્ઞે કથિત આ લિંગપ્રાભૃત જાણીને,
જે ધર્મ પાળે કષ્ટ સહ, તે સ્થાન ઉત્તમને લહે. ૨૨.

**અર્થ** :—આ પ્રમાણે આ લિંગપાહુડ શાસ્ત્રનો સર્વબુદ્ધ ગણધરાદિએ ઉપદેશ આપ્યો છે તેને જાણીને જે મુનિ ધર્મને ઘણા યત્નથી પાલન કરે છે, રક્ષા કરે છે તે ઉત્તમ સ્થાનરૂપ મોક્ષને પામે છે.

**ભાવાર્થ** :—આ મુનિનું લિંગ છે તે ઘણા પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત કરીને પણ ખોટા કારણો મેળવી તેને બગાડે છે, તેથી એમ જાણવું કે તે મોટો અભાગિયો છે. ચિંતામણિ રત્ન પામી કોડીના બદલામાં નષ્ટ કરે છે. તેથી આચાર્યએ

ઉપદેશ આપ્યો છે કે આવું પદ પામી તેમની ઘણા યત્નથી રક્ષા કરવી—કુસંગતિ કરી બગાડીશ તો જેમ પહેલા સંસાર ભ્રમણ હતું તેમ જ ફરી સંસારમાં અનંતકાળ ભ્રમણ થશે. અને યત્નપૂર્વક મુનિત્વનું પાલન કરીશ તો શીઘ્ર મોક્ષને પામીશ. તેથી જેને મોક્ષ જોઈએ તે મુનિધર્મને પ્રાપ્ત કરી યત્નસહિત પાલન કરો. પરિષહ, ઉપસર્ગનો ઉપદ્રવ આવે તો પણ ચલાયમાન ન થવું એવો શ્રી સર્વજ્ઞદેવનો ઉપદેશ છે. ૨૨.

આ પ્રમાણે આ લિંગપાહુડ ગ્રંથ પૂર્ણ કર્યો. તેનો સંક્ષેપ આ પ્રમાણે છે કે—આ પંચમકાળમાં જિનલિંગ ધારણ કરી પછી દુર્ભિક્ષના નિમિત્તે ભ્રષ્ટ થયા, વેષ બગાડી દીધો અને અર્ધફાલક કહેવાયા, તેમાંથી શ્વેતામ્બર થયા, તેમાંથી પણ યાપનીય થયા, ઈત્યાદિ થઈને શિથિલાચારને પુષ્ટ કરવા માટે શાસ્ત્રો રચી સ્વચ્છંદી થઈ ગયા. તેમાંથી કેટલાક તો નિપટ—બિલકુલ નિંદ્ય પ્રવૃત્તિ કરવા લાગ્યા તેમનો નિષેધ કરવા માટે તથા સર્વને સત્ય ઉપદેશ આપવા માટે આ ગ્રંથ છે. તેને સમજીને શ્રદ્ધાન કરવું. આ પ્રમાણે નિંદ્ય આચરણવાળાઓને સાધુ—મોક્ષમાર્ગી ન માનવા તેમની વંદના કે પૂજા ન કરવી એવો ઉપદેશ છે.

( છપ્પય )

લિંગ મુનીકો ધારિ પાપ જો ભાવ બિગાડૈ,
વહ નિંદાકૂં પાય આપકો અહિત વિથારૈ;
તાકૂં પૂજૈ થુવૈ વંદના કરૈ જુ કોઈ,
વે ભી તૈસે હોઇ સાથિ દુરગતિકૂં લેઈ.
ઈસસે જે સાંચે મુનિ ભયે ભાવશુદ્ધિમૈં થિર રહે;
તિનિ ઉપદેશ્યા મારગ લગે તે સાંચે જ્ઞાની કહે. ૧

( દોહા )

અંતર બાહ્ય જુ શુદ્ધ જે જિનમુદ્રાકૂં ધારિ;
ભયે સિદ્ધ આનંદમય બંદૂં જોગ સઁવારિ. ૨

આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યસ્વામિ વિરચિત શ્રી લિંગપ્રાભૃત શાસ્ત્રની
જયપુરનિવાસી પં. જયચંદ્રજી છાબડા કૃત દેશભાષામય વચનિકાનો
ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

❀

# શીલપાહુડ

## – ૮ –

હવે શીલપાહુડ ગ્રંથની દેશભાષામય વચનિકાનો ગુજરાતી ભાષાનુવાદ લખીએ છીએ :—

(દોહા)

ભવકી પ્રકૃતિ નિવારિકૈં, પ્રગટ કિયે નિજભાવ;
હૈ અરહંત જુ સિદ્ધ ફુનિ, બંદૂ તિનિ ધરિ ચાવ. ૧

આ પ્રમાણે ઈષ્ટને નમસ્કારરૂપ મંગળ કરીને શ્રી કુંદકુંદાચાર્યદેવ કૃત પ્રાકૃત ગાથાબદ્ધ શીલપાહુડ નામના ગ્રંથની દેશભાષામય વચનિકાનો ગુજરાતી ભાષાનુવાદ લખીએ છીએ. પ્રથમ શ્રી કુંદકુંદાચાર્યદેવ ગ્રંથની શરૂઆતમાં ઈષ્ટને નમસ્કારરૂપ મંગળ કરી ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા કરે છે :—

वीरं विसालणयणं रत्तुप्पलकोमलस्समप्पायं।
तिविहेण पणमिऊणं सीलगुणाणं णिसामेह ॥१॥

वीरं विशालनयनं रक्तोत्पलकोमलसमपादम्।
त्रिविधेन प्रणम्य शीलगुणान् निशाम्यामि ॥१॥

વિસ્તીર્ણલોચન, રક્તકજકોમલ-સુપદ શ્રી વીરને
ત્રિવિધે કરીને વંદના, હું વર્ણવું શીલગુણને. ૧.

**અર્થ** :—આચાર્ય કહે છે કે હું વીર અર્થાત્ અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી પરમ ભટ્ટારકને મન-વચન-કાયથી નમસ્કાર કરી શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ તેના ગુણોને અથવા શીલ અને સમ્યગ્દર્શનાદિ ગુણોને કહીશ. કેવા છે શ્રી વર્ધમાનસ્વામી? વિશાળ નયન છે. તેમના બાહ્યમાં તો પદાર્થોને દેખવાના નેત્રો વિશાળ છે, વિસ્તીર્ણ છે,

સુંદર છે અને અંતરંગમાં કેવળદર્શન, કેવળજ્ઞાનરૂપ નેત્ર, સમસ્ત પદાર્થોને જોવાવાળા છે તથા તેઓ કેવા છે? 'रक्तोत्पलकोमलसमपादं' એટલે કે તેમના ચરણ રક્ત કમળ સમાન કોમળ છે તેવા અન્યના નથી. તેથી તેઓ સર્વે દ્વારા પ્રશંસા કરવાયોગ્ય છે, પૂજવાયોગ્ય છે, તેનો બીજો અર્થ એવો પણ થાય છે કે રક્ત અર્થાત્ રાગરૂપ આત્માનો ભાવ ઉત્પલ અર્થાત્ દૂર કરવામાં કોમળ અર્થાત્ કઠોરતા આદિ દોષ રહિત અને સમ અર્થાત્ રાગ-દ્વેષ રહિત પાદ અર્થાત્ જેમની વાણીના પદ છે, જેમના વચન કોમળ હિતમિત, મધુર રાગ-દ્વેષ રહિત પ્રવર્તે છે તેનાથી સર્વનું કલ્યાણ થાય છે.

**ભાવાર્થ** :—આ પ્રમાણે વર્ધમાનસ્વામીને નમસ્કારરૂપ મંગળ કરી આચાર્યદેવે શીલપાહુડ ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરી છે. ૧.

હવે શીલના રૂપ તથા તેનાથી (જ્ઞાન) ગુણ થાય છે તે કહે છે :—

**सीलस्स य णाणस्स य णत्थि विरोहो बुधेहिं णिद्दिट्ठो।**
**णवरि य सीलेण विणा विसया णाणं विणासंति।।२।।**

शीलस्य च ज्ञानस्य च नास्ति विरोधो बुधैः निर्दिष्टः।
केवलं च शीलेन विना विषयाः ज्ञानं विनाशयन्ति।।२।।

**ન વિરોધ ભાખ્યો જ્ઞાનીઓએ શીલને ને જ્ઞાનને;**
**વિષયો કરે છે નષ્ટ કેવળ શીલવિરહિત જ્ઞાનને. ૨.**

**અર્થ** :—શીલ અને જ્ઞાન વચ્ચે જ્ઞાનીઓએ વિરોધાભાસ કહ્યો નથી એમ નથી કે જ્યાં શીલ હોય ત્યાં જ્ઞાન ન હોય અને જ્ઞાન હોય ત્યાં શીલ ન હોય. અહીં વિશેષ છે તે કહે છે—શીલ વિના વિષય અર્થાત્ ઇન્દ્રિયોના વિષય છે તે જ્ઞાનને નષ્ટ કરે છે—જ્ઞાનને મિથ્યાત્વ રાગ-દ્વેષમય અજ્ઞાનરૂપ કરે છે.

અહીં એમ જાણવું કે શીલ નામ સ્વભાવનું —પ્રકૃતિનું પ્રસિદ્ધ છે, આત્માનો સામાન્યરૂપે જ્ઞાન સ્વભાવ છે. આ જ્ઞાનસ્વભાવમાં અનાદિ કર્મ સંયોગથી (પરસંગ કરવાની પ્રવૃત્તિથી) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ થાય છે. તેથી આ જ્ઞાનની પ્રકૃતિ કુશીલ નામને પ્રાપ્ત કરે છે. તેનાથી સંસાર બને છે તેથી તેને સંસાર પ્રકૃતિ કહે છે. આ પ્રકૃતિને અજ્ઞાનરૂપ કહે છે. આ કુશીલ પ્રકૃતિથી સંસાર પર્યાયમાં પોતાપણું માને છે તથા પરદ્રવ્યોમાં ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરે છે.

આ પ્રકૃતિ પલટાય ત્યારે મિથ્યાત્વનો અભાવ કહેવાય. ત્યારબાદ સંસાર પર્યાયમાં પોતાપણું માનતો નથી અને પરદ્રવ્યમાં ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ થતી નથી અને (પદ-અનુસાર અર્થાત્) તે ભાવની પૂર્ણતા ન થાય ત્યાંસુધી ચારિત્રમોહના ઉદયથી (ઉદયમાં યુક્ત થવાથી) કંઈક રાગ-દ્વેષ-કષાય પરિણામ ઉત્પન્ન થાય છે. તેમને કર્મનો ઉદય જાણે તે ભાવોને ત્યાગવાયોગ્ય જાણે, ત્યાગવા ઇચ્છે એવી પ્રકૃતિ હોય ત્યારે સમ્યગ્દર્શનરૂપ ભાવ કહેવાય છે. આ સમ્યગ્દર્શનભાવથી જ્ઞાન પણ સમ્યક્‌જ્ઞાન પામે છે અને પદ અનુસાર ચારિત્રની પ્રવૃત્તિ થાય છે. જેટલા અંશે રાગ-દ્વેષ ઘટે તેટલા અંશે ચારિત્ર કહેવાય છે. એવી પ્રકૃતિને કુશીલ કહેવાય છે. આ પ્રમાણે કુશીલ-સુશીલ શબ્દનો સામાન્ય અર્થ છે.

સામાન્યરૂપથી વિચારીએ તો જ્ઞાન જ કુશીલ છે અને જ્ઞાન જ સુશીલ છે. તેથી એ પ્રમાણે કહ્યું કે જ્ઞાનને અને શીલને વિરોધ નથી. જ્યારે સંસાર પ્રકૃતિ પલટીને મોક્ષ સન્મુખ પ્રકૃતિ થાય ત્યારે સુશીલ કહેવાય છે. તેથી જ્ઞાનમાં અને શીલમાં ભેદ કહ્યો નથી. જો જ્ઞાનમાં સુશીલ ન આવે તો તે જ્ઞાનને ઇન્દ્રિયોના વિષય નષ્ટ કરે છે. જ્ઞાનને અજ્ઞાન કરે છે. ત્યારે તે કુશીલ નામને પામે છે.

અહીં કોઈ પૂછે ગાથામાં જ્ઞાન-અજ્ઞાનનું તથા સુશીલ-કુશીલ નામ તો આપ્યું નથી. જ્ઞાન અને શીલ એવું જ કહ્યું છે. તેનું સમાધાન. પહેલી ગાથામાં એવી પ્રતિજ્ઞા કરી કે હું શીલના ગુણોને કહીશ તેથી એમ જણાય છે કે આચાર્યદેવના આશયમાં સુશીલને જ કહેવાનું પ્રયોજન છે. સુશીલને જ શીલ નામથી કહ્યું છે. શીલ વિના કુશીલ કહેવાય છે.

અહીં ગુણ શબ્દ ઉપકારવાચક લેવો તથા વિશેષવાચક લેવો. શીલથી ઉપકાર થાય છે તથા શીલના વિશેષગુણ છે તે કહેશે. આ પ્રમાણે જ્ઞાનમાં જો શીલ ન આવે તો કુશીલ થાય છે. ઇન્દ્રિયોના વિષયમાં આસક્તિ થાય છે ત્યારે તે જ્ઞાન નામ પ્રાપ્ત કરતું નથી. આ પ્રમાણે જાણવું જોઈએ. વ્યવહારમાં શીલનો અર્થ સ્ત્રીસંસર્ગ વર્જન કરવાનો પણ છે તેથી વિષયસેવનનો જ નિષેધ છે. પરદ્રવ્ય માત્રનો સંસર્ગ છોડવો, આત્મામાં લીન થવું તે પરમ બ્રહ્મચર્ય છે. આ પ્રમાણે આ શીલના જ નામાંતર જાણવા. ૨.

હવે કહે છે કે જ્ઞાન થવા છતાં પણ જ્ઞાનની ભાવના કરવી અને વિષયોથી વિરકત થવું મુશ્કેલ છે (દુર્લભ છે) :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



[૧]दुक्खे णज्जदि णाणं णाणं णाऊण भावणा दुक्खं।
भावियमई व जीवो विसयेसु विरज्जए दुक्खं।।३।।

[२]दुःखेनेयते ज्ञानं ज्ञानं ज्ञात्वा भावना दुःखम्।
भावितमतिश्च जीवः विषयेषु विरज्यति दुक्खम्।।३।।

દુષ્કર જણાવું જ્ઞાનનું, પછી ભાવના દુષ્કર અરે!
વળી ભાવનાયુત જીવને દુષ્કર વિષયવૈરાગ્ય છે. ૩.

**અર્થ** :—પહેલા તો જ્ઞાન જ મુશ્કેલથી પ્રાપ્ત થાય છે. કદાચિત્ જ્ઞાન પણ પ્રાપ્ત કરે તો તેને જાણીને તેની ભાવના કરવી, વારંવાર અનુભવ કરવો, દુઃખથી (દૃઢતર સમ્યક્ પુરુષાર્થથી) થાય છે. અને કદાચિત્ જ્ઞાનની ભાવના સહિત પણ જીવ થઈ જાય તો વિષયોને દુઃખથી ત્યાગે છે.

**ભાવાર્થ** :—જ્ઞાનની પ્રાપ્તિ કરવી ત્યારબાદ તેની ભાવના કરવી, પછી વિષયોનો ત્યાગ કરવો તે ઉત્તરોત્તર દુર્લભ છે અને વિષયનો ત્યાગ કર્યા વિના પ્રકૃતિ પલટાતી નથી. તેથી પહેલાં એમ કહ્યું છે કે વિષય જ્ઞાનને બગાડે છે તેથી વિષયોના ત્યાગથી જ સુશીલ છે. ૩.

હવે કહે છે કે આ જીવ જ્યાં સુધી વિષયોમાં પ્રવર્તે છે ત્યાં સુધી જ્ઞાનને જાણતો નથી અને જ્ઞાનને જાણ્યા વિના વિષયોથી વિરક્ત હોય તોપણ કર્મોનો ક્ષય કરતો નથી :—

ताव ण जाणदि णाणं विसयबलो जाव वट्टए जीवो।
विसए विरत्तमेत्तो ण खवेइ पुराइयं कम्मं।।४।।

तावत् न जानाति ज्ञानं विषयबलः यावत् वर्त्तते जीवः।
विषये विरक्तमात्रः न क्षिपते पुरातनं कर्म।।४।।

જાણે ન આત્મા જ્ઞાનને, વર્તે વિષયવશ જ્યાં લગી;
નહિ ક્ષપણ પૂરવકર્મનું કેવળ વિષયવૈરાગ્યથી. ૪.

**અર્થ** :—જ્યાં સુધી આ જીવ વિષયબળ અર્થાત્ વિષયોને વશીભૂત રહે છે ત્યાં

૧ પાઠાન્તર :—दु:खे णज्जदि। ૨ પાઠાન્તર :—दु:खेन ज्ञायते।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સુધી જ્ઞાનને જાણતો નથી અને જ્ઞાનને જાણ્યા વિના કેવળ વિષયોમાં વિરક્તિમાત્રથી જ પહેલા બાંધેલા કર્મોનો ક્ષય થતો નથી.

**ભાવાર્થ** :—જીવનો ઉપયોગ ક્રમવર્તી છે અને સ્વસ્થ (સ્વચ્છત્વ) સ્વભાવ છે તેથી જેવા જ્ઞેયને જાણે છે તે સમયે તેમનાથી તન્મય થઈને વર્તે છે તેથી જ્યાં સુધી વિષયોમાં આસક્ત થઈ વર્તે છે ત્યાં સુધી જ્ઞાનનો અનુભવ થતો નથી. ઈષ્ટ-અનિષ્ટ ભાવ જ રહે છે અને જ્ઞાનનો અનુભવ થયા વિના કદાચિત્ વિષયોને ત્યાગે તો વર્તમાન વિષયોને તો છોડે પરંતુ પૂર્વ કર્મ બાંધ્યા હતા તેમનો તો જ્ઞાનના અનુભવ વિના ક્ષય થતો નથી. પૂર્વ કર્મબંધનો ક્ષય કરવામાં (સ્વસન્મુખ) જ્ઞાનનું જ સામર્થ્ય છે તેથી જ્ઞાન સહિત થઈને વિષયો ત્યાગવા શ્રેષ્ઠ છે. વિષયોનો ત્યાગ કરી જ્ઞાનની ભાવના કરવી તે જ સુશીલ છે. ૪.

હવે જ્ઞાનનો, લિંગગ્રહણનો તથા તપનો અનુક્રમ કહે છે :—

**णाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं।**
**संजमहीणो य तवो जइ चरइ णिरत्थयं सव्वं।।५।।**

ज्ञानं चारित्रहीनं लिंगग्रहणं च दर्शनविहीनं।
संयमहीनं च तपः यदि चरति निरर्थकं सर्वम्।।५।।

**જે જ્ઞાન ચરણવિહીન, ધારણ લિંગનું દગહીન જે,**
**તપચરણ જે સંયમસુવિરહિત, તે બધુંય નિરર્થ છે. ૫.**

**અર્થ** :—જ્ઞાન જો ચારિત્ર રહિત હોય તો તે નિરર્થક છે અને લિંગનું ગ્રહણ જો દર્શન રહિત હોય તો તે પણ નિરર્થક છે તથા સંયમરહિત તપ પણ નિરર્થક છે. આ પ્રમાણે તે આવું આચરણ કરે તો તે બધુ નિરર્થક છે.

**ભાવાર્થ** :—હેય-ઉપાદેયનું જ્ઞાન તો હોય અને ત્યાગ-ગ્રહણ ન કરે તો જ્ઞાન નિષ્ફળ છે. યથાર્થ શ્રદ્ધાન વિના વેષ લે તો તે પણ નિષ્ફળ છે (સ્વાત્માનુભૂતિના બળ દ્વારા) ઈન્દ્રિયોને વશમાં કરવી, જીવોની દયા કરવી તે સંયમ છે. તેના વિના કાંઈક તપ કરે તો અહિંસાદિકનો વિપર્યય થઈ જાય ત્યારે તપ પણ નિષ્ફળ છે. આ પ્રમાણે તેમનું આચરણ નિષ્ફળ હોય છે. ૫.

તેથી કહે છે કે આ પ્રમાણે કરી થોડું પણ કરે તો મોટું ફળ મળે છે :—

णाणं चरित्तसुद्धं लिंगग्गहणं च दंसणविसुद्धं।
संजमसहिदो य तवो थोओ वि महाफलो होइ॥६॥

ज्ञानं चारित्रशुद्धं लिंगग्रहणं च दर्शनविशुद्धम्।
संयमसहितं च तपः स्तोकमपि महाफलं भवति॥६॥

જે જ્ઞાન ચરણવિશુદ્ધ, ધારણ લિંગનું દ્રગશુદ્ધ જે,
તપ જે સસંયમ, તે ભલે થોડું, મહાફળયુક્ત છે. ૬.

**અર્થ** :—જ્ઞાન તો ચારિત્રથી શુદ્ધ અને લિંગનું ગ્રહણ દર્શનથી શુદ્ધ તથા સંયમ સહિત તપ એવું થોડું પણ આચરણ કરે તો મહાફળરૂપ થાય છે.

**ભાવાર્થ** :—જ્ઞાન થોડું પણ હોય અને આચરણ શુદ્ધ કરે તો મોટું ફળ છે અને યથાર્થ શ્રદ્ધાનપૂર્વક વેષ લે તો મોટું ફળ પ્રાપ્ત કરે. જેવી રીતે સમ્યગ્દર્શન સહિત શ્રાવક જ હોય તો શ્રેષ્ઠ, અને તેના વિના મુનિનો વેષ પણ શ્રેષ્ઠ નથી. ઇન્દ્રિય સંયમ, પ્રાણ સંયમ સહિત ઉપવાસાદિક તપ થોડું પણ કરે તો મોટું ફળ થાય છે અને વિષયાભિલાષ તથા દયા રહિત ઘણા કષ્ટ સાથે તપ કરે તોપણ ફળ મળતું નથી એમ જાણવું. ૬.

હવે કહે છે કે જો કોઈ જ્ઞાનને જાણીને પણ વિષયાસક્ત રહે છે તેઓ સંસારમાં જ ભ્રમણ કરે છે :—

णाणं णाऊण णरा केई विसयाइभावसंसत्ता।
हिंडंति चादुरगदिं विसएसु विमोहिया मूढा॥७॥

ज्ञानं ज्ञात्वा नराः केचित् विषयादिभावसंसक्ताः।
हिंडन्ते चतुर्गतिं विषयेषु विमोहिता मूढाः॥७॥

નર કોઈ, જાણી જ્ઞાનને, આસક્ત રહી વિષયાદિકે,
ભટકે ચતુર્ગતિમાં અરે! વિષયે વિમોહિત મૂઢ એ. ૭.

**અર્થ** :—કેટલાક મૂઢ મોહી પુરુષો જ્ઞાનને જાણીને પણ વિષયરૂપ ભાવોમાં આસક્ત થતા થકા ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરે છે કારણ કે વિષયોથી વિમોહિત થવા છતાં પણ તેઓ સંસારમાં ભ્રમણ કરશે તેમાં પણ વિષયકષાયના સંસ્કાર છે.

**ભાવાર્થ** :—જ્ઞાન પ્રાપ્ત કરી વિષય-કષાયને છોડવો સારો છે. નહીંતર જ્ઞાન પણ અજ્ઞાનતુલ્ય જ છે.૭.

હવે કહે છે કે જ્યારે જ્ઞાન પ્રાપ્ત કરીને આ પ્રમાણે કરે તો સંસાર કપાય :—

जे पुण विसयविरत्ता णाणं णाऊण भावणासहिदा।
छिंदंति चादुरगदिं तवगुणजुत्ता ण संदेहो।।८।।

ये पुनः विषयविरक्ताः ज्ञानं ज्ञात्वा भावनासहिताः।
छिन्दन्ति चतुर्गतिं तपोगुणयुक्ताः न संदेहः।।८।।

પણ વિષયમાંહિ વિરક્ત, જાણી જ્ઞાન, ભાવનયુક્ત જે,
નિઃશંક તે તપગુણસહિત છેદે ચતુર્ગતિભ્રમણને. ૮.

**અર્થ** :—જે જ્ઞાનને જાણીને અને વિષયોથી વિરક્ત થઈને જ્ઞાનની વારંવાર અનુભવરૂપ ભાવના સહિત હોય છે તેઓ તપ અને ગુણ અર્થાત્ મૂળગુણ-ઉત્તરગુણયુક્ત થઈને ચતુર્ગતિરૂપ સંસારને છેદે છે તેમાં સંદેહ નથી.

**ભાવાર્થ** :—જ્ઞાન પ્રાપ્ત કરી વિષય કષાય છોડી જ્ઞાનની ભાવના કરે, મૂળગુણ-ઉત્તરગુણ ગ્રહણ કરી તપ કરે તે સંસારનો અભાવ કરી મુક્તિરૂપ નિર્મળ અવસ્થાને પ્રાપ્ત થાય છે—આ શીલ સહિત જ્ઞાનમાર્ગ છે. ૮.

હવે આ પ્રમાણે શીલ સહિત જ્ઞાનથી જીવ શુદ્ધ થાય છે તેનું દૃષ્ટાંત કહે છે :—

जह कंचणं विसुद्धं धम्मइयं खडियलवणलेवेण।
तह जीवो वि विसुद्धं णाणविसलिलेण विमलेण।।९।।

यथा कांचनं विशुद्धं धमत् खटिकालवणलेपेन।
तथा जीवोऽपि विशुद्धः ज्ञानविसलिलेन विमलेन।।९।।

ધમતાં લવણ-ખડીલેપપૂર્વક કનક નિર્મળ થાય છે,
ત્યમ જીવ પણ સુવિશુદ્ધ જ્ઞાનસલિલથી નિર્મળ બને. ૯.

**અર્થ** :—જેવી રીતે કંચન અર્થાત્ સુવર્ણ ક્ષાર અર્થાત્ નમકના લેપથી વિશુદ્ધ નિર્મળ કાંતિયુક્ત થાય છે તે રીતે જીવ પણ વિષય કષાયાના મળ રહિત નિર્મળ જ્ઞાનરૂપ જળથી પ્રક્ષાલિત થઈને કર્મ રહિત વિશુદ્ધ થાય છે.

**ભાવાર્થ** :—જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે, પરંતુ મિથ્યાત્વ વિષયોથી મલિન છે

તેથી મિથ્યાત્વ-વિષયરૂપ મળને દૂર કરી તેમની ભાવના કરે, તેમાં એકાગ્રતાથી ધ્યાન કરે તો કર્મોનો નાશ કરે. અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરી નિર્મળ થઈ મુક્ત થઈ જાય છે. અહીં સુવર્ણ તો દ્રષ્ટાંત છે એમ જાણવું. ૯.

હવે કહે છે કે જે જ્ઞાન પામીને વિષયાસક્ત થાય છે તે જ્ઞાનનો દોષ નથી પરંતુ કુપુરુષનો દોષ છે :—

णाणस्स णत्थि दोसो कुप्पुरिसाणं वि मंदबुद्धीणं।
जे णाणगव्विदा होऊणं विसएसु रज्जंति॥१०॥

ज्ञानस्य नास्ति दोषः कापुरुषस्यापि मंदबुद्धेः।
ये ज्ञानगर्विताः भूत्वा विषयेषु रज्जन्ति॥१०॥

જે જ્ઞાનથી ગર્વિત બની વિષયો મહીં રાચે જનો,
તે જ્ઞાનનો નહિ દોષ, દોષ કુપુરુષ મંદમતિ તણો. ૧૦.

**અર્થ** :—જે પુરુષ જ્ઞાનગર્વિત થઈને જ્ઞાનમદથી વિષયોમાં રંજિત થાય છે તે જ્ઞાનનો દોષ નથી. તેઓ મંદબુદ્ધિ કુપુરુષ છે તેનો દોષ છે.

**ભાવાર્થ** :—કોઈ એમ જાણે કે જ્ઞાન ઘણા પદાર્થોને જાણે તો વિષયોમાં રંજાયમાન થાય છે તેથી તે જ્ઞાનનો દોષ છે. અહીં આચાર્ય કહે છે કે—એમ ન માનો, જ્ઞાન પ્રાપ્ત કરી વિષયોમાં રંજાયમાન થાય છે તે જ્ઞાનનો દોષ નથી. તે પુરુષ મંદબુદ્ધિ છે અને કુપુરુષ છે તેનો દોષ છે. પુરુષનું હોનહાર ખરાબ હોય છે ત્યારે બુદ્ધિ બગડી જાય છે તો પછી જ્ઞાનને પ્રાપ્ત કરી તેના મદમાં મસ્ત થાય, વિષય કષાયમાં આસક્ત થઈ જાય તો આ દોષ—અપરાધ પુરુષનો છે જ્ઞાનનો નથી. જ્ઞાનનું કાર્ય તો વસ્તુને જેવી છે તેવી બતાવવાનો છે ત્યારબાદ પ્રવર્તવું તો પુરુષનું કાર્ય છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૦.

હવે કહે છે કે પુરુષનો આ પ્રમાણે નિર્વાણ થાય છે :—

णाणेण दंसणेण य तवेण चरिएण सम्मसहिएण।
होहदि परिणिव्वाणं जीवाण चरित्तसुद्धाणं॥११॥

ज्ञानेन दर्शनेन च तपसा चारित्रेण सम्यक्त्वसहितेन।
भविष्यति परिनिर्वाणं जीवानां चारित्रशुद्धानाम्॥११॥

સમ્યક્ત્વસંયુત જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્રથી
ચારિત્રશુદ્ધ જીવો કરે ઉપલબ્ધિ પરિનિર્વાણની. ૧૧.

**અર્થ** :—જ્ઞાન-દર્શન-તપ તેમનું સમ્યક્ત્વભાવ સહિત આચરણ થાય ત્યારે ચારિત્રથી શુદ્ધ જીવોને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વ સહિત જ્ઞાન-દર્શન તપનું આચરણ કરે ત્યારે ચારિત્ર શુદ્ધ થઈને રાગ-દ્વેષભાવ મટી જાય ત્યારે નિર્વાણ પામે છે આ માર્ગ છે. ૧૧. (તપ=શુદ્ધોપયોગરૂપ મુનિપણું, તે હોય તો ૧૨ પ્રકારના વ્યવહારના ભેદ છે.)

હવે તેને જ શીલની મુખ્યતા દ્વારા નિયમથી નિર્વાણ કહે છે :—

सीलं रक्खंताणं दंसणसुद्धाण दिढचरित्ताणं।
अत्थि धुवं णिव्वाणं विसएसु विरत्तचित्ताणं।।१२।।

शीलं रक्षतां दर्शनशुद्धानां दृढचारित्राणाम्।
अस्ति ध्रुवं निर्वाणं विषयेषु विरक्तचित्तानाम्।।१२।।

જે શીલને રક્ષે, સુદર્શનશુદ્ધ, દઢચારિત્ર જે,
જે વિષયમાંહી વિરક્તમન, નિશ્ચિત લહે નિર્વાણને. ૧૨.

**અર્થ** :—જે પુરુષોનું ચિત્ત વિષયોથી વિરક્ત છે, શીલની રક્ષા કરે છે, દર્શનથી શુદ્ધ છે અને જેમનું ચારિત્ર દઢ છે એવા પુરુષોનો ધ્રુવ અર્થાત્ નિશ્ચયથી, નિયમથી નિર્વાણ થાય છે.

**ભાવાર્થ** :—વિષયોથી વિરક્ત થવું તે જ શીલની રક્ષા છે. આ પ્રમાણે જે શીલની રક્ષા કરે છે તેમને જ સમ્યગ્દર્શન શુદ્ધ હોય છે અને ચારિત્ર અતિચાર રહિત શુદ્ધ—દઢ હોય છે—આવા પુરુષોનો નિયમથી નિર્વાણ થાય છે. જે વિષયોમાં આસક્ત છે તેમનું શીલ બગડે છે ત્યારે દર્શનથી શુદ્ધ ન રહી ચારિત્રથી શિથિલ થઈ જાય છે ત્યારે નિર્વાણ પણ થતો નથી. આ પ્રમાણે નિર્વાણમાર્ગમાં શીલ જ મુખ્ય છે. ૧૨.

હવે કહે છે કે કદાચિત્ કોઈ વિષયોથી વિરક્ત ન થયો અને 'માર્ગ' વિષયોથી વિરક્ત થવારૂપ જ કહે છે તેને માર્ગની પ્રાપ્તિ થાય છે પરંતુ જે વિષયસેવનને જ માર્ગ કહે છે તેનું જ્ઞાન પણ નિરર્થક છે :—

विसएसु मोहिदाणं कहियं मग्गं पि इट्ठदरिसीणं।
उम्मग्गं दरिसीणं णाणं पि णिरत्थयं तेसिं।।१३।।

विषयेषु मोहितानां कथितो मार्गोऽपि इष्टदर्शिनां।
उन्मार्गं दर्शिनां ज्ञानमपि निरर्थकं तेषाम्।।१३।।

છે ઇષ્ટદર્શી માર્ગમાં, હો વિષયમાં મોહિત ભલે;
ઉન્માર્ગદર્શી જીવનું જે જ્ઞાન તેય નિરર્થ છે. ૧૩.

**અર્થ :—**જે પુરુષ ઈષ્ટમાર્ગને બતાવવાવાળા જ્ઞાની છે અને વિષયોથી વિમોહિત છે તોપણ તેને માર્ગની પ્રાપ્તિ કહી છે. પરંતુ જે ઉન્માર્ગને બતાવવાવાળા છે તેને તો જ્ઞાનની પ્રાપ્તિ પણ નિરર્થક છે.

**ભાવાર્થ :—**પહેલા કહ્યું હતું કે જ્ઞાનને અને શીલને વિરોધ નથી અને એ વિશેષતા છે કે જ્ઞાન હોય અને વિષયાસક્ત થઈને જ્ઞાન બગાડે ત્યારે શીલ નથી. હવે અહીં એ પ્રમાણે કહ્યું કે જ્ઞાન પ્રાપ્ત કરી કદાચિત્ ચારિત્રમોહના ઉદયવશ વિષય ન છૂટે ત્યાં સુધી તેમાં વિમોહિત રહે અને માર્ગની પ્રરૂપણા વિષયોના ત્યાગરૂપ જ કરે તેને તો માર્ગની પ્રાપ્તિ પણ થાય છે. પરંતુ જે માર્ગને જ કુમાર્ગરૂપ પ્રરૂપણ કરે, વિષયસેવનને સુમાર્ગ બતાવે તેની તો જ્ઞાનપ્રાપ્તિ પણ નિરર્થક જ છે. જ્ઞાન પ્રાપ્ત કરીને પણ મિથ્યામાર્ગની પ્રરૂપણા કરે તેને જ્ઞાન કેવું? તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

અહીં એમ આશય સૂચિત થાય છે કે સમ્યક્ત્વ સહિત અવિરત સમ્યગ્દષ્ટિ સારો છે કારણ કે સમ્યગ્દષ્ટિ કુમાર્ગની પ્રરૂપણા કરતો નથી, પોતાને (ચારિત્રદોષથી) ચારિત્રમોહનો ઉદય પ્રબળ હોય ત્યાં સુધી વિષયો છૂટતા નથી તેથી અવિરત છે. પરંતુ જે સમ્યગ્દષ્ટિ નથી અને જ્ઞાન પણ ઘણું હોય, કંઈક આચરણ પણ કરે, વિષયોને પણ છોડે અને કુમાર્ગની પ્રરૂપણા કરે તો તે બરાબર નથી. તેનું જ્ઞાન અને વિષયોનું છોડવું નિરર્થક છે. આ પ્રમાણે જાણવું જોઈએ. ૧૩.

હવે કહે છે કે જે ઉન્માર્ગની પ્રરૂપણા કરવાવાળો કુમત-કુશાસ્ત્રની પ્રશંસા કરે છે તે ઘણા શાસ્ત્રો જાણતો હોવા છતાં પણ શીલવ્રતથીજ્ઞાનથી રહિત છે, તેને આરાધના નથી :—

कुमयकुसुदपसंसा जाणंता बहुविहाइं सत्थाइं।
सीलवदणाणरहिदा ण हु ते आराधया होंति।।१४।।

कुमतकुश्रुतप्रशंसकाः जानन्तो बहुविधानि शास्त्राणि।
शीलव्रतज्ञानरहिता न स्फुटं ते आराधका भवन्ति॥१४॥

દુર્મત-કુશાસ્ત્રપ્રશંસકો જાણે વિવિધ શાસ્ત્રો ભલે,
વ્રત-શીલ-જ્ઞાનવિહીન છે તેથી ન આરાધક ખરે. ૧૪.

**અર્થ** :—જે ઘણા પ્રકારના શાસ્ત્રોને જાણે છે અને કુમત-કુશાસ્ત્રની પ્રશંસા કરે છે તે શીલવ્રત અને જ્ઞાન રહિત છે તે આરાધક નથી.

**ભાવાર્થ** :—જે ઘણા શાસ્ત્રોને જાણે છે અને કુમત-કુશાસ્ત્રોની પ્રશંસા કરે છે તેથી એમ જાણો કે તેને કુમત અને કુશાસ્ત્રો પ્રત્યે રાગ છે ત્યારે તેમની પ્રશંસા કરે છે—આ તો મિથ્યાત્વનું ચિહ્ન છે. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં જ્ઞાન પણ મિથ્યા છે અને વિષય-કષાયોથી રહિત હોવાને શીલ કહે છે તે પણ તેને નથી વ્રત પણ તેને નથી. કદાચિત કોઈ વ્રતાચરણ કરે છે તોપણ મિથ્યાચારિત્રરૂપ છે. તેથી દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાવાળો નથી, મિથ્યાદૃષ્ટિ છે. ૧૪.

હવે કહે છે કે જે રૂપ સુંદર આદિક સામગ્રી પ્રાપ્ત કરે અને શીલ રહિત હોય તો તેનો મનુષ્યજન્મ નિરર્થક છે :—

रूवसिरिगव्विदाणं जुव्वणलावण्णकंतिकलिदाणं।
सीलगुणवज्जिदाणं णिरत्थयं माणुसं जम्म॥१५॥

रूपश्रीगर्वितानां यौवनलावण्यकांतिकलितानाम्।
शीलगुणवर्जितानां निरर्थकं मानुषं जन्मम्॥१५॥

હો રૂપશ્રીગર્વિત, ભલે લાવણ્યયૌવનકાન્તિ હો,
માનવજનમ છે નિષ્પ્રયોજન શીલગુણવર્જિત તણો. ૧૫.

**અર્થ** :—જે પુરુષ યૌવન અવસ્થા સહિત છે અને ઘણા ઘણા લોકોને પ્રિય લાગે એવા લાવણ્ય સહિત છે, શરીરની કાંતિ—પ્રભાથી મંડિત છે અને સુંદર રૂપ-લક્ષ્મી-સંપદાથી ગર્વિત છે, મદોન્મત્ત છે, પરંતુ તે જો શીલ અને ગુણોથી રહિત હોય તો તેનો મનુષ્યજન્મ નિરર્થક છે.

**ભાવાર્થ** :—મનુષ્યજન્મ પ્રાપ્ત કરી શીલ રહિત છે, વિષયોમાં આસક્ત રહે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણોથી રહિત છે અને યૌવન અવસ્થામાં શરીરની લાવણ્યતા,

કાંતિરૂપ સુંદર ધન, સંપદા પ્રાપ્ત કરી તેના ગર્વથી મદોન્મત્ત રહે છે તો તેણે મનુષ્યજન્મ નિષ્ફળ રીતે ખોઈ નાખ્યો. મનુષ્યજન્મમાં સમ્યગ્દર્શન આદિનું અંગીકાર કરવું અને શીલ, સંયમ પાળવું યોગ્ય હતું તે તો અંગીકાર કર્યું નથી તેથી તેનો મનુષ્યજન્મ નિષ્ફળ જ ગયો.

એવું પણ દર્શાવ્યું છે કે પહેલી ગાથામાં કુમત-કુશાસ્ત્રની પ્રશંસા કરવાવાળાનું જ્ઞાન નિરર્થક કહ્યું હતું તે જ રીતે અહીં રૂપાદિકનો મદ કરો તો પણ તે મિથ્યાત્વનું ચિહ્ન છે. જે મદ કરે તેને મિથ્યાદ્રષ્ટિ જ જાણવો. તથા તે લક્ષ્મીરૂપ યોવન કાંતિથી મંડિત હોય અને શીલ રહિત વ્યભિચારી હોય તો તેની લોકમાં નિંદા જ થાય છે. ૧૫.

હવે કહે છે કે ઘણા શાસ્ત્રોનું જ્ઞાન હોવા છતાં પણ શીલ જ ઉત્તમ છે :—

वायरणछंदवइसेसियववहारणायसत्थेसु।
वेदेऊण सुदेसु य तेसु [१]मयं उत्तमं सीलं॥१६॥

व्याकरणछन्दोवैशेषिकव्यवहारन्यायशास्त्रेषु।
विदित्वा श्रुतेषु च तेषु श्रुतं उत्तमं शीलम्॥१६॥

વ્યાકરણ, છંદો, ન્યાય, વૈશેષિક, વ્યવહારાદિનાં
શાસ્ત્રો તણું હો જ્ઞાન તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૧૬.

**અર્થ** :—વ્યાકરણ, છંદ, વૈશેષિક, વ્યવહાર, ન્યાયશાસ્ત્ર આ શાસ્ત્રો અને શ્રુત તથા જિનાગમ તેમાં તે વ્યાકરણાદિક અને શ્રુત અર્થાત્ જિનાગમને જાણીને પણ તેમાં શીલ હોય તે જ ઉત્તમ છે.

**ભાવાર્થ** :—વ્યાકરણાદિ શાસ્ત્રો જાણે અને જિનાગમને પણ જાણે તો પણ તેમાં શીલ જ ઉત્તમ છે. શાસ્ત્રોને જાણીને પણ વિષયોમાં જ આસક્ત હોય તો તે શાસ્ત્રોનું જાણવું વૃથા છે, ઉત્તમ નથી. ૧૬.

હવે કહે છે કે જે શીલગુણથી મંડિત છે તે દેવોને પણ પ્રિય (વલ્લભ) છે :—

सीलगुणमंडिदाणं देवा भवियाण वल्लहा होंति।
सुदपारयपउरा णं दुस्सीला अप्पिला लोए॥१७॥

---

૧ પાઠાન્તર :—मदं।

शीलगुणमंडितानां देवा भव्यानां वल्लभा भवन्ति।
श्रुतपारगप्रचुराः णं दुःशीला अल्पकाः लोके॥१७॥

રે! શીલગુણમંડિત ભવિકના દેવ વલ્લભ હોય છે;
લોકે કુશીલ જનો, ભલે શ્રુતપારગત હો, તુચ્છ છે. ૧૭.

**અર્થ** :—જે ભવ્ય પ્રાણી શીલ અને સમ્યગ્દર્શનાદિ ગુણો અથવા શીલ ગુણથી શોભિત છે તે દેવોને પણ પ્રિય હોય છે તેની સેવા કરવાવાળા સહાયક થાય છે. જે શ્રુતપારગ અર્થાત્ શાસ્ત્રને પાર પામ્યા છે, અગિયાર અંગ સુધી ભણ્યા છે અને તેમનામાં કેટલાક શીલગુણથી રહિત છે, દુ:શીલ છે, વિષય-કષાયમાં આસક્ત છે, તેઓ આ લોકમાં 'અલ્પકા' અર્થાત્ ન્યૂન છે તે મનુષ્યોને પણ પ્રિય લાગતા નથી તો તેમને દેવ ક્યાંથી સહાયક થાય?

**ભાવાર્થ** :—શાસ્ત્ર બહુ જાણે અને વિષયાસક્ત હોય તો તેનો કોઈ સહાયક થતો નથી. ચોર અને અન્યાયીની લોકમાં કોઈ સહાય કરતું નથી. પરંતુ શીલગુણથી શોભિત હોય અને જ્ઞાન થોડું પણ હોય તો તેના ઉપકારી દેવો હોય છે તો મનુષ્યો તો હોય જ. શીલગુણવાળા સર્વને પ્રિય હોય છે. ૧૭.

હવે કહે છે કે જેને શીલ છે—સુશીલ છે તેનું મનુષ્યભવમાં જીવવું સફળ છે, સારું છે :—

सव्वे वि य परिहीणा रूवविरूवा वि पडिदसुवया वि।
सीलं जेसु सुसीलं सुजीविदं माणुसं तेसिं॥१८॥

सर्वेऽपि च परिहीनाः रूपविरूपा अपि पतितसुवयसोऽपि।
शीलं येषु सुशीलं सुजीवितं मानुष्यं तेषाम्॥१८॥

સૌથી ભલે હો હીન, રૂપવિરૂપ, યૌવનભ્રષ્ટ હો,
માનુષ્ય તેનું છે સુજીવિત, શીલ જેનું સુશીલ હો. ૧૮.

**અર્થ** :—જે સર્વ પ્રાણીઓમાં હીન છે, કુલાદિકથી ન્યૂન છે અને રૂપથી વિરૂપ છે, સુંદર નથી, 'पतितसुवयसः' એટલે કે અવસ્થાથી સુંદર નથી, વૃદ્ધ થઈ ગયો છે પરંતુ જેનામાં શીલ સુશીલ છે, સ્વભાવ ઉત્તમ છે, કષાયાદિકની તીવ્ર આસક્તતા નથી તેનું મનુષ્યપણું ઉત્તમ છે, તેનું જીવવું શોભે છે.

**ભાવાર્થ** :—લોકમાં સર્વ સામગ્રીથી જે ન્યૂન છે, પરંતુ સ્વભાવ ઉત્તમ છે, વિષય કષાયોમાં આસક્ત નથી તો તે ઉત્તમ જ છે. તેનો મનુષ્યભવ સફળ છે. તેનું જીવન પ્રશંસાને યોગ્ય છે. ૧૮.

હવે કહે છે કે જેટલા પણ ઉત્તમ કાર્યો છે તે સર્વે શીલના પરિવાર છે :—

जीवदया दम सच्चं अचोरियं बंभचेरसंतोसे।
सम्मद्दंसण णाणं तओ य सीलस्स परिवारो॥१९॥

जीवदया दमः सत्यं अचौर्यं ब्रह्मचर्यसंतोषौ।
सम्यग्दर्शनं ज्ञानं तपश्च शीलस्य परिवारः॥१९॥

પ્રાણીદયા, દમ, સત્ય, બ્રહ્મ, અચૌર્ય ને સંતુષ્ટતા,
સમ્યક્ત્વ, જ્ઞાન, તપશ્ચરણ છે શીલના પરિવારમાં. ૧૯.

**અર્થ** :—જીવદયા, ઈન્દ્રિયોનું દમન, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, સમ્યગ્દર્શન, જ્ઞાન, તપ આ બધો શીલનો જ પરિવાર છે.

**ભાવાર્થ** :—શીલ સ્વભાવનું તથા પ્રકૃતિનું નામ પ્રસિદ્ધ છે, મિથ્યાત્વસહિત કષાયરૂપ જ્ઞાનની પરિણતિ તો દુઃશીલ છે તેને સંસાર પ્રકૃતિ કહેવાય છે. આ પ્રકૃતિ પલટાય અને સમ્યક્પ્રકૃતિ હોય તે સુશીલ છે. તેને મોક્ષ સન્મુખ પ્રકૃતિ કહે છે. આવા સુશીલને જીવદયા વગેરે ગાથામાં કહ્યા છે તે તેના જ પરિવાર છે. કારણ કે સંસાર પ્રકૃતિ પલટાય ત્યારે સંસાર દેહથી વૈરાગ્ય થાય અને મોક્ષથી અનુરાગ થાય ત્યારે જ સમ્યગ્દર્શનાદિ પરિણામ હોય. પછી જેટલી પ્રકૃતિ હોય તે બધી મોક્ષના સન્મુખ હોય. આ સુશીલ છે તેથી સંસારનો અંત આવે છે તેથી આ પ્રકૃતિ હોય છે અને આ પ્રકૃતિ ન હોય ત્યાં સુધી સંસારભ્રમણ છે જ એમ જાણવું. ૧૯.

હવે શીલ જ તપ વગેરે છે એવા શીલની મહિમા કહે છે :—

सीलं तवो विसुद्धं दंसणसुद्धी य णाणसुद्धी य।
सीलं विसयाण अरी सीलं मोक्खस्स सोवाणं॥२०॥

शीलं तपः विशुद्धं दर्शनशुद्धिश्च ज्ञानशुद्धिश्च।
शीलं विषयाणामरिः शीलं मोक्षस्य सोपानम्॥२०॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**છે શીલ તે તપ શુદ્ધ, તે દ્રગશુદ્ધિ, જ્ઞાનવિશુદ્ધિ છે,**
**છે શીલ અરિ વિષયો તણો ને શીલ શિવસોપાન છે. ૨૦.**

**અર્થ** :—શીલ જ વિશુદ્ધ નિર્મળ તપ છે, શીલ જ દર્શનની શુદ્ધતા છે, શીલ જ જ્ઞાનની શુદ્ધતા છે, શીલ જ વિષયોનો શત્રુ છે અને શીલ જ મોક્ષની સીડી છે.

**ભાવાર્થ** :—જીવ-અજીવ પદાર્થોનું જ્ઞાન કરી તેમાંથી મિથ્યાત્વ અને કષાયનો અભાવ કરવો તે સુશીલ છે તે આ આત્માનો જ્ઞાન સ્વભાવ છે, તે સંસારપ્રકૃતિ મટી મોક્ષ સન્મુખ પ્રકૃતિ હોય તો આ શીલના જ તપ આદિક બધા નામ છે. નિર્મળ તપ, શુદ્ધ દર્શન-જ્ઞાન, વિષય કષાયનું મટવું, મોક્ષની સીડી આ બધા શીલના જ અર્થ છે. એવા શીલના મહાત્મ્યનું વર્ણન કર્યું છે અને આ કેવળ મહિમા જ નથી તે સર્વે ભાવોનું અવિનાભાવીપણું બતાવ્યું છે ૨૦.

હવે કહે છે કે વિષયરૂપ વિષ મહા પ્રબળ છે :—

**जह विसयलुद्ध विसदो तह थावरजंगमाण घोराणं।**
**सव्वेसिं पि विणासदि विसयविसं दारुणं होई॥२१॥**

यथा विषयलुब्धः विषदः तथा स्थावरजंगमान् घोरान्।
सर्वान् अपि विनाशयति विषयविषं दारुणं भवति॥२१॥

**વિષ ઘોર જંગમ-સ્થાવરોનું નષ્ટ કરતું સર્વને,**
**પણ વિષયલુબ્ધ તણું વિઘાતક વિષયવિષ અતિરૌદ્ર છે. ૨૧.**

**અર્થ** :—જેમ વિષયસેવનરૂપી વિષ વિષયલુબ્ધ જીવોને વિષ દેવાવાળું છે તે જ રીતે ઘોર તીવ્ર સ્થાવર જંગમ બધું જ વિષ પ્રાણીઓનો વિનાશ કરે છે તોપણ આ બધા ઝેરમાં વિષયોનું ઝેર ઉત્કૃષ્ટ છે, તીવ્ર છે.

**ભાવાર્થ** :—જેવી રીતે હાથી, માછલી, ભમરો, પતંગિયું વગેરે જીવો વિષયોમાં લુબ્ધ થઈને વિષયોના વશ થઈ નષ્ટ થઈ જાય છે, તે રીતે જ સ્થાવર વિષ, મોહરા, સોમલ વગેરે અને જંગમનું વિષ સર્પ, ઘોહરા વગેરેના વિષથી પણ પ્રાણીઓ મરી જાય છે, પરંતુ બધા વિષયોમાં વિષયોનું વિષ અતિ તીવ્ર છે. ૨૧.

હવે તેનું સમર્થન કરવા માટે વિષયોના વિષનું તીવ્રપણું કહે છે કે વિષની વેદનાથી એકવાર મરણ પામે છે અને વિષયોથી સંસારમાં ભ્રમણ કરે છે :—

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

वारि एक्कम्मि य जम्मे मरिज्ज विसवेयणाहदो जीवो।
विसयविसपरिहया णं भमंति संसारकंतारे॥२२॥

वारे एकस्मिन् च जन्मनि गच्छेत् विषवेदनाहतः जीवः।
विषयविषपरिहता भ्रमंति संसारकांतारे॥२२॥

વિષવેદનાહત જીવ એક જ વાર પામે મરણને,
પણ વિષયવિષહત જીવ તો સંસારકાંતારે ભમે. ૨૨.

**અર્થ** :—વિષની વેદનાથી નષ્ટ જીવો તો એક જન્મમાં જ મરણ પામે છે પરંતુ વિષયરૂપ વિષથી નષ્ટ જીવો અતિશયપણે—વારંવાર સંસારરૂપી વનમાં ભ્રમણ કરે છે (પુણ્યની અને રાગની રુચિ તે જ વિષયબુદ્ધિ છે)

**ભાવાર્થ** :—અન્ય સર્પાદિકના વિષથી વિષયોનું વિષ પ્રબળ છે, તેની આસક્તિથી એવો કર્મબંધ થાય છે કે તેનાથી ઘણા જન્મ-મરણ થાય છે. ૨૨.

હવે કહે છે કે વિષયોની આસક્તિથી ચતુર્ગતિમાં દુઃખ જ પામે છે :—

णरएसु वेयणाओ तिरिक्खए माणवेसु दुक्खाइं।
देवेसु वि दोहग्गं लहंति विसयासिया जीवा॥२३॥

नरकेषु वेदनाः तिर्यक्षु मानुषेषु दुःखानि।
देवेषु अपि दौर्भाग्यं लभन्ते विषयासक्ता जीवाः॥२३॥

બહુ વેદના નરકો વિષે, દુઃખો મનુજ-તિર્યંચમાં,
દેવેય દુર્ભગતા લહે વિષયાવલંબી આતમા. ૨૩.

**અર્થ** :—વિષયોમાં આસક્ત જીવો નરકમાં અત્યંત વેદના પામે છે, તિર્યંચોમાં તથા મનુષ્યોમાં દુઃખોને પામે છે અને દેવોમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ દુર્ભાગ્યપણું પામે છે, નીચ દેવ થાય છે. આ પ્રમાણે ચારે ગતિઓમાં દુઃખ જ પામે છે.

**ભાવાર્થ** :—વિષયાસક્ત જીવોને ક્યાંય પણ સુખ નથી. પરલોકમાં તો નરકાદિ વગેરેના દુઃખો પામે જ છે પરંતુ આ લોકમાં પણ તેમનું સેવન કરવામાં આપત્તિ તથા કષ્ટ આવે છે. તથા સેવનની આકુળતા તે દુઃખ જ છે, તેમાં આ જીવ ભ્રમથી સુખ માને છે. સત્યાર્થ જ્ઞાની તો વિષયોથી વિરક્ત જ હોય છે. ૨૩.

હવે કહે છે કે વિષયોને છોડવામાં કાંઈપણ હાનિ નથી :—

तुसधम्मंतबलेण य जह दव्वं ण हि णराण गच्छेदि।
तवसीलमंत कुसली खवंति विसयं विसं व खलं॥२४॥

तुषधमद्बलेन च यथा द्रव्यं न हि नराणां गच्छति।
तपः शीलमंतः कुशलः क्षिपते विषयं विषमिव खलं॥२४॥

તુષ દૂર કરતાં જે રીતે કંઈ દ્રવ્ય નરનું ન જાય છે,
તપશીલવંત સુકુશલ, ખળ માફક, વિષયવિષને તજે. ૨૪.

**અર્થ** :—જેવી રીતે ફોતરાને ઝાટકવાથી, ઉડાડવાથી મનુષ્યનું કોઈ દ્રવ્ય નાશ પામતું નથી તે જ રીતે તપસ્વી અને શીલવાન પુરુષો વિષયોને ફોતરાની જેમ નાખી દે છે, દૂર ફેંકી દે છે.

**ભાવાર્થ** :—જે જ્ઞાની તપશીલથી સહિત છે, તેમના માટે ઈન્દ્રિયોના વિષયો ખોળની જેમ છે. જે રીતે ઈક્ષુનો રસ નીકળી જવા પછી કૂચા નિરસ થઈ જાય છે ત્યારે તે ફેંકી દેવાને યોગ્ય છે એ જ રીતે વિષયોને પણ જાણવા. રસ હતો તે તો જ્ઞાનીઓએ જાણી લીધો ત્યારે વિષયો તો ફોતરા સમાન રહ્યા, તેમને ત્યાગવામાં શું હાનિ હોય? એટલે કે કાંઈપણ હાનિ નથી. તે જ્ઞાનીઓને ધન્ય છે જે વિષયોને જ્ઞેયમાત્ર જાણી આસક્ત થતા નથી.

જે આસક્ત થાય છે તે તો અજ્ઞાની જ છે, કારણ કે વિષયો તો જડ પદાર્થ છે, સુખ તો તેમને જાણનારા જ્ઞાનમાં જ હતું, અજ્ઞાનીએ આસક્ત થઈને વિષયોમાં સુખ માન્યું. જે રીતે કૂતરું સુકું હાડકું ચાવે છે ત્યારે હાડકાની અણી મુખના તાળવામાં વાગે છે તેથી તાળવું ફાટી જાય છે અને તેમાંથી લોહી વહેવા લાગે છે ત્યારે અજ્ઞાની શ્વાન જાણે છે કે આ રસ હાડકામાંથી નીકળ્યો છે અને તે હાડકાને વારંવાર ચાવી સુખ માને છે તે જ રીતે અજ્ઞાની વિષયોમાં સુખ માની વારંવાર ભોગવે છે પરંતુ જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનમાં જ સુખ જાણ્યું છે તેમને વિષયોના ત્યાગમાં દુઃખ નથી તેમ જાણવું. ૨૪.

હવે કહે છે કે કોઈ પ્રાણી શરીરના સુંદર અવયવોને પ્રાપ્ત કરે છે તો પણ સર્વે અંગોમાં શીલ જ ઉત્તમ છે :—

*वट्टेसु य खंडेसु य भद्देसु य विसालेसु अंगेसु।
अंगेसु य पप्पेसु य सव्वेसु य उत्तमं सीलं।।२५।।

वृत्तेषु च खंडेषु च भद्रेषु च विशालेषु अंगेषु।
अंगेषु च प्राप्तेषु च सर्वेषु च उत्तमं शीलं।।२५।।

છે ભદ્ર, ગોળ, વિશાળ ને ખંડાત્મ અંગ શરીરમાં,
તે સર્વ હોય સુપ્રાપ્ત તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૨૫.

**અર્થ** :—પ્રાણીના દેહમાં કેટલાક અંગ તો ગોળ, સુઘટ, પ્રશંસાયોગ્ય હોય છે અને કેટલાક અંગો અર્ધગોળાકારની જેમ પ્રશંસાયોગ્ય હોય છે, કેટલાક અંગો ભદ્ર એટલે કે સરળ, સીધા પ્રશંસાયોગ્ય હોય છે અને કેટલાક અંગો વિશાળ અર્થાત્ વિસ્તીર્ણ (પહોળા) પ્રશંસાયોગ્ય હોય છે. આ પ્રમાણે દરેક અંગ યથાસ્થાને શોભા પામે છે તોપણ આ અંગોમાં શીલ નામનું અંગ જ ઉત્તમ છે. શીલ ન હોય તો બધા અંગ શોભા પામતા નથી. આ પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ** :—લોકમાં પ્રાણી સર્વાંગ સુંદર હોય પરંતુ દુઃશીલ હોય તો સર્વ લોકો દ્વારા નિંદા કરવાયોગ્ય થાય છે. આ પ્રમાણે લોકમાં પણ શીલની જ શોભા છે. તો મોક્ષમાં પણ શીલને જ પ્રધાન કહ્યું છે. જેટલા સમ્યગ્દર્શનાદિ મોક્ષના અંગ છે તે શીલના જ પરિવારના છે. આવું અગાઉ કહેતા આવ્યા છીએ. ૨૫.

હવે કહે છે કે જે કુબુદ્ધિથી મૂઢ થઈ ગયા છે તે વિષયોમાં આસક્ત છે, કુશીલ છે અને સંસારમાં ભ્રમણ કરે છે :—

पुरिसेण वि सहियाए कुसमयमूढेहि विसयलोलेहिं।
संसारे भमिदव्वं अरयघरट्टं व भूदेहिं।।२६।।

पुरिषेणापि सहितेन कुसमयमूढैः विषयलोलैः।
संसारे भ्रमितव्यं अरहटघरट्टं इव भूतैः।।२६।।

દુર્મતવિમોહિત વિષયલુબ્ધ જનો ઇતરજન સાથમાં
અરઘટ્ટિકાના ચક્ર જેમ પરિભ્રમે સંસારમાં. ૨૬.

* 'वड्डे' पाठान्तर ।

**અર્થ** :—જેઓ કુસમય અર્થાત્ કુમતથી મૂઢ છે તેઓ જ અજ્ઞાની છે અને તેઓ જ વિષયોમાં લોલુપી છે—આસક્ત છે, તેઓ જેમ રહેટમાં ઘડી ભ્રમણ કરે છે તેવી જ રીતે સંસારમાં ભ્રમણ કરે છે. તેમની સાથે અન્ય પુરુષોનું પણ સંસારમાં દુઃખ સહિત ભ્રમણ થાય છે.

**ભાવાર્થ** :—કુમતી વિષયાસક્ત મિથ્યાદ્રષ્ટિ સ્વયં તો વિષયોને સારા માની સેવન કરે છે, કેટલાક કુમતી એવા છે કે જે એવું કહે છે કે સુંદર વિષય સેવન કરવાથી બ્રહ્મ પ્રસન્ન થાય છે (—આ તો બ્રહ્માનંદ છે) આ પરમેશ્વરની મોટી ભક્તિ છે એવું કહીને અત્યંત આસક્ત થઈને વિષયોનું સેવન કરે છે અને એવો જ ઉપદેશ બીજાઓને આપી વિષયોમાં લગાડે છે તેઓ પોતે તો રહેટની ઘડીની જેમ સંસારમાં ભ્રમણ કરે જ છે અનેક પ્રકારના દુઃખ ભોગવે છે પરંતુ અન્ય પુરુષોને પણ તેમાં લગાવી ભ્રમણ કરાવે છે. તેથી આ વિષયસેવન દુઃખ માટે જ છે, દુઃખનું જ કારણ છે એવું જાણી કુમતીઓનો સંગ ન કરવો. વિષયાસક્તપણું છોડવું તેનાથી જ સુશીલપણું થાય છે. ૨૬.

હવે કહે છે કે જે કર્મની ગાંઠ પોતે જ વિષયસેવન કરી બાંધી છે તેને સત્પુરુષો તપશ્ચરણાદિ કરી પોતે જ કાપે છે :—

आदेहि कम्मगंठी जा बद्धा [1]विसयरागरंगेहिं।
तं छिंदंति कयत्था तवसंजमसीलयगुणेण।।२७।।

आत्मनि कर्मग्रंथिः या बद्धा विषयरागरागैः।
तां छिन्दन्ति कृतार्थाः तपः संयमशीलगुणेन।।२७।।

જે કર્મગ્રંથિ વિષયરાગે બદ્ધ છે આત્મા વિષે,
તપચરણ-સંયમ-શીલથી સુકૃતાર્થ છેદે તેહને. ૨૭.

**અર્થ** :—જે વિષયોને રંગરાગ કરી પોતે જ કર્મની ગાંઠ બાંધી છે તેમને કૃતાર્થપુરુષ (ઉત્તમ પુરુષ) તપ સંયમ, શીલ દ્વારા પ્રાપ્ત જે ગુણો તેના દ્વારા છેદે છે, ખોલે છે.

**ભાવાર્થ** :—જે કોઈ સ્વયં ગાંઠ બાંધે તેને ખોલવાનું વિધાન પોતે જ જાણે. જે રીતે સોની વગેરે કારીગરો આભૂષણાદિક સાંધોના ટાંકા એવો જાણે કે તે સાંધો અદૃશ્ય થઈ જાય ત્યારે તે સાંધાના ટાંકાને જાણવાવાળો ઓળખીને ખોલે. તેવી જ રીતે આત્માએ

૧. સંસ્કૃત નકલમાં 'विषयरायमोहेहि' એવો પાઠ છે, છાયામાં 'विषयरागमोहैः' છે

પોતે જ રાગાદિકભાવોથી કર્મની ગાંઠ બાંધી છે તેને પોતે જ ભેદવિજ્ઞાન કરી રાગાદિક અને પોતાનું જે ભેદ છે તે સાંધને ઓળખી તપ, સંયમ, શીલરૂપ—ભાવરૂપ શસ્ત્રો દ્વારા તે કર્મબંધને કાપે છે એવું જાણી જે કૃતાર્થ પુરુષો છે તે પોતાના પ્રયોજનને સાધવાવાળા છે. તેઓ આ શીલગુણને અંગીકાર કરી આત્માને કર્મથી ભિન્ન કરે છે. આ પુરુષાર્થી પુરુષોનું કાર્ય છે. ૨૭.

હવે જે શીલ દ્વારા આત્મા શોભા પામે છે તેને દૃષ્ટાંત દ્વારા દર્શાવે છે :—

उदधीव रदणभरिदो तवविणयंसीलदाणरयणाणं।
सोहेंतो य ससीलो णिव्वाणमणुत्तरं पत्तो।।२८।।

उदधिरिव रत्नभृतः तपोविनयशीलदानरत्नानाम्।
शोभते च सशीलः निर्वाणमनुत्तरं प्राप्तः।।२८।।

તપ-દાન-શીલ-સુવિનય—રત્નસમૂહ સહ, જલધિ સમો,
સોહંત જીવ સશીલ પામે શ્રેષ્ઠ શિવપદને અહો! ૨૮.

**અર્થ** :—જેવી રીતે સમુદ્ર રત્નોથી ભરેલો છે તોપણ જળ સહિત શોભા પામે છે તે જ રીતે આ આત્મા તપ, વિનય, શીલ, દાન વગેરે રત્નોથી યુક્ત હોવા છતાં શીલ સહિત શોભા પામે છે કારણ કે જે શીલ સહિત થયો તેને અનુત્તર અને જેની આગળ કાંઈ નથી એવા નિર્વાણપદને પ્રાપ્ત કર્યું.

**ભાવાર્થ** :—જેમ સમુદ્રમાં રત્ન ઘણા છે તોપણ જળ દ્વારા તે સમુદ્ર નામને પ્રાપ્ત કરે છે, તે જ રીતે આ આત્મા અન્યગુણ સહિત હોય તો પણ તે શીલ દ્વારા જ નિર્વાણપદને પ્રાપ્ત કરે છે એમ જાણવું. ૨૮.

હવે જે શીલવાન પુરુષ છે તે જ મોક્ષને પ્રાપ્ત કરે છે તેવું પ્રસિદ્ધ કરીને જણાવે છે :—

सुणहाण गद्दहाण य गोपसुमहिलाण दीसदे मोक्खो।
जे सोधंति चउत्थं पिच्छिज्जंता जणेहि सव्वेहिं।।२९।।

शुनां गर्दभानां च गोपशुमहिलानां दृश्यते मोक्षः।
ये शोधयन्ति चतुर्थं दृश्यतां जनैः सर्वैः।।२९।।

દેખાય છે શું મોક્ષ સ્ત્રી-પશુ-ગાય-ગર્દભ-શ્વાનનો?
જે તુર્યને સાધે, લહે છે મોક્ષ;—દેખો સૌ જનો. ૨૯.

**અર્થ** :—આચાર્ય કહે છે કે—બધા લોકો આ જુઓ—કૂતરો, ગધેડો અને તેમાં ગાય આદિ પશુ તથા સ્ત્રી વગેરેમાં કોઈનો મોક્ષ થયેલો શું દેખાય છે? તેવું તો દેખાતું જ નથી. મોક્ષ તો ચોથો પુરુષાર્થ છે, તેથી જેઓ ચતુર્થ પુરુષાર્થને શોધે છે તેમનો જ મોક્ષ થતો જોવામાં આવે છે.

**ભાવાર્થ** :—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષના જ પ્રયોજન કહ્યા છે તે પ્રસિદ્ધ છે તેથી તેમનું નામ જ પુરુષાર્થ છે એવું પણ પ્રસિદ્ધ છે, તેમાં ચોથો પુરુષાર્થ મોક્ષ છે, તેને તેનું જે પુરુષ સંશોધન કરે છે તે જ પુરુષ તેને પ્રાપ્ત કરે છે, તેની સિદ્ધિ કરે છે, અન્ય કૂતરો, ગધેડો, બળદ, પશુ, સ્ત્રી તેમને મોક્ષનો પુરુષાર્થ પ્રસિદ્ધ નથી. જો હોય તો મોક્ષનો પુરુષાર્થ એવું નામ કેમ ન હોય? અહીં આશય એવો છે કે મોક્ષ શીલથી થાય છે. જે શ્વાન, ગધેડો વગેરે છે તે તો અજ્ઞાની છે, કુશીલી છે, તેમનો સ્વભાવ—પ્રકૃતિ જ એવી છે કે પલટીને મોક્ષ થવાયોગ્ય તથા સંશોધન કરવાયોગ્ય નથી તેથી પુરુષને મોક્ષનું સાધન શીલને જાણી અંગીકાર કરવું જોઈએ. સમ્યગ્દર્શનાદિ છે તે શીલના જ પરિવાર પહેલા જ કહ્યા છે એ પ્રમાણે જાણવું. ૨૯.

નોંધ : તિર્યંચ અને સ્ત્રીઓ પંચમ ગુણસ્થાનને પામે છે પરંતુ મોક્ષની પ્રાપ્તિ કરે તેવો પુરુષાર્થ ઉપડતો નથી

હવે કહે છે કે શીલ વિના જ્ઞાનથી જ મોક્ષ નથી તેનું ઉદાહરણ કહે છે :—

जइ विसयलोलएहिं णाणीहि हविज्ज साहिदो मोक्खो।
तो सो सच्चइपुत्तो दसपुव्वीओ वि किं गदो णरयं।।३०।।

यदि विषयलोलैः ज्ञानिभिः भवेत् साधितः मोक्षः।
तर्हि सः सात्यकिपुत्रः दशपूर्विकः किं गतः नरकम्।।३०।।

જો મોક્ષ સાધિત હોત વિષયવિલુબ્ધ જ્ઞાનધરો વડે,
દશપૂર્વધર પણ સાત્યકિસુત કેમ પામત નરકને? ૩૦.

**અર્થ** :—જે વિષયોમાં લોલુપ—આસક્ત અને જ્ઞાન સહિત એવા જ્ઞાનીઓએ મોક્ષનું સાધન કર્યું હોય તો દસપૂર્વને જાણવાવાળો રુદ્ર નરકમાં શા માટે ગયો.

**ભાવાર્થ** :—શુષ્ક જ્ઞાનથી જ મોક્ષ કોઈએ સાધ્યો એમ કહેવામાં આવે તો દસ

પૂર્વનો અભ્યાસી રુદ્ર નરકે શા માટે ગયો? તેથી શીલ વિના કેવળ જ્ઞાનથી જ મોક્ષ નથી. રુદ્ર કુશીલ સેવન કરવાવાળો થયો, મુનિપદથી ભ્રષ્ટ થઈ કુશીલનું સેવન કર્યું તેથી નરકમાં ગયો આ કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે. ૩૦.

હવે કહે છે કે શીલ વિના માત્ર જ્ઞાનથી જ ભાવની શુદ્ધતા થતી નથી :—

जइ णाणेण विसोहो सीलेण विणा बुहेहिं णिद्दिट्ठो।
दसपुव्वियस्स भावो य ण किं पुणु णिम्मलो जादो॥३१॥

यदि ज्ञानेन विशुद्धः शीलेन विना बुधैर्निर्दिष्टः।
दशपूर्विकस्य भावः च न किं पुनः निर्मलः जातः॥३१॥

જો શીલ વિણ બસ જ્ઞાનથી કહી હોય શુદ્ધિ જ્ઞાનીએ,
દશપૂર્વધરનો ભાવ કેમ થયો નહીં નિર્મળ અરે? ૩૧.

**અર્થ** :—જો શીલ વિના જ્ઞાનથી જ વિશુદ્ધભાવ પંડિતોએ કહ્યો હોય તો દસ પૂર્વને જાણવાવાળો જે રુદ્ર તેના ભાવ નિર્મળ કેમ ન થયા? તેથી જણાય છે કે ભાવો નિર્મળ શીલથી જ થાય છે.

**ભાવાર્થ** :—શુષ્ક જ્ઞાન તો જ્ઞેયને જ દેખાડે છે તેથી તે મિથ્યાત્વ કષાય થતા વિપર્યયરૂપ થઈ જાય છે. તેથી મિથ્યાત્વ કષાયનું મટવું જ શીલ છે. આ પ્રમાણે શીલ વિના જ્ઞાનથી જ મોક્ષની સિદ્ધિ થતી નથી. શીલ વિના મુનિ પણ થઈ જાય તો ભ્રષ્ટ થઈ જાય છે. તેથી શીલને પ્રધાન જાણવું. ૩૧.

હવે કહે છે કે જો નરકમાં પણ શીલ થઈ જાય અને વિષયોથી વિરક્ત થઈ જાય તો ત્યાંથી નીકળીને તીર્થંકરપદને પામે છે :—

जाए विसयविरत्तो सो गमयदि णरयवेयणा पउरा।
ता लेहदि अरुहपयं भणियं जिणवड्ढमाणेण॥३२॥

यः विषयविरक्तः सः गमयति नरकवेदनाः प्रचुराः।
तत् लभते अर्हत्पदं भणितं जिनवर्द्धमानेन॥३२॥

વિષયે વિરક્ત કરે સુસહ અતિ-ઉગ્ર નારકવેદના
ને પામતા અર્હંતપદ;—વીરે કહ્યું જિનમાર્ગમાં. ૩૨.

**અર્થ** :—વિષયોથી વિરક્ત છે તે જીવ નરકની ઘણી વેદનાને ભોગવતો હોવા છતાં, ઘણો દુઃખી થતો નથી. અને ત્યાંથી નીકળી તીર્થંકર થાય છે એવું વર્ધમાન (મહાવીર) ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ** :—જૈન સિદ્ધાંતમાં એવું કહ્યું છે કે ત્રીજી પૃથ્વીથી નીકળી તીર્થંકર થાય છે તે પણ શીલનું જ મહાત્મ્ય છે. ત્યાં સમ્યક્ત્વ સહિત થઈને વિષયોથી વિરક્ત થયો થકો ઉત્તમ ભાવના ભાવે ત્યારે નરકની વેદના અલ્પ થઈ જાય છે અને ત્યાંથી નીકળીને અરિહંત પદ પ્રાપ્ત કરીને મોક્ષ પામે છે. એવો વિષયોથી વિરક્તભાવ તે શીલનું જ મહાત્મ્ય જાણવું. સિદ્ધાંતમાં આ પ્રમાણે કહ્યું છે કે સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ નિયમથી હોય છે તે વૈરાગ્યશક્તિ છે તે જ શીલનો એકદેશ છે આ પ્રમાણે જાણવું. ૩૨.

હવે આ કથનને સંકોચે છે :—

एवं बहुप्पयारं जिणेहि पच्चक्खणाणदरिसीहिं।
सीलेण य मोक्खपयं अक्खातीदं य लोयणाणेहिं।।३३।।

एवं बहुप्रकारं जिनैः प्रत्यक्षज्ञानदर्शिभिः।
शीलेन च मोक्षपदं अक्षातीतं च लोकज्ञानैः।।३३।।

અત્યક્ષ-શિવપદપ્રાપ્તિ આમ ઘણા પ્રકારે શીલથી
પ્રત્યક્ષદર્શનજ્ઞાનધર લોકજ્ઞ જિનદેવે કહી. ૩૩.

**અર્થ** :—પૂર્વોક્ત પ્રકારે તથા અન્ય પ્રકારે જેમને પ્રત્યક્ષ જ્ઞાન-દર્શન પ્રાપ્ત હોય છે અને જેમને લોક-અલોકનું જ્ઞાન છે એવું જિનદેવે કહ્યું છે કે શીલથી અક્ષાતીત—જેમાં ઇન્દ્રિય રહિત અતિન્દ્રિય જ્ઞાનસુખ છે એવું મોક્ષપદ પામે છે.

**ભાવાર્થ** :—સર્વજ્ઞદેવે આ પ્રમાણે કહ્યું છે કે શીલથી અતિન્દ્રિય જ્ઞાનસુખરૂપ મોક્ષને પામે છે તે ભવ્ય જીવ આ શીલને જ અંગીકાર કરો, એવો ઉપદેશનો આશય ઇંગિત થાય છે. ઘણું ક્યાં સુધી કહીએ આટલું જ ઘણા પ્રકારે કહ્યું તે જાણો. ૩૩.

હવે કહે છે કે આ શીલથી જ નિર્વાણ થાય છે તેનું ઘણા પ્રકારે વર્ણન છે તે કઈ રીતે ?—

सम्मत्तणाणदंसणतववीरियपंचयारमप्पाणं।
जलणो वि पवणसहिदो डहंति पोरायणं कम्मं॥३४॥

सम्यक्त्वज्ञानदर्शनतपवीर्यपंचाचाराः आत्मनाम्।
ज्वलनोऽपि पवनसहितः दहन्ति पुरातनं कर्म॥३४॥

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-તપ-વીર્યાચરણ આત્મા વિષે,
પવને સહિત પાવક સમાન, દહે પુરાતન કર્મને. ૩૪.

**અર્થ** :—સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-તપ-વીર્ય તે પાંચ આચાર છે, તે આત્માનો આશ્રય પામીને જૂના કર્મોને એ જ રીતે દગ્ધ કરે છે જે રીતે પવન સહિત અગ્નિ જૂના, સુકાયેલા ઈંધનને દગ્ધ કરે છે.

**ભાવાર્થ** :—અહીં સમ્યક્ત્વ વગેરે પાંચ આચાર તો અગ્નિસ્થાનીય છે અને આત્માના ત્રૈકાલિક શુદ્ધ સ્વભાવને શીલ કહે છે. આ આત્માનો સ્વભાવ પવનસ્થાનીય છે તે પાંચ આચારરૂપ અગ્નિ અને શીલરૂપ પવનની સહાયતા પામી જૂના કર્મબંધનને દગ્ધ કરી આત્માને શુદ્ધ કરે છે. આ પ્રમાણે શીલ જ પ્રધાન છે. પાંચ આચારોમાં ચારિત્ર કહ્યું છે અને અહીં સમ્યક્ત્વ કહેવામાં પણ ચારિત્ર જ જાણવું, વિરોધ ન જાણવો. ૩૪.

હવે કહે છે કે આવા અષ્ટકર્મોને જેમણે દગ્ધ કર્યા છે તેઓ સિદ્ધ થયા છે :—

णिद्दड्ढअट्ठकम्मा विसयविरत्ता जिदिंदिया धीरा।
तवविणयसीलसहिदा सिद्धा सिद्धिं गदिं पत्ता॥३५॥

निर्दग्धाष्टकर्माणः विषयविरक्ता जितेंद्रिया धीराः।
तपविनयशीलसहिताः सिद्धाः सिद्धिं गतिं प्राप्ताः॥३५॥

વિજિતેન્દ્રિ વિષયવિરક્ત થઈ, ધરીને વિનય-તપ-શીલને,
ધીરા દહી વસુ કર્મ, શિવગતિપ્રાપ્ત સિદ્ધપ્રભુ બને. ૩૫.

**અર્થ** :—જે પુરુષોએ ઈન્દ્રિયોને જીતી લીધી છે અને તેથી વિષયોથી વિરક્ત થઈ ગયા છે અને ધીર છે, પરિષહાદિ ઉપસર્ગ આવતાં ચલાયમાન થતા નથી. તપ, વિનય, શીલ સહિત છે તે અષ્ટકર્મને દૂર કરીને સિદ્ધગતિ કે જે મોક્ષ તેને પામી ગયા છે તેઓ સિદ્ધ કહેવાય છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ભાવાર્થ :**—અહીં પણ જિતેન્દ્રિય અને વિષય વિરક્તતા એ વિશેષણો એ શીલની જ પ્રધાનતા દર્શાવે છે. ૩૫.

હવે કહે છે કે જે લાવણ્ય અને શીલયુક્ત છે તે મુનિ પ્રશંસાને યોગ્ય થાય છે :—

लावण्णसीलकुसलो जम्ममहीरुहो जस्स सवणस्स।
सो सीलो स महप्पा भमिज्ज गुणवित्थरं भविए।।३६।।

लावण्यशीलकुशलः जन्ममहीरुहः यस्य श्रमणस्य।
सः शीलः स महात्मा भ्रमेत् गुणविस्तारः भव्ये।।३६।।

જે શ્રમણ કેરું જન્મતરુ લાવણ્ય-શીલસમૃદ્ધ છે,
તે શીલધર છે, છે મહાત્મા, લોકમાં ગુણ વિસ્તરે. ૩૬.

**અર્થ :**—જે મુનિનું જન્મરૂપ વૃક્ષ લાવણ્ય એટલે કે અન્યને પ્રિય લાગે છે એવા સર્વાંગસુંદર તથા મન-વચન-કાયની ચેષ્ટા સુંદર અને શીલ અર્થાત્ અંતરંગ મિથ્યાત્વ વિષય રહિત, પરોપકારી સ્વભાવ આ બંનેમાં પ્રવીણ થઈને જે મુનિ શીલવાન છે, મહાત્મા છે, તેમના ગુણોનો વિસ્તાર લોકમાં ફેલાય છે.

**ભાવાર્થ :**—એવા મુનિના ગુણ લોકમાં વિસ્તારને પામે છે, સર્વલોકમાં પ્રશંસાયોગ્ય હોય છે. અહીં પણ શીલનો જ મહિમા જાણવો. અહીં વૃક્ષનું સ્વરૂપ કહ્યું તે એ પ્રમાણે કે વૃક્ષને ડાળીઓ, પત્ર એટલે પાંદડા, ફળ સુંદર હોય અને છાયાદિકથી રાગદ્વેષ રહિત સર્વે લોકોનો સમાન ઉપકાર કરે એવા તે વૃક્ષનો મહિમા સર્વે લોકો કરે છે. તે જ રીતે મુનિ પણ આવા હોય તો સર્વ દ્વારા મહિમા કરવાયોગ્ય હોય છે. ૩૬.

હવે કહે છે કે જે આવો હોય તે જિનમાર્ગમાં રત્નત્રયની પ્રાપ્તિ, બોધિને પ્રાપ્ત થાય છે :—

णाणं झाणं जोगो दंसणसुद्धीय [1]वीरियायत्तं।
सम्मत्तदंसणेण य लहंति जिणसासणे बोहिं।।३७।।

ज्ञानं ध्यानं योगः दर्शनशुद्धिश्च वीर्यायत्ताः।
सम्यक्त्वदर्शनेन च लभन्ते जिनशासने बोधिम्।।३७।।

---

૧. — મુદ્રિત સંસ્કૃત નકલમાં ' वीरियावत्तं ' એવો પાઠ છે જેની છાયા 'वीर्यत्व' છે.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

દૃગશુદ્ધિ, જ્ઞાન, સમાધિ, ધ્યાન સ્વશક્તિ-આશ્રિત હોય છે,
સમ્યક્ત્વથી જીવો લહે છે બોધિને જિનશાસને. ૩૭.

**અર્થ** :—જ્ઞાન, ધ્યાન, યોગ, દર્શનની શુદ્ધતા તે તો વીર્યને આધીન છે અને સમ્યગ્દર્શનથી જિનશાસનમાં બોધિને પ્રાપ્ત કરે છે, રત્નત્રયની પ્રાપ્તિ હોય છે.

**ભાવાર્થ** :—જ્ઞાન અર્થાત્ પદાર્થોને વિશેષરૂપે જાણવું, ધ્યાન અર્થાત્ 'સ્વરૂપમાં એકાગ્રચિત્ત થવું, યોગ અર્થાત્ સમાધિ લગાવવી, સમ્યગ્દર્શનને નિરતિચાર શુદ્ધ કરવું તે તો પોતાની વીર્યશક્તિને આધીન છે. જેટલું બને તેટલું હોય પરંતુ સમ્યગ્દર્શનથી બોધિ અર્થાત્ રત્નત્રયની પ્રાપ્તિ થાય છે. તેના હોવાથી વિશેષ ધ્યાનાદિક પણ યથાશક્તિ થાય જ છે અને તેનાથી શક્તિ પણ વધે છે. આવું કહેવામાં પણ શીલનું જ મહાત્મ્ય જાણવું. રત્નત્રય છે તે જ આત્માનો સ્વભાવ છે તેને શીલ પણ કહેવાય છે. ૩૭.

હવે કહે છે કે તેની પ્રાપ્તિ જિનવચનથી થાય છે :—

जिणवयणगहिदसारा विसयविरत्ता तावोधणा धीरा।
सीलसलिलेण ण्हादा ते सिद्धालयसुहं जंति॥३८॥

जिनवचनगृहीतसारा विषयविरक्ताः तपोधना धीराः।
शीलसलिलेन स्नाताः ते सिद्धालयसुखं यान्ति॥३८॥

જિનવચનનો ગ્રહી સાર, વિષયવિરક્ત ધીર તપોધનો,
કરી સ્નાન શીલસલિલથી, સુખ સિદ્ધિનું પામે અહો! ૩૮.

**અર્થ** :—જેમણે જિનવચનના સારને ગ્રહણ કરી લીધો છે અને વિષયોથી વિરક્ત થઈ ગયા છે, જેમને તપ જ ધન છે તથા ધીર છે એવા થઈને મુનિ શીલરૂપ જળથી સ્નાન કરી શુદ્ધ થયા છે અને સિદ્ધાલય કે જે સિદ્ધોને રહેવાનું સ્થાન તેના સુખને પામે છે.

**ભાવાર્થ** :—જે જિનવચન દ્વારા વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણી તેનો સાર કે જે પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ તેને ગ્રહણ કરે છે તેઓ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ તપ અંગીકાર કરે છે—મુનિ થાય છે. ધીર-વીર બનીને પરિષહ ઉપસર્ગ આવવા છતાં ચલાયમાન થતા નથી. ત્યારે શીલ કે જે સ્વરૂપની પ્રાપ્તિની પૂર્ણતારૂપ ચોર્યાસીલાખ ઉત્તરગુણની પૂર્ણતા તે જ થયું નિર્મળ જળ તેનાથી સ્નાન કરી કર્મમળને ધોઈને સિદ્ધ

થયા. તે મોક્ષમંદિરમાં રહીને ત્યાં પરમાનંદ અવિનાશી અતિન્દ્રિય અવ્યાબાધ સુખને ભોગવે છે આ શીલનું જ મહાત્મ્ય છે. આવું શીલ જિનવચનથી પ્રાપ્ત થાય છે. તેથી જિનાગમનો નિરંતર અભ્યાસ કરવો ઉત્તમ છે. ૩૮.

હવે અંત સમયે સંલ્લેખના કહી છે, તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ તે ચાર આરાધનાનો ઉપદેશ છે તે પણ શીલથી જ પ્રગટ થાય છે તેને પ્રગટ કરીને કહે છે :—

**सव्वगुणखीणकम्मा सुहदुक्खविवज्जिदा मणविसुद्धा।**
**पप्फोडियकम्मरया हवंति आराहणापयडा॥३९॥**

सर्वगुणक्षीणकर्माणः सुखदुःखविवर्जिताः मनोविशुद्धाः।
प्रस्फोटितकर्मरजसः भवन्ति आराधनाः प्रकटाः॥३९॥

**આરાધનાપરિણત સરવ ગુણથી કરે કૃશ કર્મને,**
**સુખદુખરહિત મનશુદ્ધ તે ક્ષેપે કરમરૂપ ધૂળને. ૩૯.**

**અર્થ** :—સર્વગુણ જે મૂળગુણ ઉત્તરગુણોથી જેમના કર્મ ક્ષીણ થઈ ગયા છે, સુખ-દુઃખથી રહિત છે, જેમનું મન વિશુદ્ધ છે અને જેઓએ કર્મરૂપી રજ ઉડાડી દીધી છે એવી આરાધના પ્રગટ થાય છે.

**ભાવાર્થ** :—પહેલા તો સમ્યગ્દર્શન સહિત મૂળગુણ ઉત્તરગુણ દ્વારા કર્મોની નિર્જરા થવાથી કર્મના સ્થિતિ અનુભાગ ક્ષીણ થાય છે ત્યારબાદ વિષયો દ્વારા કાંઈક સુખ-દુઃખ થાય છે તેનાથી રહિત હોય છે. પછી ધ્યાનમાં સ્થિત થઈ શ્રેણી ચડે ત્યારે ઉપયોગ વિશુદ્ધ થાય, કષાયોનો ઉદય અવ્યક્ત થાય અને સુખ-દુઃખની વેદના મટે ત્યારબાદ મન વિશુદ્ધ થઈને ક્ષયોપશમ જ્ઞાન દ્વારા જ્ઞેયથી જ્ઞેયાંતર હોવાનો કાંઈક વિકલ્પ હોય છે તે મટીને એકત્વવિતર્ક અવિચાર નામનું શુક્લધ્યાન બારમા ગુણસ્થાનના અંતમાં હોય છે. અહીં મનનો વિકલ્પ મટીને વિશુદ્ધ થાય છે.

પછી ઘાતિકર્મનો નાશ થઈને અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે તે કર્મરજનું ઉડવું છે આ પ્રમાણે આરાધનાની સંપૂર્ણતા પ્રગટ થાય છે. જે ચરમશરીરી છે તેને તો આ પ્રમાણે આરાધના પ્રગટ થઈ મુક્તિની પ્રાપ્તિ થાય છે અન્યને આરાધનાનો એકદેશ હોય છે, અંતમાં તેની આરાધના કરી સ્વર્ગને પ્રાપ્ત થાય છે, ત્યાં સાગરોપર્યંત સુખ ભોગવીને ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈને આરાધનાને સંપૂર્ણ કરી મોક્ષને પામે છે. આ પ્રમાણે જાણવું.

આ જિનવચનનું અને શીલનું માહાત્મ્ય છે. ૩૯.

હવે ગ્રંથને પૂર્ણ કરે છે ત્યાં એવું કહે છે કે જ્ઞાનથી સર્વસિદ્ધિ છે તે વાત સર્વજન પ્રસિદ્ધ છે તે જ્ઞાન તો આવું હોય તેને કહે છે. :—

अरहंते सुहभत्ती सम्मत्तं दंसणेण सुविसुद्धं।
सीलं विसयविरागो णाणं पुण केरिसं भणियं।।४०।।

अर्हति शुभभक्तिः सम्यक्त्वं दर्शनेन सुविशुद्धम्।
शीलं विषयविरागः ज्ञानं पुनः कीदृशं भणितम्।।४०।।

અર્હંતમાં શુભ ભક્તિ શ્રદ્ધાશુદ્ધિયુત સમ્યક્ત્વ છે,
ને શીલ વિષયવિરાગતા છે; જ્ઞાન બીજું કયું હવે? ૪૦.

**અર્થ** :—અરિહંતમાં શુભભક્તિનું હોવું તે સમ્યક્ત્વ છે તે કેવો છે? સમ્યગ્દર્શનથી વિશુદ્ધ છે જેનું તત્વાર્થોના નિશ્ચય-વ્યવહારરૂપ શ્રદ્ધાન તથા બાહ્ય જિનમુદ્રા, નગ્ન દિગંબરરૂપ ધારણ કરે તેનું શ્રદ્ધાન આવા દર્શનથી વિશુદ્ધ અતિચાર રહિત નિર્મળ છે. આવું તો અરિહંતભક્તિરૂપ સમ્યક્ત્વ છે. વિષયોથી વિરક્ત હોવું તે શીલ છે. અને જ્ઞાન પણ તે જ છે. તથા તેનાથી ભિન્ન જ્ઞાન કેવું કહ્યું છે? સમ્યક્ત્વ શીલવિના તો જ્ઞાન મિથ્યાજ્ઞાનરૂપ અજ્ઞાન છે.

**ભાવાર્થ** :—આવું સર્વે મતોમાં પ્રસિદ્ધ છે કે જ્ઞાનથી જ સર્વસિદ્ધિ છે અને જ્ઞાન શાસ્ત્રોથી થાય છે. આચાર્ય કહે છે કે અમે તો તેને જ્ઞાન કહીએ છીએ કે જે સમ્યક્ત્વ અને શીલ સહિત હોય એવું જિનાગમમાં કહ્યું છે. તેનાથી ભિન્ન જ્ઞાન કેવું? તેનાથી ભિન્ન જ્ઞાનને તો અમે જ્ઞાન કહેતા નથી તેના વિના તે અજ્ઞાન જ છે અને સમ્યક્ત્વ તથા શીલ હોય તે જિનાગમથી જ હોય છે. ત્યાં જેના દ્વારા સમ્યક્ત્વ અને શીલ થયાં તેની ભક્તિ ન હોય તો સમ્યક્ત્વ કેવી રીતે કહેવાય? જેના વચન દ્વારા આ પ્રાપ્ત કરવામાં આવે છે તેની ભક્તિ હોય ત્યારે જાણીએ કે આને શ્રદ્ધા થઈ. જ્યારે સમ્યક્ત્વ હોય ત્યારે વિષયોથી વિરક્ત હોય જ છે. જો વિરક્ત ન હોય તો સંસાર અને મોક્ષનું સ્વરૂપ શું જાણ્યું? આ પ્રમાણે સમ્યક્ત્વ અને શીલ થવાથી જ્ઞાન સમ્યગ્જ્ઞાન નામ પામે છે. આ પ્રમાણે આ સમ્યક્ત્વ શીલના સંબંધથી જ્ઞાનની તથા શાસ્ત્રનો મહિમા છે તેથી આ જિનાગમ છે તે સંસારથી નિવૃત્તિ કરી મોક્ષને પ્રાપ્ત કરાવવાવાળું છે તે જયવંત હો. આ સમ્યક્ત્વ સહિત જ્ઞાનનો મહિમા છે તે જ અંત્યમંગળ જાણવું. ૪૦.

આ પ્રમાણે શ્રી કુંદકુંદ આચાર્યકૃત શીલપ્રાભૃત ગ્રંથ સમાપ્ત થયો.

તેનો સંક્ષેપ તો કહેતા આવ્યા છીએ કે—શીલ નામ સ્વભાવનું છે. આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાન દર્શનમયી ચેતનાસ્વરૂપ છે તે અનાદિ કર્મના સંયોગથી વિભાવરૂપ પરિણમે છે તેના વિશેષો મિથ્યાત્વ, કષાય વગેરે અનેક છે. તેમને રાગ-દ્વેષ-મોહ પણ કહેવાય છે તેના ભેદ સંક્ષેપથી ચોર્યાસી લાખ કર્યા છે. વિસ્તારથી અસંખ્યાત અનંત હોય છે. તેને કુશીલ કહે છે. તેના અભાવરૂપ સંક્ષેપથી ચોર્યાસી લાખ ઉત્તરગુણ છે તેમને શીલ કહે છે. આ તો સામાન્ય પરદ્રવ્યના સંબંધની અપેક્ષાએ શીલ-કુશીલનો અર્થ છે અને પ્રસિદ્ધ વ્યવહારની અપેક્ષાએ (સ્ત્રીસંગની અપેક્ષાએ) કુશીલના અઢાર હજાર ભેદ કહ્યા છે. તેના અભાવથી શીલના અઢાર હજાર ભેદ છે તેને જિનાગમથી જાણી પાળવા. લોકમાં પણ શીલનો મહિમા પ્રસિદ્ધ છે. જેઓ પાળે છે તેઓ સ્વર્ગ-મોક્ષના સુખને પામે છે. તેમને અમારા નમસ્કાર હો તેઓ અમને પણ શીલની પ્રાપ્તિ કરાવે એવી પ્રાર્થના છે.

(છપ્પય)

આન વસ્તુકે સંગ રાચિ જિનભાવ ભંગ કરિ;
વરતૈ તાહિ કુશીલભાવ ભાખે કુરંગ ધરિ;
તાહિ તજૈં મુનિરાય પાય નિજ શુદ્ધરૂપ જલ;
ધોય કર્મરજ હોય સિદ્ધિ પાવૈ સુખ અવિચલ.
યહ નિશ્ચય શીલ સુબ્રહ્મમય વ્યવહારૈ તિયતજ નમૈ;
જો પાલૈ સબવિધિ તિનિ નમૂં પાઊં જિન ભવ ન જનમ મૈં. ૧

(દોહા)

નમૂં પંચપદ બ્રહ્મમય મંગલરૂપ અનૂપ;
ઉત્તમ શરણ સદા લહૂં ફિરિ ન પરૂં ભવકૂપ. ૨

આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્યસ્વામી પ્રણીત શીલપ્રાભૃતની જયપુર નિવાસી
પં. જયચંદ્રજી છાબડાકૃત દેશભાષામય વચનિકાનું
ગુજરાતી ભાષાંતર સમાપ્ત. ૮.

❀

# વચનિકાકારની પ્રશસ્તિ

આ પ્રમાણે શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ પ્રાભૃતગ્રંથ છે. તેમાં આઠ પ્રાભૃત છે તેની આ દેશભાષામય વચનિકા લખી છે. છ પ્રાભૃતની તો ટીકા ટીપ્પણ છે તેમાં ટીકા તો શ્રુતસાગરકૃત છે અને ટીપ્પણ પહેલાં કોઈ બીજાએ કરી છે. તેમાં કેટલીક ગાથાઓ તથા અર્થ અન્ય પ્રકારે છે. મારા વિચારમાં જે આવ્યું તે તથા તેમનો આશ્રય પણ લીધો છે અને જેવો અર્થ મને પ્રતિભાસ્યો તેવો મેં લખ્યો છે. લિંગપ્રાભૃત અને શીલપ્રાભૃત એ બંને પ્રાભૃતની ટીકા-ટીપ્પણ મળી નથી તેથી ગાથાનો જેવો અર્થ ભાસ્યો તેવો લખ્યો છે.

શ્રી શ્રુતસાગરકૃત ટીકા ષટ્પ્રાભૃતની છે તેમાં ગ્રંથાન્તરની સાક્ષી વગેરે કથન ઘણું છે તે ટીકાની આ વચનિકા નથી. ગાથાનો અર્થ માત્ર વચનિકામાં કરી ભાવાર્થમાં મને પ્રતિભાસમાં આવ્યો તે પ્રમાણે અર્થ લખ્યો છે. પ્રાકૃત વ્યાકરણ વગેરે જ્ઞાન મારામાં વિશેષ નથી તેથી ક્યાંક વ્યાકરણથી તથા આગમથી શબ્દ અને અર્થ અપભ્રંશ થયો હોય તો બુદ્ધિમાન પંડિત મૂળ ગ્રંથનો વિચાર કરી શુદ્ધ કરી વાંચે. મને અલ્પબુદ્ધિ જાણી મજાક ન કરે, ક્ષમા કરે. સત્પુરુષોનો સ્વભાવ ઉત્તમ હોય છે. દોષ દેખી ક્ષમા જ કરે છે.

અહીં કોઈ કહે—તમારી બુદ્ધિ અલ્પ છે તો આવા મહાન ગ્રંથની વચનિકા શા માટે કરી? તેને એવું કહેવાનું કે આ કાળમાં મારાથી પણ મંદબુદ્ધિ ઘણા છે તેમને સમજાવવા માટે કરી છે. તેમાં સમ્યગ્દર્શનને દ્રઢ કરવાનું મુખ્યરૂપથી વર્ણન છે તેથી અલ્પબુદ્ધિ પણ વાંચે, ભણે, અર્થને ધારણ કરે તો તેને જિનમતનું શ્રદ્ધાન દ્રઢ થાય. આ પ્રયોજન જાણી જેઓ અર્થ ભાસ્યો તેવો લખ્યો છે. અને જે ઘણા બુદ્ધિમાન હોય તેઓ મૂળ ગ્રંથને વાંચીને જ શ્રદ્ધાન દ્રઢ કરશે. મારે કોઈ ખ્યાતિ, લાભ, પૂજાનું તો પ્રયોજન નથી. ધર્માનુરાગથી આ વચનિકા લખી છે તેથી બુદ્ધિમાનોએ ક્ષમા જ કરવી યોગ્ય છે.

આ ગ્રંથમાં ગાથાની સંખ્યા આ પ્રમાણે છે—પ્રથમ દર્શનપ્રાભૃતની ૩૬ ગાથા. સૂત્રપ્રાભૃતની ૨૭ ગાથા. ચારિત્રપ્રાભૃતની ૪૫ ગાથા. બોધપ્રાભૃતની ૬૧ ગાથા. ભાવપ્રાભૃતની ૧૬૫ ગાથા. મોક્ષપ્રાભૃતની ૧૦૬ ગાથા. લિંગપ્રાભૃતની ૨૨ ગાથા. શીલપ્રાભૃતની ૪૦ ગાથા. આ પ્રમાણે આઠેય પ્રાભૃતના ગાથાની સંખ્યા ૫૦૨ છે.

(છપ્પય)

જિનદર્શન નિર્ગ્રંથરૂપ તત્ત્વારથ ધારન,
સૂનર જિનકે વચન સાર ચારિત વ્રત પારન.

બોધ જૈનકા જાંનિ આનકા સરન નિવારન,
ભાવ આત્મા બુદ્ધ માંનિ ભાવન શિવ કારન.
ફુનિ મોક્ષ કર્મકા નાશ હૈ લિંગ સુધારન તજિ કુનય;
ધરિ શીલ સ્વભાવ સંવારનાં આઠ પાહુડકા ફલ સુજય.

(દોહા)

ભઈ વચનિકા યહ જહાઁ સુનો તાસ સંક્ષેપ;
ભવ્યજીવ સંગતિ ભલી મેટૈ કુકરમલેપ. ૨
જયપુર પુર સૂવસ વસૈ તહાઁ રાજા જગતેશ;
તાકે ન્યાય પ્રતાપતૈં સુખી ઢુંઢાહર દેશ. ૩
જૈનધર્મ જયવંત જગ કિછુ જયપુરમૈં લેશ;
તામધિ જિનમંદિર ઘણે તિનકો ભલો નિવેશ. ૪
તિનિમૈં તેરાપંથકો મંદિર સુન્દર એવ;
ધર્મધ્યાન તામૈં સદા જૈની કરૈ સુસેવ. ૫
પંડિત તિનિમૈં બહુત હૈં મૈં ભી ઇક જયચંદ;
પ્રેર્યાં સબકે મન કિયો કરન વચનિકા મંદ. ૬
કુન્દકુન્દ મુનિરાજકૃત પ્રાકૃત ગાથા સાર;
પાહુડ અષ્ટ ઉદાર લખિ કરી વચનિકા તાર. ૭
ઇહાઁ જિતે પંડિત હુતે તિનિનૈં સોધી યેહ;
અક્ષર અર્થ સુ વાંચિ પઢ઼િ નહિં રાખ્યો સંદેહ. ૮
તૌઊ કછૂ પ્રમાદતૈં બુદ્ધિ મંદ પરભાવ;
હીનાધિક કછુ અર્થ હ્વૈ સોધો બુધ સતભાવ. ૯
મંગલરૂપ જિનેન્દ્રકૂં નમસ્કાર મમ હોહુ;
વિઘ્ન ટલૈ શુભબંધ હ્વૈ યહ કારન હૈ મોહુ. ૧૦
સંવત્સર દસ આઠ સત સતસઠિ વિક્રમરાય;
માસ ભાદ્રપદ શુક્લ તિથિ તેરસિ પૂરન થાય. ૧૧

**ઇતિ વચનિકાકાર પ્રશસ્તિ ।**

**જયતુ જિનશાસનમ્ । શુભમિતિ ।**

**સમાપ્ત**